(અ) ડાબી તરફના પાના ઉપરના ભાગમાં અનુક્રમે ઉદિત તિથિ, વાર, તિથ્યાદિના સમાપ્તિ કાળના સૂર્યોદયથી ઘડી-પળ, અંગ્રેજી તારીખ તિથ્યાદિના સમાપ્તિકાળ સ્ટેન્ડર્ડ ટાઇમમાં, ચંદ્ર રાશિ પ્રવેશ સમય, મુંબઇનો સૂર્યોદય, સ્પષ્ટ મધ્યાહ્ન, સૂર્યાસ્ત મધ્યાહ્ન સમયનું વેળાંતર તથા દિનમાન, સુરત - અમદાવાદના સૂર્યોદયાસ્ત અને દૈનિક મધ્યરાત્રિ સમયનો સાંપાતિકકાળ તથા છેલ્લે અંગ્રેજી, ભારતીય, પારસી તથા મુસ્લિમ તારીખ અને દિનક્રમ છે.

(બ) સવારના સ્ટા. ટા. ૫-૩૦ વાગ્યાના સ્પષ્ટ ગ્રહો અને સવાર સાંજનો ચંદ્ર ડાબી તરફના પાનામાં નીચેની બાજુમાં છે.

(ક) જમણી તરફના પાનામાં શાસ્ત્રીય વિષયો, તહેવારો-વ્રતો, અવશ્યના યોગો, ભદ્રા, પંચક, પ્રદોષ, વિછુડો અને ચંદ્ર નક્ષત્ર ચરણપ્રવેશ સમયો આપેલ છે.

(ડ) નીચેની બાજુ ભૌમાદિક ગ્રહોની ક્રાંતિ અને શર, પખવાડિક. કુંડલી અને સ્પષ્ટ ગ્રહો, ઉપરાંત નવમાંશ કુંડલી ગ્રહન નક્ષત્ર-ચરણ - નવમાંશ પ્રવેશ. ક્રાંતિ માર્ગના વેધો અને ખગોળ ડાયરી આપેલા છે.

જન્મકુંડળીનું અર્થઘટન તર્કબદ્ધ અને બુધ્ધિગમ્ય હોવું જોઈએ

લેખક : યતિ શ્રી શિવગિરિજી
સંન્યાસ આશ્રમ, ૩૩ કરણપરા, રાજકોટ

લેખનું શિર્ષક વાંચક વર્ગને કેટલીક સૂચના આપે છે. લેખક યતિ છે જેથી તેમણે પોતાની જ કુંડળી પસંદ કરી તેની આધ્યાત્મિક દષ્ટિકોણથી ચર્ચા કરવા પ્રેરાયા છે, જે સ્વાભાવિક પણ છે. આ ચર્ચા દરમિયાન તેમણે જીવનમાં થયેલી કેટલીક આત્મિક પ્રતીતિની ઝાંખી કરાવ્યા વિના રહી શક્યા નથી. આથી જ, સાત્ત્વિક ભૂમિકાએ ઊભેલા વિદ્યાર્થીગણે આ લેખનો સૂક્ષ્મ અભ્યાસ કરવાની તક ઝડપી લેવાની છે. ખાસ કરીને વિગતની રજૂઆત, છણાવટ અને નિર્ણય બાંધવા. તર્કબદ્ધ બુદ્ધિ દાદ માગી લે છે. વૈદિક વિચારધારા - જ્યોતિષશાસ્ત્રના અતિશય સામાન્ય નિયમો અને ધર્મશાસ્ત્રની મર્યાદાથી ગૂંથાયેલો આ લેખ તેના અભ્યાસના પૂર્ણવિરામમાં મધૂરું સ્મિત અવશ્ય વેરશે ખરું ને !

ફલાનિ ગ્રહચારેણ સૂચયન્તિ મનીષિણ :
કો વક્તા તારતમ્યસ્ય તમેકં વેધસં વિના
સૂર્ય-ચંદ્રની જ્યોતિમાં, ભૂત-ભાવિ પરખાય;
શિવગિરિ સંશયના રહે, શુદ્ધ-બુદ્ધ હરખાય.

તા. ૨૧-૧૨-૧૯૨૫, વિ. સં. ૧૯૮૨, પોષ શુકલ પંચમી, સોમવારે સવારે ક. ૫, મિ. ૧૬,

સ્થળ.

રાજકોટ, સૌરાષ્ટ્ર

સ્પષ્ટ ગ્રહો

ગ્રહ	લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
રા	૭	૮	૧૦	૭	૭	૯	૯	૬	૩
અં	૭	૫	૧૩	૦૦	૧૭	૪	૧૭	૨૯	૪
ક	૯	૩૯	૪૭	૩૪	૧૩	૫૭	૩૮	૨૮	૫
વિ	૫૪	૫૪	૪૭	૩૯	૩૫	૦	૩૭	૫૭	૧૦

આપણને જે વિશ્વની વંદનીય વિભૂતિ આદ્ય શ્રી શંકરાચાર્યજી, ગૌતમબુદ્ધ, સંત તુલસીદાસજી, કબીર સાહેબ, નાનકદેવ, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદજી, સ્વામી રામતીર્થ, યોગી અરવિંદ ઘોષ, કવિ રવીન્દ્રનાથ ટાગોર આવા સુપ્રસિદ્ધ પ્રાચીન અર્વાચીન મહાપુરુષોની જન્મકુંડલી અને તેના ફળાદેશના વર્ણનો જોવામાં આવે છે. તેઓનો જન્મસમય અનુમાનથી ગોઠવાયેલો હોવાથી બહુ વિશ્વાસપાત્ર માની શકાય નહિ. જ્યાં જન્મસમય જ ચોક્કસ નથી, તો પછી તેનું ફળાદેશ સાચું હોય કેવી રીતે ? અંશો વિનાની જન્મકુંડલીનું ફળકથન ૧૦ ટકાથી વધારે સાચું હોઈ શકે નહિ. તેથી અત્રે લેખક યતિની જન્મકુંડલીની ચર્ચા કરવામાં આવે છે. સંન્યાસીનિ ભલે જન્મકુંડલીની સાથે લેવાદેવા હોય કે ન હોય, પરંતુ જ્યોતિશાસ્ત્રના અભ્યાસીઓને ઉપયોગી હોવાથી અત્રે તેની ચર્ચા સાર્થક-સફળ અને રસપ્રદ બનશે. વૃશ્ચિક લગ્નમાં મંગળ અને બુધ.

વૃશ્ચિકનો સ્વગૃહી મંગળ લગ્નમાં છે. સાથે અષ્ટમેશ બુધની યુતિ છે. શૂન્ય અંશનો સ્વગૃહી મંગળ હોવાથી તેની ઉગ્રતા નિર્બળ-નિર્મળ બની જાય છે. લગ્નેશ લગ્નમાં સ્વગૃહી તરીકે બળવાન બનેલ હોવાથી ૫૦ ટકા ભાગ્યશાળી બનાવોવાળી નિર્વિઘ્ન જિંદગી આપે છે. સાથે અસાધારણ ગુણ અને બળ પણ હોય છે.

મંગળની મેષ અને વૃશ્ચિક રાશિ હોવા છતાં તેમાં ઘણો તફાવત છે. મેષનો સ્વગૃહી મંગળ જાતકને ભૌતિક સંપત્તિ આપે છે, ત્યારે વૃશ્ચિકના સ્વગૃહી મંગળ દ્વારા આધ્યાત્મિક સંપત્તિ પ્રાપ્ત થાય છે.

મેષ અને વૃશ્ચિક રાશિ મંગળની પોતાની હોવા છતાં એ બંનેની વચ્ચે ષડ-અષ્ટકયોગ હોવાથી તેના ફળમાં વિશેષતા આવી જાય છે. મેષનો મંગળ લૌકિક સંપત્તિ જરૂર આપે છે. પરંતુ વૃશ્ચિક (આધ્યાત્મિક સંપત્તિ)થી છઠ્ઠે શત્રુસ્થાનમાં હોવાથી દૈવી સંપત્તિ પ્રાપ્ત થવામાં બાધક બની જાય છે. તેવી રીતે વૃશ્ચિકનો સ્વગૃહી મંગળ દૈવીસંપત્તિ અવશ્ય આપે છે, કિન્તુ મેષ (લૌકિક સંપત્તિ)થી આઠમે મૃત્યુસ્થાનમાં હોવાથી ભૌતિક સંપત્તિથી વંચિત રાખે છે. વૃશ્ચિકના મંગળવાળા ગૃહસ્થને ભૌતિક સંપત્તિના અભાવે એ તરફ વધારે ધ્યાન આપવું પડે છે. પૈસા માટે તેને વિશેષ પ્રયત્ન કરવો પડે છે.

ત્યાગી સંતોને માટે વૃશ્ચિકનો મંગળ ઈશ્વરના આશીર્વાદરૂપે અતિ ઉત્તમ ગણાય. વૃશ્ચિક રાશિમાં તીવ્ર સ્મરણશક્તિ અને અંત:પ્રેરણા અલ્પ પ્રયાસે સહજ-સરળ હોવાથી પૂર્વજન્મ કે મૃત્યુ સંબંધી જ્ઞાન થવાનો વિશેષ સંભવ રહે છે. સાથે અષ્ટમેશ બુધ હોય પછી તો કહેવાનું જ શું ? લગ્નમાં સ્વગૃહી મંગળવાળાની હિંમત-ધીરજ અને નિર્ભયતા પ્રશંસનીય હોય છે. તેની શારીરિક તંદુરસ્તી યોગી જેવી સુંદર હોય છે અને તે કાયમ જળવાઈ રહે છે. લગ્નમાં સ્વગૃહી લગ્નેશની સાથે અષ્ટમેશ બુધવાળાને શાસ્ત્રોનું જ્ઞાન મેળવવાને માટે જ્યાં ત્યાં ભટકવું પડતું નથી. જેનાથી પંડિતો પ્રભાવિત થાય એવી જન્મસિધ્ધ વિશુદ્ધ પ્રતિભાશક્તિ લગ્નમાં બુધવાળાની હોય છે. છે કોઈ જ્યોતિષશાસ્ત્રનું પ્રમાણ ? જાતક પારિજાતના એક શ્લોકમાં એમ કહેવામાં આવ્યું છે કે વિદ્યાના અધિપતિ ગુરુ અથવા


સંશોધન વિભાગ

ચંદ્રસુતૌ = ચંદ્રનો પુત્ર બુધ આ બેમાંથી કોઈ પણ એક જો ચોથા સુખસ્થાનમાં, લગ્નમાં કે લગ્નેશની સાથે હોય; પાપગ્રહની દૃષ્ટિથી રહિત અને બળવાન હોય તો "વિદ્યાયયશસ્વી ભવતિ પ્રજાત :" યશસ્વી વિદ્યાયોગ બને છે. જ્યોતિષશાસ્ત્રનું એક બીજું વિધાન એવું પણ છે કે લગ્નમાં લગ્નેશની સાથે અષ્ટમેશની યુતિ હોય તો માણસ રોગી નહિ પણ યોગી થાય છે. આ બંને નિયમો સાચા છે, જીવનમાં ઘટી જાય છે.

માનવજીવનમાં સંસારના ભોગ મેળવવા અને ભોગવવા એ કોઈ મોટી વાત નથી, પરંતુ તેનાથી માણસ રોગી બની જાય છે. જેનાથી દેવ જેવો માનવ રોગી બની જાય એવા ભોગ શા કામના ? માણસ ભલે ગમે તેવો પદવીધારી પંડિત હોય, પરંતુ જે ઊડતા ફુવારાની જેમ વિષયવાસનાને ફેલાવે, બેભાન બનાવે, શોક-મોહ પેદા કરે, તે વિદ્યા નથી પણ અવિદ્યા છે. પ્રાચીન કાળના શાકલ્ય અને નારદ જેવા મહાપંડિતો એવી અવિદ્યાથી ઘેરાયેલા હતા તો આજના કહેવાતા વાચાળ વિદ્વાનો કોણ ? હજારો વર્ષો પહેલાં ઉપનિષદે આવા ઈશારા ભાવિ પ્રજાના હિતને માટે કરેલા છે. માનવજીવનમાં યોગી થવું અતિ દુર્લભ છે, મોટા ભાગ્યનું ફળ છે. જ્યોતિષશાસ્ત્ર એવા મોટા ભાગ્યનો પણ નિર્દેશ કરે છે.

મંગળ અને બુધની યુતિથી 'કપટયોગ' થાય છે. આ વાત સાચી છે ? હા, ક્યારે ? મંગળ અને બુધની યુતિમાં જો મંગળ અંશમાં વધારે બળવાન હોય અથવા બંને ઘણાં નબળા હોય તો 'કપટયોગ' થાય. જો અંશમાં બુધ વધારે આગળ હોય તો માણસ વિશેષ શાણો ચિકિત્સક - જ્ઞાની બને છે. તેથી

☆ અનુક્રમણિકા ☆



પંચાંગના મુખપૃષ્ઠ પર સં. ૨૦૪૪ના સૂર્યના ઉત્તરાયણ શિશિરઋતુ પ્રવેશની મુંબઈ પરત્વેની નિરયન કુંડલી આપવામાં આવેલ છે.

(અ) ડાબી તરફના પાના ઉપરના ભાગમાં અનુક્રમે ઉદિત તિથિ, વાર, તિથ્યાદિના સમાપ્તિ કાળના સૂર્યોદયથી ઘડી-પળ, અંગ્રેજી તારીખ તિથ્યાદિના સમાપ્તિકાળ સ્ટેન્ડર્ડ ટાઈમમાં, ચંદ્ર રાશિ પ્રવેશ સમય, મુંબઈનો સૂર્યોદય, સ્પષ્ટ મધ્યાહ્ન, સૂર્યાસ્ત મધ્યાહ્ન સમયનું વેળાંતર તથા દિનમાન, સુરત - અમદાવાદના સૂર્યોદયાસ્ત અને દૈનિક મધ્યરાત્રિ સમયનો સાંપાતિકકાળ તથા છેલ્લે અંગ્રેજી, ભારતીય, પારસી તથા મુસ્લિમ તારીખ અને દિનક્રમ છે.

(બ) સવારના સ્ટા. ટા. ૫-૩૦ વાગ્યાના સ્પષ્ટ ગ્રહો અને સવાર સાંજનો ચંદ્ર ડાબી તરફના પાનામાં નીચેની બાજુમાં છે.

(ક) જમણી તરફના પાનામાં શાસ્ત્રીય વિષયો, તહેવારો-વ્રતો, અગત્યના યોગો, ભદ્રા, પંચક, પ્રદોષ, વિછુડો અને ચંદ્ર નક્ષત્ર ચરણપ્રવેશ સમયો આપેલ છે.

(ડ) નીચેની બાજુ ભૌમાદિક ગ્રહોની કાંતિ અને શર, પખવાડિક કુંડલી અને સ્પષ્ટ ગ્રહો, ઉપરાંત નવમાંશ કુંડલી ગ્રહન નક્ષત્ર-ચરણ - નવમાંશ પ્રવેશ. કાંતિ માર્ગના વેધો અને ખગોળ ડાયરી આપેલા છે.

જન્મકુંડળીનું અર્થઘટન તર્કબદ્ધ અને બુધ્ધિગમ્ય હોવું જોઈએ

લેખક : યતિ શ્રી શિવગિરિજી
સંન્યાસ આશ્રમ, ૩૩ કરણપરા, રાજકોટ

લેખનું શિર્ષક વાંચક વર્ગને કેટલીક સૂચના આપે છે. લેખક યતિ છે જેથી તેમણે પોતાની જ કુંડળી પસંદ કરી તેની આધ્યાત્મિક દષ્ટિકોણથી ચર્ચા કરવા પ્રેરાયા છે, જે સ્વાભાવિક પણ છે. આ ચર્ચા દરમિયાન તેમણે જીવનમાં થયેલી કેટલીક આત્મિક પ્રતીતિની ઝાંખી કરાવ્યા વિના રહી શક્યા નથી. આથી જ, સાત્વિક ભૂમિકાએ ઊભેલા વિદ્યાર્થીગણે આ લેખનો સૂક્ષ્મ અભ્યાસ કરવાની તક ઝડપી લેવાની છે. ખાસ કરીને વિગતની રજૂઆત, છણાવટ અને નિર્ણય બાંધવા. તર્કબદ્ધ બુદ્ધિ દાદ માગી લે છે. વૈદિક વિચારધારા - જ્યોતિષશાસ્ત્રના અતિશય સામાન્ય નિયમો અને ધર્મશાસ્ત્રની મર્યાદાથી ગૂંથાયેલો આ લેખ તેના અભ્યાસના પૂર્ણવિરામમાં મધૂરું સ્મિત અવશ્ય વેરશે ખરું ને !

ફલાનિ ગ્રહચારેણ સૂચયન્તિ મનીષિણ :
કો વક્તા તારતમ્યસ્ય તમેકં વેધસં વિના
સૂર્ય-ચંદ્રની જ્યોતિમાં, ભૂત-ભાવિ પરખાય;
શિવગિરિ સંશયના રહે, શુદ્ધ-બુદ્ધ હરખાય.

તા. ૨૧-૧૨-૧૯૨૫, વિ. સં. ૧૯૮૨, પોષ શુક્લ પંચમી, સોમવારે સવારે ક. ૫, મિ. ૧૬.

સ્થળ.

રાજકોટ, સૌરાષ્ટ્ર

સ્પષ્ટ ગ્રહો

ગ્રહ	લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
રા	૭	૮	૧૦	૭	૭	૯	૯	૬	૩
અં	૭	૫	૧૩	૦૦	૧૭	૪	૧૭	૨૯	૪
ક	૯	૩૯	૪૭	૩૪	૧૩	૫૭	૩૮	૨૮	૫
વિ	૫૪	૫૪	૪૭	૩૯	૩૫	૦	૩૭	૫૭	૧૦

આપણને જે વિશ્વની વંદનીય વિભૂતિ આદ્ય શ્રી શંકરાચાર્યજી, ગૌતમબુદ્ધ, સંત તુલસીદાસજી, કબીર સાહેબ, નાનકદેવ, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદજી, સ્વામી રામતીર્થ, યોગી અરવિંદ ઘોષ, કવિ રવીન્દ્રનાથ ટાગોર આવા સુપ્રસિદ્ધ પ્રાચીન અર્વાચીન મહાપુરુષોની જન્મકુંડલી અને તેના ફળાદેશના વર્ણનો જોવામાં આવે છે. તેઓનો જન્મસમય અનુમાનથી ગોઠવાયેલો હોવાથી બહુ વિશ્વાસપાત્ર માની શકાય નહિ. જ્યાં જન્મસમય જ ચોક્કસ નથી, તો પછી તેનું ફળાદેશ સાચું હોય કેવી રીતે ? અંશો વિનાની જન્મકુંડલીનું ફળકથન ૧૦ ટકાથી વધારે સાચું હોઈ શકે નહિ. તેથી અત્રે લેખક યતિની જન્મકુંડલીની ચર્ચા કરવામાં આવે છે. સંન્યાસીને ભલે જન્મકુંડલીની સાથે લેવાદેવા હોય કે ન હોય, પરંતુ જ્યોતિશાસ્ત્રના અભ્યાસીઓને ઉપયોગી હોવાથી અત્રે તેની ચર્ચા સાર્થક-સફળ અને રસપ્રદ બનશે. વૃશ્ચિક લગ્નમાં મંગળ અને બુધ.

વૃશ્ચિકનો સ્વગૃહી મંગળ લગ્નમાં છે. સાથે અષ્ટમેશ બુધની યુતિ છે. શૂન્ય અંશનો સ્વગૃહી મંગળ હોવાથી તેની ઉચ્ચતા નિર્બળ-નિર્મળ બની જાય છે. લગ્નેશ લગ્નમાં સ્વગૃહી તરીકે બળવાન બનેલ હોવાથી ૫૦ ટકા ભાગ્યશાળી બનાવોવાળી નિર્વિઘ્ન જિંદગી આપે છે. સાથે અસાધારણ ગુણ અને બળ પણ હોય છે.

મંગળની મેષ અને વૃશ્ચિક રાશિ હોવા છતાં તેમાં ઘણો તફાવત છે. મેષનો સ્વગૃહી મંગળ જાતકને ભૌતિક સંપત્તિ આપે છે, ત્યારે વૃશ્ચિકના સ્વગૃહી મંગળ દ્વારા આધ્યાત્મિક સંપત્તિ પ્રાપ્ત થાય છે.

મેષ અને વૃશ્ચિક રાશિ મંગળની પોતાની હોવા છતાં એ બંનેની વચ્ચે ષડ-અષ્ટકયોગ હોવાથી તેના ફળમાં વિશેષતા આવી જાય છે. મેષનો મંગળ લૌકિક સંપત્તિ જરૂર આપે છે. પરંતુ વૃશ્ચિક (આધ્યાત્મિક સંપત્તિ)થી છઠ્ઠે શત્રુસ્થાનમાં હોવાથી દૈવી સંપત્તિ પ્રાપ્ત થવામાં બાધક બની જાય છે. તેવી રીતે વૃશ્ચિકનો સ્વગૃહી મંગળ દૈવીસંપત્તિ અવશ્ય આપે છે, કિંતુ મેષ (લૌકિક સંપત્તિ)થી આઠમે મૃત્યુસ્થાનમાં હોવાથી ભૌતિક સંપત્તિથી વંચિત રાખે છે. વૃશ્ચિકના મંગળવાળા ગૃહસ્થને ભૌતિક સંપત્તિના અભાવે એ તરફ વધારે ધ્યાન આપવું પડે છે. પૈસા માટે તેને વિશેષ પ્રયત્ન કરવો પડે છે.

ત્યાગી સંતોને માટે વૃશ્ચિકનો મંગળ ઇશ્વરના આશીર્વાદરૂપે અતિ ઉત્તમ ગણાય. વૃશ્ચિક રાશિમાં તીવ્ર સ્મરણશક્તિ અને અંત:પ્રેરણા અલ્પ પ્રયાસે સહજ-સરળ હોવાથી પૂર્વજન્મ કે મૃત્યુ સંબંધી જ્ઞાન થવાનો વિશેષ સંભવ રહે છે. સાથે અષ્ટમેશ બુધ હોય પછી તો કહેવાનું જ શું ? લગ્નમાં સ્વગૃહી મંગળવાળાની હિંમત-ધીરજ અને નિર્ભયતા પ્રશંસનીય હોય છે. તેની શારીરિક તંદુરસ્તી યોગી જેવી સુંદર હોય છે અને તે કાયમ જળવાઈ રહે છે. લગ્નમાં સ્વગૃહી લગ્નેશની સાથે અષ્ટમેશ બુધવાળાને શાસ્ત્રોનું જ્ઞાન મેળવવાને માટે જ્યાં ત્યાં ભટકવું પડતું નથી. જેનાથી પંડિતો પ્રભાવિત થાય એવી જન્મસિદ્ધ વિશુદ્ધ પ્રતિભાશક્તિ લગ્નમાં બુધવાળાની હોય છે. છે કોઈ જ્યોતિષશાસ્ત્રનું પ્રમાણ ? જાતક પારિજાતના એક શ્લોકમાં એમ કહેવામાં આવ્યું છે કે વિદ્યાના અધિપતિ ગુરુ અથવા

સંશોધન વિભાગ

ચંદ્રસુતો = ચંદ્રનો પુત્ર બુધ આ બેમાંથી કોઈ પણ એક જો ચોથા સુખસ્થાનમાં, લગ્નમાં કે લગ્નેશની સાથે હોય; પાપગ્રહની દૃષ્ટિથી રહિત અને બળવાન હોય તો "વિદ્યાયશસ્વી ભવતિ પ્રજાત :" યશસ્વી વિદ્યાયોગ બને છે. જ્યોતિષશાસ્ત્રનું એક બીજું વિધાન એવું પણ છે કે લગ્નમાં લગ્નેશની સાથે અષ્ટમેશની યુતિ હોય તો માણસ રોગી નહિ પણ યોગી થાય છે. આ બંને નિયમો સાચા છે, જીવનમાં ઘટી જાય છે.

માનવજીવનમાં સંસારના ભોગ મેળવવા અને ભોગવવા એ કોઈ મોટી વાત નથી, પરંતુ તેનાથી માણસ રોગી બની જાય છે. જેનાથી દેવ જેવો માનવ રોગી બની જાય એવા ભોગ શા કામના ? માણસ ભલે ગમે તેવો પદવીધારી પંડિત હોય, પરંતુ જે ઊડતા ફુવારાની જેમ વિષયવાસનાને ફેલાવે, બેભાન બનાવે, શોક-મોહ પેદા કરે, તે વિદ્યા નથી પણ અવિદ્યા છે. પ્રાચીન કાળના શાકલ્ય અને નારદ જેવા મહાપંડિતો એવી અવિદ્યાથી ઘેરાયેલા હતા તો આજના કહેવાતા વાચાળ વિદ્વાનો કોણ ? હજારો વર્ષો પહેલાં ઉપનિષદે આવા ઇશારા ભાવિ પ્રજાના હિતને માટે કરેલા છે. માનવજીવનમાં યોગી થવું અતિ દુર્લભ છે, મોટા ભાગ્યનું ફળ છે. જ્યોતિષશાસ્ત્ર એવા મોટા ભાગ્યનો પણ નિર્દેશ કરે છે.

મંગળ અને બુધની યુતિથી 'કપટયોગ' થાય છે. આ વાત સાચી છે ? હા, ક્યારે ? મંગળ અને બુધની યુતિમાં જો મંગળ અંશમાં વધારે બળવાન હોય અથવા બંને ઘણાં નબળા હોય તો 'કપટયોગ' થાય. જો અંશમાં બુધ વધારે આગળ હોય તો માણસ વિશેષ હાલો ચિકિત્સક - જ્ઞાની બને છે. તેથી

ઉપર 'જ્ઞાનયોગ'નું વર્ણન કરવામાં આવ્યું છે. લગ્નમાં બુધ હાસ્યવિનોદી સ્વભાવ આપે છે. જાતકને માટે જ્યોતિષશાસ્ત્રનું આટલું સમાધાન થોડું છે? છે આમાં શંકા?

શિષ્યનો દીક્ષિતયોગ,

જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ જોઈએ તો જન્મકુંડલીમાં ૫-૭-૯ આ ત્રણ સ્થાનો શિષ્યના દીક્ષિત યોગને માટે ગણી શકાય. પાંચમાનો અધિપતિ ગુરુ, સાતમાનો અધિપતિ શુક્ર આ બંને ગ્રહો ત્રીજા સ્થાનમાં રહેલા છે. ભાગ્યભુવનનો અધિપતિ ચંદ્ર ચોથા સ્થાનમાં છે. ભાગ્યમાં રહેલો પાપગ્રહ રાહુ જો કે શુભ કાર્યમાં બાધક બને. પરંતુ ગુરુ-શુક્ર જેવા શુભ ગ્રહોથી જોવાયેલો હોવાથી શિષ્યની શક્યતા ઊભી થાય. ગુરુ અને રાહુ સમાન અંશના હોવાથી ગુરુથી બહુ આશા રાખી શકાય નહિ. ચંદ્ર અને શુક્રથી શિષ્યનો યોગ બને ખરો. આ યોગ ક્યારે બને? નવમાનો અધિપતિ ચંદ્ર ભાગ્યથી આઠમે છે. આઠમું સ્થાન આયુષ્ય-મૃત્યુનું હોવાથી ચંદ્ર શિષ્ય આપે તોપણ અંતિમ સમયે આપે. સાતમાનો અધિપતિ શુક્ર શિષ્ય આપે તો એક સ્થાન આગળ માની શકાય. એક સ્થાન એટલે એક અંશ = ૪ વર્ષ ગણાય. શુક્ર અને ચંદ્રથી શિષ્યનો દીક્ષિતયોગ મૃત્યુના ૪-૫ વર્ષની આસપાસ ગણાય. શિષ્યની પ્રાપ્તિમાં વિલંબ થવાનું કારણ આ છે.

શિષ્ય સ્ત્રીપાત્ર હોય કે પુરુષપાત્ર? સુપાત્ર હોય કે કુપાત્ર? આવા પ્રશ્નોના જવાબમાં કહેવાનું એ કે શુક્ર અને ચંદ્ર સ્ત્રીકારક ગ્રહો હોવા છતાં સ્ત્રીપાત્ર ન મળે પણ શિષ્ય પુરુષપાત્ર જ હોય. ત્રણ અને ચારનો અધિપતિ શનિ ઉચ્ચનો બારમે છે. તેથી શિષ્ય શનિની પ્રકૃતિનો તપ - ત્યાગ - સંયમ - શાણપણ - તત્ત્વજ્ઞાન - આધ્યાત્મિક અનુભૂતિ - મોક્ષસિદ્ધિ વગેરે સદ્ગુણ સંપન્ન શિષ્યની પ્રાપ્તિ થાય. યતિને શોભે એવો સુપાત્ર શિષ્ય શનિ આપે.

સંસ્થાની જવાબદારી

અષ્ટોત્તરી મહાદશા પ્રમાણે ગુરુની મહાદશામાં જન્મ. ગુરુના ભુક્ત વર્ષ ૯, માસ ૮, દિવસ ૧૯, ઘડી ૧૦, પળ ૫૭; ગુરુના ભોગ્ય વ. ૯, મા. ૩, દિ. ૧૦, ઘ. ૩૯, પ. ૩. ત્યાર પછી રાહુ ૧૨, શુક્ર ૨૧, સૂર્ય ૬, ચંદ્રના વર્ષ ૧૫ તા. ૧-૪-૧૯૮૯એ સમાપ્ત. હાલમાં ચંદ્રની મહાદશામાં શુક્રની અંતર્દશા ચાલે છે. ત્યાર પછી સૂર્યની અંતર્દશા આવશે. આ બંને અંતર્દશા સારી જાય.

જ્યાં સુધી ભાગ્યભુવનના અધિપતિ ચંદ્રની મહાદશા ચાલે છે, ત્યાં સુધી સંસ્થાની જવાબદારીનો પ્રશ્ન હલ ન થાય, એટલું ખરું કે કોઈ પણ સારી વ્યક્તિની મદદ મળતી રહે. ચંદ્રની મહાદશાના અંતમાં કે તેની આસપાસ ગુરુ-શિષ્યમાં પરસ્પર એવો કોઈ મતભેદ ઊભો થાય કે જેની અસર મન ઉપર થતાં સંસ્થાની જવાબદારીનો અંત આવે! મતભેદ ઊભો થવાનું કારણ શું? જન્મકુંડલીમાં ચંદ્ર અને રાહુ પરસ્પર ષડ્-અષ્ટક, રાહુથી આઠમે ચંદ્ર અને ચંદ્રથી છઠ્ઠે રાહુ હોવાથી અનુમાન એવું કરી શકાય કે જરૂર કોઈ પ્રતિકૂળ પ્રસંગ બને. આ બનાવ બને ક્યારે? ગોચરનો રાહુ જ્યારે કુંભરાશિમાં ચોથે આવે, એ વર્ષ; તેની સાથે સૂર્ય-મંગળની યુતિ થાય. એ માસ; તેની સાથે ચંદ્રની યુતિ થાય, તે દિવસ; આ અરસામાં એવો કોઈ મતભેદ કે પ્રતિકૂળ પસંગ બનવાની શક્યતા ઊભી થાય. જ્યોતિષશાસ્ત્ર ભૂત અને ભાવિની બાબતમાં આવી વેધક દૃષ્ટિ આપે છે, તેનું કારણ શું? તેનું કારણ એ કે 'વેદશ્ચક્ષુ:'સનાતનમ્' વેદ ઇશ્વરની વાણી છે અને જ્યોતિષશાસ્ત્ર વેદનું અંગ હોવાથી બે આંખથી ન જોયેલી અને બે કાનથી ન સાંભળેલી એવી કેટલીક બાબતોનો જ્યોતિષશાસ્ત્ર નિર્દેશ કરે તેમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ નથી. જન્મથી મૃત્યુ સુધીના શુભાશુભ કાળ અને તેનાં પરિણામનો નિર્દેશ કરવો એ જ્યોતિષશાસ્ત્રનો મુખ્ય વિષય છે.

મૃત્યુયોગ,

જ્યોતિષશાસ્ત્રના અનુભવી વિદ્વાનોનું એમ માનવું છે કે આયુષ્ય નક્કી કરવામાં લગ્નેશ અને અષ્ટમેશને અગ્રસ્થાન આપવું જોઈએ. લગ્નેશ અને અષ્ટમેશ બંને બળવાન હોય તો દીર્ઘાયુષ્ય, જો બંને નિર્બળ હોય તો અલ્પાયુષ્ય અને આ બંનેમાંથી એક બળવાન હોય તો મધ્યમ આયુષ્ય સમજવું. લગ્નેશ કરતાં પણ અષ્ટમેશને વધારે મહત્ત્વ આપવું જોઈએ. લગ્નેશ અને અષ્ટમેશ શૂન્ય અંશનો કે ૨૯ અંશના હોય તો અલ્પાયુષ્ય આપે. લગ્નેશ કે અષ્ટમેશ શત્રુક્ષેત્રી કે અસ્તના હોય તો શિષ્ટભંગ યોગ થવાથી મધ્યમ આયુષ્ય આપે છે.

આયુષ્યનો આંકડો નક્કી કરવામાં લગ્નેશ અને અષ્ટમેશ આ બંને ગ્રહોમાં જે અંશ-કલા અને વિકલામાં વધારે આગળ હોય તેના ઉપરથી આયુષ્યનો અંક નક્કી કરી શકાય છે. ખાસ કરીને લગ્નેશ કરતાં પણ અષ્ટમેશને વધારે મહત્ત્વ આપવું જોઈએ. આ નિયમ મુજબ આ જન્મકુંડલીમાં સ્વગૃહી લગ્નેશ મંગળની સાથે અષ્ટમેશ બુધની યુતિ છે.

વૃશ્ચિક રાશિનો સ્વગૃહી લગ્નેશ મંગળ છે. મંગળ શૂન્ય અંશનો છે. વૃશ્ચિક રાશિમાં તીવ્ર સ્મરણશક્તિ અને અંત:પ્રેરણા અલ્પ પ્રયાસે સહજ-સરળ હોવાથી પૂર્વજન્મ - પુનર્જન્મ કે મૃત્યુ સંબંધી જ્ઞાન થવાની વિશેષ સંભાવના રહે છે. વૃશ્ચિક રાશિમાં અષ્ટમેશ બુધ હોય તો પછી કહેવાનું જ શું હોય?

આ જન્મકુંડલીમાં અષ્ટમેશ બુધના અંશ ૧૭, કલા ૧૩ અને વિકલા ૩૫ છે. અંશ ૧=૪ વર્ષ, કલા ૧=૫ માસ, વિકલા ૧=૨ દિવસ સમજવા. જ્યોતિષશાસ્ત્રના આ ગણિત મુજબ ૧૭×૪=૬૮ વર્ષ આવ્યા. તેવી રીતે ૧૩×૫=૬૫ માસ એટલે ૫ વર્ષ અને ૫ માસ થયાં. ૩૫×૨=૭૦ દિવસ એટલે ૨ માસ અને ૧૦ દિવસ. આ ગણિત પ્રમાણે આ જન્મકુંડલીના આયુષ્યનો આંકડો વર્ષ ૭૩, માસ ૭ અને દિવસ ૧૦નો આવ્યો.

હવે આપણે અષ્ટોત્તરી મહાદશા પ્રમાણે જોઈએ તો

ગુરુની મહાદશામાં જન્મ

	વર્ષ	માસ	દિવસ	ઘડી	પળ
ગુરુના ભુક્ત	૯	૮	૧૯	૧૦	૫૭
ગુરુના ભોગ્ય	૯	૩	૧૦	૩૯	૩
રાહુ	૧૨				
શુક્ર	૨૧				
સૂર્ય	૬				
ચંદ્ર	૧૫				
મંગળ	૮				
	૭૧	૩	૧૦	૩૯	૩
અષ્ટમેશ બુધમાં બુધનું અંતર	૨	૮	૩	૦	૦
	૭૩	૧૧	૧૩	૩૯	૩
ગણિત મુજબનાં અંક	૭૩	૭	૧૦	૦	૦

જ્યોતિષશાસ્ત્ર અભ્યાસ-અનુભવ અને અનુમાન દ્વારા આવું કંઈક કહે છે. સાથેસાથે ઇષ્ટદેવની ઉપાસના - પવિત્ર અંત:કરણની પ્રેરણા પણ મહત્ત્વનો ભાગ ભજવે છે, આ વાત ભૂલવા જેવી નથી.

આધ્યાત્મિક ભૂમિકા

માણસની પાસે ભલે ગમે એટલી સમૃદ્ધિ અને પ્રસિદ્ધિ હોય, લૌકિક સુખ ને સગવડતાનાં સાધનો હોય, પરંતુ જ્યાં સુધી ધાર્મિક ઉન્નતિ ન થાય, આધ્યાત્મિક જીવનવિકાસમાં આગેકૂચ ન થાય ત્યાં સુધી તેની આશાનો અંત આવતો નથી. તેને સાચી તૃપ્તિ, શાશ્વત શાંતિ, પૂર્ણત્વની પ્રાપ્તિનો કદાપિ અનુભવ થતો નથી. માનવમાત્રને જો કોઈ સાચું આલંબન - સહારો હોય તો તે દૈવીજીવનનાં અનુભવો છે, એમ વિશ્વના બધા જ શાસ્ત્રો અને મહાપુરુષોનાં જીવનચરિત્રો બતાવે છે. તેથી જ્યોતિષશાસ્ત્ર આપણને એ દિશામાં માર્ગદર્શન આપે છે. જ્યોતિષશાસ્ત્રના પ્રાચીન અર્વાચીન વિદ્વાનોએ એ વિષય ઉપર ઘણુંઘણું સંશોધન અને સાહિત્ય નિર્માણ કરેલું છે.

ચતુર્થાશ્રમી સંન્યાસીની જન્મકુંડલીમાં 'સંન્યાસ અને મોક્ષના બળવાન યોગો કેવા હોય?. આ વિષય ઉપર એક સ્વતંત્ર લેખ ભારતનું સર્વશ્રેષ્ઠ પંચાંગ "જન્મભૂમિ" વિ. સં. ૨૦૪૧ ગુજરાતનું માનીતું માસિક "જ્યોતિષદીપ" ફેબ્રુઆરી, સૌરાષ્ટ્રનું જાણીતું સાપ્તાહિક "ગ્રામસહયોગી" તા. ૬-૧૧-૮૪ તથા લેખકનું ૧૮મું પુસ્તક "સંતની સંપત્તિ"માં "જ્યોતિષ અને જન્મકુંડલી" આ લેખ પ્રગટ થયેલ છે. તેથી અત્રે તેની ચર્ચા કરવામાં આવતી નથી. જ્યોતિષની દૃષ્ટિએ જેણે સંન્યાસ અને મોક્ષના બળવાન યોગો જોવા હોય તેણે આ લેખ જરૂર વાંચવો.

આ જન્મકુંડલીમાં સંન્યાસ અને મોક્ષના વધારે બળવાન યોગો હોવાથી તે સમયે યતિની સ્થિતિ એવી નિરાળી હોય, માનસિક ભૂમિકા એવી ભવ્ય

(અનુસંધાન પાનું ૨૨૫)

સ્પોર્ટસ્ - ક્રિકેટ અને ક્રિકેટર

લેખક : શ્રી સુધીર ઓ. શાહ
૪૦-એ, પારેખ વાડી, બીજે માળે, વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪.

હાલની પ્રચલિત, રમત ક્રિકેટ અને જ્યોતિષ આ બન્ને પ્રવૃત્તિઓને રસ જગાડે એવી વિગત આ લેખમાં છે. હાલની ભારતીય ક્રિકેટ ટીમના મોટા ભાગના ખેલાડીઓ તેમ જ વિદેશના હેડલી, ઈમરાન ખાન, મિયાંદાદ, વિવિયન, રિચાર્ડ્સ, બોથમ, માલ્કમ માર્શલ જેવા બધા મળીને ૧૮ ક્રિકેટરોની કુંડળીની ચર્ચા અહીં લેખકે કરી છે. જેમાંથી લેખકે દશ યોગોની તારવણી પણ આપી છે. ક્રિકેટરસિકને અવશ્ય આ લેખમાંથી કંઈક જાણવા મળશે.

સંવત-૨૦૪૨ના પાના નંબર ૧૯ પર "એક આગવું સંશોધન શુક્ર +શનિ પર"નો મારો લેખ તથા સંવત-૨૦૪૩ના પાના નં. ૧૧ પર "શનિ +ચંદ્ર (એક અલગ સંશોધન)" પરના લેખ અંગે અસંખ્ય પત્રો આવતા જ રહે છે. વાચકમિત્રો તમોએ લેખોને આવકાર્યા તેનો મને આનંદ તો છે જ, પરંતુ વધુ આનંદ એટલા માટે છે કે વાચકવર્ગે "જન્મભૂમિ-પંચાંગ"ના આગળનાં વર્ષોના અંકો હજુ પણ સાચવી રાખી, લેખો વાંચી પત્રવ્યવહાર કરે છે. તે જ બતાવે છે કે "જન્મભૂમિ-પંચાંગ" કેટલું લોકપ્રિય છે અને તેનો મોટો વિશાળ વાચકવર્ગ વર્ષો સુધી "જન્મભૂમિ-પંચાંગ"ને જીવની જેમ સાચવી રાખે છે.

દર વર્ષની જેમ જ્યોતિષશાસ્ત્ર આધારિત આ વખતે "સ્પોર્ટ્સ : ક્રિકેટ અને ક્રિકેટરો" પર લેખ તૈયાર કર્યો છે.

સ્પોર્ટ્સ- રમતગમત - રમતો ઘણી જાતની હોય છે. ટેબલટેનિસ, બિલિયર્ડ, સ્નૂકર, બાસ્કેટબૉલ, હોકી, વોલીબૉલ, ચેસ, ખોખો, લંગડી, બેડમિન્ટન વગેરે વગેરે. આજકાલ આવી જ એક રમત ઘણી જ પ્રખ્યાતી ધરાવે છે અને તે છે "ક્રિકેટ". ક્રિકેટની રમતે આખા વિશ્વને ઘેલું લગાડયું છે. દિવસના સૂર્યના પ્રકાશમાં રમાતી આ રમત આજકાલ રાત્રીના અંધકારમાં, ફ્લડ લાઈટના સહારાથી પણ રમાય છે. રાત્રી મૅચોનું આયોજન પણ થવા લાગ્યું છે. લાખો રૂપિયાનો ખર્ચ થાય છે. કહેવાય છે કે પાંચ ક્રિકેટ ટેસ્ટ મૅચ રમી જનાર ખેલાડી લાખોની કમાણી કરતો કે ગણતરીમાં આવી જાય છે. કોઈ પણ કક્ષાની રમતો રમનાર તે ખેલાડી કે રમતવીરમાં અમુક ચોક્કસ ગુણો તો હશે જ, તો જ તે યોગ્ય ખેલાડી કે રમતવીર થઈ શકે.

ખાસ કરીને ક્રિકેટની રમત માટે તે ખેલાડી કે રમતવીરમાં જોમ - જુસ્સો - સંયમ - ચપળતા - એકાગ્રતા - નિરીક્ષણતા - ઊંડાઈ - બારીકાઈ જેવા ગુણો તો જોઈએ. અને તેમાંય વધુ તો 'ખેલદિલી' ખાસ જરૂરી. દુનિયાભરમાં આવી પ્રસિદ્ધિ ધરાવનારી રમત "ક્રિકેટ" - અસંખ્ય વ્યક્તિઓને "ક્રિકેટર" થવા તલપ લગાડી છે. આ રમતમાં નામના-જશ - કીર્તિ-પૈસો પણ સારો મળે છે. જેથી તેમ પણ વિચારી શકાય કે જેની પણ જન્મકુંડળીમાં નામના-જશ - કીર્તિ-પૈસો રમત (સ્પોર્ટ્સ) થકી જ મેળવવાનું વધુ લખ્યું હોય તો કેવા યોગો તેની જન્મકુંડળી (પત્રિકા)માં હોવા જોઈએ ? કુંડળીમાં લગ્ન અને લગ્નેશનો સંબંધ મંગળ-શનિ સાથે જેટલો મહત્ત્વનો છે તેટલું જ પરાક્રમભવન (ત્રીજું સ્થાન) પણ અગત્યનું છે. તે જ રીતે ત્રીજાથી સાતમું એટલે કે લગ્નથી ૯મું સ્થાન-ભાગ્યભુવન પણ તેટલું જ અગત્યનું રહેવાનું. તેમ જ લાભેશ ધનેશ અગત્યના રહેવાના. છઠ્ઠેશ પણ લગ્ને કે દઠ્ઠે હોય તો મજબૂત પકડ આપે છે. મંગળનું પ્રાધાન્ય દરેક સ્પોર્ટ્સ મેનની કુંડળીમાં જોવા મળશે જ. તેમાંય શનિનો સાથ મળે તો સોનામાં સુગંધ ભળી જાય. શનિ-મંગળ સ્કવેર પણ અગત્યતા ધરાવે છે. મંગળપ્રધાન વ્યક્તિ ભોળી-ઉતાવળી - પરાક્રમી-નીડર અને ખેલદિલીની ભાવનાવાળી હોય છે. શનિ સંયમ અને અડગતા - ઠરેલપણું - વાસ્તવિક્તા સહન કરવાની શક્તિ તથા મેદાને લાંબો સમય ટકી રહેવાની શક્તિ આપે છે. કેન્દ્ર-ત્રિકોણના અધિપતિ પરાક્રમે (ત્રીજે) કે કેન્દ્રે-ત્રિકોણે હોય તો વ્યક્તિ જે તે રમતગમતના ક્ષેત્રમાં ઉચ્ચપદે, 'કૅપ્ટન'પદે પહોંચી શકે છે. લાંબો સમય તે પદ શનિ થકી જાળવી શકે છે. ચંદ્ર-મંગળની યુતિ - (કોઈ પણ રીતે થતો સંબંધ) ચંચળતા-ચપળતા આપે. મંગળ-શનિની યુતિ જુસ્સો - જોમ - એકાગ્રતા - સંયમ આપે. તો વળી ચંદ્ર-ગુરુ યુતિ બારિકાઈ- નિરીક્ષણતા - ઠાવકાઈના ગુણો આપે. આમ બધી રીતે વિચારતા અમુક ચોક્કસ યોગોને વારંવાર રિપીટ થતા અસંખ્ય કુંડળીમાં જોયા છે. અહીં પ્રસિદ્ધ ક્રિકેટરોની જન્મપત્રિકા રજૂ કરી લેખને સમજાવવા કોશિશ કરું છું. નીચેના મુખ્ય

સંશોધન વિભાગ

યોગોને પ્રથમ નોંધીએ :

યોગ નંબર : ૧. લગ્ન કે લગ્નેશ સાથે મંગળ કે શનિ સંબંધ અથવા લગ્નેશ શનિ કે મંગળની રાશિમાં.

યોગ નંબર : ૨. પરાક્રમેશ સાથે લગ્નેશ, ધનેશ, ભાગ્યેશ કે લાભેશ સાથે યુતિ-પ્રતિયુતિ કે દૃષ્ટિ સંબંધ.

યોગ નંબર : ૩. છઠ્ઠેશ સાથે મંગળ કે શનિ કે છઠ્ઠેશ લગ્ને, દઠ્ઠે કે દઠ્ઠે તેની દૃષ્ટિ.

યોગ નંબર : ૪. પરાક્રમેશ સાથે શનિ કે મંગળનો સંબંધ.

યોગ નંબર : ૫. લગ્નથી કેન્દ્રમાં ૧ થી વધુ શુભ કે પાપ ગ્રહો.

યોગ નંબર : ૬. શનિ કે મંગળ કેન્દ્રમાં, શનિ + મંગળ, કે કેન્દ્રના અધિપતિ તરીકે દૃષ્ટિમાં કે શનિ મંગળ સ્કવેર.

યોગ નંબર : ૭. ચંદ્ર+ગુરુ સાથે કે પ્રતિયુતિ દૃષ્ટિ સંબંધ કે ચંદ્ર+મંગળ સાથે કે પ્રતિયુતિ દૃષ્ટિ સંબંધ.

યોગ નંબર : ૮. લગ્નેશ, ધનેશ, ભાગ્યેશ, લાભેશની યુતિ-પ્રતિયુતિ, દૃષ્ટિ કે તેના અધિપતિઓ ૧,૨,૯ કે ૧૧મે કે કેન્દ્રે કે ત્રિકોણે.

યોગ નંબર : ૯. કેન્દ્ર-ત્રિકોણના અધિપતિ પરાક્રમે (ત્રીજે), કેન્દ્રે કે ત્રિકોણે.

યોગ નંબર : ૧૦. સ્વગ્રહી કે ઉચ્ચના શનિ કે મંગળ.

ઉપરના યોગોને આપણે અલગ અલગ મહાન ક્રિકેટરોની જન્મપત્રિકામાં ચકાશીએ.

કુંડળી નંબર : ૧

જન્મ તારીખ તા. ૬-૧-૫૯

લ	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૭	૯	૮	૧	૯	૮	૧૦	૯	૬

આ કુંડળી નંબર-૧ જેનો જન્મ ચંડીગઢમાં થયેલ છે. સૌથી નાની ઉંમરે ભારતીય ક્રિકેટ ટીમમાં ફાસ્ટ બૉલર તરીકે દાખલ થનાર અને ૩૦૦થી વધુ

વિકેટ લેનાર પ્રખ્યાત બૉલર તથા આક્રમક રમતવીર તરીકે ખ્યાતિ ધરાવનાર તથા હાલ છેલ્લા ભારતીય ક્રિકેટ ટીમના કૅપ્ટનપદે છે તેવા નામાંકિત કપિલદેવની આ કુંડળી છે. યોગો જોઈએ તો (૧) લગ્નેશ શુક્ર, શનિની રાશિમાં તથા લગ્ને મંગળની દૃષ્ટિ, (૨) પરાક્રમેશ ગુરુ પર ધનેશ મંગળની ૮મી દૃષ્ટિ, (૩) છઠ્ઠેશ ગુરુ પર મંગળની ૮મી દૃષ્ટિ, (૪) પરાક્રમેશ ગુરુ પર મંગળની ૮મી દૃષ્ટિ, (૫) શુક્ર શુભ ગ્રહ તથા મંગળ પાપ ગ્રહ કેન્દ્રમાં (૬) મંગળ કેન્દ્રમાં તથા કેન્દ્રના અધિપતિ તરીકે મંગળ કેન્દ્રમાં, (૭) ચંદ્ર ગુરુ યુતિ તથા ચંદ્ર પર મંગળની ૮મી દૃષ્ટિ, (૮) લગ્નેશ-ધનેશ કેન્દ્રમાં તથા ભાગ્યેશ-લાભેશ પરાક્રમે (૯) કેન્દ્ર-ત્રિકોણના અધિપતિ તરીકે શનિ પરાક્રમે, (૧૦) મેષનો મંગળ. આમ અહીં કપિલદેવની પત્રિકામાં દસે યોગો છે જે ઉપર લખ્યા પ્રમાણે દરેક ગુણો ધરાવે છે.

કુંડળી નંબર : ૨
જન્મ તારીખ ૧૦-૭-૪૯

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૧૦	૩	૯	૨	૩	૧૦	૪	૫	૧૨

કુંડળી નંબર-૨માં યોગો જોઈએ તો (૧) લગ્નેશ શનિ પર મંગળની ચોથી દૃષ્ટિ છે, (૨) પરાક્રમેશ ગુરુની લાભેશ મંગળ પર પાંચમી દૃષ્ટિ છે, (૩) છઠ્ઠેશ બુધ દઠ્ઠે જ છે, (૪) પરાક્રમેશ ગુરુની પાંચમી દૃષ્ટિ મંગળ પર, (૫) ગુરુ અને શુક્ર શુભ ગ્રહો કેન્દ્રમાં, (૬) મંગળ+શનિ મંગળની ચોથી દૃષ્ટિ શનિ પર તથા મંગળ પર શનિની ૧૦મી દૃષ્ટિ અધિપતિ તરીકે પણ (કેન્દ્રના) તથા મંગળ-શનિ સ્કવેર છે, (૭) ચંદ્ર પર મંગળની ૮મી દૃષ્ટિ, (૮) લાભેશ મંગળ ત્રિકોણે, (૯) કેન્દ્ર ત્રિકોણના અધિપતિ શુક્ર કેન્દ્રમાં છે. આમ ૪૭ મૅચોમાં ભારતીય ટીમનું સુકાનીપદ સંભાળેલ અને હાલ ૩૮ની ઉંમરે પહોંચેલ અને ૧૦,૦૦૦ રન પૂર કરનાર વિશ્વના બેસ્ટ ઓપનિંગ બૅટ્સમૅન તરીકે, લીટલ માસ્ટર તરીકે ખ્યાતિ ધરાવતો મહાન ક્રિકેટર સુનીલ ગાવસ્કરની આ પત્રિકા છે.

કુંડળી નંબર : ૩
જન્મ તારીખ ૧૨-૬-૬૫

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૮	૨	૮	૫	૨	૨	૩	૧૧	૨

કુંડળી નંબર-૩ લેગ સ્પિનર બૉલરની છે. સ્પિન બૉલિંગથી ભલભલાની વિકેટો પાડી દેનાર તથા અભૂતપૂર્વ ફિલ્ડિંગનું પ્રદર્શન કરનાર ટીમનો યુવા ખેલાડી મનિન્દર સિંગની આ પત્રિકા છે. કુંડળીમાં યોગો જોઈએ (૧) લગ્નેશ મંગળની લગ્ને ચોથી દૃષ્ટિ તથા શનિ પર મંગળની દૃષ્ટિ, (૨) પરાક્રમેશ શનિની ભાગ્યેશ ચંદ્ર પર દશમી દૃષ્ટિ તથા પરાક્રમેશ શનિ પર લગ્નેશ મંગળની દૃષ્ટિ, (૩) છઠ્ઠેશ મંગળ ઉપર શનિની ૧૦મી દૃષ્ટિ, (૪) પરાક્રમેશ શનિ પર મંગળની ૭મી દૃષ્ટિ, (૫) ચંદ્ર, ગુરુ, બુધ, શુભ તથા સૂર્ય, રાહુ, શનિ, કેતુ પાપ ગ્રહો કેન્દ્રમાં, (૬) શનિ+મંગળ (સમસપ્તક) કેન્દ્રમાં તથા કેન્દ્રના અધિપતિ તરીકે પણ બંને ગ્રહો કેન્દ્રમાં, (૭) ચંદ્ર ઉપર ગુરુની સાતમી દૃષ્ટિ તથા ચંદ્ર પર મંગળની ચોથી દૃષ્ટિ, (૮) લગ્નેશ, ધનેશ, લાભેશ, ભાગ્યેશ ચારેય કેન્દ્રમાં, (૯) કુંભનો શનિ. આમ આ કુંડળીમાં દશમાંથી નવ યોગો છે.

કુંડળી નંબર : ૪
જન્મ તારીખ ૫-૪-૫૬

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૧૦	૧૨	૧૦	૧૦	૧૨	૪	૨	૮	૮

આ કુંડળી નંબર-૪નો ખેલાડી શાંતિનો ચાહક, ટીમનો આધારસ્તંભ - ફટકાબાજીનો તથા જરૂર પડે યોગ્ય રમત રમનાર ખેલાડી છે. ભારતીય ટીમમાં તેનું સ્થાન ઘણા વખતથી સ્થિર છે. કુંડળીમાં યોગો જોઈએ (૧) લગ્ન પર શનિની ત્રીજી દૃષ્ટિ તથા લગ્નેશ તરીકે પણ શનિની દૃષ્ટિ લગ્ને, તથા લગ્નેશ શનિની દૃષ્ટિ મંગળ પર તથા લગ્નેશ પોતે શનિ મંગળની રાશિમાં, (૨) પરાક્રમેશ ગુરુની લગ્નેશ/ધનેશ શનિ પર પાંચમી દૃષ્ટિ તથા લાભેશ મંગળ પર સાતમી તથા ભાગ્યેશ બુધ પર ૯મી દૃષ્ટિ, (૩) પરાક્રમેશ ગુરુની મંગળ પર દૃષ્ટિ તથા શનિ પર પાંચમી દૃષ્ટિ, (૪) ચંદ્ર-ગુરુ શુભ તથા મંગળ પાપ ગ્રહો કેન્દ્રમાં, (૫) મંગળ કેન્દ્રમાં તથા કેન્દ્રના અધિપતિ તરીકે મંગળ કેન્દ્રમાં, (૬) ચંદ્ર પર ગુરુની સાતમી દૃષ્ટિ, તથા ચંદ્ર+મંગળ સાથે, (૭) મકરનો મંગળ (૮) લગ્નેશ ધનેશ શનિ લાભે, લાભેશ મંગળ કેન્દ્રમાં, (૯) કેન્દ્ર-ત્રિકોણના અધિપતિ તરીકે શુક્ર ત્રિકોણે (૫મે). આમ આ કુંડળીમાં નવ યોગો છે. આ દિલીપ વેંગસરકરની પત્રિકા છે.

કુંડળી નંબર : ૫
જન્મ તારીખ ૧૨-૧૨-૫૯

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૨	૮	૧	૮	૮	૮	૭	૯	૬

ભારતીય ટીમમાં ઓપનિંગ બૅટ્સમૅનની સાથે બીજા ક્રમાંકમાં જનાર (આ કુંડળી નંબર ૫) શ્રીકાન્તની કુંડળી છે. આકર્ષક રમત-ફટકાબાજી તથા ભવિષ્યના ઓપનિંગ બૅટ્સમૅન તરીકે ટીમમાં ટકી રહેનારની પત્રિકામાં (૧) લગ્ને મંગળની ૭મી દૃષ્ટિ છે, (૨) પરાક્રમેશ ચંદ્ર પર લગ્નેશ શુક્રની સાતમી દૃષ્ટિ છે, (૩) છઠ્ઠેશ શુક્ર પોતે છઠ્ઠે, (૪) ગુરુ બુધ શુભ ગ્રહો તથા મંગળ સૂર્ય પાપ ગ્રહો કેન્દ્રમાં, (૫) મંગળ કેન્દ્રમાં તથા કેન્દ્રના અધિપતિ તરીકે પણ મંગળ કેન્દ્રમાં, (૬) વૃશ્ચિકનો મંગળ, (૭) ધનેશ બુધ અને લાભેશ ગુરુ કેન્દ્રમાં છે. આમ શ્રીકાંતની કુંડળીમાં સાત યોગો છે.

કુંડળી નંબર : ૬
જન્મ તારીખ ૮-૨-૬૩

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૪	૧૦	૪	૪	૧૦	૧૧	૯	૧૦	૪

ભારતીય ટીમમાં મીડલઑર્ડર ક્રમમાં આવનાર આ ખેલાડીનું નામ ભારતીય ક્રિકેટ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. કારણ પ્રથમ ટેસ્ટમાં જ સેન્ચુરી મારી સતત ત્રણ સેન્ચુરી (સદી) ફટકારનાર, હંમેશાં ફૂલ ફૉર્મ રહેનાર મહમદ અઝહરુદ્દીનની આ જન્મપત્રિકા છે. યોગો જોઈએ (૧) લગ્ને જ મંગળ છે તથા તેના પર શનિની દૃષ્ટિ તથા લગ્નેશ ચંદ્ર મંગળ સાથે જ લગ્ને તથા લગ્નેશ ચંદ્ર પર શનિની દૃષ્ટિ પણ, (૨) પરાક્રમેશ બુધની લગ્નેશ ચંદ્ર પર સાતમી દૃષ્ટિ તથા ધનેશ સૂર્ય સાથે યુતિ, (૩) છઠ્ઠેશ ગુરુ પર મંગળની ૮મી દૃષ્ટિ, (૪) પરાક્રમેશ બુધ સાથે શનિ તથા મંગળની તેના પર દૃષ્ટિ, (૫) ચંદ્ર-બુધ શુભ ગ્રહો તથા સૂર્ય-મંગળ-શનિ - રાહુ-કેતુ પાપ ગ્રહો કેન્દ્રમાં, (૬) શનિ મંગળ કેન્દ્રમાં, (૭) ચંદ્ર મંગળ યુતિ લગ્ને, (૮) મકરનો શનિ, (૯) લગ્નેશ ચંદ્ર લગ્ને તથા ધનેશ સૂર્ય કેન્દ્રમાં, (૧૦) કેન્દ્ર ત્રિકોણના અધિપતિ તરીકે મંગળ કેન્દ્રમાં. આમ આ કુંડળીમાં દસે યોગ છે આ ક્રિકેટરનું આમ કાયમી સ્થાન ભારતીય ટીમમાં આજે છે.

કુંડળી નંબર : ૭
જન્મ તારીખ ૨૭-૫-૬૨

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૧૦	૨	૧૧	૧	૨	૧૧	૩	૧૦	૪

આ કુંડળી નંબર સાત ભારતની ટીમના ઉપસુકાની રવિ શાસ્ત્રીની છે. કાયમ વિચારોમાં મગ્ન રહે તથા સારામાં સારા બેટ્સમેન તથા સ્પિનર તરીકે બૉલિંગ પણ સારી. આમ ઓલરાઉન્ડર રવિ શાસ્ત્રીની કુંડળીમાં, (૧) લગ્નેશ શનિ પોતે લગ્ને છે તથા શનિની ૧૦મી દૃષ્ટિ મંગળ પર, (૨) પરાક્રમેશ ગુરુ શનિના ઘરમાં, (૩) શનિ મંગળ કેન્દ્રમાં, શનિ મંગળ સ્કવેર, (૪) શનિ મંગળ પોતે કેન્દ્રના અધિપતિ તરીકે કેન્દ્રમાં જ, (૫) મકરનો શનિ તથા મેષનો મંગળ (કેન્દ્રમાં), (૬) શનિ-મંગળ-રાહુ-કેતુ પાપ ગ્રહો કેન્દ્રમાં, (૭) લગ્નેશ ધનેશ શનિ કેન્દ્રમાં તથા ભાગ્યેશ બુધ ત્રિકોણે તથા લાભેશ મંગળ કેન્દ્રમાં. આમ કુલ્લે સાત યોગો છે.

કુંડળી નંબર : ૮
જન્મ તારીખ ૨૮-૮-૬૧

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૧૨	૫	૧૨	૬	૫	૧૦	૪	૧૦	૫

આ કુંડળી નંબર આઠમા (૧) લગ્નને મંગળની સાતમી દૃષ્ટિ છે, શનિની ૩જી દૃષ્ટિ તથા લગ્નેશ ગુરુ શનિ સાથે, (૨) પરાક્રમેશ શુક્ર પર લાભેશ શનિની દૃષ્ટિ તથા લગ્નેશ ગુરુની પણ દૃષ્ટિ, (૩) છઠ્ઠેશ સૂર્ય છઠ્ઠે, (૪) પરાક્રમેશ શુક્ર પર શનિની દૃષ્ટિ, (૫) ચંદ્ર શુભ ગ્રહ તથા મંગળ પાપ ગ્રહ કેન્દ્રમાં, (૬) મંગળ કેન્દ્રમાં, (૭) ચંદ્ર પર મંગળની દૃષ્ટિ, (૮) મકરનો શનિ, (૯) લગ્નેશ ગુરુ

(અનુસંધાન પાનું ૨૨૫)

અકસ્માત ધનપ્રાપ્તિ યોગ

લેખક : શ્રી બચુભાઈ કે. પટેલ 'સંત'
મુ. પો. પલીઅડ, તા. કલોલ, જિ. મહેસાણા (ઉ.ગુ.)

બીજું, પાંચમું, આઠમું, નવમું અને અગિયારમું સ્થાન અને તેના સ્વામીઓનો શુભ સંબંધ અણધાર્યા ધનલાભ સૂચવે છે. આમ લેખને અંતે ફળશ્રુતિમાં સૂચવી લેખકે નવ કુંડળીઓની ચર્ચા કરી છે. લોટરીથી અકસ્માત ધનપ્રાપ્તિ થવાનો આગ્રહ વધુ પડતો જણાઈ આવે છે. આ યોગનું વિવરણ, દસ અલગ નિયમો દ્વારા કરવામાં આવ્યું છે. આપણે પણ આપણી કુંડળીમાં આ યોગ અંગે ડોકિયું કરીએ તો કેમ !

જ્યોતિષશાસ્ત્રના પ્રણેતા અને જ્ઞાતા આપણા આદ્ય ઋષિ-મુનિઓએ કહ્યું છે કે "ગ્રહરાજ્ય પ્રયચ્છતિ હરતી તત્ક્ષણ" ગ્રહો રાજ્ય પણ પ્રદાન કરે છે અને નષ્ટ પણ કરે છે. પ્રાણીમાત્ર ગ્રહોની અસરથી મુક્ત નથી. માનવજીવનને અસરકર્તા ગ્રહોની ગતિનું ચક્ર નિરંતર ચાલ્યા જ કરે છે. ગ્રહોનું ભ્રમણ કરોડપતિમાંથી કંગાળ બનાવે છે અને કંગાળને કરોડપતિ બનાવે છે. કંઈક ભૂપાલોનાં ભાગ્ય ભુસાયાં છે અને રંક પણ રાય બની ગયાના દાખલા ઈતિહાસને પાને નોંધાયેલા છે. માનવીની ઈચ્છા મુજબ જગતમાં બધું બનતું નથી પણ સર્વેશ્વરની ઈચ્છાશક્તિ મુજબ જીવનની ઘટનાઓનું નિર્માણ થાય છે. માનવીના ભાવિ મુજબ બધું જ બન્યા કરે છે. માનવજીવમાં થનાર ઘટમાળાનો નિર્દેશ ગ્રહો ઉપરથી થાય છે.

પૂર્વે આપણા પવિત્ર ઋષિ-મુનિઓએ જ્યારે જ્યોતિષશાસ્ત્રની રચના કરી ત્યારે રાજાશાહી યુગ હતો. અત્યારનો પરિવર્તનશીલ સમાજ ન હતો. ધંધા રોજગારની પ્રવૃત્તિઓ પણ મર્યાદિત હતી જ્યારે વર્તમાનયુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ થતાં ધંધા રોજગારનાં ક્ષેત્રો વિશાળ અને વિપુલ થયાં. પહેલાંના યુગમાં ધન-સંપત્તિને ચોર, લૂંટારા, બહારવટિયા અને શત્રુ રાજાઓના હુમલાથી રક્ષિત કરવા માટે ભૂગર્ભમાં પણ દાટવામાં આવતી. જે જે ધનસંપત્તિ કાળે કરીને જેના ભાગ્યમાં હોય તેને ખોદકામ કરતાં પ્રાપ્ત થયાના દાખલ નોંધાયા છે તો કોઈને ગામ, ગરાસ, જાગીર, ધનસંપત્તિ, ઈનામ, બક્ષીસ વગેરેથી પણ પ્રાપ્ત થતી જેની પાછળ નસીબ, ભાવિ દૈવયોગનું કારણ મનાતું. આજે પણ ઈનામ, બક્ષિસ, ભેટ, વારસા, જુગાર, રેસ, લોટરીથી પણ ભાગ્યબળે માનવીને અણધારી ધનસંપત્તિ પ્રાપ્ત થાય છે. અત્યારે દેશમાં લગભગ દરેક રાજ્યની લોટરીની ટિકિટો બહાર પડે છે અને કરોડો માનવી પણ લોટરીની ટિકિટો ખરીદે છે. ધનપતિઓ કાળાં નાણાંને સફેદ કરવા માટે અને ગરીબ મધ્યમ વર્ગનો માણસ લક્ષાધિપતિ થવાની લાલચે પણ લોટરી ટિકિટો ખરીદે છે. લોટરીમાં સામાન્ય રકમથી માંડીને કરોડો રૂપિયાનાં ઈનામો હોય છે. જેમનું પ્રારબ્ધ બળવાન હોય તેવી વ્યક્તિઓને મોટાં ઈનામો લાગે છે અને મોટા ભાગના લોકો ઈનામોથી વંચિત રહે છે. વ્યક્તિને અકસ્માત ધન-સંપત્તિની પ્રાપ્તિ કયા યોગોને આધારે થાય છે તે વિચારીએ.

જન્મકુંડળીમાં બીજું સ્થાન ધનસ્થાન છે અને અગિયારમું લાભસ્થાન છે. બંને સ્થાન બળવાન હોતાં માનવીને ત્યાં લક્ષ્મીની છોળો ઊડે છે. પણ ધનસંપત્તિ પૂર્વાર્જિત સુકૃત્યો અનુસાર પ્રાપ્ત થાય છે. કુંડળીમાં પાંચમું સ્થાન ત્રિકોણસ્થાન અથવા લક્ષ્મીનું સ્થાન ગણાય છે, તેનાથી વગર મહેનતે પ્રાપ્ત થતા ધનનો - લક્ષ્મીનો નિર્દેશ મળે છે. તે સંચિત કર્મોનું સ્થાન છે. ગત જન્મનાં શુભકર્મોથી સુખ-સંપત્તિ પ્રાપ્ત થાય છે. ગત જન્મનાં સંચિતકર્મો કાળે કરીને પાકે અને ફળ આપવા તૈયાર થાય તે અનુસાર દેહ ધારણ કરવો પડે અને તે મુજબ સ્ત્રી, પુત્ર, પરિવાર, ધન-સંપત્તિ, ભોગો આવી મળે છે અને પ્રારબ્ધનું નિર્માણ થાય છે. પાંચમાં સ્થાનથી ઈનામ લોટરી, સટ્ટો, જુગાર, રેસ વગેરેનો નિર્દેશ મળે છે જ્યારે આઠમું સ્થાન મૃત્યુનું છે તે ગુપ્ત, દુર્ગનું પણ ગણાય છે. જેથી તે ગુપ્ત, ભૂગર્ભ, મરણથી વારસો, અણધાર્યો લાભ વગેરે સૂચવે છે પણ છેલ્લે મહત્વનું એ છે કે ધન-સંપત્તિ પ્રારબ્ધમાં હોય તો જ પ્રાપ્ત થાય છે. ભાગ્યશાળીઓને તો મહેનત વગર બધું પ્રાપ્ત થાય છે જે તે અંગે નવમાં ભાગ્ય ત્રિકોણસ્થાનનું પણ ખૂબ મહત્ત્વ છે જેથી બીજા, અગિયારમાં, પાંચમાં, આઠમાં અને નવમાં સ્થાનો તેના સ્વામીઓ અને તેમાં રહેલા ગ્રહો બળવાન હોતાં અકસ્માત ધનપ્રાપ્તિ શક્ય બને છે.

અકસ્માત ધન પ્રાપ્તિના યોગ

૧. ધનસ્થાન, લાભસ્થાન, પાંચમાં અને નવમા ભાગ્યસ્થાનનો કોઈ પણ પ્રકારે સંબંધ થયો હોય તો અકસ્માત ધનપ્રાપ્તિ થાય છે.

૨. બીજાં અને પાંચમા સ્થાન કે તેના સ્વામીઓની યુતિ, દૃષ્ટિ કે પરિવર્તનથી શુભસંબંધ થયો હોય તો

સંશોધન વિભાગ

પ્રભુકૃપાથી અકસ્માત ધનપ્રાપ્તિ થાય છે. લોટરી લાગે છે.

૩. લગ્નસ્થાન અને પાંચમા સ્થાનનો કોઈ પણ પ્રકારનો સંબંધ "મહારાજ યોગ"નું સર્જન કરે છે જેથી અણધાર્યો ધનલાભ થાય છે. ઈનામો લાગે છે. લોટરીથી પૈસા મળે છે.

૪. ચોથા અને પાંચમા સ્થાન વચ્ચે પરિવર્તનયોગ થયો હોય તોપણ લોટરી લાગે છે.

૫. પાંચમા, નવમાં કે અગિયારમા સ્થાનમાં રાહુ - કેતુ હોય તો લોટરી લાગે છે. કારણકે રાહુ અણધાર્યું ફળ પ્રદાન કરે છે અને ઓચિંતુ ભાગ્ય ખોલી નાખે છે પણ કુંડળીમાં બીજા ધનયોગ બળવાન જોઈએ.

૬. ધનેશ આઠમા સ્થાનમાં હોય તો ગુપ્ત ધનલાભ આપે છે. જમીનમાં દાટેલું ધન પ્રાપ્ત થાય છે. વારસો મળે છે.

૭. લગ્નેશ ધનેશના સંબંધથી અણધાર્યો ધનલાભ થાય છે અને પૈતૃક ધનસંપત્તિ પ્રાપ્ત થાય છે.

૮. ધનેશ લાભેશની યુતિ ચોથા સ્થાન. જમીન, જાગીર, મકાન તથા પાતાળનો નિર્દેશ કરે છે.

૯. પાંચમા અને સાતમા સ્થાનો કે તેના સ્વામીઓનો કોઈ પણ પ્રકારે સંબંધ થયો હોય તો સસરા તરફથી લક્ષ્મી મળે છે.

૧૦. છઠ્ઠા અને આઠમા, આઠમા અને નવમા, અગિયારમા અને બારમા સ્થાનના સ્વામીઓનું પરિવર્તન અણધાર્યો ધનલાભ આપે છે.

કુંડળી નં. ૧

લગ્ન	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૩	૮	૯	૧૧	૮	૪	૯	૧૧	૩

ઉપરની કુંડળી અત્યંત ભાગ્યશાળી અને નસીબદાર વ્યક્તિની છે. કુંડળીમાં અકસ્માત ધનપ્રાપ્તિના યોગો સ્પષ્ટ છે.

૧. લાભેશ સૂર્ય અને ભાગ્યેશ બુધની ધનસ્થાને યુતિ છે.

૨. પંચમેશ શનિ પાંચમે સ્વગૃહી છે અને તેની

લાભસ્થાને સાતમી પૂર્ણ દૃષ્ટિ છે તથા ધનસ્થાને ભાગ્યેશ બુધ અને લાભેશ સૂર્ય ઉપર પણ દસમી પૂર્ણ દૃષ્ટિ છે.

૩. ચોથું સ્થાન જનતાનું પણ છે અને પાંચમું સ્થાન ચોથા સ્થાનનું ધનસ્થાન છે. લોટરીથી પ્રાપ્ત થતી રકમનાં નાણાં જનતાનાં ધનસ્થાન હોય છે. કુંડળીમાં ચતુર્થેશ શનિ છે અને પાંચમા લોટરી સ્થાને સ્વગૃહી છે.

૪. ભાગ્યસ્થાને રાહુ છે જે અચાનક ભાગ્યપલટો કરાવે છે.

૫. દસમે રહેલા ભાગ્યકારક · ગુરુની ભાગ્યેશ-લાભેશ ઉપર ધનસ્થાને પાંચમી પૂર્ણ દૃષ્ટિ છે. ઉપરોક્ત યોગોને લીધે કરોડ રૂપિયાનું ઇનામ લોટરીમાં પ્રાપ્ત થયું.

કુંડળી નં. ૨

લગ્ન	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૯	૧૧	૧૧	૧૧	૧૦	૯	૧૦	૫	૧.

ગુજરાત વિદ્યુત બોર્ડની કચેરીમાં નોકરી કરતા કર્મચારીભાઇની કુંડળી છે. ગત વર્ષોમાં ગુર્જરલક્ષ્મી લોટરીમાં એકવીસી લાખનું માતબર ઇનામ પ્રાપ્ત થયું.

૧. પાંચમા લોટરી સ્થાનનો સ્વામી મંગળ અને ભાગ્યસ્થાનના સ્વામી સૂર્યની ત્રીજા સ્થાને યુતિ છે અને ભાગ્યસ્થાને પંચમેશ ભાગ્યેશની દૃષ્ટિ છે.

૨. ધનેશ શનિ ભાગ્યસ્થાને સ્થિત છે જે ભાગ્યબળે ધનપ્રાપ્તિ સૂચવે છે. ધનેશ શનિની ભાગ્યેશ સૂર્ય અને પંચમેશ · મંગળ ઉપર પૂર્ણ દૃષ્ટિ છે. લાભસ્થાને પણ ધનેશ શનિની ત્રીજી પૂર્ણ દૃષ્ટિ છે.

૩. લાભેશ શુક્ર ધનસ્થાને સ્થિત છે.

૪. ભાગ્યકારક સ્વગૃહી લગ્નેશ ગુરુની પાંચમા અને નવમા ભાગ્યસ્થાને પૂર્ણ દૃષ્ટિ છે.

૫. પાંચમા સ્થાને નવમા, બીજા અને અગિયારમાં સ્થાનનો સંબંધ થતાં અણધાર્યો ભાગ્ય પલટો થતાં નસીબના બળે લાખ્ખોનું ઇનામ લોટરીમાં પ્રાપ્ત થયું.

કુંડળી નં. ૩

લગ્ન	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૩	૬	૧૨	૪	૭	૮	૬	૪	૨

ઉપરની કુંડળી ભાગ્યબળે પંદર લાખ રૂપિયાનું ઇનામ લોટરીમાં પ્રાપ્ત કરનાર વ્યક્તિની છે.

૧. પાંચમા લક્ષ્મીસ્થાનનો સ્વામી શુક્ર ચોથા સ્થાનમાં છે અને ચતુર્થેશ બુધ પાંચમા સ્થાનમાં છે. સ્થાનપરિવર્તન યોગ થયો છે.

૨. ભાગ્યેશ શનિ અને લાભેશ મંગળની ધનસ્થાનમાં યુતિ છે.

૩. ધનેશ ચંદ્ર અને પંચમેશ શુક્ર વચ્ચે પરસ્પર દૃષ્ટિસંબંધ છે.

૪. દસમે રહેલા ધનેશ ચંદ્ર ઉપર ભાગ્યકારક ગુરુની પાંચમી પૂર્ણ દૃષ્ટિ છે.

જેથી અકસ્માત ધનપ્રાપ્તિના બળવાન યોગોને લીધે લોટરીમાં પ્રથમ ઇનામ પ્રાપ્ત થયેલ.

કુંડળી નં. ૪

લગ્ન	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૩	૧૨	૮	૧૦	૧૨	૧૧	૧૨	૧૨	૧૦

ઉપરની કુંડળી સ્વ. વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇન્સ્ટાઇનની છે. કુંડળીમાં નીચેના યોગો સ્પષ્ટ છે.

૧. પાંચમું સ્થાન વિદ્યાનું છે તે સ્કોલરશિપ, ઇનામનો પણ નિર્દેશ કરે છે. પાંચમાના સ્વામી શુક્ર અને લગ્નસ્થાનના સ્વામી બુધની દસમા કર્મસ્થાને યુતિ છે.

૨. કર્મેશ ગુરુ અને ભાગ્યેશ શનિ વચ્ચે પરિવર્તનયોગ થયો છે. પરિવર્તન કરનાર અને તેની સાથેના ગ્રહો ઉચ્ચનું બળ મેળવે છે.

૩. લગ્નસ્થાને અને પાંચમા સ્થાને ભાગ્યે રહેલા ગુરુની પૂર્ણ દૃષ્ટિ છે.

ધનેશ છઠ્ઠે અને લાભેશ આઠમે છે તથા દસમે રહેલો ભાગ્યેશ શનિ અષ્ટમેશ પણ છે અને પંચમેશ શુક્ર વ્યયેશ પણ છે જેથી ઘણી મુશ્કેલીઓ વેઠી ભૌતિકશાસ્ત્રમાં સિદ્ધિ હાંસલ કરી વૈજ્ઞાનિક શોધખોળ માટે વિશિષ્ટ કાર્ય કરવા બદલ જગતનું શ્રેષ્ઠ "નોબલ પ્રાઇઝ" માતબર રકમનું પ્રાપ્ત કરેલ.

કુંડળી નં. ૫

લગ્ન	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૧૨	૧	૧૨	૩	૧	૪	૧	૫	૯

ઉપરની કુંડળી વિશ્વ પ્રસિદ્ધ સ્વ. કવિ રવીન્દ્રનાથ ટાગોરની છે. કુંડળીમાં નીચેના યોગો જણાઇ આવે છે.

૧. કુંડળીમાં પાંચમા લક્ષ્મીસ્થાનથી બૌદ્ધિક પ્રતિભા, કવિત્વશક્તિ, તે અંગે ઇનામોનો નિર્દેશ મળે છે. પાંચમા સ્થાનના સ્વામી ચંદ્ર અને લગ્નાધિપતિ ગુરુ વચ્ચે પરિવર્તન યોગ છે. ગુરુ-ચંદ્રના પરિવર્તન યોગ - મન હૃદયના સંમિશ્રણથી અલૌકિક કવિત્વશક્તિનું સર્જન થયું.

૨. પાંચમે રહેલા ગુરુની ભાગ્યસ્થાને અને લગ્નસ્થાને પોતાની રાશિ અને ચંદ્ર ઉપર દૃષ્ટિ છે.

૩. ધનેશ, ભાગ્યેશ મંગળ ચોથા સ્થાનમાં છે અને ચતુર્થેશ બુધ ધનસ્થાનમાં છે. મંગળ-બુધ વચ્ચે પરિવર્તન યોગ થયો છે.

ઉપરોક્ત યોગોને કારણે કવિવર રવીન્દ્રનાથ ટાગોરને "ગીતાંજલિ"ના શ્રેષ્ઠ સર્જન માટે વિખ્યાત "નોબલ પ્રાઇઝ" પ્રાપ્ત થયેલ.

કુંડળી નં. ૬

લગ્ન	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૩	૫	૧	૭	૫	૬	૬	૧૦	૧૧

ઉપરની કુંડળીવાળા જાતકને અકસ્માત ધનસંપત્તિનો લાભ થયો છે. કુંડળીમાં નીચેના યોગો છે.

૧. ધનેશ ચંદ્ર લાભસ્થાને છે અને લાભેશ મંગળ પાંચમા લોટરીના સ્થાનમાં છે અને તેની લાભસ્થાને ધનેશ ચંદ્ર પર દૃષ્ટિ છે. ધનેશ લાભેશ વચ્ચે પરસ્પર દૃષ્ટિસંબંધ છે.

૨. પાંચમે રહેલા લાભેશ મંગળ અને આઠમે રહેલા ભાગ્યેશ શનિ વચ્ચે પરસ્પર દૃષ્ટિસંબંધ છે જે અણધાર્યો લાભ સૂચવે છે.

૩. ભાગ્યેશ શનિ આઠમે સ્વગૃહી છે. આઠમું સ્થાન ભૂગર્ભ, ગુપ્ત ધનનો નિર્દેશ કરે છે અને આઠમે રહેલા શનિની ધનસ્થાને દૃષ્ટિ છે જેથી ગુપ્ત ધનલાભ થયેલ છે.

૪. ભાગ્યસ્થાનમાં રાહુ અચાનક ભાગ્ય ચમકાવે છે અને અણધાર્યો લાભ આપે છે.

પાંચમા, નવમા, બીજા અને અગિયારમા સ્થાનનો સંબંધ થતાં તથા આઠમે ભાગ્યેશ સ્વગૃહી હોતાં લોટરીથી તેમ જ અણધાર્યો ગુપ્ત ધનલાભ થયો છે.

કુંડળી નં. ૭

લગ્ન	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૯	૯	૫	૧૦	૯	૮	૧૦	૭	૧૦

ઉપરની કુંડળી રોમના બાદશાહ નીરોની છે. કુંડળીમાં નીચેના યોગો છે.

લગ્નેશ ગુરુ બારમા વ્યયસ્થાને છે અને અષ્ટમેશ ચંદ્ર ભાગ્યસ્થાને છે તેથી બાળપણ ગરીબાઇ અને કષ્ટપૂર્ણ ગયું. પરંતુ દત્તકપુત્ર તરીકે જતાં અચાનક રોમની ગાદી પ્રાપ્ત થઇ અને બાદશાહમાં ગણતરી થઇ. કારણકે કુંડળીમાં છઠ્ઠા અને અગિયારમા સ્થાનના સ્વામીઓનો રાહુ સાથે સંબંધ, બીજા કુટુંબ ધનસ્થાનમાં તેના સ્વામી સાથે થાય તો જાતક દત્તકપુત્ર તરીકે જાય છે. કુંડળીમાં છઠ્ઠા તથા અગિયારમાં સ્થાનનો સ્વામી શુક્ર-રાહુથી યુક્ત થઇને ધનસ્થાનમાં છે અને ધનેશ શનિ લાભસ્થાનમાં છે. બંને વચ્ચે સ્થાનપરિવર્તનનો સંબંધ છે જેથી બાદશાહને દત્તકપુત્ર તરીકે લેવામાં આવેલો અને પરિણામે ભાગ્યકૃપા વડે રાજગાદી અને ધનસંપત્તિની પ્રાપ્તિ થયેલી છે કારણકે ભાગ્યેશ સૂર્ય અને રાજયેશ બુધની દેહસ્થાને યુતિ છે અને તેના ઉપર લાભસ્થાને રહેલા ઉચ્ચના શનિની ત્રીજી પૂર્ણ દૃષ્ટિ છે. પાંચમા સ્થાનનો સ્વામી મંગળ ધનસ્થાને ઉચ્ચનો છે અને તેની ભાગ્યસ્થાને આઠમી પૂર્ણ દૃષ્ટિ છે. ધનેશ લાભેશ વચ્ચે પરિવર્તન છે, જે દૈવયોગે અકસ્માત ધનપ્રાપ્તિનું સૂચન કરે છે.

કુંડળી નં. ૮

લગ્ન	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૬	૧૦	૫	૨	૧૦	૪	૯	૪	૪

ઉપરની કુંડળી પિતા તરફથી મિલકત અને ધનસંપત્તિ પ્રાપ્ત કરનાર વ્યક્તિની છે. કુંડળીમાં નીચેના યોગ સ્પષ્ટ છે.

૧. પંચમેશ શનિ અને અષ્ટમેશ મંગળની ભાગ્યસ્થાને યુતિ છે. શનિ છઠ્ઠાનો પણ સ્વામી છે અને મંગળ આઠમા સ્થાનનો સ્વામી છે. છઠ્ઠા આઠમાનો સંબંધ અણધાર્યો ધનલાભ સૂચવે છે.

૨. પિતૃકારક સૂર્યની પાંચમા ત્રિકોણ લક્ષ્મીસ્થાને

(અનુસંધાન પાનું ૨૩૭)

પ્લુટો (યમ) ગ્રહ વિષે અભ્યાસ

સંશોધન વિભાગ

લેખક : શ્રી ચંદ્રકાન્ત પાઠક
૭૮, વૃંદાવન, બિલ્ડિંગ સી-૨, બીજે માળે, મુકુન્દ સોસાયટી, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૬.

આ નવા શોધાયેલા ગ્રહની સામાન્ય માહિતી, કારકત્વ. વિવિધ ગ્રહોની સાથે યુતિ, બારેય ભાવમાં તેની ફળશ્રુતિ વગેરેનો પરિચય લેખક અહીં કરાવે છે. પાશ્ચાત્ય દેશોમાં પણ આ પ્રકારે માહિતી ભેગી કરવામાં આવે છે જેથી જ્ઞાન મેળવવાની મૌલિક તક અહીં મળે તેમ જણાતું નથી. આમ છતાં વાંચક વર્ગને લેખ ગમશે

પૃથ્વીથી સૌથી દૂરનો ગ્રહ પ્લુટો ઇ. સ. ૧૯૩૦માં શોધાયો છે. આ મંદ ગતિનો શનિ-મંગળ જેવા ગુણધર્મો ધરાવતો પ્લુટો ગ્રહ એક રાશિમાં આશરે ૨૧ વર્ષ રહે છે. બાર રાશિઓ ફરી રહેતા ૨૪૮ વર્ષ લાગે છે. પ્લુટો વૃશ્ચિક રાશિમાં સ્વગૃહી થાય છે. વૃશ્ચિક તેની મૂળ ત્રિકોણ રાશિ છે. કુંભ રાશિમાં પ્લુટો ઊંચનો થાય છે. જ્યારે સિંહ રાશિમાં તે નીચેના થાય છે. વૃષભ રાશિમાં પ્લુટો નિર્બળ બને છે.

પ્લુટો ગ્રહ ગાંભીર્ય, ગુપ્તતા, અદૃશ્યશક્તિ તથા વિચિત્રતા સાથે સંકળાયેલ ગ્રહ છે. પ્લુટોનું આધિપત્ય જઠરાગ્નિ, પાચનરસ, પ્રજનન તંત્ર તથા અજાગૃત મન પર માનવામાં આવેલ છે. ઘણાં અસાધ્ય, ન ઓળખી શકાય તેવા દર્દ પ્લુટોને કારણે થાય છે.

મુત્સદ્દીઓ, ગુપ્તસંશોધન, નેતૃત્વ, પ્રસિદ્ધ સ્પોર્ટસમેન, બળવાખોર, વૈજ્ઞાનિકો, ગુપ્તમંડળો, કાવત્રાંબાજો, સમાજપરિવર્તન કરનારા સમાજસેવકો સી.આઇ.ડી. ખાતામાં ઇત્યાદિમાં પ્લુટો મહત્ત્વનો ભાગ ભજવે છે. ભારતના મહાન વૈજ્ઞાનિક સી.વી. રામનને ગુરુ-નેપ્ચ્યુનની ગુરુ પ્લુટો પ્રતિયોગ હતો. શ્રી રવીન્દ્રનાથ ટાગોરને સૂર્ય, શુક્ર પ્લુટોની યુતિ હતી જેથી તેઓ કવિ-લેખક બન્યા તથા નોબલ પારિતોષિક મળેલ જ્યારે જગદીશચંદ્ર બોઝને શનિ-પ્લુટો તથા મંગળ-પ્લુટો કેન્દ્ર યોગ હતો જેની શોધથી તેઓ વિજ્ઞાનજગતમાં સુવિખ્યાત બનેલ છે.

પ્લુટો શુભદૃષ્ટિમાં હોય તો વ્યક્તિમાં અદ્ભુત વિશ્લેષણશક્તિ હોય છે. ધાર્મિક તેમ જ સામાજિક નવનિર્માણ ક્ષેત્રે મહત્ત્વનું કાર્ય કરે છે. ધાર્મિક વલણ અપનાવે છે અને નોંધપાત્ર કીર્તિ મેળવે છે.

પ્લુટો અશુભ ગ્રહની અસરમાં હોય તો તે વ્યક્તિ આળસુ, વિકારી તથા વ્યસની હોય છે. ગુનાહિત કાર્યો કરે છે અને કાવત્રાંમાં સંડોવાય છે. પ્લુટોની મર્યાદાઓનો વિસ્તૃત અભ્યાસ પશ્ચિમના દેશોમાં થઇ રહ્યો છે. મેદનીય ભવિષ્યમાં પ્લુટો મહત્ત્વનો ભાગ ભજવે છે.

પશ્ચિમના જ્યોતિષીઓનું માનવું છે કે પ્લુટો લગ્ન, ધનભવન, આયુષ્યભવન, કર્મભવન તથા વ્યયભવનમાં શુભ ફળ આપે છે, જ્યારે ભ્રાતૃભવન, સુખભવન, સ્રીભવન, ભાગ્યભવન, લાભભવન પ્લુટો તટસ્થ પ્રકૃતિ બનાવે છે. ફક્ત પુત્રભવન, શત્રુભવનમાં પાંચમે-છઠ્ઠે પ્લુટો અશુભ ફળ આપે છે.

ચંદ્ર, ગુરુ, કેતુ, હર્ષલ અને નેપ્ચ્યુન પ્લુટો ગ્રહના મિત્ર ગ્રહો છે. સૂર્ય-શત્રુગ્રહ છે. મંગળ, બુધ, શુક્ર, શનિ, રાહુ સમ છે. મેષ રાશિ, કન્યા રાશિ, તુલા રાશિ, વૃશ્ચિક તથા કુંભ રાશિમાં પ્લુટો શુભ ફળ આપે છે. સિંહ રાશિમાં પ્લુટો અશુભ ફળ આપે છે.

(૧) સૂર્ય પ્લુટો :

સૂર્ય - પ્લુટો - ગ્રહની અશુભ યુતિ હોય તો પિતા માટે નુકસાનકારક, પિતા પર સંકટ આવે, અકસ્માત થાય કે નોકરીમાં અપયશ મળે, જન્મ પહેલા પિતાનું મૃત્યુ પણ થઇ શકે. પિતાના વ્યવસાયમાં દુઃખદાયી બનાવ બને.

સૂર્ય-પ્લુટોની શુભ યુતિ સંશોધન તથા અધ્યાત્મક્ષેત્રે પ્રગતિ કરવાથી, સારી એવી કીર્તિ સાંપડશે.

સૂર્ય-પ્લુટો પ્રતિયોગ- (સામસામા- ૧૮૦°) હોય તો પિતૃસુખમાં કમી તથા કીર્તિ મળતી નથી. સૂર્ય-પ્લુટો (૯૦°) કેન્દ્રયોગ અશુભ ફળ આપે છે. નોકરીમાં ગોટાળા તથા અપયશ મળે. શુભ સ્થાનમાં સૂર્ય-પ્લુટોની શુભ યુતિ હોય તો બૌધિક પ્રગતિ થાય છે. પિતાની આકસ્મિક ઉન્નતિ થાય છે અને જાતકને સરકારી કાર્યોમાં યશ સાંપડે છે. આવા જાતકમાં અહંમ - દંભ - આડંબર, ઘમંડ, અભિમાન તથા તોછડાઇ વિશેષ હોય છે.

(૨) ચંદ્ર-પ્લુટો :

ચંદ્ર-પ્લુટોના શુભ યોગથી જાતકમાં પ્રબળ ઇચ્છાશક્તિ, દૃઢ મનોબળ, ચિન્તનશીલ સ્વભાવ, તત્વજ્ઞાન પ્રત્યેનું વલણ, મંત્રતંત્ર શાસ્રનું જ્ઞાન, જાદૂની જાણકારી, અંતઃપ્રેરણા, લેખનશક્તિ, સ્ફૂર્તિલુ શરીર, ઉત્તમ કોટીની બુદ્ધિમત્તા, મોટી ઓળખાણો હોય છે.

ચંદ્રપ્લુટોની અશુભ અસરમાં માતાનું સુખ ઓછું અથવા તેની ગંભીર લાંબી બીમારી, માતાનું મૃત્યુ, માનસિક સંતાપ, પાણીની ઘાત, ભુતપ્રેતનો વળગાડ, સીઝેરિયન ઓપરેશનથી જાતકનો જન્મ થાય છે. માનસિક રોગ- મનમાં ઉદ્વેગ દર્શાવે છે. નબળું મનોબળ અને માનસિક ત્રાસની શક્યતા રહે છે.

(૩) મંગળ-પ્લુટો :

મંગળ-પ્લુટોની શુભ અસરથી વ્યક્તિ લશ્કર, પોલીસમાં અધિકારી બને છે. મોટી યોજના હાથ ધરી, સફળતા હાંસલ કરે છે. મકાન નિર્માણ-બિલ્ડિંગ બનાવવામાં સારું ધન મેળવે. વ્યક્તિ મહેનતુ, ખંતીલા, હિંમતવાન, સ્ફૂર્તિલા, કર્તવ્યપરાયણ અને સારી બુદ્ધિમત્તા વાળા હોય છે. સી.આઇ.ડી. ખાતા સાથે સંકળાય, જમીન ખોદકામ કરી ધન મેળવે. ભાઇઓની ઉન્નતિ થાય.

મંગળ-પ્લુટોની અશુભ યુતિ ભાઇનો અકસ્માત દર્શાવે છે. મિત્રો તરફથી ત્રાસ થાય, શસ્ર-અગ્નિ કે અકસ્માત બનવા પામે, લોહીવિકાર, બંધનયોગ, જીવનમાં દુઃખો આવતાં જ રહે. ઉપરથી પડવાનું બને, સરકારને દંડ આપવો પડે. મારામારીના ગુનામાં સંડોવાય આધુનિક વાહનથી અકસ્માત સર્જાય, ફ્રેક્ચર થાય હાડકાં ભાંગે, અકસ્માતથી ઇજા થવાનો સંભવ રહે.

(૪) ગુરુ-પ્લુટો :

ગુરુ-પ્લુટો શુભ અસરમાં હોય તો વ્યક્તિ સમાજમાં આગળ આવે છે. બુદ્ધિશાળી, કીર્તિવાન, ધર્મમાં નામના કાઢે. સારા સંતાન થાય, વ્યવસાયમાં સફળતા મેળવે છે. તત્વજ્ઞાન-શિક્ષણક્ષેત્રે પ્રગતિ સાધી શકે.

ગુરુ-પ્લુટોની અશુભ અસરમાં હોય તો સંતાનસુખમાં ખામી રહે છે. સંતાન મોડાં થાય, ગર્ભ પડી જાય, શિક્ષણ - વ્યવસાય - ધંધામાં ફાવે નહિ. અન્ય ધર્મ અંગીકાર કરે અથવા અન્ય ધર્મી સાથે નિકટ મૈત્રી, ધર્મસબંધી નવિન વિચારો ધરાવે, નવા સંપ્રદાય સાથે સંકળાય છે. સંતાનથી ત્રાસ થાય કે- સંતાનને માનસિક કે શારીરિક વ્યાધિ-ખામી હોય છે. પ્રતિયોગ - કેન્દ્રયોગ અશુભ ફળ આપે છે.

(૫) બુધ-પ્લુટો :

બુધ-પ્લુટોના શુભયોગ વિદ્યા સારી અપાવે છે. કાયદા, લખાણ તથા બૌદ્ધિક ધંધા સાથે સંકળાય છે. ચિંતનકાર, લેખક, તત્વજ્ઞાની, ગ્રંથાલય અધિકારી, સંશોધક, શિક્ષણશાસ્રી, ટ્રસ્ટી, નવા ઉદ્યોગોના પ્રમોટર, તીવ્રબુદ્ધિ તથા સારી માનસિકશક્તિ ખીલેલી હોય છે. વાકછટાથી સામી વ્યક્તિને આંજી દે છે.

બુધ-પ્લુટોનો અશુભ યોગ વ્યક્તિને શિક્ષણમાં રુકાવટ લાવે છે. વાણીમાં દોષ ઉદ્ભવે છે. ટીકાખોર

સ્વભાવ, અપકીર્તિ મળે. ખોટા લખાણોથી સંકટ આવે. મોસાળમાં વિચિત્ર બનાવો બને. ચામડીનાં દર્દો થાય.

(૬) શુક્ર-પ્લુટો :

શુક્ર-પ્લુટોની શુભ અસર- કલાપ્રેમી, કવિ, લેખક, કલાકાર, સંગીતકાર, સ્ત્રીઓની સંસ્થા સાથે સંકળાય છે. સુખી લગ્નજીવન સાંપડે છે.

શુક્ર-પ્લુટોની અશુભ અસર- જીવનસાથીને લાંબી બીમારી આપે છે. પતિ-પત્નીની ઉંમર વચ્ચે વધુ તફાવત હોય, લગ્ન બાદ અશુભ ઘટના બનવા પામે છે. ગુપ્તરોગ, અપયશ, દ્વિભાર્યા યોગ, છુટાછેડા, પત્ની સાથે અણબનાવ, જીવનસાથીનો વિચિત્ર સ્વભાવ, લગ્ન કર્યા વગર રહેવા વિચારે, જાતિયવૃત્તિમાં ઓટ લાવે છે- દુ:ખી લગ્નજીવન, સ્ત્રીનો વિયોગ, મુત્રાશયનાં દર્દો, પરસ્ત્રીનો સબંધ થવા સંભવ રહે છે.

(૭) શનિ-પ્લુટો :

શનિ-પ્લુટોના શુભ યોગથી વ્યક્તિની આર્થિક સ્થિતિ ખૂબ જ સારી રહે છે. કારખાનાં - ઉદ્યોગમાંથી વિપુલ ધન મળે છે. સરકારી ચળવળથી લાભ મળે. સંસ્થાઓમાં ઉચ્ચ સ્થાન મળે. રસાયણશાસ્ત્ર, ધાતુશાસ્ત્ર, તત્વજ્ઞાન, સંશોધન, મજૂરીપ્રધાન વ્યવસાયથી ધનલાભ મળે. જીવનમાં સફળતા અપાવે છે.

શનિ-પ્લુટોના અશુભ યોગ- સંઘર્ષમય જીવન જીવવું પડે. આર્થિક હાનિ, સંધીવા, કેન્સર જેવા દર્દ- લાંબી બીમારી આપે, જેલના યોગો સર્જાય, કુટુંબમાં કલેશ થાય, સંસર્ગજન્ય રોગ થાય, રાજકીય બંધન થાય, વૃક્ષ કે જૂની વસ્તુ શરીર પર પડવાથી અકસ્માત સર્જાય, વાયુવિકાર થાય. જીવનમાં દુખ આવ્યા જ કરે.

પ્લુટો ભાવની શરૂઆતમાં પાપગ્રહની સાથે અંશાત્મક યુતિ પ્રતિયોગ કે કેન્દ્ર યોગ તથા અન્ય પાપગ્રહની દ્રષ્ટિથી પીડિત - અશુભ સમજવું શુભ ગ્રહની સાથે અંશાત્મક યુતિ ત્રિકોણ કે લાભયોગમાં શુભ સમજશો.

પ્લુટો ગ્રહનું બાર સ્થાનોમાં ફળ :

(૧) લગ્નમાં પ્લુટો :

નમ્રતા આપે છે. ધાર્મિક વલણ તથા સામાજિક કાર્યોમાં દિલચસ્પી આપે છે. ધીરજવાન, પોતાના વિચારો બીજાને સમજાવી શકનાર તથા હિંમતવાન હોય છે.

પરંતુ મિથુન, કન્યા ધન, મીન જેવી દ્વિસ્વભાવ રાશિમાં પ્લુટો હોય અને હર્ષલ/મંગળની પાપદૃષ્ટિમાં હોય તો અકસ્માતથી હાથ-પગ પર ઇજા થાય છે. મિથુન-ધન રાશિમાં પ્લુટો હોય અને શનિની દૃષ્ટિ હોય તો આંખોનું તેજ ઘટાડે અથવા લકવાની શક્યતા રહે છે. પ્લુટો લગ્નમાં હોય અને પાપગ્રહની અસરમાં હોય તો નાનપણમાં માતાને કષ્ટ થાય છે. મંગળ-શનિની અસરથી ઉપરથી પડવાનું, અગ્નિથી દાઝવું કે અન્ય અકસ્માત સર્જાય છે. સૂર્ય સાથે અશુભ યોગ હોય તો પિતૃસુખમાં ન્યુનતા રહે છે.

(૨) ધનભવનમાં બીજે પ્લુટો :

આ સ્થાનમાં પ્લુટો શુભ ગ્રહોની અસરથી જાતકને ધનવાન, સુખી, સાહસિક, શેર સટ્ટાથી ધનલાભ, એકદમ આકસ્મિક લાભ અપાવે છે. લોટરી, વારસો, ઘોડા દોડ, વ.માંથી ઓચિંતો લાભ મળી શકે છે. કળા-કૌશલ્યથી ધન મેળવે છે.

પરંતુ બીજે પ્લુટો અશુભ યોગમાં હોય તો ધનની બાબત ચઢતી પડતી દર્શાવે છે. વાણીદોષ કે નેત્રદોષ થાય, ઘરમાં ભુતપ્રેતનો વાસ હોય. ઘરમાં દૈવીકોપથી દર પાંચ વર્ષે એક મૃત્યુ થાય. નાણાકીય બાબતમાં અવ્યવસ્થા, બોલવાનું ભાન ન રહે, નાણાકીય તંગીનો સામનો કરવો પડે.

(૩) ભાતૃભવનમાં ત્રીજે પ્લુટો :

આ સ્થાનમાં પ્લુટો શુભ અસરમાં વ્યક્તિને બુદ્ધિશાળી, વિદ્યાપ્રેમી, જ્ઞાની, કર્તવ્યપરાયણ માનવપરીક્ષક, બાંધકામ ક્ષેત્રે જાણકારી- આર્કિટેક્ટ, શાસ્ત્રીયજ્ઞાન ધરાવનાર, નોંધપાત્ર સમજણશક્તિ, અનેક વિષયોની જાણકરી ધરાવનાર હોય છે.

અશુભ અસરમાં આ સ્થાનમાં પ્લુટો બહેરાશ, કુટુંબકલેશ, બોલવા તથા વર્તનમાં વિરોધાભાસ દેખાય છે. ભાઇ-બહેનોનું સુખ ઓછું. ભાઈને અકસ્માત તથા બહેનને પ્રસૂતિમાં સીઝેરિયન ઓપરેશન કે મૃત્યુ થવા સંભવ રહે છે.

(૪) સુખસ્થાનમાં ચોથે પ્લુટો

ગુરૂ - શુક્રની શુભ દૃષ્ટિ હોય તો આ સ્થાનમાં પ્લુટો સુખ, સ્થાવર મિલકત, જમીન-ખેતી, વાહનસુખ તથા માતૃસુખ મેળવી શકે છે. ગુઢ જ્ઞાનની જાણકારી મેળવે છે. સમાજસેવક તરીકે યશ મળે છે. ચોથે પ્લુટો પાપગ્રહથી અશુભ બનતો હોય તો જાતકને જીવનમાં સુખ સગવડની ખામી જણાય છે. જીવનના અંત સમયે દિવસો ખૂબ જ ખરાબ જાય છે. અશુભ પ્લુટો આ સ્થાનમાં સંસર્ગજન્ય રોગ ઉત્પન્ન કરાવે છે. દરેક પેઢીમાં આત્મહત્યા કે અકસ્માતથી ઘરમાં અવસાન થતાં રહે છે. વૃદ્ધાવસ્થા સારી ન જાય તેથી આગળથી કાળજી લેવી જરૂરી છે.

(૫) પુત્રભવનમાં પ્લુટો પાંચમે :

શુભ ગ્રહની દૃષ્ટિ હોય તો સટ્ટા, સાહસ લોટરીથી આકસ્મિક ધન સાંપડે છે. વિશાળ શિક્ષણસંસ્થા સાથે સંકળાય, પ્રયોગશાળામાં શોધખોળ કરે, નવા ધર્મ સંપ્રદાયનો પ્રચાર કરે, આકસ્મિક ધનલાભ સાંપડે, માંત્રિક, તત્વજ્ઞાની, ધર્મપ્રચારક, ગુઢ જ્ઞાન ધરાવનાર હોય છે. જાતક સાહસિક કાર્યકુશળ, સત્તાપ્રેમી, ભૌતિક સુખો ભોગવનાર હોય છે તથા સંતાનો વિશિષ્ટ શક્તિ ધરાવે. પરંતુ અશુભ યોગમાં પ્લુટો સંતાન સુખમાં કમી લાવે છે. ભાવના અને વિકારોમાં અતિરેકથી જીવનમાં દુ:ખ દુ:ખ જ દેખાશે. સંતાન અથવા પિતાનું મૃત્યુ થાય, દૈવીપ્રકોપ, યાદશક્તિ નાશ પામે છે. સંતાનો અપકીર્તિ અપાવે- સમાજમાં નીચા જોવા જેવું થાય.

(૬) શત્રુભવનમાં છઠ્ઠે પ્લુટો :

શુભ યોગમાં જાતક પોતાના હાથ નીચેના માણસો પાસેથી કામ લેવામાં કુશળ હોય છે. સારા વ્યવસ્થાપક, ઉત્તમ સંચાલન શક્તિવાળા, વ્યવસ્થાકુશળ, સદ્‌ગુણી, સેવાધારી હોય છે. લોકો માટે કરી છૂટનાર, સમાજના પુનરુત્થાન કાર્યમાં યશ ન મળે તોપણ કાર્ય કરે છે. અશુભ યોગમાં પ્લુટો વ્યક્તિને બડાઇખોર, પોતાના વખાણ કરનાર બનાવે છે તથા ચાલીસ-બેતાલીસ વર્ષ બાદ કેન્સર, ચામડીનાં દર્દ અલ્સર, સંધીવા, મુત્રાશયના દર્દ વિ. દર્દ કાયમનું બની રહે છે. નોકરીમાં ઓચિંતો ગોટાળો, [illegible] આવે, બંધનયોગનો સંભવ, મોસાળમાં કોઈ [illegible] રહે કે મોસાળ સુખમાં કમી કરાવે.

(૭) સ્ત્રીભવનમાં સાતમે પ્લુટો :

શુભ યોગમાં આ સ્થાનમાં પ્લુટો પરદેશ[illegible] કરાવે છે. પરદેશમાં કાયમી વસવાટ કરાવે [illegible] જન્મસ્થળથી દૂર ભાગ્યોદય થાય. સ્ત્રીથી ધનલાભ [illegible] કે વારસો મળે.

સાતમે પ્લુટો લગ્નજીવનમાં વિસંવાદિતા ઊભી [illegible] છે. ભાગીદારી માટે ખૂબ કાળજી રાખવી. ભાગી[illegible] છેતરપિંડી- દગો દેશે. અયોગ્ય જીવનસાથી [illegible] પત્નીને લાંબી બીમારી આપે છે. પત્ની આપ[illegible] વલણ ધરાવે. મૂત્રાશયના વિકાર, લગ્નજીવનમાં [illegible] રહે, સામાજિક નિયમો નેવે મૂકી જીવન [illegible] જાહેરજીવનમાં અપકીર્તિ મળે. પુરુષની કુંડળી[illegible] પ્લુટોથી ચોથે ચંદ્ર તથા સ્ત્રીની કુંડળીમાં પ્લુટોથી [illegible] સૂર્ય હોય તો વેવિશાળ ફોક થાય અથવા દુ:[illegible] લગ્નજીવન જીવવું પડે. નિરાશામય લગ્નજીવ[illegible] સંસારમાં ઊઝરડા પડી જાય. જીવનસાથી [illegible] ભાગીદાર દગો દેશે. સામાજિક, નાણાકીય, ધંધા[illegible] કે નીતિ માટે નીચા જોવા જેવું થાય- કોર્ટ[illegible] પગથિયાં ચડવા પડે.

(૮) મૃત્યુભવનમાં આઠમે પ્લુટો :

શુભ અસરમાં આઠમે પ્લુટો અધ્યાત્મિકક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરાવે છે. યશકીર્તિ સાંપડે. વીલ-વારસાથી અણધાર્યો ધનલાભ મળે છે. રાજયોગી, હઠયોગી બને, વૈરાગ્ય આવે, જીવનમાં ઓચિંતું ધન મળે છે. ગુઢ શાસ્ત્ર - ગૂઢ કાર્યોમાં સફળતા મેળવે છે. ગુપ્તધન. મળે છે. મરણ બા[illegible] સન્માન મળે છે. આઠમે પ્લુટો અશુભ બનતો હોય તો પિતૃધનનો નાશ થાય છે. અકસ્માતથી મૃત્યુ થાય, પાણીમાં ડૂબવાનો ભય રહે, વ્યક્તિ ઉડાવ, નાદારી નોંધાવે, આર્થિક હાની થાય. અકુદરતી મૃત્યુ થાય.

(૯) ભાગ્યભવનમાં નવમે પ્લુટો :

આ સ્થાનમાં શુભ યોગમાં પ્લુટો વિશાળ હૃદયી, ગરીબાઇની રેખા નીચેના માણસોને આર્થિક રીતે સધ્ધર બનાવે, પરદેશગમનના યોગ બને, પરદેશમાં

(અનુસંધાન ૨૭૧ પાને)

મેદનીય ફળાદેશમાં શનિ ગ્રહનું મહત્ત્વ

લેખક : શ્રી અંબારામ દામોદરદાસ પટેલ

સેક્ટર-૨૪, ટેનામેન્ટ-૬૪૬, એમ.આઈ.જી. સ્કીમ, ગુ. હાઉસિંગ બોર્ડ, ગાંધીનગર.

મેદનીય શાખા જ્યોતિષશાસ્ત્રમાં એક વિશિષ્ટ પ્રકારની ભૂમિકા ભજવે છે, જેમાં માનવહિતને વધુ મહત્ત્વ અપાય છે. ભૂકંપ, લડાઈ કે કુદરતી પ્રકોપ કેમ થાય છે એ માટે શનિ ખાસ કરીને મંદ ગતિ ગ્રહો સાથે યુતિમાં શું ફળ આપશે એ જણાવી લેખકે કેટલાક મુદ્દાઓની ચર્ચા અહીં કરી છે.

ફળજ્યોતિષશાસ્ત્રમાં શનિને પાપ ગ્રહ તરીકે ઓળખવામાં આવે છે. જ્યોતિષશાસ્ત્રમાં અન્ય ગ્રહો સૂર્ય, મંગળ, રાહુ, કેતુ આદિની ગણના પણ પાપ ગ્રહ તરીકે થાય છે. બુધ પણ પાપ ગ્રહથી યુક્ત હોતા ક્રૂર ગણેલ છે. નવા શોધાયેલા ગ્રહો હર્ષલ, નેપ્ચ્યુન, પ્લુટો વ.ને પણ તેના ગુણધર્મો પ્રમાણે પાપ ગ્રહ જેવા ગણેલ છે. જોકે જ્યોતિષશાસ્ત્રના નિયમો મુજબ કોઇ પણ ગ્રહ સંપૂર્ણપણે શુભ કે અશુભ થતો નથી. પરંતુ તેની મૂલવણી ગ્રહના બળ-આધારિત થતી હોય છે.

જ્યોતિષીઓ યાત્રા કે મુસાફરીના આરંભ સમયે ગોરખનાથના કોઠામાં જુએ છે કે યાત્રા લાભદાયી નીવડશે કે કેમ ? વૈષ્ણવ સંપ્રદાયમાં પણ તેની મહત્તા વિશેષ જોવા મળે છે. પરંતુ આની મહત્તતા શા માટે રહેલી છે તેનો વિચાર બહુ ઓછા વિદ્વાનોએ કર્યો છે.

આપણે જાણીએ છીએ કે સ્વરોદયશાસ્ત્ર અતિ પ્રાચીન શાસ્ત્ર છે. તેના પ્રણેતા ભગવાન શિવજી મનાય છે. વળી સ્વરોદયશાસ્ત્રને જ્યોતિષ અને યોગવિદ્યા સાથે ગાઢ સંબંધ હોવાથી હિન્દુસ્તાનના દરેક ધર્મસ્થાપકો અને પ્રચારકો સ્વરોદયશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કરતા હતા. આપણા દેશમાં એવી માન્યતા પ્રવર્તમાન હતી કે યોગવિદ્યાના દરેક અભ્યાસીએ સ્વરોદયશાસ્ત્રનો અભ્યાસ કરવો જ જોઈએ. આથી જ કબીર સાહેબ, જૈનાચાર્ય, રાજયોગી - હઠયોગી પુરુષો વગેરે મહાનુભાવોએ આ વિષય ઉપર સાહિત્ય સર્જન કર્યું છે.

પ્રાચીન જ્યોતિષ વિશારદો પણ સ્વરોદયશાસ્ત્રના અભ્યાસ વગરના જ્યોતિષના અભ્યાસને અપૂર્ણ માનતા. પરિણામે નરપતિ જયચર્યા, સમયસાર વગેરે ગ્રંથોએ આ વિષયને પૂરતો ન્યાય આપ્યો છે. સ્વરોદયશાસ્ત્ર એ માનવદેહના બંધારણ તેમ જ તેમાં છુપાયેલ તત્ત્વોને શોધવા જતાં ઉત્પન્ન થયેલું શાસ્ત્ર છે.

માનવશરીરમાં રહેલા પંચ મહાભુતોમાંથી કયા સમયે કયું તત્ત્વ વિશેષ કાર્યશીલ હોય છે અને એ તત્ત્વમાંથી પેદા થતી શક્તિઓનો સદ્ઉપયોગ કેમ કરવો એ જ સ્વરવિજ્ઞાનનો મુખ્ય ઉદ્દેશ છે. આ તત્ત્વની પિછાણ માટે શ્વાસ - ઉચ્છ્વાસનું નિરીક્ષણ પ્રારંભિક મનાયું છે. આ શ્વાસોચ્છ્વાસ ક્યારેક જમણા તો ક્યારેક ડાબા નસકોરાંમાંથી ચાલે છે.

સ્વરવિજ્ઞાનની ભાષામાં જમણા તેમ જ ડાબા નસકોરાંમાંથી ચાલતા શ્વાસોચ્છ્વાસને અનુક્રમે પિંગળા અને ઇંડા નાડી કહે છે. એક સાથે બંને નસકોરાંમાંથી શ્વાસોચ્છ્વાસ ચાલતો હોય ત્યારે સુષુમણા નાડી ચાલે છે તેમ કહેવાય. માનવશરીરમાં

પિંગળા, ઇડા અને સુષુમણા નાડી વખતે અનુક્રમે અગ્નિ, જળ અને આકાશ તત્ત્વ વધુ ક્રિયાશીલ હોય છે.

સ્વરવિજ્ઞાનનો આદેશ છે કે શરીરમાં અગ્નિ તત્ત્વ વિશેષ કાર્યરત હોય ત્યારે સાહસિક કાર્યો કરવા. કારણકે સાહસિક કાર્યો જોમ - જુસ્સા વિના સારી રીતે સફળ થતાં નથી અને જોમ - જુસ્સો લાવવાનું કામ શરીરમાં અગ્નિતત્ત્વ કરે છે. આમ અગ્નિતત્ત્વનું પ્રાધાન્ય પિંગળા નાડી (જમણા શ્વાસોચ્છ્વાસ) દ્વારા જાણી શકાય છે.

શાંત, સ્થિર અને કાયમી કાર્યો કરવાં હોય ત્યારે ઇડા નાડી (ડાબા શ્વાસોચ્છ્વાસ)નો ઉપયોગ કરવો. ઇડા નાડી સમયે માનવીમાં શાંત અને સ્થિર બુદ્ધિ ઉત્પન્ન થાય છે. આ અંગેની વિશદ્ છણાવટ સ્વરવિજ્ઞાનના ગ્રંથોમાં જોવા મળે છે.

પિંગળા નાડીમાં કરવાના કાર્યો : ક્રૂર કાર્યો, શત્રુઓ સાથે યુદ્ધ, પર્વતારોહણ, મજૂરી, સખત મહેનતના કામ, વ્યાયામ, ઘોડેસવારી (વાહન ચલાવવું), ભોજન ઉપર તૂટી પડવું, દરિયાઇ સફર, મજબૂત મનોબળની જરૂર હોય તેવાં કાર્યો પિંગળા નાડી દરમિયાન કરવાં જોઇએ. પિંગળા એ સૂર્યની નાડી ગણાય છે.

ઇડા નાડીમાં કરવાના કાર્યો: મંદિર, ધર્મશાળા, તળાવ-કૂવા જેવા જળાશયો અને સ્મારક સ્તંભોનું બાંધકામ, સૌમ્ય દેવતાઓના મંત્ર-જાપ, વિદ્યારંભ, શાંત પશુઓ ઉપરની સવારી, આનંદ-પ્રમોદ જ કરવાનો હોય તેવી સાહસ વિનાની મુસાફરી, ઉજાણી, કાપડ-આભૂષણોની ખરીદી, અનાજનો સંગ્રહ, ગુરુજનો અને વિદ્વાનોની મુલાકાત, કાળવિજ્ઞાનનો અભ્યાસ, શોક-ક્રોધ કે ઉદ્વેગ ઉપર જીત મેળવવાનો પ્રયત્ન વગેરે કાર્યો ઇડા નાડી દરમિયાન કરવાં. ઇડા એ ચંદ્રની નાડી ગણાય છે.

સુષુમણા નાડીમાં કરવાના કાર્યો : આ સમય આકાશતત્ત્વનું પ્રાધાન્ય હોવાથી પ્રભુ ભજન, યોગવિદ્યા, ધ્યાન - સમાધિ, તત્ત્વજ્ઞાન જેવા વિષયનો અભ્યાસ વગેરે પ્રવૃત્તિઓ કરવાથી જલદી સફળતા મળે છે. આ નાડી દરમિયાન સંસારી કાર્યો કરવાથી નિષ્ફળતા મળે છે.

પ્રાચીન જ્યોતિષ વિશારદોએ કયા સમયે કઇ નાડી ચાલે છે તે સૂક્ષ્મ ગણતરી દ્વારા શોધી કાઢયું છે. આથી જ યોગી પુરુષો પોતાની યોગવિદ્યામાં જ્યોતિષશાસ્ત્રના એ સત્યોને માન્ય રાખે છે.

પ્રાચીન સમયમાં ઝડપી વાહનોનો અભાવ, રસ્તામાં જાનમાલની બિનસલામતી, જંગલી પશુઓનો ભય વગેરે બાબતોને લીધે મુસાફરીને સાહસિક કાર્ય માનતાં હતાં.

આજના યુગમાં એવી મુશ્કેલીઓ નથી. તેમ છતાં બીજા પ્રકારની મુશ્કેલીઓ જેવી કે વાહન અકસ્માત, વાહનનું બગડવું, જાનમાલની લૂંટ, અપહરણ, બળાત્કાર વગેરેથી આપણે આજે પણ સાવ મુક્ત ન હોવાથી મુસાફરી એ પિંગળા નાડી દરમિયાન કરવાનું કાર્ય છે. તેથી ગોરખનાથના કોઠામાં પિંગળા તથા ઇડા નાડી કયા માસમાં કઇ તિથિમાં કયા સમયે કુદરતી રીતે આવે છે તેનો સંપૂર્ણ વિચાર કરવામાં આવ્યો છે. આ કોષ્ટક કોઇ પ્રાચીન સ્વરોદયશાસ્ત્રીએ બનાવ્યું છે. હિન્દુસ્તાનમાં યોગવિદ્યાના વધુ નિષ્ણાત ગોરખનાથ ગણાય છે, તેથી લોકોમાં તે ગોરખનાથના કોઠા તરીકે વિખ્યાત છે. તેની રચના વગેરે જોતા ઇતિહાસકારો માને છે કે તે આજથી હજારેક વર્ષ પહેલાં કોઇએ બનાવ્યો છે.

ભારતીય જ્યોતિષ વિશારદો જણાવે છે કે પિંગળા નાડી દક્ષિણાયન (અષાઢથી માગસર સુધીના છ માસ)માં કૃષ્ણ પક્ષમાં રાત્રિ દરમિયાન વધુ ચાલે છે. માટે ક્રૂર તથા સાહસિક કાર્યો દક્ષિણાયન, કૃષ્ણ પક્ષ તથા રાત્રે કરવાથી જલદી સફળતા મળે છે. ઇડા નાડી ઉત્તરાયણ (પોષથી જેઠ સુધીના છ માસ)માં શુક્લ પક્ષમાં દિવસે વધુ ચાલે છે. માટે શાંત અને સ્થિર કાર્યો આ સમય દરમિયાન કરવાથી વધુ સફળતા મળે છે. વળી કૃષ્ણ પક્ષની ૧-૨-૩-૭-૮-૯-૧૩-૧૪ અમાસ અને શુકલ પક્ષની ૪-૫-૬-૧૦-૧૧-૧૨ તિથિઓમાં પિંગળા નાડી વધુ ચાલે છે. આથી ઊલટું એટલે કે શુકલ પક્ષમાં ૧-૨-૩-૭-૮-૯-૧૩-૧૪ પૂનમ તથા કૃષ્ણ પક્ષની ૪-૫-૬-૧૦-૧૧-૧૨ તિથિઓમાં ઇડા નાડી કાર્યશીલ હોય છે.

પ્રાચીન જ્યોતિષ વિશારદો આનાથી પણ સૂક્ષ્મ ગણતરી સુધી પહોંચ્યા છે તે ભારતીય જ્યોતિષશાસ્ત્રની વિશિષ્ટતા છે.

પિંગળા નાડીની તિથિઓમાં સૂર્યોદયથી ૧-૩-૫-૭-૯-૧૧-૧૩ - ૧૫-૧૭-૧૯-૨૧-૨૩ કલાકમાં પિંગળા નાડી કામ કરે છે. તથા ૨-૪-૬-૮-૧૦-૧૨ - ૧૪-૧૬-૧૮-૨૦-૨૨-૨૪ કલાકમાં ઇડા નાડી કાર્ય કરે છે. તે જ રીતે ઇડા નાડીની તિથિઓમાં સૂર્યોદયથી ૧-૩-૫-૭-૯-૧૧-૧૩-૧૫ - ૧૭-૧૯-૨૧-૨૩ કલાકમાં ઇડા નાડી વધુ કાર્યશીલ હોય છે, જ્યારે ૨-૪-૬-૮ - ૧૦-૧૨-૧૪-૧૬ - ૧૮-૨૦-૨૨-૨૪ કલાકમાં પિંગળા નાડી વધુ કાર્યશીલ હોય છે.

ક્રૂર ગ્રહોનું પ્રતિનિધિત્વ દર્શાવતા રવિ - મંગળ ને શનિવાર પિંગળા નાડીના છે. જ્યારે સૌમ્ય ગ્રહોનું પ્રતિનિધિત્વ દર્શાવતા સોમ - બુધ - ગુરુ અને શુક્રવાર ઇડા નાડીના છે.

કયો કલાક કઇ નાડીનો છે તે જાણ્યા પછી કઇ તિથિના કયા કલાકે કઇ નાડી હશે તે જાણી શકાય અને અગાઉ જણાવ્યા મુજબ એ નાડી કયા કાર્યો માટે શ્રેષ્ઠ છે તે પણ જાણી શકાય છે. અહીં કલાક શબ્દથી કોઇ વાચકને આ કોઠાની પ્રાચીનતા વિશે શંકા થશે પરંતુ હોરા એટલે જ કલાક જે ચોઘડિયાથી પણ વિશેષ પ્રાચીન છે.

ગોરખનાથના કોઠાની વિશિષ્ટતા એ છે કે તેમાં ઉત્તરાયણથી જ આરંભ થાય છે અને પિંગળા નાડીમાં એકી સંખ્યા વાળા માસ આવે છે તે મુજબ પોષ-ફાગણ - વૈશાખ - અષાઢ - ભાદરવો અને કારતક માસ આવે છે તથા ઇડા નાડીમાં બેકી માસ એટલે કે મહા - ચૈત્ર - જેઠ - શ્રાવણ - આસો ને માગસર આવે છે. ભારતીય જ્યોતિષ અનુસાર ઉત્તરાયણ પોષ માસમાં આવે છે. તેથી ગોરખનાથના કોઠામાં માસના અનુક્રમ નંબર નીચે મુજબ રહે છે. :

(૧) પોષ (૨) મહા (૩) ફાગણ (૪) ચૈત્ર (૫) વૈશાખ (૬) જેઠ (૭) અષાઢ (૮) શ્રાવણ (૯) ભાદરવો (૧૦) આસો (૧૧) કારતક (૧૨) માગશર.

આમ અયન-માસ-પક્ષ-તિથિ-વાર અને સમય એ છ બાબતો જો એક જ નાડી દર્શાવતા હશે તો તે સમયે તે નાડી અનુસાર કરેલા કાર્યમાં એટલી સફળતા મળશે કે તેની પ્રશંસા થઇ શકતી ગોરખનાથના કોઠામાં આ બધી બાબતોનો પૂર્ણ કર્યો હોવાથી આજે પણ તે સચોટ ફળદર્શન માટે શક્તિમાન છે.

અત્રે યાદ રાખવું જરૂરી છે કે ગોરખનાથ કોઠામાં દર્શાવેલ મહિના પૌર્ણિમાંત (પૂનમિયા) જ્યારે આપણે ત્યાં ગુજરાતમાં અમાસાંત મહિ ચાલે છે. પૌર્ણિમાંત માસનો આરંભ વદ એકમથી છે. અને પૂનમે મહિનો પૂરો થાય છે. આ પ્રકા મહિના રાજપુતાના, મારવાડ, ઉત્તર પ્રદેશ વિસ્તારમાં પ્રચલિત છે. આની વધુ સ્પષ્ટતા જન્મભૂમિ પંચાંગનો અભ્યાસ કરવો. તેમાં પૂર્ણિ મહિના દર્શાવેલ છે.

સ્વરોદયશાસ્ત્ર માને છે કે પિંગળા નાડી અને દક્ષિણ દિશામાં રહે છે. અર્થાત્ પૃથ્વી દક્ષિણ તથા પશ્ચિમના દેશોમાં ગરમીનું પ્રમાણ છે. વળી ઇડા નાડી પૂર્વ તથા ઉત્તરમાં રહે છે. પૂર્વ તેમ જ ઉત્તરના દેશોમાં ઠંડીનું પ્રમાણ વધારે ભૂગોળ અને સ્વરોદયશાસ્ત્રનો કેવો સુભગ સમન્વ

સ્વરવિજ્ઞાન માને છે કે પૃથ્વીતત્ત્વ પૂર્વમાં, વાયુ પશ્ચિમમાં, અગ્નિતત્ત્વ દક્ષિણમાં અને જળ ઉત્તરમાં રહે છે. પ્રવાસી યાને મુસાફરને એ અનુકૂળ છે કે પ્રતિકૂળ તેવા હેતુથી આ પ્રાતઃસ્મરણીય આચાર્યો પૂર્વ વગેરે દિશાના કલ્પના કરી છે. તત્ત્વો અનુસાર દર્શાવેલ દિશા કલ્પના પાછળ પણ ઊંડાં રહસ્યો રહેલાં છે. વિષય તત્ત્વજ્ઞાનીઓનો હોઇ અહીં માત્ર ગોરખનાથ કોઠા પૂરતી જ માહિતી રજૂ કરી છે. તત્ત્વોની ઉપરાંત રંગ, સ્વાદ, આકાર, અવાજ વગેરે ઉપ ઘણી અગમ્ય બાબતો ઉકેલી શકાય છે.



સંબંધો શત્રુ અને કોર્ટકેસ અંગે જ્યોતિષ માર્ગદર્શન

લેખક : શ્રી અનિલકુમાર કેશવલાલ ત્રિવેદી
વાઘેશ્વરી માર્ગ, ટિટોડીયા, મુ. વઢવાણ સિટી. પીન કોડ નં. ૩૬૩૦૩૦

છઠ્ઠું સ્થાન, ષષ્ઠેશ કે તેમાં રહેલ ગ્રહનો વિચાર કરવા લેખક જણાવે છે. લેખક પોતાના વિચારો દરેક ગ્રહ અંગેના આપી, પરિવર્તન યોગનો નિર્દેશ કરે છે. અંતે સ્થાન પરત્વેનો વિચાર જણાવી વિરમે છે. આ અનુભૂતિ સત્ય છે એમ તેઓ ભારપૂર્વક જણાવે છે.

મનુષ્ય સામાજિક પ્રાણી છે અને તેથી તેને બીજાઓની મૈત્રી અને સાથસહકારની જરૂર પડે છે. અને મનુષ્ય પરસ્પરના સંબંધોથી ટકી રહે છે. મનુષ્યનું જીવન સંબંધોના એક ચક્ર જેવું છે. ચક્ર ફરે છે અને સંબંધોમાં મિત્રતા અને શુત્રુતા તકરાર અને કોર્ટકેસ બનતા રહે છે.

સરકારના મુખ્ય અંગોમાં ન્યાયતંત્ર એ એક અંગ છે. ન્યાયતંત્રમાં દીવાની અને ફોજદારી તથા બીજી જે તે કોર્ટોના સમાવેશ થાય છે. કોર્ટો દીવાની અને ફોજદારી કેસ સાંભળે છે અને કેસ અંગે જજમેન્ટ અને ઑર્ડર લખી આપવાનું કામ કરે છે.

જે તે વ્યક્તિઓની સાથે જે તે સંબંધો બને છે. સંબંધોમાં મિત્રતા બને છે અને શત્રુતા બને છે તથા તકરાર અને કોર્ટકેસ બને છે. અને તેથી જ્યોતિષી પાસે પ્રશ્નો પૂછવામાં આવે છે; મિત્રનું લેણું છે ? મિત્રતા છે કે શત્રુતા છે ? મિત્ર શત્રુ બનશે ? સંબંધો સુધરશે ? પુન: સંબંધો બંધાશે ? કોર્ટકેસની શક્યતા ખરી ? કોઇ કોર્ટકેસ પેદા થાય તેવા યોગો છે ? કોર્ટકેસની ચિંતાનો અંત ક્યારે આવશે ? કોર્ટકેસનું પરિણામ શું આવશે ? કોર્ટકેસમાં ચુકાદો તરફેણમાં કે વિરુદ્ધમાં આવશે ? કોર્ટકેસમાં નિર્દોષ છૂટી જઇશ કે કેમ ? દોષમુક્તિ મળશે કે કેમ ? કોર્ટકેસમાં સજા થશે ? સજામાં ઘટાડો થશે કે કેમ ? વગેરે પ્રશ્નો જ્યોતિષી પાસે પૂછવામાં અને તે અંગે સલાહ લેવામાં આવે છે.

છઠ્ઠું સ્થાન

જાતકની જન્મ કુંડળીમાં છઠ્ઠું સ્થાન સંબંધો, શત્રુ અને કોર્ટકેસ અંગે નિર્દેશ કરે છે અને છઠ્ઠા સ્થાનમાં મંગળ ગ્રહની રાશિ મેષ કે વૃશ્ચિક રાશિ હોય તો (૧) સંબંધોમાં અશાંતિ, ભંગ, ભંગાણ અને અંત. (૨) શત્રુતા, દુશ્મનાવટ અને વેરઝેર. (૩) કલેશ, કંકાસ અને કલહ. (૪) ઝઘડો, તકરાર, વિવાદ અને કોર્ટકેસ. (૫) ટંટો, ફરિયાદ સામે પ્રતિ ફરિયાદ વગેરે ફળકથનનો યોગ બને છે.

ગ્રહ ફળકથન

જે તે ગ્રહનું સંબંધો, શત્રુ અને કોર્ટકેસએ વિષય અંગેનું સંશોધનયુક્ત ફળકથન આ છે;

(૧) મંગળ ગ્રહ : (૧) જાતકના જે વ્યક્તિઓની સાથે જે સંબંધો હોય તે સંબંધોમાં ભંગ, ભંગાણ અને અંત બને. સંબંધોમાં બાધ અવરોધ અને અટકાયત કરનારા, સંબંધોને રુંધનારા, સંબંધોમાં વિક્ષેપ, નડતર કે હરકત કરનારા, સંબંધમાં વાંધો આવે તેવા અને વાંધાવચકા પડે તેવા. સંબંધો ન રાખનારા, સંબંધો તોડનારા, સંબંધો ન રહે તેવા અને સંબંધોનો અંત લાવનારા બનાવો બને.

સંબંધોમાં પરિવર્તન અને પલટો બને. સંબંધોમાં જુદા પડવાનું ફારગ થવાનું કે છૂટા થવાનું બને. સંબંધોમાં અશાંતિ, ફાટફૂટ, વાદવિવાદ અને ઝઘડો બને. સંબંધોમાં મતભેદ, મનભેદ અને અંતર પાડનારા તથા ખટરાગ, વિખવાદ અણબનાવ કુસંપ અને વિસંવાદિતા પેદા કરનારા બનાવો બને.

(૨) જાતક જે ક્ષેત્રમાં હોય તે ક્ષેત્રમાં શત્રુઓ, દુશ્મનો અને વેરીઓ હોય. વિરોધીઓ, હરીફ અને પ્રતિસ્પર્ધીઓ હોય. વેરઝેરવાળા, ડંખીલા, કિન્નાખોર, ઝેરીલા અને દાઝ રાખનારા હોય. પ્રતિપક્ષ, વિરોધ પક્ષ અને પ્રતિવાદી હોય. ફરિયાદ, વિરોધ, વાંધો, બાધ, અવરોધ અને અટકાયત કરનારા હોય. વિઘ્નસંતોષી, ઉપદ્રવી અને પરપીડન વૃત્તિવાળા હોય અને કથનો કરનારા હોય. કલેશકંકાસ, કજિયો અને કલહ કરનારા હોય. અશાંતિ, ઝઘડો, તકરાર, વિવાદ અને કોર્ટકેસ કરનારા હોય.

(૩) જાતકના જીવનમાં કોર્ટકેસ બને તો નીચેનાં વિષય અંગે કોર્ટકેસ બનવાની શક્યતા છે; (૧) વિઘાતક આક્ષેપો કે કથનો સામે. (૨) કાયદો, બંધારણ, નીતિ કે નિયમ સામે. (૩) ગુનાહિત જવાબદારી અંગે. (૪) ઠરાવ કે હુકમ સામે. (૫) જજમેન્ટ અને ઑર્ડર સામે આપીલ. (૬) પોલીસ કેસ અને પોલીસ તપાસ અંગેનાં પગલાં અંગે. (૭) ધી ઇન્ડિયન પિનલ કોડ હેઠળ. (૮) કાયદો અને વ્યવસ્થા વિરુદ્ધના ગુના અંગે. (૯) સુલેહ શાંતિ વિરુદ્ધના ગુના અંગે, (૧૦) રાષ્ટ્રીય સલામતી ધારો કે ગુંડા ધારો કે આતંકવાદ વિરોધી ધારો. (૧૧) વાહનવ્યવહારને લગતો. (૧૨) વળતર અને નુકસાની અંગે.

(૨) શનિગ્રહ : (૧) જાતકના જે વ્યક્તિઓની સાથે જે સંબંધો હોય તે સંબંધોને બગાડનારા, સંબંધોને નબળા, નરસા, ખરાબ કરનારા, સંબંધો ઓછા કરનારા અને સંબંધોમાં ઘટાડો કરનારા અને અંત લાવનારા બનાવો બને.

જાતકના જે વ્યક્તિઓની સાથે જે સંબંધો હોય તે સંબંધો બહુ ઓછા, અને જોઇએ તેવા હોય નહિ. ઉપરછલ્લા, ઔપચારિક, ખપપૂરતા, કહેવા પૂરતા અને જરૂર પૂરતા જ સંબંધો હોય.

સંશોધન વિભાગ

(૨) જાતક જે ક્ષેત્રમાં હોય તે ક્ષેત્રમાં હિતશત્રુઓ, અશુભેચ્છકો અને અહિતચિંતકો હોય. હિતશત્રુની ગરજ સારે તેવા મિત્રો, સ્નેહીઓ અને સંબંધીઓ હોય. કોઈ દેખીતી રીતે શત્રુ હોય અને ન જણાય. છૂપા અને અંદરખાને શત્રુઓ હોય. ગુપ્તશત્રુઓ હોય. નહિ શત્રુ અને નહિ મિત્ર એવા સંબંધીજનો હોય.

દ્વેષીલા, અદેખા અને ઇર્ષાળુ લોકો હોય. બદદાનતવાળા અને અશુભ નિષ્ઠાવાળા લોકો હોય. નગુણા, કદરહીન અને નમકહલાલ લોકો હોય. બેવફા, વિશ્વાસઘાતી, દ્રોહી લોકો હોય. અહિત અને હક્કહિતને નુકસાન કરનારા, બંધન અને જવાબદારીમાં મૂકનારા, અને ગુનો કે દોષ અંગેની સ્થિતિમાં મૂકનારા લોક હોય.

(૩) પિતા કે પિતામહના કર્મનું, કુટુંબીજનના કર્મનું કે પિતાના દૂરના સગાસંબંધી જનના કર્મનું નડતર હોય. જ્ઞાતિ, નીતિ કે નાતનું નડતર હોય. યુનિયન, સંઘ કે મંડળનું તથા કોઇ એક સમૂહનું, સંગઠનનું કે જૂથનું નડતર હોય. દૂરના ગામના લોકોનું, અજાણ્યા જનનું કે જાતકની સ્થિતિથી નીચેની કક્ષાના માણસોનું નડતર હોય.

(૪) જાતકના જીવનમાં કોર્ટકેસ બને તો નીચેનાં વિષય અંગે કોર્ટકેસ બનવાની શક્યતા છે;
(૧) બંધન અને જવાબદારી સામે. (૨) ગુનો કે દોષ અંગેની સ્થિતિ સામે. (૩) દંડ અને સજા સામે. (૪) ગુહતપાસ અંગેના પગલાં અંગે. (૫) ખોટાં અને બનાવટી કેસ અંગે, (૬) સી. આઇ. ડી. કેસ અને સી. આઇ. ડી. તપાસ અંગેનાં પગલાં અંગે. (૭) લાંચરુશ્વત પ્રતિબંધ અધિનિયમ હેઠળ. (૮) ધી

ઇન્ડિયન પિનલ કોડની હેઠળ, (૯) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ હેઠળ, (૧૦) પબ્લિક મની ફંડ એક્ટ હેઠળ, (૧૧) દાણચોરી કે કરચોરી અંગે.

(૩) ચન્દ્ર ગ્રહ : જાતકના જે વ્યક્તિઓની સાથે, જે સંબંધો હોય તે સંબંધોમાં શાંતિ, સરળતા, નિરૂપદ્રવતા, નિર્ભયતા હોય. સંવાદોમાં સ્નેહ અને ચાહના, આત્મીયતા અને મમતા તથા કુદરતી ભાવના અને લાગણી હોય.

(૨) જાતક શાંતિપ્રિય હોય. જાતક કોઈનો શત્રુ હોતો નથી અને જાતકને કોઈ શત્રુ હોતા નથી. જાતક શત્રુનું દિલ જીતનાર, શત્રુની ચાહના મેળવનાર અને શત્રુને મિત્ર-સ્નેહી બનાવનાર બને. જાતક બિનહરીફ બને. જાતક શત્રુને પ્રિય, ગમતો અને માનીતો બને. શત્રુની જાતક પર ખુશી અને પ્રસન્નતા રહે. શત્રુ જાતક પ્રત્યે સહાનુભૂતિ અને દિલસોજી બતાવે. કૃપા, મહેરબાની અને ઉપકાર કરે. દયા, રાહત અને ઉદારતા બતાવે. શત્રુ જાતકનો તારણહાર, તારનાર અને આશ્રયસ્થાન આપનાર બને. શત્રુ જાતકનું ખોયેલું અને ગુમાવેલું પાછું આપે.

(૩) માતાના કર્મનું, માતૃપક્ષના સગાસંબંધીજનના કર્મનું, માસી-માસાના કર્મનું નડતર હોય. સ્રીજનનું પરિણીતા સ્રીજનનું અધિકારીની પત્નીનું, સત્તા ધરાવતી સ્રીજનનું નડતર હોય. નોકરિયાતજનનું કે આશ્રિતજનનું નડતર હોય. નોકરીને લગતો કે આશ્રયસ્થાનને લગતો કોર્ટકેસ બને.

(૪) શુક્ર ગ્રહ : જાતકના જે વ્યક્તિઓની સાથે જે સંબંધો હોય તે સંબંધોમાં સંપ, જંપ, સુમેળ, સુસંવાદ અને સુલેહ શાંતિ હોય. સંબંધોમાં સાનુકૂળતા અને રસમેળ હોય.

(૨) જાતક સમાધાનપ્રિય હોય. જાતક ઝઘડાળુ હોતો નથી. જાતક ઝઘડાનું સમાધાન કરાવનારો, સંબંધોને જોડનારો અને બાંધનારો બને. જાતક સહુની સાથે હળીમળીને ચાલવાવાળો હોય છે. શત્રુ જાતક પ્રત્યે મુગ્ધ, સંમોહિત અને આકર્ષિત હોય છે. શત્રુ જાતકને સાથ સહકાર, ટેકો અને સમર્થન આપનારા બને. શત્રુ જાતકને મદદ, સહાય, સહારો અને આધાર આપનારા બને.

(૩) પત્નીના કર્મનું પત્ની પક્ષના સગાસંબંધીજનના કર્મનું, સાળાસાળીના કર્મનું, સ્રીજનનું નડતર હોય, ભાગીદારજનનું નડતર હોય. લગ્ન અને દાંપત્ય જીવનને લગતો કોર્ટકેસ બને. શેર અંગે, ભાગીદારી અંગે, ભાગલાગ કે હક્ક હિસ્સા અંગે તથા કોન્ટ્રાક્ટ, કોલ-કરાર કે શરતો અંગે કોર્ટકેસ બને.

(૫) ગુરુ ગ્રહ : અનેકજનો સાથે વ્યવહાર અને સંબંધો હોય. અનેક જનોની વગ અને લાગવગ હોય. અનેક જનોની ઓળખાણ અને અનેક પરિચિતો હોય, મિત્રો, શુભેચ્છકો, પ્રશંસકો, સગા અને સંબંધીઓનું ક્ષેત્ર ઘણું વિશાળ હોય. જાતકના જે વ્યક્તિઓની સાથે જે સંબંધો હોય તે સંબંધો લાભદાયી, સુખદાયી અને શુભદાયી બને. સંબંધોમાં લહેણું અને પ્રાપ્તિ બને.

(૨) જાતકનો શત્રુ પર પ્રભાવ અને પ્રતાપ હોય, શત્રુઓ જાતક પ્રત્યે માન અને અહોભાવવાળું વર્તન કરે. જાતક શત્રુઓ સામે સમય, સંજોગો અને પરિસ્થિતિ અનુસાર વર્તન કરે. જાતક શત્રુ સામે મધ્યમમાર્ગી, વચલો માર્ગ અને વ્યવહારુ માર્ગ અપનાવે. જાતક લવાદ અને મધ્યસ્થીમાં તથા વ્યવહારુ નીતિમાં માનનારો બને.

(૩) ગુરુના કર્મનું, કોઈ સગાસંબંધીજનના કર્મનું, સંતાનના કર્મનું, કોઈ અધિકારી કે અમલદારના કર્મનું કોઈ પુરોગામીના કર્મનું નડતર હોય. સરકારી કામકાજ અંગે, બઢતી અંગે, નાણાકીય બાબતં અંગે, ખરીદવેચાણ અંગે સોદાઓ, કરારો કે લખાણો અંગે, વ્યાપારી કામકાજ અંગે કોર્ટકેસ બને.

(૬) સૂર્ય ગ્રહ : જાતકના જે વ્યક્તિઓની સાથે જે સંબંધો હોય તે સંબંધોમાં કર્તવ્યશીલ, ફરજપાલન, સંનિષ્ઠ અને એકનિષ્ઠા હોય, વફાદારી, વિશ્વાસ અને ભક્તિ હોય. સંબંધો સુદ્રઢ, સ્થિર, સ્થાયી, ચિરંજીવ અને અતૂટ હોય.

(૨) જાતક સત્તાપ્રિય હોય. જાતક શત્રુને પરાજય, હાર, નિષ્ફળતા આપનાર બને. શત્રુનું પતન બને. શત્રુને સ્થાનભ્રષ્ટ કરનાર બને. શત્રુ સામે સબળ બચાવ અને સુરક્ષા કરનાર બને. શત્રુઓ જાતક સામે ફાવી શકે નહિ અને જાતક સામે શત્રુઓની કોઈ કારી ફાવી શકે નહિ.

(૩) પાલકનું, પિતાના કર્મનું, પિતૃપક્ષના સગાસંબંધીજનના કર્મનું, કાકાદાદા-ફૈબા ફૂઆના કર્મનું, કોઈ સત્તાવાળાનું, શાસક કે સરકારનું નડતર હોય, સત્તા અને અધિકાર અંગે, સ્થાપિત હક્કહિત અંગે, ફરજ અને જવાબદારી અંગે, સરકારી કામકાજ અંગે, કોર્ટકેસ બને.

(૭) બુધ ગ્રહ : જાતકના જે વ્યક્તિઓની સાથે જે સંબંધો હોય તે સંબંધોમાં નિર્દોષતા, નિર્મળતા, નિષ્કપટતા, સરળતા અને નિખાલસતા હોય. બાળકો અને વિદ્યાર્થીઓ, મિત્રો હોય. અનુગામી અને ઉત્તરાધિકારીનું નડતર હોય. ઉત્તરાધિકાર અંગે કોર્ટકેસ બને.

ગ્રહ છઠ્ઠા સ્થાનમાં હોય કે ષષ્ઠેશ સાથે હોય કે ષષ્ઠેશ સાથે પરિવર્તન યોગવાળો હોય કે છઠ્ઠા સ્થાન પર દૃષ્ટિ કરતો હોય કે ષષ્ઠેશ પર દૃષ્ટિ કરતો હોય તો આ ઉપરોક્ત ગ્રહફળકથનનો યોગ બને છે.

સ્થાન વિચાર

સ્થાન અંગે વિચાર કરીએ તો સ્થાન શુભ ગ્રહથી શુભતાવાળું હોય તો શુભ ફળ મળે અને સ્થાન અશુભ ગ્રહથી અશુભવાળું હોય તો અશુભ ફળ મળે અને તેથી સ્થાન અંગે વિચારણાઓ છે કે-

(૧) પહેલું સ્થાન અને લગ્નેશ પાપગ્રહથી પીડિત હોય તો જન્મસિદ્ધ હક્ક અધિકાર અંગે, ઉત્તરાધિકાર અને વારસાઈ અંગે, વિલ અંગે, પિતાની સ્થાવર મિલકત અંગે કે પત્નીની, માતાની સ્થાવર મિલકત અંગે કોર્ટકેસ બને અથવા આ વિગતો અંગે અશુભ ફળ મળે.

(૨) બીજું સ્થાન અને દ્વિતીયેશ પાપગ્રહથી પીડિત હોય તો મૂડી અંગે, નાણાકીય કામકાજ અંગે, માતાના પિતાની જંગમ મિલકત અંગે કે પિતાને માતાની મિલકત અંગે કે પોતાની જંગમ મિલકત અંગે કોર્ટકેસ બને અથવા આ વિગતો અંગે અશુભ ફળ મળે.

(૩) ત્રીજું સ્થાન અને તૃતીયેશ પાપ ગ્રહથી પીડિત હોય તો વાહન વ્યવહારની બાબત અંગે, ટ્રસ્ટ એક્ટ, કંપની એક્ટ, સહકારી મંડળી, અધિનિયમ, વગેરે કાયદાઓ હેઠળ કોર્ટકેસ બને. કોઈ દસ્તાવે[illegible] અંગે, કોઈ લખાણ અંગે, કોઈ સાહસ અંગે, [illegible] કાર્ય અંગે, કોર્ટકેસ કે ઝઘડો બને.

(૪) ચોથું સ્થાન અને ચતુર્થેશ પાપગ્રહથી પીડિ[illegible] હોય તો ભાડાંનિયમન ધારો, ગણોતધારો, ગુમા[illegible] ધારો, ઔદ્યોગિક તકરારનો અને સંબંધોનો કાયદો, ફેક્ટરી એક્ટ વગેરે કાયદાઓ હેઠળ કોર્ટકેસ બ[illegible]

(૫) પાંચમું સ્થાન અને પંચમેશ પાપગ્રહથી પીડિ[illegible] હોય તો માતાની જંગમ મિલકત અંગે કે સંતાન[illegible] બાબત અંગે કોર્ટકેસ બને. ઔદ્યોગિક નોકરી[illegible] લહેણું અંગે કોર્ટકેસ બને.

(૬) છઠ્ઠું સ્થાન અને ષષ્ઠેશ પાપગ્રહથી પીડિ[illegible] હોય તો ફરજ અને જવાબદારી અંગે, બચાવ અને સુરક્ષા અંગે, ઉત્તરાધિકાર અને વારસાઈ અંગે પુનઃસ્થાપિત અને પુનઃપ્રાપ્તિ અંગે, નોકરીને લગતો કે આશ્રયસ્થાનને લગતો, કોર્ટકેસ બને અથવા આ વિગતો અંગે અશુભ ફળ મળે.

(૭) સાતમું સ્થાન અને સપ્તમેશ પાપગ્રહ[illegible] પીડિત હોય તો દાંપત્યજીવનની બાબત અંગે લાગભાગ અને હક્કહિત અંગે, કોર્ટકેસ બને. ભાગીદારી અધિનિયમ, લવાદી અધિનિયમ, કરાર[illegible] કાયદો, વગેરે હેઠળ કોર્ટકેસ બને.

(૮) આઠમું સ્થાન અને અષ્ટમેશ પાપગ્રહ[illegible] પીડિત હોય તો બચાવ અને સુરક્ષા અંગે ટોચમર્યાદા, અંકુશ અને નિયંત્રણ, પ્રતિબંધ અને નિયોજન, વગેરે બાબત હેઠળ કોર્ટકેસ બને. પત્નીની જંગમ મિલકત અંગે કોર્ટકેસ બને.

(૯) નવમું સ્થાન અને નવમેશ પાપગ્રહથી પીડિ[illegible] હોય તો ઠરાવ, બંધારણ, કાયદો, નીતિ, નિયમ વગેરે અંગેની બાબત અંગે કોર્ટકેસ બને.

(૧૦) દસમું સ્થાન અને દસમેશ પાપગ્રહથી પીડિત હોય તો આદેશ અને હુકમ અંગે, સત્તા અને બઢતી અંગે, સર્વિસ રૂલ્સ અંગે, કોર્ટકેસ બને.

(૧૧) અગિયારમું સ્થાન અને લાભેશ પાપગ્રહથી પીડિત હોય તો સરકારી નોકરીમાં લહેણું અંગે પિતાનું લહેણું અંગે કે પિતાની જંગમ મિલકત અંગે કોર્ટકેસ બને.

(૧૨) બારમું સ્થાન અને વ્યયેશ પાપગ્રહથી

(અનુસંધાન પાનું ૨૩૧)

કલા, સંગીત અને જ્યોતિષ

શ્રી રાજેન્દ્ર આર. શાહ
ગણેશ પોળ, સાંથ બજાર, નડિયાદ - ૩૮૭૦૦૧

આ વિષયનું રાશિ ભાવ અને ગ્રહ સાથે સંકલન કરી લેખક ૨૩ જેટલા જુદાજુદા યોગો જણાવે છે. તેના ઉદાહરણ માટે ત્રણ કુંડળીઓ પણ રજૂ કરી છે. આ વિષયોના જ્ઞાતા આપેલી વિગતની છણાવટ કરી જ્ઞાનવૃદ્ધિની દિશામાં કંઈક સૂચક પ્રગતિ કરશે એ જ અભિલાષા.

પૃથ્વીની શરૂઆત થઇ ત્યારે પ્રાકૃતિક અવસ્થામાં મનુષ્ય અસંસ્કૃત હતો. જીવન ટકાવવા માટેની મૂળભૂત જરૂરિયાતો - હવા - પાણી - ખોરાક સિવાય એનું બીજું કોઇ ધ્યેય નહોતું. ધીરેધીરે એનામાં સૂક્ષ્મ બુદ્ધિનો વિકાસ થયો. એની સમજશક્તિ કેળવાઇ અને એ સુસંસ્કૃત થવા લાગ્યો. પોતાના મનમાં ઊઠતા સંવેદનના તરંગો અને ભાવોને, લાગણીઓને વ્યક્ત કરતાં શીખ્યો. હૃદયની એ ભાષાને એણે ડાળીના ટુકડા અને કુદરતી રંગોની સહાયથી ગુફાના પથ્થર પર ચિત્ર સ્વરૂપે મૂર્ત કરી અને એ રીતે પૃથ્વી પર પ્રથમ કલાકારનો જન્મ થયો.....

કલાકાર શબ્દનો ખૂબ વિશાળ અર્થ છે. "કલા - કૌશલ્ય" એ બંને શબ્દો સાથે વપરાય છે. અંગ્રેજીમાં Art અને Craft એ બંને શબ્દો વપરાય છે. Crafts એ કારીગીરી કૌશલ્ય છે. તેમાં કસબ-હાથ-આંગળીઓ વગેરેથી ભૌતિક વસ્તુઓ પર કલાનું આલેખન થાય છે. જ્યારે કલાનો સંબંધ મન - કલ્પના સંવેદના સાથે છે.

કલા એ હૃદયના ઊંડાણમાંથી જન્મે છે. જે હૃદય સંવેદનશીલ ન હોય તે ક્યારેય કલાને જન્મ ન આપી શકે. કામવધ પછી માદા ક્રૌંચ પક્ષીના આર્તનાદે વાલ્મીકિના હૃદયમાં જે પીડા ઉપજાવી તેના પરિણામે જ "રામાયણ" જેવા મહાકાવ્ય The Great Epicનો જન્મ થયો. અને એ મહાકવિ કહેવાયા. સંજોગોની અસરથી વ્યક્તિના હૃદયમાં જે જે સંવેદન ઉદ્ભવે એ સંવેદનોનું મૂર્ત સ્વરુપ એટલે કલા. કલાના સ્પંદનોને વિહરવા કલ્પનાના માધ્યમની જરૂર પડે છે. સંવેદનશીલતા એ કલાની જનની છે; તો કલ્પના એ કલાની ભગિની છે. તેથી અનુભૂતિથી ઉત્પન્ન થયેલાં સંવેદનો જ્યારે કલ્પના માધ્યમમાં વિહાર કરે ત્યારે એક નવી કલાકૃતિનું બીજ રોપાય છે. પછી ચાહે તે સંગીત હોય, કાવ્ય હોય, ગીત હોય, ચિત્ર હોય, શિલ્પ હોય કે સાહિત્ય હોય. આ સ્પંદનોનું વ્યક્તિકરણ પણ તેટલું જ અગત્યનું છે. અભિવ્યક્તિ સિવાય કૃતિનો જન્મ થતો નથી. આથી કલાની જરૂરિયાતનું ક્ષેત્ર ત્રણ બાબતો મુખ્યત્વે ધરાવે છે. (૧) સંવેદના અથવા સંવેદનશીલતા (૨) કલ્પના (૩) સંવેદનાની અભિવ્યક્તિ. આટલી પૂર્વભૂમિકાને નજર સમક્ષ રાખીને કલાકાર અને જ્યોતિષનો સંબંધ પ્રસ્થાપિત કરવા મુખ્યત્વે નીચેની બાબતોનો વિચાર કરવો જોઇએ. (૧) ગ્રહો (૨) રાશિઓ (૩) ભાવ અને યોગો.

ગ્રહો : મુખ્યત્વે ગ્રહો વધુ મહત્ત્વના છે. (૧) ચંદ્ર (૨) શુક્ર (૩) નેપચ્યુન (૪) મંગળ તે ઉપરાંત વાણી કૌશલ્ય અને 'તાલ' - આવર્તન - માટે બુધને ધ્યાનમાં લેવો જોઇએ. કલાની સાધના માટેની શિસ્ત શનિ જેવા ગ્રહની જવાબદારી છે.

ચંદ્રને feminine સ્રીપ્રધાન ગ્રહ ગણેલ છે. ચંદ્રમાં માર્દવ છે. ઋજુતા છે, સંવેદનશીલતા છે અને કલ્પના છે. ચંદ્ર એ જ મન છે તેથી કલા સાથે ચંદ્રનું મહત્ત્વ ઘણું છે.

શુક્ર સૌંદર્ય, કલા, નૃત્ય અને સંગીતનો ગ્રહ છે. કલા વિષયક બાબતોનું જ્ઞાન એ શુક્ર દ્વારા જ સૂચવાય છે. શુક્રાચાર્ય એ દૈત્યગુરુ હતાં. સંજીવની વિદ્યાનું જ્ઞાન તેમની પાસે હતું. શુક્રમાં જીવનશક્તિ પણ છે. વળી, શુક્ર એ સંવાદિતા - Harmony સૂચવાનો ગ્રહ છે. સંગીતમાં લય-સંવાદિતાનું ખૂબ મહત્ત્વ છે.

પ્રાચીન જ્યોતિષમાં જેનો ઉલ્લેખ નથી એવો નવો શોધાયેલો ગ્રહ નેપચ્યુન એ કલ્પનાનો કારક ગ્રહ છે. નેપ્ચ્યુન એટલે જ આભાસ - કલ્પના - મૃગજળ - ભ્રમ - મોહ. નેપ્ચ્યુન એટલે Glamour ઝાકઝમાળ. નેપ્ચ્યુનનો સંયોગ વ્યક્તિને કલ્પનાના આકાશમાં ઉડ્ડયન કરતું મન આપે છે. નેપ્ચ્યુન એ નવું સર્જન, નવી કલ્પના, નવા વિચારો અને સંપૂર્ણપણે રંગીન કાલ્પનિક સૃષ્ટિનું પ્રતીક છે. નેપ્ચ્યુન એ અભિનયનો કારક ગ્રહ છે. ફિલ્મસૃષ્ટિ એ નેપ્ચ્યુનના કારકત્વમાં આવે છે જે સત્ય નથી તેનો પડદા ઉપર 'સત્યસ્વરૂપે' 'અનુભવ' કરાવવો એટલે જ ફિલ્મ. નેપ્ચ્યુનનું શ્રેષ્ઠ અર્થઘટન જ આ છે. કલાના સંદર્ભમાં કલ્પનાશીલતાની દૃષ્ટિએ નેપ્ચ્યુનનું મહત્ત્વ જરા પણ ઓછું આંકી શકાય નહીં.

મંગળ એ સાહસ, હિંમત અને ઉર્ધ્વગામી આત્મબળ (♂)નો કારક ગ્રહ છે. અવરોધોને પાર કરી ધ્યેય તરફ ગતિ ચાલુ રાખવા ઉત્સાહ અને સાહસનું બળ મંગળ જ પૂરું પાડે છે. હૃદયના ઊંડાણમાં સર્જાયેલી કલાકૃતિને જાહેરમાં અભિવ્યક્ત કરવા માટે જે તકલીફો પડે. દા.ત. મંચભય (Stage Fear) જનસંપર્ક (Public dealing) વગેરે તે દૂર કરવા માટે જે અડગ આત્મવિશ્વાસ અને હિંમત જોઇએ તેની જવાબદારી મંગળની છે.

બુધનું આંગળીઓ પર પ્રભુત્વ છે. વળી બુધ એ નિયમિત આવર્તન પણ સૂચવે છે. તાલ એ આવર્તનમાંથી જન્મે છે. શુક્ર એ લય છે તો બુધ એ તાલ છે. લય અને તાલ બંનેનો સુમેળ થાય ત્યારે જ

સંશોધન વિભાગ

સંગીત જન્મે છે. વળી બુધને વાણી સાથે સંબંધ છે. તેથી સંવાદો dialogue અને communication સંપર્ક માટે બુધ અગત્યનો છે.

રાશિ વિચાર : સંવેદનશીલતાનો સંબંધ જળત્રિકોણ - જળતત્ત્વ સાથે છે. જળતત્ત્વ રાશિઓમાં કર્ક - મીન એ કલાકાર માટે મહત્ત્વની રાશિ છે. ચર સ્વભાવ રાશિઓ મેષ, કર્ક, તુલા અને મકરને પણ કલા સાથે સંબંધ છે આમ, વૃષભ, કર્ક, તુલા, મકર અને મીન રાશિઓનું પૃથક્કરણ જરૂરી છે.

મેષ : ચરસ્વભાવ અને અગ્નિતત્ત્વ રાશિ છે. તત્ત્વભાવ અનુસાર જુસ્સો, શૌર્ય, ગતિશીલતા અને ધ્યેયનિષ્ઠા તેમ જ મહત્ત્વાકાંક્ષા દર્શાવે છે.

વૃષભ : શુક્રની Feminine રાશિ છે. સૌંદર્ય, કલા અને ભૌતિકતા આપે છે. શુક્રનો રાજસી ગુણ અહીં વ્યક્ત થાય છે. સ્વર અને ગળા, કંઠ ઉપર તેનો અમલ છે.

કર્ક : જળતત્ત્વત્રિકોણની પ્રથમ રાશિ છે. જળતત્ત્વ સંવેદનશીલતા અને કલ્પના સૂચવે છે. મૃદુતા, કોમળતા અને ચાંચલ્ય ધરાવતી રાશિ છે. સરોવરમાંના પાણીનો કરચલો - એવું એનું પ્રતીક છે. ચંદ્રની રાશિ છે.

તુલા : શુક્રની રાશિ છે. સૌંદર્ય, નૃત્ય અને સંગીતની રાશિ છે. વળી, વાયુતત્ત્વ રાશિ હોવાના કારણે કલ્પના અને 'આંદોલનો' છે. ગાંધર્વ અને કિન્નરોની રાશિ છે.

મકર રાશિ : ચર-પૃથ્વીતત્ત્વ રાશિ છે. પગ સાથે સંબંધ છે તેથી નૃત્ય સાથે સાંકળી શકાય. વળી ચરસ્વભાવ છે તેથી વિચારો અને કાર્યની ગતિશીલતા છે. અર્થત્રિકોણની છેલ્લી રાશિ છે. તેથી ભૌતિકવાદી કલાનો અહીં મહત્તમ વિકાસ થાય છે.

મીન : જળતત્વત્રિકોણની, કાલપુરુષચક્રની છેલ્લી રાશિ છે. સૌથી વધુ પરિપક્વ સંવેદનશીલતા છે. જળતત્વ રાશિનો વિશાલ સમૂહ - સાગરનું પ્રતીક છે. નાની સરખી પવનની લહેરખીને કારણે દરિયામાં મોજાં ઉત્પન્ન થાય છે તે રીતે મીન રાશિની અસર હેઠળના જાતકમાં સૌથી વધુ તીવ્ર સંવેદનશીલતા હોય છે. મીન રાશિ એ ઊંડાણ, રહસ્ય અને ગહનતાની રાશિ છે. વળી તે નેપ્ચ્યુનની પણ રાશિ છે. તેથી કલ્પનાનું મુર્ત સ્વરૂપ એ મીન રાશિમાં વ્યક્ત થાય છે. મીન રાશિમાં જ શુક્ર ઉચ્ચનો થાય છે તેથી મીન રાશિમાં કલાના સર્જનની શ્રેષ્ઠ અભિવ્યક્તિ થાય છે. શુક્રની સંવાદિતા અને કલા મીન રાશિમાં પૂર્ણપણે સૌમ્ય રીતે વિકસે છે. મીન રાશિ એ ગુરુ જેવા સાત્વિક ગ્રહની રાશિ છે. તેથી તેમાં સૌમ્યતા છે, એક માર્દવ છે અને સાથે ઊંડું જ્ઞાન પણ છે. મીન રાશિ એ કોઈ પણ કલાના શાસ્ત્રીય જ્ઞાન માટે મહત્વની છે. ગુરુ એ શાસ્ત્રીય કલા પણ સૂચવે છે.

હવે રાશિ, ગ્રહને જોયા પછી કુંડળીના ભાવનો વિચાર કરી લઈએ. કલા માટે સર્જનાત્મક - 'કલ્પના મહત્વની છે તેથી પંચમસ્થાન એ કુંડળીમાં મહત્વનું સ્થાન છે. પંચમસ્થાન દ્વારા સંતાન-પ્રજોત્પતિ તેમ જ મૌલિક સર્જન Creativity સૂચવાય છે. બુદ્ધિનું પણ સૂચન થાય છે. આમ, સર્જનાત્મક અભિગમ માટે પંચમસ્થાનનું મહત્વ ખૂબ જ છે. ઉત્તર કાલામૃતમાં સૂચવ્યા મુજબ પંચમભાવથી (૧) શિલ્પ (૨) મૃદંગ - વાદ્ય (૩) કાવ્યરચના વગેરે પણ જોવાય છે. નૈસર્ગિક પંચમેશ તરીકે સૂર્ય સાથે સંબંધ છે. વળી સૂર્ય એ આત્મબળ પણ સૂચવે છે.

તૃતીય ભાવ એ સાહસ, શૌર્ય અને પરાક્રમનો ભાવ છે. શક્તિઓની અભિવ્યક્તિઓનો છે. Publication તૃતીય ભાવથી જોવાય છે. આમ હૃદયની આંતરિક ઊર્મિયો - સંવેદનાઓને જાહેરમાં લાવવી તે ત્રીજા સ્થાન પરથી જોવાય છે. વળી ત્રીજું સ્થાન dialogue સંવાદ અને Communitation સંપર્કનું પણ છે. તેથી "બીજાઓ સાથેનો વ્યવહાર" તે ત્રીજા સ્થાન પરથી જણાય છે. શરીરના ભાગોમાં કંઠ અને ગળા ઉપર ત્રીજા ભાવનો અમલ છે. તેથી ગાવાની ક્રિયા સાથે તેનો સંબંધ છે. આમ, કલાકૃતિનું સર્જન થયા પછીની અભિવ્યક્તિ અને એને જાહેરમાં વ્યક્ત કરવાની હિંમત, સાહસ માટે ત્રીજું સ્થાન મહત્વનું છે.

દસમભુવન એ કર્મ, પ્રસિદ્ધિનું સૂચન કરે છે. માનસિક શક્તિઓ માત્ર માનસિક જ રહે તો તેનો કોઈ અર્થ રહેતો નથી. તેને કલાકૃતિનું મૂર્ત સ્વરૂપ આપવા માટે કર્મ - પુરુષાર્થની જરૂર પડે છે. સંગીતકાર મનમાં જ ધૂનો ગણગણ્યા કરે, શિલ્પી પથ્થરની મૂર્તિની કલ્પનાને મનમાં વાગોળતો બેસી રહે, ચિત્કાર ખુરશીમાં ઝૂલતા બસ પીંછી અને રંગોમાં જ વિચાર કર્યા કરે તો જગતને કોઈ નવું ગીત-સંગીત ન મળે, શિલ્પ ન મળે કે ચિત્ર ન મળે. તેથી કર્મ એ ખૂબ અગત્યની બાબત છે. (હસ્તરેખામાં પણ જ્યારે શંકુ આકારના હાથમાં મસ્તકરેખા વધુ પડતી ઝૂકે ત્યારે તે વધુ પડતી કલ્પનાશીલતા અને અમર્યાદિત મનોવ્યાપારનું સૂચન કરે છે) દસમભુવન એ વ્યવસાય સૂચવે છે. વ્યક્તિની આજીવિકા સાથે કલાનો સંબંધ જોવા માટે દસમભુવન અગત્યનું છે.

આજના સમયમાં પ્રસિદ્ધિનું મહત્વ ઘણું છે. કલાના ક્ષેત્રમાં પ્રસિદ્ધિ મળે તે સફળતા માટેની પ્રથમ જરૂરી બાબત ગણાય છે. તેથી દશમાં સ્થાનનું બળ ખૂબ અગત્યનું બને છે.

સપ્તમભુવન એ જનતા, જાહેરજીવન અને લોકમાનસનું છે. જો લગ્ન સ્થાન એ વ્યક્તિત્વ દર્શાવે તો સપ્તમસ્થાન એ વ્યક્તિનું પ્રતિબિંબ છે. તેથી સપ્તમસ્થાન એ જાહેર સફળતા તેમ જ ધંધાદારી અભિગમ માટે ખૂબ અગત્યનું છે.

આ બધાં સ્થાનોનું બળ હોય તેમ છતાં લગ્નસ્થાન નબળું હોય તો બાબતોનું ફલીકરણ થતું નથી. કારણકે વ્યક્તિનું સમગ્ર હાર્દ લગ્નસ્થાન દર્શાવે છે. તમામ યોગો શુભ-બળવાન હોય તેમ છતાં સફળતાનું પ્રમાણ લગ્નસ્થાન દ્વારા જ નક્કી થાય છે. સમગ્ર કુંડળીનું આધારસ્તંભ જ લગ્ન હોઈ તેનો વિચાર કર્યા બાદ જ વ્યક્તિત્વની Category કક્ષા નક્કી થઈ શકે છે.

હવે ગ્રહ, રાશિ, ભાવનો સમન્વય કરી જુદાજુદા યોગોથી કલાકાર થવાની શક્યતાનો વિચાર કરીએ :

(૧) લગ્નસ્થાનમાં મેષ વૃષભ, કર્ક, તુલા, મકર કે મીન રાશિ હોય.

(૨) ચંદ્ર અને/અથવા લગ્નેશ રાશિઓમાં હોય.

(૩) શુક્ર ચંદ્રથી કેન્દ્રમાં હોય તો કલા પ્રત્યેનું એક વિશિષ્ટ આકર્ષણ જન્મે છે. જન્મજાત કલા ધરાવતા હોય છે. એક આગવી કલાસૂઝ ધરાવતા હોય છે.

(૪) શુક્ર સાથે શનિનો શુભ સંબંધ એ ખંત, ચીવટ અને ઝીણવટપૂર્વક કલાનો અભ્યાસ કરવાની વૃત્તિ આપે છે.

(૫) શુક્ર સાથે બુધની યુતિ હોય તો બોલવામાં વિશિષ્ટ મીઠાશ હોય છે. લાગણીભર્યા સંવાદો માટે જળતત્વ રાશિમાં બુધ - શુક્રનો સંબંધ જોવાય છે.

(૬) બુધ મિમિક્રી હાસ્ય - વિનોદનો ગ્રહ છે. તેથી બીજા સ્થાન સાથે બુધનો સંબંધનો કલાના ક્ષેત્રમાં મિમ્ગ્કરીનું સુચન કરે છે.

(૭) જળતત્વ રાશિમાં ચંદ્ર - શુક્રનો કેન્દ્ર સંબંધ થાય (દા.ત. ચંદ્ર કર્કમાં શુક્ર મકરમાં) તો ચિત્કાર થવાની શક્તિ આપે છે.

(૮) ચંદ્રથી શનિ - શુક્ર બંને કેન્દ્રમાં હોય અથવા. શુક્ર શનિની યુતિ ચંદ્રથી કેન્દ્રમાં થાય તો તે સંગીતની આંટીઘૂંટીઓમાં પારંગત કરે છે.

(૯) શુક્રનો ગુરુ સાથેનો સંબંધ એ સાત્વિક સંગીતનો શોખ આપે છે. શાસ્ત્રીય સંગીત (જો વધુ બળવાન હોય તો) અને ભક્તિસંગીતનો શોખ આપે છે. મીનનો ગુરુ એ શાં'તરીય કલામાં નિપુણતા આપે છે. તેથી પણ મીનના ગુરુ સાથે શુક્રની ગાઢ યુતિ થાય તો જાતકને શાસ્ત્રીય સંગીતનું જ્ઞાન આપે છે.

(૧૦) મંગળનો ત્રીજા સ્થાન સાથેનો સંબંધ એ અભિવ્યક્તિ માટે અગત્યનો છે. ત્રીજા કે પાંચમાં સ્થાનના અધિપતિ તરીકે ચંદ્ર, શુક્ર પરસ્પર સંબંધિત હોય અને તેના ઉપર મંગળની દૃષ્ટિ હોય તોપણ કલાદૃષ્ટિ અને અભિવ્યક્તિ સૂચવાય છે.

(૧૧) શુક્ર ઉપર નેપ્ચ્યુનની દૃષ્ટિ હોય, ચંદ્ર નેપ્ચ્યુન યુતિમાં હોય તો તેવા જાતકોમાં પોતાનું સર્જન કરવાની વિશિષ્ટ શક્તિ હોય છે. મૌલિક સર્જન કરી શકે છે. નવીનવી કલ્પનાઓ નવાનવા વિચારોથી સદાય મન પ્રવૃત્ત રહે છે. અને જો મંગળ ત્રીજા સ્થાન સાથે સંબંધિત હોય તો આવી મૌલિક કૃતિઓ રચાતી જ રહે છે. સંગીતકાર નવી તરજો સતત બનાવે છે; કવિ નવાં કાવ્યોની કલ્પના - પ્રેરણા મેળવે તે માટે નેપ્ચ્યુનનો સંબંધ મહત્વનો છે.

(૧૨) શુક્ર સાથે શનિનો સંબંધ એ પશ્ચિમ[illegible] કલા પ્રત્યે પ્રેમ આપે છે. જો કે મારી દૃષ્ટિએ [illegible] નવતર રીતે આ બાબતનો નિર્ણય કરવો જોઈએ. [illegible] કહેલા કારક ગ્રહોથી ઉત્પન્ન થતો યોગ જન્મકું[illegible] જે સ્થાનમાં થતો હોય તે સ્થાન ઉપર શનિની દૃ[illegible] હોય તો શનિની દૃષ્ટિ કયા સ્થાનમાંથી છે તેના આ[illegible] દિશાની અસર સૂચવવી જોઈએ. દા. ત. [illegible] કલાકાર વ્યક્તિને મેષનો શુક્ર, તુલાનો ચંદ્ર નેપ્ચ્યુ[illegible] અને કુંભનો શનિ છે અને મીન લગ્ન છે. તેથી [illegible] બારમા સ્થાનેથી શુક્ર ઉપર દૃષ્ટિ કરે છે તો તે જાતકં[illegible] પશ્ચિમ સંસ્કૃતિ નહીં પરંતુ પૂર્વના શાસ્ત્રીય સંગીત પ્ર[illegible] જ પ્રેમ ઝીણવટપૂર્વક ચીવટપૂર્વક અભ્યાસ કરવા[illegible] વૃત્તિ આપશે. કારણકે બારમું સ્થાન એ લગ્ન સ્થાન[illegible] નજીક છે. (લગ્ન સ્થાન એ પૂર્વ દિશા, સપ્તમ સ્થા[illegible] એ પશ્ચિમ દિશા સૂચવે છે) બીજી એક કલા[illegible] વ્યક્તિને મીનના સૂર્ય બુધ શુક્ર અને મકરના ગુ[illegible] શનિ છે અને કર્ક લગ્ન છે. તેથી શનિ એ સપ્ત[illegible] પશ્ચિમ સ્થાનમાંથી દૃષ્ટિ કરે છે. ગુરુ પણ શનિ સા[illegible] છે તે પશ્ચિમાત્ય સંગીત ગિટાર જેવાં તંતુવાદ્ય[illegible] સૂચન કરે છે.

(૧૩) સંગીતશાસ્ત્રમાં સુષિર અને તંતુવાદ્ય એ[illegible] પ્રકારનાં વાદ્યો છે. હવા ફૂંકીને વગાડી શકાય [illegible] સુષિર વાદ્યો છે અને તંતુવાદ્ય - તાર ઉપર પ્ર[illegible] કરવાથી વાગે છે તે તંતુવાદ્ય છે. વાંસળી, મોર[illegible] માઉથઓર્ગન, હારમોનિયમ, તબલાં, ઢોલક, ન[illegible] (ચામડાંની નીચે રહેલ હવાના આંદોલનોથી અવા[illegible] ઉદ્ભવે છે) વગેરે સુષિર વાદ્ય છે. જ્યારે રાવણહ[illegible] સિતાર, વીણા, ગિટાર, તંબૂરો, તાનપૂરો, એકતા[illegible] વગેરે તંતુવાદ્ય છે. સુષિર વાદ્યો વાયુતત્વ રાશિ સા[illegible] સંબંધિત છે. વળી મોં વડે હવા ફૂંકીને વગાડાતાં વા[illegible] માટે બીજું સ્થાન અને ત્રીજા સ્થાનનો પણ વિચા[illegible] કરવો જોઈએ. તેથી શુક્ર બીજે ત્રીજા સ્થાનનો [illegible] અધિપતિ હોય અને બીજી - ત્રીજે બેઠેલ હોય તે[illegible] મુખ દ્વારા વગાડાતા વાદ્ય વગાડવાનો શોખ આપે છે. જો શુક્ર વાયુતત્વ રાશિમાં હોય અથવા વાયુતત્વ[illegible] રાશિના ચંદ્રની તેના ઉપર પૂર્ણ દૃષ્ટિ હોય તો પ[illegible]

(અનુસંધાન પાનું ૨૨૮)

મંગળ, ગુરુ, શુક્ર અને શનિ – એક ઉદ્યોગપ્રિય ચોકડી

લેખક : શ્રી યોગેન્દ્રકુમાર ભૂપતરાય મુની
મુનીચોક, સિહોર (જિ. ભાવનગર)

ઔદ્યોગિક ક્ષેત્રે આ ચાર ગ્રહોનું મહત્ત્વ સમજાવી મંગળ અને શનિ અંગેનો યાંત્રિક અને તાંત્રિક દૃષ્ટિકોણ આપ્યો છે. એ જ રીતે ગુરુ અને શુક્ર આર્થિક ક્ષેત્રે કયા પ્રકારની શક્તિ પ્રદાન કરે છે તેનું પૃથક્કરણ કર્યું છે. સફળતા અને સિદ્ધિ પ્રાપ્ત કરવાં પાછળ રહેલા નિયમોને યોગના સ્વરૂપમાં સમજાવીને તેને લગતા કેટલાક ઉદાહરણ આપ્યા છે, જેથી રસિક વાચકને યોગ્ય માર્ગદર્શન મળશે.

જન્મકુંડળી એ માનવીના શારીરિક, માનસિક, વૈચારિક તેમ જ વલણોની તાદૃશ્ય રૂપરેખા આપે છે. જન્મકુંડળીના બાર ભાવો, આકાશીપટમાં છવાયેલી બાર રાશિઓ તથા નવ ગ્રહોનાં ગુણાત્મક સંયોજનો વિવિધ સ્વરૂપે પ્રકટ થઈ માનવીના શરીર, મન, બુદ્ધિ વગેરેનું ઘડતર કરે છે. બાર ભાવો બાર રાશિઓ તથા નવ ગ્રહોના મૂળભૂત ગુણધર્મો તથા પારસ્પરિક સંબંધોથી ઊપજતા ગુણધર્મોનું વિશ્લેષણ-પૃથક્કરણ કરવામાં આવે તો સદ્‌ગુણી અને પવિત્ર જ્યોતિષી જરૂરી માર્ગદર્શક બની શકે.

* વિક્રમ સંવત ૨૦૩૬ થી ૨૦૪૨ સુધીનાં (સં. ૨૦૩૭ સિવાયના) તમામ જન્મભૂમિ પંચાંગોમાં આ સંશોધન વિભાગમાં પ્રકાશિત થયેલા મારા તમામ લેખોમાં આ પ્રકારનું જ વિશ્લેષણ સઉદાહરણ જોવા મળશે. આ વર્ષના ૨૦૪૪ના આ પંચાંગમાં પણ આવો એક વિરલ દૃષ્ટિકોણ ધરાવતો, અનુભવસિદ્ધ અને માર્ગદર્શક લેખ રજૂ કરવામાં આવ્યો છે. આ લેખનું શિર્ષક છે. "મંગળ, ગુરુ, શુક્ર અને શનિ – એક ઉદ્યોગપ્રિય ચોકડી."

* આજના ઉદ્યોગપ્રધાન યુગમાં આ ગ્રહોની ચોકડી, જન્મકુંડળીના બાર ભાવો, રાશિઓ, સ્થાનાધિપતિઓના પારસ્પરિક સંબંધો માનવીને કઈ રીતે ઉદ્યોગલક્ષી બનાવે છે તેના સરળ યોગો સઉદાહરણ સમજાવવામાં આવેલ છે અને એ રીતે ઉદ્યોગલક્ષી વલણ ધરાવતી કોઈ પણ વ્યક્તિ ક્યા પ્રકારના ઔદ્યોગિક વ્યવસાયમાં વધુ સફળ નીવડી શકશે તેનું યોગ્ય માર્ગદર્શન આપમેળે મેળવી શકાશે.

* સહુપ્રથમ તો આપણે આ 'ચોકડી'ના સભ્ય ગ્રહોનો વિવિધ ઉદ્યોગો પરત્વેનો વિશિષ્ટ અભિગમ જાણીશું ત્યાર બાદ તેમની સ્વરાશિઓ, ઉચ્ચ રાશિઓ, તથા જન્મકુંડળીના વિવિધ ભાવો ક્યા પ્રકારના ઉદ્યોગો સાથે સંબંધિત છે તેનો અભ્યાસ કરીશું અને અંતમાં ક્યા પ્રકારના વિશિષ્ટ યોગો માનવીને ક્યા પ્રકારના ઔદ્યોગિક ક્ષેત્રમાં સફળતા આપે છે તેનું સઉદાહરણ વિશ્લેષણ જોઈશું.

* સહુ પ્રથમ મંગળ, ગુરુ, શુક્ર અને શનિ – એ ચાર ગ્રહોનું ઔદ્યોગિક ક્ષેત્રે ક્યા પ્રકારનું વલણ અને વર્ચસ્વ છે તે જોઈશું.

મંગળ :- મંગળ એ ભૂમિપુત્ર છે. અગ્નિ અને જળતત્ત્વના આ ગ્રહની મેષ અને વૃશ્ચિક સ્વરાશિઓ તેમ જ મકર રાશિ ઉચ્ચ રાશિ છે. મંગળ યાંત્રિક ઉદ્યોગો, શસ્ત્ર સરંજામ, ખનીજ પદાર્થો અને કોલસાની ખાણો, ખનીજ તેલ, તેમાંથી બનતાં ચોક્કસ પ્રકારનાં કૃત્રિમ રંગો-રસાયણો, પ્લાસ્ટિક ટેક્નોલૉજી, વિદ્યુત ટેક્નોલૉજી વગેરે સાથે ગાઢ સંબંધ ધરાવે છે. લગ્ને, સાતમે નવમે કે દશમે સ્વગૃહી કે ઉચ્ચના મંગળવાળા જાતકો અન્ય ગ્રહોના વિધેયાત્મક સહકારથી ઔદ્યોગિક ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરી શકે છે. મંગળ સાહસિકતાનું તેમ જ ઉતાવળી પ્રકૃતિનું પ્રતીક છે. આથી જે ક્ષેત્રમાં સાહસ તેમ જ શીઘ્ર નિર્ણયની આવશ્યકતા હોય તેવા સંજોગોમાં મંગળનું વિધેયાત્મક વલણ સાનુકૂળ પરિણામો આપે છે. વળી, મંગળ ધાતુસંજ્ઞક અને મૂળસંજ્ઞક ગ્રહ છે. આથી ધાત્વીય તેમ જ વાનસ્પતિક પેદાશોના ઉદ્યોગોમાં સબળ મંગળ સાનુકૂળ પરિણામો આપે છે.

ગુરુ : ગુરુ એ ધન અને મીન રાશિનો સ્વામી છે; જે અનુક્રમે અગ્નિ અને જળતત્ત્વની છે. વળી, કર્ક રાશિ તેની ઉચ્ચરાશિ છે. તે પણ જળતત્ત્વની છે. આમ ગુરુને અગ્નિ તથા જળતત્ત્વ સાથે વિશેષ સંબંધ છે. તદુપરાંત ગુરુ જીવસંજ્ઞક છે. ગુરુ ધનકારક ગ્રહ છે. આથી ઔદ્યોગિક ક્ષેત્રમાં આર્થિક સફળતાનું માપ ગુરુના, મંગળ અને શનિ સાથેના સંબંધોથી નીકળી શકે છે. નિર્બળ ગુરુ આર્થિક ક્ષેત્રે ખામી ઊભી કરી શકે છે. અલબત્ત ઉદ્યોગના કોઈ પણ યાંત્રિક-તાંત્રિક વિભાગમાં ગુરુનો પ્રત્યક્ષ ફાળો ન હોવા છતાં આર્થિક સફળતાનું માપ જે તેનો પરોક્ષ ફાળો હોવાથી તેનું મહત્ત્વ આપોઆપ વધી જાય છે. તદુપરાંત ઔદ્યોગિક ક્ષેત્રે પડેલી વ્યક્તિને સામાજિક દરજ્જો આપવામાં પણ ગુરુનું વિશેષ મહત્ત્વ છે.. માન-પ્રતિષ્ઠા, હોદ્દો વગેરેનું તે પ્રતીક છે.

શુક્ર :- શુક્રની વૃષભ અને તુલા સ્વારાશિઓ તથા મીન રાશિ ઉચ્ચ રાશિ છે. જે અનુક્રમે પૃથ્વી, વાયુ અને તત્ત્વ સાથે સંબંધિત છે. આથી ઔદ્યોગિક ક્ષેત્રમાં મહત્ત્વની રાશિઓ પૈકી વૃષભ રાશિ પૃથ્વીતત્ત્વની હોવાથી મહત્ત્વની છે. વળી ગુરુ ધનકારક ગ્રહ છે. તો શુક્ર અઢળક સમૃદ્ધિનો કારક છે. આર્થિક સફળતાનું માપ ગુરુથી નીકળી શકે તો આર્થિક સદ્ધરતાનું માપ શુક્રથી નીકળી શકે. વળી, ઉચ્ચ ગુણવત્તાવાળા ઉદ્યોગો, મોજશોખના

સંશોધન વિભાગ

સાધન-સામગ્રીને લગતા તથા સ્ત્રીઓને લગતી બનાવટોના ઉદ્યોગોમાં શુક્રનું બળાબળ સમજવું આવશ્યક છે. કલા-કારીગરી પ્રાધાન્ય ધરાવતા ઉદ્યોગોમાં પણ શુક્રનું મહત્ત્વ છે. ઉચ્ચ પ્રકારના કૃત્રિમ રેસામાંથી બનતા કાપડમાં શુક્ર અગત્યનો ભાગ ભજવે છે. શુક્ર ખાદ્યતેલના ઉદ્યોગોમાં પણ વિશેષ ભાગ ભજવે છે. તે ધાતુસંજ્ઞક તથા મૂળસંજ્ઞક છે. આથી ધાત્વીય અને વાનસ્પતિક એમ બંને પ્રકારના મિલઉદ્યોગોમાં તે સવિશેષ મહત્ત્વ ધરાવે છે.

શનિ :- શનિની મકર અને કુંભ સ્વરાશિઓ તથા તુલા રાશિ ઉચ્ચ રાશિ છે. જે અનુક્રમે પૃથ્વી, વાયુ અને વાયુતત્ત્વની છે. શનિ ધાતુસંજ્ઞક અને મૂળસંજ્ઞક છે. આથી ખનીજ પેદાશો કુદરતી તેલ, ગૅસ, લોખંડ, કોલસા, તેની ઉપપેદાશો વગેરે પર શનિનું મહત્ત્વ છે. ગુરુ ડહાપણ, સમજ અને જ્ઞાનનો કારક છે, તો શનિ સૂક્ષ્મ-કુશાગ્ર બુદ્ધિ, ધીરગંભીરતા અને ઊંડાણનો કારક છે. શનિના વિધેયાત્મક ગુણો માનવીને ધીમી પણ નક્કર પ્રગતિના પંથે લઈ જઈ શકે છે. મંગળની ઉતાવળી ગતિ પર શનિનું વ્યવસ્થિત નિયંત્રણ કેટલાંક દુષ્પરિણામો અટકાવી શકે છે. શનિનો એક ગુણ કસોટી કરવાનો છે. માનવી કસોટીમાંથી ધીરજપૂર્વક, ખંતપૂર્વક પાર ઊતરે અને ભાગ્યની પ્રબળતા હોય તો સિદ્ધિ-સફળતા હાંસલ થઈ શકે છે. આથી ઔદ્યોગિક ક્ષેત્રે શનિનું કારકતાની દૃષ્ટિએ પ્રત્યક્ષ અને અન્ય ગુણોની દૃષ્ટિએ પરોક્ષ એમ બંને રીતે મહત્ત્વ છે.

આમ ઔદ્યોગિક ક્ષેત્રના ચાર આધારસ્તંભો સમાન મંગળ, ગુરુ, શુક્ર અને શનિનું વ્યક્તિગત મહત્ત્વ સમજ્યા બાદ હવે તેની રાશિઓ અને જન્મકુંડળીના કેટલાક અગત્યના ભાવોનો ઉદ્યોગક્ષેત્ર સાથેનો સંબંધ

સમજીશું. મંગળની મેષ-વૃશ્ચિક, ગુરુની ધન-મીન, શુક્રની વૃષભ-તુલા તથા શનિની મકર-કુંભ રાશિઓને તેમના તત્ત્વ, સંજ્ઞક તથા સ્વભાવના ગુણધર્મો અનુસાર કોષ્ટકના સ્વરૂપમાં નીચે મુજબ ગોઠવી શકાય.

સ્વભાવ	ચર			સ્થિર			દ્વિસ્વભાવ		
સંજ્ઞક	ધાતુ	મૂળ	જીવ	ધાતુ	મૂળ	જીવ	ધાતુ	મૂળ	જીવ
તત્ત્વ	-	-	-	-	-	-	-	-	-
અગ્નિ	મેષ								ધન
પૃથ્વી	મકર				વૃષભ				
વાયુ	તુલા				કુંભ				
જળ					વૃશ્ચિક				મીન

ઉપરના કોષ્ટક પરથી આ ચાર ગ્રહોની સ્વરાશિઓના તાત્ત્વિક, સંજ્ઞક તથા સ્વાભાવિક ગુણધર્મોનો સ્પષ્ટ ખ્યાલ આવી જશે. આ રાશિઓ પૈકી મંગળની મેષ-વૃશ્ચિક, ગુરુની ધન, શુક્રની વૃષભ અને શનિની મકર-કુંભનું ઔદ્યોગિક ક્ષેત્રે સવિશેષ મહત્ત્વ રહેલું છે. આ રાશિઓને જન્મકુંડળીના નૈસર્ગિક ભાવો સાથે પણ ઘનિષ્ઠ સંબંધ છે. તેને નીચે મુજબ સમજી શકાય.

મંગળની મેષ તથા વૃશ્ચિક રાશિ :- મેષ રાશિનો જન્મકુંડળીના પ્રથમ ભાવ સાથે સંબંધ છે. મેષ રાશિ ચર સ્વભાવની, અગ્નિતત્ત્વની તથા ધાતુસંજ્ઞક હોવાથી મંગળમાં આ વિધેયાત્મક ગુણો રહેલા છે. આથી ઉદ્યોગક્ષેત્રમાં મહત્ત્વના વિશિષ્ટ ગુણો સાહસ, ઉદ્યમશીલતા, પ્રવાસ, યશ, પરાક્રમ તથા મહત્ત્વાકાંક્ષા વગેરે મેષ રાશિ તથા મંગળ દ્વારા પ્રગટ થાય છે. મેષ રાશિનું લગ્ન હોય અથવા મેષનો મંગળ લગ્ને, છઠ્ઠે, સાતમે કે દશમે રહેલો હોય તો વ્યક્તિમાં આ પ્રકારના ગુણો વિશેષ જોવા મળે છે. યાંત્રિક પ્રક્રિયા, લોખંડના ઉદ્યોગો વગેરે સાથે મેષ રાશિને સંબંધ છે.

વૃશ્ચિક રાશિ સ્થિર સ્વભાવની, જળતત્ત્વની તથા મૂળસંજ્ઞક છે. આથી રંગ-રસાયણો, ખનીજની પ્રવાહી પેદાશો, કૃત્રિમ બનાવટો તથા વાનસ્પતિક ઔષધોને લગતા ઉદ્યોગોમાં તે સક્રિય ભાગ ભજવે છે.

વળી, આ રાશિ જન્મકુંડળીના આઠમા ભાવ સાથે સુસંગતતા ધરાવે છે. આથી જે ઉદ્યોગોમાં પેટન્ટ બનાવટો હોય, તેની ફોર્મ્યુલા અપ્રકાશિત (ગુપ્ત) રાખવાની હોય તેવા ઉદ્યોગો સાથે સંકળાયેલ વ્યક્તિઓની કુંડળીઓમાં વૃશ્ચિક રાશિ, મંગળ, આઠમો ભાવ અને અષ્ટમેશ બળવત્તર હોય છે. આઠમો ભાવ ગૂઢ અને રહસ્યમય બાબતો સાથે સંબંધિત છે. અલબત્ત, મેષ રાશિ મંગળની વિધેયાત્મક રાશિ છે. જ્યારે વૃશ્ચિક રાશિ કંઈક અંશે નિષેધાત્મક વલણ ધરાવે છે. કારણ કે મંગળના મહદંશે વિધેયાત્મક ગુણો મેષ રાશિને અનુરૂપ છે. જ્યારે તેના કેટલાક અમુક વિશિષ્ટ ગુણો જ વૃશ્ચિક રાશિને અનુરૂપ છે.

ગુરુની ધન તથા મીન રાશિ : ધન રાશિ અગ્નિતત્વની દ્વિસ્વભાવની તથા જીવસંજ્ઞક છે. તે પૈકી અગ્નિતત્ત્વ અને જીવસંજ્ઞક ઉદ્યોગક્ષેત્રો માટે વધુ સાનુકૂળ છે. વળી ધન રાશિ કુંડળીના નવમા ભાવ સાથે સુસંગત છે. ગુરુ નવમા સ્થાનનો કારક છે. આથી ગુરુ અથવા ભાગ્યેશ ઉચ્ચનો થઈ નવમા સ્થાન સાથે કે ધન રાશિ સાથે સંબંધિત હોય તો આર્થિક બાબતોની સાનુકૂળતા-સફળતા વગેરે પ્રાપ્ત થયા કરે છે. ગુરુની બીજી મીન રાશિ પણ દ્વિસ્વભાવ તથા જીવસંજ્ઞક છે. પરંતુ તે જળતત્ત્વની હોવાથી ઔદ્યોગિક ક્ષેત્રે તેનું વિશેષ મહત્ત્વ નથી.

શુક્રની વૃષભ તથા તુલા રાશિ : વૃષભ રાશિ પૃથ્વીતત્ત્વની, સ્થિર સ્વભાવની તથા મૂળસંજ્ઞક છે. આથી વાનસ્પતિક ઉદ્યોગોમાં તે મહત્ત્વ ધરાવે છે. વળી, કુંડળીમાં તે બીજા ભાવ સાથે સંબંધિત છે. બીજો ભાવ ધનની આવકનું પ્રમાણ દર્શાવે છે. આથી શુક્ર કે દ્વિતીયેશ ઉચ્ચનો થઈ બીજા સ્થાન કે વૃષભ રાશિ સાથે સંબંધિત હોય તો આર્થિક સરળતા ઉપરાંત સદ્ધરતા પણ પ્રાપ્ત થાય છે. જ્યારે તુલા રાશિ વાયુતત્ત્વની, ચર સ્વભાવની તથા ધાતુસંજ્ઞક હોવાથી કંઈક અંશે મંગળના ગુણો વિશેષ પ્રગટ કરે છે. તુલાનો શુક્ર, મંગળ કે શનિ, લગ્ને, સાતમે, નવમે કે દશમે આર્થિક પ્રગતિસૂચક છે. વળી, તુલા રાશિ કુંડળીના સાતમા સ્થાન સાથે સંબંધિત હોવાથી તે "ભાગીદારી" સંબંધિત બાબતો પર મહત્ત્વ ધરાવે છે. ઉદ્યોગક્ષેત્રે વ્યક્તિ એકાંકી ભાગ ભજવવાને બદલે ભાગીદારીમાં પ્રવૃત્તિ કરે છે. ભાગીદારીથી લાભ-હાનિ વગેરેનું માપ તુલા રાશિ, સપ્તમેશ કે શુક્ર પરથી જાણી શકાય છે. શુક્ર કે સપ્તમેશ ઉચ્ચનો હોય અને સાતમા સ્થાન સાથે કે તુલા રાશિથી સંબંધિત હોય તો ભાગીદારીથી લાભ થવાની શક્યતા રહે છે.

શનિની મકર તથા કુંભ રાશિ : મકર રાશિ પૃથ્વીતત્ત્વની, ચર સ્વભાવની તથા ધાતુસંજ્ઞક છે. આથી આ રાશિ દ્વારા મંગળના વિધેયાત્મક ગુણો સવિશેષ પ્રગટ થાય છે. (આથી જ તે મંગળની 'ઉચ્ચ' રાશિ ગણાતી હશે !) વળી, જન્મકુંડળીના અગત્યના કર્મસ્થાન દશમભુવન સાથે તે નૈસર્ગિક સંબંધ ધરાવે છે. આથી આ રાશિનું મહત્ત્વ કર્મની દૃષ્ટિએ આપોઆપ વધી જાય છે. "કર્મ થકી ભાગ્યનું ઘડતર થઈ શકે" તે મુજબ આ રાશિ, તેમાં રહેલ ગ્રહ અને દશમેશ જેટલા પ્રમાણમાં બલિષ્ઠ બને તેટલા પ્રમાણમાં વ્યક્તિ પ્રગતિ સાધી શકે અને તે રીતે. શનિ કે દશમેશ ઉચ્ચનો હોય ત્યારે સ્વાભાવિક રીતે જ વ્યક્તિ માન, પદ-પ્રતિષ્ઠા પામી શકે છે. કુંભ રાશિ સ્થિર સ્વભાવની, વાયુતત્ત્વની તથા મૂળસંજ્ઞક છે. વળી, તે કુંડળીના ૧૧મા લાભભુવન સાથે સંબંધિત છે. ૧૧મું સ્થાન, કર્મસ્થાનથી બીજું સ્થાન છે. આથી કર્મ દ્વારા આજીવિકાનું માપ કુંભ રાશિનો સ્વામી શનિ અને કુંડળીનો લાભેશ એ બે પૈકી જે ગ્રહ વધુ બલિષ્ઠ હોય તેના પરથી નીકળી શકે છે. સામાન્ય રીતે શનિ અને લાભેશ બંને બલિષ્ઠ હોય તો ઉદ્યોગ દ્વારા સમૃદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે.

આમ ઉદ્યોગક્ષેત્રના ચાર આધારસ્થંભો મંગળ, ગુરુ, શુક્ર અને શનિ તથા તેમની સ્વરાશિઓનું ઉદ્યોગ ક્ષેત્ર પરત્વેનું વલણ સમજ્યા બાદ વ્યક્તિને ઔદ્યોગિક ક્ષેત્રમાં દોરી જવા પાછળ અને તેમાં સફળતા-આર્થિક સિદ્ધિ હાંસલ કરવા પાછળ ક્યા પ્રકારના ચોક્કસ યોગો ભાગ ભજવે છે તે યોગો વિષે જોઈશું.

નીચે મુજબ યોગો પૈકી જેટલા પ્રમાણમાં વધારે યોગો કુંડળીમાં નીપજતા હોય તેટલા પ્રમાણમાં ઔદ્યોગિક ક્ષેત્રે વ્યક્તિને સુદૃઢ વલણ, આર્થિક સફળતા-સદ્ધરતા તથા માન-પ્રતિષ્ઠા, હોદ્દો પ્રાપ્ત થાય છે.

યોગો :-

(૧) **લગ્ન યોગ :-** મેષ, વૃષભ, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ કે મીન લગ્ન હોય.

(૨) **લગ્નેશ યોગ :-** કોઈ પણ રાશિનું જન્મ લગ્ન હોય પરંતુ લગ્નેશ ઉપર્યુક્ત પૈકી કોઈ પણ એક રાશિમાં હોય અથવા ઉચ્ચનો હોય.

(૩) **કારક ગ્રહ યોગ :-** મંગળ, ગુરુ, શુક્ર કે શનિ ઉપર્યુક્ત રાશિમાં દૃષ્ટિ, યુતિ કે પ્રતિયુતિથી સંબંધિત હોય અથવા ઉચ્ચના હોય અને લગ્ને સાતમે, નવમે કે દશમે રહેલા હોય અથવા પરિવર્તન યોગ કરતા હોય.

(૪) **સ્થાનેશ યોગ :-** લગ્નેશ, દ્વિતીયેશ, સપ્તમેશ, અષ્ટમેશ, નવમેશ, દશમેશ કે લાભેશ ઉપર્યુક્ત પૈકી કોઈ એક અથવા વધુ રાશિમાં સ્થિતિ યુતિ, પ્રતિયુતિ કે દૃષ્ટિથી સંબંધિત હોય અથવા ઉચ્ચ રાશિમાં હોય.

(૫) **કારક+સ્થાનેશ યોગ :-** યોગ નં. ૪માં દર્શાવેલ સ્થાનેશો પૈકી ઓછામાં ઓછા ત્રણ ગ્રહો, આ ઔદ્યોગિક ક્ષેત્રના ચાર કારક ગ્રહો પૈકી કોઈ પણ બે કે તેથી વધુ સાથે યુતિ, પ્રતિયુતિ કે દૃષ્ટિથી સંબંધિત હોય.

[નોંધ :- ઉપરનો યોગ નં. ૫ તો લગભગ ઘણેખરે જોવા મળશે જ કારણ કે સાત રાશ્યાધિપતિ ગ્રહો પૈકી ચાર ગ્રહો તો આ ક્ષેત્રના કારક ગ્રહો છે. તેથી મોટા ભાગની કુંડળીઓમાં આ યોગ થાય જ]

હવે, ઉપર્યુક્ત સિદ્ધાંતો તથા યોગ સમુચ્ચયના નિયમો સમજ્યા પછી કેટલાંક ઉદાહરણો સવિવરણ સમજીશું અને અંતમાં કેટલીક કુંડળીઓની વિગતો સ્વઅધ્યયનાર્થે આપીશું. જેમાંથી જ્યોતિષરસિક અભ્યાસીઓ આપમેળે જ ઉપરના સિદ્ધાંતોની ચકાસણી કરી લેશે.

આ ઉદાહરણ વિભાગમાં કેટલાક નામાંકિત ઉદ્યોગપતિઓની કુંડળીઓની સવિવરણ ચર્ચા કરેલી છે. વિસ્તારભયથી કેટલાક વિશિષ્ટ ઉદ્યોગલક્ષી જ કુંડળીઓની ચર્ચા કરી છે અને અંતમાં સ્વઅધ્યયનાર્થે કેટલીક કુંડળીઓ, ક્યા ઉદ્યોગો સાથે સંકળાયેલી તેની વિગતો સાથે આપી છે.

(અનુસંધાન પાનું ૨૨૭)

આકાશ પરિચય

કાર્તિક માસ (તા. ૨૩-૧૦-૮૭થી ૨૧-૧૧-૮૭)

આકાશદર્શન : નવા સંવત્સરની નૂતન ચંદ્રકોરના દર્શન તા. ૨૪ના સુર્યાસ્ત પછી પશ્ચિમમાં ૧૯ ક. ૧૬ મિ. સુધી થશે. નજીકમાં જ દક્ષિણમાં વિશાખાના તારા હશે. મંગળ મહારાજ સૂર્યોદય પુર્વે સવારના પૂર્વમાં દોઢ કલાક દર્શન આપશે. હસ્ત નક્ષત્ર નજીક મંગળ જોશો. પ્રારંભમાં અસ્તંગત રહેલ બુધ મહારાજ ૨ નવેંબરથી સવારે સૂર્યોદય પૂર્વે અડધો કલાક દેખાશે. લીલા રંગનો બુધ ને લીલા રંગની ચિત્રા નજીક નજીક હશે. તો ગુરુ મહારાજ હવે સારી રીતે ઓળખાશે ને તે વક્રી થઈ પૃથ્વી નજીક આવતા હોવાથી તેનું બિંબ પણ મોટું દેખાશે. સુર્યાસ્ત પછી પૂર્વમાં અડધા કલાકે જ ગુરુ ઠીક ઠીક ઉપર આવેલ હશે ને રાત્રીભર આકાશમાં રહેશે. તો પ્રણયી શુક્ર સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં સુમારે કલાક સુધી આકાશમાં રહેશે તો શનિ મહારાજ પણ સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં દોઢ કલાક દેખાશે. ૨૦ નવેંબરના શુક્ર-શનિની યુતિ થશે તે વખતે પશ્ચિમમાં શનિની દક્ષિણે શુક્ર જોઈ શકાશે. નજીકમાં લાલ રંગની જ્યેષ્ઠા હશે. વૃધ્ધ શનિની નજીક તરુણ શુક્ર શારદા વિવાહ જેવા દેખાશે.

નક્ષત્રદર્શન : આકાશદર્શન માટે આ અતિશય સારો સમય છે. આકાશ સ્વચ્છ અને રાત્રિભર અંધકાર હોવાથી નક્ષત્ર સ્પષ્ટ અને સ્વચ્છ દેખાશે. સુર્યાસ્ત પછી પશ્ચિમમાં જરા નૈઋત્યમાં અનુરાધા અને પ્રચંડ જ્યેષ્ઠા ક્ષિતિજ ભણી સરકતી હશે તો મૂળ નક્ષત્ર માત્ર વીંછીના નાગ જેવો દેખાશે. જરા ઉપર ધનરાશિની આકૃતિ હશે તો સવારે ૮ વાગે માથા પર ત્રણ આડા તારા અને લીલા રંગનો તેજસ્વી શ્રવણ, ત્રિકોણી અભિજીત અને હંસપક્ષી હશે, દક્ષિણમાં બે તારાનો બગલો હશે. માથા પર મૃદંગ જેવી ધનિષ્ઠા અને તેની ઉપર વર્તુળાકૃતિ શતતારકા હશે. પાછળ પૂર્વમાં પૂર્વા અને ઉત્તરાભાદ્રપદનો ચતુષ્કોણ ઊંચે હોવાથી નાનો દેખાશે તો ઉત્તરમાં 'M' આકારની શર્મિષ્ઠા હશે. ઉત્તરાભાદ્રપદની પૂર્વ ભણી, તેની વચ્ચે રહેલા ત્રણ તારાની દેવયાની કેવી તેજસ્વી દેખાશે તો પાછળ ધનુષ્યા કૃતિવાળો યયાતિ જરા ખિન્ન દેખાશે તેની લગોલગ રૂપવિકારી દેખાશે. રાત્રે ૧૦ વાગે પૂર્વમાં 'J' આકારની અશ્વિની સુંદર દેખાશે તો પાછળ ત્રિકોણી ભરણી અને તેની પાછળ કૃતિકાનો ગુચ્છ ઝળકતો હશે. દક્ષિણમાં યમુના નદી પ્રસરેલી હશે, નજીકમાં મત્સ્ય મુખ હશે, રાત્રે ૧૧ના જરા માથા પર 'V' આકારની રોહિણી અને તેની ઉત્તરમાં પિળા રંગનો સારથી ઉર્ફે બ્રહ્મહૃદય, લીલા રંગનો પ્રજાપતિ અને સફેદ રંગનો અગ્નિ હશે. પાછળ મૃગશીર્ષ ભવ્ય પ્રસરેલા હશે તેમાં પાછળ પૂર્વમાં લાલ રંગનો ભરત ઉર્ફે બેટલમૂજ કેવો સુંદર દેખાશે. તો પાછળ અગ્નિમાં નીલાશ પડતા રંગનો વ્યાઘ્ર ઉર્ફે બૃહબલ્બંધક દેખાશે. સવારે એક વાગે પૂર્વમાં પુનર્વસુના ચાર તારા સક્કરપારા જેવો દેખાશે. તેમાં નારંગી રંગનો પોલકસ અને સફેદ રંગનો કાસ્ટર સીધા દેખાશે. પાછળ જરા દક્ષિણમાં ૧ આંકડા જેવો આશ્લેષા અને તેની નજીક ઉત્તરમાં ત્રિકોણી પુષ્ય હશે. તેની જાળી સ્પષ્ટ દેખાશે સવારે બે વાગે પૂર્વમાં કોયતાના આકારનો મઘા અને તેની પાછળ પુર્વા અને ઉત્તરા ફાલ્ગુનીના નાના ચતુષ્કોણ હશે તો ઈશાનમાં સપ્તઋષિના તારા દેદિપ્યમાન હશે. ઉત્તરમાં ધ્રુવ સારી રીતે સ્પષ્ટ દેખાશે તો દક્ષિણમાં નીલા રંગનો અગસ્તિ કેવો પ્રસન્ન દેખાય છે. આકાશ બહુ જ મનોહર દેખાશે.

માર્ગશીર્ષ માસ (તા. ૨૨-૧૧-૮૭ થી ૨૦-૧૨-૮૭)

આકાશદર્શન : માર્ગશીર્ષ મહિનાની શીતલ અને નૂતન ચંદ્રકોર તા. ૨૨ના સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં ૧૮ ક. ૫૨ મિ. સુધી ક્ષિતિજ પર રહેશે. નજીકમાં જ્યેષ્ઠાનો તારો લાલ દીવા જેવો દેખાશે. મંગળ મહારાજનું આકાશમાં દેખાવાનું દિવસે દિવસે વધતું જશે. સુર્યોદય પૂર્વે ૨ કલાક તે પુર્વમાં હાજર રહેશે. બુધ મહારાજ તા. ૩ ડિસેમ્બર સુધી પૂર્વમાં સૂર્યોદય પૂર્વે અડધો પોણો કલાક દેખાશે. ૧૫ ડિસેંબરના તે માર્ગી થશે. ગુરૂ મહારાજ પોતાની વક્રી ગતિ અટકાવીને માર્ગી ગતિથી આગળ ને આગળ જતા દેખાશે અને વધુ તેજસ્વી દેખાશે. સૂર્યાસ્ત પછી તે પૂર્વમાં ખુબ જ ઉપર આવેલા હશે અને રાત્રિભર આકાશમાં રહીને દર્શન આપશે. તો પશ્ચિમ બાજુએ પ્રણયી શુક્ર હશે. સૂર્યાસ્ત પછી દોઢથી બે કલાક તે પશ્ચિમમાં દર્શન આપી મન મોહી લેશે. શરૂઆતમાં આઠથી દસ દિવસ સુર્યાસ્ત પછી પશ્ચિમમાં અડધો કલાક દર્શન દઈ શનિ મહારાજ પશ્ચિમમાં મહિનાની રજા પર જશે. ૧૨ ડિસેંબરના સુર્ય પરમ તેજસ્વી દેખાશે.

નક્ષત્રદર્શન : શ્રી દત્તાત્રયના આ જન્મ માસમાં રાત્રીના આકાશ રંગબેરંગી દીપમાલા વડે સજ્જ દેખાશે. સુંદર અને પવિત્ર મૃગશીર્ષ રાત્રીભર આકાશમાં દર્શન આપશે. સુર્યાસ્ત પછી થોડી જ વખતે નૈઋત્યમાં જરા ઉપર મુળની પૂંછડી નીચે જતી હશે, તો જરા ઉપર પૂર્વા અને ઉત્તરાષાઢાના પૂંજ હાથીની અંબાડી જેવા દેખાશે. પશ્ચિમમાં ખુબ ઉપર સામે ગરુડ ઉર્ફે શ્રવણ તો ત્રિકોણી અભિજીત અને હંસપક્ષીની પાંખ પ્રસરેલ હશે. વાયવ્યમાં વૃષપર્વા નીચે જતાં જણાશે તો નૈઋત્યમાં બગલો સ્પષ્ટ દેખાશે. માથા પર ધનિષ્ઠાની મૃદંગ જેવી આકૃતિ અને તેની ઉપર વર્તુળાકૃતિ શતતારકા હશે. રાત્રે આઠ અને સાડાઆઠ વાગે માથા પર પૂર્વા અને ઉત્તરાભાદ્રપદનો ચતુષ્કોણ હશે. તેની જરા ડાબી બાજુએ ઉચ્ચૈશ્રવાની ઘોડાની આકૃતિ સ્પષ્ટ હશે તો ઉત્તરમાં શર્મિષ્ઠાની 'M' આકારની આકૃતિ એકદમ સ્પષ્ટ ચમકતી હશે. ઉત્તરાભાદ્રપદના ઉત્તર પૂર્વ ભણી તેમાંના દેખાતા ત્રણ તારામાંથી દેવયાની કેવી શાંત ભાસે છે તો નજીકમાં પૂર્વમાં રૂપવિકારી યયાતિ ધનુષ્યાકૃતિમાં થોડાથોડા દિવસે તેજ બદલતા દેખાશે. ત્યાં ઉત્તરમાં ધ્રુવ તારો બહુ જ સ્પષ્ટ દેખાવા લાગશે તો દક્ષિણમાં યમુના પ્રસરેલી હશે. નજીકમાં મત્સ્ય મુખ હશે. રાત્રે સાડા દસ વાગે માથાં પર રથના ચાક જેવો અશ્વિની હશે તે વાંકાં વળીને દેખાવ કરતો ભાસશે. પાછળ ભરણીનું ફિક્કું ત્રિકોણ અને તેની પાછળ કૃતિકાના ખુલ્લા ગુચ્છ ઝળકતા હશે. તેની નજીક ઉત્તરમાં પીળા રંગનો બ્રહ્મહૃદય, પીળા રંગનો અગ્નિ અને લીલા રંગનો પ્રજાપતિ હશે. પૂર્વમાં 'V' આકારની ગુલાબી રોહિણી સુંદર દેખાશે. કૃતિકાના ગુચ્છને શિંગડા, રોહિણી એ બળદના માથાનો ભાગ માનીએ તો વૃષભ રાશિનો બળદ આબેહૂબ દેખાશે. તો પાછળ ભવ્ય મૃગશીર્ષ પ્રસરેલો હશે. તેની પાછળ બે પૈડાં પૈકી ભરત ઉર્ફે લાલ રંગનો રાજન્ય સ્પષ્ટ ભાસશે. તો અગ્નિ દિશામાં નીલાશ પડતા રંગનો પહેલી પ્રતિનો તેજસ્વી વ્યાઘ્ર હશે. મૃગની જરા પૂર્વમાં આર્દ્રાના બાહુ હશે. સુમારે ૧૦ વાગે પૂર્વમાં ઊંચે જોડિયા ભાઈ જેવા પુનર્વસુના ચાર તારા સુંદર દેખાશે, તો જરા પૂર્વમાં ત્રિકોણાકૃતિ પુષ્ય અને તે માંહેલી જાળી સ્પષ્ટ દેખાશે. પુષ્યની જરા દક્ષિણમાં સાપોના વિટોળા જેવી આશ્લેષા સારી રીતે ઝળકતી હશે. દક્ષિણમાં યમુના અને વાસુકીની ડોક આવતી દેખાશે. પૂર્વમાં કોયતાના આકારની મઘા કેટલી તેજસ્વી અને પ્રખર દેખાય છે અને પાછળ જ પૂર્વા અને ઉત્તરાફાલ્ગુનીના નાના ચતુષ્કોણમાં આબેહૂબ સિંહ રાશિ દેખાશે, તો તેની જરા ઉત્તરે લઘુસિંહ હશે. ઈશાનમાં સપ્તર્ષિનો તારો મોટો અસ્વાલ જેવો ભાસશે. તેમાંના તારા ધ્રુવ તરફ પૂર્વ ભણી ઝૂકેલા હશે. મઘાનો યોગ તારો તેની સીધી લીટીમાં હશે તો દક્ષિણમાં વાસુકી હૃદય હશે. સપ્તઋષિમાંનો વશિષ્ટ નજીકની અરૂંધતી સ્પષ્ટ દેખાશે તો તેની સીધી લીટીમાં દક્ષિણમાં અને તેની પૂર્વમાં દાઢીના બ્રશ જેવી અરૂંધતી કેશના ગુચ્છા પ્રસારેલ સ્પષ્ટ દેખાશે. સવારે ત્રણ સાડાત્રણ વાગે દક્ષિણમાં હાથના પંજા જેવો હસ્ત અને નજીકમાં મોતી જેવી ચિત્રા હશે. તેમ જ પૂર્વમાં સોનેરી સ્વાતિ સ્પષ્ટ દેખાશે. સવારે ચાર કે સાડાચારના દક્ષિણમાં હસ્તની નીચે પતંગ જેવો ત્રિશંકુ અને પાછળ ચિત્રા અને બ્રહ્મા હશે, તો સ્વાતિની પાછળ ભવ્ય ઉત્તરમુકૂટ હશે. ઉત્તરમાં શૌરિમુકુટ જરા સ્પષ્ટ દેખાતો હશે.

પૌષ માસ (તા ૨૧-૧૨-૮૭ થી ૧૭-૧-૮૮).

આકાશદર્શન : પૌષ માસની નૂતન ચંદ્રકોરના દર્શન તા. ૨૨ના સુર્યાસ્ત પછી ૧૯ ક. ૫૨ મિ. સુધી પશ્ચિમ ક્ષિતિજ પર હશે. નજીકમાં જ આષાઢ પૂંજ હશે. મંગળ મહારાજ પૂર્વમાં સૂર્યોદય પુર્વે ૨ કલાક દર્શન આપશે. વિશાખા નક્ષત્રથી નજીક મંગળ

દેખાશે તો રજા પર ગયેલા શનિ મહારાજ ૩૧ ડિસેંબરથી સૂર્યોદય પૂર્વે પ્રથમ પોણો કલાક અને પછી ધીરેધીરે વધતા સમય સુધી હાજરી આપશે. બુધ મહારાજ હવે ઘણો જ સમય અસ્તંગત જ હશે. ૧૧ જાન્યુઆરીથી શુક્ર બરોબર પશ્ચિમમાં દેખાશે. સૂર્યાસ્ત પછી ને દક્ષિણમાં પોણો કલાક દર્શન આપશે. તો પ્રણયી શુક્ર સૂર્યાસ્ત પછી ૨ કલાક પશ્ચિમમાં ઝળકતા રહી આકાશનું સૌંદર્ય વધારશે, તો તેની ઉપર આવેલ ગુરુ મહારાજ ૪ કલાક દર્શન આપશે. દક્ષિણમાં બુધ પછી શુક્ર અને તેની પર ગુરુ હશે ને બધા એક સીધી લીટીમાં જોવા મળશે.

કદીમી પંચાંગ ઈરાની જરથોસ્તી (સાસાનિ) રાજ્યાની (યઝદેઝરદ ત્રીજો ૧૦.૬ ઈ. સ. ૬૩૩) ના સમયથી ચાલતો આવેલ છે. જ્યારે શહેનશાહી સન તેઓ આઠમી સદીમાં હિંદ (સંજાણમાં વસ્યા) આવ્યા ત્યારથી તે સનને શહેનશાહી નામ આપેલા છે. છતાં કદીમી પંચાંગ શહેનશાહીથી ૩૦ દિવસ આગળ હોઈ વર્ષારંભ વહેલો થાય છે.

કેટલાક જરથોસ્તીઓ સ્વ. પદમ ગોદરેજની કાલગણના મુજબ નિરયન સૂર્ય મેષસંક્રમણ તા. ૧૪ મી એપ્રિલથી (ફસલી) વર્ષારંભ માને છે.

પારસીઓના બાર મહિનાના નામો-દિવસ ૩૬૦

૧ ફરવરદીન	૫ અમરદાદ	૯ આદર
૨ અરદીબેહેસ્ત	૬ શહેરેવર	૧૦ દએ
૩ ખોરદાદ	૭ મહેર	૧૧ બહમન
૪ તીર	૮ આવાં	૧૨ સ્પેંદારમદ

પારસીઓના ૩૦ રોજના નામો

૧ અહુરમજ્દ	૧૧ ખોરશેદ	૨૧ રામ
૨ બહમન	૧૨ મોહોર	૨૨ ગુઆદ
૩ અરદીબેહેસ્ત	૧૩ તીર	૨૩ દેપદીન
૪ શેહરેવર	૧૪ ગોશ	૨૪ દીન
૫ સ્પેંદારમદ	૧૫ દેપમેહેર	૨૫ આશીશવંઘ
૬ ખોરદાદ	૧૬ મેહેર	૨૬ આસ્તાદ
૭ અમરદાદ	૧૭ સરોશ	૨૭ આસ્માન
૮ દેપાદર	૧૮ રશને	૨૮ જમીઆદ
૯ આદર	૧૯ ફરવરદીન	૨૯ મારેસ્પંદ
૧૦ આવાં	૨૦ બેહરામ	૩૦ અનેરાન

પારસી પંચાંગમાં દરેક માસના દિવસ ૩૦ ઠરાવાયેલા છે, જ્યારે વર્ષ ૩૬૫ દિવસનું હોય છે. જેથી વર્ષના અંતે છેલ્લા પાંચ દિવસને ગાથાની ઉપમા આપી ઉમેરો કરવામાં આવે છે તેની વિગત:

પારસીઓના પાંચ ગાથાઓનાં નામ

૧ અહુનુઆદ ૩ સ્પેંતોમદ ૫ વહેસ્તોઈસ્ત
૨ આસ્તુઅદ ૪ વોહુખશથ્ર.

નક્ષત્રો–રાશિઓ–ગ્રહો

ચર-ચલ-પૂનર્વસુ, સ્વાતિ, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા; અને સોમવાર; વાહન; વાડી વગેરે કાર્યની સિદ્ધિ કરનાર છે.

લઘુ-ક્ષિપ્ર- અશ્વિની, પુષ્ય, હસ્ત, અભિજિત અને ગુરુવાર; વ્યાપાર; વિલાસ; જ્ઞાન તથા ઔષધીના કાર્યમાં સિદ્ધિ આપનાર છે.

મૃદુ-મૈત્ર-મૃગશીર્ષ, ચિત્રા, અનુરાધા, રેવતી, અને શુક્રવાર; મૈત્રી તથા માંગલિક કાર્યોની સિદ્ધિ આપનાર છે.

ધ્રુવ-સ્થિર-રોહિણી, ઉ.ફા., ઉ. ષા, ઉ. ભા., અને રવિવાર; વાવેતર વાસ્તુ વગેરે કાર્યની સિદ્ધિ કરનાર છે.

દારુણ-તીક્ષ્ણ-આર્દ્રા, આશ્લેષા, જ્યેષ્ઠા, મૂળ, અને શનિવાર; ક્લેશ, બંધન, પશુઓને કેળવવાં વગેરે કાર્યની સિદ્ધિ કરનાર છે.

ક્રૂર-ઉગ્ર-ભરણી, મઘા, પૂ.ફા., પૂ.ષા., પૂ.ભા., અને મંગળવાર; ઘાત, મારણ વગેરે કાર્યોની સિદ્ધિ કરનાર છે.

મિશ્ર-સાધારણ-કૃતિકા, વિશાખા, અને બુધવાર; યજ્ઞ, અગ્નિહોમ વગેરે કાર્યોની સિદ્ધિ કરનાર છે.

નક્ષત્રોનાં મુખ

અધોમુખ નક્ષત્રો - ભરણી, કૃતિકા, આશ્લેષા મઘા, પૂ.ફા., વિશાખા, મૂળ, પૂ.ષા., પૂ.ભા., આ નક્ષત્રો ખાતાદિ કાર્યોની સિદ્ધિ કરનાર છે.

તિર્યઙ્મુખ નક્ષત્રો - અશ્વિની, મૃગશીર્ષ, પુનર્વસુ, હસ્ત, ચિત્રા, સ્વાતી, અનુરાધા, જ્યેષ્ઠા, રેવતી, આ નક્ષત્રો યાત્રાદિ કાર્યોની સિદ્ધિ કરનાર છે.

ઊર્ધ્વમુખ નક્ષત્રો - રોહિણી, આર્દ્રા, પુષ્ય, ઉ.ફા., ઉ. ષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, ઉ. ભાદ્ર., આ નક્ષત્રો ધ્વજ અભિષેકાદિ કાર્યોમાં શુભ છે.

આંધળાં નક્ષત્રો	કાણાં નક્ષત્રો	ચીબડાં નક્ષત્રો	દેખતાં નક્ષત્રો
રોહિણી	મૃગશીર્ષ	આર્દ્રા	પુનર્વસુ
પુષ્ય	આશ્લેષા	મઘા	પૂર્વાફાલ્ગુની
ઉ. ફાલ્ગુની	હસ્ત	ચિત્રા	સ્વાતિ
વિશાખા	અનુરાધા	જયેષ્ઠા	મૂળ
પૂર્વાષાઢા	ઉત્તરાષાઢા	અભિજિત	શ્રવણ
ધનિષ્ઠા	શતતારકા	પૂર્વાભાદ્રપદ	ઉ. ભા.
રેવતી	અશ્વિની	ભરણી	કૃત્તિકા

રાશિઓની સમજ

સૂર્યના માર્ગના (ક્રાંતિવૃતના) આરંભસ્થાનથી સરખા બાર ભાગ પાડી તે દરેક ભાગને રાશિનું નામ આપવામાં આવ્યું છે. દરેક રાશિ ૩૦ અંશની છે. ૧૨ રાશિ×૩૦=૩૬૦ અંશમાં આકાશ વહેંચાયેલું છે.

(૧) મેષ, (૨) વૃષભ, (૩) મિથુન, (૪) કર્ક, (૫) સિંહ, (૬) કન્યા, (૭) તુલા, (૮) વૃશ્ચિક, (૯) ધનુ, (૧૦) મકર, (૧૧) કુંભ, (૧૨) મીન

પંચાંગમાં રાશિઓનો ઉલ્લેખ ઉપરનાં બારનામોથી કરવામાં આવેલ છે.

મેષ, વૃષભ, કર્ક, ધનુ, મકર, પૃષ્ઠોદય રાશિઓ રાત્રિબલી છે. સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, કુંભ. શીર્ષોદય રાશિઓ દિવાબલી છે. મીન ઉભયોદય દિવારાત્રિબલી, મિથુન રાશિ શીર્ષોદય રાત્રિબલી છે એકી રાશિઓ પુરૂષ સંજ્ઞક ક્રૂર અને બેકી રાશિઓ સ્રી સંજ્ઞક સૌમ્ય છે.

બારે ચંદ્રરાશિનાં નામ તથા અક્ષરો

૧ મેષ (અ. લ. ઈ.)	૭ તુલા (ર. ત.).
૨ વૃષભ (બ. વ. ઉ.).	૮ વૃશ્ચિક (ન. ય.).
૩ મિથુન (ક. છ. ઘ.).	૯ ધનુ (ભ. ધ. ફ. ઢ.).
૪ કર્ક (ડ. હ.).	૧૦ મકર (ખ. જ.).
૫ સિંહ (મ. ટ.).	૧૧ કુંભ (ગ. શ.).
૬ કન્યા (પ. ઠ. ણ.).	૧૨ મીન (દ. ચ. ઝ. થ.)

રાશિઓની દિશા અને સ્થાનબળ

મેષ, સિંહ, અને ધનુ પૂર્વ દિશાની; વૃષભ કન્યા અને મકર દક્ષિણ દિશાની; મિથુન, તુલા અને કુંભ પશ્ચિમ દિશાની તેમજ કર્ક, વૃશ્ચિક અને મીન ઉત્તર દિશાની સ્વામી છે. મનુષ્ય રાશિ, મિથુન, કન્યા તુલા, કુંભ અને ધનુનો પૂર્વાર્ધ લગ્નમાં બળવાન હોય છે. ચતુષ્પાદ રાશિ, મેષ, સિંહ, વૃષભ, ધનુનો ઉત્તરાર્ધ તથા મકરનો પુર્વાર્ધ દશમ સ્થાનમાં બળવાન હોય છે. જળચર રાશિ કર્ક, મીન અને મકરનો ઉત્તરાર્ધ ચતુર્થસ્થાનમાં તથા કીટ રાશિ કર્ક, વૃશ્ચિક, મીન સાતમા સ્થાનમાં બળવાન હોય છે.

લગ્નની રાશિના ચરાદિ સ્વભાવ

ચર લગ્ન: મેષ, કર્ક, તુલા અને મકર એ ચાર લગ્નો ચર એટલે ઉત્તમ છે. તે રાશિનાં લગ્ને કંઈ પણ તાત્કાલિક કામ ધાર્યું કે કર્યું હોય તો તે સિદ્ધ થાય. વૃષભ, સિંહ, વૃશ્ચિક તથા કુંભ એ ચાર લગ્નો સ્થિર એટલે ટાઢાં છે અને તેમાં ધારેલું કામ ઘણું કરી નિષ્ફળ થાય કે વાયદા ઉપર લંબાય. મિથુન, કન્યા, ધનુ તથા મીન એ ચાર લગ્નો દ્વિસ્વભાવનાં છે એટલે પહેલા ભાગમાં સ્થિર જેવાં અને બીજા કે પાછલા ભાગમાં ચર જેવાં છે. તે કારણથી તે લગ્નોમાં ધારેલા મનોરથ સફળ કે અફળ થાય છે. તેમાં છતાં સ્થિર સ્વભાવવાળાં લગ્નો કરતાં આ ચાર વધારે સારાં છે. એ સ્પષ્ટ છે. આ અતિ સાધારણ નિયમ છે.

રાશિઓના રંગ ગ્રહના નંગ તથા તે તે રાશિઓના ચર, સ્થિર, દ્વિસ્વભાવ ચક્ર

નામ		રાશિઓનાં રંગ	ગ્રહનાં નંગ	ચર સ્થિર દ્વિસ્વભાવ
૧ મેષ	♈	લાલ	પરવાળુ	ચર
૨ વૃષભ	♉	ફિક્કો બ્લુ	હીરો	સ્થિર
૩ મિથુન	♊	પીળો	પાનું	દ્વિસ્વભાવ
૪ કર્ક	♋	લીલો	મોતી	ચર
૫ સિંહ	♌	નારંગી	માણેક	સ્થિર
૬ કન્યા	♍	ફિક્કો કાળો	પાનું	દ્વિસ્વભાવ
૭ તુલા	♎	કીરમજી	હીરો	ચર
૮ વૃશ્ચિક	♏	તેજદાર લાલ	પરવાળું	સ્થિર
૯ ધનુ	♐	પીળો	પોખરાજ	દ્વિસ્વભાવ
૧૦ મકર	♑	કાળાશ પડતો	લીલમ	ચર
૧૧ કુંભ	♒	આસ્માની	લીલમ	સ્થિર
૧૨ મીન	♓	તેજદાર સફેદ	પોખરાજ	દ્વિસ્વભાવ

રાશિનાં તત્વો: અગ્નિ—મેષાદિ ૧-૫-૯ પૃથ્વી-મકરાદિ ૧૦-૨-૬. વાયુ-તુલાદિ ૭-૧૧-૩. જળ-કર્કાદિ ૪-૮-૧૨ અને આકાશ તત્વ સર્વવ્યાપી છે.

રાશિઓ અને તેના સ્વામીઓ

રાશિ—સ્વામી	રાશી—સ્વામી
સિંહ=સૂર્ય	કર્ક=ચંદ્ર
મકર—કુંભ=શનિ	તુલા—વૃષભ=શુક્ર
ધનુ—મીન=ગુરુ	કન્યા—મિથુન=બુધ
વૃશ્ચિક—મેષ=મંગળ	કન્યા=રાહુ

ગ્રહોની નિશાની

સૂર્ય—☉.	ગુરુ—♃.	કેતુ—☋.
ચંદ્ર—☽.	શુક્ર—♀.	હર્ષ—♅.
મંગળ—♂.	શનિ—♄.	નેપ.—♆.
બુધ—☿.	રાહુ—☊.	પ્લુટો—♇.

સૌમ્યગ્રહ:—ચંદ્ર, બુધ, ગુરુ, શુક્ર.

પાપગ્રહ—રવિ, ક્રૂરગ્રહ—મંગળ, શનિ, રાહુ, કેતુ.

ગ્રહોની દૃષ્ટિ

સર્વ ગ્રહો પોતાથી સાતમા સ્થાન પર પૂર્ણ દૃષ્ટિ કરે છે તે ઉપરાંત, મંગળ, ગુરુ અને શનિને વિશેષ દૃષ્ટિ છે. મંગળ ચોથા અને આઠમા સ્થાને, ગુરુ પાંચમા અને નવમા સ્થાને તેમજ શનિ ત્રીજા અને દશમા સ્થાને પૂર્ણ દૃષ્ટિ કરે છે. અન્ય ગ્રહો પોતાથી ચોથા-આઠમા સ્થાને ત્રિપાદ, પાંચમાં-નવમા સ્થાને દ્વિપાદ અને ત્રીજા-દશમા સ્થાને એકપાદ દૃષ્ટિ કરે છે.

ગ્રહોની ઉચ્ચ, નીચ તથા સ્વગૃહી રાશિનો કોઠો.

ગ્રહ	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
ઉચ્ચ રાશિ	મે.	વૃષ	મક.	ક.	કર્ક	મી.	તુ.	મિ.
ઉચ્ચ અંશ	૧૦	૩	૨૮	૧૫	૫	૨૭	૨૦	૧૫
ભાગ્યવર્ષ	૨૨	૨૪	૨૮	૩૨	૧૬	૨૫	૩૬	૪૨
નીચ રાશિ	તુ.	વૃ.	કર્ક	મી.	મ.	ક.	મે.	ધ.
નીચ અંશ	૧૦	૩	૨૮	૧૫	૫	૨૭	૨૦	૧૫
મૂળત્રીકોણ રાશિ	સિ.	વૃષ	મે.	ક.	ધ.	તુ.	કું.	કું.
સ્વગૃહી રાશિ	સિ.	કર્ક	મે. વૃશ્ચિ.	મિ. ક.	ધ. મી.	વૃષ તુ.	મ. કું.	ક.

નૈસર્ગિક ગ્રહમૈત્રી ચક્ર

ગ્રહ	રવિ	ચંદ્ર	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ	રાહુ
મિત્ર	ચંદ્ર મંગળ ગુરૂ	રવિ બુધ	રવિ ચંદ્ર ગુરૂ	રવિ શુક્ર રાહુ	રવિ ચંદ્ર મંગળ	બુધ શનિ રાહુ	બુધ શુક્ર રાહુ	બુધ શુક્ર શનિ
સમ	બુધ	મંગળ ગુરૂ શુક્ર શનિ	શુક્ર શનિ	મંગળ ગુરૂ. શનિ	શનિ રાહુ	મંગળ ગુરૂ	ગુરૂ	ગુરૂ
શત્રુ	શુક્ર શનિ રાહુ	રાહુ	બુધ રાહુ	ચંદ્ર	બુધ શુક્ર	રવિ ચંદ્ર	રવિ ચંદ્ર મંગળ	રવિ ચંદ્ર મંગ

તાત્કાલિક મૈત્રી:—જન્મ અથવા પ્રશ્નાદિકની કુંડલીમાં કોઇ પણ સ્થાને કોઇ પણ ગ્રહ હોય તેનાથી બીજે, ત્રીજે, ચોથે, દશમે, અગિયારમે કે બારમે સ્થાને રહેલા ગ્રહો તેના મિત્રો થાય છે અને ઈતર સ્થાનમાં એટલે ૧-૫-૬-૭-૮-૯ સ્થાનમાં રહેલા ગ્રહો તેના શત્રુ થાય છે

પંચધા મૈત્રીની સમજ:—અધિમિત્ર, મિત્ર, સમ, શત્રુ, અધિશત્રું, નૈસર્ગિક મૈત્રી અને તાત્કાલિક મૈત્રી, બંનેમાં મિત્ર હોય તે અધિમિત્ર કહેવાય. એકમાં મિત્ર અને બીજામાં સમ હોય તે મિત્ર કહેવાય. એકમાં શત્રુ અને બીજામાં મિત્ર તે સમ કહેવાય. એકમાં સમ હોય અને બીજામાં શત્રુ હોય તે શત્રુ કહેવાય. એકમાં શત્રુ હોય અને બીજામાં પણ શત્રુ હોય તે અધિશત્રુ કહેવાય.

ગ્રહોની અવસ્થાનો કોઠો

બેકી રાશી અંશ સુધી.	અવસ્થા	એકી રાશિ અંશ સુધી
૨૫ થી ૩૦	... બાલાવસ્થા	... ૦ થી ૬
૧૯ થી ૨૪	... કુમારાવસ્થા	... ૭ થી ૧૨
૧૩ થી ૧૮	... યુવાવસ્થા	... ૧૩ થી ૧૮
૭ થી ૧૨	... વૃદ્ધાવસ્થા	... ૧૯ થી ૨૪
૦ થી ૦૬	... મૃતાવસ્થા	... ૨૫ થી ૩૦

બધાં કાર્યો માટે સાધારણ દિનશુદ્ધિ

શુભ તિથિ—૨, ૩, ૫, ૭, ૧૦, ૧૧. વદિ પક્ષની ૧ તથા શુક્લ પક્ષની ૧૩ શુભ છે. શુભ તિથિમાં પણ ક્ષય—વૃદ્ધિ તિથિ વદિ પક્ષની ૧૩, ૧૪, ૩૦. શુદિ પક્ષની ૧ તથા ૪—૯—૧૪ રિકતા તિથિ દરેક શુભ કાર્યમાં ત્યાજ્ય છે.

શુભ વાર:—સોમ, બુધ, ગુરુ, અને શુક્ર.

શુભ નક્ષત્રો:—અશ્વિની, રોહિણી, મૃગ, પુનર્વસુ, પુષ્ય, ઉ. ફા., હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા ઉ. ષા., શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, ઉ. ભાદ્રપદા, અને રેવતી.

શુભ કરણો: બવ, બાલવ, કૌલવ, તૈતિલ, ગર અને વણિજ.

મુહૂર્તોમાં ત્યાજ્ય સમય

પંચાંગના દૈનિક યોગોમાંનો ૧૭ મો વ્યતિપાત અને ૨૭ મો વૈધૃતિ યોગ, સૂર્ય-ચંદ્રના ક્રાંતિસામ્ય, વૈધૃતિ-વ્યતિપાત મહાપાત, ગ્રહણ, ક્ષય-વૃદ્ધિ તિથિ, (વિષ્ટિ) ભદ્રા, સળંગ અશુભ છે. ૧૯ મા પરિઘ યોગનો પ્રથમ અર્ધ ભાગ.

૧ લા વિષ્કુંભ તથા ૧૫ માં વજ્ર યોગના સર્વસ્વમાંથી પહેલો ૨૦ મો ભાગ.

૯ મા શૂળ યોગનો પ્રથમ બારમો ભાગ.

૬ ઠ્ઠા અતિગંડ અને ૧૦મા ગંડ યોગના સર્વસ્વમાંથી પ્રથમ દશમો ભાગ.

અશુભ વાર: રવિ, મંગળ, શનિ, (જેમાં રવિવાર આજના જમાનામાં સર્વત્ર પસંદગી યુક્ત બન્યો છે.)

કમુરતાં: ધનાર્ક એટલે માગશીર્ષ-પોષ માસમાં ધનુ સંક્રાંતિ દરમ્યાન તેમજ મીનાર્ક એટલે ફાલ્ગુન-ચૈત્રમાં મીન સંક્રાંતિ દરમ્યાન ગુજરાત સૌરાષ્ટ્ર તથા કચ્છમાં લગ્ન ઇત્યાદિ માંગલિક કાર્યો વર્જ્ય છે.

ક્ષીણ ચંદ્ર - વદિ પાંચમ પછીના કૃષ્ણપક્ષનો ચંદ્રમા (તારા બલ જોયા વગર) લેવો નહિ.

તારા નક્ષત્ર બલ

કૃષ્ણપક્ષમાં ચંદ્ર ક્ષીણ થતો હોવાથી તારાનું બલ જોવું. જન્મચંદ્રનક્ષત્રથી છંદ દિવસે ૩-૫ ૭-૧૨-૧૪-૧૬-૨૧-૨૩-૨૫ માં તારા (ગોચર ચંદ્ર નક્ષત્ર) અશુભ જાણવી તથા જન્મનક્ષત્ર વર્જવું.

ગુરૂ—શુક્રના અસ્તમાં અથવા સિંહસ્થ ગુરુ વખતે કર્ણવેધ ઉપનયન, લગ્ન, વાસ્તુપ્રવેશ, જળાશય, ગૃહારંભ પ્રતિષ્ઠા, રાજ્યાભિષેક, નૂતન વસ્ત્ર-ધારણ તથા યજ્ઞાદિ કાર્યોનો સામાન્યપણે નિષેધ છે.

ગ્રહણ થયા પછીનો શુભાશુભ સમય

સૂર્ય કે ચંદ્રના ગ્રહણ વખતે જો ગ્રહણનો પા ભાગ ઘેરાયો હોય તો ગ્રહણ પહેલા એક દિવસ અને ગ્રહણ પછીના એક દિવસમાં લગ્ન વિગેરે શુભ કામ કરવા નહીં. તેવી જ રીતે જો ગ્રહણનો અર્ધો ભાગ ઘેરાય તો પહેલાંના બે દિવસ, અને પછીના બે દિવસ અને પોણો ભાગ ઘેરાય તો પહેલા ત્રણ દિવસ અને પછીના ત્રણ દિવસ, તથા જો સ્થળે ખગ્રાસ અથવા પૂરે ઘેરાય તો પહેલાં ચાર દિવસ અને પછીના ચાર દિવસમાં સામાન્યપણે લગ્ન વગેરે શુભ કામ કરવાં નહીં

ગ્રહણ—નક્ષત્રદોષ

સ્થળપરત્વે સૂર્ય-- ચંદ્ર ગ્રહણ, ભુક્તદિન નક્ષત્ર છ માસની અવધિ સુધી ત્યાગવું. ગ્રસ્તોદિત (ઉદિત બિંબ) ગ્રહણો હોતાં ગ્રહણ પછીના છ મહિના સુધી ગ્રસ્તાસ્ત (બિંબ અસ્ત હોતાં) ગ્રહણ પ્રવેશ પૂર્વે છ મહિના, તેમાં પણ પૂર્ણ ગ્રાસ હોતાં છ માસ, અરધા ગ્રાસે ત્રણ મહિના અને એક પાદગ્રહણ હોય તો એક માસ સુધી ગ્રહણ નક્ષત્ર ત્યાજવું. ધર્માસધુમતે એક પાદ ગ્રાસ હોતાં દોઢ મહિનો, ત્રણ પાદ ગ્રાસ હોતાં સાડા ચાર મહિના લગી ગ્રહણ નક્ષત્ર ત્યાગવું.

પાપગ્રહયુક્ત નક્ષત્રદોષ

ચંદ્ર જે નક્ષત્રમાં હોય તે નક્ષત્રમાં કોઈ પણ ક્રૂર ગ્રહ હોય તો તે પાપગ્રહયુક્ત નક્ષત્ર ગણાય છે. જે શુભ કાર્યમાં વર્જ્ય છે

દિવસનાં ચોઘડિયાંનો કોઠો						
રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ

રાત્રિનાં ચોઘડિયાંનો કોઠો						
રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ

શુભ ચોઘડિયાં:—અમૃત, ચલ, લાભ અને શુભ છે.

ચોઘડિયાં યાત્રામાં જ ઉપયોગી ગણાય છે તેમ મનાય છે, તેમ છતા આપણાં દરેક સારાં નરસા કાર્યો બાબતમાં લોકોના માનસ ઉપર ચોઘડિયાંઓએ કબજો લઇ લીધો છે. ગણિતની સહેલાઇ અને સફળતાને લીધે જ આમ બનેલું છે. ચોઘડિયાંની ગણત્રી સૂર્યોદયથી સૂર્યાસ્ત અને સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી કરવાની હોય છે

ઘાત કોષ્ટક

રાશિ	મેષ	વૃષભ	મિથુન	કર્ક	સિંહ	કન્યા	તુલા	વૃશ્ચિક	ધન	મકર	કુંભ	મીન
ઘાત માસ	કાર્તિક	માગ	આષાઢ	પોષ	જ્યેષ્ઠ	ભાદ્રપ.	માઘ	આશ્વિ.	શ્રાવણ	વૈશાખ	ચૈત્ર	ફાલ્ગુન
ઘાત તિથિ	૧ ૬ ૧૧	૫ ૧૦ ૧૫	૨ ૭ ૧૨	૨ ૭ ૧૨	૩ ૮ ૧૩	૫ ૧૦ ૧૫	૪ ૯ ૧૪	૧ ૬ ૧૧	૩ ૮ ૧૩	૪ ૯ ૧૪	૩ ૮ ૧૩	૫ ૧૦ ૧૫
ઘાત વાર	રવિ	શનિ	સોમ	બુધ	શનિ	શનિ	ગુરુ	શુક્ર	શુક્ર	મંગળ	ગુરુ	શુક્ર
ઘાત નક્ષત્ર	મઘા	હસ્ત	સ્વાતિ	અનુ.	મૂળ	શ્રવણ	શત	રેવતી	ભરણી	રોહિણી	આદ્રા	આશ્લેષા
ઘાત યોગ	વિષ્કુંભ	સુકર્મા	પરિઘ	વ્યાઘાત	ધૃતિ	શૂળ	શુક્લ	વ્યતિ.	વજ્ર	વૈધૃતિ	ગંડ	વજ્ર
ઘાત કરણ	બવ	શકુનિ	ચતુ.	નાગ	બવ	કૌલવ	તૈતિલ	ગર	તૈતિલ	શકુનિ	કિંસ્તુ.	ચતુષ્પાદ
ઘાત પ્રહર	૧ લો	ચોથો	ત્રીજો	૧ લો	૧ લો	૧ લો	ચોથે	૧ લો	૧ લો	ચોથે.	ત્રીજે	ચોથો
ઘાત ચંદ્ર	૧ લો	પાંચમો	૯ મો	બીજો	છઠ્ઠો	દશમો	ત્રીજો	સાતમો	ચોથો	આઠમે	૧૧ મો	બારમો
પુ. સ્ત્રી ચંદ્ર	૧ લો	આઠમો	સાતમો	નવમો	ચોથો	ત્રીજો	છઠ્ઠો	બીજો	દશમો	૧૧ મો	પાંચમો	બારમો

સમજ :- મેષ રાશિવાળાને કાર્તિક માસ, ૧. ૬. ૧૧ તિથિ, રવિવાર, પહેલો ચંદ્ર (એટલે જન્મનો ચંદ્ર) તેવી જ રીતે મેષ રાશિની સ્ત્રીને પણ ગોચરમાં પહેલો ચંદ્ર, તેવી જ રીતે દરેકે પોતપોતાની રાશિ મુજબ ઈષ્ટ દિવસે આવતા માસ, તિથિ, વગેરે કોષ્ટકમાં દર્શાવેલ વાર, નક્ષત્ર, યોગ, કરણ પ્રહર ઘાતક છે. એમ સમજવું. ખાસ કરીને ઘાતક ચંદ્ર કોષ્ટકમાં વધુ જોવાય છે. સ્ત્રી અને પુરુષના ઘાતક ચંદ્ર નિરાળા છે. ઘાતચંદ્રને કાળ ચંદ્ર પણ કહે છે. ઘાતચંદ્ર વગેરેમાં પ્રયાણ, કુમારી પૂજન, યુદ્ધ, ખેતી રાજસેવા, વ્યાપાર—દાવા, નવીન વસ્ત્ર, દરદાગીના કરવા નહિ. તેમજ વાદવિવાદ, વિદ્યા અને ઘરનો આરંભ કરવો નહિ પણ તીર્થયાત્રા, યજ્ઞ, વિવાહ, રાજ્યાભિષેક, અન્નપ્રાશન, ઉપનયન, મંગળકાર્યોમાં ઘાતચંદ્રનો વિચાર ન કરવો. ઉપરાંત કોઈ પણ દશ ગ્રહણ વખતે પોતાની રાશિથી ગોચરમાં પહેલો, ચોથો, આઠમો, અથવા બારમો ચંદ્રમા હોય અથવા ઉપર દર્શાવ્યા મુજબ તે દિવસે ઘાતક (કાળ) ચંદ્ર આવતો હોય તો તેનું છ માસ સુધી અશુભ ફળ સમજવું.

વસુનવક મહાપંચકની સમજ

વૈશાખ વદિમાં જે દિવસે ચંદ્ર નક્ષત્ર ધનિષ્ઠા આવે તે દિવસથી નવમે દિવસે રોહિણી આવે છે. આ નવ દિવસને ધનિષ્ઠાનવક - મહાપંચક કહે છે. ઉદાહરણ તરીકે, તા. ૧૯ મી મે થી ૨૯ મી મે સુધી વસુનવક ધનિષ્ઠાનવક મહાપંચક છે. તેમાં શુભ કામ કરવું નહિ. આ બાબત મુહૂર્તતત્ત્વ ગ્રંથમાં છે અને તે દક્ષિણ દેશમાં જોવાય છે.

મહાપાત દોષ

મહાવ્યતિપાત અને મહાવૈધૃતિપાત નામના સૂર્ય-ચંદ્રના ક્રાંતિસામ્ય નામના દોષો-દરેક શુભ કાર્યો માટે સર્વથા ત્યાગવા.

ગંડાંત દોષ

નંદા (૧,૬,૧૧) તિથિના આરંભની એક ઘડી અને પૂર્ણા (૫,૧૦,૧૫) તિથિઓના અંતની એક ઘડી તિથિ ગંડાંત; અશ્વિની, મઘા, મૂલ, નક્ષત્રના આરંભની બે ઘડી તેમજ આશ્લેષા જ્યેષ્ઠા અને રેવતિના અંતની બે ઘડીઓ નક્ષત્ર ગંડાંત; મેષ સિંહ અને ધનુ લગ્નના આરમ્ભની અર્ધી ઘડી તથા કર્ક, વૃશ્ચિક અને મીન લગ્નના અંતની અર્ધી ઘડી લગ્ન ગંડાંતની હોઈ દોષકારક ગણાય છે. અપવાદ - લગ્નથી લાભ ૧૧ મા સ્થાનમાં ચંદ્ર હોય અથવા શુભ ગ્રહો કેન્દ્રમાં હોય તો તે દોષ નથી.

કરિ દિવસ - ગ્રહણ, હોલી, પ્રેતદાહવિધિ દિવસ, ભાવુકા (વૈશાખ) વદિ ૩૦ અને અયન સંક્રાંતિ દિન પછીને દિવસ કરિ દિવસ ગણાય છે. આથી કરિદિન અને તેની પૂર્વ દિવસ આવા બંને દિવસો શુભ કાર્યમ ત્યાગવા.

અશુભ યોગો

મૃત્યુયોગ: રવિવારે અનુરાધા, સોમવારે ઉ. પાઢા, મંગળવારે શતતારકા, બુધવારે અશ્વિની, ગુરુવારે મૃગશીર્ષ, શુક્રવારે આશ્લેષા તથા શનિવારે હસ્ત નક્ષત્ર હોતાં થાય છે. તે અશુભ છે.

યમઘંટયોગ: રવિવારે મઘા, સોમવારે વિશાખા, મંગળવારે આર્દ્રા, બુધવારે મૂળ, ગુરુવારે કૃતિકા, શુક્રવારે રોહિણી અને શનિવારે હસ્ત નક્ષત્ર હોતા થાય છે. આ યોગ વિંધ્ય પર્વતથી ઉત્તરમાં હિમાલય પ્રદેશ સુધી વર્જ્ય છે.

કાલમુખી યોગ : ત્રીજે અનુરાધા, ચતુર્થીએ ત્રણ ઉત્તરા, પાંચમે મઘા, આઠમે રોહિણી તથા નોમના દિને કૃતિકા નક્ષત્ર હોતાં કાલમુખી યોગ થાય છે.

જ્વાલામુખી યોગ: એકમે મૂળ, પાંચમે ભરણી, આઠમે કૃતિકા, નવમીએ રોહિણી, અને દશમે આશ્લેષા નક્ષત્ર હોય તો જ્વાલામુખી યોગ થાય છે.

તિથિ નક્ષત્ર સંબંધી દોષો:—પ્રતિપદાએ ઉત્તરાષાઢા, દ્વિતીયા -- અનુરાધા, તૃતીયા—૩ ઉત્તરા, પંચમી - મઘા, ષષ્ઠી - રોહિણી, સપ્તમી - હસ્ત - મૂળ, અષ્ટમી -પૂર્વાભાદ્રપદા, નવમી - કૃત્તિકા, એકાદશી-રોહિણી, દ્વાદશી - આશ્લેષા, ત્રયોદશી - ચિત્રા, સ્વાતિ.

સૂર્ય દગ્ધાતિથિ: સૂર્ય, મેષ - કર્ક, તિથિ=૬; વૃષભ - કુંભ=૪, મિથુન-કન્યા =૮; સિંહ-વૃશ્ચિક=૧૦; ધનુ-મીન=૨; મકર-તુલા=૧૨ અશુભ છે.

ચંદ્ર દગ્ધાતિથિ:-ચંદ્ર; કુંભ-ધનુ તિથિ=૨, મેષ-મિથુન=૪; વૃષભ-કર્ક=૧૦; તુલા-સિંહ=૬; મકર મીન=૮: વૃશ્ચિક=કન્યા=૧૨ અશુભ છે.

ઉપગ્રહ યોગ: સૂર્ય નક્ષત્રથી ૫, ૭, ૮, ૧૦, ૧૪. ૧૫, ૧૮, ૧૯, તથા ૨૧ થી ૨૫ મું ચંદ્ર નક્ષત્ર હોવાથી થાય છે.

એકાર્ગલ દોષ:-ખંડાત્મક પરિઘ, વિષ્કુંભ, વજ્ર. શૂળ, ગંડ,-અતિગંડ, વ્યાઘાત, વ્યતિપાત, વૈધૃતિયોગો અને સૂર્યનક્ષત્રથી ચંદ્રનક્ષત્ર (અભિજિત સહિત) વિષમ (એકી) ગણનામાં હોય તો એકાર્ગલ દોષ થાય છે.

જામિત્ર દોષ: લગ્ન કે ચંદ્રથી કોઇ પણ ગ્રહ સાતમે રહ્યો હોય તેમાં પણ અંશાત્મક ૫૫ મું નવમાંશ (૧૮૦ થી ૧૮૩°-૨૦') વધારે દોષયુક્ત છે.

ઉદયાસ્ત દોષ શુદ્ધિ:—લગ્ન અને નવમાંશ પોતપોતાના સ્વામીયુક્ત કે દ્રષ્ટ અથવા લગ્નાધિપતિ નવમાંશની રાશિમાં કે નવમાંશાધિપતિ લગ્નમાં હોય, સિવાય લગ્નેશ અને નવમાંશાધિપતિની પરસ્પર કુંડલીમાં દ્રષ્ટિયોગ થતો હોય તો ઉદયશુદ્ધિ થાય છે. જ્યારે લગ્ન તથા લગ્ન નવમાંશના સાતમા ભાવની પરિસ્થિતિ ઉપર મુજબ હોય તો અસ્તશુદ્ધિ થાય છે.

કર્તરી દોષ: લગ્ન કે ચંદ્ર કુંડલીમાં બીજા સ્થાને પાપગ્રહ વક્રી તથા બારમા સ્થાને પાપગ્રહ માર્ગી હોય તો લગ્ન કર્તરી દોષ થાય છે. તેમાં પણ અંશાદિક પરિસ્થિતિ વધુ દૂર હોય તો દોષ ઓછો ગણાય.

જન્મરાશિથી પહેલી, બીજી વગેરે રાશિના સૂર્યાદિ ગ્રહોનું ગોચર ફળ

રાશિ	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રાહુ-કેતુ
૧	સ્થાનનાશ	સુખ	શત્રુભય	બંધન	ભય	સુખભોગ	રોગપ્રાપ્તિ	ભયંકર
૨	દ્રવ્યહાનિ	વિત્તનાશ	ધનનાશ	અર્થલાભ	ધનપ્રાપ્તિ	અર્થલાભ	ધનનાશ	કલહ
૩	લક્ષ્મીપ્રાપ્તિ	સફળતા	અર્થલાભ	શત્રુભય	સ્થાનાન્તર	સુખકર	ધનલાભ	સૌભાગ્ય
૪	માનક્ષય	ભય	શત્રુભય	અર્થપ્રાપ્તિ	અર્થલાભ	ધનપ્રાપ્તિ	નુકશાન	માંદગી
૫	ચિંતા	વ્યથા	અર્થનાશ	સુખ	સુખ	પુત્રલાભ	અર્થનાશ	ખર્ચ
૬	શત્રુનાશ	વિત્તલાભ	ધનલાભ	સફળતા	રોગશત્રુ	શત્રુવૃદ્ધિ	અર્થલાભ	મહાસુખ
૭	અર્થનાશ	સ્ત્રીલાભ	રોગ	શરીરપીડા	સન્માન	શોકપ્રદ	પર્યટન	નૃપભય
૮	રોગપીડા	દુઃખખર્ચ	શત્રુબાધા	ધનવૃદ્ધિ	દ્રવ્યનાશ	અર્થલાભ	શરીરપીડા	અર્થક્ષય
૯	કાંતિક્ષય	રાજભય	શરીરપીડા	વિઘ્ન	ધનવૃદ્ધિ	લાભ	અશાન્તિ	સંતાપ
૧૦	કર્મસિદ્ધિ	મહાસુખ	શોક	સુખપ્રાપ્તિ	સ્થાનહરણ	સુખનાશ	દૌર્બલ્ય	કલહ
૧૧	ધન	ધનલાભ	લાભ	અર્થપ્રાપ્તિ	સ્થાનલાભ	ધનપ્રાપ્તિ	ધનપ્રાપ્તિ	અધિકલાભ
૧૨	દ્રવ્યનાશ	ધનક્ષય	વ્યાધિ	ધનનાશ	વ્યાધિ	ધનાગમ	અનર્થ	વિનાશ

ઉપર જન્મરાશિથી ગણતાં દરેક ગ્રહો ક્યાં પડ્યા છે, તે નકકી ક્યાં બાદ ફળ સમજવું. દાખલા તરીકે, ઈશ્વરલાલ નામના માણસને પોતાનું ફળ જોવું છે. તો ઈશ્વરલાલની રાશિ મેષ છે. ધારો કે, સૂર્ય કુંભમાં છે. એટલે મેષથી ૧૧ મે છે. માટે ૧૧ મા ખાનામાં લખ્યા પ્રમાણે નોકરી - ધંધામાં લાભ સમજવો.

પાતદોષ: હર્ષણ, વૈધૃતિ, સાધ્ય, વ્યતિપાત, ગંડ અને શૂલયોગનાં સમાપ્તિકાલનું નક્ષત્ર વર્જ્ય છે.

લત્તાદોષ : સૂર્યાદિ ગ્રહો, જે નક્ષત્રમાં હોય તેનાથી અનુક્રમે અભિજિત ન ગણતાં સૂર્યથી ૧૨મું, ચંદ્રથી ૭મું, મંગળથી ૩ જું, બુધથી ૨૨ મું. ગુરુથી ૬ ઠું, શુક્રથી ૨૪ મું, શનિથી ૮મું અને રાહુ હંમેશા વક્રી હોવાથી પાછળના નવમા નક્ષત્રને લાત મારે છે. માલવ દેશમાં લત્તાદોષ, કુરૂક્ષેત્ર અને બંગાળ દેશમાં પાતદોષ, કાશ્મીરમાં એકાર્ગલદોષ અને અને સર્વ દેશોમાં વેધદોષ વર્જ્ય છે.

(૧) તિથિ-નક્ષત્ર અને વાર (૨) તિથિ-નક્ષત્ર (૩) વાર-નક્ષત્ર (૪) તિથિ-વાર આ પ્રમાણે થતા દુષ્ટ યોગોનું ફળ. પૂર્વ દિશામાં હુણ પ્રદેશ અને વંગ-બંગાળ અને ઉત્તર બાજુના ખશ પ્રદેશમાં વર્જ્ય છે અન્ય પ્રદેશોમાં નિષેધ નથી. જુઓ મુહૂર્ત ચિંતામણી પ્રકરણ ૧ શ્લોક ૩૧.

સૂર્યના ઈષ્ટ સમયની કુંડલીમાં—સૂર્ય ચંદ્ર બળવાન હોય તો એકાર્ગલ, ઉપગ્રહ, પાત, લત્તા, જામિત્ર, કર્તરી વિગેરે દોષનો નાશ થાય છે.

શુભ યોગોની સમજણ

રવિયોગ : સૂર્ય નક્ષત્રથી દૈનિક નક્ષત્ર ચોથું, છઠ્ઠું, નવમું, દશમું, તેરમું અને વીસમું હોય તો થાય છે. આ યોગ શુભ કાર્યોમાં શ્રેષ્ઠ છે. એટલું જ નહિ પરંતુ અનેક દૈનિક અશુભ યોગોનો નાશ કરી લગ્નશુદ્ધિ જેટલું શુભ ફળ આપે છે.

રાજયોગ: મંગળ, બુધ, શુક્ર અને રવિ આમાંના કોઇ વારે; બીજ, ત્રીજ, સાતમ, બારસ અને પૂનમ એમાંની કોઇ પણ તિથિ હોય; અને ભરણી, મૃગશીર્ષ, પુષ્ય, પૂ. ફાલ્ગુની, ચિત્રા, અનુરાધા, પૂર્વાષાઢા ધનિષ્ઠા, ઉ. ભાદ્રપદા; એમાંનું કોઇપણ નક્ષત્ર હોય તો રાજયોગ થાય છે. આ યોગ માંગલિક કાર્ય, ધર્મકાર્ય, પૌષ્ટિક આદિ કાર્યોમાં શુભ છે.

કુમારયોગ: સોમ, મંગળ, બુધ અને શુક્ર એમાંના કોઇ વારે એકમ, છઠ, અગિયારસ, પાંચમ, અને દશમ એમાંથી કોઇ પણ તિથિ હોય અને અશ્વિની, રોહિણી, પુનર્વસુ, મઘા, હસ્ત, વિશાખા, મૂળ, શ્રવણ અને પૂર્વાભાદ્રપદા; એમાનું કોઇ પણ નક્ષત્ર હોય તો કુમારયોગ થાય છે. આ યોગ મૈત્રી, વિદ્યા, દીક્ષા, ગૃહ અને અન્ય વ્રત આદિ કાર્યોમાં શુભ છે.

સ્થિરયોગ: ગુરુવાર કે શનિવાર - ચોથ, આઠમ નોમ, તેરસ, કે ચૌદશ હોય; અને કૃત્તિકા, આર્દ્રા આશ્લેષા, ઉ. ફાલ્ગુની, સ્વાતિ, જ્યેષ્ઠા, ઉ.ષાઢા શતભિષા કે રેવતી નક્ષત્રમાંથી કોઇ પણ નક્ષત્ર હોય તો સ્થિર(સ્થવિર) યોગથી રોગાદિકનો નાશ થાય.

અમૃતસિદ્ધિ યોગ: રવિ - હસ્ત, સોમ - મૃગ, મંગળ—અશ્વિની, બુધ—અનુરાધા, ગુરુ—પુષ્ય, શુક્ર- રેવતી અને શનિવારે રોહિણી હોતાં બને છે પરંતુ રવિવારથી અનુક્રમે ૫, ૬, ૭, ૮, ૯, ૧૦ ૧૧ તિથિ સાથે હોય તો વિષયોગ થાય છે: તેમજ ગુરુ—પુષ્ય વિવાહમાં, શનિ-રોહિણી પ્રયાણમાં; અને મંગળ-અશ્વિનીથી બનતો અમૃતસિદ્ધિ યોગ પ્રવેશમાં વર્જ્ય છે.

ચાર શુભ મુહૂર્ત: નૂતન વર્ષારંભનો દિવસ, અક્ષય્ય તૃતીયા, વિજયાદશમી, અને કાર્તિક શુદિ ૧ આ ચાર મુહૂર્તમાં કોઈ પણ શુભ કાર્ય કરવામાં પંચાંગશુદ્ધિ જોવાની આવશ્યકતા નથી.

નંદાદિ તિથિઓ—નંદા ૧-૬-૧૧, ભદ્રા ૨-૭-૧૨, જયા ૩-૮-૧૩, રિક્તા ૪-૯-૧૪, પૂર્ણા ૫-૧૦-૧૫.

શુભાશુભ યોગો: એક જ રીતના યોગથી બનતા શુભાશુભ યોગો પરત્વે વિદ્વાનોએ તુલનાત્મક ગુણ-દોષનો નિર્ણય કરવો. શુભ કાર્યોમાં શુભ યોગો જોવા, જ્યારે અશુભ કાર્યોમાં અશુભ યોગો જોવાય છે.

અશુભ શુકનો શુભ બને છે

રાજ્યભય હોતાં, નદીપાર કરતાં પ્રથમ ગ્રામ પ્રવેશમાં, યુદ્ધમાં, જુગારમાં, ગએલી વસ્તુને મેળવવામાં અને વ્યાધિની દવા કરવા જતાં અશુભ શુકનો પણ શુભ બને છે.

શુભ શુકન:-પનીહારી, સૌ. સ્ત્રી, કાળાં આભૂષણ (સિવાયના વસ્ત્ર), વાદ્યનો અવાજ, શંખ, રાજા, ઘોડો, હાથી, ગાય, સફેદ પુષ્પ, પારણું, દીપક, શ્વેત બળદ, અગ્ની, સુગંધી પદાર્થો, કુમારી કન્યા, છત્ર, માછલી, વેશ્યા, રથ, માંસ, જ્યોતિષી, મિત્ર, હરણ, વાજીંત્ર, શબ, દહીં, દૂધ, મનપસંદ વસ્તુ, છાણનો ટોપલો વગેરે જમણી બાજુ મળે તે શુભ છે.

શુભ ચોઘડીયાં:-અમૃત, ચલ, લાભ અને શુભ છે.

શુભ હોરા:-ચંદ્ર, બુધ, ગુરુ અને શુક્રની છે.

શુભ યોગ:—રવિયોગ શ્રેષ્ઠ છે. સિદ્ધિયોગ તથા અમૃતસિદ્ધિયોગ શુભ કાર્યોની સફળતા માટે ઉત્તમ છે. રાજયોગ માંગલિક કાર્યોમાં શુભ છે. કુમારયોગ રોગ વિદ્યા, દીક્ષા, યોગ, મૈત્રી, ગૃહ અને વ્રતોમાં શુભ છે. સ્થિરયોગ રોગાદિકનો નાશ કરવામાં શુભ છે.

સોળ સંસ્કાર

દરેક કાર્ય તે માટેના યોગ્ય મુહૂર્તમાં કરવાથી તેમાં સફળતા મળે છે તેથી કાર્યો માટેના યોગ્ય મુહૂર્તનો સમય જાણવાની ખાસ આવશ્યકતા હોય છે. તેમાંય જીવનમાં મહત્વના ગણાતા ૧૬ સંસ્કારો માટે મુહૂર્તો જોવાનું જરૂરી ગણાય છે. આ ૧૬ સંસ્કારોનાં નામ "ધર્મસિંધુ"માં નીચે પ્રમાણે આપવામાં આવેલ છે:

(૧) ગર્ભાધાન, (૨) પુંસવન, (૩) અનવલોભન, (૪) સીમંતોન્નયન, (૫) જાતકર્મ, (૬) નામકર્મ, (૭) નિષ્ક્રમણ, (૮) અન્નપ્રાશન, (૯) ચૌલ, (૧૦), ઉપનયન, (૧૧ થી ૧૪) મહાનામ્ન્યાદિ ચાર વેદવ્રત (૧૫) સમાવર્તન, (૧૬) વિવાહ.

આ સિવાય બીજા પણ વિવિધ સંસ્કારો જુદા જુદા ગ્રન્થોમાં આપવામાં આવેલ છે.

પુંસવન

ગર્ભાધાનથી બીજા કે ત્રીજા મહિને અથવા સીમંત સંસ્કાર સમયે પુંસવનવિધિ કરવો, તે માટેનાં નક્ષત્રો:—અશ્વિની, મૃગશીર્ષ, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, સ્વાતિ, અનુરાધા, મૂળ, પૂ. ષા., ઉ. ષા., શ્રવણ, પૂ. ભાદ્રપદા તથા ઉ. ભાદ્રપદા આ પુરુષ-સંજ્ઞક નક્ષત્રો તથા શુક્લ પંચમીથી કૃષ્ણપંચમી સુધીની તિથિઓ શુભ છે.

અનવલોભન: ગર્ભાધાનથી ચોથા મહિને પુંસવન સંસ્કાર પ્રમાણેનાં જ નક્ષત્રો તથા તિથિઓમાં અનવલોભન કરવું.

ચૌલ (બાલ મોવાળા ઉતરાવવાનું)

મુહૂર્ત:—ગુરુ, શુક્રના અસ્ત ન હોય તેવે સમયે ૨-૩-૫-૭-૧૦-૧૧-૧૩ તિથિઓમાં, સોમ, બુધ, ગુરુ, શુક્રવાર, અશ્વિની, મૃગ, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, ચિત્રા, સ્વાતી, જ્યેષ્ઠા, શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા, રેવતી નક્ષત્રોમાં; અથવા રોહિણી, ઉ. ફા., ઉ. ષા., ઉ. ભા. નક્ષત્રોમાં, માઘ, ફાલ્ગુન, વૈશાખ અને જ્યેષ્ઠ માસમાં મુંડન કરાવવું. આ સંસ્કાર બાળકના પહેલા, બીજા, ત્રીજા કે પાંચમા વર્ષે અથવા ઉપનયન સમયે કરવો.

સીમંત (અઘરણી) મુહૂર્ત: ગર્ભાધાન થયા પછી રોહિણી, મૃગશીર્ષ, પુનર્વસુ, પુષ્ય, ઉ. ફા. હસ્ત, મૂળ, ઉ. ષા, શ્રવણ, ઉ. ભા. અને રેવતી નક્ષત્રોમાં રવિ, મંગળ અને ગુરુના (નક્ષત્રનું વધારે મહત્ત્વ છે) દિવસે ૪-૯-૧૪-૧૫-૩૦ તિથિઓ ત્યાગ કરી શુક્લ પક્ષમાં મિથુન રાશિ વિનાના બેકી લગ્ન અને નવમાંશમાં ગુરુ, સૂર્ય અને ચંદ્ર બળવાન જોઈ ગર્ભાધાનથી ૪-૬-૮ મે મહિને કે લોકાચાર કે કુલાચારથી ૫-૭-૯ મે મહિને સીમંત (અઘરણી) સંસ્કાર કરવો એટલે રાખડી બાંધવી તથા મોટો ખોળો ભરવો.

ગર્ભિણીને સુવાવડ માટે મોકલવાનું મુહૂર્ત

નક્ષત્રો:—અશ્વિની, રોહિણી, મૃગ., પુનર્વસુ, પુષ્ય, ઉ. ફા., હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, ઉ. ષા., ધનિષ્ઠા, શતતારકા, ઉ. ભા. અને રેવતી શુભ છે. ૪, ૯, ૧૪ તથા ૩૦ તિથિઓ વર્જ્ય કરવી. પ્રસૂતિ સમય પ્રાપ્ત થતાં મુહૂર્ત જોવાની જરૂર નથી.

જન્મસમયનો અનિષ્ટ કાળ

કૃષ્ણપક્ષની ૧૪ તથા અમાવાસ્યા, સૂર્ય ચંદ્રનાં ગ્રહણ, ક્ષયતિથિ, ભદ્રા, વૈધૃતિ, વ્યતિપાત, પુષ્ય નક્ષત્રનું ૨ જું તથા ૩ જું ચરણ, આશ્લેષા, મઘા તથા ઉ. ફા. નક્ષત્રનું ૧ લું ચરણ, ચિત્રાનું પૂર્વાર્ધ, વિશાખાનું ૪ થું ચરણ, જ્યેષ્ઠા, મૂળ, તથા પૂ. ષા. નું ૩ જું ચરણ, નક્ષત્ર ગંડાંત, યમલ જન્મ (જોડીયાં બાળકો) ત્રિકપ્રસવ (અનુક્રમે ત્રણ પુત્રો પછી કન્યા, ત્રણ કન્યા પછી પુત્રનો જન્મ), દાંત સાથેનો જન્મ, માતા-પિતાના જન્મ નક્ષત્રમાં જન્મ, આમાંના કોઈ પણ સમય દરમ્યાનનો જન્મ અનિષ્ટ ફળદાયક હોય છે તેથી એવા અશુભ યોગમાં જન્મ થયો હોય તો તેની શાંતિ કરવાથી દોષનો પરિહાર થાય છે.

સુવાવડી સ્ત્રીને પોતાને ઘેર લાવવી:—નક્ષત્રો: અશ્વિની, રોહિણી, મૃગશીર્ષ, ઉ. ફા. હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, ઉ. ષા., શ્રવણ, ઉ. ભા., રેવતીમાં પોતાના ઘરમાં પ્રવેશ કરાવવો.

સુવાવડીને સ્નાન કરાવવાનું મુહૂર્ત:—રવિ, મંગળ કે ગુરુવાર, ૧-૨-૩-૫-૭-૧૦-૧૧-૧૫ તિથિ; અશ્વિની, રોહિણી, મૃગ, ઉ. ફા., હસ્ત, સ્વાતિ, અનુરાધા, ઉ. ષા., ઉ. ભા., રેવતી નક્ષત્રોમાં સુવાવડીને સ્નાન કરાવવું.

શાંતિ કરાવવા માટેનો યોગ્ય સમય

જન્મસમય અશુભકાલ હોઈ તેના દોષનિવારણને માટે જે શાંતિ કરાવવાની હોય તે જન્મથી ૧૨મા દિવસે કરાવવી. તેમાં કોઈ મુહૂર્ત જોવાની આવશ્યકતા નથી પરંતુ ૧૨ દિવસે ન થઈ શકે તો પછી મુહૂર્ત જોઈ શાંતિ કરાવવી.

સર્વ શાંતિ માટે

નક્ષત્રો:—અશ્વિની, રોહિણી, મૃગશીર્ષ, પુનર્વસુ, પુષ્ય, મઘા, ઉ. ફા., હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, ઉ. ષા., શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા, ઉ. ભા. અને રેવતી નક્ષત્રોમાં શુભ તિથિ અને શુભવારમાં શાંતિ કરાવવી.

નામકરણ મુહૂર્ત

જન્મદિવસથી ૧૨ મા દિવસે બ્રાહ્મણોનું, ૧૩ મા દિવસે ક્ષત્રિયોનું, ૧૬મા ને ૨૦મા દિવસે વૈશ્યોનું તથા ૩૨મા દિવસે શુદ્રોનું નામકરણ કરવું અથવા શુભ તિથિ-વારમાં અશ્વિની, રોહિણી, મૃગશીર્ષ, પુનર્વસુ, પુષ્ય, ઉ. ફા., હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, ઉ. ષા., શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા, ઉ. ભાદ્રપદા તથા રેવતી નક્ષત્રોમાં નામ પાડવું.

પારણામાં સુવાડવાનું મુહૂર્ત

જન્મદિવસથી પુત્રને ૧૨ મા દિવસે તથા કન્યાને ૧૩ મા દિવસે અથવા કુલાચાર પ્રમાણે યોગ્ય દિવસે સંતાનને પાલકારોહણ કરાવવું અથવા અશ્વિની, મૃગશીર્ષ, પુનર્વસુ, હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, જ્યેષ્ઠા તથા રેવતી નક્ષત્રો અને શુભતિથિ, શુભ-વારમાં પાલકારોહણ કરાવવું. આ નક્ષત્રોમાં મુહૂર્ત ન મળતાં શુભ નક્ષત્રોમાં ૧૦, ૧૨, ૧૬, ૧૮, તથા ૩૨ મા દિવસે પારણામાં ઝુલાવવું.

કર્ણવેધ (કાન વીંધવા)નું મુહૂર્ત

જન્મદિવસથી ૧૨ મે અથવા ૧૬ મે દિવસે, ત્યારબાદ ૬, ૭ અથવા ૮ મહિને, ત્યારપછી એકી વર્ષોમાં બાળકના કાન વીંધાવવા. શુભ માસ: ચૈત્ર, કાર્તિક, પોષ, ફાગણ માસ. તિથિઓ-૨, ૩, ૫, ૬, ૭, ૧૦, ૧૨, ૧૬. કૃષ્ણપક્ષમાં ૧ ૨ ૩ ૫. શુભ વાર:—સોમ બુધ ગુરુ, શુક્ર. ભદ્રારહિત દિવસ. શુભ નક્ષત્રો—અશ્વિની, મૃગ, પુન, પુષ્ય, ત્રણ ઉત્તરા, હસ્ત, ચિત્રા, શ્રવણ, ધનિષ્ઠા, રેવતી, ચંદ્રબળ હોતાં, કર્ણવેધ શુભ મનાય. ચૈત્રમાં મીનાર્ક, પોષમાં ધનાર્ક અને કાર્તિક દેવઉઠી પ્રબોધિની ૧૧ાં સુધી ત્યાગવાં. ચૈત્રમાં મેષનો સૂર્ય અને પોષમ મકરનો સૂર્ય, કાર્તિકમાં પ્રબોધિની અગિયારસ પછી શુભ. સૂર્ય ચંદ્ર તારાબલ જોવાં. દિકરાનો જમણો કાન અને દીકરીનો ડાબો કાન પહેલો વીંધવો.

નિશાળે બેસાડવાનું (વિદ્યારંભ) મુહૂર્ત

ચાતુર્માસ સિવાય શનિ—મંગળવાર ત્યાગ કરી ૨-૩-૫-૭-૧૦-૧૧-૧૨-૧૩ તિથિઓમાં, અશ્વિની, મૃગ, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, આશ્લેષા, ત્રણ પૂર્વા, હસ્ત, ચિત્રા, સ્વાતિ, મૂળ, અનુરાધા, શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા, રેવતી નક્ષત્રોમાં અક્ષરારંભનું મુહૂર્ત સારું છે.

સૂર્ય—ચંદ્ર દર્શન

જન્મદિવસથી ત્રીજે મહિને શુભ દિવસે બાળકને અગ્નિદર્શન અને ચંદ્રદર્શન કરાવવું. તે સમયે તે દેવતાની પૂજા પણ કરવી.

બાળકને પ્રથમ ઘરની બહાર લઈ જવાનું (નિષ્ક્રમણ) મુહૂર્ત

ચોથે મહિને બાળકને ઘરમાંથી પ્રથમ બહાર દેવદર્શનાર્થે લઈ જવું. તિથિ ૪-૬-૮-૯-૧૨-૧૪-૩૦ વિનાની તિથિઓ; વાર-સોમ, બુધ, ગુરુ, શુક્ર, નક્ષત્રો-અશ્વિની, રોહિણી, પુન, પુષ્ય, ઉ. ફા., હસ્ત મૃગશીર્ષ, અનુરાધા, ઉ. ષા., શ્રવણ, ધનિષ્ઠા, ઉ. ભા., રેવતી શ્રેષ્ઠ;, લગ્ન-મીન, મેષ, વૃશ્ચિક, વર્જ્ય, વર્ગ-શુભ ગ્રહ ઉદિત હોતાં. સૌમ્ય ગ્રહ કેન્દ્રત્રિકોણમાં, પાપગ્રહ ૩-૬-૧૧મા સ્થાનમાં હોતાં બાળકને દેવદર્શન કરાવવા પ્રથમ વાર ઘર બહાર લઈ જવું.

અન્નપ્રાશન (બોટણ) મુહૂર્ત

છોકરાને ૬-૮-૧૦ અથવા ૧૨ મા બેકી માસમાં, કન્યાને ૫-૭-૯ અથવા ૧૧મા એકી માસમાં, અન્નપ્રાશન કરાવવું. શુભ તિથિ ૨-૩-૫-૭-૧૦-૧૩-૧૫. શુભવાર:-સોમ બુધ, ગુરુ, શુક્ર, શુભ નક્ષત્રો:—અશ્વિની રોહિણી, મૃગ, પુનર્વસુ પુષ્ય, ઉ. ફા., હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, ઉ. ષા., અભિજિત, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, ઉત્તરાભાદ્ર, રેવતી, ત્યાજ્ય સમય—વૈધૃતિ, વ્યતિપાત વિષ્ટિ, ગંડ, અતિગંડ, શૂલ, વજ્ર, પરિઘ યોગોના વર્જ્ય સમય ત્યાગવાં, જન્મરાશિ અને જન્મલગ્નથી આઠમી રાશિ અને સ્થાનનું (ક્રમથી) લગ્ન, નવમાંશ ત્યાગવાં, મીન, મેષ, વૃશ્ચિક લગ્ન પણ ત્યાગવાં, પાપગ્રહવિદ્ધ નક્ષત્ર ત્યાગવું.

પરદેશ પ્રવાસ માટે ઉપયોગી શ્રી. ગોકુલનાથજીનું વચનામૃત યાને ગોરખનાથનો કોઠો

કાર્તિક	માર્ગશીર્ષ	પોષ	માઘ	ફાલ્ગુન	ચૈત્ર	વૈશાખ	જ્યેષ્ઠ	આષાઢ	શ્રાવણ	ભાદરવો	આસો	ફળશ્રુતિ	પ્રહર ૧	પ્રહર ૨	પ્રહર ૩	પ્રહર ૪	પૂર્વ	દક્ષિણ	પશ્ચિમ	ઉત્તર
૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	સુખ ઉપજે અને ક્લેશ ન થાય.	અર્થ	સુખ	શોક	સુખ	સુખ	ક્લેશ	ભય	દ્રવ્ય
૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	મહાભય ઉપજે અને પસ્તાવો થાય.	જય	ક્લેશ	સુખ	સુખ	શૂન્ય	નાશ	દારિદ્ર	ચિંતા
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	કાર્યસિદ્ધિ, અર્થ પરિપૂર્ણ, સારી વાત સંભળાય.	લાભ	સુખ	સુખ	હાનિ	ક્લેશ	દુઃખ	ઈષ્ટ	ધન
૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	ક્લેશ થાય, પણ વસ્તુલાભ થાય.	ક્લેશ	ભલું	ક્લેશ	વિના	લાભ	સુખ	મંગલ	સુખ
૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	વસ્તુલાભ, સંકટ મટે, મિત્ર લાભ, કાર્યસિદ્ધિ થાય.	સંકટ	ક્લેશ	ભાગ્ય	સુખ	લાભ	રત્ન	રત્ન	સુખ
૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	ઘરની ચિંતા, ક્લેશ, મિત્રનું સંકટ થાય.	સંકટ	ક્લેશ	ભય	અર્થ	ભય	લાભ	મૃત્યુ	લાભ
૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	ભાગ્યોદય, મિત્ર અને સાધનો મળી આવે.	વિના	લાભ	સુખ	સુખ	લાભ	કષ્ટ	લાભ	સુખ
૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	બહુ ખરાબ, લેવાદેવી કરવી નહિ.	૦	૦	૦	૦	કષ્ટ	સુખ	ક્લેશ	સુખ
૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	અર્થસિદ્ધિ થાય, ભાગ્યોદય થાય.	લાભ	ભાગ્ય	મિત્ર	મિત્ર	સુખ	લાભ	સિદ્ધિ	કષ્ટ
૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	સૌભાગ્ય મળે, પણ દિવસ ગત થાય.	લાભ	સંપૂ.	મરણ	કુશલ	ક્લેશ	કષ્ટ	દ્રવ્ય	ધન
૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	ક્લેશ, દિવસ ગત થાય પણ નાશ ન થાય.	મરણ	અર્થ	કુશલ	મરણ	મૃત્યુ	લાભ	લાભ	શૂન્ય
૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	અર્થસિદ્ધિ, મિત્રલાભ, ભાગ્યોદય થાય.	મરણ	સુખ	સુખ	સુખ	શૂન્ય	સુખ	મૃત્યુ	કષ્ટ

મુસાફરીનું અને પ્રહર તથા દિશાઓનું ફળ જે માણસની જે તિથિએ, જે વખતે, જે દિશામાં શુભ જણાય તે દિવસે, તે વખતે, તે દિશામાં પરગામ જવા માટે ગોરખઆંક જોવાય છે; કોઠામાં આપેલી તિથિઓમાં ત્રીજનું જે ફળ આપ્યું છે તે જ તેરશનું, ચોથનું અને ચૌદશનું તેમજ પાંચમ અને પૂર્ણિમાનું એક ફળ. આ મુહૂર્ત પ્રમાણે વર્તવાથી ચંદ્રદોષ, વિષ્ટિ-(ભદ્રા), દિશાશૂલ, યોગિની, કાળ, ઘાતવાર વગેરેનો દોષ નડતો નથી. એ પ્રમાણે ગોરખનાથને મત્સ્યેન્દ્રનાથે કહેલું છે. ઉદાહરણ તરીકે કાર્તિક શુદિ કે વદિ એકમે પ્રયાણ કરનારનું કાર્ય સિદ્ધ થાય. પહેલા પહોરમાં નીકળે તો અર્થલાભ, બીજા પહોરમાં રાજ્યસુખ મળે ઈત્યાદિ. તેમ જ પૂર્વ દિશામાં જાય તો દ્રવ્ય મળે, દક્ષિણમાં જાય તો દુઃખ થાય, ઈત્યાદિ સમજવું. (આ કોઠાને વૈષ્ણવો શ્રી ગોકુલનાથજીનું વચનામૃત કહે છે. તથા માસ પૂર્ણિમાન્ત માને છે.)

પંચકમાં દક્ષિણ દિશાની યાત્રા નિષિદ્ધ ગણાય છે. મનની પ્રસન્નતા, શુભ શુકનો અને સારાં નિમિત્તાથી થતા ગમન કરવું ફળસિદ્ધિ ઉત્પન્ન કરે છે.

યાત્રામાં લગ્નશુદ્ધિ:—પોતાની જન્મરાશિ, તથા જન્મલગ્નથી ૨—૪—૫—૭—૮—૯-૧૨ મી રાશિ, કુંભરાશી, અસ્તગ્રહની રાશિ, વક્રીગ્રહની રાશિ, પોતાની જન્મરાશિના શત્રુગ્રહની રાશિથી છઠ્ઠા જન્મ-રાશિ, મેષ, વૃષભ, કર્ક, ધનું અને મકરરાશિ, જન્મ-લગ્ન સ્વામીની શત્રુ રાશિ, એમાંની કોઈ પણ રાશિ યાત્રાલગ્નમાં નેષ્ટ જાણવી. પાપગ્રહ જન્મકુંડળી અને યાત્રામુહૂર્ત લગ્નકુંડળીમાં બળહીન ગ્રહો લગ્નમાં લેવાય નહિ.

સૂર્ય-પૂર્વ; શુક્રઅગ્નિકોણ; મંગળ—દક્ષિણ; રાહુ-નૈઋત્ય; શનિ-પશ્ચિમ; ચંદ્ર-વાયવ્યકોણ; બુધ-ઉત્તર, ગુરુ-ઈશાન દિશા અને ખૂણાના સ્વામીઓ ગણાય છે.

સમયશૂલ:—પ્રાતઃકાલે પૂર્વ દિશાએ, સાયંકાલે પશ્ચિમ દિશાએ, મધ્યાહનકાલે દક્ષિણ દિશાએ, અને મધ્યરાત્રિએ ઉત્તર દિશામાં સમયશૂલ હોઈ તે તરફ પ્રવાસ કરવો નહિ.

લલાટી દિશા:—સૂર્ય લગ્નમાં હોય તો પૂર્વમાં, મંગળ ૧૦ મે હોતાં દક્ષિણમાં, શનિ ૭ મે હોતાં પશ્ચિમમાં, બુધ ૪ થે હોતાં ઉત્તરમાં લલાટી કેન્દ્રમાં રહેલા ગણાય છે. તે ગ્રહની જે દિશા હોય તે દિશામાં યાત્રાએ જવું નહિ.

લલાટી ઉપદિશાઓ—૧૧-૧૨ મા સ્થાનમાં શુક્ર હોતાં અગ્નિખૂણામાં, ૮ મે, ૯ મે રાહુ હોતાં નૈઋત્યમાં, ૫—૬ સ્થાને ચંદ્ર હોતાં વાયવ્ય ખૂણામાં અને ૨-૩ સ્થાનમાં ગુરુ હોતાં ઈશાન ખૂણામાં મુસાફરીએ જવું નહિ.

રાહુનું વાર ગમન:—રવિવારે નૈઋત્ય, સોમવારે ઉત્તર, મંગળવારે અગ્નિ, બુધવારે પશ્ચિમ, ગુરુવારે ઈશાન, શુક્રવારે દક્ષિણ અને શનિવારે પૂર્વમાં; રાહુ ગમન કરનારની પાછળ તથા ડાબી બાજુએ શુભ છે.

વિહાર તથા પ્રવેશમાં:—ફાંકડ અથવા ચોથાનું ઘર વર્જ્ય છે તે આ પ્રમાણે:—એકમ શનિવાર, બીજ શુક્રવાર, ત્રીજ ગુરુવાર, ચોથ બુધવાર, પાંચમ મંગળવાર, છઠ સોમવાર અને સાતમ ને રવિવાર.

વા	ઉત્તર	ઈ
પશ્ચિમ	**વત્સચાર:** મીન, મેષ અને વૃષભ સંક્રાંતિમાં પશ્ચિમ દિશામાં, મિથુન, કર્ક અને સિંહ ઉત્તરમાં, કન્યા, તુલા અને વૃશ્ચિક પૂર્વમાં, તથા ધનુ, મકર અને કુંભમાં વત્સ દક્ષિણમાં ઉગે છે. તે વત્સ પ્રયાણ તથા પ્રવેશ સમયે સન્મુખ કે પાછળ સારો નથી. એટલે ડાબો તથા જમણો પાસે હોય તો તે સારો છે.	પૂર્વ
ને	દક્ષિણ	અ

પ્રયાણમાં શુભ તિથિ:-૧-૨-૩-૫-૭-૧૦-૧૧-૧૩.

પ્રયાણમાં શુભ વાર:—સોમ, બુધ ગુરુ અને શુક્રવાર ૧—૪—૮—૯ તિથિ સિવાય.

પ્રયાણમાં શુભ નક્ષત્ર:— અશ્વિની, મૃગશીર્ષ, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, અનુરાધા, શ્રવણ, ધનિષ્ઠા અને રેવતી.

પ્રયાણમાં મધ્યમ નક્ષત્ર:— રોહિણી, ત્રણ પૂર્વા ત્રણ ઉત્તરા, જ્યેષ્ઠા, મૂળ, અને શતભિષા.

શુભ ચંદ્ર:- જન્મરાશિથી ગણતાં ૧-૩-૬-૭ ૧૦-૧૧ મો ચંદ્ર શુભ છે. તે ઉપરાંત, શુક્લ પક્ષમાં ૨—૫—૯ મો ચંદ્ર પણ શુભ છે.

શુભ તારા: જન્મ નક્ષત્રથી દિવસના નક્ષત્ર સુધી ગણતાં જે સંખ્યા આવે તેને ૯ થી ભાગતાં શેષ ૧-૨-૪-૬-૮-૦ વધે તો શુભ છે.

યાત્રા કરીને પાછા આવતાં પ્રવેશમુહૂર્ત

વાર:— રવિ, સોમ, ગુરુ, શુક્ર, શનિ, નક્ષત્ર:- અશ્વિની, રોહિણી, મૃગ, પુષ્ય, ઉ. ફા; હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, ઉ. ષા. અભિજિત, ધનિષ્ઠા, ઉ. ભા., રેવતી.

લગ્ન:- ૨-૫-૮-૧૧ (સ્થિર) રાશિના હોતાં ૬-૮-૧૨ મા સ્થાનની શુદ્ધિ હોતાં મુસાફરીથી આવતાં નગરપ્રવેશ કરવો.

દિશાશૂલ, નક્ષત્રશૂલ, યોગિની, કાળ, ચંદ્રવાસ

દિશા	દિશા શૂલ	નક્ષત્ર શૂલ	સન્મુખ યોગિની	સામો કાળ	સન્મુખ શુભ ચંદ્ર
પૂર્વ	શ. સો.	જ્યે. પૂ. ષા.	તિથિ ૧-૯	શનિ	મેષ, સિંહ
અગ્નિ	સો. ગુ.	ઉ. ષા.	૩-૧૧	શુક્ર	ધનુ
દક્ષિણ	ગુ.	પૂ. ભા. રે.	૫-૧૩	ગુરુ	વૃષ, કન્યા
નૈઋત્ય	શુ. ર.	શ્ર. ધ.	૪-૧૨	બુધ	મકર
પશ્ચિમ	શુ. ર.	રો. પુષ્ય. મૃ.	૬-૧૪	મંગળ	મિ., તુલા
વાયવ્ય	મં.		૭-૧૫	સોમ	કુંભ
ઉત્તર	મં. બુ.	પૂ. ફા. ઉ. ફા.	૨-૧૦	રવિ	કર્ક, વૃશ્ચિક
ઈશાન	બુ. શ.	હસ્ત ચિ.	૮-૩૦		મીન

જે દિશામાં દિશા-નક્ષત્રશૂલ અને સામો કાળ (સન્મુખ ચંદ્ર સિવાય) હોય તે દિશામાં તે વારે જવું નહિ.

યોગિની ડાબી બાજુ સુખ આપે. પીઠ પાછળ રહે તો ઈચ્છિત સફળતા મળે. જમણી બાજુ ધનનાશ અને સન્મુખ યોગિની પ્રમાણમાં મૃત્યુ કષ્ટ આપે છે. ચંદ્ર સન્મુખ હોય તો સફળતા, જમણો લાભ, પીઠ પાછળ કષ્ટ તથા ડાબો હોય તો પ્રમાણમાં વિઘ્ન કરે છે. દિશા પરત્વે કોઠામાં ચંદ્ર દર્શાવેલ છે.

(વર–કન્યાની જન્મકુંડલી મેળ જોયા પછી રાશિ માટે ગુણક જોવાનો કોઠો) ગુણૈક્ય કોષ્ટક

નક્ષત્રાંક	વર → / કન્યા ↓	રાશિ	મેષ			વૃષભ			મિથુન			કર્ક			સિંહ			કન્યા			નક્ષત્રાંક
			અશ્વિની	ભરણી	કૃ ૧	કૃ ૩	રોહિણી	મૃ ૨	મૃ ૨	આર્દ્રા	પુ ૩	પુ ૧	પુષ્ય	આશ્લેષા	મઘા	પૂ.ફા.	ઉ ૧	ઉ ૩	હસ્ત	ચિ ૨	
			૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૦
૦૧	અશ્વિની	મેષ	૨૮	૩૩	૨૭॥	૧૮॥	૨૧॥	૨૨॥	૨૫	૧૭	૧૮	૨૨॥	૩૦॥	૨૭	૨૭	૩૧	૨૨॥	૧૨	૦૯	૧૩	૦૧
૦૨	ભરણી		૩૪	૨૮	૨૮	૧૯	૨૨॥	૧૪॥	૧૭	૨૬	૨૬	૩૦॥	૨૨॥	૨૪॥	૨૬	૨૪	૩૨	૨૦॥	૨૧	૦૪	૦૨
૦૩	કૃ. પે. ૧		૨૬॥	૨૮	૨૮	૧૮	૧૦	૧૬॥	૧૯	૨૦	૨૦	૨૪॥	૨૬॥	૨૨॥	૨૨॥	૨૬	૨૭	૧૬॥	૧૬॥	૧૮	૦૩
૦૪	કૃ. છે. ૩	વૃષભ	૧૭॥	૧૯	૧૯	૨૮	૧૯	૨૫॥	૨૩॥	૨૪॥	૨૪॥	૨૧	૨૩	૧૯	૧૭॥	૨૧	૨૨	૨૮	૨૮	૩૦॥	૦૪
૦૫	રોહિણી		૨૨॥	૨૨॥	૧૦	૧૮	૨૮	૩૬	૩૪	૨૯॥	૨૯॥	૨૬	૨૬	૧૨	૧૦॥	૨૪॥	૨૬	૩૨	૩૨	૨૭	૦૫
૦૬	મૃ. પે. ૨		૨૨॥	૧૩॥	૧૭॥	૨૫॥	૩૫	૨૮	૨૪	૩૦	૨૯॥	૨૬	૧૮	૨૧	૧૯॥	૧૫॥	૨૩॥	૨૯॥	૩૨	૨૦	૦૬
૦૭	મૃ. છે. ૨	મિથુન	૨૫	૧૬	૨૦	૨૪॥	૩૪	૨૫	૨૮	૩૨	૩૧॥	૨૦	૧૨	૧૫	૨૩॥	૧૯॥	૨૭॥	૩૦॥	૩૩	૨૧	૦૭
૦૮	આર્દ્રા		૧૯	૨૭	૨૬	૨૫॥	૨૯॥	૩૧	૩૨	૨૮	૨૫	૧૩॥	૨૧	૧૪	૨૨॥	૨૮॥	૨૧॥	૨૪॥	૨૪॥	૨૭	૦૮
૦૯	પુ. પે. ૩		૧૯	૨૬	૨૨	૨૬॥	૨૮॥	૨૯॥	૩૦॥	૨૩	૨૮	૧૫॥	૨૨॥	૨૧	૨૨॥	૨૬॥	૨૦॥	૨૩॥	૨૪॥	૨૬॥	૦૯
૧૦	પુ. છે. ૧	કર્ક	૨૧॥	૨૮॥	૨૪॥	૨૧	૨૩	૨૪	૧૮	૧૦॥	૧૪॥	૨૮	૩૪	૨૯॥	૨૩॥	૨૭॥	૨૧॥	૧૭	૧૮	૨૦	૧૦
૧૧	પુષ્ય		૨૯॥	૨૦॥	૨૬॥	૨૩	૨૩	૧૬	૧૦	૧૮	૨૦॥	૩૪	૨૮	૨૯	૨૫॥	૨૧॥	૩૦॥	૨૬	૨૭	૧૨	૧૧
૧૨	આશ્લે.		૨૫	૨૩॥	૨૧॥	૧૮	૧૦	૧૮	૧૨	૧૨	૧૬	૨૮॥	૨૮	૨૮	૨૨	૨૨॥	૨૪॥	૨૦	૨૦	૨૫	૧૨
૧૩	મઘા	સિંહ	૨૬	૨૬	૨૨॥	૧૬॥	૦૮॥	૧૬॥	૨૦॥	૨૦॥	૧૯॥	૨૨॥	૨૫॥	૨૨	૨૮	૩૦	૨૬॥	૨૨॥	૨૨॥	૨૮॥	૧૩
૧૪	પૂ. ફા.		૩૨	૨૪	૨૬	૨૦	૨૨॥	૧૪॥	૧૮॥	૨૬॥	૨૫॥	૨૮॥	૨૩॥	૨૨॥	૩૦	૨૮	૩૪	૩૦	૨૮॥	૧૪॥	૧૪
૧૫	ઉ. પે. ૧		૨૩॥	૩૨	૨૭	૨૧	૨૪	૨૨॥	૨૬॥	૨૦॥	૨૦॥	૨૩॥	૩૨॥	૨૫॥	૨૬॥	૩૪	૨૮	૨૨	૨૩	૨૪॥	૧૫
૧૬	ઉ. છે. ૩	કન્યા	૧૪	૨૧॥	૧૭॥	૨૮	૩૧	૨૯॥	૨૯॥	૨૩॥	૨૩॥	૧૯	૨૮	૨૧	૨૩॥	૩૧	૨૩	૨૮	૨૭	૨૦॥	૧૬
૧૭	હસ્ત		૧૦	૨૧	૧૮॥	૨૯	૩૦	૩૬	૩૧	૨૨॥	૨૩॥	૧૯	૨૮	૨૨	૨૪॥	૨૮॥	૨૩	૨૬	૨૮	૨૮	૧૭
૧૮	ચિ. પે. ૨		૧૩	૦૫	૧૯	૨૯॥	૨૭	૧૯	૧૯	૨૫	૨૩॥	૧૯	૧૧	૨૫	૨૯॥	૧૫॥	૨૦॥	૨૩॥	૨૬	૨૮	૧૮
૧૯	ચિ. છે. ૨	તુલા	૨૧॥	૧૩॥	૨૭॥	૨૯॥	૨૭	૧૯	૨૦	૨૬	૨૪॥	૧૮॥	૧૦॥	૨૪॥	૨૫॥	૧૧॥	૧૬॥	૨૩॥	૨૬	૨૧	૧૯
૨૦	સ્વાતિ		૨૭॥	૨૯॥	૧૭॥	૧૯॥	૨૦॥	૩૧	૩૨	૩૩	૩૪	૨૮	૨૭॥	૧૩॥	૧૨॥	૨૪॥	૨૫॥	૩૨॥	૩૪॥	૨૭	૨૦
૨૧	વિ. પે. ૩		૨૨॥	૨૨॥	૨૦॥	૨૨॥	૧૭॥	૨૫॥	૨૬॥	૨૬	૨૬	૨૦	૨૦	૧૬॥	૧૭॥	૧૯॥	૧૬॥	૨૩॥	૨૪॥	૩૪॥	૨૧
૨૨	વિ. છે. ૧	વૃશ્ચિક	૨૩॥	૨૩॥	૨૦॥	૧૮॥	૧૪॥	૨૨॥	૧૨	૧૨॥	૧૨॥	૧૮	૧૮	૧૪॥	૨૧॥	૨૩॥	૨૦॥	૧૬	૧૭	૨૭	૨૨
૨૩	અનુ.		૩૧॥	૨૧॥	૨૫॥	૨૩॥	૨૭॥	૨૦॥	૧૦	૧૫	૧૬॥	૨૫	૧૭	૨૦	૨૪॥	૨૦॥	૨૮॥	૨૪	૨૫	૧૦	૨૩
૨૪	જ્યેષ્ઠા		૧૯	૨૪॥	૩૦॥	૨૮॥	૨૨॥	૨૨॥	૧૨	૦૨	૦૪	૦૯॥	૧૯	૨૫	૩૧	૨૩॥	૧૫॥	૧૧	૧૧	૨૩	૨૪
૨૫	મૂળ	ધનુ	૧૯	૨૭	૩૧॥	૨૦	૧૩	૧૩	૨૦	૧૫	૧૧	૧૪	૨૪	૨૯॥	૩૦	૨૪	૧૬॥	૧૩	૧૩	૨૫	૨૫
૨૬	પૂ. પે. ૦॥		૩૩	૨૫	૨૫	૧૩॥	૨૦	૧૨	૧૯	૨૭	૨૭	૩૦	૧૯	૨૪	૨૬	૨૪	૩૨	૨૮॥	૨૭	૧૧	૨૬
૨૭	પૂ. છે. ૩॥		૩૪	૨૬	૨૬	૧૪॥	૨૧	૧૩	૧૮	૨૬	૨૬	૩૦॥	૧૯॥	૨૪॥	૨૬	૨૪	૩૨	૨૭॥	૨૬	૧૦	૨૭
૨૮	ઉ. પે. ૧		૩૨॥	૩૪	૨૦	૦૮॥	૧૨॥	૧૯	૨૪	૨૬	૨૬	૩૦॥	૩૦॥	૧૬॥	૧૪॥	૩૦	૩૨	૨૭॥	૨૭॥	૨૦	૨૮
૨૯	ઉ. છે. ૩	મકર	૨૮	૨૯॥	૧૫॥	૨૦	૨૪	૩૦॥	૨૭॥	૨૯॥	૨૯॥	૨૭	૨૭	૧૩	૦૩॥	૧૯	૨૦	૨૫	૨૫	૧૭॥	૨૯
૩૦	અ. પે. ૧॥		૨૮	૨૭	૧૪॥	૧૯	૨૫	૩૪	૩૧	૨૮॥	૨૯॥	૨૭	૨૫	૧૪	૦૫॥	૧૭॥	૧૯	૨૪	૨૫	૧૯	૩૦
૩૧	અ. છે. ૨॥		૨૭	૨૬	૧૩॥	૧૮	૨૪	૩૩	૩૦॥	૨૮	૨૯	૨૮	૨૬	૧૬	૦૬॥	૧૮॥	૨૦	૨૩॥	૨૪॥	૧૮॥	૩૧
૩૨	ધ. પે. ૨		૨૦	૧૧	૨૬	૩૦॥	૨૭	૧૯	૧૬॥	૨૩॥	૨૨	૨૧	૧૩	૨૭	૧૬॥	૦૫॥	૧૨॥	૧૬	૧૭॥	૧૫॥	૩૨
૩૩	ધ. છે. ૨	કુંભ	૨૦	૧૧	૨૬	૩૦॥	૨૭	૧૯	૧૩	૨૦	૧૮॥	૧૩॥	૦૫॥	૧૬॥	૨૫॥	૧૯॥	૧૭॥	૨૩॥	૨૫	૨૩	૩૩
૩૪	શતતારા		૧૫	૨૧	૨૭	૩૧॥	૨૪॥	૨૬	૨૦	૧૩	૧૩	૦૮	૧૪॥	૨૦॥	૨૫॥	૧૯॥	૧૨॥	૧૮॥	૧૪॥	૩૧	૩૪
૩૫	પૂ. પે. ૩		૧૮	૨૫	૨૦	૨૪॥	૩૧॥	૩૧॥	૨૫॥	૧૮	૧૮	૧૩	૨૧	૧૩॥	૧૯॥	૨૫॥	૧૫॥	૨૧॥	૨૧॥	૨૩॥	૩૫
૩૬	પૂ. છે. ૧	મીન	૨૧॥	૨૮॥	૨૩॥	૧૯	૨૬	૨૬	૨૫॥	૧૮	૧૮	૧૮	૨૬	૧૮॥	૨૪॥	૩૦॥	૨૦॥	૧૫॥	૧૫॥	૧૭॥	૩૬
૩૭	ઉ. ભા.		૩૧॥	૨૨॥	૨૫॥	૨૧	૨૫	૧૭	૧૬॥	૨૫॥	૨૭	૨૭	૨૩	૨૧	૨૪॥	૨૨॥	૩૨॥	૨૭॥	૨૬॥	૦૮॥	૩૭
૩૮	રેવતિ		૩૨	૩૧॥	૧૭॥	૧૩	૧૬	૨૫	૨૪॥	૨૪॥	૨૫॥	[illegible]	૨૭	૧૪	૧૬	૨૯॥	૨૯॥	૨૪॥	૨૬॥	૧૮	૩૮

નક્ષત્રાંક	તુલા			વૃશ્ચિક			ધનુ				મકર				કુંભ			મીન			નક્ષત્રાંક
	ચિ ૨	સ્વાતિ	વિ ૩	વિ ૧	અનુ.	જ્યેષ્ઠા	મૂળ	પૂ ૦॥	પૂ ૩॥	ઉ ૧	ઉ ૩	અ ૧॥	અ ૨॥	ધ ૨	ધ ૨	શત.	પૂ ૩	પૂ ૧	ઉ.ભા.	રેવતી	
	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	
૦૧	૨૨॥	૨૫॥	૨૧॥	૨૪॥	૩૨॥	૨૧	૨૦	૩૨	૩૩	૩૧॥	૨૬	૨૭	૨૬	૧૯	૧૯	૧૫	૧૫	૨૦॥	૩૧॥	૩૩	૦૧
૦૨	૧૩॥	૨૯॥	૨૦॥	૨૩॥	૨૩॥	૨૫॥	૨૭	૨૫	૨૬	૩૪	૨૮॥	૨૭	૨૬	૦૯	૦૯	૨૦	૨૩	૨૮॥	૨૩॥	૩૩॥	૦૨
૦૩	૨૭॥	૧૫॥	૧૯॥	૨૨॥	૨૫॥	૩૧॥	૩૧॥	૨૪	૨૫	૨૦	૧૪॥	૧૨॥	૧૧॥	૨૪	૨૪	૨૬	૧૮	૨૩॥	૨૬॥	૧૭॥	૦૩
૦૪	૨૯॥	૧૭॥	૨૧॥	૨૦॥	૨૩॥	૨૯॥	૨૦	૧૩॥	૧૪॥	૦૮॥	૨૦	૧૮	૧૭	૨૯॥	૨૮॥	૩૦॥	૨૨॥	૧૯	૨૨	૧૩	૦૪
૦૫	૨૬	૨૧॥	૧૬॥	૧૫॥	૨૯॥	૨૩॥	૧૩	૨૦	૨૧	૧૨॥	૨૪	૨૬	૨૫	૨૭	૨૬	૨૨॥	૩૦॥	૨૭	૨૫	૧૭	૦૫
૦૬	૧૯	૩૧	૨૫॥	૨૪॥	૨૧॥	૨૪॥	૧૪	૧૧	૧૨	૧૮	૨૯॥	૩૪	૩૩	૨૦	૧૯	૨૫	૨૯॥	૨૬	૧૬	૨૫	૦૬
૦૭	૨૧	૩૩	૨૭॥	૧૫	૧૨	૧૫	૨૧	૧૯	૧૮	૨૩	૨૬॥	૩૨	૩૧॥	૧૮॥	૧૩	૨૦	૨૩॥	૨૫॥	૧૫॥	૨૪॥	૦૭
૦૮	૨૭	૩૪	૨૭	૧૪॥	૧૮	૦૪	૧૬	૨૮	૨૭	૨૭	૩૦॥	૩૦॥	૩૦	૨૩॥	૧૯	૧૨	૧૭	૧૯	૨૬॥	૨૬॥	૦૮
૦૯	૨૬॥	૩૪	૨૮	૧૫॥	૨૧॥	૦૭	૧૪	૨૭	૨૬	૨૬	૨૯॥	૩૦॥	૩૦	૨૪	૧૮॥	૧૩	૧૬	૧૮	૨૭	૨૬॥	૦૯
૧૦	૧૯॥	૨૭	૨૧	૨૦	૨૬	૧૧॥	૧૫	૨૮	૨૮॥	૨૮॥	૨૫	૨૬	૨૭	૨૦	૧૨॥	૦૭	૧૦	૧૬	૨૫	૨૪॥	૧૦
૧૧	૧૧॥	૨૬॥	૨૧	૨૦	૧૮	૨૧	૨૪	૧૮	૧૮॥	૨૮॥	૨૫	૨૩	૨૪	૧૨	૦૪॥	૧૩॥	૧૮	૨૪	૧૮	૨૬	૧૧
૧૨	૨૪॥	૧૧॥	૧૬॥	૧૫॥	૨૦	૨૬	૨૯॥	૨૩	૨૩॥	૧૫॥	૧૨	૧૨	૧૩	૨૬	૧૭॥	૧૮॥	૧૧॥	૧૭॥	૨૦	૧૨	૧૨
૧૩	૨૪॥	૧૦॥	૧૬॥	૨૨॥	૨૪॥	૩૨	૩૧	૨૬	૨૬	૧૫॥	૦૩॥	૦૪॥	૦૫॥	૧૯॥	૨૪॥	૨૪॥	૧૮॥	૨૫॥	૨૫॥	૧૯	૧૩
૧૪	૧૦॥	૨૪॥	૧૮॥	૨૪॥	૨૨॥	૨૪॥	૨૫	૨૪	૨૪	૩૧	૧૯	૧૮॥	૧૯॥	૦૫॥	૧૦॥	૧૮॥	૨૪॥	૩૧॥	૨૩॥	૩૧॥	૧૪
૧૫	૧૬॥	૨૫॥	૧૬॥	૨૨॥	૩૦॥	૧૬॥	૧૬॥	૩૨	૩૨	૩૨	૨૦	૨૦	૨૧	૧૨॥	૧૭॥	૧૧॥	૧૫॥	૨૨॥	૩૩॥	૩૧॥	૧૫
૧૬	૨૩॥	૩૨॥	૨૩॥	૧૮	૨૬	૧૨	૧૪	૨૯॥	૨૮॥	૨૮॥	૨૬	૨૬	૨૫॥	૧૭	૨૩॥	૧૭॥	૨૧॥	૧૭॥	૨૮॥	૨૬॥	૧૬
૧૭	૨૭	૩૩॥	૨૪॥	૨૦	૨૬	૧૩	૧૫	૨૭	૨૬	૨૭॥	૨૫	૨૬	૨૫॥	૧૯॥	૨૬	૧૫॥	૨૦॥	૧૬॥	૨૬॥	૨૭॥	૧૭
૧૮	૨૫	૨૬	૩૩॥	૨૮	૧૧	૨૫	૨૭	૧૩	૧૨	૨૧	૧૮॥	૧૯	૧૮॥	૧૬॥	૨૩	૩૧	૨૩॥	૧૯॥	૧૦॥	૧૯॥	૧૮
૧૯	૨૮	૨૭	૩૪॥	૨૪॥	૦૬॥	૨૦॥	૨૭	૧૩	૧૨	૨૧	૨૫॥	૨૬	૨૫॥	૨૩॥	૨૫	૩૩	૨૫॥	૧૩॥	૦૪॥	૧૩॥	૧૯
૨૦	૨૭	૨૮	૨૦	૧૦	૨૨॥	૧૭॥	૨૩	૨૭	૨૬	૧૮	૨૨॥	૨૩॥	૨૩	૨૬॥	૨૮	૨૭	૩૨	૨૦	૨૩॥	૧૬॥	૨૦
૨૧	૩૪॥	૧૮	૨૮	૧૭	૧૭	૨૧॥	૨૭	૨૧	૨૦	૧૩	૧૭॥	૧૬॥	૧૬	૩૦	૩૧॥	૩૩	૨૭	૧૫	૧૪	૦૫॥	૨૧
૨૨	૨૩॥	૦૭	૧૬	૨૮	૨૭	૩૧॥	૨૮॥	૨૨॥	૨૩॥	૧૬॥	૧૨	૧૧	૧૧	૨૫	૨૪	૨૫॥	૧૯॥	૨૬	૨૫	૧૬॥	૨૨
૨૩	૦૬॥	૨૦॥	૧૬	૨૭	૨૮	૩૧	૨૨॥	૨૦॥	૨૧॥	૨૯॥	૨૫	૨૬	૨૬	૧૨	૧૧	૨૧	૨૪॥	૩૧	૨૪	૩૩	૨૩
૨૪	૧૯॥	૧૪॥	૧૯॥	૩૦॥	૩૦	૨૮	૨૧	૨૩॥	૨૪॥	૨૪॥	૨૦	૨૦	૨૦	૨૫	૨૪	૧૮	૧૦	૧૬॥	૨૭	૨૭	૨૪
૨૫	૨૫	૨૧	૨૫	૨૮॥	૨૧॥	૨૧	૨૮	૨૮	૨૭	૨૫॥	૧૬॥	૧૬॥	૧૬	૨૧	૨૮॥	૨૧॥	૧૪॥	૧૬	૨૫	૨૬॥	૨૫
૨૬	૧૧	૨૩	૧૯	૨૨॥	૨૨॥	૨૪॥	૨૮	૨૮	૨૭	૩૩	૨૪	૨૭॥	૨૭	૦૭	૧૪॥	૨૩॥	૨૮॥	૩૦	૨૩	૩૧	૨૬
૨૭	૧૦	૨૬	૧૮	૨૩॥	૨૩॥	૨૫॥	૨૭	૨૭	૨૮	૩૪	૨૫	૨૮॥	૨૭॥	૦૭॥	૧૩॥	૨૨॥	૨૭॥	૩૦॥	૨૩॥	૩૧॥	૨૭
૨૮	૨૦	૧૮	૧૨	૧૭॥	૩૧॥	૨૫॥	૨૫॥	૩૩	૩૪	૨૮	૧૮	૧૭	૧૫	૧૬॥	૨૨॥	૨૨॥	૨૮॥	૩૧॥	૩૧॥	૨૩॥	૨૮
૨૯	૨૪॥	૨૨॥	૧૬॥	૧૩	૨૭	૨૧	૧૬॥	૨૪	૨૫	૧૯	૨૮	૨૬	૨૫	૨૫॥	૨૪॥	૨૪॥	૩૦॥	૨૯॥	૨૯॥	૨૧॥	૨૯
૩૦	૨૫	૨૨॥	૧૫॥	૧૨	૨૭	૨૨	૧૭॥	૨૪॥	૨૫॥	૧૬	૨૫	૨૮	૨૭	૨૭	૨૬	૨૫॥	૨૮॥	૨૭॥	૨૮॥	૨૧॥	૩૦
૩૧	૨૪॥	૨૨	૧૫	૧૨	૨૭	૨૨	૧૭	૨૪	૨૪॥	૧૫	૨૪	૨૭	૨૮	૨૮	૨૫॥	૨૫	૨૮	૨૮॥	૨૯॥	૨૨॥	૩૧
૩૨	૨૧॥	૨૩॥	૨૮	૨૫	૧૧	૨૫	૨૧	૦૭	૦૭॥	૧૬॥	૨૫॥	૨૫	૨૬	૨૮	૨૩॥	૩૦॥	૨૬	૨૬॥	૧૫॥	૧૨॥	૩૨
૩૩	૨૪	૨૬	૩૦॥	૨૪	૧૦	૨૪	૨૮॥	૧૪॥	૧૩॥	૨૩॥	૨૫॥	૨૫	૨૪॥	૨૪॥	૨૮	૩૩	૨૮॥	૨૨	૦૮	૧૫	૩૩
૩૪	૩૨	૨૫	૩૨	૨૫॥	૨૧	૧૯	૨૨॥	૨૪॥	૨૩॥	૨૩॥	૨૫॥	૨૫॥	૨૫	૩૦॥	૩૨	૨૮	૧૯	૦૯॥	૨૧	૧૭	૩૪
૩૫	૨૪॥	૩૨	૨૬	૧૯॥	૨૫॥	૧૦	૧૪॥	૨૮॥	૨૭॥	૨૯॥	૩૧॥	૨૯॥	૨૯	૨૭	૨૮॥	૧૮	૨૮	૧૭॥	૨૩॥	૨૧	૩૫
૩૬	૧૧॥	૧૯	૧૩	૨૫	૩૧	૧૯॥	૧૪	૨૮	૨૮॥	[illegible]	૨૮॥	૨૬॥	૨૭॥	૨૫॥	૧૮	૦૭॥	૧૬॥	૨૮	૩૩	૩૦॥	૩૬
૩૭	૦૨॥	૨૦॥	૧૨	૨૪	૨૫	૨૭	૨૪	૨૨	૨૨॥	૩૦॥	૨૮॥	૨૮॥	૨૯॥	૧૩॥	૦૬	૧૭	૨૧॥	૩૨	૨૮	૩૪	૩૭
૩૮	૧૨॥	૧૨॥	૦૪॥	૧૬॥	૩૩	૨૮	૨૬॥	૨૯	૨૯॥	૨૧॥	૧૬॥	૨૦॥	૨૧॥	૨૧॥	૧૪	૧૬	૧૮	૨૮॥	૩૩	[illegible]	૩૮

રાશિ મેળ માટે એટલે ગુણ નાડી, ઠ્ઠ વગેરેના. એકંદર વરકન્યાના ચન્દ્રાત્મક જન્મનક્ષત્ર ઉપરથી ચોક્કસ ગુણક મળશે; ગુણક ૧૮ થી ઉપરના હોય તો સારા જાણવા; છતાં મૂળ આધાર કુંડલીના શુભાશુભ યોગો પર છે. ઉદાહરણ:—વરનું મઘા નક્ષત્ર છે અને કન્યાનું મૂળ નક્ષત્ર છે તેના ગુણક ૩૦ આવે છે તે સારા છે. પરંતુ કન્યાનું રોહિણી નક્ષત્ર હોય તો ૧૦॥ આવે છે માટે અશુભ જાણવા.

બ્રાહ્મણોને સામાન્યપણે માઘ માસથી જ્યેષ્ઠ માસ સુધીના પાંચ મહિના સુધી ઉપનયન લેવા માટેનો યોગ્ય સમય હોય છે. તેમાં પણ સૂર્ય મીન અને મેષ રાશિમાં હોય ત્યારે ઉત્તમ છે. મકર - કુંભ રાશિમાં સૂર્ય મધ્યમ, તેમજ વૃષભ મિથુન રાશિમાં સૂર્ય કનિષ્ટ એવો એક મત છે. ચૈત્ર માસમાં મીન રાશિનો સૂર્ય હોય ત્યારે ઉપનયન માટેનો ઉત્તમ સમય હોય છે. સૂર્ય ચંદ્રનું અનિષ્ટત્વ ગોચરમાં અનિષ્ટ ગુરુ જન્મનો મહિનો હોય તો પણ મીનનો સૂર્ય હોય તેવા ચૈત્ર માસમાં ઉપનયન લઇ શકાય. જન્મમાસ, જન્મનક્ષત્ર જન્મતિથિ, જન્મલગ્ન, જન્મચંદ્રરાશિમાં પણ બ્રાહ્મણોને ઉપનયન લેવામાં દોષ નથી. પરંતુ ક્ષત્રિય તથા વૈશ્યોને પહેલા ખોળાના સંતાન માટે ઉપર દર્શાવેલ જન્મમાસાદિ વર્જ્ય છે.

જેને ઉપનયન લેવાનું હોય તેના પિતાને રવિબળ હોવું જરૂરી છે. બટુકને શાખેશ અને વર્ણેશનું બળ જરૂરી છે. અને બટુક તથા તેના પિતા તથા માતા સર્વને ગુરુ તેમજ ચંદ્રનું બળ જરૂરી છે. માતા પિતાને ગુરુ-ચદ્રનું-બળ કદાચ ન હોય તો પણ બટુકને તો ગુરુ - ચંદ્રનું બળ અવશ્ય જોઇએ.

શાખેશ: ઋગ્વેદનો સ્વામી ગુરુ, યજુર્વેદનો સ્વામી શુક્ર, સામવેદનો સ્વામી મંગળ તથા અથર્વવેદનો સ્વામી બુધ છે.

વર્ણેશ: બ્રાહ્મણોનો સ્વામી ગુરુ અને શુક્ર. ક્ષત્રિયોનો સ્વામી મંગળ અને રવિ; અને વૈશ્યનો સ્વામી ચંદ્ર અને બુધ છે.

ઉપનયન માટેની તિથિ

બીજ, ત્રીજ, પાંચમ, છઠ્ઠ, દશમ, અગિયારસ અને બારસ ઉપનયન માટે ઉત્તમ છે. સાતમ, તેરશ અને વદિ એકમ પણ જેને ફરીથી ઉપનયન આપવાનું હોય કે મૂંગાને ઉપનયન આપવાનું હોય ત્યારે જ લેવાય છે.

ઉપનયન માટેના વાર

ગુરુવાર, શુક્રવાર, અને બુધવાર શ્રેષ્ઠ, રવિવાર મધ્યમ અને સોમવાર કનિષ્ઠ છે. સામવેદી બ્રાહ્મણ અને ક્ષત્રિયોને મંગળવાર ઉત્તમ છે. બીજા માટે મંગળવાર વર્જ્ય છે. સોમવાર કૃષ્ણપક્ષનો હોય તો વર્જ્ય તેમજ બુધનો અસ્ત હોય ત્યારનો બુધવાર વર્જ્ય કરવો.

ઉપનયન વેવિશાળ વિવાહ સંબંધી માહિતી

ઉપનયનમાં ત્યાજ્ય યોગો

પંચાંગમાં અપાયેલા વિષ્કુંભાદિ જે યોગોની જે ઘડીઓ વર્જ્ય હોય તે ઉપનયનમાં લેવી નહિ. તેમ જ વ્યતિપાત અને વૈધૃતિ એ દૈનિક યોગ તથા મહાપાત યોગ વર્જ્ય કરવા. વિષ્ટિકરણ (પંચાંગના શાસ્ત્રાર્થમાં ભદ્રાપ્રવેશથી નિવૃત્તિ સુધીનો સમય) ઉપનયન માટે વર્જ્ય કરવું.

ઉપનયન માટેના નક્ષત્રો

આશ્લેષા, પૂર્વા. ફા., હસ્ત, ચિત્રા, સ્વાતિ, મૂળ, પૂર્વાષાઢા, શ્રવણ, પૂર્વાભાદ્રપદા, આ નક્ષત્રોમાં ઋગ્વેદીઓએ ઉપનયન લેવું. આર્દ્રા મૃગશીર્ષમાં પણ ઋગ્વેદીથી ઉપનયન લઇ શકાય એવો એક મત છે. રોહિણી, મૃગશીર્ષ, પુનર્વસુ, પુષ્ય, ઉત્તરા ફા., હસ્ત, ચિત્રા, અનુરાધા, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદા અને રેવતી એ નક્ષત્રોમા યજુર્વેદીઓએ ઉપનયન લેવુ, અશ્વિની, આર્દ્રા, પુષ્ય ઉત્તરા ફા., હસ્ત, ઉત્તરાષાઢા, શ્રવણ, ધનિષ્ઠા અને ઉત્તરાભાદ્રપદામા સામવેદીઓએ ઉપનયન લેવું. મૃગશીર્ષ, પુનર્વસુ, હસ્ત, અનુરાધા, ધનિષ્ઠા અને રેવતી નક્ષત્રોમાં અથર્વવેદીઓએ ઉપનયન સંસ્કાર કરવો. તેઓએ અશ્વિની નક્ષત્ર પણ લેવુ એવો એક મત છે.

ઉપનયનમાં લગ્નશુદ્ધિ

ઉપનયનના મુહૂર્તસમયની કુંડલીમાં ૬-૮-૧૨ મા સ્થાને શુભગ્રહ ન હોવા જોઇએ. ૩-૬-૧૧ મા સ્થાનમાં પાપગ્રહ હોવા જોઇએ. ચંદ્ર શુક્લપક્ષનો વૃષભ તથા કર્ક રાશિનો હોય તો લગ્નમાં હોય તો પણ ચાલી શકે છે. બીજી રાશિનો તથા કૃષ્ણપક્ષનો અથવા અશુભ ચંદ્ર લગ્નમાં ન જોઇએ. સૂર્ય પાપગ્રહ લગ્નમા ચાલી શકે, બીજા પાપ ગ્રહ ન હોવા જોઇએ. આઠમા સ્થાનમા કોઇ પણ ગ્રહ ન હોવો જોઇએ. લગ્નેશ છઠ્ઠા સ્થાનમા તથા શુક્ર બારમા સ્થાનમાં અને ચંદ્ર ૬, ૮, ૧૨ સ્થાનમાં ન જોઇએ. મિથુન કન્યા, ધનુ અને મીન નવમાંશ લેવા, કર્ક નવમાંશ વર્જ્ય કરવો.

સમાવર્તન સંસ્કાર

ઉપનયન મુહૂર્ત સમયે જ સમાવર્તન સંસ્કાર કરવો એમ કેટલાક ગ્રંથકાર કહે છે. પણ બીજા ગ્રંથકારોને તે માન્ય નથી. તેમના મત મુજબ વેદાભ્યાસ પૂરો કર્યા બાદ સૂર્ય ઉત્તરાયણમાં (તા. ૨૨ મી ડિસેમ્બરથી ૨૧ મી જૂન સુધી) હોય ત્યારે અને તે સમય દરમ્યાન ગુરુ - શુક્રનો અસ્ત ન હોય તે સમયે રોહિણી, મૃગશીર્ષ, પુનર્વસુ, પુષ્ય, ઉત્તરા ફા., ચિત્રા, અનુરાધા, ઉત્તરાષાઢા, શ્રવણ, અને ઉત્તરાભાદ્રપદા, નક્ષત્રો હોય તે દિવસોએ રવિવાર, સોમવાર, બુધવાર, ગુરુવાર અને શુક્રવારે, વારના સ્વામીગ્રહોનાં લગ્ન તથા નવમાંશમાં સમાવર્તન સંસ્કાર કરવો. ૧-૪-૮-૯-૧૪-૧૫-૩૦ તિથિ પર્વ તિથિ, ક્ષયવૃદ્ધિ તિથિ ત્યાગવી, પંચાંગ શુદ્ધિના સામાન્ય નિયમો જોવા. માર્ગશીર્ષ માસમાં લગ્ન કરવાં હોય તો દક્ષિણાયનમાં સમાવર્તન સંસ્કાર કરાય.

વેવિશાળ (સગપણ) વિચાર

વરકન્યાના મેળાપક વખતે છોકરા છોકરીના જન્માક્ષર જોવા પડે છે. બન્નેના જન્મનક્ષત્ર અને રાશ ઉપરથી આઠકૂટ ગુણૈક્ય તપાસ્યા પછી કુંડલીના પૂર્ણ વિચારણા કર્યા બાદ સંબંધ કરવો યોગ્ય છે. ગુણૈક્ય કોષ્ટક પાના ૧૬૩ પર આવેલ છે.

તૃતીય એકાદશ, સમ-સપ્તક અને દશમ ચતુર્થ

રાશિઓના પરસ્પર શુભાશુભ યોગો

શુભ નવપંચમ		શ્રેષ્ઠ દ્વિર્દ્વાદશક		પ્રીતિષડષ્ટક	
૯	૫	૨	૧૨	૬	૮
મેષ	સિંહ	મેષ	મીન	મેષ	વૃશ્ચિક
વૃષભ	કન્યા	મિથુન	વૃષભ	મિથુન	મકર
મિથુન	તુલા	સિંહ	કર્ક	સિંહ	મીન
સિંહ	ધનુ	તુલા	કન્યા	તુલા	વૃષભ
તુલા	કુંભ	ધનુ	વૃશ્ચિક	ધનુ	કર્ક
વૃશ્ચિક	મીન	કુંભ	મકર	કુંભ	કન્યા
ધનુ	મેષ	અપવાદ			
મકર	વૃષભ	કન્યા	સિંહ		

મધ્યમ નવપંચમ		અશુભ દ્વિર્દ્વાદશક		શત્રુષડષ્ટક	
૯	૫	૨	૧૨	૬	૮
કુંભ	મિથુન	વૃશ્ચિક	તુલા	વૃષભ	ધનુ
મીન	કર્ક	મકર	ધનુ	કર્ક	કુંભ
કર્ક	વૃશ્ચિક	મીન	કુંભ	કન્યા	મેષ
કન્યા	મકર	વૃષભ	મેષ	વૃશ્ચિક	મિથુન
		કર્ક	મિથુન	મકર	સિંહ
				મીન	તુલા

રાશિ શુભ છે. તેમ નવપંચમમાં વરથી કન્યાની રાશિ પાંચમી, કન્યાથી વરની રાશિ નવમી શુભ છે.

વર કન્યા વચ્ચે દ્વિર્દ્વાદશ હોતાં વરની રાશિથી બીજી રાશિની કન્યા હોવી ઠીક નથી. વરની રાશિથી બારમી કન્યાની રાશિ હોય અને વરની બેકી રાશિ હોય તો શુભ છે.

સમસપ્તક અને દશમ-ચતુર્થ સારાં ગણાય છે. પણ કર્ક-મકર અને સિંહ-કુંભ આ બે સમસપ્તકો વેરપ્રદ અને વૃષભ-સિંહ, કર્ક - તુલા, કન્યા - ધનુ, વૃશ્ચિક-કુંભ, મકર-મેષ અને મીન-મિથુન આ ચતુર્થ દશમ વર્જ્ય છે.

વેવિશાળ (ચાંલ્લા) મુહૂર્ત - પંચાંગ શુદ્ધિ દિવસે ચંદ્ર તારાબળ હોતાં, શુભનક્ષત્રો: અશ્વિની, કૃતિકા રોહિણી, મૃગ. મઘા. પૂ. ફા. ઉ. ફા. હસ્ત, ચિત્રા સ્વાતિ, અનુરાધા. મૂળ, પૂ. ષા., ઉ. ષા. શ્રવણ, ધનિષ્ઠા, પૂ. ભા., ઉ. ભા. રેવતી મંગળવાર સિવાયના વારોમાં વર્જ્ય તિથિઓ: શુક્લપક્ષમાં ૧- -૧૪, કૃષ્ણપક્ષમાં ૪-૮-૯-૧૩-૧૪-૩૦ આ તિથિઓ ત્યાગી ચાંલ્લા કરવાનું મુહૂર્ત આપવુ.

વરને પાઘડીએ અને કન્યાને ઘાટડીએ મંગળ છે કે નહિ તે જોવાની સમજૂતી

વરકન્યાની જન્મકુંડળીના પહેલાં સ્થાનમાં (લગ્નમાં) અથવા લગ્નથી ચોથા સાતમા, આઠમા કે બારમા, આટલા સ્થાનમાંથી ગમે તે સ્થાનમાં મંગળ હોય તો વરને પાઘડીએ અને કન્યાને ઘાટડીએ મંગળ જાણવો. અથવા સપ્તમાધિપતિ નીચ હોય કે અન્યોન્ય વક્રી નીચ બનતો હોય તો મંગળ જેટલો જ દોષ સમજવો.

મંગળના દોષનો અપવાદ

વરને મંગળ હોય અને કન્યાને ન હોય પણ કન્યાની જન્મકુંડળીમાં ૧, ૪, ૭, ૮, ૧૨. આ સ્થાનમાંથી ગમે તે સ્થાનમાં શનિ હોય તો તે ઘાટડીએ મંગળ બરાબર ગણાય છે અને તેમના લગ્ન થઇ શકે છે. પરંતુ આટલી બાબત પુરતી નથી.

અપવાદ: વરકન્યાની કુંડળીમાં ૧ લા સ્થાનમાં મેષનો, ૪ થા સ્થાનમાં વૃશ્ચિકનો, સાતમા સ્થાનમાં મકરનો કે મીનનો આઠમા સ્થાનમાં કર્કનો તથા બારમાંસ્થાનમાં ધનુનો, મંગળ હોય તો તેનો દોષ નથી.

આ ઉપરાંત ખાસ કરી કુટુંબાધિપતિ, પંચમાધિપતિ, ભાગ્યાધિપતિ અને વ્યયાધિપતિ વિષે પણ ખુબ વિચાર કર્યા બાદ નિર્ણય કરવો જોઇએ.

લગ્ન મુહૂર્ત વિચાર

વિવાહના મહિના

વૃશ્ચિકના સૂર્યમાં કાર્તિક શુદિ ૧૧થી કાર્તિકમાં તથા માર્ગશીર્ષમાં.મકરના સૂર્યમાં પોષમાં તથા માઘમાં, કુંભના સૂર્યમાં ફાલ્ગુનમાં. મેષના સૂર્યમાં ચૈત્રમાં તથા વૈશાખ. જેઠ અને આષાઢ શુદ ૧૦ સુધી વૃષભ, મિથુનના સૂર્યમાં વિવાહલગ્ન વગેરે કરવાં. વળી કેટલાંક આચાર્યો ધનુના સૂર્યમાં માર્ગશીર્ષમાં, તથા મીનના સૂર્યમાં ફાલ્ગુનમાં લગ્ન કરવાનું કહે છે પણ ધનાર્ક અને મીનાર્કની અંદર ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છમાં લગ્ન લેવાના નથી અને મહારાષ્ટ્રમાં માર્ગશીર્ષ, માઘ, ફાલ્ગુન, વૈશાખ અને જ્યેષ્ઠ એમાંનો ગમે તે માસ (સંક્રાંતિ જોયા વગર) હોય તો તે માસમાં વિવાહ કરવાનું મુહૂર્ત અપાય છે. દક્ષિણમાં ધનિષ્ઠા-નવક (વૈશાખ વદિમાં ધનિષ્ઠામાં ચંદ્રપ્રવેશથી રોહિણી નક્ષત્રના ચંદ્ર સુધી લગભગ નવ દિવસ મઘપચક આવે છે તે) પ્રવેશથી નિવૃત્તિ સુધી તેમજ કટલાકો હોળાષ્ટકમાં મૂહુર્તો આપતા નથી, પરંતુ ખાસ કરી ફકત ગુરુ અને શુક્રનો જેટલા દિવસનો અસ્ત હાય તેટલા દિવસ લગ્નકાર્ય માટે નિષેધેલા છે. પહેલા ગર્ભથી ઉત્પન્ન થયેલો છોકરો જ્યેષ્ઠ કહેવાય અને પહેલા ગભ ર્થી ઉત્પન્ન થયેલી છોકરી જ્યેષ્ઠા કહેવાય તેથી જ્યેષ્ઠ માસમાં જ્યેષ્ઠ (મોટા) પુત્રનું તેમજ જ્યેષ્ઠા (મોટી) કન્યાનું પણ લગ્ન ન કરવું. આને ત્રિજયેષ્ઠ યોગ કહે છે. વર, વધુ કે જ્યેષ્ઠ મહિનો અમાંથી બે જ્યેષ્ઠ હોતાં દ્વિજ્યેષ્ઠ થાય છે. આ યોગ્ય મધ્યમ છે. પહેલાં જન્મેલા બાળક-નાં લગ્ન તેના જન્મના મહિના. તિથિ તથા વારમાં ન કરવાં.

વિવાહમાં વાર, તિથિ તથા નક્ષત્ર વિચાર

વિવાહમુહૂર્તોમાં બધા વાર લેવાય છે. તિથિઓમાં કૃષ્ણપક્ષની ૧૩, ૧૪, ०)) (૩૦) તેમ જ શુદિ ૧ વર્જ્ય કરવી. રિક્તા (૪,૯,૧૪) તિથિઓ સામાન્ય રીતે શુભ કાર્યોમાં ત્યાજ્ય હોય છે. પરંતુ વિવાહ-માં રિક્તા તિથિને મધ્યમ ફળદાયક ગણવાનું ધર્મ-સિંધુમાં વચન છે તેથી રિક્તાતિથિ વર્જ્ય કરવાનું કારણ નથી. ક્ષયવૃદ્ધિ તિથિ ત્યાગવી.

વિવાહનાં નક્ષત્રો

રોહિણી, મૃગશીર્ષ, મઘા, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, સ્વાતિ, અનુરાધા, મૂળ, ઉત્તરાષાઢા, ઉત્તરા ભાદ્રપદા તથા રેવતી. આ અગિયાર નક્ષત્રો તથા કાત્યાયનોક્ત મત પ્રમાણે અશ્વિની, ચિત્રા, શ્રવણ અને ધનિષ્ઠા એમ પંદર નક્ષત્રો વિવાહમુહૂર્તો માટે યોગ્ય છે. તેમાં ખાસ કરીને જે નક્ષત્રોમાં ક્રૂર ગ્રહો હોય તેમજ જે નક્ષત્રમાં ગ્રહણ થયેલાં હોય તે નક્ષત્રો ત્યાગવાં. યોગોમાં વિષ્કુંભાદિ યોગો પૈકી જે અશુભ યોગોનો કાળ સામાન્ય રીતે ત્યાગવાનો હોય છે તે શુભ કાર્યોમાં ત્યાગવો. કરણોમાં વિષ્ટિ, શકુનિ, ચતુષ્પાદ, નાગ અને કિંસ્તુઘ્ન એમ પાંચ કરણો ત્યાગવાં.

મુહૂર્તોનો સામાન્ય દિનશુદ્ધિ નિયમ

તિથિ, વાર, તથા નક્ષત્રના સંયોગથી થનારા દગ્ધ, મૃત્યુ, યમઘટ, કાલમુખી વગેરે અશુભ યોગો વિવાહાદિ કાર્યોમાં ત્યાજ્ય નથી, લત્તાનો દોષ માળવામાં મનાય છે તેથી દરેક સ્થળે તે વર્જ્ય કરવાનું કારણ નથી. તેમજ સૂર્ય - ચંદ્ર અને લગ્ન તથા નવમાંશ શુદ્ધિ હોય તો શાસ્ત્રનિયમ મુજબ આ કોઈ પણ દોષ માનવાને કારણ નથી તેથી ઉપનયન તથા લગ્નમુહૂર્તોમા વેધ તેમજ લત્તા દોષ વર્જ્ય કરવામાં આવેલ નથી. ગુરુ શુક્રના લોપ પૂર્વે રાય કયના ત્રણ દિવસો તથા દર્શન પછી બાલ્યાવસ્થાના ત્રણ દિવસો લગ્નમુહૂર્તોમાં ત્યાજ્ય છે.

ત્યાજ્ય યોગો

મુહૂર્તપ્રકરણમાં દર્શાવેલ પાના ૧૫૭–૫૮ મુજબ-ના ત્યાજ્ય સમય શુભકાર્યોમા વર્જ્ય છે. તેવીજ રીતે ક્રાંતિસામ્ય થકી થતા મહાપાતોનાં તથા વૈધૃતિ વ્યતિ-પાત જેવા અશુભ યોગોના પ્રવેશ અને નિવૃત્તિના સમય પર્યંતનો કાળ પણ સંપૂર્ણ ત્યાજ્ય છે.

નક્ષત્રદોષનો અપવાદ

મૃગ, ઉ. ફા, ચિત્રા, ઉ. ષા, ધનિષ્ઠા, વિશાખામાં-ના નક્ષત્રો બે રાશિવાળાં છે. આ નક્ષત્રોમાં અથવા કોઈ પણ દ્વિરાશિવાળા નક્ષત્રમાં કોઈ ક્રૂર ગ્રહ હોય છતાં રાશિ ભિન્ન હોય તો તે રાશિનો તે નક્ષત્ર-ભાગ લેવામાં હરકત નથી. ઉપરાંત પાપગ્રહ ભુક્ત અને પાપ- ગ્રહભિઃગ્ય નક્ષત્ર ઉપરથી ચંદ્ર, સૂર્ય કોઈ પણ શુભ ગ્રહ એક વાર પસાર થઈ ગયા હોય તો પછી તે દોષ હળવો બને છે.

શુભ કાર્યમાં તજવાનો સમય

તિથિઃ—કૃષ્ણપક્ષમાં, ૧૩, ૧૪, ૩૦, શુક્લ-પક્ષમાં ૧, સંક્રાંતિનો (સૂર્ય રાશિપ્રવેશ) દિવસ.

સંક્રાંતિ પ્રવેશમાં ત્યાજ્ય સમય

સૂર્ય સંક્રાંતિ પ્રવેશનો (ઓછામાં ઓછા પુણ્ય કાળ દરમ્યાનના એટલે સંક્રાંતિ પ્રવેશ સમયથી ૧૬ ઘડી આગળ પાછળના સમય) દિવસ અને કેટલાકોનું માનવું છે કે અયન પ્રવેશનો આગલો, પાછલો ને પ્રવેશ દિવસ એમ ત્રણ દિવસો શુભ-કાર્યમાં વર્જ્ય છે.

વિષ્ટિ (ભદ્રા) દોષ

લગ્નમુહૂર્તોમાં ભદ્રા (વિષ્ટિ) નો પ્રવેશ અને નિવૃત્તિ પર્યંતનો સમય વર્જ્ય કરવા બાબતમાં કેટલાક ·વિદ્વાનોનો મતભેદ રહ્યો છે, છતાં અમોએ અમારા પંચાંગમાં સંપૂર્ણ સમય ત્યાજ્ય કરેલ છે.

કન્યાને-ગુરૂ અને ચંદ્રબળ-અને વરને સૂર્ય ચંદ્રબળ જોવું. ચંદ્ર(રાશિ) કુંડલી મુજબ ગોચરમાં ૪-૮-૧૨ મે ગુરુ, ચંદ્ર અને સૂર્ય હોય તો તે દોષકારક ગણાય છે.

વિવાહમાં રવિ, ચંદ્ર, ગુરૂ ગ્રહનું જન્મરાશિ પરત્વે પૂજ્ય-અપૂજ્યત્વ-શુદ્ધિ-કોષ્ટક

રવિ (વર)	ચન્દ્ર (વર–કન્યા)	ગુરુ (કન્યા)	ગ્રહો
૩-૬-૧૦-૧૧	૩-૬-૭-૧૦-૧૧	૨-૫-૭-૯-૧૧	શુભસ્થાન
૧-૨-૫-૭-૯	૧-૨-૫-૯	૧-૩-૬-૧૦	પૂજ્યસ્થાન
૪-૮-૧૨	૪-૮	૪-૮-૧૨	નેષ્ટસ્થાન

પૂજાઃ રવિ ૭૦૦૦, ચંદ્ર ૧૧૦૦૦, ગુરુ ૧૯૦૦૦ જાપ કરવા. ગુરૂઃ કર્ક, ધનુ તથા મીન રાશિનો હોય તો તે ચોથો, આઠમો કે બારમો હોવા છતાં અશુભ નથી.

ચોથા સ્થાનના સૂર્ય, ચંદ્ર, ગુરુ અને બારમા સ્થાનમાં રહેલા રવિ, ગુરુ માટે બમણી તથા આઠમા સ્થાનના રવિ, ચંદ્ર, ગુરુ માટે ત્રણગણી પૂજા કરવી. પૂજ્ય સ્થાનમાં ગ્રહો હોતાં એકવડી (મીઠીપૂજા) કરવાથી ગોચર અશુભતા મટી શુભ બને છે. **બારમા સ્થાનનો ચંદ્ર દોષકારક નથી.**

બારમો ચંદ્રઃ (માંગલિક ઉત્સવ, રાજ્યાભિષેક જન્મકાળ, જનોઈ, વિવાહ, પ્રયાણમાં શુભ) શુક્લ-પક્ષમાં ૨-૫-૯ મા ચંદ્રનો દોષ નથી. કૃષ્ણપક્ષમાં તારાબળ જોવાનું હોવાથી ૪-૮ ચંદ્રનો દોષ નથી.

તારાબળઃ શુક્લ ૬થી કૃષ્ણ અષ્ટમી પૂર્વાર્ધ પર્યંત ચંદ્રબળ મુખ્ય, કૃષ્ણઅષ્ટમી ઉત્તરાર્ધથી પૂર્ણ અમા-વાસ્યા પર્યંત તારાબળ મુખ્ય, શુક્લ પ્રતિપદારંભથી પંચમી સમાપ્તિપર્યંત, તારા અને ચંદ્ર બંનેનાં બળ જોવાં. જન્મ નક્ષત્રથી ઈષ્ટ દિવસે ૩-૫-૭-૧૨-૧૪-૧૬-૨૧-૨૩-૨૫ મી તારા (ગોચર ચંદ્ર નક્ષત્ર) તથા જન્મનક્ષત્ર વર્જ્ય કરવું.

તારાઓનું યંત્ર

જન્મ	સંપત	વિપત	ક્ષેમ	પ્રત્યરિ	સાધક	નૈધન	મૈત્રી	પરમમૈત્રી
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
શ્રાવણ સુદ-૨ને રવિવાર, તા. ૧૪-૮-'૮૮
શ્રાવણ સુદ-૯ને સોમવાર, તા. ૨૨-૮-'૮૮ (બપોર પછી)
શ્રાવણ સુદ-૧૫ને શનિવાર, તા. ૨૭-૮-'૮૮
શ્રાવણ વદ-૧ને રવિવાર, તા. ૨૮-૮-'૮૮
શ્રાવણ વદ-૭ને શુક્રવાર, તા. ૨-૯-'૮૮
શ્રાવણ વદ-૯ને રવિવાર, તા. ૪-૯-'૮૮
શ્રાવણ વદ-૧૦ને સોમવાર, તા. ૫-૯-'૮૮

ભાદ્રપદ માસ :-
ભાદરવા સુદ-૭ને રવિવાર, તા. ૧૮-૯-'૮૮
ભાદરવા સુદ-૧૨ને શુક્રવાર, તા. ૨૩-૯-'૮૮
ભાદરવા સુદ-૧૫ને રવિવાર, તા. ૨૫-૯-'૮૮
ભાદરવા વદ-૪ને ગુરુવાર, તા. ૨૯-૯-'૮૮ (બપોર પછી)
ભાદરવા વદ-૮ને સોમવાર, તા. ૩-૧૦-'૮૮ (બપોર સુધી)
ભાદરવા વદ-૧૩ને શનિવાર, તા. ૮-૧૦-'૮૮

આસો માસ :-
આસો સુદ-૩ને ગુરુવાર, તા. ૧૩-૧૦-'૮૮
આસો સુદ-૪ને શનિવાર, તા. ૧૫-૧૦-'૮૮
આસો સુદ-૬ને સોમવાર, તા. ૧૭-૧૦-'૮૮
આસો સુદ-૧૦ને ગુરુવાર, તા. ૨૦-૧૦-'૮૮
આસો સુદ-૧૧ને શુક્રવાર, તા. ૨૧-૧૦-'૮૮
આસો સુદ-૧૨ને શનિવાર, તા. ૨૨-૧૦-'૮૮
આસો વદ-૩ને ગુરુવાર, તા. ૨૭-૧૦-'૮૮
આસો વદ-૫ને શનિવાર, તા. ૨૯-૧૦-'૮૮
આસો વદ-૭ને સોમવાર, તા. ૩૧-૧૦-'૮૮
આસો વદ-૧૦ને શુક્રવાર, તા. ૪-૧૧-'૮૮
આસો વદ-૧૨ને શનિવાર, તા. ૬-૧૧-'૮૮

સંવત-૨૦૪૪ના હળોતરાનાં શુભ મુહૂર્તો નીચેના શ્લોક મુજબ આપવામાં આવેલાં છે.

अनुराधा चवष्कं च मघादित्रिगुणे करे ॥
स्वति श्रुतिविधिद्वन्द्वे रेवत्यामुत्तरासु च ॥
गोस्वी पुष्ये हलः कार्यो मोने हेयः शनिः कुजः ॥
षष्ठी रिक्ता द्वादशी च द्वितीया हयपर्वच ॥
(बालबोध ज्योतिष सार संग्रह)

વૈશાખ માસ :-
વૈશાખ સુદ-૪ને બુધવાર, તા. ૨૦-૪-'૮૮ (બપોર પછી)
વૈશાખ સુદ-૮ને રવિવાર, તા. ૨૪-૪-'૮૮
વૈશાખ સુદ-૧૩ને શુક્રવાર, તા. ૨૯-૪-'૮૮
વૈશાખ વદ-૩ને બુધવાર, તા. ૪-૫-'૮૮
વૈશાખ વદ-૫ને શુક્રવાર, તા. ૬-૫-'૮૮
વૈશાખ વદ-૭ને રવિવાર, તા. ૮-૫-'૮૮
વૈશાખ વદ-૧૧ને ગુરુવાર, તા. ૧૨-૫-'૮૮ (બપોર સુધી)
વૈશાખ વદ-૧૨ને શુક્રવાર, તા. ૧૩-૫-'૮૮

અધિક જેઠ માસ :-
અધિક જેઠ સુદ-૩ને બુધવાર, તા. ૧૮-૫-'૮૮
અધિક જેઠ સુદ-૫ને શુક્રવાર, તા. ૨૦-૫-'૮૮
અધિક જેઠ સુદ-૧૦ને ગુરુવાર, તા. ૨૬-૫-'૮૮
અધિક જેઠ સુદ-૧૧ને શુક્રવાર, તા. ૨૭-૫-'૮૮
અધિક જેઠ સુદ-૧૩ને રવિવાર, તા. ૨૯-૫-'૮૮
અધિક જેઠ વદ-૧ને બુધવાર, તા. ૧-૬-'૮૮
અધિક જેઠ વદ-૧૦ને ગુરુવાર, તા. ૯-૬-'૮૮

નિજ જેઠ માસ :-
જેઠ સુદ-૩ને શુક્રવાર, તા. ૧૭-૬-'૮૮
જેઠ સુદ-૧૫ને બુધવાર, તા. ૨૯-૬-'૮૮
જેઠ વદ-૧ને ગુરુવાર, તા. ૩૦-૬-'૮૮
જેઠ વદ-૮ને બુધવાર, તા. ૬-૭-'૮૮
જેઠ વદ-૧૩ને સોમવાર, તા. ૧૧-૭-'૮૮

અષાઢ માસ :-
અષાઢ સુદ-૧૧ને સોમવાર, તા. ૨૫-૭-'૮૮
અષાઢ વદ-૧૦ને રવિવાર, તા. ૭-૮-'૮૮
અષાઢ વદ-૧૧ને સોમવાર, તા. ૮-૮-'૮૮
અષાઢ વદ-૧૩ને બુધવાર, તા. ૧૦-૮-'૮૮

સંવત-૨૦૪૪માં નિંદામણ ને કાપણી તથા અનાજ એકઠું કરવાનાં શુભ મુહૂર્તો નીચેના શ્લોક મુજબ આપવામાં આવેલાં છે.

तीक्ष्णाजपादकरवन्हि वसुश्रुतीन्दुस्वाती मघोत्तर जलांतकतक्ष पुष्ये मंदारविस्त रांहिते दिवसे-
निरास्ता धान्यच्छिदा निगदिता स्थिरभे विलग्ने॥
(मुहूर्त मार्तंड)

કારતક માસ :-
કારતક સુદ-૧ને શુક્રવાર, તા. ૨૩-૧૦-'૮૭
કારતક સુદ-૬ને બુધવાર, તા. ૨૮-૧૦-'૮૭
કારતક સુદ-૭ને ગુરુવાર, તા. ૨૯-૧૦-'૮૭
કારતક સુદ-૧૨ને સોમવાર, તા. ૨-૧૧-'૮૭
કારતક વદ-૭ને ગુરુવાર, તા. ૧૨-૧૧-'૮૭
કારતક વદ-૯ને રવિવાર, તા. ૧૫-૧૧-'૮૭ (બપોર પછી)
કારતક વદ-૧૨ને બુધવાર, તા. ૧૮-૧૧-'૮૭
કારતક વદ-૧૩ને ગુરુવાર, તા. ૧૯-૧૧-'૮૭

માગશર માસ :-
માગશર સુદ-૫ને બુધવાર, તા. ૨૫-૧૧-'૮૭
માગશર સુદ-૬ને ગુરુવાર, તા. ૨૬-૧૧-'૮૭
માગશર સુદ-૭ને શુક્રવાર, તા. ૨૭-૧૧-'૮૭
માગશર સુદ-૧૦ને સોમવાર, તા. ૩૦-૧૧-'૮૭
માગશર સુદ-૧૩ને ગુરુવાર, તા. ૩-૧૨-'૮૭
માગશર વદ-૧ને રવિવાર, તા. ૬-૧૨-'૮૭
માગશર વદ-૨ને સોમવાર, તા. ૭-૧૨-'૮૭
માગશર વદ-૧૦ને બુધવાર, તા. ૧૬-૧૨-'૮૭
માગશર વદ-૧૧ને ગુરુવાર, તા. ૧૭-૧૨-'૮૭

પોષ માસ :-
પોષ સુદ-૩ને બુધવાર, તા. ૨૩-૧૨-'૮૭
પોષ સુદ-૪ને ગુરુવાર, તા. ૨૪-૧૨-'૮૭ (બપોર પછી)
પોષ સુદ-૮ને રવિવાર, તા. ૨૭-૧૨-'૮૭
પોષ સુદ-૧૧ને બુધવાર, તા. ૩૦-૧૨-'૮૭
પોષ સુદ-૧૫ને રવિવાર, તા. ૩-૧-'૮૮
પોષ વદ-૨ને બુધવાર, તા. ૬-૧-'૮૮
પોષ વદ-૬ને રવિવાર, તા. ૧૦-૧-'૮૮

પોષ વદ-૭ને સોમવાર, તા. ૧૧-૧-'૮૮
પોષ વદ-૧૩ને રવિવાર, તા. ૧૭-૧-'૮૮

માઘ માસ :-
મહા સુદ-૨ને બુધવાર, તા. ૨૦-૧-'૮૮
મહા સુદ-૧૩ને રવિવાર, તા. ૩૧-૧-'૮૮
મહા વદ-૨ને ગુરુવાર, તા. ૪-૨-'૮૮
મહા વદ-૪ને રવિવાર, તા. ૭-૨-'૮૮ (બપોર પછી)
મહા વદ-૫ને સોમવાર, તા. ૮-૨-'૮૮
મહા વદ-૯ને બુધવાર, તા. ૧૦-૨-'૮૮
મહા વદ-૧૧ને શુક્રવાર, તા. ૧૪-૨-'૮૮

ફાલ્ગુન માસ :-
ફાગણ સુદ-૨ને શુક્રવાર, તા. ૧૯-૨-'૮૮
ફાગણ સુદ-૯ને શુક્રવાર, તા. ૨૬-૨-'૮૮
ફાગણ સુદ-૧૨ને સોમવાર, તા. ૨૯-૨-'૮૮
ફાગણ વદ-૧ને શુક્રવાર, તા. ૪-૩-'૮૮ (બપોર પછી)
ફાગણ વદ-૩ને રવિવાર, તા. ૬-૩-'૮૮
ફાગણ વદ-૮ને શુક્રવાર, તા. ૧૧-૩-'૮૮
ફાગણ વદ-૧૦ને રવિવાર, તા. ૧૩-૩-'૮૮
ફાગણ વદ-૧૧ને સોમવાર, તા. ૧૪-૩-'૮૮
ફાગણ વદ-૧૩ને બુધવાર, તા. ૧૬-૩-'૮૮ (બપોર સુધી)

ચૈત્ર માસ :-
ચૈત્ર સુદ-૭ને ગુરુવાર, તા. ૨૪-૩-'૮૮
ચૈત્ર સુદ-૮ને શુક્રવાર, તા. ૨૫-૩-'૮૮
ચૈત્ર સુદ-૧૦ને રવિવાર, તા. ૨૭-૩-'૮૮
ચૈત્ર સુદ-૧૨ને બુધવાર, તા. ૩૦-૩-'૮૮
ચૈત્ર વદ-૧ને રવિવાર, તા. ૩-૪-'૮૮
ચૈત્ર વદ-૨ને સોમવાર, તા. ૪-૪-'૮૮
ચૈત્ર વદ-૬ને શુક્રવાર, તા. ૮-૪-'૮૮
ચૈત્ર વદ-૮ને રવિવાર, તા. ૧૦-૪-'૮૮ (બપોર સુધી)
ચૈત્ર વદ-૯ને સોમવાર, તા. ૧૧-૪-'૮૮ (બપોર પછી)
ચૈત્ર વદ-૧૩ને ગુરુવાર, તા. ૧૪-૪-'૮૮

વૈશાખ માસ :-
વૈશાખ સુદ-૫ને ગુરુવાર, તા. ૨૧-૪-'૮૮
વૈશાખ સુદ-૬ને શુક્રવાર, તા. ૨૨-૪-'૮૮
વૈશાખ સુદ-૮ને રવિવાર, તા. ૨૪-૪-'૮૮
વૈશાખ સુદ-૧૨ને ગુરુવાર, તા. ૨૮-૪-'૮૮
વૈશાખ સુદ-૧૩ને શુક્રવાર, તા. ૨૯-૪-'૮૮
વૈશાખ સુદ-૧૫ને રવિવાર, તા. ૧-૫-'૮૮
વૈશાખ વદ-૫ને શુક્રવાર, તા. ૬-૫-'૮૮
વૈશાખ વદ-૭ને રવિવાર, તા. ૮-૫-'૮૮
વૈશાખ વદ-૮ને સોમવાર, તા. ૯-૫-'૮૮
વૈશાખ વદ-૧૧ને ગુરુવાર, તા. ૧૨-૫-'૮૮

અધિક જેઠ માસ :-
અધિક જેઠ સુદ-૩ને બુધવાર, તા. ૧૮-૫-'૮૮
અધિક જેઠ સુદ-૭ને સોમવાર, તા. ૨૩-૫-'૮૮
અધિક જેઠ સુદ-૧૦ને ગુરુવાર, તા. ૨૬-૫-'૮૮
અધિક જેઠ સુદ-૧૩ને રવિવાર, તા. ૨૯-૫-'૮૮
અધિક જેઠ વદ-૧ને બુધવાર, તા. ૧-૬-'૮૮
અધિક જેઠ વદ-૨ને ગુરુવાર, તા. ૨-૬-'૮૮
અધિક જેઠ વદ-૩ને શુક્રવાર, તા. ૩-૬-'૮૮
અધિક જેઠ વદ-૭ને સોમવાર, તા. ૬-૬-'૮૮ (બપોર પછી)

નિજ જેઠ માસ :-
જેઠ સુદ-૩ને શુક્રવાર, તા. ૧૭-૬-'૮૮
જેઠ સુદ-૫ને રવિવાર, તા. ૧૯-૬-'૮૮ (બપોર પછી)
જેઠ સુદ-૬ને સોમવાર, તા. ૨૦-૬-'૮૮
જેઠ સુદ-૧૦ને શુક્રવાર, તા. ૨૪-૬-'૮૮
જેઠ સુદ-૧૫ને બુધવાર, તા. ૨૯-૬-'૮૮
જેઠ વદ-૧ને ગુરુવાર, તા. ૩૦-૬-'૮૮

અષાઢ માસ :-
અષાઢ સુદ-૨ને શુક્રવાર, તા. ૧૫-૭-'૮૮
અષાઢ સુદ-૬ને બુધવાર, તા. ૨૦-૭-'૮૮
અષાઢ સુદ-૭ને ગુરુવાર, તા. ૨૧-૭-'૮૮
અષાઢ સુદ-૮ને શુક્રવાર, તા. ૨૨-૭-'૮૮
અષાઢ વદ-૮ને શુક્રવાર, તા. ૫-૮-'૮૮
અષાઢ વદ-૧૧ને સોમવાર, તા. ૮-૮-'૮૮

શ્રાવણ માસ :-
શ્રાવણ સુદ-૩ને સોમવાર, તા. ૧૫-૮-'૮૮
શ્રાવણ સુદ-૫ને બુધવાર, તા. ૧૭-૮-'૮૮
શ્રાવણ સુદ-૬ને ગુરુવાર, તા. ૧૮-૮-'૮૮
શ્રાવણ સુદ-૬ને શુક્રવાર, તા. ૧૯-૮-'૮૮
શ્રાવણ સુદ-૧૨ને બુધવાર, તા. ૨૪-૮-'૮૮
શ્રાવણ સુદ-૧૩ને ગુરુવાર, તા. ૨૫-૮-'૮૮
શ્રાવણ વદ-૧ને રવિવાર, તા. ૨૮-૮-'૮૮
શ્રાવણ વદ-૬ને ગુરુવાર, તા. ૧-૯-'૮૮
શ્રાવણ વદ-૧૦ને સોમવાર, તા. ૫-૯-'૮૮
શ્રાવણ વદ-૧૨ને બુધવાર, તા. ૭-૯-'૮૮

ભાદ્રપદ માસ :-
ભાદરવા સુદ-૩ને બુધવાર, તા. ૧૪-૯-'૮૮
ભાદરવા સુદ-૭ને રવિવાર, તા. ૧૮-૯-'૮૮
ભાદરવા સુદ-૮ને સોમવાર, તા. ૧૯-૯-'૮૮
ભાદરવા સુદ-૧૦ને બુધવાર, તા. ૨૧-૯-'૮૮
ભાદરવા સુદ-૧૧ને ગુરુવાર, તા. ૨૨-૯-'૮૮
ભાદરવા સુદ-૧૨ને શુક્રવાર, તા. ૨૩-૯-'૮૮
ભાદરવા સુદ-૧૫ને રવિવાર, તા. ૨૫-૯-'૮૮
ભાદરવા વદ-૧ને સોમવાર, તા. ૨૬-૯-'૮૮
ભાદરવા વદ-૩ને બુધવાર, તા. ૨૮-૯-'૮૮
ભાદરવા વદ-૭ને રવિવાર, તા. ૨-૧૦-'૮૮
ભાદરવા વદ-૧૦ને બુધવાર, તા. ૫-૧૦-'૮૮ (બપોર સુધી)
ભાદરવા વદ-૧૨ને શુક્રવાર, તા. ૭-૧૦-'૮૮

આસો માસ :-
આસો સુદ-૨ને બુધવાર, તા. ૧૨-૧૦-'૮૮
આસો સુદ-૫ને રવિવાર, તા. ૧૬-૧૦-'૮૮
આસો સુદ-૬ને સોમવાર, તા. ૧૭-૧૦-'૮૮
આસો સુદ-૧૦ને ગુરુવાર, તા. ૨૦-૧૦-'૮૮
આસો સુદ-૧૩ને રવિવાર, તા. ૨૩-૧૦-'૮૮
આસો વદ-૨ને બુધવાર, તા. ૨૬-૧૦-'૮૮ (બપોર સુધી)
આસો વદ-૬ને રવિવાર, તા. ૩૦-૧૦-'૮૮
આસો વદ-૯ને ગુરુવાર, તા. ૩-૧૧-'૮૮
આસો વદ-૧૨ને રવિવાર, તા. ૬-૧૧-'૮૮
આસો વદ-૧૩ને સોમવાર, તા. ૭-૧૧-'૮૮

।। શુભંભવતુ ।।

નક્ષત્ર તેની તારક સંખ્યા અને આકૃતિ

દરેક નક્ષત્રના આકાશમાં કેટલા તારા છે તેની માહિતી નીચે આપવામાં આવેલ છે. તેની સાથે નક્ષત્રના તે તારાઓની આકાશમાં કેવી કાલ્પનિક આકૃતિ દેખાય છે તે આકૃતિ પ્રાચીન કાળથી જે રીતે દર્શાવેલી છે તે અહીં આપવામાં આવેલ છે:

નક્ષત્ર	તારકસંખ્યા	આકૃતિ
અશ્વિની	૩	અશ્વમુખ
ભરણી	૩	યોનિ
કૃતિકા	૬	અસ્તરો
રોહિણી	૫	શકટ
મૃગશીર્ષ	૩	હરણમુખ
આર્દ્રા	૧	મણિ
પુનર્વસુ	૪	ઘર
પુષ્ય	૩	તીર
આશ્લેષા	૫	ચક્ર
મઘા	૫	ઘર
પૂર્વાફાલ્ગુની	૨	ખાટલો
ઉત્તરાફાલ્ગુની	૨	ખાટલો
હસ્ત	૫	હાથનો પંજો
ચિત્રા	૧	મોતી
સ્વાતિ	૧	પ્રવાલ
વિશાખા	૪	તોરણ
અનુરાધા	૪	ઢગલો
જ્યેષ્ઠા	૩	કુંડલ
મૂળ	૧૧	સિંહપુચ્છ
પૂર્વાષાઢા	૨	હસ્તિદંત
ઉત્તરાષાઢા	૨	પલંગ
અભિજિત	૩	ત્રિકોણ
શ્રવણ	૩	ત્રિપાદવામન
ધનિષ્ઠા	૪	મૃદંગ
શતતારકા	૧૦૦	વર્તુલ
પૂર્વાભાદ્રપદા	૨	પલંગ
ઉત્તરાભાદ્રપદા	૨	જોડલી જેવું
રેવતી	૩૨	મૃદંગ

સંવત ૨૦૪૪નું રાશિ ભવિષ્ય

લેખક : જમનાદાસ જીવરાજાણી

૪૫, ભાગ્યનગર, બોરીવલી, મુંબઇ-૪૦૦ ૦૯૨.

રાશિ ભવિષ્યની મર્યાદા અંગે આ પંચાગમાં વાચકો સમક્ષ વારંવાર સ્પષ્ટતા કરવામાં આવેલી છે. રાશિ ભવિષ્ય સ્થૂળ છે અને જાતકને મર્યાદિત પ્રમાણમાં સ્પર્શ કરે છે. જેઓને કુંડલી વિશે થોડો ખ્યાલ હોય તેઓ જન્મના સૂર્યની રાશિ અને જન્મલગ્નની રાશિ, એ બન્નેનો પણ સાથે સાથે વિચાર કરે. લગ્ન, ચંદ્ર અને સૂર્યની રાશિ અને ત્રણેને લગતું ભવિષ્ય સમજીને તેમાંથી સારાસારની તુલના કરવા જેટલી ધીરજ વાચકો કેળવે તો અહીં આપવામાં આવેલ રાશિ ભવિષ્યમાં તેઓ વધુ સંગીન માર્ગદર્શન મેળવી શકશે.

વર્ષ દરમિયાન થતાં ગ્રહોના રાશિ પરિવર્તન, ઉદયાસ્ત, વક્રી-માર્ગી વગેરે પાના ૧૦૪-૧૦૫-૧૦૬ ઉપર આપેલ છે

બારે રાશિવાળાના આવક-ખર્ચનો કોઠો

રાશિ	ફાલ્ગુન સુધી આવક ખર્ચ	આશ્વિન સુધી આવક ખર્ચ
મેષ	૧૪-૦૨	૧૪-૧૪
વૃષભ	૦૮-૧૧	૦૮-૦૮
મિથુન	૧૪-૦૮	૧૧-૦૫
કર્ક	૦૮-૦૫	૦૫-૦૫
સિંહ	૧૧-૦૨	૦૮-૧૪
કન્યા	૧૪-૦૮	૧૧-૦૫
તુલા	૦૮-૧૧	૦૮-૦૮
વૃશ્ચિક	૧૪-૦૨	૧૪-૧૪
ધનુ	૧૧-૦૮	૦૨-૦૮
મકર	૦૫-૧૧	૦૫-૦૨
કુંભ	૦૫-૧૧	૦૫-૦૨
મીન	૧૧-૦૮	૦૨-૦૮

મેષ : (અ.લ.ઇ.)



વિક્રમ સંવત ૨૦૪૪ના આરંભ સમયે તમારી રાશિ મેષમાં ગુરૂ ઋણ સ્થાનમાં, મંગળ અને કેતુ સપ્તમ સ્થાનમાં, સૂર્ય-ચંદ્ર-બુધ-શુક્ર-પ્લુટો, અષ્ટમ - ગુહ્ય સ્થાનમાં શનિ, ભાગ્યસ્થાનમાં. હર્ષલ - નેપ્ચ્યુન અને વ્યયસ્થાનમાં રાહુ છે. કેતુ - પ્લુટો - શનિ - હર્ષલ અને નેપ્ચ્યુન અનુક્રમે છ, સાત, આઠ અને નવમાં ભાવમાં ધ્યાનાકર્ષક છે. યુદ્ધ અને વિજય, પોતાનાઓ પારકાં બને એવા સમયે અદૃશ્યની સહાયતા ઉપરની ગ્રહસ્થિતિ સૂચવે છે. સમયની ગતિ સાથે, વર્ષના વહેવા સાથે, વ્યયનો રાહુ લાભમાં આવશે અને તમારી રાશિનો ગુરૂ તમારી રાશિના ધનસ્થાનમાં આવશે. ભગવાન શંકરની કૃપા કે ક્રોધનો પ્રતીક શનિ ગુહ્યસ્થાનમાંથી તેનું ભ્રમણ પુરૂં કરી તમારી રાશિના ભાગ્યસ્થાનમાં ગતિ કરશે. અર્થવ્યવસ્થા, આરોગ્યની સ્થિતિ, અકલ્પ્ય ઘટનાઓ અર્થાત્ તન - મન ધનના ભુતકાલીન બંધારણને આ વર્ષના ગ્રહો નવો ઓપ આપશે. તમે તમારા જીવનમાં નવી બહાર, નવી સજાવટનો અનુભવ કરતા થશો.

વર્ષના આરંભથી તા. ૪-૧૧-૮૭ સુધીનો સમયગાળો સ્વસ્થચિત્તે દીપાવલીના તહેવારોની ખાટી - મીઠી નિહાળવાની તક આપશે. તા. ૪-૧૧-૮૭થી તમારામાં ગતિ-શક્તિનો સંચાર થશે. તા. ૧૪-૧૧-૮૭ સુધીમાં અર્થ અને કાનૂન સંબંધી અનુકૂળ સહાયતા મેળવશો અથવા બીજી રીતે સંયોગોને અંકુશમાં રાખવાની શક્તિ પ્રાપ્ત કરશો. ૧૪-૧૧-૮૭થી ૨૪-૧૧-૮૭ દરમિયાન કેટલાક નવા સંબંધો વિકસાવશો, હજી તમે વિસ્તારનો વ્યાપ વધારવાની કોશિશ કરતા હશો તેવામાં જ તા. ૨૪-૧૧-૮૭થી ૧૫-૧૨-૮૭ સુધીમાં સંબંધોની દૃષ્ટિએ કેટલુંક ગુમાવશો. આ સમયના ગુમાવવાને નુકસાનની ઉપમાં નહીં અપાય, ફક્ત લેણ-દેણના હિસાબો પતાવવા જેવી ઉપમા અપાશે, અર્થાત્ તમે ચુકવીને હળવા થશો.

તા. ૧૫-૧૨-૮૭થી ૪-૧-૮૮ સુધીની ઘટનાઓ અદ્‌ભુત હશે. પતઝડ પછી નવપલ્લવિત થતા વૃક્ષ જેવી તમારી સ્થિતિ હશે. આકર્ષક હરિયાળી તમારા જીવનમાં પ્રવેશી રહી છે એમ લાગશે. તા. ૪-૧-૮૮થી ૨૪-૧-૮૮ સુધીનો સમયગાળો ગુપ્ત ઘટનાઓનો છે. અહીં તન - મન - ધનની પીડા વધશે, સંબંધોની શસ્ત્રક્રિયા થશે. સુખ - સમૃદ્ધિ માટે કેટલુંક છોડવું પડશે. ભવિષ્યની ઉજ્જવળતા માટે વિષાદમાંથી પસાર થવાનો આ સમય છે. તા. ૨૪-૧-૮૮થી ૧૩-૨-૮૮નો કાળખંડ કર્મ - ફળની પ્રાપ્તિનો છે. વ્યવસાય - વ્યાપાર - આવક માટેના તમારા સંબંધો અથવા સામાજિક - રાજકીય - આધ્યાત્મિક ક્ષેત્રે વિશેષ પ્રાપ્તિની તમારી ઝંખના વગેરે ક્ષેત્ર ગમે તે હશે, તમે તમારા કર્મનું સુખદ ફળ પ્રાપ્ત કરશો. વિશેષ પ્રગતિ માટેની તમારી ઇચ્છાઓ માટે આવશ્યક એવાં સાધનોની પ્રાપ્તિનો સમયગાળો છે તા. ૧૩-૨-૮૮થી ૪-૩-૮૮ સુધીનો. વિરોધીઓ પરના વિજયની આ ક્ષણો છે. તા. ૪-૩-૮૮થી ૨૩-૩-૮૮ દરમિયાન સફળતાનો પ્રમાદ સેવશો. અને તા. ૨૩-૩-૮૮થી ૧૨-૪-૮૮ દરમિયાન પ્રમાદના નિમિત્તે પતનનો અનુભવ કરશો. તા. ૧૨-૪-૮૮થી ૨-૫-૮૮ દરમિયાન મનન - ચિંતન કરશો. અહીં તમે નિશ્ચિત કરી શકશો કે પ્રમાદ સેવવા જેટલા વિરાટ બનાવને હજી વાર છે. સત્યની ગહરાઇ (તળિયું)માં ઊતરશો અને તા. ૨-૫-૮૮થી ૨૩-૫-૮૮ સુધીમાં ભૌતિક સફળતા મેળવવા, ભૌતિક સુખ - સાધનો પ્રાપ્ત કરવા નવા ક્ષેત્રનો પાયો નાખશો. તા. ૨૩-૫-૮૮થી ૧૩-૬-૮૮ દરમિયાન લાભ - નફાની પ્રાપ્તિ થશે. તા. ૧૩-૬-૮૮થી ૭-૭-૮૮ સુધીમાં તમે તમારી પ્રાપ્તિને ભોગવશો. જન્મસમયના ગ્રહો સૂચવતા હશે તો ધનવૃદ્ધિ અને પરિવાર - વૃદ્ધિનો સંતોષ પ્રાપ્ત કરશો. તા. ૭-૭-૮૮થી ૧૪-૮-૮૮ દરમિયાન 'દૈવી આશીર્વાદ' કહી શકાય એવી સુખદ ઘટનાના સાક્ષી બનશો. તા. ૧૪-૮-૮૮થી ૮-૯-૮૮ દરમિયાન તમારા વર્તુળમાં તમારી શક્તિ, સફળતા, સામર્થ્યનો સ્વીકાર થશે. જીવનના કપરાં ચઢાણો પસાર કરીને શિખર સર કરવા માટેનું મનોબળ ધરાવો છો, એવા સામર્થ્યનો સ્વીકાર તમારા વર્તુળમાં થવાથી ખુશી અનુભવશો. તા. ૮-૯-૮૮થી વર્ષના અંત સુધી સન્માનિત વ્યક્તિત્વ જાળવી રાખશો. આ વર્ષના આરંભ સમયે ઘરની ચાર દીવાલોની વચ્ચે તમે તમારા સંયોગો - સફળતા - નિષ્ફળતાનું સરવૈયું કાઢતા હશો અને વર્ષના અંત સમયે તમારો સમાજ, તમારું વર્તુળ તમને આદર - સન્માન અર્પશે, તમારા સરવૈયા માની જમા બાજુના ગુણગાન ગાશે. માનવ-સમાજ અસફળ વ્યક્તિ સાથે અને સફળ વ્યક્તિ સાથે કેવા ભેદ રાખે છે, તેનો સાક્ષાત્કાર તમને આ વર્ષના આરંભ અને અંતના સમયમાં થશે. સાધન - સંપત્તિની પ્રાપ્તિ તરફ દોરી જતું વર્ષ છે.

તંદુરસ્તીની દૃષ્ટિએ : વર્ષના આરંભ સમયે તમારી રાશિના આરોગ્યસ્થાનમાં કેતુ - મંગળ અને આયુસ્થાનમાં શનિ છે. વર્ષના અંત સમયે આરોગ્ય અને આયુસ્થાન પાપગ્રહોથી મુક્ત છે. અર્થાત્ વર્ષના આરંભ સમયની તન - મનની માંદગી સમયની ગતિ સાથે વર્ષના અંતે તમને મુક્ત કરશે. તા. ૧૩-૨-૮૮થી ૪-૩-૮૮ સુધીનો નાનો સમયગાળો આરોગ્યની દૃષ્ટિએ પ્રતિકૂળ નોંધી શકાય. તા. ૧૯-૧૨-૮૭થી ૨૭-૧૨-૮૭ દરમિયાન પણ આરોગ્યની ફરિયાદનો યોગ છે. એકંદરે જન્મસમયના ગ્રહો તંદુરસ્તીનું જેવું પ્રમાણ સૂચવતા હશે, એવું સુખ પામશો. ગોચરના ગ્રહો તંદુરસ્તીની દૃષ્ટિએ નોંધપાત્ર રીતે તટસ્થ હોવાથી, વિક્રમનું આ

વર્ષ તન - મન - ધનની તંદુરસ્તી માટે આશીર્વાદરૂપ નીવડશે.

કૌટુંબિક દૃષ્ટિએ : આપણા ગ્રહમંડળનો અતિ શુભગ્રહ ગુરુ તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી તમારી રાશિના પરિવાર - સ્થાનમાં ભ્રમણ કરે છે. આ ગુરુના શુભત્વનો વિચાર કરતા પહેલાં થોડું સમજી લઈએ. તમારી રાશિ મેષ માટે ગુરુ ભાગ્યેશ અને વ્યયેશ છે. તમારી રાશિની પરિવારની રાશિ વૃષભનો સ્વામી શુક્ર અને ગુરુ એક બીજાના મિત્રો નથી અને શાસ્ત્રકારો નોંધે છે કે ગુરુની ઉપસ્થિતિ શુભ નથી. પરંતુ તેની દૃષ્ટિ શુભ છે. ગુરુની આવી વિચિત્ર સ્થિતિનો અર્થ પણ વિચિત્ર જ મળે: અર્થાત્ તમે તમારા કર્મ - બંધનો, દૃઢપ્રારબ્ધને ભોગવશો. બીજા શબ્દોમાં તમારા પરિવારના સભ્યો શુભ હેતુથી પ્રેરાઈને વિભાજન અને હકોને લગતી વિચારક શ્રેણી અપનાવશે, પરિણામે શુભ - ભાવિ માટે તમે અને તમારા પરિવારના સભ્યો વિષાદયુક્ત નિર્ણયો લેશો, અલબત્ત આ સમયની ઘટના-સ્થિતિને ગુરુના આશીર્વાદ પ્રાપ્ત થતા હોવાથી તેનું શુભત્વ ઉપસી આવશે. વિષાદ ઢંકાઇ જશે.

વર્ષના આરંભથી તા. ૧૨-૧૧-૮૭ સુધી અને તા. ૧૨-૧૧-૮૭થી ૪-૧૨-૮૭ સુધીના બે તબક્કાઓમાં જુદાજુદા ક્ષેત્રે, સંબંધોની તીરાડનો અનુભવ થશે. તા. ૪-૧૨-૮૭થી ૫-૧-૮૮ દરમિયાન પારિવારિક શુભ ઘટનાઓનો યોગ છે. તા. ૫-૧-૮૮થી ૭-૨-૮૮ દરમિયાન પરિવારની કસોટી થશે. સંયુક્ત જવાબદારી, પારિવારિક પરંપરા તમારા માટે 'જવાબદારી' બનશે. ગજા ઉપરાંતના બોજા માટેની તૈયારી કરવી પડશે. તા. ૭-૨-૮૮થી ૨૫-૩-૮૮ દરમિયાન તમે અનુભવશો કે કીડીને કણ અને હાથીને મણ આપનાર પ્રકૃતિએ તમને સહાયતા કરી છે. તમારી શક્તિ પ્રમાણે તેમ જ તમારા પરિવારના સભ્યોની ગ્રહસ્થિતિ પ્રમાણે પ્રકૃતિ દ્વારા યોગ્ય સાધનો પ્રાપ્ત થયાં છે. તા. ૨૫-૩-૮૮થી ૨૩-૪-૮૮ દરમિયાન તમે કહી શકશો કે દ્રૌપદીની લાજ રાખનાર 'શક્તિ'એ તમારી, તમારા પરિવારની લાજ રાખી છે. તા. ૨૩-૪-૮૮થી ૧-૭-૮૮ દરમિયાન પરિવારના સભ્યોની આવક વધશે. વ્યક્તિગત રૂપે દરેકની ગ્રહસ્થિતિ પ્રમાણે આવક અને આવકનાં સાધનો પ્રાપ્ત થશે. પરિવારની સમૃદ્ધિ માટે શુભ સમય છે. તા. ૧-૭-૮૮થી ૭-૮-૮૮ સુધીનું ગોચર તમારા અને તમારા પરિવારના સભ્યોને લગતી સ્પષ્ટ - જવાબદારીની ભેદરેખા અને સીમારેખા દોરી આપશે. વ્યક્તિત્વની જવાબદારી વધવાનો પ્રબળ યોગ છે. તા. ૭-૮-૮૮થી ૨૯-૯-૮૮ સુધીનો કાળખંડ પરિવારના ઉત્કર્ષનો છે. અહીં શુભ પ્રસંગો, આવકનો વધારો તેમ જ પરિવારના સભ્યોની વ્યક્તિગત ગ્રહસ્થિતિ મુજબની દરેકને અનુકૂળતા પ્રાપ્ત થશે. તા. ૨૯-૯-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર શુભ છે. વર્ષના ઉત્તરાર્ધમાં સુખ - સમૃદ્ધિ, આવકનાં સાધનો, વિદ્યાધ્યનની અનુકૂળતા પરિવારના સભ્યોને મળશે. દીપાવલીના શુભ દિવસો હળીમળીને કિલ્લોલ કરાવી જશે.

આર્થિક દૃષ્ટિએ :- તમારી રાશિના લાભસ્થાનમાં રાહુ તા. ૬-૩-૮૮થી વર્ષના અંત સુધી ભ્રમણ કરશે. ગુરુનું ભ્રમણ તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી તમારી રાશિના ધનસ્થાનમાં છે. તા. ૧૭-૧૨-૮૭થી શનિ પણ તમારી રાશિના ભાગ્યસ્થાનમાં પ્રવેશશે. ભાગ્ય - લાભ અને ધનસંગ્રહના સ્થાનો આ વર્ષે બળવાન ગ્રહોની અસર હેઠળ હોવાથી આર્થિક દૃષ્ટિએ આ વર્ષે સુંદર પરિણામો મેળવશો. તા. ૧૭-૩-૮૮થી ૩૧-૩-૮૮ અને તા. ૨૧-૬-૮૮થી ૨-૮-૮૮ દરમિયાન બુદ્ધિબળ, સાહસ કહી શકાય એવી કાર્યપદ્ધતિ અપનાવીને ધનવાન બનવાનો યોગ છે. તા. ૧૬-૩-૮૮થી ૧૦-૪-૮૮ અને તા. ૧૨-૭-૮૮થી ૩-૮-૮૮ દરમિયાન નોકરિયાત વર્ગને બઢતી મળવાનો તેમ જ સ્થળાંતર માટેનો યોગ છે. કાનૂની નિયમો પ્રમાણે પણ અહીં ધનલાભ થઈ શકે છે. તા. ૨૩-૫-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર આકસ્મિક લાભ સૂચવે છે. અહીં બીજાનું નુકસાન તમારો 'નફો' બને અથવા ગુપ્ત કાર્યપદ્ધતિ કહી શકાય એવા નિમિત્તે તમારી આવક વધે. તા. ૭-૨-૮૮થી ૧૮-૨-૮૮, તા. ૭-૮-૮૮થી ૧૭-૯-૮૮ દરમિયાન પારિવારિક વ્યવસાયની ઉન્નતિ માટે ગ્રહો અનુકૂળ છે. આ સમયગાળામાં જ નવા પારિવારિક સંબંધો, ભાગીદારી કે લગ્ન જેવા સંબંધોના નિમિત્તે ધનવાન બનવાનો યોગ સર્જાય છે. તા. ૨૯-૧૨-૮૭થી ૧૪-૩-૮૮ અને ૮-૫-૮૮થી ૨૯-૭-૮૮ દરમિયાન જૂના - અંગત - સંબંધોના વ્યવહાર મારફત તમને નાણાં મળી શકે છે. તા. ૯-૪-૮૮થી ૧૧-૯-૮૮ દરમિયાન તમે કેટલીક ધનાવન વ્યક્તિઓ સાથે સંબંધ બાંધશો અને તા. ૧૧-૯-૮૮ બાદ એવા સંબંધોના ઉપયોગથી 'કાયમી આવક' કહી શકાય એવાં સાધનો - સગવડો મેળવશો. એકંદરે તમારા જન્મસમયના ગ્રહોની સ્થિતિ પ્રમાણે આ વર્ષના ઉત્તરાર્ધમાં તમે ધનવાન બનશો. આવકનો વિસ્તાર થશે. તેમ જ તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ સુધીમાં વ્યવસાય - વ્યાપાર - ઉદ્યોગની આવશ્યકતા પૂર્ણ કરવા મોટા પાયે આર્થિક સહાયતા, ઋણ મેળવી શકશો.

સ્થાવર સંપત્તિ :- વર્ષના આરંભથી અંત સુધી તમારી રાશિના સ્થાવર સંપત્તિના સ્થાનમાંથી નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી, પરિણામે આ વર્ષના ગોચર ગ્રહો સ્થાવર સંપત્તિની પ્રાપ્તિ, ફેરબદલી કે બીજી રીતે લાભ માટે તટસ્થ છે. જન્મસમયના ગ્રહો આ સંબંધી બળવાન અને સૂચક હશે, તો જ તમે સ્થાવર સંપત્તિને લગતા મહત્ત્વપૂર્ણ નિર્ણય લઇ શકશો. તા. ૧-૯-૮૮થી ૨૯-૯-૮૮ સુધીની ગ્રહસ્થિતિ રહેઠાણની સુવિધા માટે, સુખ - સમૃદ્ધિ કે વાહન સુખ માટે પ્રેરણા - બળ આપશે, આવા સમયે જન્મના ગ્રહો અનુકૂળ હશે તો તમે મકાન - વાહનની સુવિધા વધારી શકશો.

સ્ત્રીઓ માટે :- તમારી રાશિના સપ્તમસ્થાનમાં પ્લુટો નામનો ક્રાંતિકારી ગ્રહ ઑક્ટોબર ૧૯૮૧થી ભ્રમણ કરે છે. આ ગ્રહનું ભ્રમણ સપ્ટેમ્બર ૧૯૯૩ સુધી તમારી રાશિના સપ્તમ સ્થાનને અસર કરશે. તમારી રાશિના ભાગ્યસ્થાનમાં નેપ્ચુન અને હર્ષલ જેવા યુગપ્રવર્તક ગ્રહો ભ્રમણ કરી રહ્યા છે. આ વર્ષે શનિ તા. ૧૭-૧૨-૮૭થી તમારી રાશિના ભાગ્યસ્થાનમાં પ્રવેશ કરશે અને ૧૯૯૦ સુધી ભ્રમણ કરશે. સપ્તમ સ્થાન લગ્નજીવન અને સામાજિક સંબંધો સૂચવે છે. ભાગ્યસ્થાન સત્તા, સમાજની ઉચ્ચ સ્તરની વ્યક્તિઓ સાથેની વ્યાવહારિક સ્થિતિ, ધર્મ - જ્ઞાન અને વિદેશી સંબંધોના વ્યવહાર પર પ્રકાશ પાડે છે. પ્લુટો ગ્રહ સ્થિરતા પૂર્વેની આ સ્થિરતા સર્જે છે. હર્ષલની અસર આકસ્મિક નિર્ણયો તરફ દોરી જાય છે. નેપ્ચુન કલ્પના અને ભાવનાની મસ્તી સર્જે છે. શનિ વ્યવહારની પૂર્ણતા બક્ષે છે. ફેબ્રુઆરી ૧૯૮૮થી નવેમ્બર ૧૯૮૮ સુધી શનિ અને હર્ષલ લગભગ અંશાત્મક યુતિમાં ભ્રમણ કરે છે. નેપ્ચુન અને પ્લુટો લગભગ અંશાત્મક ત્રિરેકાદશ યોગમાં ભ્રમણ કરે છે. શનિ - હર્ષલની મૂળ નક્ષત્રમાં થતી યુતિ તમને બે વિભિન્ન વિચાર શ્રેણીમાં વિભાજિત કરશે. મર્યાદા જાળવવી અને મર્યાદા તોડવી. જન્મસમયના ગ્રહો તમને મર્યાદા જાળવી રાખવાની પ્રેરણા આપતા હશે તો જ તમે પરિવાર - સમાજના બંધનો, મર્યાદાનો સ્વીકાર કરશો, નહીં તો સ્વતંત્ર નિર્ણય લઇ ક્રાંતિ સર્જશો. આવા સમયે નેપ્ચુન - પ્લુટોનો યોગ બુદ્ધિથી પર એવા ભાવનાના જગતમાં તમને જીવવાની પ્રેરણા આપશે. મર્યાદાનો સ્વીકાર કે અસ્વીકાર ગમે તે હોય પરંતુ તમારા નિર્ણયો અંતરની ગહરાઇમાંથી જન્મશે. તેમાં બુદ્ધિનું ગણિત નહીં હોય. ફક્ત અંતરની પ્રેરણામાત્ર હશે. આવા સંયોગોમાં સંયમ આવશ્યક છે.

વર્ષના આરંભથી તા. ૧૨-૧૧-૮૭ સુધીના નિર્ણયો જોખમી બનશે. તા. ૧૨-૧૧-૮૭થી ૫-૧-૮૮ સુધીના નિર્ણયો સુખદાયી જણાશે.

તા. ૫-૧-૮૮થી ૧૬-૧-૮૮ દરમિયાન સંયમ જાળવશો તો જ તમે તમારું હિત જાળવવા સમર્થ બનશો. તા. ૧૬-૧-૮૮થી ૭-૨-૮૮ દરમિયાન 'બનાવટ'ના ભોગ ન થવાય એ સંબંધી પ્રયત્નપૂર્વકની જાગૃતિ આવશ્યક છે. તા. ૭-૨-૮૮થી ૨૫-૩-૮૮ સુધીનું ગોચર સુખદાયી છે. તા. ૨૫-૩-૮૮થી ૧૮-૭-૮૮ દરમિયાન ત્યાગ અને ભોગની સ્થિતિ સમાંતર રહેશે, અર્થાત્ પ્રાપ્તિનું મૂલ્ય ચૂકવશો. તો જ પ્રાપ્તિની - ઈચ્છા સંતોષાશે. તા. ૧૮-૭-૮૮થી ૭-૮-૮૮ સુધીનું ગોચર વિચિત્ર છે. દગો-બનાવટ - વિશ્વાસ જેવી ઘટનાઓના નિમિત્તે અથવા મૃગજળ જેવી ભાવનાની અસર હેઠળ તમે કંઈક ગુમાવશો. આ સમયગાળો અતિ-જાગૃત રહેવાનો ઇશારો કરે છે. તા. ૭-૮-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર શુભ - સૂચક છે. લગ્ન-ભાગીદારી-પ્રવાસ - અધ્યયન - પ્રેમ : પરિવારના સંબંધો વગેરે વયમર્યાદાના પ્રમાણમાં

સંવત ૨૦૪૪નું રાશિ ભવિષ્ય

લેખક : જમનાદાસ જીવરાજાણી

૪૫, ભાગ્યનગર, બોરીવલી, મુંબઈ-૪૦૦ ૦૯૨.

રાશિ ભવિષ્યની મર્યાદા અંગે આ પંચાગમાં વાચકો સમક્ષ વારંવાર સ્પષ્ટતા કરવામાં આવેલી છે. રાશિ ભવિષ્ય સ્થૂળ છે અને જાતકને મર્યાદિત પ્રમાણમાં સ્પર્શ કરે છે. જેઓને કુંડલી વિશે થોડો ખ્યાલ હોય તેઓ જન્મના સૂર્યની રાશિ અને જન્મલગ્નની રાશિ, એ બન્નેનો પણ સાથે સાથે વિચાર કરે. લગ્ન, ચંદ્ર અને સૂર્યની રાશિ અને ત્રણેને લગતું ભવિષ્ય સમજીને તેમાંથી સારાસારની તુલના કરવા જેટલી ધીરજ વાચકો કેળવે તો અહીં આપવામાં આવેલ રાશિ ભવિષ્યમાં તેઓ વધુ સંગીન માર્ગદર્શન મેળવી શકશે.

વર્ષ દરમિયાન થનાં ગ્રહોના રાશિ પરિવર્તન, ઉદયાસ્ત, વક્રી-માર્ગી વગેરે પાના ૧૦૪-૧૦૫-૧૦૬ ઉપર આપેલ છે

બારે રાશિવાળાના આવક-ખર્ચનો કોઠો

રાશિ	ફાલ્ગુન સુધી આવક ખર્ચ	આશ્વિન સુધી આવક ખર્ચ
મેષ	૧૪-૦૨	૧૪-૧૪
વૃષભ	૦૮-૧૧	૦૮-૦૮
મિથુન	૧૪-૦૮	૧૧-૦૫
કર્ક	૦૮-૦૫	૦૫-૦૫
સિંહ	૧૧-૦૨	૦૮-૧૪
કન્યા	૧૪-૦૮	૧૧-૦૫
તુલા	૦૮-૧૧	૦૮-૦૮
વૃશ્ચિક	૧૪-૦૨	૧૪-૧૪
ધનુ	૧૧-૦૮	૦૨-૦૮
મકર	૦૫-૧૧	૦૫-૦૨
કુંભ	૦૫-૧૧	૦૫-૦૨
મીન	૧૧-૦૮	૦૨-૦૮

મેષ : (અ.લ.ઇ.)



વિક્રમ સંવત ૨૦૪૪ના આરંભ સમયે તમારી રાશિ મેષમાં ગુરુ ઋણ સ્થાનમાં, મંગળ અને કેતુ સપ્તમ સ્થાનમાં, સૂર્ય-ચંદ્ર-બુધ-શુક્ર-પ્લુટો, અષ્ટમ - ગુહ્ય સ્થાનમાં શનિ, ભાગ્યસ્થાનમાં. હર્ષલ - નેપ્ચ્યુન અને વ્યયસ્થાનમાં રાહુ છે. કેતુ - પ્લુટો - શનિ - હર્ષલ અને નેપ્ચ્યુન અનુક્રમે છ, સાત, આઠ અને નવમાં ભાવમાં ધ્યાનાકર્ષક છે. યુદ્ધ અને વિજય, પોતાનાઓ પારકાં બને એવા સમયે અદૃશ્યની સહાયના ઉપરની ગ્રહસ્થિતિ સૂચવે છે. સમયની ગતિ સાથે, વર્ષના વહેવા સાથે, વ્યયનો રાહુ લાભમાં આવશે અને તમારી રાશિનો ગુરુ તમારી રાશિના ધનસ્થાનમાં આવશે. ભગવાન શંકરની કૃપા કે ક્રોધનો પ્રતીક શનિ ગુહ્યસ્થાનમાંથી તેનું ભ્રમણ પૂરું કરી તમારી રાશિના ભાગ્યસ્થાનમાં ગતિ કરશે. અર્થવ્યવસ્થા, આરોગ્યની સ્થિતિ, અકલ્પ્ય ઘટનાઓ અર્થાત્ તન - મન ધનના ભૂતકાલીન બંધારણને આ વર્ષના ગ્રહો નવો ઓપ આપશે. તમે તમારા જીવનમાં નવી બહાર, નવી સજાવટનો અનુભવ કરતા થશો.

વર્ષના આરંભથી તા. ૪-૧૧-૮૭ સુધીનો સમયગાળો સ્વસ્થચિત્તે દીપાવલીના તહેવારોની ખાટી - મીઠી નિહાળવાની તક આપશે. તા. ૪-૧૧-૮૭થી તમારામાં ગતિ-શક્તિનો સંચાર થશે. તા. ૧૪-૧૧-૮૭ સુધીમાં અર્થ અને કાનૂન સંબંધી અનુકૂળ સહાયના મેળવશો અથવા બીજી રીતે સંયોગોને અંકુશમાં રાખવાની શક્તિ પ્રાપ્ત કરશો. ૧૪-૧૧-૮૭થી ૨૪-૧૧-૮૭ દરમિયાન કેટલાક નવા સંબંધો વિકસાવશો, હજી તમે વિસ્તારનો વ્યાપ વધારવાની કોશિશ કરતા હશો તેવામાં જ તા. ૨૪-૧૧-૮૭થી ૧૫-૧૨-૮૭ સુધીમાં સંબંધીની દૃષ્ટિએ કેટલુંક ગુમાવશો. આ સમયના ગુમાવવાને નુકસાનની ઉપમાં નહીં અપાય, ફક્ત લેણ-દેણના હિસાબો પતાવવા જેવી ઉપમા અપાશે, અર્થાત્ તમે મુક્તિને વળવા થશો.

તા. ૧૫-૧૨-૮૭થી ૪-૧-૮૮ સુધીની ઘટનાઓ અદ્‌ભુત હશે. પતઝડ પછી નવપલ્લવિત થતા વૃક્ષ જેવી તમારી સ્થિતિ હશે. આકર્ષક હરિયાળી તમારા જીવનમાં પ્રવેશી રહી છે એમ લાગશે. તા. ૪-૧-૮૮થી ૨૪-૧-૮૮ સુધીનો સમયગાળો ગુપ્ત ઘટનાઓનો છે. અહીં તન - મન - ધનની પીડા વધશે, સંબંધીની શસ્ત્રક્રિયા થશે. સુખ - સમૃદ્ધિ માટે કેટલુંક છોડવું પડશે. ભવિષ્યની ઉજ્જવળતા માટે વિષાદમાંથી પસાર થવાનો આ સમય છે. તા. ૨૪-૧-૮૮થી ૧૩-૨-૮૮નો કાળખંડ કર્મ - ફળની પ્રાપ્તિનો છે. વ્યવસાય - વ્યાપાર - આવક માટેના તમારા સંબંધો અથવા સામાજિક - રાજકીય - આધ્યાત્મિક ક્ષેત્રે વિશેષ પ્રાપ્તિની તમારી ઝંખના વગેરે ક્ષેત્ર ગમે તે હશે, તમે તમારા કર્મનું સુખદ ફળ પ્રાપ્ત કરશો. વિશેષ પ્રગતિ માટેની તમારી ઈચ્છાઓ માટે આવશ્યક એવાં સાધનોની પ્રાપ્તિનો સમયગાળો છે તા. ૧૩-૨-૮૮થી ૪-૩-૮૮ સુધીનો. વિરોધીઓ પરના વિજયની આ ક્ષણો છે. તા. ૪-૩-૮૮થી ૨૩-૩-૮૮ દરમિયાન સફળતાનો પ્રમાદ સેવશો. અને તા. ૨૩-૩-૮૮થી ૧૨-૪-૮૮ દરમિયાન પ્રમાદના નિમિત્તે પતનનો અનુભવ કરશો. તા. ૧૨-૪-૮૮થી ૨-૫-૮૮ દરમિયાન મનન - ચિંતન કરશો. અહીં તમે નિશ્ચિત કરી શકશો કે પ્રમાદ સેવવા જેટલા વિરાટ બનાવને હજી વાર છે. સત્યની ગહરાઈ (તળિયું)માં ઊતરશો અને તા. ૨-૫-૮૮થી ૨૩-૫-૮૮ સુધીમાં ભૌતિક સફળતા મેળવવા, ભૌતિક સુખ - સાધનો પ્રાપ્ત કરવા નવા ક્ષેત્રનો પાયો નાખશો. તા. ૨૩-૫-૮૮થી ૧૩-૬-૮૮ દરમિયાન લાભ - નફાની પ્રાપ્તિ થશે. તા. ૧૩-૬-૮૮થી ૭-૭-૮૮ સુધીમાં તમે તમારી પ્રાપ્તિને ભોગવશો. જન્મસમયના ગ્રહો સૂચવતા હશે તો ધનવૃદ્ધિ અને પરિવાર - વૃદ્ધિનો સંતોષ પ્રાપ્ત કરશો. તા. ૭-૭-૮૮થી ૧૪-૮-૮૮ દરમિયાન 'દૈવી આશીર્વાદ' કહી શકાય એવી સુખદ ઘટનાના સાક્ષી બનશો. તા. ૧૪-૮-૮૮થી ૮-૯-૮૮ દરમિયાન તમારા વર્તુળમાં તમારી શક્તિ, સફળતા, સામર્થ્યનો સ્વીકાર થશે. જીવનના કપરાં ચઢાણો પસાર કરીને શિખર સર કરવા માટેનું મનોબળ ધરાવો છો, એવા સામર્થ્યનો સ્વીકાર તમારા વર્તુળમાં થવાથી ખુશી અનુભવશો. તા. ૮-૯-૮૮થી વર્ષના અંત સુધી સન્માનિત વ્યક્તિત્વ જાળવી રાખશો. આ વર્ષના આરંભ સમયે ઘરની ચાર દીવાલોની વચ્ચે તમે તમારા સંયોગો - સફળતા - નિષ્ફળતાનું સરવૈયું કાઢતા હશો અને વર્ષના અંત સમયે તમારો સમાજ, તમારું વર્તુળ તમને આદર - સન્માન અર્પશે, તમારા સરવૈયા માની જમા બાજુના ગુણગાન ગાશે. માનવ-સમાજ અસફળ વ્યક્તિ સાથે અને સફળ વ્યક્તિ સાથે કેવા ભેદ રાખે છે, તેનો સાક્ષાત્કાર તમને આ વર્ષના આરંભ અને અંતના સમયમાં થશે. સાધન - સંપત્તિની પ્રાપ્તિ તરફ દોરી જતું વર્ષ છે.

તંદુરસ્તીની દૃષ્ટિએ : વર્ષના આરંભ સમયે તમારી રાશિના આરોગ્યસ્થાનમાં કેતુ - મંગળ અને આયુસ્થાનમાં શનિ છે. વર્ષના અંત સમયે આરોગ્ય અને આયુસ્થાન પાપગ્રહોથી મુક્ત છે. અર્થાત્ વર્ષના આરંભ સમયની તન - મનની માંદગી સમયની ગતિ સાથે વર્ષના અંતે તમને મુક્ત કરશે. તા. ૧૩-૨-૮૮થી ૪-૩-૮૮ સુધીનો નાનો સમયગાળો આરોગ્યની દૃષ્ટિએ પ્રતિકૂળ નોંધી શકાય. તા. ૧૯-૧૨-૮૭થી ૨૭-૧૨-૮૭ દરમિયાન પણ આરોગ્યની ફરિયાદનો યોગ છે. એકંદરે જન્મસમયના ગ્રહો તંદુરસ્તીનું જેવું પ્રમાણ સૂચવતા હશે, એવું સુખ પામશો. ગોચરના ગ્રહો તંદુરસ્તીની દૃષ્ટિએ નોંધપાત્ર રીતે તટસ્થ હોવાથી, વિક્રમનું આ

વર્ષ તન - મન - ધનની તંદુરસ્તી માટે આશીર્વાદરૂપ નીવડશે.

કૌટુંબિક દૃષ્ટિએ : આપણા ગ્રહમંડળનો અતિ શુભગ્રહ ગુરુ તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી તમારી રાશિના પરિવાર – સ્થાનમાં ભ્રમણ કરે છે. આ ગુરુના શુભત્વનો વિચાર કરતા પહેલાં થોડું સમજી લઈએ. તમારી રાશિ મેષ માટે ગુરુ ભાગ્યેશ અને વ્યયેશ છે. તમારી રાશિની પરિવારની રાશિ વૃષભનો સ્વામી શુક્ર અને ગુરુ એક બીજાના મિત્રો નથી અને શાસ્ત્રકારો નોંધે છે કે ગુરુની ઉપસ્થિતિ શુભ નથી. પરંતુ તેની દૃષ્ટિ શુભ છે. ગુરુની આવી વિચિત્ર સ્થિતિનો અર્થ પણ વિચિત્ર જ મળે: અર્થાત્ તમે તમારા કર્મ - બંધનો, દૃઢપ્રારબ્ધને ભોગવશો. બીજા શબ્દોમાં તમારા પરિવારના સભ્યો શુભ હેતુથી પ્રેરાઈને વિભાજન અને હકોને લગતી વિચારક શ્રેણી અપનાવશે, પરિણામે શુભ - ભાવિ માટે તમે અને તમારા પરિવારના સભ્યો વિષાદયુક્ત નિર્ણયો લેશો, અલબત્ત આ સમયની ઘટના-સ્થિતિને ગુરુના આશીર્વાદ પ્રાપ્ત થતા હોવાથી તેનું શુભત્વ ઊપસી આવશે. વિષાદ ઢંકાઈ જશે.

વર્ષના આરંભથી તા. ૧૨-૧૧-૮૭ સુધી અને તા. ૧૨-૧૧-૮૭થી ૪-૧૨-૮૭ સુધીના બે તબક્કાઓમાં જુદાજુદા ક્ષેત્રે, સંબંધોની તીરાડનો અનુભવ થશે. તા. ૪-૧૨-૮૭થી ૫-૧-૮૮ દરમિયાન પારિવારિક શુભ ઘટનાઓનો યોગ છે. તા. ૫-૧-૮૮થી ૭-૨-૮૮ દરમિયાન પરિવારની કસોટી થશે. સંયુક્ત જવાબદારી, પારિવારિક પરંપરા તમારા માટે 'જવાબદારી' બનશે. ગજા ઉપરાંતના બોજા માટેની તૈયારી કરવી પડશે. તા. ૭-૨-૮૮થી ૨૫-૩-૮૮ દરમિયાન તમે અનુભવશો કે કીડીને કણ અને હાથીને મણ આપનાર પ્રકૃતિએ તમને સહાયતા કરી છે. તમારી શક્તિ પ્રમાણે તેમ જ તમારા પરિવારના સભ્યોની ગ્રહસ્થિતિ પ્રમાણે પ્રકૃતિ દ્વારા યોગ્ય સાધનો પ્રાપ્ત થયાં છે. તા. ૨૫-૩-૮૮થી ૨૩-૪-૮૮ દરમિયાન તમે કહી શકશો કે દ્રૌપદીની લાજ રાખનાર 'શક્તિ'એ તમારી, તમારા પરિવારની લાજ રાખી છે. તા. ૨૩-૪-૮૮થી ૧-૭-૮૮ દરમિયાન પરિવારના સભ્યોની આવક વધશે. વ્યક્તિગત રૂપે દરેકની ગ્રહસ્થિતિ પ્રમાણે આવક અને આવકનાં સાધનો પ્રાપ્ત થશે. પરિવારની સમૃદ્ધિ માટે શુભ સમય છે. તા. ૧-૭-૮૮થી ૭-૮-૮૮ સુધીનું ગોચર તમારા અને તમારા પરિવારના સભ્યોને લગતી સ્પષ્ટ - જવાબદારીની ભેદરેખા અને સીમારેખા દોરી આપશે. વ્યક્તિત્વની જવાબદારી વધવાનો પ્રબળ યોગ છે. તા. ૭-૮-૮૮થી ૨૯-૯-૮૮ સુધીનો કાળખંડ પરિવારના ઉત્કર્ષનો છે. અહીં શુભ પ્રસંગો, આવકનો વધારો તેમ જ પરિવારના સભ્યોની વ્યક્તિગત ગ્રહસ્થિતિ મુજબની દરેકને અનુકૂળતા પ્રાપ્ત થશે. તા. ૨૯-૯-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર શુભ છે. વર્ષના ઉત્તરાર્ધમાં સુખ - સમૃદ્ધિ, આવકનાં સાધનો, વિદ્યાધ્યયનની અનુકૂળતા પરિવારના સભ્યોને મળશે. દીપાવલીના શુભ દિવસો હળીમળીને કિલ્લોલ કરાવી જશે.

આર્થિક દૃષ્ટિએ :- તમારી રાશિના લાભસ્થાનમાં રાહુ તા. ૬-૩-૮૮થી વર્ષના અંત સુધી ભ્રમણ કરશે. ગુરુનું ભ્રમણ તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી તમારી રાશિના ધનસ્થાનમાં છે. તા. ૧૭-૧૨-૮૭થી શનિ પણ તમારી રાશિના ભાગ્યસ્થાનમાં પ્રવેશશે. ભાગ્ય - લાભ અને ધનસંગ્રહના સ્થાનો આ વર્ષે બળવાન ગ્રહોની અસર હેઠળ હોવાથી આર્થિક દૃષ્ટિએ આ વર્ષે સુંદર પરિણામો મેળવશો. તા. ૧૭-૩-૮૮થી ૩૧-૩-૮૮ અને તા. ૨૧-૬-૮૮થી ૨-૮-૮૮ દરમિયાન બુદ્ધિબળ, 'સાહસ' કહી શકાય એવી કાર્યપદ્ધતિ અપનાવીને ધનવાન બનવાનો યોગ છે. તા. ૧૬-૩-૮૮થી ૧૦-૪-૮૮ અને તા. ૧૨-૭-૮૮થી ૩-૮-૮૮ દરમિયાન નોકરિયાત વર્ગને બઢતી મળવાનો તેમ જ સ્થળાંતર માટેનો યોગ છે. કાનૂની નિયમો પ્રમાણે પણ અહીં ધનલાભ થઈ શકે છે. તા. ૨૩-૫-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર આકસ્મિક લાભ સૂચવે છે. અહીં બીજાનું નુકસાન તમારો 'નફો' બને અથવા ગુપ્ત કાર્યપદ્ધતિ કહી શકાય એવા નિમિત્તે તમારી આવક વધે. તા. ૭-૨-૮૮થી ૧૮-૨-૮૮, તા. ૭-૮-૮૮થી ૧૭-૯-૮૮ દરમિયાન પારિવારિક વ્યવસાયની ઉન્નતિ માટે ગ્રહો અનુકૂળ છે. આ સમયગાળામાં જ નવા પારિવારિક સંબંધો, ભાગીદારી કે લગ્ન જેવા સંબંધોના નિમિત્તે ધનવાન બનવાનો યોગ સર્જાય છે.

તા. ૨૯-૧૨-૮૭થી ૧૪-૩-૮૮ અને ૮-૫-૮૮થી ૨૯-૭-૮૮ દરમિયાન જૂના - અંગત - સંબંધોના વ્યવહાર મારફત તમને નાણાં મળી શકે છે. તા. ૯-૪-૮૮થી ૧૧-૯-૮૮ દરમિયાન તમે કેટલીક ધનવાન વ્યક્તિઓ સાથે સંબંધ બાંધશો અને તા. ૧૧-૯-૮૮ બાદ એવા સંબંધોના ઉપયોગથી 'કાયમી આવક' કહી શકાય એવાં સાધનો - સગવડો મેળવશો. એકંદરે તમારા જન્મસમયના ગ્રહોની સ્થિતિ પ્રમાણે આ વર્ષના ઉત્તરાર્ધમાં તમે ધનવાન બનશો. આવકનો વિસ્તાર થશે. તેમ જ તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ સુધીમાં વ્યવસાય - વ્યાપાર - ઉદ્યોગની આવશ્યકતા પૂર્ણ કરતા મોટા પાયે આર્થિક સહાયતા, ઋણ મેળવી શકશો.

સ્થાવર સંપત્તિ :- વર્ષના આરંભથી અંત સુધી તમારી રાશિના સ્થાવર સંપત્તિના સ્થાનમાંથી નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી, પરિણામે આ વર્ષના ગોચર ગ્રહો સ્થાવર સંપત્તિની પ્રાપ્તિ, ફેરબદલી કે બીજી રીતે લાભ માટે તટસ્થ છે. જન્મસમયના ગ્રહો આ સંબંધી બળવાન અને સૂચક હશે, તો જ તમે સ્થાવર સંપત્તિને લગતા મહત્ત્વપૂર્ણ નિર્ણય લઈ શકશો. તા. ૧-૯-૮૮થી ૨૯-૯-૮૮ સુધીની ગ્રહસ્થિતિ રહેઠાણની સુવિધા માટે, સુખ - સમૃદ્ધિ કે વાહન સુખ માટે પ્રેરણા - બળ આપશે. આવા સમયે જન્મના ગ્રહો અનુકૂળ હશે તો તમે મકાન - વાહનની સુવિધા વધારી શકશો.

સ્ત્રીઓ માટે :- તમારી રાશિના સપ્તમસ્થાનમાં પ્લુટો નામનો ક્રાંતિકારી ગ્રહ ઑક્ટોબર ૧૯૮૧થી ભ્રમણ કરે છે. આ ગ્રહનું ભ્રમણ સપ્ટેમ્બર ૧૯૯૩ સુધી તમારી રાશિના સપ્તમ સ્થાનને અસર કરશે. તમારી રાશિના ભાગ્યસ્થાનમાં નેપ્ચ્યુન અને હર્ષલ જેવા યુગપ્રવર્તક ગ્રહો ભ્રમણ કરી રહ્યા છે. આ વર્ષે શનિ તા. ૧૭-૧૨-૮૭થી તમારી રાશિના ભાગ્યસ્થાનમાં પ્રવેશ કરશે અને ૧૯૯૦ સુધી ભ્રમણ કરશે. સપ્તમ સ્થાન લગ્નજીવન અને સામાજિક સંબંધો સૂચવે છે. ભાગ્યસ્થાન સત્તા, સમાજની ઉચ્ચ સ્તરની વ્યક્તિઓ સાથેની વ્યાવહારિક સ્થિતિ, ધર્મ - જ્ઞાન અને વિદેશી સંબંધોના વ્યવહાર પર પ્રકાશ પાડે છે. પ્લુટો ગ્રહ સ્થિરતા પૂર્વેની આ સ્થિરતા સર્જે છે. હર્ષલની અસર આકસ્મિક નિર્ણયો તરફ દોરી જાય છે, નેપ્ચ્યુન કલ્પના અને ભાવનાની મસ્તી સર્જે છે. શનિ વ્યવહારની પૂર્ણતા બક્ષે છે. ફેબ્રુઆરી ૧૯૮૮થી નવેમ્બર ૧૯૮૮ સુધી શનિ અને હર્ષલ લગભગ અંશાત્મક યુતિમાં ભ્રમણ કરે છે. નેપ્ચ્યુન અને પ્લુટો લગભગ અંશાત્મક ત્રિકોણ યોગમાં ભ્રમણ કરે છે. શનિ - હર્ષલની મુળ નક્ષત્રમાં થતી યુતિ તમને બે વિભિન્ન વિચાર શ્રેણીમાં વિભાજિત કરશે. મર્યાદા જાળવવી અને મર્યાદા તોડવી. જન્મસમયના ગ્રહો તમને મર્યાદા જાળવી રાખવાની પ્રેરણા આપતા હશે તો જ તમે પરિવાર - સમાજનાં બંધનો, મર્યાદાનો સ્વીકાર કરશો, નહીં તો સ્વતંત્ર નિર્ણય લઈ ક્રાંતિ સર્જશો. આવા સમયે નેપ્ચ્યુન - પ્લુટોનો યોગ બુદ્ધિથી પર એવા ભાવનાના જગતમાં તમને જીવવાની પ્રેરણા આપશે. મર્યાદાનો સ્વીકાર કે અસ્વીકાર ગમે તે હોય પરંતુ તમારા નિર્ણયો અંતરની ગહરાઈમાંથી જન્મશે. તેમાં બુદ્ધિનું ગણિત નહીં હોય. ફક્ત અંતરની પ્રેરણામાત્ર હશે. આવા સંજોગોમાં સંયમ આવશ્યક છે.

વર્ષના આરંભથી તા. ૧૨-૧૧-૮૭ સુધીના નિર્ણયો જોખમી બનશે. તા. ૧૨-૧૧-૮૭થી ૫-૧-૮૮ સુધીના નિર્ણયો સુખદાયી જણાશે.

તા. ૫-૧-૮૮થી ૧૬-૧-૮૮ દરમિયાન સંયમ જાળવશો તો જ તમે તમારું હિત જાળવવા સમર્થ બનશો. તા. ૧૬-૧-૮૮થી ૭-૨-૮૮ દરમિયાન 'બનાવટ'ના ભોગ ન થવાય એ સંબંધી પ્રયત્નપૂર્વકની જાગૃતિ આવશ્યક છે. તા. ૭-૨-૮૮થી ૨૫-૩-૮૮ સુધીનું ગોચર સુખદાયી છે. તા. ૨૫-૩-૮૮થી ૧૮-૭-૮૮ દરમિયાન ત્યાગ અને ભોગની સ્થિતિ સમાંતર રહેશે, અર્થાત્ પ્રાપ્તિનું મૂલ્ય ચૂકવશો. તો જ પ્રાપ્તિની - ઈચ્છા સંતોષાશે. તા. ૧૮-૭-૮૮થી ૭-૮-૮૮ સુધીનું ગોચર વિચિત્ર છે. દગો-બનાવટ - વિશ્વાસ જેવી ઘટનાઓના નિમિત્તે અથવા મૃગજળ જેવી ભાવનાની અસર હેઠળ તમે કંઈક ગુમાવશો. આ સમયગાળો અતિ-જાગૃત રહેવાનો ઈશારો કરે છે. તા. ૭-૮-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર શુભ - સૂચક છે. લગ્ન-ભાગીદારી-પ્રવાસ - અધ્યયન - પ્રેમ - પરિવારના સંબંધો વગેરે સ્વમર્યાદાના પ્રમાણમાં

તમને અદ્‌ભુત અનુભવો કરાવશે. તમારા નિર્ણયો જ તમારું ભાવિ નક્કી કરશે અને જન્મસમયના ગ્રહો જ તમને નિર્ણય તરફ દોરી જશે. ગોચરની તારીખોનો અભ્યાસ કરી નિર્ણયોનો સમય નક્કી કરશો તો 'ભૂલ' થવાની શક્યતામાંથી ઊગરી જશો. આ વર્ષના ગ્રહો તમને ઉશ્કેરશે, ઉશ્કેરાટના પરિણામે 'છોડવા'ની વૃત્તિ વધશે. આવા સમયે શું છોડવું ? એ માટે વિવેકની આવશ્યકતા જ સલામતી બનશે.

વિદ્યાર્થીઓ માટે :- વર્ષના આરંભે તમારી રાશિના વિદ્યાસ્થાનમાં ગ્રહ નથી. તા. ૬-૩-૮૮થી આ સ્થાનમાં કેતુ આવશે અને વર્ષના અંત સુધી રહેશે. તમારી વિદ્યાસ્થાનની રાશિ સિંહ, કેતુ માટે શત્રુરાશિ છે. અહીંનું કેતુનું ભ્રમણ તમને અભ્યાસની પૂર્ણતાની પ્રેરણા અવશ્ય આપશે. પરંતુ તેની સાથે જ અભ્યાસ છોડી દેવાની ઉશ્કેરણી પણ કરશે. તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ સુધી તો ગુરુની પૂર્ણ દૃષ્ટિ આ સ્થાન પર હોવાથી તમે સલામત રહેશો. ત્યાર બાદ અભ્યાસ તરફનો અણગમો વધી શકે છે. આવા સમયે અભ્યાસ છોડવાની વૃત્તિ જાગૃત થશે. તા. ૧૭-૧૨-૮૭થી શનિ તમારી રાશિના ભાગ્યસ્થાનમાં આવશે. ઉચ્ચ અભ્યાસ માટે ભાગ્યબળ આવશ્યક છે. શનિ સાથે હર્ષલ અને નેપ્ચ્યુન જેવા તોફાની ગ્રહો હોવાથી તમારી 'સ્થિરતા' જોખમાશે. હવામાન સંશોધન - અવકાશ સંશોધન - આરોગ્ય ક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે તેમ જ અણુસંશોધન અભ્યાસમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે આ વર્ષના ગોચર ગ્રહો સફળતા સૂચવે છે. શનિના પ્રભાવે તમારી રાશિના વિદ્યાર્થીઓ મંદ ગતિએ ગણિત-સંશોધનના ક્ષેત્રે સારો દેખાવ કરશે. નેપ્ચ્યુન - પ્લુટો - કેતુ આ વર્ષના અંત ભાગમાં અંશાત્મક યોગ સર્જે છે. આ ગ્રહો વિદ્યાધ્યયન ક્ષેત્રે હકારાત્મક અને નકારાત્મક બંને પ્રકારનાં તોફાન સર્જશે. અનિશ્ચિતતાના વિચારોથી તમે જેટલા પ્રમાણમાં મુક્ત રહેશો એટલા પ્રમાણમાં વિદ્યાભ્યાસમાં સફળ થશો. એક વાત નિશ્ચિત છે, તમે અભ્યાસથી મુક્ત થવાની અર્થાત્‌ છોડી દેવાની વૃત્તિથી મુક્ત રહી શકશો તો આ વર્ષના ગ્રહો તમને તમારા ક્ષેત્રમાં અભ્યાસની પૂર્ણતા તરફ અવશ્ય દોરી જશે. વિદ્યાધ્યયન પૂર્ણ કરીને મુક્ત થવું કે (અપૂર્ણ) છોડીને મુક્ત થવું એ ભેદરેખા તરફ જાગૃત રહેશો તો તમારા અભ્યાસમાં યાદગાર સફળતા પ્રાપ્ત કરશો.

વિશેષ વિગતો :- વર્ષના આરંભના ગ્રહો અને વર્ષ દરમિયાન બદલાતા ગ્રહો ધ્યાનાકર્ષક છે. આરંભમાં શનિ - રાહુ એકબીજાથી શુભ નવ-પંચમ યોગમાં છે, પરંતુ આ ગ્રહો અષ્ટમસ્થાન અને વ્યયસ્થાન અને ખાડાના સ્થાનોમાં છે. તા. ૧૭-૧૨-૮૭ના શનિ અને તા. ૬-૩-૮૮ના રાહુ રાશિ બદલે છે. એકબીજાથી ત્રિરેકાદશ યોગમાં ભ્રમણ કરે છે. આ સમયનું ભ્રમણ તમારી રાશિના ભાગ્ય અને લાભસ્થાનમાં થાય છે. આ ગ્રહસ્થિતિનો સરળ અર્થ છે; જે ગત વર્ષે તમે જવાબદારીઓ ઉઠાવી હતી, તેના મીઠાં ફળ આ વર્ષે ચાખવા મળશે. રાહુની સાથે જ થતું કેતુનું રાશ્યાંતર શનિ - હર્ષલ - નેપ્ચ્યુન સાથે શુભ સંવાદી યોગ સર્જે છે.

વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી તો પૂર્વ દિશામાં સૂર્યોદય થતો હોવા છતાં પ્રકાશની લાલિમા નહીં દેખાય. તા. ૧૭-૧૨-૮૭થી ૩-૧-૮૮ સુધી ઝાંખી આશાના કિરણો દેખાશે. પરંતુ તા. ૩-૧-૮૮થી ૬-૩-૮૮ સુધી 'વ્યક્તિત્વ'ની સમસ્યાઓનો અંત નહીં દેખાય. શાસ્ત્રોમાં નોંધ છે કે પ્રકૃત્તિ દયાળુ છે અને જીવન ટકાવી રાખવા માટેની સગવડો પૂરી પાડે છે, પરંતુ તમે ગત વર્ષથી આવી સગવડોની ખેંચ અનુભવતા હશો. આ વર્ષે પણ તા. ૬-૩-૮૮ સુધી માત્ર આશાના કિરણો દેખાશે, પ્રકાશની ગરમી નહીં મળે, તા. ૬-૩-૮૮થી ગોચર બદલશે. વ્યક્તિત્વની જાળવણી માટે, અસ્તિત્વના પોષણ માટેની અનુકૂળતાઓ મેળવતા થશો. તા. ૬-૩-૮૮થી ૧૯-૬-૮૮ દરમિયાન તમે 'સશક્ત' બનશો. તા. ૧૯-૬-૮૮થી ૧૧-૯-૮૮ સુધીમાં તમારા હાથમાં નાણાં આવશે. પરિવારમાં તમારા અસ્તિત્વનો સ્વીકાર થશે, સમાજમાં તમારા વજનનું મૂલ્ય અંકાશે. તા. ૧૧-૯-૮૮થી વર્ષના અંત સુધી તમે તમને 'ભાગ્યશાળી' માની શકો એ રીતે પદ-માન વધશે. રાજકીય સંબંધો, વિદેશી પરિચયોથી આવક વધશે. શુભ - સાંપ્રદાયિક કાર્યોમાં હાજરી આપશો. તા. ૧૬-૧૧-૮૭થી ૧૬-૧૨-૮૭ સુધીની આ વર્ષની પીડા તમારા સ્મૃતિ પર છવાશે, પરંતુ તા. ૧૬-૧૨-૮૭થી ધીમેધીમે આ પીડાની સ્મૃતિ ભુંસાતી જશે. ધર્મ - સંપ્રદાય કે અધ્યાત્મની દૃષ્ટિએ તમે જાગૃત હશો તો આ વર્ષે પ્રકૃતિની વ્યવસ્થા - મૃત્યુલોકમાં વ્યાપ્ત 'કર્મની ગતિ'ના સ્પષ્ટ દર્શન કરવા શક્તિમાન બનશો. શાસ્ત્રો-લખાણોનો અંગત જીવનમાં અનુભવ કરશો. આ સમયગાળો છે તા. ૧૪-૩-૮૮થી ૧૩-૪-૮૮ સુધીનો. અહીં 'પૂર્વ કર્મ અને તેનું ફળ' એટલે શું ? એ રહસ્ય તમારી આગળ ખૂલશે. ભાવના - પ્રેમ અથવા ગુપ્ત સંબંધોના નિમિત્તે તમે ત્યાગ કરશો અથવા કોઇક રીતની ચૂકવણી કરશો. તા. ૧૩-૪-૮૮થી ૧-૯-૮૮ સુધીમાં વ્યક્તિત્વ - પરિવાર -સગાસંબંધીઓને લગતી ઘટનાઓ તમારા ખાલીપણાને ભરશે. તા. ૧-૯-૮૮થી ૨૪-૧૦-૮૮ સુધીમાં અંગત સુખ - સુવિધાનાં ભૌતિક સાધનો મળશે. જન્મસમયના ગ્રહો સૂચવતા હશે તો મકાન - વાહનની સુવિધાઓ વધશે.

તા. ૨૪-૧૦-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર મનગમતી રીતે આવકના સાધનોની સુવિધા વધારશે. અદાલતી કાર્યો, બૅન્કિંગ સંબંધોમાં સફળ થશો. અતિ અંગત સંબંધો, ગુપ્ત - મૈત્રી સંબંધો પૂર્વકર્મ કહી શકાય એવા મિત્રી સંબંધો એટલે શું ? જાગૃત રહેશો તો આ વર્ષની ઘટનાઓ પ્રકૃતિના રહસ્યનું ભાન કરાવશે. ભાગ્ય ભોગવવું એટલે શું ? તા. ૨૯-૧૧-૮૭ સુધીના તમારા સંબંધોમાં તા. ૧૯-૧૨-૮૭ પહેલાંની કેટલીક ઘટનાઓ 'પ્રશ્નો' સર્જશે. આ પ્રશ્નો એટલે પુરુષાર્થ - પ્રારબ્ધ અને લેણ તથા દેણના ગણિતનું જ્ઞાન આપશે. તા. ૨૯-૧૧-૮૭થી ૧૯-૧૨-૮૭ સુધીના બનાવોની અસર ભૂંસવાનું કાર્ય, બીજી રીતે થીંગડાં મારવાના કાર્યનો આરંભ, તા. ૧૯-૧૨-૮૭થી ૩-૨-૮૮ સુધી કરશો. તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ દરમિયાન જવાબદારી પૂરી કરવા માટેની સહાયતા મળશે. તા. ૬-૩-૮૮થી ૯-૪-૮૮ દરમિયાન ફરજ અને ભાવનાની સ્પષ્ટ રેખા દોરશો. ફરજ ખાતર ભાવનાનો ત્યાગ કરશો. તા. ૯-૪-૮૮થી ૧૬-૮-૮૮ દરમિયાન ગજા પ્રમાણેનો હિસાબ ચૂકવશો. વિશેષ કરીને અતિ - અંગત સંબંધો અને તેઓની સાથેનો અર્થવ્યવહાર તમને નવું જ્ઞાન આપશે. તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ સુધીનો સમય 'શીતળછાયા'માં બેસવાનો અને ભૂતકાલીન તકલીફોને વગોળવાનો છે. અહીં તમે સમાજના નિયમોને અનુરૂપ પ્રતિષ્ઠા મેળવવા ચેકબુકનો ઉપયોગ કરશો. શુભ પ્રસંગોની ઉજવણી ઘરઆંગણે થવાનો યોગ પણ છે. તા. ૨-૧૧-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર સમાજમાં યોગ્ય સ્થાન પ્રાપ્ત કરવા માટે અનુકૂળ છે.

'કર્મ અને તેનું ફળ' આ દૃષ્ટિએ તમારી રાશિ માટે ગ્રહો આશીર્વાદ જેવા છે. તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ દરમિયાન તમને સ્વતંત્ર વ્યવસાય માટે નાણાકીય સહાય મળશે. સરકારી - કાનૂની અનુકૂળતા પ્રાપ્ત થશે. તા. ૬-૩-૮૮ બાદ વર્ષના અંત સુધીનું ગોચર સૂચવે છે કે તમે વ્યવસાય ક્ષેત્રે વિચારો, અને ગ્રહોની કૃપાના પરિણામે તમારા 'વિચારો'ને આમરણ બનાવવા જોઈની સગવડો પ્રકૃતિના સામ્રાજ્યમાંથી મેળવો. શું વિચારવું ? એ તમારો વિષય છે. તમારા વિચારો મુજબનું પૂર્ણ ફળ આપવું એ પ્રકૃતિના આશીર્વાદ છે. આ વર્ષનો ઉત્તરાર્ધ તમારા માટે 'કલ્પવૃક્ષ' સમાન નીવડશે. અનુભવ, અગમ્યશક્તિનો સાક્ષાત્કાર, ચમત્કાર કહી શકાય તેવી સહાયતા અને પ્રમાણમાં ધન આપનાર વિક્રમનું આ વર્ષ સુખ - સમૃદ્ધિ આપી જશે.

વૃષભ (બ.વ.ઉ.)



વિક્રમ સંવત ૨૦૪૪ના આરંભ સમયે તમારી રાશિ વૃષભના વ્યયસ્થાનમાં ગુરુ, લાભસ્થાનમાં રાહુ, પંચમસ્થાનમાં મંગળ અને કેતુ, ઋણસ્થાનમાં સૂર્ય - ચંદ્ર - બુધ - શુક્ર - પ્લુટો, સપ્તમ સ્થાનમાં શનિ અને ગૂઢ સ્થાનમાં હર્ષલ અને નેપ્ચ્યુન છે. ગુરુ - શનિ - રાહુ જેવા શક્તિશાળી પરિણામ આપનાર ગ્રહો વર્ષના અંતે અનુક્રમે તમારી રાશિમાં, ગુપ્તસ્થાનમાં અને લાભસ્થાનમાં ભ્રમણ કરશે. ગ્રહોના રાશિ પરિવર્તન સૂચવે છે કે તમે પ્રાપ્તિના સુખથી ધરાશો, વિશેષ પ્રાપ્તિના અજંપાને આમંત્રણ આપશો. કર્મના માર્ગે પ્રવાસ કરશો, સુખના માર્ગેથી ફંટાઈ જશો.

વર્ષનો આરંભકાળ ખર્ચાળ હોવા છતાં તા. ૨૬-૧૦-૮૭થી ખર્ચના વળતર રૂપે લાભ પ્રાપ્ત કરશો. વાવણી બાદ પાક લણવા જેવી ક્રિયાનો અનુભવ તા. ૨૬-૧૦-૮૭થી ૧-૧૧-૮૭ દરમિયાન કરશો. તા. ૧-૧૧-૮૭થી ૪-૧૨-૮૭ સુધી નવા સંબંધો બાંધવા - ભોગવવા અને બૌદ્ધિક આનંદ મેળવવામાં વ્યસ્થત રહેશો. તા. ૪-૧૨-૮૭થી ૧૪-૧૨-૮૭ સુધીનો સમયગાળો કસોટીનો છે. આરોગ્ય - કાનૂન - ગુપ્ત ચિંતા - ખોટી જવાબદારી જેવી ઘટનાઓના કારણે તા. ૧૪-૧૨-૮૭થી ૧૬-૧૨-૮૭ દરમિયાન સધિયારો શોધશો. પરંતુ તા. ૧૭-૧૨-૮૭થી ૨૫-૧૨-૮૭ સુધીનો અનુભવ નિષ્ફળતાની લાગણી જન્માવશે. હવે તમે જીવન - વિચારો અને કાર્યપદ્ધતિ બદલવાનું વિચારશો. તા. ૨૫-૧૨-૮૭થી ૫-૧-૮૮ સુધીનો સમયગાળો પુરુષાર્થ કરવાનો - માર્ગ શોધવાનો છે. તા. ૫-૧-૮૮થી ૧૬-૧-૮૮ દરમિયાન તમે સહકાર્યકર મેળવશો. જન્મસમયના ગ્રહો અનુકૂળ હશે તો અહીં જીવનસાથી કે વ્યવસાયી ભાગીદાર પણ મેળવી શકો છો. તા. ૧૬-૧-૮૮થી ૨૭-૧-૮૮ દરમિયાન લાભ મેળવશો. નોકરીમાં બઢતી, મૈત્રી સંબંધોથી નાણાંની પ્રાપ્તિ, અદાલતી વિજય અથવા વ્યક્તિત્વના સ્વીકાર - વિસ્તાર માટે આ સમયનું ગોચર લાભપ્રદ છે. તા. ૨૭-૧-૮૮થી ૩-૨-૮૮ અને તા. ૩-૨-૮૮થી ૭-૨-૮૮ સુધીના બે કાળખંડો સત્ય અને પરછાઇના ભેદનો અનુભવ કરાવશે. આ સમયગાળામાં પહેલા

તમે કમાણી કરશો અથવા ફાયદો કહી શકાય એવું કંઈક મેળવશો, પરંતુ તમારા ગણિત બહાર જ અહીં એક બીજી ઘટના પણ આકાર લેતી હશે, પરિણામે મેળવેલું ગુમાવશો. આ સમયની આવકજાવકની એક વિચિત્ર સ્થિતિના નિમિત્તે તા. ૭-૨-૮૮થી ૧૮-૨-૮૮નું ગોચર અણધારી રીતે, આકસ્મિક ઘટના જેવા નિમિત્તે 'પ્રશ્નાર્થ' બનશે. પ્રથમ દૃષ્ટિએ પીડા - વેદના વધી શકે છે. પરંતુ તા. ૧૮-૨-૮૮થી ૧૨-૩-૮૮ સુધીના વિવિધ બનાવો પૂર્વકર્મ - પ્રારબ્ધની સાંકળ જેવા હશે. આ સમયે જાગૃત રહેશો તો તમે તમારા દૂર - દૂરના ભાવિમાં ડોકિયું કરવા સમર્થ બનશો. એટલું જ નહીં સુખ- દુઃખ જેવી લહેરો શા માટે અનુભવવી પડે છે ?એ પણ સમજી શકશો. તા. ૧૨-૩-૮૮થી ૨૫-૩-૮૮ દરમિયાન 'ઉધાર' અને તા. ૨૫-૩-૮૮થી ૭-૪-૮૮ દરમિયાન 'જમા'નો ચોપડો લખશો. હવે તા. ૭-૪-૮૮થી ૨૩-૪-૮૮ દરમિયાન પુરુષાર્થ માટે કમર કસશો. તા. ૨૩-૪-૮૮થી ૨૨-૬-૮૮ સુધી કર્મ કરશો અને લાભ મેળવશો. તમે જીવનમાં વય - ક્ષેત્ર - સ્તરની જે અવસ્થાએ હશો તેની સમાંતરના કર્મથી લાભપ્રાપ્તિ માટેનો આ સમય ગાળો છે. આ સમયના અનુભવો આત્મવિશ્વાસ માટે પ્રેરણા બનશે. તા. ૨૨-૬-૮૮થી ૧૮-૭-૮૮ દરમિયાન આંધળિયું કરવાનો યોગ છે. આવા સમયે વિવેકપૂર્વક નિર્ણય લેવામાં જ તમારું હિત છે. તા. ૧૮-૭-૮૮થી ૭-૮-૮૮ દરમિયાન લાભ - નફો - પ્રાપ્તિ સફળતા જેવા શબ્દો લખી શકાય એ રીતે તમે પુરુષાર્થ - કર્મનું સુંદર ભૌતિક પરિણામ મેળવશો. તા. ૭-૮-૮૮થી ૨૨-૮-૮૮ દરમિયાન 'કાયમી આવક' શબ્દને સાર્થક કરતી તક મળશે. તા. ૨૨-૮-૮૮થી ૪-૯-૮૮ સુધીમાં 'અહંકાર' વધે એવી અનુકૂળતા મળશે. 'અહંકાર' અર્થસૂચક શબ્દ છે. તા. ૪-૯-૮૮થી ૧૭-૯-૮૮ સુધીમાં અહંકાર ઓગળી જશે, અર્થાત્ મળતી સફળતા કે અસફળતાને અને માનવીય બુદ્ધિના નિર્ણયોને સંબંધ નથી, પરંતુ પ્રકૃતિમાં વ્યાપ્ત નિયમોની માયાજાળ છે, એ રીતે તમે વિચારતા થશો. તા. ૧૭-૯-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર 'સભર - જીવન'ની ઝાંખી કરાવશે. વર્ષના અંત સમયે તમને તમારા જન્મસમયના ગ્રહોની સ્થિરતાનાં પ્રમાણમાં મકાન - વાહન - સંતાનનું સુખ મળશે. ઈચ્છાઓની પૂર્ણતાનો આનંદ મળશે. ભૂતકાળમાં ડોકીયું કરશો તો સ્વીકારશો કે અનેક ભૂતકાલીન ઈચ્છાઓ પૂરી થઈ છે. આવી ઈચ્છાઓની પૂર્તિ જ તમારું સુખ છે, હવે એ ઈચ્છાઓ પૂરી થવા છતાં તમારા સુખનું પાત્ર ભરાયું છે એમ કહેશો, પરંતુ અપૂર્ણ છે એમ પણ કહેવાની લાગણી બળવત્તર રહેશે.

તંદુરસ્તીની દૃષ્ટિએ :- તમારી રાશિના આયુસ્થાનમાં વર્ષના આરંભે નેપ્ચ્યુન અને હર્ષલ છે. તા. ૧૭-૧૨-૮૭થી શનિ પણ આ સ્થાનમાં પ્રવેશ કરશે. આ સ્થાનના શનિનું ફળ છે આયુવર્ધક અને દુઃખવર્ધક. અહીંનો હર્ષલ શત્રુક્રિયા અથવા અકસ્માત દર્શાવે છે, તેમ જ અહીંનો નેપ્ચ્યુન ખાન - પાનના ભેદે 'વિષાક્ત' સ્થિતિ સૂચવે છે. તમારી રાશિના આરોગ્યસ્થાનમાં સંપૂર્ણ વર્ષ પ્લુટોનું ભ્રમણ છે. આ સ્થાનનો પ્લુટો, નામ જાણી શકાય નહીં એવી આરોગ્યની ફરિયાદનો કારક છે. ગ્રહોની ગતિના ઊંડાણમાં ઊતર્યા વગર પહેલી નજરે આ વર્ષનું ગોચર આરોગ્યની સંભાળ રાખવાનું સૂચવે છે. શનિ - હર્ષલ - નેપ્ચ્યુન - પ્લુટો આ બધા જ ગ્રહો બળવાન છે. તેની સાથે જ મંદ - અતિમંદ ગતિના હોવાથી કેટલીક વખત બને છે કે માંદગીના 'બી' રોપાઇ જાય, પરંતુ જાતકને વર્ષો સુધી માહિતી ન મળે. તંદુરસ્તીની જાળવણી હેઠળ તમારી રાશિ વૃષભના બાળકોએ સામાન્ય માંદગી તરફ બે-દરકાર ન રહી, યોગ્ય તપાસની કાળજી રાખવી અતિ આવશ્યક છે. જન્મસમયા ગ્રહો આરોગ્ય માટે નકારાત્મક વલણ સૂચવતા હોય તો જાતકે વિશેષ કાળજી રાખી તંદુરસ્તી જાળવવી જોઇએ. તા. ૨૯-૧૧-૮૭થી ૬-૧-૮૮, તા. ૯-૪-૮૮થી ૨૫-૩-૮૮ અને તા. ૧૩-૪-૮૮થી ૧૪-૬-૮૮ સુધીનો સમયગાળો લાગવા - પડવાના નિમિત્તે આરોગ્યની ફરિયાદ સૂચવે છે. તા. ૪-૧૨-૮૭થી ૧૪-૧૨-૮૭ અને તા. ૧૨-૩-૮૮થી ૨૫-૩-૮૮ સુધીનું ગોચર પણ આરોગ્યની ફરિયાદ સૂચવે છે. એકંદરે વિક્રમનું આ વર્ષ પ્રયત્નપૂર્વક તંદુરસ્તી જાળવી રાખવાની ફરજ પાડે છે, આ સંબંધી બેદરકાર રહેવાથી સામાન્ય કે અસામાન્ય માંદગીનો અનુભવ નિશ્ચિત બનશે.

કૌટુંબિક દૃષ્ટિએ :- વર્ષના આરંભથી અંત સુધી તમારી રાશિના પરિવાર સ્થાનમાં નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી. જન્મસમયના ગ્રહો આ સંબંધી વિશેષ ફળ આપતા હશે તો જ અસામાન્ય ઘટનાઓ ઘટી શકે છે. ગોચર ગ્રહો તો સામાન્ય - અતિ સામાન્ય લાગણીને સ્પર્શશે. વર્ષના આરંભથી તા. ૧૨-૧-૮૮ સુધીનો કાળખંડ પરિવારના સભ્યોની પ્રગતિ અને ધન લાભ માટેનો છે, અહીં દરેકને તેઓના જન્મસમયના ગ્રહો મુજબ ઉત્સાહ મળશે, પરિણામે તા. ૧૨-૧-૮૮થી ૪-૩-૮૮ સુધી 'સાહસ' શબ્દની વ્યાખ્યામાં સમાય એવાં કાર્યોમાં તમારી રાશિના પરિવારના સભ્યો મસ્ત રહેશે. તા. ૪-૩-૮૮થી ૧૬-૩-૮૮ સુધીનો સમયગાળો ભૂલો ભોગવવાનો છે. સફળતા - પ્રગતિના પંથે તમારો પ્રવાસ ચાલતો હશે, એવા સમયે થયેલ સામાન્ય કે અસામાન્ય ભૂલોનું સાચું પરિણામ અહીં પ્રાપ્ત થશે. તા. ૧૬-૩-૮૮થી ૨૬-૩-૮૮ દરમિયાન સત્ય સમજાશે. તમે સ્વીકારશો કે તમે સંબંધો, શક્તિઓ, સંયોગોનું મૂલ્ય અસલિયતના પ્રમાણમાં વિશેષ આંક્યું હતું. તમે અને તમારા પરિવારના સભ્યો બુદ્ધિના ગણિતમાં સાચા હોવા છતાં, સર્વોપરી પ્રકૃતિના નિયમ અને વ્યવસ્થા તરફ બેદરકાર રહ્યા, પરિણામે અહીં તા. ૨૬-૩-૮૮થી ૧૦-૪-૮૮ દરમિયાન અસફળતા, રૂકાવટ કે નુકસાનનો અનુભવ કરશો. તા. ૧૦-૪-૮૮થી ૩૦-૪-૮૮ સુધીનું ગોચર શુભ - સૂચક છે. અહીં પરિવારના સભ્યોની અંગત ઈચ્છાઓ પૂર્ણ થશે. મકાન - વાહન અને નિજી જીવનની વ્યવસ્થા સંતોષકારક રહેશે. તા. ૩૦-૪-૮૮થી ૧૬-૫-૮૮ દરમિયાન 'હક'ને લગતી સમસ્યા સર્જાવાનો યોગ છે. તા. ૧૬-૫-૮૮થી ૨૭-૭-૮૮ દરમિયાન પરિવારના સભ્યોની આવક વધે, આવકનાં સાધનોનો વિસ્તાર થાય, દરેકના ગ્રહોની સ્થિતિ મુજબ સફળતા મળે. તા. ૨૭-૭-૮૮થી ૯-૮-૮૮ સુધીનું ગોચર ચંચળતા સૂચવે છે. મનભેદ - પ્રવાસ - નુકસાન જેવી સામાન્ય ઘટનાઓના અંતે તા. ૯-૮-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર શુભ સૂચક છે. એકંદરે આ વર્ષના ગોચર ગ્રહો તમારી રાશિના પરિવારના સભ્યોને સ્વતંત્રતા, ધન, સિદ્ધિ, સફળતા આપવા સમર્થ છે.

આર્થિક દૃષ્ટિએ :- આ વર્ષના આરંભે રાહુ - છાયાગ્રહ તમારી રાશિના લાભસ્થાનમાં છે. તા. ૬-૩-૮૮થી રાહુ તમારી રાશિના કર્મસ્થાનમાં આવશે અને વર્ષના અંત સુધી રહેશે. આપણા ગ્રહમંડળનો અતિ શુભ ગ્રહ ગુરુ, તમારી રાશિ વૃષભનો શત્રુ હોવા છતાં ગુપ્ત લાભનો સ્વામી પણ છે, આ ગુરુ આ વર્ષે તમારી રાશિના ધન સંગ્રહસ્થાનમાં તા. ૧૯-૬-૮૮ના પ્રવેશ કરશે અને આવતા વર્ષના જુલાઇ ૧૯૮૯ સુધી રહેશે. રાહુ છાયા છે અને ગુરુ શુભત્વ સૂચવે છે. પરિણામે તમે સારી કમાણી કરી રહ્યા છો એમ કહેશો.

પરંતુ સરવૈયું તૈયાર કરશો તો તમારી ગણતરીના પ્રમાણમાં બચત અલ્પ જણાશે. તા. ૨૪-૧૦-૮૭ થી ૩-૧૨-૮૭, તા. ૨૦-૨-૮૮થી ૪-૩-૮૮ અને તા. ૨૧-૬-૮૮થી ૧૯-૭-૮૮ તથા તા. ૨૩-૧૦-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર જમીન - મકાન - વાહનનાં સંબંધોથી ધનલાભ સૂચવે છે. પરિવારના જૂના નાણાકીય રોકાણો અથવા સંયુક્ત પરિવારના સંબંધોથી પણ અહીં નાણાં મળવાનો યોગ છે. તા. ૨૪-૧૧-૮૮થી ૪-૧-૮૮ અને તા. ૨૩-૫-૮૮થી ૭-૭-૮૮ સુધીનું ગોચર ત્યાગીને ભોગવવાં જેવું છે. તમે તમારા હકો અથવા સંબંધો છોડશો તેના વળતરરૂપે તમને નાણાં મળે અથવા કાયમી આવકનાં સાધનો પ્રાપ્ત થાય. તા. ૧૨-૧૧-૮૭થી ૧૦-૧૨-૮૭, તા. ૧૬-૩-૮૮થી ૨૬-૩-૮૮ અને તા. ૧-૭-૮૮થી ૨૭-૭-૮૮ તથા તા. ૧૩-૯-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર સાહસ - સટ્ટો - સંયુક્ત પરિવારના રોકાણથી લાભ સૂચવે છે. અતિ અંગત, ખાનગી મૈત્રી સંબંધો તેમ જ ખાનગી સ્વરૂપના વ્યાવસાયિક સંબંધોથી પણ નાણાં મળે એવી ગોચરસ્થિતિ આ સમયે છે. તા. ૩-૨-૮૮થી ૯-૪-૮૮ સુધીની કેટલીક ઘટનાઓ આકસ્મિક ધનલાભનો મોહ જગાડશે જન્મસમયના ગ્રહો સૂચવતા હશે તો તમે બૅન્કમાં નાણાં જમા નહીં કરાવી શકો, પરંતુ કોઇ મૂલ્યવાન વનુના રૂપમાં નફો મેળવી શકશો. જીવનની અંગત સુવિધા વધારનારી વસ્તુના રૂપમાં પ્રાપ્તિનો યોગ છે. તા. ૨૬-૧૦-૮૭થી ૪-૧૨-૮૭, તા. ૫-૧-૮૮થી ૩-૨-૮૮ અને ૨૦-૫-૮૮થી ૪-૯-૮૮ સુધીના ગોચર ગ્રહો નોકરિયાત વર્ગ માટે બઢતી સૂચક છે. ઉદ્યોગપતિ માટે બૅન્કની અનુકૂળતા સૂચવે છે. કાનૂન અને હકોની દૃષ્ટિએ આ સમયગાળો વિજય અપાવશે. નોકરી બદલવા, નોકરી મેળવવા અને હરીફાઇની સફળતા માટે આ સમયગાળો લાભપ્રદ છે.

'ભાગ્ય અને કર્મ'ની દૃષ્ટિએ વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ દરમિયાન તમે બીજી વ્યક્તિનો સહકાર શોધશો, સહકારની આશા વધશે. પરંતુ નિર્ણય નહીં લઇ શકાય. તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ સુધીનો સમયગાળો પૂર્વસંબંધો અને પૂર્વકર્મ દ્વારા તમારા ભાગ્યમાં લખાયેલું હશે, તેવા કર્મ માટેની પ્રેરણા તમને મિત્રો તરફથી મળશે. તમારી બુદ્ધિ પણ તેનો સ્વીકાર કરશે. તા. ૬-૩-૮૮ બાદ વર્ષના અંત સુધી તમે તમારા કર્મનો પાયો મજબૂત બનાવશો. અહીં 'કર્મ' શબ્દનો વિશાળ અર્થ છે, દેહ ટકાવી રાખવા - પરિવારની જવાબદારી પૂરી કરવા માટેના તમારી આવકનાં સાધનો - સંબંધો - આ વર્ષે તમે પાયો મજબૂત કરશો. પરંતુ પાયા પરના ચડતર માટે તો આવતા વર્ષોની વાટ જોવી પડશે. આ વર્ષના ગ્રહ-ચાલનની એક વિશિષ્ટતા છે. તા. ૧૭-૧૨-૮૭થી ૩-૧-૮૮ સુધીમાં જેટલું વેડફશો, એટલું પાક રૂપે ઊગી નીકળશે. એ જ પ્રકારે તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ દરમિયાન જેટલા પ્રમાણમાં ત્યાગ કરશો, એટલા જ પ્રમાણમાં તમારી ઝોળી ભરાશે. તા. ૧૧-૯-૮૮ બાદ એક રીતે ગ્રહોની કૃપા વરસશે. તમારી રાશિમાની કેટલીક વ્યક્તિઓ, તેઓની વિશાળ આવકની ભૂખ ભાંગવા માટે આ વર્ષે વિશાળ વ્યવસાયના આયોજનનો પાયો નાખશે. એકંદરે આર્થિક ક્ષેત્રે આ વર્ષના ગ્રહો અનુકૂળ ફળ સૂચવે છે.

સ્થાવર સંપત્તિ :- વર્ષના આરંભ સમયે તમારી રાશિના સ્થાવર સંપત્તિના સ્થાનમાં કોઇ ગ્રહ નથી તા. ૬-૩-૮૮થી કેતુ આ સ્થાનમાં આવશે. અને વર્ષના અંત સુધી, આવતા વર્ષના સપ્ટેમ્બર ૧૯૮૯ સુધી આ સ્થાનમાં રહેશે. આ સ્થાનનું કેતુનું ગોચર બે માર્ગે તમારી ઇચ્છા પૂરી કરશે. મકાન - જમીન - વાહન - સ્થાનની દૃષ્ટિએ તમારે જૂની માલિકીમાંથી, જૂના સંબંધોમાંથી મુક્ત થવું હશે તો મુક્તિ અપાવશે. નવું લેવા માટેની ધગશ હશે તો નવું મેળવી અવશ્ય આપશે. પરંતુ એ મેળવવા માટે જૂનાનો ત્યાગ આવશ્યક બનશે. તા. ૧૩-૪-૮૮થી ૨૭-૪-૮૮ અને ૧૬-૮-૮૮થી ૩૦-૮-૮૮ દરમિયાન રહેઠાણ કે વાહનને લગતી તમારી ઇચ્છા પૂરી થવાની અનુકૂળતા રહેશે. તા. ૧૭-૪-૮૮થી ૨૩-૪-૮૮ અને તા. ૯-૮-૮૮થી ૧૬-૮-૮૮ દરમિયાન સંયુક્ત પરિવારની મિલકતને લગતા પ્રશ્નોથી તમે ફાયદો મેળવી શકશો. તા. ૩-૨-૮૮થી ૯-૪-૮૮ સુધીની ચઢગતિ અદ્‌ભુત છે. અહીં વારસારૂપે અથવા દૈવી ચમત્કાર જેવી ઘટનાના પરિણામે તમને મિલકત મળી શકે છે. તા. ૬-૩-૮૮થી ૧૨-૩-૮૮ અને તા. ૨૯-૯-૮૮થી ૧૦-૧૦-૮૮ સુધીનું ગોચર પ્રયત્ન કરવાથી મિલકત મળવાનું સૂચવે છે. તમે ઇચ્છા કરશો અને જવાબદારી વધારવા માટે કમ્મર કસશો તો બીજાઓ તરફથી અર્થ અને કાનૂનની સહાયતા મળશે, પરિણામે તમે મકાન - ઉદ્યોગને લગતી તમારી સ્થાવર સંપત્તિની ઇચ્છા - આવશ્યકતા સહેલાઇથી પૂરી કરી શકશો. આ વર્ષના ગોચર ગ્રહો વિશેષ રીતે તમારી લાગણી ઉશ્કેરશે અને મકાન - જમીન - વાહન - ઉદ્યોગના સ્થાનની પ્રાપ્તિનો મોહ જગાડશે. પ્રતિષ્ઠા માટે અથવા વ્યવસાય માટે વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી સાધનો અને શક્તિનો સુમેળ સાધવા પ્રયત્નશીલ રહેશો, તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ સુધી તમારા વિચારો, જન્મસમયના ગ્રહોની માત્રામાં તમને તમારા દૃઢ પ્રારબ્ધ તરફ દોરી જશે. તા. ૬-૩-૮૮થી આ વર્ષના અંત સુધી અને આવતા વર્ષના આરંભના થોડા સમય સુધીનો સમયગાળો મિલકતની પ્રાપ્તિ માટે શ્રેષ્ઠ છે. તમારા ગત કર્મના પ્રમાણમાં અહીં મિલકતના રૂપમાં તમને ઘણું મળશે. તા. ૨૯-૯-૮૮થી ૨૪-૧૦-૮૮નો સમયગાળો યાદગાર પરિણામ નીપજાવશે.

સ્ત્રીઓ માટે :- તમારી રાશિના સપ્તમ સ્થાનમાં વર્ષના આરંભે શનિ છે. તા. ૧૭-૧૨-૮૭થી શનિ આ સ્થાન છોડી તમારી રાશિના ગૂઢ સ્થાનમાં ભ્રમણ આરંભશે. રોગસ્થાનનો પ્લુટો અને ગૂઢ સ્થાનના નેપ્ચ્યુન - હર્ષલ - શનિ આરોગ્ય બગાડી શકે છે. જન્મસમયના ગ્રહો મોટી માંદગી સૂચવતા હશે તો આ વર્ષના ગોચર ગ્રહો આરોગ્યની ચિંતા અને ખર્ચ વધારશે. તંદુરસ્તીની જાળવણીને પ્રાથમિક કક્ષાનું મહત્ત્વ આપશો તો જ આ વર્ષે માંદગીથી બચી શકશો. વર્ષનો આરંભકાળ ચંચળતા સૂચવે છે. તા. ૪-૧૧-૮૭થી ૧૪-૧૧-૮૭ દરમિયાન સુખ - વૈભવના સાધનોનો મોહ વધશે તા. ૧૪-૧૧-૮૭થી ૧૫-૧૨-૮૭ સુધીનું તમારું વલણ નવી જવાબદારી વધારશે. તા. ૧૫-૧૨-૮૭થી ૨૪-૧-૮૮ દરમિયાન તમે તમારી જવાબદારી વધારશો. આ સમયગાળો અનાયાસે મુશ્કેલીમાં ધકેલી દઇ શકે છે. ખર્ચ - નુકસાન - ગુપ્ત ચિંતામાં - માંદગી અથવા આકસ્મિક જવાબદારીનો સમયગાળો એટલે તા. ૧૫-૧૨-૮૭થી ૨૪-૧-૮૮ તા. ૨૪-૧-૮૮ બાદ ધીમીધીમે તમે વ્યવહારુ બનશો. તા. ૧૩-૨-૮૮ સુધીનો કાળખંડ ભાગ્યવૃદ્ધિ - શુભ કર્મની અનુભૂતિનો છે. તા. ૧૩-૨-૮૮થી ૪-૩-૮૮ દરમિયાન મોહ વધશે, ઇચ્છાઓ વકરશે, પરિણામે તા. ૪-૩-૮૮થી ૧૨-૪-૮૮ સુધીમાં ખર્ચ વધશે. આવકનો સરવાળો ઓછો થશે. તા. ૧૨-૪-૮૮થી ૨-૫-૮૮ દરમિયાન પ્રચંડ પુરુષાર્થ જેવી ફેરફૂદરડી ફરશો. તા. ૨-૫-૮૮થી ૧૩-૬-૮૮ સુધીનો સમય પ્રાપ્તિનો છે. પ્રકાર અને દિશા તમારા પુરુષાર્થની હશે એવું જ ફળ અહીં મળશે. તા. ૧૩-૬-૮૮થી ૭-૭-૮૮ દરમિયાન તમારી ઇચ્છાની પૂર્તિની ખુશી ઉજવશો, અહીં અહંકાર વધી શકે છે. આ બધું કાયમી નથી, પરંતુ અહીં તમે વિવેક ભૂલો અને ગર્વ અનુભવો એવી ગ્રહસ્થિતિ છે. તા. ૭-૭-૮૮થી ૮-૯-૮૮ સુધીનું ગોચર 'કષ્ટ - સાધ્ય' છે, અર્થાત્ આ સમય પહેલા 'સહજ - સાધ્ય'નો તમારો અનુભવ અહીં ઉપયોગી નહીં નીવડે. કષ્ટસાધ્ય સમયનો અર્થ છે, અસફળતા - નિરાશા - અંતે સામાન્ય ઇચ્છાપૂર્તિ તા. ૮-૯-૮૮થી વર્ષના અંત સુધીની ગ્રહસ્થિતિ 'અદૃશ્ય'ની શક્તિનો સ્વીકાર કરવાની છે. તમે વર્ષના અંત ભાગમાં 'ગૂઢ-કર્મ' ગુપ્ત કાર્યપદ્ધતિના કાર્યકર બનશો. જન્મસમયના ગ્રહોની અસર હેઠળ સાચા ભક્ત બનશો અથવા સાચી માંદગીનો અનુભવ કરશો. વર્ષ દરમિયાનની સફળતા અને એકાએક સફળતાનો અભાવ, અંતે જવાબદારી જેવા તન-મનના બંધનો. આ બધી ગ્રહસ્થિતિ તમને ગ્રહોની ગતિ અને શક્તિનો સ્વીકાર કરવાની ફરજ પાડશે. ઇચ્છાઓ પૂરી થવા છતાં, ઇચ્છિત સુખનો અભાવ આ વર્ષની ફળશ્રુતિ છે.

વિદ્યાર્થીઓ માટે :-

તમારી રાશિના વિદ્યાસ્થાનમાં વર્ષના આરંભે મંગળ અને કેતુ છે. આ સ્થાનની રાશિ મંગળ માટે અનુકૂળ નથી. પરંતુ કેતુ અહીં યોગ્ય ફળ આપશે. તા. ૧૪-૧૧-૮૭ના મંગળ આ સ્થાન છોડશે અને તા. ૬-૩-૮૮ના કેતુ આ સ્થાનનું તેનું ભ્રમણ પુરું કરશે.

તમારી રાશિના ભાગ્યસ્થાનમાંથી નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી. તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી ગુરુની પૂર્ણ શુભ દૃષ્ટિ આ સ્થાન પર રહેશે. ગોચરગ્રહની આ સ્થિતિ સામાન્ય રીતે અનુકૂળ ગણાય, પરંતુ નોંધપાત્ર ફળ માટે તો જન્મસમયના ગ્રહો પર આધાર રાખવો પડશે.

વર્ષના આરંભથી તા. ૪-૧-૮૮, તા. ૧૨-૧-૮૮થી ૨૬-૩-૮૮, તા. ૧૦-૪-૮૮થી ૩૦-૪-૮૮, તા. ૧-૫-૮૮થી ૨૭-૭-૮૮ અને તા. ૩-૯-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર વિદ્યાભ્યાસ માટે અનુકૂળ રહેશે. જન્મસમયના ગ્રહો સામાન્ય રીતે અનુકૂળ હશે તો આ વર્ષના ગોચર ગ્રહો 'અસામાન્ય' સફળતા આપશે. એકંદરે વિદ્યાર્થીઓ માટે આ વર્ષ આશીર્વાદ સમાન નીવડશે.

વિશેષ વિગતો :- આપણા ગ્રહમંડળના બે શુભ ગ્રહો છે ગુરુ અને શુક્ર. તમારી રાશિ વૃષભનો સ્વામી શુક્ર છે. આ વર્ષે તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી ગુરુ તમારી રાશિમાં ભ્રમણ કરે છે. આ બંને શુભત્વ સુચક તત્ત્વો એકબીજા માટે મૈત્રીભાવ નથી રાખતા. એક ગ્રહ વિલાસ આપે છે, બીજો વૈભવ. 'વૈભવ' એક પ્રકારનો બાહ્ય દેખાવ છે અને વિલાસ એક રીતે ભુક્તિ છે. રાહુ જેવો છાયાગ્રહ લાભ આપે છે અને લાભ મેળવવા માટે કર્મની ફરજ પાડે છે. કેતુ જેવી ખંડિત છાયા બુદ્ધિ અને વિચારને દોરવણી આપે છે અને આ બધાના નિમિત્તે જે પ્રાપ્ત થાય તેને સુખ માનવાની ફરજ પાડશે. બીજાઓ પાસેથી, સમાજ પાસેથી, જગત પાસેથી ઝાટી લેવાની વૃત્તિ અને શક્તિ પ્લુટો આપે છે. આ બધા કર્મો 'સરવાળા - બાદબાકી'નું અંતિમ ફળ શું ? નેપ્ચ્યુન - હર્ષલ અને શનિ નામના ગ્રહો સ્પષ્ટ પરિણામ સૂચવે છે. વૈભવ - વિલાસની ભૂખ જાગશે, તૃપ્તિ મળશે, સંગ્રહ નહીં કરી શકાય, તેની પીડા રહેશે. તેમ જ 'ભોગ'ના અતિરેકનું પરિણામ તન - તંદુરસ્તીની વ્યવસ્થા બગાડશે.

જીવન માટે તમે શું વિચારશો ? શું મેળવશો ? વર્ષના આરંભે અર્થ અને કાનૂનના ક્ષેત્રે વિજય કે સહાયના ઝંખતા હશો. તા. ૧૬-૧૧-૮૭થી ૧૬-૧૨-૮૭ સુધીમાં આશાના તાંતણે બંધાશો. તા. ૧૬-૧૨-૮૭થી ૧૪-૧-૮૮ સુધીમાં તાંતણું તૂટશે. હવે તા. ૧૪-૧-૮૮થી ૧૩-૪-૮૮ સુધી ભાગ્ય - કર્મ - પ્રાપ્તિ - લાભ જેવા શબ્દોનો ઉપયોગ કરી શકો, એ રીતે સફળ ઘટનાઓમાં વહેશો. તા. ૧૩-૪-૮૮થી ૮-૫-૮૮ સુધીનો કાળખંડ મૂલ્ય ચુકવવાનો છે. આ સમય સુધીની પ્રાપ્તિમાંથી તમારું તમે રાખશો, બાકીનું બીજાઓને વહેંચવું પડશે. તા. ૮-૫-૮૮ બાદ સંયોગો બદલાશે. પરિવાર, બેંક બેલેન્સ, સગાંસંબંધીઓ સાથેના દુન્યવી વ્યવહાર, રહેઠાણની વિશેષ વ્યવસ્થા, વાહનસુખ વગેરેને લગતા તમારા ભૂતકાલીન સ્વપ્નાઓ, અલબત્ત સ્વપ્નાઓની છાયા (થોડો) મેળવશો, ભોગવશો, સ્વામિત્વની ભાવના પૂર્ણ કરશો. તા. ૮-૫-૮૮થી ૨૯-૯-૮૮ સુધીની એક પ્રકારની 'અંગત - ભૌતિક - તૃપ્તિ' બાદ તા. ૨૯-૯-૮૮થી ૨૪-૧૦-૮૮ સુધીમાં તમને તમારી પ્રાપ્તિની અપૂર્ણતાના દર્શન થશે, અર્થાત્ બીજાઓ પાસેનું ઘણું એવું છે, જે હજી તમારી પાસે નથી. તા. ૨૪-૧૦-૮૮ બાદ આવતા વર્ષના આરંભ સુધીનો સમય 'છે' અને ભુતકાળ માની 'નથી'ની પ્રાપ્તિ જેવા ભવિષ્યકાળને વર્તમાન કાળમાં બદલવા માટેની તૈયારી કરશો. આવી તૈયારીમાં ડૂબકી લગાડતા હશો. એવામાં વિક્રમનું આ વર્ષ, આવતા વર્ષની ઘટનાઓમાં તમને પ્રવેશ આપી દેશે.

બીજી તરફ વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધીની સામાજિક ઘટનાઓ વિદ્રોહ અને પીડાના માર્ગે પર પ્રવાસ કરવાની ફરજ પાડશે. તા. ૧૭-૧૨-૮૭થી ૩-૧-૮૮સુધીનો સમય સર્વસ્વ દાવ પર લગાડી દેવા જેવો છે. પાંડવોએ દ્રૌપદીને દાવ પર પર લગાડી હતી, એવી વૃત્તિના તમે ભોગ બનશો. તા. ૩-૧-૮૮થી ૩-૨-૮૮ સુધીનો કાળખંડ ઝાકળના બિંદુઓમાં 'મોતી'ના દર્શન કરવાનો છે. તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ સુધીની ઘટનાને "હાર્યો જુગારી - બમણું રમે" જેવી મનોવૃત્તિ સાથે સરખાવી શકાય. હવે તા. ૬-૩-૮૮થી ૧૯-૬-૮૮ સુધીનો કાળખંડ 'કર્મ'ની વિચિત્ર ગતિમાં તમને સંડોવશે. તા. ૧૯-૬-૮૮ બાદ તમને દર્શન થશે કે આ સંયોગોમાંથી ભાગી છૂટવું જોઇએ. પરંતુ કયાં ? દિશાઓનો પ્રકાશ અદૃશ્ય હશે. અંધકારમાં જ પુરુષાર્થ કરવાની ફરજ પડશે. આ સમય છે તા.. ૧૯-૬-૮૮થી ૧૧-૯-૮૮ સુધીનો. હવે તા. ૧૧-૯-૮૮ બાદ કર્મ - ફળનો ચોપડો, જમા - ઉધારના આંકડાઓ તમારી સામે સ્પષ્ટ હશે.

તા. ૧૧-૯-૮૮ બાદ 'કર્મ -ક્ષેત્ર'ને છોડી નહીં શકો, છોડવાની જરૂર પણ નથી. સફળતાની આશા જાગૃત રહેશે. પરંતુ ઝાકળના બિંદુઓની પોકળતા અને મોતીનું ઠોસપણું બંને એક નથી - 'એક ક્ષણજીવી છે અને બીજી દીર્ઘજીવી', આવા સત્યના દર્શન કરશો. અલબત્ત કર્મ -ક્ષેત્ર જળવાઇ રહેશે. અને આટલી પ્રાપ્તિ પણ તમને શક્તિ તથા સંતોષ તો આપશે જ. વિક્રમના આ વર્ષમાં તમારું દૃઢ-પ્રારબ્ધ તમને એક નવી પ્રાપ્તિ તરફ દોરી જશે. આ વર્ષના આરંભ પહેલાંથી જ કલ્પના - ઋણ - તમારા સમાજના લોકોની અર્થ અને જીવનવ્યવસ્થા જેવી ત્રિકોણ સ્થિતિ જેવા નકશામાં રંગ પુરશો. તા. ૧૭-૧૨-૮૭ સુધીના રેખાંકનમાં કેવા રંગ પુરવા ? ખૂબ વિચારશો., વિચારવાની પ્રવૃત્તિમાં બદલાની ભાવના - ઉશ્કેરાટ જેવી વૃત્તિ તમારા વિચારોના વહેણને ખંડિત કરશે. ખંડિત દૃશ્યોમાં જોઇતા રંગો ભરી તેને આકર્ષક બનાવવાનો સમય છે તા. ૬-૩-૮૮ સુધીનો. તા. ૬-૩-૮૮ બાદ વર્ષના અંત સુધી 'ઘરના સુખ' માટે દૃઢ પ્રારબ્ધ દ્વારા પ્રાપ્ત થયેલ કર્મની સ્થિતિનો ઉપયોગ કરશો. વર્ષના અંતે તમે તમારી 'સજાવટવાળા' ઘરનું સુખ અવશ્ય પ્રાપ્ત કરશો. પરંતુ તેમાં 'અખંડતા'ની તીરાડ સ્પષ્ટ તરી આવશે. ખંડિત એવું અખંડિત સુખ, જીવનની અંતરંગ સુખની ભાવના ભોગવશો.

આપણી આજુબાજુ અદૃશ્ય - અદીઠ જગતના અસ્તિત્વનો સ્વીકાર થયેલ છે. આ જાતની ઘટનાઓ આપણા વિચારો માટે પ્રેરક બળ જેવી સ્વીકારાઇ છે. તા. ૨૬-૧૦-૮૭થી ૧૯-૧૨-૮૭ સુધીની અદૃશ્ય જગતની ઘટનાઓ તા. ૧૯-૧૨-૮૭થી ૬-૧-૮૮ સુધીના કાળખંડમાં એક પડકાર સર્જશે. અહીં અજાણતાં જ તમે રણમેદાનમાં યુદ્ધ કરતા એક યોદ્ધા બનશો. તા. ૬-૧-૮૮થી ૩-૨-૮૮ દરમિયાન તમારા જન્મસમયના ગ્રહો મુજબ તમારું 'દૃઢ પ્રારબ્ધ' જે હશે તે વૃક્ષ બનાવની તૈયારી કરશે. તા. ૩-૨-૮૮થી ૯-૪-૮૮ દરમિયાન પૂર્વ કર્મોના ફળ રૂપે પ્રારબ્ધ રૂપી વૃક્ષના વિસ્તાર માટે ખાતર - ખોરાક મળશે. તા. ૯-૪-૮૮થી ૧૪-૬-૮૮ સુધીમાં તમે જબ્બર પહેલીનિ વિજય માટેના યુદ્ધમાં ઝંપલાવશો. અહીં એટલું નોંધવું પડે છે કે યોદ્ધા વિજય માટે લડે છે, બુદ્ધિ માટે નહીં, તા. ૧૪-૬-૮૮ થી ૧૬-૮-૮૮ સુધીનો સમયગાળો દૈવી આશીર્વાદ જેવી ચમત્કારિક ભૌતિક સફળતાનો છે. મેળવવા ઇચ્છશો તો મેળવશો, પરંતુ યુદ્ધના માધ્યમથી - શાંતિના માધ્યમથી નહીં - એટલું નોંધી રાખજો. તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ સુધીનો સમય અદ્‌ભુત છે. ધસમસતી તોફાની નદી. પોતાની ગતિના આધારે ઇચ્છિત સ્થાને પહોંચે છે. કંઇક એ જ રીતે તમારી શક્તિ, તમારી કાર્યપદ્ધતિ તોફાની નદીની ગતિ જેવી બનશે, ચમત્કાર કહી શકાય એ રીતે તમને તમારા ધ્યેય તરફ ધકેલશે. અને તમે એ સ્થાને પહોંચશો. ચમત્કારિક સ્થિતિ, સ્થાન, વસ્તુ, સુખ, ઇચ્છાપૂર્તિ જેવું કંઇક પામશો તા. ૨-૧૧-૮૮ બાદ તમે કબૂલ કરશો, પામવાની ઇચ્છા હતી તેનાથી વિશેષ પામ્યો છું. તેની સાથે જ તમે જોઇ શકશો કે આ બ્રહ્માંડમાં હજી ઘણું છે, જે તમારે પામવું જોઇએ અને - એ પામવા માટે ફરી કમર કસશો. પ્રાપ્તિનું સુખ ભોગવવાના સમયને, વિશેષ પામવાની પીડામાં વ્યતિત કરશો. સુખ - વૈભવ - વિલાસની સાથે અસંતોષ પણ આપતું શ્રેષ્ઠ વર્ષ છે.

મિથુન : (ક, છ, ઘ)



વિક્રમ સંવત ૨૦૪૪ના આરંભ-સમયે તમારી રાશિ મિથુનના સુખસ્થાનમાં કેતુ-મંગળ, પૂર્વકર્મસ્થાનમાં સૂર્ય - ચંદ્ર - પ્લુટો - બુધ - શુક્ર, ઋણસ્થાનમાં શનિ, સપ્તમસ્થાનમાં નેપ્ચ્યુન અને હર્ષલ, કર્મસ્થાનમાં રાહુ અને લાભસ્થાનમાં ગુરુ છે. તા. ૧૭-૧૨-'૮૭ના શનિ ઋણસ્થાનમાંથી તમારી રાશિના સપ્તમસ્થાનમાં આવશે. શનિ તમારી રાશિને અષ્ટમેશ અને ભાગ્યેશનું સંયુક્ત ફળ આપે છે. શનિનું રાશિપરિવર્તન સૂચવે છે કે કેટલાક નવા સંબંધો બંધાશે. કેટલાક જૂના સંબંધો તુટશે અથવા વધુ પેચ

પરંતુ સરવૈયું તૈયાર કરશો તો તમારી ગણતરીના પ્રમાણમાં બચત અલ્પ જણાશે. તા. ૨૪-૧૦-૮૭ થી ૩-૧૨-૮૭, તા. ૨૦-૨-૮૮થી ૪-૩-૮૮ અને તા. ૨૧-૬-૮૮થી ૧૯-૭-૮૮ તથા તા. ૨૩-૧૦-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર જમીન - મકાન - વાહનનાં સંબંધોથી ધનલાભ સૂચવે છે. પરિવારના જૂના નાણાકીય રોકાણો અથવા સંયુક્ત પરિવારના સંબંધોથી પણ અહીં નાણાં મળવાનો યોગ છે. તા. ૨૪-૧૧-૮૮થી ૪-૧-૮૮ અને તા. ૨૩-૫-૮૮થી ૭-૭-૮૮ સુધીનું ગોચર ત્યાગીને ભોગવવાં જેવું છે. તમે તમારા હકો અથવા સંબંધો છોડશો તેના વળતરરૂપે તમને નાણાં મળે અથવા કાયમી આવકનાં સાધનો પ્રાપ્ત થાય. તા. ૧૨-૧૧-૮૭થી ૧૦-૧૨-૮૭, તા. ૧૬-૩-૮૮થી ૨૬-૩-૮૮ અને તા. ૧-૭-૮૮થી ૨૭-૭-૮૮ તથા તા. ૧૩-૯-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર સાહસ - સટ્ટો - સંયુક્ત પરિવારના રોકાણથી લાભ સૂચવે છે. અતિ અંગત, ખાનગી મૈત્રી સંબંધો તેમ જ ખાનગી સ્વરૂપના વ્યાવસાયિક સંબંધોથી પણ નાણાં મળે એવી ગોચરસ્થિતિ આ સમયે છે. તા. ૩-૨-૮૮થી ૯-૪-૮૮ સુધીની કેટલીક ઘટનાઓ આકસ્મિક ધનલાભનો મોહ જગાડશે જન્મસમયના ગ્રહો સૂચવતા હશે તો તમે બૅન્કમાં નાણાં જમા નહીં કરાવી શકો. પરંતુ કોઈ મૂલ્યવાન વસ્તુના રૂપમાં નફો મેળવી શકશો. જીવનની અંગત સુવિધા વધારનારી વસ્તુના રૂપમાં પ્રાપ્તિનો યોગ છે. તા. ૨૬-૧૦-૮૭થી ૪-૧૨-૮૭, તા. ૫-૧-૮૮થી ૩-૨-૮૮ અને ૨૦-૫-૮૮થી ૪-૯-૮૮ સુધીના ગોચર ગ્રહો નોકરિયાત વર્ગ માટે બઢતી સૂચક છે. ઉદ્યોગપતિ માટે બૅન્કની અનુકૂળતા સૂચવે છે. કાનૂન અને હકોની દૃષ્ટિએ આ સમયગાળો વિજય અપાવશે. નોકરી બદલવા, નોકરી મેળવવા અને હરીફાઈની સફળતા માટે આ સમયગાળો લાભપ્રદ છે.

'ભાગ્ય અને કર્મ'ની દૃષ્ટિએ વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ દરમિયાન તમે બીજી વ્યક્તિનો સહકાર શોધશો, સહકારની આશા વધશે. પરંતુ નિર્ણય નહીં લઈ શકાય. તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ સુધીનો સમયગાળો પૂર્વસંબંધો અને પૂર્વકર્મ દ્વારા તમારા ભાગ્યમાં લખાયેલું હશે, તેવા કર્મ માટેની પ્રેરણા તમને મિત્રો તરફથી મળશે. તમારી બુદ્ધિ પણ તેનો સ્વીકાર કરશે. તા. ૬-૩-૮૮ બાદ વર્ષના અંત સુધી તમે તમારા કર્મનો પાયો મજબૂત બનાવશો. અહીં 'કર્મ' શબ્દનો વિશાળ અર્થ છે, દેહ ટકાવી રાખવા - પરિવારની જવાબદારી પૂરી કરવા માટેના તમારી આવકનાં સાધનો - સંબંધો - આ વર્ષે તમે પાયો મજબૂત કરશો. પરંતુ પાયા પરના ચણતર માટે તો આવતા વર્ષોની વાટ જોવી પડશે. આ વર્ષના ગ્રહ-ચાલનની એક વિશિષ્ટતા છે. તા. ૧૭-૧૨-૮૭થી ૩-૧-૮૮ સુધીમાં જેટલું વેડફશો, એટલું પાક રૂપે ઊગી નીકળશે. એ જ પ્રકારે તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ દરમિયાન જેટલા પ્રમાણમાં ત્યાગ કરશો, એટલા જ પ્રમાણમાં તમારી ઝોળી ભરાશે. તા. ૧૧-૯-૮૮ બાદ એક રીતે ગ્રહોની કૃપા વરસશે. તમારી રાશિમાની કેટલીક વ્યક્તિઓ, તેઓની વિશાળ આવકની ભૂખ ભાંગવા માટે આ વર્ષે વિશાળ વ્યવસાયના આયોજનનો પાયો નાખશે. એકંદરે આર્થિક ક્ષેત્રે આ વર્ષના ગ્રહો અનુકૂળ ફળ સૂચવે છે.

સ્થાવર સંપત્તિ :- વર્ષના આરંભ સમયે તમારી રાશિના સ્થાવર સંપત્તિના સ્થાનમાં કોઈ ગ્રહ નથી તા. ૬-૩-૮૮થી કેતુ આ સ્થાનમાં આવશે. અને વર્ષના અંત સુધી, આવતા વર્ષના સપ્ટેમ્બર ૧૯૮૯ સુધી આ સ્થાનમાં રહેશે. આ સ્થાનનું કેતુનું ગોચર બે માર્ગે તમારી ઇચ્છા પૂરી કરશે. મકાન - જમીન - વાહન - સ્થાનની દૃષ્ટિએ તમારે જૂની માલિકીમાંથી, જૂના સંબંધોમાંથી મુક્ત થવું હશે તો મુક્તિ અપાવશે. નવું લેવા માટેની ધગશ હશે તો નવું મેળવી અવશ્ય આપશે. પરંતુ એ મેળવવા માટે જૂનાનો ત્યાગ આવશ્યક બનશે. તા. ૧૩-૪-૮૮થી ૨૭-૪-૮૮ અને ૧૬-૮-૮૮થી ૩૦-૮-૮૮ દરમિયાન રહેઠાણ કે વાહનને લગતી તમારી ઇચ્છા પૂરી થવાની અનુકૂળતા રહેશે. તા. ૧૭-૪-૮૮થી ૨૩-૪-૮૮ અને તા. ૯-૮-૮૮થી ૧૬-૮-૮૮ દરમિયાન સંયુક્ત પરિવારની મિલકતને લગતા પ્રશ્નોથી તમે ફાયદો મેળવી શકશો. તા. ૩-૨-૮૮થી ૯-૪-૮૮ સુધીની ગ્રહગતિ અદ્ભુત છે. અહીં વારસારૂપે અથવા દૈવી ચમત્કાર જેવી ઘટનાના પરિણામે તમને મિલકત મળી શકે છે. તા. ૬-૩-૮૮થી ૧૨-૩-૮૮ અને તા. ૨૯-૯-૮૮થી ૧૦-૧૦-૮૮ સુધીનું ગોચર પ્રયત્ન કરવાથી મિલકત મળવાનું સૂચવે છે. તમે ઇચ્છા કરશો અને જવાબદારી વધારવા માટે કમ્મર કસશો તો બીજાઓ તરફથી અર્થ અને કાનૂનની સહાયતા મળશે, પરિણામે તમે મકાન - ઉદ્યોગને લગતી તમારી સ્થાવર સંપત્તિની ઇચ્છા - આવશ્યકતા સહેલાઈથી પૂરી કરી શકશો. આ વર્ષના ગોચર ગ્રહો વિશેષ રીતે તમારી લાગણી ઉશ્કેરશે અને મકાન - જમીન - વાહન - ઉદ્યોગના સ્થાનની પ્રાપ્તિનો મોહ જગાડશે. પ્રતિષ્ઠા માટે અથવા વ્યવસાય માટે વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી સાધનો અને શક્તિનો સુમેળ સાધવા પ્રયત્નશીલ રહેશો, તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ સુધી તમારા વિચારો, જન્મસમયના ગ્રહોની માત્રામાં તમને તમારા દૃઢ પ્રારબ્ધ તરફ દોરી જશે. તા. ૬-૩-૮૮થી આ વર્ષના અંત સુધી અને આવતા વર્ષના આરંભના થોડા સમય સુધીનો સમયગાળો મિલકતની પ્રાપ્તિ માટે શ્રેષ્ઠ છે. તમારા ગત કર્મના પ્રમાણમાં અહીં મિલકતના રૂપમાં તમને ઘણું મળશે. તા. ૨૯-૯-૮૮થી ૨૪-૧૦-૮૮નો સમયગાળો યાદગાર પરિણામ નીપજાવશે.

સ્ત્રીઓ માટે :- તમારી રાશિના સપ્તમ સ્થાનમાં વર્ષના આરંભે શનિ છે. તા. ૧૭-૧૨-૮૭થી શનિ આ સ્થાન છોડી તમારી રાશિના ગૂઢ સ્થાનમાં ભ્રમણ આરંભશે. રોગસ્થાનનો પ્લુટો અને ગૂઢ સ્થાનના નેપ્ચ્યુન - હર્ષલ - શનિ આરોગ્ય બગાડી શકે છે. જન્મસમયના ગ્રહો મોટી માંદગી સૂચવતા હશે તો આ વર્ષના ગોચર ગ્રહો આરોગ્યની ચિંતા અને ખર્ચ વધારશે. તંદુરસ્તીની જાળવણીને પ્રાથમિક કક્ષાનું મહત્ત્વ આપશો તો જ આ વર્ષે માંદગીથી બચી શકશો. વર્ષનો આરંભકાળ ચંચળતા સૂચવે છે. તા. ૪-૧૧-૮૭થી ૧૪-૧૧-૮૭ દરમિયાન સુખ - વૈભવના સાધનોનો મોહ વધશે તા. ૧૪-૧૧-૮૭થી ૧૫-૧૨-૮૭ સુધીનું તમારું વલણ નવી જવાબદારી વધારશે. તા. ૧૫-૧૨-૮૭થી ૨૪-૧-૮૮ દરમિયાન તમે તમારી જવાબદારી વધારશો. આ સમયગાળો અનાયાસે મુશ્કેલીમાં ધકેલી દઈ શકે છે. ખર્ચ - નુકસાન - ગુપ્ત ચિંતામાં - માંદગી અથવા આકસ્મિક જવાબદારીનો સમયગાળો એટલે તા. ૧૫-૧૨-૮૭થી ૨૪-૧-૮૮ તા. ૨૪-૧-૮૮ બાદ ધીમીધીમે તમે વ્યવહારુ બનશો. તા. ૧૩-૨-૮૮ સુધીનો કાળખંડ ભાગ્યવૃદ્ધિ - શુભ કર્મની અનુભૂતિનો છે. તા. ૧૩-૨-૮૮થી ૪-૩-૮૮ દરમિયાન મોહ વધશે, ઇચ્છાઓ વકરશે, પરિણામે તા. ૪-૩-૮૮થી ૧૨-૪-૮૮ સુધીમાં ખર્ચ વધશે. આવકનો સરવાળો ઓછો થશે. તા. ૧૨-૪-૮૮થી ૨-૫-૮૮ દરમિયાન પ્રચંડ પુરુષાર્થ જેવી ફેરફૂદરડી ફરશો. તા. ૨-૫-૮૮થી ૧૩-૬-૮૮ સુધીનો સમય પ્રાપ્તિનો છે. પ્રકાર અને દિશા તમારા પુરુષાર્થની હશે એવું જ ફળ અહીં મળશે. તા. ૧૩-૬-૮૮થી ૭-૭-૮૮ દરમિયાન તમારી ઇચ્છાની પૂર્તિની ખુશી ઉજવશો, અહીં અહંકાર વધી શકે છે. આ બધું કાયમી નથી, પરંતુ અહીં તમે વિવેક ભૂલો અને ગર્વ અનુભવો એવી ગ્રહસ્થિતિ છે. તા. ૭-૭-૮૮થી ૮-૯-૮૮ સુધીનું ગોચર 'કષ્ટ - સાધ્ય' છે, અર્થાત્ આ સમય પહેલા 'સહજ - સાધ્ય'નો તમારો અનુભવ અહીં ઉપયોગી નહીં નીવડે. કષ્ટસાધ્ય સમયનો અર્થ છે, અસફળતા - નિરાશા - અંતે સામાન્ય ઇચ્છાપૂર્તિ તા. ૮-૯-૮૮થી વર્ષના અંત સુધીની ગ્રહસ્થિતિ 'અદૃશ્ય'ની શક્તિનો સ્વીકાર કરવાની છે. તમે વર્ષના અંત ભાગમાં 'ગૂઢ-કર્મ' ગુપ્ત કાર્યપદ્ધતિના કાર્યકર બનશો. જન્મસમયના ગ્રહોની અસર હેઠળ સાચા ભક્ત બનશો અથવા સાચી માંદગીનો અનુભવ કરશો. વર્ષ દરમિયાનની સફળતા અને એકાએક સફળતાનો અભાવ, અંતે જવાબદારી જેવા તન-મનના બંધનો. આ બધી ગ્રહસ્થિતિ તમને ગ્રહોની ગતિ અને શક્તિનો સ્વીકાર કરવાની ફરજ પાડશે. ઇચ્છાઓ પૂરી થવા છતાં, ઇચ્છિત સુખનો અભાવ આ વર્ષની ફળશ્રુતિ છે.

વિદ્યાર્થીઓ માટે :-

તમારી રાશિના વિદ્યાસ્થાનમાં વર્ષના આરંભે મંગળ અને કેતુ છે. આ સ્થાનની રાશિ મંગળ માટે અનુકૂળ નથી. પરંતુ કેતુ અહીં યોગ્ય ફળ આપશે. તા. ૧૪-૧૧-૮૭ના મંગળ આ સ્થાન છોડશે અને તા. ૬-૩-૮૮ના કેતુ આ સ્થાનનું તેનું ભ્રમણ પૂરું કરશે.

તમારી રાશિના ભાગ્યસ્થાનમાંથી નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી. તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી ગુરુની પૂર્ણ શુભ દૃષ્ટિ આ સ્થાન પર રહેશે. ગોચરગ્રહની આ સ્થિતિ સામાન્ય રીતે અનુકૂળ ગણાય, પરંતુ નોંધપાત્ર ફળ માટે તો જન્મસમયના ગ્રહો પર આધાર રાખવો પડશે.

વર્ષના આરંભથી તા. ૪-૧-૮૮, તા. ૧૨-૧-૮૮થી ૨૬-૩-૮૮, તા. ૧૦-૪-૮૮થી ૩૦-૪-૮૮, તા. ૧-૫-૮૮થી ૨૭-૭-૮૮ અને તા. ૩-૯-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર વિદ્યાભ્યાસ માટે અનુકૂળ રહેશે. જન્મસમયના ગ્રહો સામાન્ય રીતે અનુકૂળ હશે તો આ વર્ષના ગોચર ગ્રહો 'અસામાન્ય' સફળતા આપશે. એકંદરે વિદ્યાર્થીઓ માટે આ વર્ષ આશીર્વાદ સમાન નીવડશે.

વિશેષ વિગતો :– આપણા ગ્રહમંડળના બે શુભ ગ્રહો છે ગુરુ અને શુક્ર. તમારી રાશિ વૃષભનો સ્વામી શુક્ર છે. આ વર્ષે તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી ગુરુ તમારી રાશિમાં ભ્રમણ કરે છે. આ બંને શુભત્વ સૂચક તત્ત્વો એકબીજા માટે મૈત્રીભાવ નથી રાખતા. એક ગ્રહ વિલાસ આપે છે, બીજો વૈભવ. 'વૈભવ' એક પ્રકારનો બાહ્ય દેખાવ છે અને વિલાસ એક રીતે ભુક્તિ છે. રાહુ જેવો છાયાગ્રહ લાભ આપે છે અને લાભ મેળવવા માટે કર્મની ફરજ પાડે છે. કેતુ જેવી ખંડિત છાયા બુદ્ધિ અને વિચારને દોરવણી આપે છે અને આ બધાના નિમિત્તે જે પ્રાપ્ત થાય તેને સુખ માનવાની ફરજ પાડશે. બીજાઓ પાસેથી, સમાજ પાસેથી, જગત પાસેથી ઝાટી લેવાની વૃત્તિ અને શક્તિ પ્લુટો આપે છે. આ બધા કર્મો 'સરવાળા - બાદબાકી'નું અંતિમ ફળ શું ? નેપ્ચ્યુન - હર્ષલ અને શનિ નામના ગ્રહો સ્પષ્ટ પરિણામ સૂચવે છે. વૈભવ - વિલાસની ભૂખ જાગશે, તૃપ્તિ મળશે, સંગ્રહ નહીં કરી શકાય, તેની પીડા રહેશે. તેમ જ 'ભોગ'ના અતિરેકનું પરિણામ તન - તંદુરસ્તીની વ્યવસ્થા બગાડશે.

જીવન માટે તમે શું વિચારશો ? શું મેળવશો ? વર્ષના આરંભે અર્થ અને કાનૂનના ક્ષેત્રે વિજય કે સહાયતા ઝંખતા હશો. તા. ૧૬-૧૧-૮૭થી ૧૬-૧૨-૮૭ સુધીમાં આશાના તાંતણે બંધાશો. તા. ૧૬-૧૨-૮૭થી ૧૪-૧-૮૮ સુધીમાં તાંતણું તૂટશે. હવે તા. ૧૪-૧-૮૮થી ૧૩-૪-૮૮ સુધી ભાગ્ય - કર્મ - પ્રાપ્તિ - લાભ જેવા શબ્દોનો ઉપયોગ કરી શકો, એ રીતે સફળ ઘટનાઓમાં વહેશો. તા. ૧૩-૪-૮૮થી ૮-૫-૮૮ સુધીનો કાળખંડ મૂલ્ય ચુકવવાનો છે. આ સમય સુધીની પ્રાપ્તિમાંથી તમારું તમે રાખશો, બાકીનું બીજાઓને વહેંચવું પડશે. તા. ૮-૫-૮૮ બાદ સંયોગો બદલાશે. પરિવાર, બેંક બેલેન્સ, સગાંસંબંધીઓ સાથેના દુન્યવી વ્યવહાર, રહેઠાણની વિશેષ વ્યવસ્થા, વાહનસુખ વગેરેને લગતા તમારા ભૂતકાલીન સ્વપ્નાઓ, અલબત્ત સ્વપ્નાઓની છાયા (થોડો) મેળવશો, ભોગવશો, સ્વામિત્વની ભાવના પૂર્ણ કરશો. તા. ૮-૫-૮૮થી ૨૯-૯-૮૮ સુધીની એક પ્રકારની 'અંગત - ભૌતિક - તૃપ્તિ' બાદ તા. ૨૯-૯-૮૮થી ૨૪-૧૦-૮૮ સુધીમાં તમને તમારી પ્રાપ્તિની અપૂર્ણતાના દર્શન થશે, અર્થાત્ બીજાઓ પાસેનું ઘણું એવું છે, જે હજી તમારી પાસે નથી. તા. ૨૪-૧૦-૮૮ બાદ આવતા વર્ષના આરંભ સુધીનો સમય 'છે' અને ભૂતકાળ માની 'નથી'ની પ્રાપ્તિ જેવા ભવિષ્યકાળને વર્તમાન કાળમાં બદલવા માટેની તૈયારી કરશો. આવી તૈયારીમાં ડૂબકી લગાડતા હશો. એવામાં વિક્રમનું આ વર્ષ, આવતા વર્ષની ઘટનાઓમાં તમને પ્રવેશ આપી દેશે.

બીજી તરફ વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધીની સામાજિક ઘટનાઓ વિદ્રોહ અને પીડાના માર્ગે પર પ્રવાસ કરવાની ફરજ પાડશે. તા. ૧૭-૧૨-૮૭થી ૩-૧-૮૮સુધીનો સમય સર્વસ્વ દાવ પર લગાડી દેવા જેવો છે. પાંડવોએ દ્રૌપદીને દાવ પર લગાડી હતી, એવી વૃત્તિના તમે ભોગ બનશો. તા. ૩-૧-૮૮થી ૩-૨-૮૮ સુધીનો કાળખંડ ઝાકળના બિંદુઓમાં 'મોતી'ના દર્શન કરવાનો છે. તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ સુધીની ઘટનાને "હાર્યો જુગારી - બમણું રમે" જેવી મનોવૃત્તિ સાથે સરખાવી શકાય. હવે તા. ૬-૩-૮૮થી ૧૯-૬-૮૮ સુધીનો કાળખંડ 'કર્મ'ની વિચિત્ર ગતિમાં તમને સંડોવશે. તા. ૧૯-૬-૮૮ બાદ તમને દર્શન થશે કે આ સંયોગોમાંથી ભાગી છૂટવું જોઇએ. પરંતુ કયાં ? દિશાઓનો પ્રકાશ અદૃશ્ય હશે. અંધકારમાં જ પુરુષાર્થ કરવાની ફરજ પડશે. આ સમય છે તા. ૧૯-૬-૮૮થી ૧૧-૯-૮૮ સુધીનો. હવે તા. ૧૧-૯-૮૮ બાદ કર્મ - ફળનો ચોપડો, જમા - ઉધારના આંકડાઓ તમારી સામે સ્પષ્ટ હશે.

તા. ૧૧-૯-૮૮ બાદ 'કર્મ -ક્ષેત્ર'ને છોડી નહીં શકો, છોડવાની જરૂર પણ નથી. સફળતાની આશા જાગૃત રહેશે. પરંતુ ઝાકળના બિંદુઓની પોકળતા અને મોતીનું ઠોસપણું બંને એક નથી - 'એક ક્ષણજીવી છે અને બીજી દીર્ઘજીવી', આવા સત્યના દર્શન કરશો. અલબત્ત કર્મ -ક્ષેત્ર જળવાઇ રહેશે. અને આટલી પ્રાપ્તિ પણ તમને શક્તિ તથા સંતોષ તો આપશે જ. વિક્રમના આ વર્ષમાં તમારું દૃઢ-પ્રારબ્ધ તમને એક નવી પ્રાપ્તિ તરફ દોરી જશે. આ વર્ષના આરંભ પહેલાંથી જ કલ્પના - ઋણ - તમારા સમાજના લોકોની અર્થ અને જીવનવ્યવસ્થા જેવી ત્રિકોણ સ્થિતિ જેવા નકશામાં રંગ પુરશો. તા. ૧૭-૧૨-૮૭ સુધીના રેખાંકનમાં કેવા રંગ પુરવા ? ખૂબ વિચારશો., વિચારવાની પ્રવૃત્તિમાં બદલાની ભાવના - ઉશ્કેરાટ જેવી વૃત્તિ તમારા વિચારોના વહેણને ખંડિત કરશે. ખંડિત દૃશ્યોમાં જોઇતા રંગો ભરી તેને આકર્ષક બનાવવાનો સમય છે તા. ૬-૩-૮૮ સુધીનો. તા. ૬-૩-૮૮ બાદ વર્ષના અંત સુધી 'ઘરના સુખ' માટે દૃઢ પ્રારબ્ધ દ્વારા પ્રાપ્ત થયેલ કર્મની સ્થિતિનો ઉપયોગ કરશો. વર્ષના અંતે તમે તમારી 'સજાવટવાળા' ઘરનું સુખ અવશ્ય પ્રાપ્ત કરશો. પરંતુ તેમાં 'અખંડતા'ની તીરાડ સ્પષ્ટ તરી આવશે. ખંડિત એવું અખંડિત સુખ, જીવનની અંતરંગ સુખની ભાવના ભોગવશો.

આપણી આજુબાજુ અદૃશ્ય - અદીઠ જગતના અસ્તિત્વનો સ્વીકાર થયેલ છે. આ જાતની ઘટનાઓ આપણા વિચારો માટે પ્રેરક બળ જેવી સ્વીકારાઇ છે. તા. ૨૬-૧૦-૮૭થી ૧૯-૧૨-૮૭ સુધીની અદૃશ્ય જગતની ઘટનાઓ તા. ૧૯-૧૨-૮૭થી ૬-૧-૮૮ સુધીના કાળખંડમાં એક પડકાર સર્જશે. અહીં અજાણતાં જ તમે રણમેદાનમાં યુદ્ધ કરતા એક યોદ્ધા બનશો. તા. ૬-૧-૮૮થી ૩-૨-૮૮ દરમિયાન તમારા જન્મસમયના ગ્રહો મુજબ તમારું 'દૃઢ પ્રારબ્ધ' જે હશે તે વૃક્ષ બનાવની તૈયારી કરશે. તા. ૩-૨-૮૮થી ૯-૪-૮૮ દરમિયાન પૂર્વ કર્મોના ફળ રૂપે પ્રારબ્ધ રૂપી વૃક્ષના વિસ્તાર માટે ખાતર - ખોરાક મળશે. તા. ૯-૪-૮૮થી ૧૪-૬-૮૮ સુધીમાં તમે બખ્તર પહેરીને વિજય માટેના યુદ્ધમાં ઝંપલાવશો. અહીં એટલું નોંધવું પડે છે કે યોદ્ધા વિજય માટે લડે છે, યુદ્ધ માટે નહીં. તા. ૧૪-૬-૮૮ થી ૧૬-૮-૮૮ સુધીનો સમયગાળો દૈવી આશીર્વાદ જેવી ચમત્કારિક ભૌતિક સફળતાનો છે. મેળવવા ઇચ્છશો તો મેળવશો. પરંતુ યુદ્ધના માધ્યમથી - શાંતિના માધ્યમથી નહીં - એટલું નોંધી રાખજો. તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ સુધીનો સમય અદ્‌ભુત છે. ધસમસતી તોફાની નદી, પોતાની ગતિના આધારે ઇચ્છિત સ્થાને પહોંચે છે. કંઇક એ જ રીતે તમારી શક્તિ, તમારી કાર્યપદ્ધતિ તોફાની નદીની ગતિ જેવી બનશે, ચમત્કાર કહી શકાય એ રીતે તમને તમારા ધ્યેય તરફ ધકેલશે. અને તમે એ સ્થાને પહોંચશો. ચમત્કારિક સ્થિતિ, સ્થાન, વસ્તુ, સુખ, ઇચ્છાપૂર્તિ જેવું કંઇક પામશો તા. ૨-૧૧-૮૮ બાદ તમે કબૂલ કરશો, પામવાની ઇચ્છા હતી તેનાથી વિશેષ પામ્યો છું. તેની સાથે જ તમે જોઇ શકશો કે આ બ્રહ્માંડમાં હજી ઘણું છે, જે તમારે પામવું જોઇએ અને - એ પામવા માટે ફરી કમર કસશો. પ્રાપ્તિનું સુખ ભોગવવાના સમયને, વિશેષ પામવાની પીડામાં વ્યતિત કરશો. સુખ - વૈભવ - વિલાસની સાથે અસંતોષ પણ આપતું શ્રેષ્ઠ વર્ષ છે.

મિથુન : (ક, છ, ઘ)



વિક્રમ સંવત ૨૦૪૪ના આરંભ સમયે તમારી રાશિ મિથુનના સુખસ્થાનમાં કેતુ-મંગળ, પૂર્વકર્મસ્થાનમાં સૂર્ય - ચંદ્ર - પ્લુટો - બુધ - શુક્ર, ઋણસ્થાનમાં શનિ, સપ્તમસ્થાનમાં નેપ્ચ્યુન અને હર્ષલ, કર્મસ્થાનમાં રાહુ અને લાભસ્થાનમાં ગુરુ છે. તા. ૧૭-૧૨-'૮૭ના શનિ ઋણસ્થાનમાંથી તમારી રાશિના સપ્તમસ્થાનમાં આવશે. શનિ તમારી રાશિને અષ્ટમેશ અને ભાગ્યેશનું સંયુક્ત ફળ આપે છે. શનિનું રાશિપરિવર્તન સૂચવે છે કે કેટલાક નવા સંબંધો બંધાશે, કેટલાક જૂના સંબંધો તૂટશે અથવા વધુ ઘેરા

બનશે. તમારી આજુબાજુ સામાન્ય તોફાન કે મોટું વાવાઝોડું સર્જાશે. પરિણામે તમારો ભાગ્યોદય થશે. તા. ૬-૩-'૮૮ના રાહુ-કેતુ અનુક્રમે પ્રારબ્ધ અને પુરુષાર્થના સ્થાનમાં આવશે. રાહુ-કેતુના રાશિપરિવર્તનના કારણે કેતુ - પ્લુટો - શનિ - નેપ્ચ્યુન - હર્ષલ - રાહુ અને ગુરુ જેવા બળવાન ગ્રહો તમારી રાશિથી પુરુષાર્થ - બુદ્ધિ - જાહેરજીવન - ભાગ્ય અને લાભસ્થાનમાં ગોઠવાશે. આ ગ્રહસ્થિતિ વિચાર અને પુરુષાર્થની દિશા બદલશે. આકસ્મિક ઘટનાઓના કારણે સંબંધો અને સંબંધીઓ બદલાશે. તમે તમારા વ્યવહારમાં આશ્ચર્યજનક ફેરફારનો અનુભવ કરશો. કેટલુંક આકસ્મિક બનશે. બનાવ બન્યા પછી તમે વિચારશો કે 'હેતુથી વિપરીત બનાવો' તમને અદ્રશ્ય ભાવિ તરફ ધકેલી રહ્યા છે. હિમ્મત અને સાહસ જળવાશે. હેતુની તમને જ ખબર નહીં હોય. એટલે પરિણામ માટે નકારાત્મક કે હકારાત્મક આગાહી કરવાનો અર્થ જ નથી. અતિ વ્યવહારુ ભાષામાં લખી શકાય કે તમારી કાર્યપદ્ધતિમાં તમને પોતાને જ 'બુદ્ધિનો અભાવ' જણાશે. પછી બીજાઓ શું વિચારે છે ? એ કલ્પનાને સ્થાન જ નથી.

વર્ષના આરંભે કર્મ-સુખ અને લાભ માટેની ક્રિયામાં રત હશો, તેવામાં તા. ૧-૧૨-'૮૭ બાદ તમને સહાયતાની જરૂર જણાશે. તા. ૧૯-૧૨-'૮૭ સુધીમાં યોગ્ય સહાયતા મળશે. આ સમયની સહાયતા એટલે સામાન્ય નોકરી અથવા મોટા પાયે આર્થિક સહાયતા તેમ જ કાનૂન અને રાજકીય સંબંધોના યોગ્ય લાભના રૂપમાં નોંધી શકાય. તા. ૧૯-૧૨-'૮૭ થી તા. ૨૭-૧૨-'૮૭ દરમિયાન સુખ - પ્રાપ્તિ - અસંતોષ જેવી ભાવનાઓની ત્રિરાશિ મુકાશે. પરિણામે તા. ૨૭-૧૨-'૮૭ થી ૪-૧-'૮૮ સુધીમાં ખોટી ઉપાધિ વહોરશો. 'છે' તેનું સુખ ભોગવવા તરફ લક્ષ્ય નહીં આપો અને નવી દિશા તરફ 'સુખ' માટેની મીટ માંડવા જતા છેતરાશો. તા. ૪-૧-'૮૮ થી ૧૬-૩-'૮૮ સુધીનો સમયગાળો ઘણુંઘણું આપશે. નાણાં, નવા સંબંધો, આવકના નવાં સાધનો, સુખ માટેની વસ્તુઓ વગેરે. અહીં તમારા જન્મસમયના ગ્રહોની શક્તિ અને સ્થિતિ પ્રમાણે તમને મળશે. ઓછું અને વધારે મળશે. પરંતુ મળશે અવશ્ય. અહીં તમે ભૌતિક રીતે સમૃદ્ધ થવામાં સફળ થશો. તા. ૧૬-૩-'૮૮થી ૩-૪-'૮૮ દરમિયાન ભાગ્યની કૃપાથી જ પ્રાપ્ત થઈ શકે, એવા ફળને પ્રાપ્ત કરશો, લાભ થશે. તા. ૩-૪-'૮૮ થી તા. ૧૭-૪-'૮૮ સુધીનો સમય નવા સંબંધો બાંધવાનો છે. આ સંબંધો વ્યવસાયના અથવા પરિવારના હોઈ શકે છે. તા. ૧૭-૪-'૮૮ થી સુખની ભૂખ વધશે. પ્રવાસ, પુરુષાર્થ, દસ્તાવેજ, પત્રવ્યવહાર જેવા નિમિત્તે તા. ૩૦-૪-'૮૮ સુધી ખર્ચ કરશો. તા. ૩૦-૪-'૮૮ થી તા. ૧૬-૫-'૮૮ સુધીના અવનવા બનાવો જીવનની એક નવી કેડી પર લાવશે. તા. ૧૬-૫-'૮૮ થી ૨૦-૭-'૮૮ સુધીનો સમયગાળો 'ભાગ્યની કઠપૂતળી' બની રહેવાનો છે. અહીં જે બનશે, તે તમને ગમશે. તમે પ્રતિષ્ઠા - સત્તા - પદ - માન કે જ્ઞાન મેળવશો. હવે તા. ૨૦-૭-'૮૮ થી ગોચર ગ્રહો બદલાશે. અત્યાર સુધીની તમારી પ્રાપ્તિનું મૂલ્ય ચૂકવવા માટે તમે તૈયારી કરશો. તા. ૨૦-૭-'૮૮ થી ૨૭-૭-'૮૮ સુધીમાં નક્કી થઈ જશે તમારી ચુકવણી.

તા. ૨૭-૭-'૮૮ થી ૧૩-૯-'૮૮ સુધીનો કાળખંડ પરિવાર - નાણાં - સામાજિક સંબંધો અને તમારી ભૂતકાલીન ઇચ્છાઓની પૂર્તિને લગતી વિવિધ ઘટનાઓનો છે. અહીંની ઘટનાઓ તમારી ઇચ્છા પૂરી કરશે. અલબત્ત સામાન્ય 'તનાવ' અનુભવશો. તા. ૧૩-૯-'૮૮ થી તા. ૭-૧૧-'૮૮ સુધીનો સમયગાળો કર્મ-વ્યવસાયમાં ડૂબી જવાનો છે. અહીં તમે વિવિધ પ્રકારે વિચારશો, કાર્ય પદ્ધતિનું અવલોકન કરશો. તા. ૭-૧૧-'૮૮ બાદ આવતા વર્ષના પ્રવેશ સમયે તમે તમને 'નસીબવંત' માનશો. આ વર્ષ તમને તમારા દૃઢ ભાવિ તરફ પ્રયાસ કરાવશે. જન્મસમયના ગ્રહો પ્રમાણે તમારી રાશિની વ્યક્તિઓનું દરેકનું 'દૃઢ-પ્રારબ્ધ' વિવિધ પ્રકારનું હશે. આ વર્ષે હર્ષભેર વિવિધતા માણવાનો અવસર પ્રાપ્ત થશે.

તંદુરસ્તીની દૃષ્ટિએ :- વર્ષારંભે તમારી રાશિના આયુસ્થાનનો સ્વામી શનિ તમારી રાશિના આરોગ્યસ્થાનમાં છે. તા. ૧૭-૧૨-'૮૭ના શનિ આ સ્થાન છોડશે, ત્યાર બાદ વર્ષના અંત સુધી નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ આ સ્થાનમાં નથી. વર્ષના આરંભથી અંત સુધી આયુસ્થાનમાં પણ નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી. બુદ્ધિસ્થાનના પ્લુટોનું ભ્રમણ તમારા વિચારોને નવો મોડ આપશે, પરિણામે તમારું લાગણીતંત્ર ઉશ્કેરાટ અનુભવશે. આવા સમયે જન્મસમયના ગ્રહો આરોગ્ય માટે નકારાત્મક બનતા હશે તો તમે માંદા મનના પ્રભાવે તનને માંદું બનાવશો. તા. ૨૯-૧૧-'૮૭ થી ૧૭-૧૨-'૮૭ સુધી સામાન્ય માંદગીનો યોગ છે. તા. ૬-૩-'૮૭ થી વર્ષના અંત સુધીનું ગોચર 'પ્રવાસના અકસ્માત'નો સાધારણ યોગ સૂચવે છે, આ સંબંધી કાળજી રાખવી જરૂરી છે. તા. ૧૩-૨-'૮૮ થી ૪-૩-'૮૮ અને તા. ૨-૫-'૮૮ થી ૧૨-૫-'૮૮ સુધીના બે નાના સમયગાળાઓ કામના બોજાની અસરે માનસિક તાણ વધારનારા બની શકે છે. તા. ૩૦-૧૨-'૮૭ થી ૧૩-૨-'૮૮ અને તા. ૨૮-૩-'૮૮ થી ૧૨-૫-'૮૮ સુધીનો સમય વિચારોની તાણનો છે. અહીં તમે માનસિક સ્તરે અસ્વસ્થતા અનુભવશો. પરિણામે તનની માંદગી જેવો ભાસ થાય. એકંદરે જન્મસમયના ગ્રહો અનુકૂળ આરોગ્ય સૂચવતા હશે તો આ વર્ષના ગોચરના ગ્રહો આરોગ્ય માટે પ્રતિકૂળ નહીં નીવડે.

કૌટુંબિક દૃષ્ટિએ :- તમારી રાશિના પરિવારસ્થાનમાં વર્ષના આરંભથી અંત સુધી નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી. પરિવારસ્થાન એટલે બીજા સ્થાન સિવાય, ત્રીજા અને નવમા સ્થાનો પણ કુટુંબના સભ્યો સાથેના તમારા વ્યક્તિગત સંબંધો-વ્યવહારો પર ઘેરી અસર કરે છે. તા. ૬-૩-'૮૮ થી વર્ષના અંત સુધી કેતુ-રાહુ અનુક્રમે તમારી રાશિના પુરુષાર્થ અને પ્રારબ્ધના સ્થાનમાં ભ્રમણ કરશે.

વર્ષની શરૂઆતનો સમય ખુશનુમા છે. તા. ૨૪-૧૦-'૮૭ થી નાણાં અને વ્યવસાયને લગતી ચર્ચાનો આરંભ થાય અને સુખદ પરિણામ આવે એ રીતે ગોચર ગ્રહો તા. ૧૬-૧૨-'૮૭ સુધી 'તથાસ્તુ'ના મિજાજમાં છે. તા. ૧૬-૧૨-'૮૭ થી ૨૯-૧૨-'૮૭ દરમિયાન સમૃદ્ધિના વિકાસ-વિસ્તાર માટેની ચર્ચાનો બીજો દોર શરૂ થશે. આ સમય દરમિયાન પરિવારના સભ્યોએ પોતાની શક્તિ - વિવેક - મર્યાદાને ઓળખી લેવાની આવશ્યકતા છે. ખોટી - કાલ્પનિક આશાના ભરોસે નિર્ણય લેવાથી દૂર રહેવામાં જ હિત છે. તા. ૨૯-૧૨-'૮૭ થી ૨૪-૧-'૮૮ સુધીનો સમયગાળો ઠગારી આશાનો હોવાથી પરિવારના સભ્યોના આર્થિક સંબંધો કથળી શકે છે. અહીં ધીરજ રાખવાની સલાહ છે. તા. ૨૪-૧-'૮૮ થી ૧૭-૩-'૮૮ સુધીનો સમયગાળો અનુકૂળ છે. અહીં પરિવારવૃદ્ધિ, ધનસંગ્રહ અને પરિવારના નવા સામાજિક સંબંધોનો વિસ્તાર થઈ શકે છે. તા. ૧૭-૩-'૮૮ થી ૨-૫-'૮૮ સુધીનો સમયગાળો પ્રવાસ - રહેઠાણ વ્યવસ્થા, પારિવારિક સમસ્યાનો વિકાસ વગેરે માટે ઉત્તમ છે. તા. ૨-૫-'૮૮ થી ૭-૬-'૮૮ દરમિયાન પારિવારિક શુભ ખર્ચ થાય અથવા આવશ્યક્તા અનુસાર પરિવારના સભ્યો એકબીજાથી છૂટા પડે. તા. ૭-૬-'૮૮ થી ૫-૭-'૮૮ સુધીનો સમય પ્રારબ્ધની લીલાના દર્શનનો છે.

અહીંની ઘટનાઓ 'શુભ' હશે. વિવાહ, પરંપરાગત ધાર્મિક કાર્ય, રાજકીય કે વિદેશી સંબંધોથી ભાગ્યોદય, પદ-માન-સત્તાની પ્રાપ્તિ જેવી ઘટનાઓ પરિવારના સભ્યોની વ્યક્તિગત ગ્રહસ્થિતિ પ્રમાણે ભોગવવા મળશે. તા. ૫-૭-'૮૮ થી ૩૦-૮-'૮૮ દરમિયાન ફરી એક વાર 'પરિવાર વિચ્છેદ' કહી શકાય એવા નાના છમકલાંઓનો યોગ છે. અહીંની ઘટનાઓનો 'તાગ' નહીં મળે. તા. ૩૦-૮-'૮૮ થી તા. ૧૬-૯-'૮૮ દરમિયાન તમે મંથનમાં ડૂબી જશો. વિચારશો કે મનમેળ અને મતભેદ જેવી ઘટનાઓની ઉત્પત્તિ ક્યાં છે ? તા. ૧૬-૯-'૮૮ થી ૧૦-૧૦-'૮૮ દરમિયાન ફરી એક વાર - આ વર્ષમાં ત્રીજી વાર - પરિવારના સભ્યો ચર્ચા કરશે. તા. ૧૦-૧૦-'૮૮ થી ૬-૧૧-'૮૮ દરમિયાન 'પ્રારબ્ધ અને કર્મ'ના માર્ગે તિરાડ ભૂંસવાની ક્રિયા થશે. પરંતુ તા. ૬-૧૧-'૮૮ બાદ આ વર્ષના અંત સમયે આવતા વર્ષના આરંભ કાળે 'તિરાડ'નો સાંધો નહીં બુરાય. આ વર્ષના ગોચર ગ્રહો પરિવારના સભ્યોની આર્થિક - સામાજિક - ભૌતિક પ્રગતિ માટે અનુકૂળ છે. ફક્ત બધાએ એક જ છાપરી નીચે રહેવાનો, સુમેળનો આગ્રહ છોડી દેવો જોઈએ. સહજ પ્રકારે આ સત્ય નહીં સમજાય તો અંતરની દૂરી મંદ ગતિએ વધતી જશે. આવતા વર્ષના આરંભે એ દૂરી સ્વીકારવી પડશે.

આર્થિક દૃષ્ટિએ :- વર્ષના આરંભથી અંત સુધી

તમારી રાશિના ધનસ્થાનમાં નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી. લાભસ્થાનમાં વર્ષારંભે ગુરુ છે. તા. ૨૬-૧૦-'૮૭ થી ૩-૨-'૮૮ સુધી ગુરુ લાભસ્થાન છોડી તમારી રાશિના કર્મસ્થાનમાં આવશે. વર્ષારંભથી તા. ૬-૩-'૮૮ સુધી રાહુ તમારી રાશિના કર્મસ્થાનમાં છે. રાહુ-ગુરુની યુતિને જ્યોતિષના પુસ્તકોમાં 'ચાંડાલયોગ' જેવું નામ આપેલ છે. તમારી કર્મસ્થાનની રાશિ મીન-ગુરુની સ્વ-રાશિ છે. કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે આ રાશિમાં ગુરુ નીચ થાય છે. તા. ૩-૨-'૮૮ બાદ ગુરુ તમારી રાશિના લાભસ્થાનમાં આવશે અને તા. ૬-૩-'૮૮ બાદ રાહુ તમારી રાશિના ભાગ્યસ્થાનમાં આવશે. અને રાહુ-ગુરુના આવા ભ્રમણના યોગનું ફળ શુભ અને અશુભ બંને પ્રકારનું છે. અહીં સારાંશરૂપે લખી શકાય કે તમે ભૌતિક સમૃદ્ધિ મેળવવા તા. ૬-૩-'૮૮ સુધી વ્યાપાર - વ્યવસાય - કર્મનું આયોજન કરશો. દેખીતી રીતે તમારી 'કર્મની ગતિ' શુદ્ધ હશે. તેમ છતાં તેમાં 'કળિયુગ'ના ગુણો આવશે. વર્તમાન કાળના વ્યવહાર માટે આવશ્યક માની, તમે સત્કાર્યમાં કળિયુગના ધર્મનો સંયોગ કરશો. આ સમયના કર્મના ફળરૂપે તમારું પ્રારબ્ધ ઘડાશે અને લાભ મળશે. ગુરુ લાભસ્થાનમાં આવી નાણાં આપશે અને રાહુ ભાગ્યસ્થાનમાં આવી પ્રારબ્ધને પોતાની છાયામાં ઘેરી પ્રકાશથી વંચિત રાખશે. આ યોગના અંતિમ ફળ માટે લખી શકાય કે, આ વર્ષે તમે લાભ મેળવશો, ભાગ્યશાળી બનશો, પરંતુ આ સમયના લાભને બૅન્કમાં જમા નહીં કરાવી શકો. આ સમયના સુંદર પ્રારબ્ધની જાળવણી નહીં કરી શકો.

તા. ૨૪-૧૦-'૮૭થી ૧૬-૧૨-'૮૭, તા. ૬-૨-'૮૮ થી ૧૩-૪-'૮૮, તા. ૨૪-૫-'૮૮ થી ૫-૭-'૮૮ અને તા. ૧૯-૭-'૮૮ થી ૬-૧૧-'૮૮ સુધીનું શેરબજાર એજન્સી, ઉદ્યોગ (મેન્યુફેક્ચરિંગ), આયાત-નિકાસ, પ્રવાસ, વાહનવ્યવહાર જેવા વ્યાવસાયિક સંબંધોથી ભાગ્યવૃદ્ધિ સૂચવે છે. વર્ષના આરંભથી તા. ૨૪-૧-'૮૮, તા. ૪-૩-'૮૮ થી ૨-૫-'૮૮ અને તા. ૧૨-૫-'૮૮ થી ૧૩-૬-'૮૮ દરમિયાન નોકરીમાં બઢતી મળવાનો પ્રબળ યોગ છે. મોટા વ્યવસાય માટે, નાણાકીય સહાયતા માટે તેમ જ રાજકીય નિયમોનો લાભ ઉઠાવવા માટે આ સમય ખૂબ જ અનુકૂળ છે. વર્ષના આરંભથી ૧૯-૧૨-'૮૭ સુધી, તા. ૪-૧-'૮૮ થી ૧૭-૪-'૮૮, તા. ૩૦-૪-'૮૮ થી ૨૦-૭-'૮૮ અને તા. ૨-૯-'૮૮ થી વર્ષના અંત સુધીનો સમયગાળો પુરુષાર્થ બળે પ્રગતિ કરવાનો છે. તમારી રાશિની વિશેષ વ્યક્તિએ, વિશેષ ક્ષેત્રમાં સફળતા મેળવવી હોય તો વિક્રમના આ વર્ષમાં ઉપરના સમયગાળાઓ મજબૂત પાયો બનશે. જન્મસમયના ગ્રહો સૂચવતા હશે તો અહીં કર્મક્ષેત્રે સ્થિર થવાશે. તા. ૩-૨-'૮૮ થી ૯-૪-'૮૮ સુધીની ગોચર સ્થિતિ અદ્‌ભુત છે. જન્મસમયના ગ્રહો નિર્દેશ કરતા હશે તો આ સમયે તમે વિશાળ ઉદ્યોગનો સફળ પાયો નાખશો અને ભૌતિક ક્ષેત્રનો વિસ્તાર કરશો.

વૈભવી જીવન અને ધનની દૃષ્ટિએ વર્ષના આરંભથી તા. ૩-૧-૮૮ સુધીમાં તમે સામાન્ય કે અસામાન્ય વ્યાવસાયિક વાટાઘાટો કરશો. બીજાઓ આવી ચર્ચા માટે તમને આમંત્રિત કરશે. તા. ૩-૧-૮૮થી ૧૯-૬-૮૮ સુધીનો સમય પ્રલોભનનો છે. આ સમયના પ્રલોભનમાં અટવાશો તો તા. ૧૯-૬-૮૮થી ૧૧-૯-૮૮ દરમિયાન પ્રાપ્તિને ગુમાવવાનો વારો આવશે, એટલું જ નહીં 'પ્રતિષ્ઠાના પ્રશ્નો'નો મુકાબલો પણ કરવો પડશે. આવા સમયે તા. ૧૧-૯-૮૮ સુધી તમે તમારી 'નીતિ' અને કળિયુગના સંસ્કારોનો ભેદ સમજી નીતિના રાહનો ત્યાગ નહીં કરો તો જ તા. ૧૧-૯-૮૮ બાદ 'પ્રતિષ્ઠા' જળવાશે અને પ્રારબ્ધની લીલાના દર્શનનો લાભ મળશે. એકંદરે આર્થિક ક્ષેત્રે આ વર્ષના ગ્રહો 'આંગળી' આપશે, પરંતુ 'પોંચો' તમારા હાથમાં નહીં આવે.

સ્થાવર સંપત્તિ :- તમારી રાશિના સ્થાવર સંપત્તિના સ્થાનમાં વર્ષારંભે મંગળ અને કેતુ છે. તા. ૧૪-૧૧-૮૭ના મંગળ આ સ્થાન છોડશે અને તા. ૬-૩-૮૮ના કેતુ આ સ્થાન છોડશે. શનિ તમારી રાશિનો ભાગ્યેશ અને ગૂઢસ્થાનનો સ્વામી તા. ૧૭-૧૨-૮૭ના તમારી રાશિના સપ્તમસ્થાનમાં' આવશે. તેની પૂર્ણ દૃષ્ટિ તમારી રાશિના સ્થાવર સંપત્તિના સ્થાન પર રહેશે. શુભ ગ્રહ ગુરુ તા. ૧૯-૬-૮૮ના તમારી રાશિના વ્યયસ્થાનમાં આવશે, તેની પૂર્ણ શુભ દૃષ્ટિ તમારી રાશિના સંપત્તિના સ્થાન પર રહેશે. આ રીતે કેતુ - શનિ - ગુરુની અસર હેઠળ તમે રહેઠાણની વ્યવસ્થાને નવો ઓપ આપવાનું વિચારશો. વાહનસુખ, જમીન, મકાન, મિલકતને લગતી તમારી વિચારપદ્ધતિ ચંચળ બનશે. ગુરુની અસર હેઠળ તમે વિસ્તારને ઝંખશો. શનિની અસર હેઠળ સંતોષ માનશો અને કેતુની અસર હેઠળ તમારી પાસે છે, તેનો ત્યાગ કરવા તૈયાર થશો. આવી સ્થિતિમાં જન્મસમયના ગ્રહો જ માર્ગદર્શક બનશે, ગોચર ગ્રહો તો મૂંઝવણ વધારશે. તા. ૧૬-૧૨-૮૭થી ૨૯-૧૨-૮૭ દરમિયાન રહેઠાણ ફેરવવાની તીવ્રતા વધશે. તા. ૧૩-૨-૮૮થી ૪-૩-૮૮ દરમિયાન મકાન - વાહન - મિલકતની ખરીદી માટે જોઈતા નાણાં સહેલાઈથી એકઠાં થશે. તા. ૧૯-૧૨-૮૭થી ૨૭-૧૨-૮૭ સુધીનું ગોચર નિશ્ચય કરવા માટે, નિર્ણય લેવા માટે શ્રેષ્ઠ છે. તા. ૩-૨-૮૮થી ૯-૪-૮૮ સુધીનો સમયગાળો સાહસ ખેડી લેવા જેવો છે, અહીં આંધળુંકીયા કરવાથી સફળતા મેળવી લેશો. તા. ૨૭-૧૧-૮૭થી ૪-૧૨-૮૭ અને તા. ૧-૩-૮૮થી ૧૨-૩-૮૮ દરમિયાન પૂર્વપુણ્ય કામ લાગશે. તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ સુધીના ગ્રહયોગો ચમત્કાર સર્જી શકે છે. આ સમય દરમિયાન 'છપ્પર ફાડીને' કુદરત તરફથી 'મિલકત' કહી શકાય એવી વસ્તુ કે સ્થિતિ મળવાનો પ્રબળ યોગ છે. સામાન્ય રીતે અહીં વારસો પણ મળી શકે છે. 'પ્રારબ્ધ બળે' તમને તમારા હિસ્સાનું, તમારા હકનું-મળે એ માટે આ વર્ષના ગોચર ગ્રહો આશીર્વાદ વર્ષાવી રહ્યા છે.

સ્ત્રીઓ માટે :- આ પૃથ્વી પરનો 'માનવસમાજ' પુરુષપ્રધાન છે, છતાં સામાજિક, પારિવારિક સંબંધો જાળવવાની જવાબદારી સ્ત્રીઓની જ સ્વીકારાઈ છે. વર્ષના આરંભથી અંત સુધી તમારી રાશિના સામાજિક સંબંધોના સ્થાનમાં નેપ્ચ્યુન અને હર્ષલ છે. તા. ૧૭-૧૨-૮૭થી અહીં શનિ આવશે અને આવતા વર્ષે પણ આ સ્થાનમાં જ ભ્રમણ કરશે. નેપ્ચ્યુન - હર્ષલ - શનિનો ત્રિવેણી સંગમ 'ગંગા' જેવી પવિત્રતા જાળવવાનો તાપ અને ફરજ પાડશે. શનિની અસર હેઠળ તમે 'મર્યાદા' જાળવવા પ્રયત્નશીલ રહેશો. હર્ષલની અસર હેઠળ નવી દુનિયા રચવા માટે થનગનશો અને નેપ્ચ્યુન અસર હેઠળ ભાવુક બનશો. વર્ષના આરંભે જ તમે મનોમન સુખના, સ્થિર થવાના વિચારો વાગોળશો. તા. ૨૬-૧૦-૮૭થી ૬-૧-૮૮ સુધીમાં તમારી વય -સ્તર - સ્થાનના પ્રમાણમાં વિદ્યાભ્યાસ, નોકરી, વ્યવસાય, લગ્નજીવનને લગતા નિર્ણયો લેવા કોશિશ કરશો. તા. ૬-૧-૮૮થી ગોચર બદલાશે. પરિણામે તા. ૬-૧-૮૮થી ૩-૨-૮૮ દરમિયાન વાવાઝોડા જેવા બનાવોના કારણે તમારા પૂર્વ નિર્ણયો ધોવાઈ જશે. જન્મસમયના ગ્રહોની શક્તિ મુજબ અહીં સામાન્ય કે અસામાન્ય 'કટોકટી'નો મુકાબલો કરશો. તા. ૩-૨-૮૮ બાદ તા. ૯-૪-૮૮ સુધી શું કરવું ? વિચારોને વાગોળશો માર્ગ શોધશો. તા. ૯-૪-૮૮થી ૧૪-૬-૮૮ સુધીના બનાવો ત્યાગવાની, છોડવાની કે નુકસાન ભોગવવાની ફરજ પાડશે. તા. ૧૪-૬-૮૮થી ૧૬-૮-૮૮ સુધીનો કાળખંડ ચંચળતા સૂચવે છે, અહીં પરિવારના સભ્યોનો મોહ અને તમારી વ્યક્તિગત સ્વતંત્રતા - વિચારશ્રેણીની વચ્ચે 'મંથન' થાશે. આ સમયગાળો અનિશ્ચિત હોવાથી, શક્ય હોય તો દીર્ઘકાલીન નિર્ણયો લેવાથી દૂર રહેવું જોઈએ. તા. ૧૬-૮-૮૮ બાદ વર્ષના અંત સુધીનું ગોચર સફળતા સૂચવે છે. વર્ષનો ઉત્તરાર્ધ ઇચ્છિત પરિણામ મેળવી આપવા સમર્થ છે. ભાવુક બની, ઉશ્કેરાટની અસર હેઠળ મર્યાદા ઓળંગવાથી દૂર રહેવાથી જ શ્રેય સધાશે. પ્રયત્નપૂર્વક લાગણીઓને અંકુશમાં રાખશો તો આ વર્ષના ઉત્તરાર્ધમાં તમારા જન્મસમયના ગ્રહોની મર્યાદાને આધિન 'સુખ' મેળવશો.

વિદ્યાર્થીઓ માટે :- આપણા ગ્રહમંડળનો અતિ આધુનિક ગ્રહ પ્લુટો તમારી રાશિના વિદ્યાસ્થાનમાં છે. પોતાનો હક સમજીને અમૃતપાન કરવા માટે છદ્મવેષ ધારણ કરનાર રાહુ તા. ૬-૩-૮૮થી તમારી રાશિના ભાગ્યસ્થાનમાં આવશે. તમારી રાશિના વિદ્યાસ્થાન સાથે ત્રિકોણ સર્જશે. ગ્રહમંડળના સર્વશ્રેષ્ઠ - શુભ ગ્રહનું બિરુદ પામેલ ગુરુ તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ સુધી તમારી રાશિના વિદ્યાસ્થાન પર પૂર્ણ કૃપાદૃષ્ટિ રાખશે. આવા બળવાન ગ્રહો ગુરુ - રાહુ - પ્લુટોની અસર હેઠળ તમે આ વર્ષે

વિદ્યાભ્યાસ કરશો અને સફળતાને વરશો.

વર્ષના આરંભથી તા. ૧૮-૨-૮૮, તા. ૧-૩-૮૮થી ૨૩-૪-૮૮, તા. ૧૮-૭-૮૮થી ૨૨-૮-૮૮ અને તા. ૪-૯-૮૮થી વર્ષના અંત સુધીની ગ્રહસ્થિતિ વિદ્યાભ્યાસ માટે ખૂબ જ અનુકૂળ છે. વિશેષરૂપે વિજ્ઞાન, ખગોળશાસ્ત્ર, અણુશક્તિના ક્ષેત્રે તેમ જ અર્થશાસ્ત્ર અને જાસૂસી જેવા ક્ષેત્રે તથા શરીરશાસ્ત્રને લગતા સંશોધન ક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આ વર્ષના ગ્રહો આશીર્વાદરૂપ નીવડશે. વિદ્યાધ્યયન માટે રાજકીય સહાયતા અને વિદેશી અનુમતી સહેલાઇથી મેળવી શકાશે.

વિશેષ વિગતો :- જ્યોતિષશાસ્ત્રમાં જન્મલગ્ન અને જન્મરાશિનું વિશેષ મહત્ત્વ છે. બીજા નંબરનું મહત્ત્વ છે કેન્દ્રસ્થાનોને, અર્થાત્ પહેલું, ચોથું, સાતમું અને દસમું સ્થાન. વિક્રમના આ વર્ષના આરંભથી અંત સુધી તમારી જન્મરાશિ અર્થાત્ પહેલા સ્થાનમાંથી નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી. આવી ગ્રહસ્થિતિનો સીધો-સાદો અર્થ થાય છે કે આ વર્ષે તમને બ્રહ્માણ્ડમાંથી, વિશ્વ વ્યવસ્થા પાસેથી 'અપાર' મળશે, પરંતુ તેને મેળવવાની અર્થાત્ પચાવવાની તમારી શક્તિ 'અલ્પ' રહેશે. કેતુ તમારી સુખની કલ્પના પૂરી કરવા તૈયાર રહેશે. ગુરુ-રાહુ યશ - માન - ધન - કીર્તિ મેળવી આપવા સમર્થ છે. શનિ - નેપ્ચ્યુન - હર્ષલ રંગ-બેરંગી સામાજિક સંબંધોની વચ્ચે પૂર્ણ જીવન જીવવા માટે સંગાથી આપશે. પ્લુટોની વિચારધારા હેઠળ શિવશક્તિની પ્રાપ્તિ અથવા દૂષિત ઔષધોના સેવન માટેના મિત્રો મળશે. ગમમાં ડૂબી જવા માટે અથવા સંસારસાગર તરી જવા માટેનાં સાધનો, સંયોગો અને સહયોગીઓની વચ્ચે તમે એકલા - અટૂલા - ભટકેલા જીવશો, કારણ તમારી રાશિના સુખ-કર્મ અને સંસારના સ્થાનો બળવાન ગ્રહોથી ભરપૂર છે, પરંતુ તમે - તમારી રાશિ એકલી - અટૂલી ખાલી છે.

આ વર્ષે તમે ઝંખશો - સુખ - શાંતિ અને વિચારોના વમળમાં તણાશો. તા. ૧૬-૧૧-૮૭થી ૧૪-૧-૮૮ દરમિયાન 'કુદરતનો સહારો' મળશે, તેનો આશ્રય સ્વીકારવાની તૈયારી કરશો, પરંતુ તા. ૧૪-૧-૮૮થી ૧૩-૨-૮૮ દરમિયાન એ સહારો પાણીના પરપોટા જેવો પુરવાર થશે. ફરી નસીબની બલીહારીના પ્રતાપે તા. ૧૩-૨-૮૮થી ૪-૩-૮૮ દરમિયાન દૂર-દૂર આશાના કિરણોની લાલિમાના દર્શન થશે. હવે તા. ૪-૩-૮૮થી ૬-૩-૮૮ સુધીના નાના કાળખંડમાં તમે સ્થિરતાને છોડી અસ્થિરતામાં તરવાનો આરંભ કરી બેસશો. તા. ૬-૩-૮૮ બાદ ભૌતિક પ્રવાહમાં ખેંચાશો અને તા. ૧-૯-૮૮ સુધીના પ્રવાહી પ્રવાસના અંતે તમે તમને 'ધન્ય' માનશો. આ સમયે તમે ભૌતિક જગતનાં સુખ-સગવડોના માદક નશામાં ખુશ હશો. તા. ૧-૯-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર તમારી ખુશીમાં સામેલ થવા માટે તમારા પરિવારના સભ્યોને પ્રેરણા આપશે. તમે કહેશો કે વર્ષારંભની ઝંખનામાં દર્દ હતું, વર્ષના અંતની પ્રાપ્તિમાં 'દર્દનું જ આનંદમાં મધુરું રૂપાંતર' થયું છે.

તમારી કાર્યપદ્ધતિ વિચિત્ર અને કેટલીક વખત વિવાદાસ્પદ હશે. વર્ષના આરંભ સમયે 'યાચક' જેવી મનોદશામાં કર્મરત રહેશો. એકાએક તા. ૧૭-૧૨-૮૭થી યાચક મટી 'સમાન-વ્યક્તિત્વ'નો દરજ્જો મળવા લાગશે. તા. ૩-૧-૮૮થી તો મેળવવાનો - પ્રાપ્તિનો યોગ આરંભાશે. અહીં મૈત્રી સંબંધો, શેઠ-નોકરના સંબંધોનું પરિવર્તન જીવનસાથી જેવા સંબંધમાં અથવા વ્યાવસાયિક ભાગીદાર જેવા સંબંધમાં પણ થઈ શકે છે, એટલું જ નહીં તા. ૩-૧-૮૮ બાદ આવા સંબંધોના જ પરિણામે સુખ-સગવડનાં સાધનો, ધન, વિવિધ સગવડો અથવા વ્યાવસાયિક નફો મેળવતા થશો. તા. ૩-૧-૮૮થી ૧૯-૬-૮૮ સુધીનો કાળખંડ લાભ મેળવવાનો છે. આ સમયના લાભને બેંક બેલેંસ નહીં બનાવી શકાય, એટલે વસ્તુઓ અથવા સગવડોના રૂપમાં શ્રીમંત બનશો. તમે રાજકીય ક્ષેત્રે હશો તો પદ-માન-સત્તા મળશે. અધ્યાત્મમાર્ગના પ્રવાસી હશો તો સાધનાં સિદ્ધ થતી જણાશે. વ્યાપારી હશો તો વ્યવસાયનું ક્ષેત્ર વિસ્તરશે. સંશોધક વિદ્યાર્થી હશો તો પરિશ્રમની સફળતાનો આનંદ લૂટશો.

પ્રાપ્તિનું મૂલ્ય ચૂકવવું પડે છે, એ પ્રકૃતિનો નિયમ છે. તા. ૧૯-૬-૮૮ બાદ, મૂલ્ય ચુકવવાનો સમય આવે છે. આ સમયગાળો છે તા. ૧૯-૬-૮૮થી ૧૧-૯-૮૮ સુધીનો. અહીં જ તમારી કસોટી થવાની છે. આ સમયની મૂલ્યની ચુકવણીરૂપે સંબંધો તોડવા પડે, ક્ષેત્રસંન્યાસ લેવાની જરૂર જણાય. સરળ શબ્દોમાં લખી શકાય કે, પોતાના હકનું 'અમૃતપાન' રાહુએ કર્યું, પરંતુ તેના મૂલ્યરૂપે ખંડિત થવું પડયું. તા. ૧૯-૬-૮૮થી ૧૧-૯-૮૮ દરમિયાન સ્વાભાવિક રીતે ત્યાગ કરો અથવા વેદના વેઠીને ગુમાવો. જન્મસમયના ગ્રહો ત્યાગનું સુખ અથવા ગુમાવવાની પીડાનો અનુભવ કરાવશે. ગોચર ગ્રહો તો તમને આપીને તેનું મૂલ્ય જ માગશે. તા. ૧૧-૯-૮૮ બાદ તમે સ્વસ્થ થશો. પ્રારબ્ધના રહસ્યનું જ્ઞાન મેળવશો.


તમારા વર્તુળમાં ભાગ્યશાળી, આદરણીય, ત્યાગી, દયાળુ બનશો. જન્મના ગ્રહો બળવાન હશે તો 'સત્તા' પ્રાપ્ત થાય અથવા 'સિદ્ધ' બનો. તમે આસ્તિક હશો તો આ વર્ષના બનાવોમાં દર્શન કરશો ''જન્માંતરોના ઋણાનું બંધનના'' તમારી આજુબાજુ ઘટનાઓ-દુર્ઘટનાઓ સર્જાશે. તમને 'સદ્ભાગી' બનાવશે. અધ્યાત્મવાદના પ્રવાસી હશો તો 'જન્મ-મૃત્યુ'ના રહસ્યનો ઉકેલ જોતા થઈ જશો.

જાણતાં કે અજાણતાં વિચારોના 'બી'ની વાવણી તમે કરી હશે. તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ દરમિયાન તમારી વાવણીને ખાતર (ખોરાક) મળશે. તા. ૬-૩-૮૮ બાદ વૃક્ષરૂપી ફળની પ્રાપ્તિ થશે. આ વર્ષે 'પ્રાપ્તિ અને સુખ'ની સાથે જ 'પ્રાપ્તિ અને વેદના'ના દર્શન કરશો. અનુભવના અંતે કહેશો કે આ બન્ને એક જ છે. અદ્વૈત છે, દ્વૈત નથી. તા. ૩-૨-૮૮થી ૯-૪-૮૮ સુધીની ભૌતિક સ્થૂળ પ્રાપ્તિ

અને તા. ૧૬-૮-૮૮થી વર્ષના અંત સુધીના વિસ્તારિત સુખનાં સાધનો તેમ જ તા. ૧૧-૯-૮૮ બાદ તમને મળશે સન્માન, કીર્તિ. જ્યોતિષના નિયમો જાણતા હશો તો રાહુ-કેતુ અને સૂર્ય-ચંદ્રના ગ્રહણનો

મર્મ સમજાશે. ફક્ત ભૌતિકવાદમાં જ વિચરતા હશો તો કહેશો અહીં- આ મૃત્યુલોકમાં બધું જ ગતિમાન છે. ગુમાયાનો શોક ત્યાગી, પ્રાપ્તિના ભોગમાં જીવી લેવું જોઈએ. વિક્રમનું આ વર્ષ 'અમૃતપાન' કરાવી જશે.

કર્ક (ડ. હ)



વિક્રમ સંવત ૨૦૪૪ના આરંભ સમયે તમારી રાશિ કર્કના પુરુષાર્થસ્થાનમાં મંગળ-કેતુ, સુખસ્થાનમાં સૂર્ય - ચંદ્ર - બુધ - શુક્ર - પ્લુટો, બુદ્ધિસ્થાનમાં શનિ, ઋણ સ્થાનમાં નેપ્ચ્યુન-હર્ષલ, ભાગ્યસ્થાનમાં રાહુ અને કર્મસ્થાનમાં ગુરુ છે.

વર્ષ દરમિયાનની કાળગતિ પ્રમાણે તા. ૧૭-૧૨-૮૭ના શનિ બુદ્ધિસ્થાન છોડીને ઋણસ્થાનમાં રહેલ હર્ષલ-નેપ્ચ્યુન સાથે જોડાશે. આ સ્થાનની શનિ - નેપ્ચ્યુન - હર્ષલની યુતિ સુખ-દુઃખ, પ્રાપ્તિ અને વેડફાટ, આરોપ અને મુક્તિ, માંદગી અને વિજય જેવા વિરોધાભાષવાળા શબ્દાર્થોનો અનુભવ કરાવશે. વિરોધીઓ પર ચમત્કારિક રીતે વિજય મેળવશો તેવા જ સમયે થાકના કારણે માંદગી પણ અનુભવશો. અદાલતની બાબતોમાં તમારી તરફેણ થશે તેની સાથે જ કેટલાક સંબંધો વિવાદાસ્પદ બનશે. તા. ૬-૩-૮૮થી રાહુ ભાગ્યસ્થાન છોડી તમારી રાશિના ગૃહસ્થાનમાં આવશે અને કેતુ પુરુષાર્થસ્થાન છોડી પરિવારસ્થાનમાં આવશે. આ સ્થળાંતરનો અર્થ છે ભાગ્ય પરિવર્તન અને પરિવારની સમસ્યાનો ઉકેલ શોધવાની જવાબદારી. માનેલા પોતાનાઓ સાથેના વ્યવહારમાં તંગદિલી સર્જાશે. તા. ૧૯-૬-૮૮થી ગુરુ કર્મસ્થાનં છોડી તમારી રાશિના લાભસ્થાનમાં આવશે. ગુરુ તમારી રાશિનો ષષ્ઠેશ અને ભાગ્યેશ હોવાથી રાહુની અસર હેઠળના ભાગ્ય પરિવર્તનને ગુરુના ગોચરનો સહારો મળશે, અહીં બગડશે નહીં, પરંતુ બનેલી સ્થિતિમાં ફેરફાર કરી નવી રીતે બનાવવી પડશે. તમારી રાશિનો સુખસ્થાનનો પ્લુટો હૃદય પરિવર્તન જેવી વિચારશ્રેણી તરફ દોરી જશે. સ્વભાવથી તમે ચંચળ, માયાળુ છો, પરંતુ પ્લુટોની અસર હેઠળ વાસ્તવવાદી બનશો. સ્ત્રીશક્તિનાં અનેક સ્વરૂપમાં અન્નપૂર્ણા - અંબિકા - કાલિકા જેવી સમયને અનુરૂપ શક્તિઓની માફક તમે પણ તમારા વર્તુળ અને જવાબદારીની અસર હેઠળ બીજાઓને ભિન્ન સ્વરૂપે દેખાશો. તમારી રાશિ

કર્ક કામ-પુરુષની કુંડલીના ચતુર્થ સ્થાનની રાશિ છે. જ્યોતિષશાસ્ત્રના નિયમ મુજબ ચતુર્થ સ્થાન માતા, સુખ, મિલકત, મહત્વાકાંક્ષા જેવી બાબતોનો નિર્દેશ કરે છે. માતૃત્વશક્તિના બે રૂપ હોય છે. એક બાળકની પોતાની માતા અને બીજા બાળકની માતા. પોતાના બાળક માટે માતા બીજાના બાળક તરફ કઠોર બની શકે છે. ક્રોધ, દ્વેષ, તિરસ્કાર, ધિક્કારની ભાવના ધરાવી શકે છે, પરિણામે પોતાના બાળકની ભલાઈ માટે બીજાના બાળકને નુકસાન પણ પહોંચાડી શકે છે, આ વર્ષના પ્લુટો-રાહુના યોગ તા. ૬-૩-૮૮ સુધી અને તા. ૧૯-૬-૮૮થી પ્લુટો-ગુરુના યોગ તમને પોતાનાઓ માટે 'અન્નપૂર્ણા' અને બીજાનાઓ માટે 'કાલિકા' બનાવે તો આશ્ચર્ય નથી.

વર્ષનો આરંભ 'ભાગ્યના વિચારો'થી થાય છે, 'આવતી કાલની ઉષા'ના રંગ જોવાની લાલસાથી થાય છે. તા. ૧-૧૧-૮૭થી તમે સળવળાટ કરશો, આ સ્થિતિને પુરુષાર્થ પણ કહી શકાય. તા. ૧-૧૧-૮૭થી ૧૨-૧૧-૮૭ સુધીના પુરુષાર્થના અંતે તમને સફળતા - પદ - કીર્તિ - પ્રતિષ્ઠા અર્થાત્ સદ્ભાગ્યની પ્રાપ્તિ થશે. તા. ૨૩-૧૧-૮૭ બાદ તમને તમારી સ્થિતિ મુજબનું નવું કર્મક્ષેત્ર મળે અથવા જૂના સ્થાને જ વિશેષ પ્રગતિ માટેનો માર્ગ મળે. તા. ૧-૧૨-૮૭ સુધીમાં પુરુષાર્થ અને પ્રારબ્ધની રેખા દોરાઈ જશે. તા. ૧-૧૨-૮૭થી ૧૯-૧૨-૮૭ દરમિયાન નવા સ્વપ્નાઓ સેવશો, કલ્પનાના નવીન ચિત્રોમાં રંગપૂરણી કરશો. તા. ૧૯-૧૨-૮૭થી ૧૨-૧-૮૮ સુધીમાં ઉત્સાહવર્ધક સથવારો અને સહાયતા મેળવશો. તા. ૧૨-૧-૮૮થી ૪-૩-૮૮ સુધીનો કાળખંડ પોતાના સ્થાન અને વર્તુળને નિહાળવાનો છે. અહીં તમે તમારી પ્રાપ્તિને માણસો, તેમ જ તમારા વર્તુળને તેનું ભાન કરાવશો. તા. ૪-૩-૮૮થી ૧૬-૩-૮૮ દરમિયાન સાહસની માત્રા વધશે, આ સમય જાગૃત રહેવાનો છે. જન્મના ગ્રહો સૂચવતા હશે તો જ તમે મર્યાદા-લક્ષ્મણરેખાનો મલાજો જાળવશો. ગોચર ગ્રહો તો સૂચવે છે કે 'લક્ષ્મણરેખા' ઓળંગાઈ જશે. પરિણામે તા. ૧૬-૩-૮૮થી ૨૬-૩-૮૮ દરમિયાન ગર્ભિત પ્રકારની જવાબદારીના બોજા તળે આવશો. આવા સમયે કાનૂન - દસ્તાવેજ - પ્રવાસ અને નાણાકીય બાંયધરી તરફ સાવચેત રહેવું જોઈએ. તા. ૨૬-૩-૮૮થી ૩-૪-૮૮ સુધીનો કાળખંડ, આ પહેલાના સમયની જવાબદારી નિભાવવા માટેના નવા કર્મ બાંધવાનો છે. તા. ૩-૪-૮૮થી ૧૭-૪-૮૮ સુધીમાં તમે નવા માર્ગનો પ્રવાસ આરંભશો, અર્થાત્ તમારા જન્મસમયના ગ્રહો જે પ્રકારના 'દૃઢ પ્રારબ્ધ' ભોગવી લેવાનો ઈશારો કરતા હશે, તેવા પ્રારબ્ધની દિશા તરફ ફંટાશો. તા. ૧૭-૪-૮૮થી ૭-૫-૮૮ દરમિયાન સફળતાને વરશો. લાભ - ફાયદો - આવકની વ્યાખ્યા પ્રમાણેની પ્રાપ્તિ થશે. તા. ૭-૫-૮૮થી ૧૬-૫-૮૮ સુધીનો કાળખંડ 'અહંકાર'થી મુક્ત રહી શકાય, તો રહેવાનો છે. કારણ તા. ૧૬-૫-૮૮થી ૨૦-૭-૮૮ સુધીનું ગોચર નિરાશા -નુકસાન -નિષ્ફળતા સૂચવે છે. આ સમય દરમિયાન જ તા. ૧-૭-૮૮થી ૧૨-૭-૮૮ દરમિયાન 'સંરક્ષણ'ની તક મળશે, પરંતુ જન્મસમયના ગ્રહો રક્ષણ આપતા હશે તો જ 'સદ્બુદ્ધિ' માર્ગદર્શક બનશે. તા. ૨૦-૭-૮૮થી ૧૬-૮-૮૮ દરમિયાન સંયોગો અને સ્થિતિ મુજબ નાણાં મેળવશો, નોકરીમાં પ્રગતિ અથવા વ્યવસાયના વિસ્તાર માટે પણ આ સમય અનુકૂળ છે. આ સમયના ગોચર ગ્રહો ખોબે ખોબે સફળતા આપશે. તા. ૧૬-૮-૮૮થી ૨૪-૮-૮૮ દરમિયાન ખર્ચ-નુકસાન અથવા જવાબદારીના અતિરેકનો અનુભવ થશે. તા. ૨૪-૮-૮૮થી ૧૩-૯-૮૮ સુધીનો કાળખંડ બગડેલી બાજી સુધારી લેવાનો છે. તા. ૧૩-૯-૮૮થી ૭-૧૧-૮૮ સુધીનો સમય દૃઢ પ્રારબ્ધ ભોગવવાનો છે. આ વર્ષમાં જુદાજુદા સમયના ત્રણ ઉતાર-ચઢાવના અંતે તા. ૧૩-૯-૮૮ બાદ જ તમને ખ્યાલ આવશે કે પ્રાપ્તિ અને વેડફાટ કર્માધિન છે, તમે તો ફક્ત અન્નપૂર્ણા-અંબિકા અથવા કાલિકાના પ્રતીકરૂપે તમારા આશ્રિતો અથવા યાચકો માટે નિમિત્તરૂપી કર્મ કરો છો. તા. ૭-૧૧-૮૮ બાદ વિરાટ પ્રકૃતિની શક્તિનો સ્વીકાર કરતા થઈ જશો.

તંદુરસ્તીની દૃષ્ટિએ :- તમારી રાશિના આરોગ્યસ્થાનમાં હર્ષલ-નેપ્ચ્યુન તો વર્ષારંભે જ છે, તા. ૧૭-૧૨-૮૭થી શનિ પણ તેઓની સાથે જોડાશે, રાહુ નામનો છાયા ગ્રહ તા. ૬-૩-૮૮થી તમારી રાશિના આયુસ્થાનમાં આવશે. આવી સ્થિતિનું જમા પાસું છે. તા. ૧૭-૧૨-૮૭થી શનિની પૂર્ણ દૃષ્ટિ તમારી રાશિના આયુસ્થાનને મળશે, તેમ જ તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ સુધી ગુરુની શુભ દૃષ્ટિ તમારી રાશિના આરોગ્યસ્થાનને મળતી રહેશે. શરીરની અંદરના આંતરડાઓ-નસોની વ્યવસ્થા ખોરવી નાખવાથી શક્તિ હર્ષલમાં છે. પાતળા અને ગાઢ પ્રવાહીની વ્યવસ્થામાં વિક્ષેપ નાખવાનું કાર્ય નેપ્ચ્યુન કરી શકે છે, તેમ જ ખાન-પાનની વ્યવસ્થાની ગડબડના પરિણામે 'ખોરાકી ઝેર' જેવી સ્થિતિ રાહુનું ગોચર નિર્માણ કરી શકે છે. 'આયુ'નો આધાર જન્મસમયના ગ્રહો પર છે. પરંતુ આ વર્ષના શનિની સ્થિતિ 'આયુવર્ધક' બને છે. અલબત્ત રોગ-પ્રતિકાર માટે અનુકૂળ નથી. ગુરુની દૃષ્ટિ રક્ષણ આપે છે. આવી ગ્રહસ્થિતિમાં આરોગ્યની જાળવણી તો તમારે જ કરવાની છે અથવા જન્મસમયના ગ્રહો કરશે. ગોચર ગ્રહો તો 'દવા અને વૈદ્ય'નો આશ્રય લેવાની ફરજ પાડે છે, તા. ૧૯-૧૨-૮૭થી ૬-૧-૮૮, તા. ૨૬-૧-૮૮થી ૩-૨-૮૮, તા. ૨-૫-૮૮થી ૧૬-૭-૮૮ સુધીના ગોચરગ્રહો આરોગ્યદૃષ્ટિએ વિશેષ કાળજી રાખવા જેવા છે. તા. ૧૬-૩-૮૮થી ૨૬-૩-૮૮ અને તા. ૧૨-૭-૮૮થી ૨૦-૭-૮૮ દરમિયાન ખાન-પાનની કાળજી રાખવી જોઈએ. એકંદરે આ વર્ષની ગોચરની સ્થિતિ તંદુરસ્તીની દૃષ્ટિએ નાજુક હોવાથી, પ્રયત્નપૂર્વક આરોગ્યની સંભાળ રાખવી જોઈએ, માંદગીનું સહજ કારણ, દીર્ઘકાલીન જવાબદારી બની શકે છે.

કૌટુંબિક દૃષ્ટિએ :- તમારી રાશિના પરિવારસ્થાનમાં તા. ૬-૩-૮૮થી કેતુ આવે છે. આ સ્થાનની રાશિ સિંહ, કેતુ માટે અનુકૂળ નથી. પરંતુ ગુરુ શનિની ગોચર સ્થિતિ કુટુંબના સભ્યોની ઈચ્છા પૂરી કરવા જેવા સહાયક છે. વર્ષના આરંભથી પરિવારના સભ્યો પરિશ્રમના મહત્વનો, મૂલ્યનો સ્વીકાર કરશે. તા. ૩-૧૨-૮૭ સુધી તો સહજ પરિશ્રમ અને યોગ્ય પરિણામ પરિવારના સભ્યોને મળતાં રહેશે. તા. ૩-૧૨-૮૭થી ૬-૨-૮૮ દરમિયાન પરિવારના સભ્યો વિશેષ આંકાક્ષા સેવશે, પ્રમાણમાં અનુકૂળ ફળ મળશે, અહીં વિદ્યાભ્યાસ - લગ્ન - વ્યવસાય જેવા પારિવારિક નિર્ણયો સફળતાપૂર્વક લઈ શકાશે. ઉપરના સમયગાળા દરમિયાન જ તા. ૧૦ અને ૧૧ જાન્યુઆરી ૧૯૮૮ના કલાકો નાજુક નિર્ણય માટેની પ્રેરણા બની શકે છે. તા. ૬-૨-૮૮થી ૨૦-૨-૮૮ દરમિયાન પારિવારિક ઉન્નતિના વિચારો કરશો અને તા. ૩૧-૩-૮૮ સુધી આવશ્યક મદદ મેળવશો. પરિવારના સભ્યો માટે આ સમયગાળો શ્રેષ્ઠ પુરવાર થશે. તા. ૩૧-૩-૮૮થી ગોચર બદલાશે. તા. ૩૧-૩-૮૮થી ૨-૫-૮૮ સુધીની ગ્રહસ્થિતિ વિરોધાભાષી ફળ આપશે. મેળવવાનો અને ગુમાવવાનો એક સાથે અનુભવ થશે. આ સમયગાળાને શુભ કે અશુભની ઉપમા નહીં આપી શકાય. ઈશ્વરની લીલા અથવા મૃત્યુલોકની વ્યવસ્થા જેવી ઉપમા આપવી પડશે. તા. ૨-૫-૮૮થી ૧૧-૫-૮૮ દરમિયાન પારિવારિક મતભેદ વધે, ખર્ચ વધે, સંબંધોમાં તિરાડ પડે. પરંતુ તા. ૧૧-૫-૮૮ બાદ તમે જોઈ શકશો કે આ પહેલાની ઘટનાઓ અંગે તા. ૭-૬-૮૮ સુધીમાં કુટુંબનું હિત જળવાયું છે. તા. ૭-૬-૮૮થી ૫-૭-૮૮ સુધીનું ગોચર વિષાદથી યુક્ત છે, અહીં તમે સ્વીકારશો કે માનવીય પુરુષાર્થ કમજોર છે, 'નિયતિ' બળવાન છે. 'નુકસાન' શબ્દને સાર્થક કરે એવી ઘટનાનો સમયગાળો છે. તા. ૫-૭-૮૮થી ૩૦-૮-૮૮ અને તા. ૧-૯-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર પરિવારના સભ્યો માટે શ્રેયસ્કર છે. ફક્ત તા. ૩૧-૮-૮૮થી ૧-૯-૮૮ સુધીના થોડા કલાકો બાદ કરતા વર્ષના ઉત્તરાર્ધમાં પરિવારના સભ્યો તેઓની જન્મસમયના ગ્રહોની સ્થિતિ મુજબ સુખ પામશે. વિદ્યાભ્યાસ, વિદેશગમન, રાજકીય સ્પર્ધા, આવકના વિસ્તાર માટે વર્ષનો છેલ્લો સમયગાળો (તા. ૫-૭-૮૮ બાદનો) પરિવારની ભૌતિક ઉન્નતિ દર્શાવે છે. તા. ૨૯-૯-૮૮થી ૨૪-૧૦-૮૮ દરમિયાન પરિવારના સભ્યોની વ્યક્તિગત આંકાક્ષાઓ પૂરી થાય એ માટે શ્રેષ્ઠ ગોચર છે

આર્થિક દૃષ્ટિએ :- વર્ષના આરંભથી તા. ૬-૩-૮૮ સુધી રાહુ અને તા. ૬-૩-૮૮થી વર્ષના અંત સુધી કેતુ આર્થિક દૃષ્ટિએ અનુકૂળ છે. શનિ અને ગુરુ જેવા બળવાન ગ્રહો પણ આ વર્ષે ધનપ્રાપ્તિ માટે, આવકની વૃદ્ધિ માટે, આશીર્વાદ વર્ષાવી રહ્યા છે.

હર્ષલ-નેપ્ચ્યુન જેવા તીક્ષ્ણ ગ્રહો પણ પ્રતિકૂળ નથી, અનુકૂળ છે એમ નોંધી શકાય. વર્ષના આરંભથી તા. ૩૧-૩-૮૮, તા. ૧૩-૪-૮૮થી ૨-૫-૮૮, તા. ૧૧-૫-૮૮થી ૭-૬-૮૮ તા. ૫-૭-૮૮થી ૩૦-૮-૮૮ અને તા. ૧૭-૯-૮૮થી ૨૩-૧૦-૮૮ સુધીના ગ્રહો સંયુક્ત પરિવારના વ્યવસાયથી લાભ સૂચવે છે. પરંપરાગત પારિવારિક આવક વધવાનો યોગ છે. વર્ષના આરંભથી તા. ૨૬-૧-૮૮, તા. ૯-૨-૮૮થી ૧૨-૫-૮૮ અને તા. ૧૩-૬-૮૮થી વર્ષના અંત સુધી સાહસિક કાર્યોમાં, ખરીદ-વેચાણ જેવા વ્યવસાયમાં અથવા સમાજસેવા કે મનોરંજન ક્ષેત્રથી ધનલાભ થાય. વર્ષના આરંભથી તા. ૨-૫-૮૮ અને તા. ૧૬-૭-૮૮થી વર્ષના અંત સુધીના ગ્રહો નોકરીના ક્ષેત્રે બઢતી સૂચવે છે. રાજકીય સંબંધો, વિદેશી પરિચયો અને પ્રવર્તમાન કાનૂનના સંબંધોથી નાણાં મળવાનો યોગ બળવાન છે. નોકરી મળવાનો તેમ જ સ્પર્ધા જીતવાનો પણ યોગ છે. આર્થિક દૃષ્ટિએ તા. ૧૬-૭-૮૮ બાદના ગોચરને 'ભાગ્યોદય-કર્તા' નોંધી શકાય. અહીં કદાચ 'બચત' નબળી હોય પરંતુ દીર્ઘકાલીન આવક માટે આ સમયની ઘટના-સંબંધો 'નસીબવંત' બનાવશે.

વર્ષના આરંભથી તા. ૧૨-૫-૮૮, અને તા. ૨૨-૮-૮૮થી વર્ષના અંત સુધીની ગ્રહસ્થિતિ જૂના રોકાણોના માધ્યમથી લાભ સૂચવે છે. અતિ અંગત-ખાનગી કહી શકાય તેવા સંબંધો કે પારિવારિક મિલકતના નિમિત્તે ધન મળવાનો યોગ છે. નવી કે જૂની મિત્રતાથી નાણાં મળવાનો પ્રબળ યોગ છે. વર્ષના આરંભથી અંત સુધીની ગોચરસ્થિતિ આશ્ચર્ય ઉપજાવે એવી છે. ભાગીદારી, લગ્નજીવન, વારસાના હકો અથવા વીમા કે સરકારી ફંડના માધ્યમથી બૅંક બેલેંસ વધવાનો પ્રબળ યોગ છે. આ વર્ષની ગોચરસ્થિતિને ત્રણ તબક્કામાં વહેંચી શકાય. વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭થી સુધી વિચારરૂપી 'બી' વવાય. તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ સુધી વિચારને પરિપક્વ બનાવાય અર્થાત્ 'બીને પોષણ અપાય. તા. ૬-૩-૮૮ બાદ બૅંકમાં નાણાં જમા કરાવી શકાય, આ પ્રકારનું ગોચર વર્ષના અંત સુધીનું છે. અલબત્ત એકીની નાણાંની પ્રાપ્તિ સાથે સામાન્ય 'કડવાશ' સંકળાશે. વસ્તુ - વ્યક્તિ - હક જેવું ગુમાવશો અને બૅંક બેલેંસ વધારશો. આધુનિક કાનૂનનો ઉપયોગ અથવા કળિયુગી-વ્યવસાય જેવી ઉપમા આપી શકાય એવા માધ્યમ દ્વારા વર્ષના આરંભથી તા. ૧૧-૯-૮૮ સુધી 'અર્થ-લાભ' મેળવશો. આ વર્ષે તમને તમારા હકના નાણાં મળશે, આવા પ્રકારનો હક આ 'જન્મ'નો હોય કે પૂર્વ જન્મના નિમિત્તે તમારા પ્રારબ્ધમાં હોય.

સ્થાવર સંપત્તિ :- તમારી રાશિના સ્થાવર સંપતિના સ્થાનમાં પ્લુટો છે. તા. ૧૭-૧૨-૮૭થી શનિ અને તા. ૧૯-૬-૮૮થી રાહુ-કેતુના દૃષ્ટિયોગો પ્લુટોને બળવાન બનાવે છે. અર્થાત્ તમારી રાશિના સ્થાવર સંપત્તિના સ્થાનને ફળ આપવા પ્રેરે છે. વર્ષ દરમિયાન ગુરુની હકારાત્મક અસર પ્લુટો નથી મેળવતો. આ સ્થાનમાં પ્લુટો ઑક્ટોબર ૧૯૮૧થી ભ્રમણ કરે છે, ડિસેમ્બર ૧૯૮૨ સુધી વક્રી-માર્ગી ગતિએ તેનું ભ્રમણ થતું રહેશે. અર્થાત્ પ્લુટો અતિ મંદ ગતિનો ગ્રહ હોવાથી તેના ગોચરના ફળ માટે નિશ્ચિતરૂપે લખી શકાય નહીં, પરંતુ આ વર્ષના બીજા ગોચર ગ્રહોની અસર હેઠળ પ્લુટો ફળ આપી શકે છે. જન્મસમયના ગ્રહો 'સ્થાવર સંપત્તિ'ને લગતી સામાન્ય કે અસામાન્ય અનુકૂળતાનો નિર્દેશ કરતા હશે તો આ વર્ષે રાહુ-કેતુની અસર હેઠળ પ્લુટોના માધ્યમ દ્વારા મિલકત મળવાનો નિશ્ચિત યોગ છે. વર્ષના આરંભથી તા. ૨-૫-૮૮ અને તા. ૨૨-૮-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર બળવાન છે. રાહુ -કેતુ - શનિ - પ્લુટોની અસર હેઠળ રહેઠાણના સ્થાનની બદલી થાય અથવા રહેઠાણના સ્થાનમાં વ્યવસ્થાને નવું રૂપ અપાય. વાહન કે વાડીનું સુખ મળે અથવા એવા સુખ માટે ખાસ વ્યવસ્થા ઊભી થાય. અંગત જીવનની આવશ્યકતાઓની પૂર્ણતા માટે 'સમૃદ્ધ વર્ષ છે.

સ્ત્રીઓ માટે :- વર્ષના આરંભે પુરુષાર્થ સ્થાનમાં કેતુ છે, તા. ૬-૩-૮૮થી પરિવાર સ્થાનમાં કેતુ જશે. આનો અર્થ છે, તમે પરિવારના હિતચિંતક બનશો, પરિવારનું હિત થશે. પરંતુ શ્રેય તમને નહીં મળે. વર્ષના આરંભે ભાગ્યસ્થાનમાં રાહુ છે. તા. ૬-૩-૮૮થી તમારી રાશિના ગુહ્યસ્થાનમાં રાહુ આવશે. આ સ્થિતિ માટે લખી શકાય કે સ્વાર્થ સાધવા માટે બીજાઓ તમને નિમિત્ત બનાવશે. વર્ષારંભે ગુરુ તમારી રાશિના કર્મસ્થાનમાં છે. તા. ૨૬-૧૦-૮૭થી ભાગ્યસ્થાનમાં આવશે, તા. ૩-૨-૮૮થી ફરી પાછો તમારી રાશિના કર્મસ્થાનમાં આવશે અને તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી તમારી રાશિના લાભસ્થાનમાં રહેશે. અર્થાત્ ગુરુની અસર હેઠળ તમે બીજાઓના 'ઇષ્ટ' માટે કર્મ કરશો. પ્રમાણ અને મર્યાદાની દૃષ્ટિએ તમને પરમાર્થ - હેતુ સફળતા પણ મળશે. પરંતુ આ સફળતાને ઉપયોગી બનાવવા, વ્યક્તિગત તમારો સ્વાર્થ સાધવાની દૃષ્ટિએ તમે નિષ્ક્રિય રહેશો. ગોચરની આવી સ્થિતિમાં, શનિ વર્ષના આરંભે તમારી રાશિના પૂર્વકર્મના સ્થાનમાં છે, તા. ૧૭-૧૨-૮૭થી ઉપચયસ્થાનમાં આવશે. આ શનિ પરિશ્રમ કરવાની ફરજ પાડશે. ફક્ત 'કર્મની ભાવના' હેઠળ જ તમે પરિશ્રમ કરશો, પરિશ્રમ ફળદાયી બનશે, ફરજ બજાવ્યાનો સંતોષ મેળવશો.

વર્ષના આરંભથી તા. ૨૪-૧૧-૮૭ સુધીના તમારા વિચારોને આચરણીય બનાવવા માટે તા. ૨૪-૧૧-૮૭થી ૪-૧-૮૮ દરમિયાન વડીલોના આશીર્વાદ મળશે, ભાગ્ય અનુકૂળ રહેશે. તા. ૪-૧-૮૮થી ૨૬-૧-૮૮ સુધી તો અવરોધનો અણસાર પણ નહીં જણાય. તા. ૨૬-૧-૮૮થી ૯-૨-૮૮ સુધીનો કાળ અવરોધનો - પ્રતિકૂળતાનો છે. અહીં તમારી આવશ્યકતાઓ વધે અને શુભેચ્છકો અશક્ત નીવડે અથવા ગુપ્ત વિરોધીઓ અંતરાય ઊભા કરે. તા. ૯-૨-૮૮થી ૧૨-૫-૮૮ સુધીનો કાળ ફળની આશા વગર, ફક્ત કર્મ કરવાનો, ફરજ પૂરી કરવાનો છે. તા. ૧૨-૫-૮૮થી ૧૩-૬-૮૮ દરમિયાન અ-સફળતાના દર્શન થશે. આ સમયની ઘટનાઓ, વિચારવાની ફરજ પાડશે, તમે અનુભવશો કે તમારા નિર્ણયો, તમારું ગણિત અપૂર્ણ છે, 'અશક્ય' પ્રકારના અવરોધો 'શક્ય' બન્યા છે. તા. ૧૩-૬-૮૮ બાદ વર્ષના અંત સુધી પરિશ્રમ કરશો, બીજાઓને સહાયતા કરવા માટે તમે બીજાઓ પાસેથી યાચના કરશો. આ વર્ષના ગોચર ગ્રહો તમને સાચા 'સેવક-શુભેચ્છક' બનાવશે. પરિશ્રમના ફળરૂપે નાણાં મળે અથવા પરિવારની પ્રતિષ્ઠા વધે, પરિવાર વૃદ્ધિ થાય અથવા તમને 'પદ' પ્રાપ્ત થાય. વર્ષના અંતે તમારા ઉદ્‌ગાર હશે, 'મહેનતના ફળ મીઠા હોય છે.' હૈયાંમાં વ્યથા હશે, માયાળુ વચન દ્વારા 'યશ' ન મેળવી શકો.

વિદ્યાર્થીઓ માટે :- તમારી રાશિના વિદ્યાસ્થાનમાં વર્ષારંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી શનિ છે. તા. ૧૭-૧૨-૮૭ બાદ નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી. તા. ૨૬-૧૦-૮૭થી ૩-૨-૮૮ અને તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી ગુરુની પૂર્ણ દૃષ્ટિ આ સ્થાન પર છે. વર્ષના આરંભથી તા. ૬-૩-૮૮ સુધી રાહુ પણ અનુકૂળ છે. ગોચર ગ્રહો અનુકૂળતા તો જ સફળતા આપશે, જો તમારા જન્મસમયના ગ્રહો તમને વિશેષ સિદ્ધિ આપવા માટે અનુકૂળ હશે. આ વર્ષના હર્ષલ - નેપ્ચ્યુન - પ્લુટોની અસર હેઠળ તમારી ચંચળતા અને તિક્ષ્ણતા વધશે, આવી સ્થિતિમાં તમે આશા ગુમાવો અથવા લડાયક મિજાજ કેળવો. આવી બંને અસર અભ્યાસ માટે અનુકૂળ નથી. તા. ૨૪-૧૧-૮૭થી ૨૪-૧-૮૮, અને તા. ૧૩-૬-૮૮થી વર્ષના અંત સુધીની ગ્રહસ્થિતિ અનુકૂળ છે. આ સમયના નિર્ણયોને વફાદારીપૂર્વક વળગી રહેશો તો આ વર્ષે વિદ્યાધ્યયન ક્ષેત્રે સફળ નીવડશો. તા. ૧૧-૯-૮૮થી વર્ષના અંત સુધીની ગ્રહસ્થિતિ વિચિત્ર અને મૂંઝવણ વધારનારી છે. 'સંગ-દોષ'ના નિમિત્તે અથવા માદક-દ્રવ્યોના આકર્ષણ હેઠળ તમે 'કલ્પના અને સુખ'ના તરંગોમાં ભાન ભૂલી શકો છો, હકીકતમાં તા. ૩-૨-૮૮થી ૯-૪-૮૮ દરમિયાન નવી દોસ્તી બાંધવા તરફ જાગૃત રહેવું જોઈએ. તેમ જ સંગાથી કે સહચારીના આકર્ષણ કે વર્ચસ્વ હેઠળ આવી જવાય નહીં, એવી કાળજી રાખવી જોઈએ. વિદ્યાધ્યયન માટે ગ્રહો પ્રતિકૂળ નથી, પરંતુ લાગણીની અસર હેઠળ ભાન ભૂલી જવાય, માર્ગ ચૂકી જવાય એવી શક્યતા હોવાથી 'વિવેક' જાગૃત રાખશો તો જ આરોગ્ય જળવાશે અને વિદ્યાભ્યાસમાં મન પરોવી શકાશે. તમારી રાશિના વડીલોએ પણ વિદ્યાર્થીઓ પર પ્રેમપૂર્વક અંકુશ રાખવાની આવશ્યકતા છે.

વિશેષ વિગતો :- તમારી રાશિ કર્કમાં વર્ષના આરંભથી અંત સુધી નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી, એ જ રીતે તમારી રાશિના સપ્તમ સ્થાન અને વ્યયસ્થાનમાં પણ નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી.

સિવાયના દસ સ્થાનોમાં બળવાન ગ્રહોનું ભ્રમણ છે. બીજા અને ત્રીજા સ્થાનમાં કેતુ, ચોથામાં પ્લુટો, પાંચમામાં શનિ, છઠ્ઠામાં શનિ- હર્ષલ - નેપ્ચ્યુન, આઠમામાં રાહુ, નવમામાં રાહુ અને ગુરુ, દસમા અને અગિયારમાં સ્થાનમાં ગુરુ. ગ્રહોની આ સ્થિતિ સૂચવે છે કે તમારી આજુબાજુ વિવિધ ઘટનાઓ આકાર લેશે. તમે 'જળ- કમળવત્' રહી કર્મ કરશો, દર્શન કરશો, ભોગવશો, કેટલા પ્રમાણમાં તટસ્થ રહેશો ? તેનો આધાર તો જન્મસમયના ગ્રહો પર જ છે. પરંતુ ભાન અને જ્ઞાનપૂર્વક તટસ્થ રહેશો તો જ ભોગવવાના અતિરેકથી 'સ્વયમ્'ને જળ-કમળ-વત્ રાખશો. લપેટાશો તો મન અને ધન ભોગવશો. પરંતુ તનના માધ્યમ દ્વારા ચૂકવશો.

વર્ષના આરંભે ખુશનુમા અને આશાવાદી વર્તુળની વચ્ચે 'વિરાટ' બનવાના સ્વપ્નાઓ જોશો. તા. ૧૭-૧૨-૮૭થી અનુભવશો કે સ્વપ્નાઓ સાકાર થઈ શકે છે. અદૃષ્ય જગતમાંથી, અદીઠ વાતાવરણમાંથી મદદ મળવાના ભણકારા વાગશે. તા. ૩-૧-૮૮થી ૩-૨-૮૮ દરમિયાન તમને સત્તાશાળી વ્યક્તિની સહાયતા મળે, દૈવી જગતના નિયમ મુજબ લાગવગવાળી વ્યક્તિની મદદ મળે અથવા સિદ્ધ પુરુષ જેવા વ્યક્તિત્વના આશીર્વાદ મળે. આ સમયગાળો રાજસી અને તામસી સુખની પૂર્ણતા માટે સાત્વિક બળની સહાયતા મળવાનો છે. તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ સુધીનું ગોચર સિદ્ધિ મેળવવા માટેની સાધના કરવાનો છે. વર્ષનો આ સમયગાળો ચમત્કાર સર્જશે. પ્રારબ્ધ અને કર્મની જુગલબંધીમાં તમે અદીઠ પ્રવાસે નીકળી પડશો. તા. ૬-૩-૮૮ બાદ જ તમને સમજાશે કે પ્રવાસ સુંવાળો નથી. પરંતુ રહસ્ય ભરપૂર છે. તા. ૬-૩-૮૮થી ૧૯-૬-૮૮ સુધીના ગોચરને સમજી લેવાની જરૂર છે. આ સમય દરમિયાન ગુપ્ત ષડયંત્રમાં ફસાઈ જવાશે તો લાભ મળશે, પરંતુ મુક્તિ નહીં મળે. અગમ્ય-બ્રહ્માણ્ડને જાણવાનો પ્રયત્ન કરશો તો બ્રહ્માણ્ડનાં રહસ્યો ખુલશે પરંતુ તેનો તાગ નહીં મળે. આર્થિક પ્રાપ્તિ માટે અથવા અગમ્ય પ્રાપ્તિ માટે તમે એવા પ્રવાસે નીકળી ચૂક્યા હશો, જેમાં આગળ જ વધવું પડશે, પાછળ હટવાની કેડી બંધ થઈ ગઈ હશે. એક વાત નિશ્ચિત છે, અહીં 'ગુપ્તતા' શબ્દને તમારા જીવન સાથે સંબંધ બંધાઈ જશે. તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી 'લાભ' થશે. નાણાં, સત્તા, પદ, માન, કીર્તિ મેળવવાના માર્ગે હશો તો તે મળશે. ગુપ્તજ્ઞાન, ગુપ્તસંબંધો, ગુપ્તસંસાર કે સમાજમાં ડંકો વગાડવો હશે તો તેમ થશે. અહીં એટલું જ નોંધવું છે કે આ સમય ઝેરના પારખાંનો છે. વર્ષનો ઉત્તરાર્ધ તમને ભગવાન 'નીલકંઠ' બનાવે, ઝેરનો પ્યાલો પીનાર મીરાબાઈ બનાવે, દેશદાઝના ક્ષેત્રે સફળ ક્રાંતિકારી બનાવે કે પછી ભૌતિક સુખની ભૂખ ભાંગવા માટે ઉદ્યોપતિ, નેતા, ધનપતિ બનાવે. તેમ જે મેળવશો તેના મૂળ ખૂબ ઊંડે સુધી ઊતરશે.

વર્ષના આરંભથી તમારી મન:સ્થિતિને 'અંતિમવાદી'નું બિરુદ આપવામાં અતિશયોક્તિ નથી. તા. ૧૬-૧૧-૮૭થી ૧૬-૧૨-૮૭ દરમિયાન વિચારોની દૃષ્ટિએ 'કડવા કે ડંખીલા' બની શકો છો. તા. ૧૬-૧૨-૮૭થી ૧૩-૨-૮૮ સુધીમાં તમને તમારી ઈચ્છા પૂરી કરવા માટેનાં સાધનો સહાયકો અને વચનો મળશે. તા. ૧૩-૨-૮૮થી ૬-૩-૮૮ સુધીનો જ સમયગાળો સારાસારનો વિચાર કરી લેવાનો છે. અહીં બુદ્ધિથી તમે વિચારશો, પરંતુ વિચારની પ્રેરણા તો તમારા જન્મના ગ્રહોમાંથી જ મળશે. ગોચર ગ્રહો તો એટલું જ સૂચવે છે કે આ સમયના તમારા નિર્ણયો તમને બીજાઓના ઉપકારના બોજ તળે લાવશે, અલબત્ત શરૂઆતમાં આ બધું સહજ સહન કરી શકાય એવું લાગશે. તા. ૬-૩-૮૮ બાદ તીર છૂટી ચૂક્યું હશે. તા. ૬-૩-૮૮થી ૧૪-૩-૮૮ દરમિયાન તમને ખ્યાલ આવી જશે કે પાછા ફરી શકાય નહીં એવા માર્ગે આગળ વધી રહ્યા છો અને હવે તો પ્રવાસ અટકાવી નહીં શકાય. તા. ૧૪-૩-૮૮થી ૮-૫-૮૮ દરમિયાન તમને માન - વ્યવસાય - ધન વગેરે મળશે; એટલું જ નહીં, તમારા પરિવારના સભ્યો પણ તમને પ્રોત્સાહિત કરશે, અલબત્ત અહીં છૂપું 'જોખમ' છે, એવો વિચાર તમે કરશો. પરંતુ તમારી સલામતી કે જવાબદારીની ચિંતા બીજાઓ શા માટે કરે ? તા. ૮-૫-૮૮થી ૧-૯-૮૮ દરમિયાન તમારા પોતાનાઓ, જે તમારા લાભના ભાગીદારો હતા, એ લોકો તમારાથી જુદા થવા મથશે, કારણ અહીં તમારી જવાબદારીનો અણસાર આવશે. આ સમય ગુમાવવાનો છે. ધનનો વ્યય કે પરિવાર વિચ્છેદ જેવી ઘટનાને પણ અહીં અવકાશ છે. તા. ૧-૯-૮૮થી વર્ષના અંત સુધી તમે ભૌતિક સુખ ભોગવશો. આ સમયનું સુખ વસ્તુઓની પ્રાપ્તિ હસે, અંતરનું નહીં હોય. તનના સુખ માટે ધન મળશે, મનનું સુખ ખરીદવાનાં સાધનો નહીં મળે.

આ વર્ષની એક વરવી વાસ્તવિકતા હશે, તમારા પ્રયત્નો. તમે વિચારોથી અને આચરણથી ધનની માગ વધારશો. તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ સુધીનો સમયગાળો તમને નવા વર્તુળોમાં મૂકશે, અહીં તમે આચરણ કરશો અને તા. ૬-૩-૮૮ બાદ તમારા હાથમાં નાણાં આવશે. તમારી સુખની કલ્પના પૂર્ણ કરવા માટે નાણાં પૂરતા હશે પરંતુ ગુપ્ત જવાબદારી કે ચિંતા જેવા નિમિત્તે 'સુખ' ભોગવવાનો તમારો મિજાજ કલ્પનાનું સુખ ભોગવવાથી વંચિત રાખશે.

તમારું દૃઢ પ્રારબ્ધ જ તમને આ માર્ગે લાવશે. તા. ૨૬-૧૦-૮૭થી ૯-૪-૮૮ સુધીમાં એવા આચરણ કરશોજેના પરિણામે તા. ૧૬-૮-૮૮ થી ૨-૧૧-૮૮ સુધી ભાગ્યશાળી બનશો. તા. ૨-૧૧-૮૮ બાદ જ વિચાર કરવાનો સમય મળશે. આ વર્ષના ગ્રહો તમને ભૌતિક સાધનથી સમ્પન્ન બનાવશે, પરંતુ આવા સાધનોમાં જે સુખની તમારી કલ્પના હશે, તેવું સુખ નથી એ ભાન પણ કરાવશે. એકંદરે વિક્રમનું આ વર્ષ વિરોધાભાષી પુરવાર થશે. મૃત્યુલોકમાં વ્યાપ્ત કર્મની ગતિનો 'મર્મ' સમજશો તેની સાથે જ 'ધર્મ' ચૂકી જંવાય તો ? પ્રાપ્તિની દેખાતી મીઠાશ કેવી કડવી હોય છે ? અગોચરનું જ્ઞાન મળશે અને વૈભવી સુખ-સાધનો મળશે. આ વર્ષ 'દૈવી અને આસુરી' 'વિચાર અને વાસના'ના ભેદનું જ્ઞાન આપશે.

સિંહ (મ. ટ.)



વિક્રમ સંવત ૨૦૪૪ના આરંભ સમયે તમારી રાશિ સિંહના પરિવાર સ્થાનમાં મંગળ-કેતુ, પુરુષાર્થસ્થાનમાં સૂર્ય - ચંદ્ર - બુધ - શુક્ર - પ્લુટો, સુખસ્થાનમાં શનિ, બુદ્ધિસ્થાનમાં હર્ષલ - નેપ્ચ્યુન, ગુપ્ત સ્થાનમાં રાહુ અને ભાગ્ય સ્થાનમાં ગુરુ છે. તા. ૧૭-૧૨-૮૭ના શનિ સુખસ્થાન છોડી બુદ્ધિસ્થાનમાં આવશે. તા. ૬-૩-૮૮ના રાહુ-કેતુ અનુક્રમે ગુપ્ત સ્થાન અને પરિવાર સ્થાન છોડી સપ્તમ સ્થાન અને તમારી રાશિ સિંહમાં અર્થાત્ પ્રથમ સ્થાનમાં આવશે. ગુરુ તા. ૨૬-૧૦-૮૭ના પ્રારબ્ધ સ્થાન છોડી ગુપ્ત સ્થાનમાં આવશે, તા. ૩-૨-૮૮ના ફરી પ્રારબ્ધ સ્થાનમાં આવશે અને તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી કર્મસ્થાનમાં રહેશે. ગોચર ગ્રહોની આ સ્થિતિ સૂચવે છે કે તમે પ્રતિષ્ઠા અને કાનૂન અથવા નાણાં અને હકોને લગતી દ્વિધા અનુભવશો, નજીકની વ્યક્તિઓ આગળ પણ હૈયું નહીં ખોલી શકો. કેટલીક વખત ઉકેરાટ અનુભવશો, કેટલીક વખત 'અંત:--પ્રેરણા' અને પ્રાકૃતિક વાતાવરણમાંથી માર્ગદર્શન મળશે. અને કેટલીક વખત બધી જ માહિતી હોવા છતાં 'ગમ' ખાવાની ફરજ પડશે. તમારી કાર્યપદ્ધતિ સરળ અને સ્વચ્છ હશે, પરંતુ તમારી વિચારપદ્ધતિ ગૂંચવાડા જેવી હશે. અસ્પષ્ટ વિચારો, નિશ્ચિત કાર્યક્રમ અને સ્પષ્ટ કર્મ આ વર્ષની ફળશ્રુતિ છે.

વર્ષનો આરંભકાળ પરિવાર અને નાણાંને કેન્દ્ર બનાવશે. તા. ૨૪-૧૦-૮૭થી ૨૦-૧૧-૮૭ સુધીના બનાવો ગુપ્ત ચિંતા અને ભારે જવાબદારી સૂચવે છે. તા. ૨૦-૧૧-૮૭થી ૧૬-૧૨-૮૭ સુધી મનોમન મુંઝાશો, વ્યક્તિત્વની જાળવણી અને ગૂંચનો ઉકેલ શોધશો. કોની સલાહ લેવી ? ક્યાં હૈયું ખોલવું ? તા. ૧૬-૧૨-૮૭થી ૨૪-૧-૮૮ દરમિયાન મિત્રો, પરિવારના સભ્યો, માની લીધેલ સાચા સલાહકારોના ઝૂંડમાંથી એવી વ્યક્તિ ગોતશો જેની આગળ હૈયું ખાલી કરી શકાય. તા. ૨૪-૧-૮૮થી ૨૦-૨-૮૮ સુધીનો સમયગાળો ચંચળતા સૂચવે છે. જન્મસમયના ગ્રહો અનુકૂળ હશે તો જ તમને 'સાચો સલાહકાર' મળશે. ગોચર ગ્રહો તો ચિત્ર-વિચિત્ર સમૂહની વચ્ચે જ રઝળવાનો ઈશારો આપે છે. તા. ૨૦-૨-૮૮થી ૪-૩-૮૮ સુધીનો કાળખંડ 'ગહન વિચારો'માં ડૂબી જવાનો છે. મરજીવા 'મોતી' લેવા ઊંડી ડૂબકી મારે છે તેમ તમે તમારી સ્થિતિની ગહરાઈમાં ઊતરશો. તા. ૪-૩-૮૮થી ૧૯-૩-૮૮ સુધીનું ગોચર 'દૈવની કૃપા'

હર્ષલ-નેપ્ચ્યુન જેવા તીક્ષ્ણ ગ્રહો પણ પ્રતિકૂળ નથી, અનુકૂળ છે એમ નોંધી શકાય. વર્ષના આરંભથી તા. ૩૧-૩-૮૮, તા. ૧૩-૪-૮૮થી ૨-૫-૮૮, તા. ૧૧-૫-૮૮થી ૭-૬-૮૮ તા. ૫-૭-૮૮થી ૩૦-૮-૮૮ અને તા. ૧૭-૯-૮૮થી ૨૩-૧૦-૮૮ સુધીના ગ્રહો સંયુક્ત પરિવારના વ્યવસાયથી લાભ સૂચવે છે. પરંપરાગત પારિવારિક આવક વધવાનો યોગ છે. વર્ષના આરંભથી તા. ૨૬-૧-૮૮, તા. ૯-૨-૮૮થી ૧૨-૫-૮૮ અને તા. ૧૩-૬-૮૮થી વર્ષના અંત સુધી સાહસિક કાર્યોમાં, ખરીદ-વેચાણ જેવા વ્યવસાયમાં અથવા સમાજસેવા કે મનોરંજન ક્ષેત્રથી ધનલાભ થાય. વર્ષના આરંભથી તા. ૨-૫-૮૮ અને તા. ૧૬-૭-૮૮થી વર્ષના અંત સુધીના ગ્રહો નોકરીના ક્ષેત્રે બઢતી સૂચવે છે. રાજકીય સંબંધો, વિદેશી પરિચયો અને પ્રવર્તમાન કાનૂનના સંબંધોથી નાણાં મળવાનો યોગ બળવાન છે. નોકરી મળવાનો તેમ જ સ્પર્ધા જીતવાનો પણ યોગ છે. આર્થિક દૃષ્ટિએ તા. ૧૬-૭-૮૮ બાદના ગોચરને 'ભાગ્યોદય-કર્તા' નોંધી શકાય. અહીં કદાચ 'બચત' નબળી હોય પરંતુ દીર્ઘકાલીન આવક માટે આ સમયની ઘટના-સંબંધો 'નસીબવંત' બનાવશે.

વર્ષના આરંભથી તા. ૧૨-૫-૮૮, અને તા. ૨૨-૮-૮૮થી વર્ષના અંત સુધીની ગ્રહસ્થિતિ જૂના રોકાણોના માધ્યમથી લાભ સૂચવે છે. અતિ અંગત-ખાનગી કહી શકાય તેવા સંબંધો કે પારિવારિક મિલકતના નિમિત્તે ધન મળવાનો યોગ છે. નવી કે જૂની મિત્રતાથી નાણાં મળવાનો પ્રબળ યોગ છે. વર્ષના આરંભથી અંત સુધીની ગોચરસ્થિતિ આશ્ચર્ય ઉપજાવે એવી છે. ભાગીદારી, લગ્નજીવન, વારસાના હકો અથવા વીમા કે સરકારી ફંડના માધ્યમથી બૅંક બેલેંસ વધવાનો પ્રબળ યોગ છે. આ વર્ષની ગોચરસ્થિતિને ત્રણ તબક્કામાં વહેંચી શકાય. વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭થી સુધી વિચારરૂપી 'બી' વવાય. તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ સુધી વિચારને પરિપક્વ બનાવાય અર્થાત્ 'બીને પોષણ અપાય. તા. ૬-૩-૮૮ બાદ બૅંકમાં નાણાં જમા કરાવી શકાય, આ પ્રકારનું ગોચર વર્ષના અંત સુધીનું છે, અલબત્ત અહીંની નાણાંની પ્રાપ્તિ સાથે સામાન્ય 'કડવાશ' સંકળાશે. વસ્તુ - વ્યક્તિ - હક જેવું ગુમાવશો અને બૅંક બેલેંસ વધારશો. આધુનિક કાનૂનનો ઉપયોગ અથવા કળિયુગી-વ્યવસાય જેવી ઉપમા આપી શકાય એવા માધ્યમ દ્વારા વર્ષના આરંભથી તા. ૧૧-૯-૮૮ સુધી 'અર્થ-લાભ' મેળવશો. આ વર્ષે તમને તમારા હકના નાણાં મળશે, આવા પ્રકારનો હક આ 'જન્મ'નો હોય કે પૂર્વ જન્મના નિમિત્તે તમારા પ્રારબ્ધમાં હોય.

સ્થાવર સંપત્તિ :- તમારી રાશિના સ્થાવર સંપતિના સ્થાનમાં પ્લુટો છે. તા. ૧૭-૧૨-૮૭થી શનિ અને તા. ૧૯-૬-૮૮થી રાહુ-કેતુના દૃષ્ટિયોગો પ્લુટોને બળવાન બનાવે છે. અર્થાત્ તમારી રાશિના સ્થાવર સંપત્તિના સ્થાનને ફળ આપવા પ્રેરે છે. વર્ષ દરમિયાન ગુરુની હકારાત્મક અસર પ્લુટો નથી મેળવતો. આ સ્થાનમાં પ્લુટો ઑક્ટોબર ૧૯૮૧થી ભ્રમણ કરે છે, ડિસેમ્બર ૧૯૮૨ સુધી વક્રી-માર્ગી ગતિએ તેનું ભ્રમણ થતું રહેશે. અર્થાત્ પ્લુટો અતિ મંદ ગતિનો ગ્રહ હોવાથી તેના ગોચરના ફળ માટે નિશ્ચિતરૂપે લખી શકાય નહીં, પરંતુ આ વર્ષના બીજા ગોચર ગ્રહોની અસર હેઠળ પ્લુટો ફળ આપી શકે છે. જન્મસમયના ગ્રહો 'સ્થાવર સંપત્તિ'ને લગતી સામાન્ય કે અસામાન્ય અનુકૂળતાનો નિર્દેશ કરતા હશે તો આ વર્ષે રાહુ-કેતુની અસર હેઠળ પ્લુટોના માધ્યમ દ્વારા મિલકત મળવાનો નિશ્ચિત યોગ છે. વર્ષના આરંભથી તા. ૨-૫-૮૮ અને તા. ૨૨-૮-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર બળવાન છે. રાહુ -કેતુ - શનિ - પ્લુટોની અસર હેઠળ રહેઠાણના સ્થાનની બદલી થાય અથવા રહેઠાણના સ્થાનમાં વ્યવસ્થાને નવું રૂપ અપાય. વાહન કે વાડીનું સુખ મળે અથવા એવા સુખ માટે ખાસ વ્યવસ્થા ઊભી થાય. અંગત જીવનની આવશ્યકતાઓની પૂર્ણતા માટે 'સમૃદ્ધ વર્ષ છે.

સ્ત્રીઓ માટે :- વર્ષના આરંભે પુરુષાર્થ સ્થાનમાં કેતુ છે, તા. ૬-૩-૮૮થી પરિવાર સ્થાનમાં કેતુ જશે. આનો અર્થ છે, તમે પરિવારના હિતચિંતક બનશો, પરિવારનું હિત થશે. પરંતુ શ્રેય તમને નહીં મળે. વર્ષના આરંભે ભાગ્યસ્થાનમાં રાહુ છે. તા. ૬-૩-૮૮થી તમારી રાશિના ગુહ્યસ્થાનમાં રાહુ આવશે. આ સ્થિતિ માટે લખી શકાય કે સ્વાર્થ સાધવા માટે બીજાઓ તમને નિમિત્ત બનાવશે. વર્ષારંભે ગુરુ તમારી રાશિના કર્મસ્થાનમાં છે. તા. ૨૬-૧૦-૮૭થી ભાગ્યસ્થાનમાં આવશે, તા. ૩-૨-૮૮થી ફરી પાછો તમારી રાશિના કર્મસ્થાનમાં આવશે અને તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી તમારી રાશિના લાભસ્થાનમાં રહેશે. અર્થાત્ ગુરુની અસર હેઠળ તમે બીજાઓના 'ઇષ્ટ' માટે કર્મ કરશો. પ્રમાણ અને મર્યાદાની દૃષ્ટિએ તમને પરમાર્થ - હેતુ સફળતા પણ મળશે. પરંતુ આ સફળતાને ઉપયોગી બનાવવા, વ્યક્તિગત તમારો સ્વાર્થ સાધવાની દૃષ્ટિએ તમે નિષ્ક્રિય રહેશો. ગોચરની આવી સ્થિતિમાં, શનિ વર્ષના આરંભે તમારી રાશિના પૂર્વકર્મના સ્થાનમાં છે, તા. ૧૭-૧૨-૮૭થી ઉપચયસ્થાનમાં આવશે. આ શનિ પરિશ્રમ કરવાની ફરજ પાડશે. ફક્ત 'કર્મની ભાવના' હેઠળ જ તમે પરિશ્રમ કરશો, પરિશ્રમ ફળદાયી બનશે, ફરજ બજાવ્યાનો સંતોષ મેળવશો.

વર્ષના આરંભથી તા. ૨૪-૧૧-૮૭ સુધીના તમારા વિચારોને આચરણીય બનાવવા માટે તા. ૨૪-૧૧-૮૭થી ૪-૧-૮૮ દરમિયાન વડીલોના આશીર્વાદ મળશે, ભાગ્ય અનુકૂળ રહેશે. તા. ૪-૧-૮૮થી ૨૬-૧-૮૮ સુધી તો અવરોધનો અણસાર પણ નહીં જણાય. તા. ૨૬-૧-૮૮થી ૯-૨-૮૮ સુધીનો કાળ અવરોધનો - પ્રતિકૂળતાનો છે. અહીં તમારી આવશ્યકતાઓ વધે અને શુભેચ્છકો અશક્ત નીવડે અથવા ગુપ્ત વિરોધીઓ અંતરાય ઊભા કરે. તા. ૯-૨-૮૮થી ૧૨-૫-૮૮ સુધીનો કાળ ફળની આશા વગર, ફક્ત કર્મ કરવાનો, ફરજ પૂરી કરવાનો છે. તા. ૧૨-૫-૮૮થી ૧૩-૬-૮૮ દરમિયાન અ-સફળતાના દર્શન થશે. આ સમયની ઘટનાઓ, વિચારવાની ફરજ પાડશે, તમે અનુભવશો કે તમારા નિર્ણયો, તમારું ગણિત અપૂર્ણ છે, 'અશક્ય' પ્રકારના અવરોધો 'શક્ય' બન્યા છે. તા. ૧૩-૬-૮૮ બાદ વર્ષના અંત સુધી પરિશ્રમ કરશો, બીજાઓને સહાયતા કરવા માટે તમે બીજાઓ પાસેથી યાચના કરશો. આ વર્ષના ગોચર ગ્રહો તમને સાચા 'સેવક-શુભેચ્છક' બનાવશે. પરિશ્રમના ફળરૂપે નાણાં મળે અથવા પરિવારની પ્રતિષ્ઠા વધે, પરિવાર વૃદ્ધિ થાય અથવા તમને 'પદ' પ્રાપ્ત થાય. વર્ષના અંતે તમારા ઉદ્‌ગાર હશે, 'મહેનતના ફળ મીઠાં હોય છે.' હૈયામાં વ્યથા હશે, માયાળુ વચન દ્વારા 'યશ' ન મેળવી શકો.

વિદ્યાર્થીઓ માટે :- તમારી રાશિના વિદ્યાસ્થાનમાં વર્ષારંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી શનિ છે. તા. ૧૭-૧૨-૮૭ બાદ નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી. તા. ૨૬-૧૦-૮૭થી ૩-૨-૮૮ અને તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી ગુરુની પૂર્ણ દૃષ્ટિ આ સ્થાન પર છે. વર્ષના આરંભથી તા. ૬-૩-૮૮ સુધી રાહુ પણ અનુકૂળ છે. ગોચર ગ્રહો અનુકૂળતા તો જ સફળતા આપશે, જો તમારા જન્મસમયના ગ્રહો તમને વિશેષ સિદ્ધિ આપવા માટે અનુકૂળ હશે. આ વર્ષના હર્ષલ - નેપ્ચ્યુન - પ્લુટોની અસર હેઠળ તમારી ચંચળતા અને તિક્ષ્ણતા વધશે, આવી સ્થિતિમાં તમે આશા ગુમાવો અથવા લડાયક મિજાજ કેળવો, આવી બંને અસર અભ્યાસ માટે અનુકૂળ નથી. તા. ૨૪-૧૧-૮૭થી ૨૪-૧-૮૮, અને તા. ૧૩-૬-૮૮થી વર્ષના અંત સુધીની ગ્રહસ્થિતિ અનુકૂળ છે. આ સમયના નિર્ણયોને વફાદારીપૂર્વક વળગી રહેશો તો આ વર્ષે વિદ્યાધ્યયન ક્ષેત્રે સફળ નીવડશો. તા. ૧૧-૯-૮૮થી વર્ષના અંત સુધીની ગ્રહસ્થિતિ વિચિત્ર અને મૂંઝવણ વધારનારી છે. 'સંગ-દોષ'ના નિમિત્તે અથવા માદક-દ્રવ્યોના આકર્ષણ હેઠળ તમે 'કલ્પના અને સુખ'ના તરંગોમાં ભાન ભૂલી શકો છો, હકીકતમાં તા. ૩-૨-૮૮થી ૯-૪-૮૮ દરમિયાન નવી દોસ્તી બાંધવા તરફ જાગૃત રહેવું જોઈએ. તેમ જ સંગાથી કે સહચારીના આકર્ષણ કે વર્ચસ્વ હેઠળ આવી જવાય નહીં, એવી કાળજી રાખવી જોઈએ. વિદ્યાધ્યયન માટે ગ્રહો પ્રતિકૂળ નથી, પરંતુ લાગણીની અસર હેઠળ ભાન ભૂલી જવાય, માર્ગ ચૂકી જવાય એવી શક્યતા હોવાથી 'વિવેક' જાગૃત રાખશો તો જ આરોગ્ય જળવાશે અને વિદ્યાભ્યાસમાં મન પરોવી શકાશે. તમારી રાશિના વડીલોએ પણ વિદ્યાર્થીઓ પર પ્રેમપૂર્વક અંકુશ રાખવાની આવશ્યકતા છે.

વિશેષ વિગતો :- તમારી રાશિ કર્કમાં વર્ષના આરંભથી અંત સુધી નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી. એ જ રીતે તમારી રાશિના સપ્તમ સ્થાન અને વ્યયસ્થાનમાં પણ નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી.

સિવાયના દસ સ્થાનોમાં બળવાન ગ્રહોનું ભ્રમણ છે. બીજા અને ત્રીજા સ્થાનમાં કેતુ, ચોથામાં પ્લુટો, પાંચમામાં શનિ, છઠ્ઠામાં શનિ- હર્ષલ - નેપ્ચ્યુન, આઠમામાં રાહુ, નવમામાં રાહુ અને ગુરુ, દસમા અને અગિયારમાં સ્થાનમાં ગુરુ. ગ્રહોની આ સ્થિતિ સુચવે છે કે તમારી આજુબાજુ વિવિધ ઘટનાઓ આકાર લેશે. તમે 'જળ-કમળવત્' રહી કર્મ કરશો, દર્શન કરશો, ભોગવશો, કેટલા પ્રમાણમાં તટસ્થ રહેશો ? તેનો આધાર તો જન્મસમયના ગ્રહો પર જ છે, પરંતુ ભાન અને જ્ઞાનપૂર્વક તટસ્થ રહેશો તો જ ભોગવવાના અતિરેકથી 'સ્વયમ્'ને જળ-કમળ-વત્ રાખશો, લપેટાશો તો મન અને ધન ભોગવશો. પરંતુ તનના માધ્યમ દ્વારા ચુકવશો.

વર્ષના આરંભે ખુશનુમા અને આશાવાદી વર્તુળની વચ્ચે 'વિરાટ' બનવાના સ્વપ્નાઓ જોશો. તા. ૧૭-૧૨-૮૭થી અનુભવશો કે સ્વપ્નાઓ સાકાર થઈ શકે છે. અદૃષ્ય જગતમાંથી, અદીઠ વાતાવરણમાંથી મદદ મળવાના ભણકારા વાગશે. તા. ૩-૧-૮૮થી ૩-૨-૮૮ દરમિયાન તમને સત્તાશાળી વ્યક્તિની સહાયતા મળે, દૈવી જગતના નિયમ મુજબ લાગવગવાળી વ્યક્તિની મદદ મળે અથવા સિદ્ધ પુરુષ જેવા વ્યક્તિત્વના આશીર્વાદ મળે. આ સમયગાળો રાજસી અને તામસી સુખની પૂર્ણતા માટે સાત્વિક બળની સહાયતા મળવાનો છે. તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ સુધીનું ગોચર સિદ્ધિ મેળવવા માટેની સાધના કરવાનો છે. વર્ષનો આ સમયગાળો ચમત્કાર સર્જશે. પ્રારબ્ધ અને કર્મની જુગલબંધીમાં તમે અદીઠ પ્રવાસે નીકળી પડશો. તા. ૬-૩-૮૮ બાદ જ તમને સમજાશે કે પ્રવાસ સુંવાળો નથી. પરંતુ રહસ્ય ભરપૂર છે. તા. ૬-૩-૮૮થી ૧૯-૬-૮૮ સુધીના ગોચરને સમજી લેવાની જરૂર છે. આ સમય દરમિયાન ગુપ્ત ષડયંત્રમાં ફસાઈ જવાશે તો લાભ મળશે, પરંતુ મુક્તિ નહીં મળે. અગમ્ય-બ્રહ્માણ્ડને જાણવાનો પ્રયત્ન કરશો તો બ્રહ્માણ્ડનાં રહસ્યો ખુલશે પરંતુ તેનો તાગ નહીં મળે. આર્થિક પ્રાપ્તિ માટે અથવા અગમ્ય પ્રાપ્તિ માટે તમે એવા પ્રવાસે નીકળી ચૂક્યા હશો, જેમાં આગળ જ વધવું પડશે, પાછળ હટવાની કેડી બંધ થઈ ગઈ હશે. એક વાત નિશ્ચિત છે, અહીં 'ગુપ્તતા' શબ્દને તમારા જીવન સાથે સંબંધ બંધાઈ જશે. તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી 'લાભ' થશે. નાણાં, સત્તા, પદ, માન, કીર્તિ મેળવવાના માર્ગે હશો તો તે મળશે. ગુપ્તજ્ઞાન, ગુપ્તસંબંધો, ગુપ્તસંસાર કે સમાજમાં ડંકો વગાડવો હશે તો તેમ થશે. અહીં એટલું જ નોંધવું છે કે આ સમય ઝેરના પારખાંનો છે. વર્ષનો ઉત્તરાર્ધ તમને ભગવાન 'નીલકંઠ' બનાવે, ઝેરનો પ્યાલો પીનાર મીરાબાઈ બનાવે, દેશદાઝના ક્ષેત્રે સફળ ક્રાંતિકારી બનાવે કે પછી ભૌતિક સુખની ભૂખ ભાંગવા માટે ઉદ્યોપતિ, નેતા, ધનપતિ બનાવે. તેમ જે મેળવશો તેના મૂળ ખૂબ ઊંડે સુધી ઊતરશે.

વર્ષના આરંભથી તમારી મન:સ્થિતિને 'અંતિમવાદી'નું બિરુદ આપવામાં અતિશયોક્તિ નથી. તા. ૧૬-૧૧-૮૭થી ૧૬-૧૨-૮૭ દરમિયાન વિચારોની દૃષ્ટિએ 'કડવા કે ડંખીલા' બની શકો છો. તા. ૧૬-૧૨-૮૭થી ૧૩-૨-૮૮ સુધીમાં તમને તમારી ઈચ્છા પૂરી કરવા માટેનાં સાધનો સહાયકો અને વચનો મળશે. તા. ૧૩-૨-૮૮થી ૬-૩-૮૮ સુધીનો જ સમયગાળો સારાસારનો વિચાર કરી લેવાનો છે. અહીં બુદ્ધિથી તમે વિચારશો, પરંતુ વિચારની પ્રેરણા તો તમારા જન્મના ગ્રહોમાંથી જ મળશે. ગોચર ગ્રહો તો એટલું જ સૂચવે છે કે આ સમયના તમારા નિર્ણયો તમને બીજાઓના ઉપકારના બોજ તળે લાવશે, અલબત્ત શરૂઆતમાં આ બધું સહજ સહન કરી શકાય એવું લાગશે. તા. ૬-૩-૮૮ બાદ તીર છૂટી ચૂક્યું હશે. તા. ૬-૩-૮૮થી ૧૪-૩-૮૮ દરમિયાન તમને ખ્યાલ આવી જશે કે પાછા ફરી શકાય નહીં એવા માર્ગે આગળ વધી રહ્યા છો અને હવે તો પ્રવાસ અટકાવી નહીં શકાય. તા. ૧૪-૩-૮૮થી ૮-૫-૮૮ દરમિયાન તમને માન - વ્યવસાય - ધન વગેરે મળશે; એટલું જ નહીં, તમારા પરિવારના સભ્યો પણ તમને પ્રોત્સાહિત કરશે, અલબત્ત અહીં છૂપું 'જોખમ' છે. એવો વિચાર તમે કરશો. પરંતુ તમારી સલામતી કે જવાબદારીની ચિંતા બીજાઓ શા માટે કરે ? તા. ૮-૫-૮૮થી ૧-૯-૮૮ દરમિયાન તમારા પોતાનાઓ, જે તમારા લાભના ભાગીદારો હતા, એ લોકો તમારાથી જુદા થવા મથશે. કારણ અહીં તમારી જવાબદારીનો અણસાર આવશે. આ સમય ગુમાવવાનો છે. ધનનો વ્યય કે પરિવાર વિચ્છેદ જેવી ઘટનાને પણ અહીં અવકાશ છે. તા. ૧-૯-૮૮થી વર્ષના અંત સુધી તમે ભૌતિક સુખ ભોગવશો. આ સમયનું સુખ વસ્તુઓની પ્રાપ્તિ હસે, અંતરનું નહીં હોય. તનના સુખ માટે ધન મળશે, મનનું સુખ ખરીદવાનાં સાધનો નહીં મળે.

આ વર્ષની એક વરવી વાસ્તવિકતા હશે, તમારા પ્રયત્નો. તમે વિચારોથી અને આચરણથી ધનની માત્ર વધારશો. તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ સુધીનો સમયગાળો તમને નવા વર્તુળોમાં મૂકશે, અહીં તમે આચરણ કરશો અને તા. ૬-૩-૮૮ બાદ તમારા હાથમાં નાણાં આવશે. તમારી સુખની કલ્પના પૂર્ણ કરવા માટે નાણાં પૂરતા હશે પરંતુ ગુપ્ત જવાબદારી કે ચિંતા જેવા નિમિત્તે 'સુખ' ભોગવવાનો તમારો મિજાજ કલ્પનાનું સુખ ભોગવવાથી વંચિત રાખશે.

તમારું દૃઢ પ્રારબ્ધ જ તમને આ માર્ગે લાવશે. તા. ૨૬-૧૦-૮૭થી ૯-૪-૮૮ સુધીમાં એવા આચરણ કરશોજેના પરિણામે તા. ૧૬-૮-૮૮ થી ૨-૧૧-૮૮ સુધી ભાગ્યશાળી બનશો. તા. ૨-૧૧-૮૮ બાદ જ વિચાર કરવાનો સમય મળશે. આ વર્ષના ગ્રહો તમને ભૌતિક સાધનથી સમ્પન્ન બનાવશે, પરંતુ આવા સાધનોમાં જે સુખની તમારી કલ્પના હશે, તેવું સુખ નથી એ ભાન પણ કરાવશે. એકંદરે વિક્રમનું આ વર્ષ વિરોધાભાષી પુરવાર થશે. મૃત્યુલોકમાં વ્યાપ્ત કર્મની ગતિનો 'મર્મ' સમજશો તેની સાથે જ 'ધર્મ' ચૂકી જવાય તો ? પ્રાપ્તિની દેખાતી મીઠાશ કેવી કડવી હોય છે ? અગોચરનું જ્ઞાન મળશે અને વૈભવી સુખ-સાધનો મળશે. આ વર્ષ 'દૈવી અને આસુરી' 'વિચાર અને વાસના'ના ભેદનું જ્ઞાન આપશે.

સિંહ (મ. ટ.)



વિક્રમ સંવત ૨૦૪૪ના આરંભ સમયે તમારી રાશિ સિંહના પરિવાર સ્થાનમાં મંગળ-કેતુ, પુરુષાર્થસ્થાનમાં સૂર્ય - ચંદ્ર - બુધ - શુક્ર - પ્લુટો, સુખસ્થાનમાં શનિ, બુદ્ધિસ્થાનમાં હર્ષલ - નેપ્ચ્યુન, ગુપ્ત સ્થાનમાં રાહુ અને ભાગ્ય સ્થાનમાં ગુરુ છે. તા. ૧૭-૧૨-૮૭ના શનિ સુખસ્થાન છોડી બુદ્ધિસ્થાનમાં આવશે. તા. ૬-૩-૮૮ના રાહુ-કેતુ અનુક્રમે ગુપ્ત સ્થાન અને પરિવાર સ્થાન છોડી સપ્તમ સ્થાન અને તમારી રાશિ સિંહમાં અર્થાત્ પ્રથમ સ્થાનમાં આવશે. ગુરુ તા. ૨૬-૧૦-૮૭ના પ્રારબ્ધ સ્થાન છોડી ગુપ્ત સ્થાનમાં આવશે, તા. ૩-૨-૮૮ના ફરી પ્રારબ્ધ સ્થાનમાં આવશે અને તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી કર્મસ્થાનમાં રહેશે. ગોચર ગ્રહોની આ સ્થિતિ સૂચવે છે કે તમે પ્રતિષ્ઠા અને કાનૂન અથવા નાણાં અને હકોને લગતી દ્વિધા અનુભવશો, નજીકની વ્યક્તિઓ આગળ પણ હૈયું નહીં ખોલી શકો. કેટલીક વખત ઉશ્કેરાટ અનુભવશો, કેટલીક વખત 'અંત:--પ્રેરણા' અને પ્રાકૃતિક વાતાવરણમાંથી માર્ગદર્શન મળશે, અને કેટલીક વખત બધી જ માહિતી હોવા છતાં 'ગમ' ખાવાની ફરજ પડશે. તમારી કાર્યપદ્ધતિ સરળ અને સ્વચ્છ હશે, પરંતુ તમારી વિચારપદ્ધતિ ગૂંચવાડા જેવી હશે. અસ્પષ્ટ વિચારો, નિશ્ચિત કાર્યક્રમ અને સ્પષ્ટ કર્મ આ વર્ષની ફળશ્રુતિ છે.

વર્ષનો આરંભકાળ પરિવાર અને નાણાંને કેન્દ્ર બનાવશે. તા. ૨૪-૧૦-૮૭થી ૨૦-૧૧-૮૭ સુધીના બનાવો ગુપ્ત ચિંતા અને ભારે જવાબદારી સૂચવે છે. તા. ૨૦-૧૧-૮૭થી ૧૬-૧૨-૮૭ સુધી મનોમન મુંઝાશો, વ્યક્તિત્વની જાળવણી અને ગૂંચનો ઉકેલ શોધશો. કોની સલાહ લેવી ? ક્યાં હૈયું ખોલવું ? તા. ૧૬-૧૨-૮૭થી ૨૪-૧-૮૮ દરમિયાન મિત્રો, પરિવારના સભ્યો, માની લીધેલ સાચા સલાહકારોના ઝુંડમાંથી એવી વ્યક્તિ ગોતશો જેની આગળ હૈયું ખાલી કરી શકાય. તા. ૨૪-૧-૮૮થી ૨૦-૨-૮૮ સુધીનો સમયગાળો ચંચળતા સૂચવે છે. જન્મસમયના ગ્રહો અનુકૂળ હશે તો જ તમને 'સાચો સલાહકાર' મળશે, ગોચર ગ્રહો તો ચિત્ર-વિચિત્ર સમૂહની વચ્ચે જ રઝળવાનો ઈશારો આપે છે. તા. ૨૦-૨-૮૮થી ૪-૩-૮૮ સુધીનો કાળખંડ 'ગહન વિચારો'માં ડૂબી જવાનો છે. મરજીવા 'મોતી' લેવા ઊંડી ડૂબકી મારે છે તેમ તમે તમારી સ્થિતિની ગહરાઈમાં ઊતરશો. તા. ૪-૩-૮૮થી ૧૭-૩-૮૮ સુધીનું ગોચર 'દૈવી કૃપા'

જેવું છે. ભાગ્યબળે તમે સાચી દિશા મેળવશો. તા. ૧૭-૩-૮૮થી ૩૧-૩-૮૮ દરમિયાન સાચી સલાહ અને સાચો શુભેચ્છક મળશે; પરંતુ તા. ૧-૪-૮૮થી ૧૩-૪-૮૮ સુધીનું ગોચર પ્રવાહી સ્થિતિ સૂચવે છે, અહીં તમે બીજાઓની દોરવણી હેઠળ ભટકી જાઓ તો આશ્ચર્ય નથી, જન્મસમયના ગ્રહોની દોરવણી હેઠળ જ સાચા કે ખોટા નિર્ણય લેશો.

તા. ૧૩-૪-૮૮થી ૨૪-૫-૮૮ સુધીનો સમય મજબૂત બની નિર્ણયોના અમલ માટેનો છે. પ્રથમ દૃષ્ટિએ આ સમય ફાયદાકારક છે, પરંતુ અહીંની ઘટનાઓ ભવિષ્યમાં જવાબદારી વધારશે. તા. ૨૪-૫-૮૮થી ૭-૬-૮૮ દરમિયાન વધતી જવાબદારીની ઝલક મળશે. તા. ૭-૬-૮૮થી ૨૧-૬-૮૮ દરમિયાન 'નવા સંબંધો' બંધાશે. આ સમયના બંધનો કાયમી કે કામચલાઉ, તેમ જ વ્યાવસાયિક અથવા પારિવારિક કોઈ પણ પ્રકારના હોઈ શકે છે. તા. ૨૧-૬-૮૮થી ૫-૭-૮૮ દરમિયાન ફરી એક વાર જવાબદારી અને કાર્યપદ્ધતિને તપાસી જશો. સામાન્ય પ્રકારની 'ભયની લાગણી' અનુભવશો. તા. ૫-૭-૮૮થી ૧૯-૭-૮૮ દરમિયાન 'બિનચાસ્ત' પગલાં ભરવાનો સમય છે. મક્કમ-કર્મનો આરંભ થશે. તા. ૧૯-૭-૮૮થી ૨-૮-૮૮ દરમિયાન 'અતિ-અંગત-મિત્ર' કે શુભેચ્છકની સલાહ અનિવાર્ય બનશે. હવે અવરોધો અને અડચણોનો આરંભ થશે. તા. ૨-૮-૮૮થી ૯-૮-૮૮ દરમિયાન પડકાર સર્જાશે. તા. ૯-૮-૮૮થી ૧-૯-૮૮ સુધીમાં તમે દૃઢ નિર્ણય કરશો અને સફળતા તરફનું એક ડગલું પણ ભરશો. તા. ૧-૯-૮૮થી ૨૬-૯-૮૮ સુધી તો 'હામ' ટકશે. તા. ૨૬-૯-૮૮થી ૧૦-૧૦-૮૮ સુધીની ચંચળતા જ તમારા માટે 'વમળ' સાબિત થશે. તા. ૧૦-૧૦-૮૮થી ૨૩-૧૦-૮૮ સુધીનો કાળખંડ આ વર્ષની જવાબદારી કે આક્ષેપોથી ભરપૂર પુરવાર થશે. આવા સમયે આરોપીના રૂપમાં તમે હશો અને ફરિયાદીના રૂપમાં તમારું વર્તુળ હશે. અહીં માનભંગ જેવી સ્થિતિ અથવા અર્થ અને કાનૂનને લગતી જવાબદારી કે આરોગ્યની અને બીજી ગુપ્ત મુંઝવણોના પ્રકાર અને પ્રમાણ તો જન્મસમયના ગ્રહો જ નક્કી કરશે, ગોચર ગ્રહો તો તમને આરોપીના પાંજરામાં ઊભા રાખશે.. તા. ૨૩-૧૦-૮૮ બાદ વર્ષના અંત સુધીનું ગોચર સ્થિતિ અને સ્થાન જાળવી રાખવા માટે સહાયક બનશે. વર્ષ દરમિયાન જિદ્દી બનશો. વિચારોનો ઉશ્કેરાટ અનુભવશો. અર્થ - કાનૂન - પરિવાર કે વ્યવસાયની ગુપ્ત મૂંઝવણો અનુભવશો. પરંતુ નિર્ણયોની મક્કમતા જળવાશે, હામ ટકી રહેશે, એટલે વર્ષના અંતે 'આરોપ મુક્ત' હળવાશ અનુભવી શકશો.

તંદુરસ્તીની દૃષ્ટિએ :- વર્ષ દરમિયાન તમારી રાશિના આરોગ્ય સ્થાનમાં નોંધપાત્ર ગ્રહોનું ભ્રમણ નથી. તમારી રાશિના આયુસ્થાનમાં વર્ષારંભે રાહુ છે. તા. ૬-૩-૮૮ના રાહુ આ સ્થાન છોડશે. તા. ૨૬-૧૦-૮૭થી ૩-૨-૮૮ સુધી ગુરુનું ભ્રમણ આ સ્થાનમાંથી થશે. તમારી રાશિના આયુસ્થાનની રાશિ મીનનો સ્વામી ગુરુ છે. વર્ષના આરંભના સમયગાળામાં ગુરુ-રાહુની આયુસ્થાનની યુતિ મેદ-વૃદ્ધિ, ખાન-પાનના નિમિત્તે ખોરાકી અતિરેક અથવા ખોરાકી ઝેરના કારણે આરોગ્યની ફરિયાદ સર્જી શકે છે. તા. ૨૪-૧૦-૮૭થી ૨૦-૧૧-૮૭ અને તા. ૨૦-૨-૮૮થી ૪-૩-૮૮ સુધીનું ગોચર આરોગ્યની દૃષ્ટિએ વિશેષ કાળજી રાખવા જેવું છે. તા. ૩-૧-૮૮થી ૩-૨-૮૮ સુધીનો કાળખંડ આકસ્મિક માંદગી સૂચવે છે. તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ સુધીનો સમયગાળો અસાધારણ ચિંતાના નિમિત્તે આરોગ્ય બગાડી શકે છે. તમારી રાશિના બુદ્ધિસ્થાનમા હર્ષલ અને નેપ્ચ્યુન વર્ષારંભથી વર્ષના અંત સુધી રહેશે, આ દરમિયાન જ તા. ૧૭-૧૨-૮૭થી શનિ આ સ્થાનમાં આવશે અને વર્ષના અંત સુધી રહેશે. નેપ્ચ્યુનની અસર હેઠળ તમે ભાવુક બનશો, હર્ષલની અસર હેઠળ આક્રમક બનશો અને શનિ 'વ્યવહારુ' બનવાની ફરજ પાડશે. આવી ગ્રહસ્થિતિના કારણે 'વિચાર-તંત્ર' અવ્યવસ્થિત થશે. પરિણામે 'માનસિક વિકાર' કહી શકાય તેવી માંદગી અને તેની તનની તંદુરસ્તી પરની અસરનો મુકાબલો તો લગભગ સંપૂર્ણ વર્ષ કરવો પડશે. 'સિંહ' જેવા તમે સંયોગોની ગુલામીની અસર મન પર નહીં થવા દો, તો જ 'શરીર-સ્વાસ્થ્ય' જાળવવા શક્તિમાન થશો, સાંયોગિક ઘટનાઓની અસર મન પર થશે (થવા દેશો) તો આરોગ્યની ફરિયાદ વારંવાર અનુભવશો.

કૌટુંબિક દૃષ્ટિએ :-- વર્ષારંભે તમારી રાશિના કુટુંબસ્થાનમાં મંગળ અને કેતુ છે. તા. ૧૪-૧૧-૮૭ના મંગળ અને તા. ૬-૩-૮૮ના કેતુ આ સ્થાન છોડશે. તા. ૧૭-૧૨-૮૭થી વર્ષના અંત સુધી શનિની પૂર્ણ દૃષ્ટિ આ સ્થાન પર રહેશે, સાથે જ તા. ૨૬-૧૦-૮૭થી ૩-૨-૮૮ સુધી અને તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી ગુરુની પૂર્ણ દૃષ્ટિ આ સ્થાન પર રહેશે. મંગળ-કેતુનો યોગ પરિવાર વિચ્છેદ સર્જી શકે છે અને ગુરુ-શનિનો યોગ પરિવારના સભ્યોને તેઓની વ્યક્તિગત મર્યાદા જાળવવાની જાગૃતિ આપે છે. આવા સમયે પરિવારના સભ્યોની અંગત ગ્રહસ્થિતિ પ્રમાણે વિખવાદ - વિસંવાદ અને દૃઢતાની અસર સંયુક્ત પરિવારે સહન કરવાની રહેશે. તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ સુધીનો સમયગાળો વારસાના હકો અથવા લાંબા ગાળાની પારિવારિક વ્યવસ્થા અને નાણાકીય જવાબદારીને લગતી સમસ્યાના અનુભવનો છે. વર્ષના આરંભથી તા. ૧-૧૨-૮૭, તા. ૧૯-૧૨-૮૭થી ૨૭-૧૨-૮૭, તા. ૧૨-૧-૮૮થી ૨૧-૧-૮૮, તા. ૧૫-૨-૮૮થી ૪-૩-૮૮, તા. ૧૦-૪-૮૮થી ૧૭-૪-૮૮, તા. ૭-૫-૮૮થી ૧૬-૫-૮૮, તા. ૧-૭-૮૮થી ૧૨-૭-૮૮, તા. ૩-૮-૮૮થી ૯-૮-૮૮, અને તા. ૨-૯-૮૮થી ૭-૧૧-૮૮ સુધીના સમયગાળાઓ પારિવારિકા મતભેદ તેમ જ અનાવશ્યક આર્થિક જવાબદારીના બની શકે છે. તા. ૧૬-૩-૮૮થી ૩-૪-૮૮ અને તા. ૧૨-૭-૮૮થી ૨૭-૭-૮૮ દરમિયાન પરિવારના સભ્યો વ્યક્તિગત ગ્રહસ્થિતિ પ્રમાણે ભૌતિક સફળતા અનુભવશે. તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ દરમિયાન નવા પારિવારિક સંબંધો બંધાવાનો યોગ છે, આ સમયના નવા સંબંધો અને તમારા પરિવારની જૂની અર્થવ્યવસ્થાના નિમિત્તે તા. ૬-૩-૮૮ બાદ 'ઠંડા-યુદ્ધ'નો યોગ નિર્માણ થાય છે, અલબત્ત આ સમયની મતભેદની સ્થિતિની વિશેષ અસર તમને પોતાને જ જણાશે. જન્મસમયના ગ્રહો 'પારિવારિક શાંતિ' સૂચવતા હશે તો આ વર્ષની ગોચર ઘટનાઓ દૂધના ઉભરાની જેમ અંતે સમી જશે અથવા સામાન્ય પ્રમાણમાં ઊભરાઈ જશે.

આર્થિક દૃષ્ટિએ :-- તમારી રાશિના લાભસ્થાનમાંથી વર્ષ દરમિયાન નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી. ભાગ્યસ્થાનમાં અને કર્મસ્થાનમાં ગુરુનું ભ્રમણ છે. ધન સંગ્રહના સ્થાનમાં વર્ષારંભે મંગળ અને કેતુ છે. તા. ૧૪-૧૧-૮૭ના મંગળ અને તા. ૬-૩-૮૮ના કેતુ આ સ્થાન છોડશે, ત્યાર બાદ વર્ષના અંત સુધી નોંધપાત્ર ગ્રહનું ફળ ધનસંગ્રહ સ્થાનને નહીં મળે. વર્ષારંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી તમારી રાશિના કર્મસ્થાન પર શનિની દૃષ્ટિ છે. તા. ૧૭-૧૨-૮૭થી વર્ષના અંત સુધી શનિની દૃષ્ટિ તમારી રાશિના લાભસ્થાન અને ધનસંગ્રહ પર રહેશે. જ્યોતિષશાસ્ત્રના વિદ્વાનોના મતે ગુરુનું ભ્રમણ અને શનિની દૃષ્ટિ ભૌતિક સુખનો અસંતોષ રખાવે છે. વિક્રમના આ વર્ષ દરમિયાન તમારી રાશિના આવકના સાધનોનાં ભાવમાં ગુરુનું ભ્રમણ છે અને શનિની દૃષ્ટિ છે. ગુરુ અને શનિના ઉપરોક્ત યોગના બીજા પાસાનો વિચાર કરીએ તો લખી શકાય કે આ વર્ષે પ્રત્યક્ષ કર્મ-લાભ સામાન્ય રહે, પરંતુ પરોક્ષ રીતે આવતા વર્ષો માટેની ધનપ્રાપ્તિનો પાયો આ વર્ષે મજબૂત બને.

તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ સુધીનું ગોચર સૂચવે છે કે તમે તમારા આવકનાં સાધનો નોકરી - વ્યવસાય - વ્યાપાર અને તમારી પારિવારિક લાગવગ તથા નાણાકીય સ્થિતિનો યોગ સાધી આવક માટેની નવી, સાહસથી ભરપૂર, બુદ્ધિપૂર્વકની યોજનાનો અમલ કરવા ઉતાવળા થશો. અહીં તમને બૅંકર્સની પૂરી મદદ મળશે. તેમ જ જન્મસમયના ગ્રહોની વૃત્તિ પ્રમાણે ભાગીદારી કહી શકાય તેવા સંબંધોનો પૂરતો સહારો મળશે. આર્થિક - સામાજિક - રાજકીય સહાયતા વિપુલ પ્રમાણમાં મળશે. આવી સહાયતાનો 'માપદંડ' તો તમારા જન્મસમયના ગ્રહો જ હશે, ગોચર ગ્રહો તો વિશાળ ક્ષેત્ર અને સહાયતા આપશે. તા. ૬-૩-૮૮ બાદ વર્ષના અંત સુધીનો સમય કાર્યમાં ડૂબી જવાનો છે. ઉદ્યોગ, વ્યાપાર, વ્યવસાય, નોકરી, નેતાગીરી અથવા પ્રતિનિધિત્વ જેવા શબ્દોની વ્યાખ્યાના માધ્યમથી, બીજાઓના નાણાંની મદદથી, બીજી વ્યક્તિઓના સહકારથી, બીજી અનેક વ્યક્તિઓના ધનલાભ માટે કાર્ય કરશો. થાકી

જવાય, માંદા પડી જવાય, મહેનતના પ્રમાણમાં નાણાંનું વળતર અલ્પ મળે તોપણ તમારે કામ કરવું જ પડશે. અદીઠ જવાબદારીનો બોજો માથે વહોરશો અને જવાબદારી અદા કરતા કરતા થાકી જશો. આ વર્ષે તો ફક્ત આવશ્યકતાના પ્રમાણની અંદર જ ધનલાભ મેળવશો. વર્ષારંભથી તા. ૨૩-૧૧-૮૭ સુધીના પુરુષાર્થનું ફળ તા. ૪-૧૨-૮૭ સુધીમાં મેળવશો. તા. ૪-૧૨-૮૭થી પુરુષાર્થનો બીજો તબક્કાનો આરંભ થશે, તા. ૨૫-૧૨-૮૭થી ૫-૧-૮૮ દરમિયાન નિરાશા જણાશે. તા. ૫-૧-૮૮ બાદ ફરી આશાના બળે પુરુષાર્થની ગતિ જાળવી રાખશો. તા. ૧૬-૧-૮૮થી ૩-૨-૮૮ સુધીનો સમય કસોટીનો છે. ખેડૂતની માફક ખેતરમાં 'બી' વાવવાનો સમય છે. તા. ૪-૨-૮૮થી દૈવી સહાયતા મળશે. તા. ૧-૩-૮૮ સુધીમાં હિમ્મત એકઠી કરશો. તા. ૧-૩-૮૮થી ૧૨-૩-૮૮ દરમિયાન આ વર્ષનો વ્યવસાયને લગતો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેશો. તા. ૧૨-૩-૮૮ બાદ ફરી એક વાર દૈવી સહાયતા મેળવશો. તા. ૨૫-૩-૮૮થી ૭-૮-૮૮ દરમિયાન આર્થિક રાહત મળશે. તેમ જ નાણાંની છૂટ વર્તાશે. તા. ૨૯-૯-૮૮થી ૨૨-૧૦-૮૮ દરમિયાન તમારા વર્તુળને દર્શન કરાવવા સમર્થ બનશો કે તમે 'સિંહ' છો. અર્થાત્ પ્રતિકૂળ સમય દરમિયાન 'હામ' ટકાવીને 'દામ' મેળવવાના માર્ગે સફળ પ્રવાસ કરી શક્યા છો. તા. ૨૨-૧૦-૮૮થી ૨-૧૧-૮૮ સુધીનો સમય કરેલ પુરુષાર્થની માવજત કરવાનો છે. તા. ૨-૧૧-૮૮ બાદ વર્ષના અંત સુધીમાં તમને ખ્યાલ આવી જશે કે આ વર્ષનાં વ્યાપારિક પુરુષાર્થના બદલામાં યોગ્ય રીતે નાણાંની પ્રાપ્તિ આ વર્ષે તો નથી થવાની. આવક માટેનો પાયો મજબૂત બનશે અને વિક્રમના આવતા વર્ષે ધનલાભ થવાની પાકી ખાતરી આ વર્ષના અંતે થશે. માવજતપૂર્વક વાવણી આ વર્ષે થશે. પાક આવતા વર્ષે ઘરભેગો કરશો.

સ્થાવર સંપત્તિ :-- તમારી રાશિના સ્થાવર સંપત્તિના સ્થાનમાં વર્ષારંભે શનિ છે. તા. ૧૭-૧૨-૮૭ના શનિ આ સ્થાન છોડશે, ત્યાર બાદ તા. ૩૦-૧૨-૮૭થી ૧૩-૨-૮૮ સુધી મંગળ આ સ્થાનમાં ભ્રમણ કરશે. મંગળ આ સ્થાનનો કારક અને સ્વામી છે. તા. ૨૬-૧૦-૮૭થી ૩-૨-૮૮ અને તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી ગુરુની આ સ્થાન પર પૂર્ણ દૃષ્ટિ છે. આ ગ્રહયોગો આ સ્થાન સંબંધી તમારી ચંચળ મનોવૃત્તિ સૂચવે છે. વર્ષના આરંભકાળે તમે વાહન - જમીન - મિલકત - રહેઠાણ વગેરેના ફેરફારોને લગતી ચંચળ વૃત્તિના શિકાર હશો. તા. ૪-૧૧-૮૭થી ૧૪-૧૧-૮૭ દરમિયાન વડીલોપાર્જિત મિલકતના બદલામાં નાણાં મળવાનો પ્રબળ યોગ છે. તા. ૧૪-૧૧-૮૭થી ૨૪-૧૧-૮૭ દરમિયાન વાહન કે મિલકતને લગતા દસ્તાવેજ બનાવવાનો સામાન્ય યોગ છે. તા. ૨૪-૧૧-૮૭થી ૪-૧-૮૮ સુધીના ગોચર ગ્રહો વિરોધાભાષી છે. ગુપ્ત-મિલકતના નિર્ણયો - સંબંધો ભાગ્યોદય માટે નિમિત્ત બની શકે છે. લાલચ વધવાનો યોગ છે, પરંતુ સાથે જ સામાન્ય ગફલતનાં પરિણામે લાંબા ગાળે 'કાનૂની હકો'ની સમસ્યા સર્જાઇ શકે છે. આ સમય દરમિયાન-મિલકતના સામાન્ય કે અસામાન્ય નિર્ણયો લેવાના સમયે-લાલચથી દૂર રહી, કાનૂની મર્યાદાના અર્થઘટનની યોગ્ય ચકાસણી કરી લેવી અતિ આવશ્યક છે. તા. ૪-૧-૮૮થી ૧૩-૨-૮૮ સુધીની ઘટનાઓ જૂની મિલકતનું રૂપાંતર બૅંક બૅલેંસના રૂપમાં કરી આપવા સમર્થ છે. તા. ૧૩-૨-૮૮થી ૨૩-૩-૮૮ સુધીનો સમયગાળો મિલકત-વાહનના નિમિત્તે પ્રતિષ્ઠાપ્રાપ્તિનો છે. તા. ૨૩-૩-૮૮થી ૨-૫-૮૮ સુધીની ગોચર સ્થિતિ નકારાત્મક ફળ સૂચવે છે. આ સમયના મિલકતને લગતા તમારા નિર્ણયો નુકસાનનો અનુભવ કરાવે અથવા વિલંબ બાદ સફળતા અપાવે. તા. ૨-૫-૮૮થી વર્ષના અંત સુધીના ગોચર ગ્રહો મકાન - મિલકત - વાહન - વાડી - જમીન - ખેતી વગેરે માટે અનુકૂળ હોવાથી જન્મસમયના તમારા ગ્રહોની શક્તિ મુજબ, વર્ષના અંત ભાગમાં આ સ્થાન સંબંધી તમારી અનેક ઇચ્છાઓ પૂરી થઇ શકે છે. તા. ૨૦-૧૧-૮૭થી ૩-૧૨-૮૭ દરમિયાન 'મિલકત'ને લગતી તમારી આકાંક્ષાઓનો 'બી'ના રૂપમાં ઉપયોગ કરશો તો આ વર્ષના અંત ભાગમાં 'બી'ને 'વૃક્ષ' બનતું જોઇ શકશો.

સ્ત્રીઓ માટે :-- વર્ષના આરંભે તમારી રાશિના સપ્ત સ્થાનમાં - સામાજિક સંબોધોના સ્થાનમાં ગ્રહ નથી. તા. ૬-૩-૮૮થી રાહુ આ સ્થાનમાં આવશે અને વર્ષના અંત સુધી રહેશે. રાહુના રાશિ પરિવર્તનની સાથે જ કેતુ તમારી રાશિ સિંહમાં આવશે. વર્ષના આરંભના થોડા સમય બાદ જ તા. ૧૭-૧૨-૮૭થી શનિ તમારી રાશિના બુદ્ધિસ્થાનમાં આવશે. શનિ તમારી રાશિનો ષષ્ઠેશ અને સપ્તમેશ છે. અર્થાત્ વ્યક્તિગત તમારા સંબંધો, બીજાઓ માટેનો તમારો ત્યાગ અને કેટલાક હકો સાથે શનિનો સંબંધ રહેશે. શનિ મંદ વિચારધારાનો ગ્રહ છે, પાયો મજબૂત બનાવવાનો ગ્રહ છે. આ ગ્રહ આ વર્ષે તમારી રાશિના પંચમ સ્થાનમાં રહેલ હર્ષલ અને નેપ્ચ્યુન સાથે તેઓના સ્વભાવ મુજબ તમને પ્રેરણા આપશે. શનિની પ્રેરણા હેઠળ તમે ઠોસ નિર્ણયો લેશો, હર્ષલની અસર હેઠળ લડાયક ખમીરની સાથે જ નેપ્ચ્યુનના કારણે સર્જનાત્મક કવિ કે કાલ્પનિક - દાર્શનિક બનશો. આ સ્થિતિના શુભ પરિણામ માટે લખી શકાય કે આ વર્ષે તમે વિદ્યાભ્યાસમાં, સાહિત્ય-કળામાં કે ગ્રહસ્થ જીવનમાં 'સર્જક' બની શકો. જન્મસમયના ગ્રહો પૂર્ણ સર્જક-શક્તિનો અભાવ સૂચવતા હશે. અર્થાત્ 'ખંડ' શક્તિ વહેંચતા હશે તો તમે વ્યક્તિ અને સમાજના સંબંધો - હકો માટે લડાયક ખમીરની અસર હેઠળ 'સમાજસેવા' જેવા ક્ષેત્રે બીજાઓને મદદ કરશો. વર્ષનો આરંભકાળ પુરુષાર્થ અને નિર્ણયની ભેદરેખા મિટાવવાનો છે. તા. ૨૯-૧૧-૮૭ આસપાસના દિવસો સૂચક છે. તા. ૧૭-૧૨-૮૭ સુધીનો સમયગાળો 'પથ' નક્કી કરી લેવાનો છે. તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ દરમિયાન તમારા નિર્ણયોનો અમલ કરશો, ઉપભોગ કરશો. અહીં વિવાહ જેવા મહત્ત્વપૂર્ણ વિષયને લગતો અંતિમ નિર્ણય લેશો અથવા વિદ્યાભ્યાસ, આવક, નોકરી, સંયુક્ત પરિવારની અર્થવ્યવસ્થાને લગતા અતિ અગત્યના વિષયો પર નિર્ણાયક વિચાર દર્શાવશો, આચરણનો આરંભ કરશો. તા. ૬-૩-૮૮ બાદ વર્ષના અંત સુધીનો સમય 'તમારી સત્તા' બીજા પાસે સ્વીકાર કરાવવાનો છે. અહીં વય - અવસ્થા - સ્વભાવ અને ઇચ્છાના પ્રકારભેદે તમે તમારા વર્તુળને તમારી ઇચ્છા મુજબ નચાવી શકશો. નોકરી, ભાગીદારી, સમાજસેવા, પરિવારના શુભેચ્છક જેવા અનેક રૂપે તમે 'નારી-નારાયણી' બનશો. જન્મસમયના ગ્રહોની શક્તિ મુજબ સત્તા - પદ - માન - પ્રતિષ્ઠા પ્રાપ્ત કરશો.

વિદ્યાર્થીઓ માટે :-- તમારી રાશિના વિદ્યાસ્થાનમાં વર્ષના આરંભથી અંત સુધી હર્ષલ અને નેપ્ચ્યુન છે. તા. ૧૭-૧૨-૮૭થી વર્ષના અંત સુધી શનિ રહેશે. આ સ્થાનનો સ્વામી ગુરુ વર્ષના આરંભથી તા. ૨૬-૧૦-૮૭ સુધી અને તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ સુધી આ સ્થાન પર પૂર્ણ દૃષ્ટિ કરશે. જન્મસમયના ગ્રહોની મર્યાદા મુજબ આ વર્ષના ગોચર ગ્રહો વિદ્યાભ્યાસ માટે આશીર્વાદ સૂચક છે એમ લખવામાં બિલકુલ અતિશયોક્તિ નથી. હર્ષલની અસર હેઠળ નવા ઉદ્યોગો અને સંશોધન, નેપ્ચ્યુનની અસર હેઠળ નૂતન કળા અને સાહિત્ય તથા શનિની અસર હેઠળ અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર જેવા વિષયોમાં ગુરુની શુભ દૃષ્ટિથી સફળતા મળે. શનિની મંદતા, હર્ષલની વ્યગ્રતા, નેપ્ચ્યુનની કાલ્પનિક વૃત્તિ અને ગુરુની જ્ઞાનપૂર્ણતા તમને વિદ્યાભ્યાસના ક્ષેત્રે સફળતા બક્ષશે.

વર્ષના આરંભથી તા. ૧૧-૩-૮૮ સુધીનો સમયગાળો એકધારી સફળતાનો છે. આવશ્યક સહાયતા મળશે. તા. ૧૧-૩-૮૮થી ૧૬-૭-૮૮ દરમિયાન તમે અભ્યાસની સાથે જ આવકના સંબંધો વિકસાવવા જેવી વૃત્તિ કેળવશો. તા. ૧૬-૭-૮૮થી ૨-૧૧-૮૮ સુધીનો સમયગાળો ચંચળતા સૂચવે છે. વર્ષના આ અંતિમ તબક્કામાં જન્મસમયના ગ્રહોની અસર હેઠળ તમારા દૃઢ પ્રારબ્ધને ભોગવવાની તૈયારી કરશો. વિષય પરિવર્તન, અભ્યાસની પૂર્ણતા અથવા કામચલાઉ ઢંગે વિદ્યાભ્યાસ તરફની ઉદાસીનતા જેવી વિચિત્ર વૃત્તિના ભોગ બનશો. એકંદરે વિદ્યાભ્યાસ માટે સફળતા અને રુચિ માટે આ વર્ષના ગોચર ગ્રહો ઉત્તમ ફળ આપશે.

વિશેષ વિગતો :-- વિક્રમનું આ વર્ષ શું સૂચવે છે.? વર્ષારંભે કેતુ તમારી રાશિના પરિવાર સ્થાનમાં છે. તા. ૬-૩-૮૮થી કેતુ તમારી રાશિ સિંહમાં આવશે. અર્થાત્ તમારા પરિવારના સભ્યોની વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષાઓમાંથી તેઓને મુક્તિ મળશે અને મુક્તિ અપાવવા કે મેળવી આપવા માટે તમે નિમિત્ત બનશો.

અહીં મુક્તિનો અર્થ થશે, તેઓની ઈચ્છા પૂરી થવી, ઈચ્છાઓ મરી જવી અથવા દેશકાળની અસર હેઠળ ઈચ્છાઓ પરિવર્તિત થવી. પ્લુટો વર્ષના આરંભથી અંત સુધી તમારી રાશિના પુરુષાર્થ સ્થાનમાં છે. તેમ જ થોડા સમય સુધી ગુરુની દૃષ્ટિ હેઠળ છે. પ્લુટોની અસર હેઠળ તમે તમારી કાર્યપ્રણાલી - જીવનશૈલી બદલશો. પ્રત્યક્ષ રીતે પારખી શકાય નહીં, પરંતુ પરોક્ષ રીતે જીવનવ્યવહાર બદલાય, એવી સ્થિતિ પ્લુટો અને ગુરુ સર્જશે. શનિ વર્ષારંભે તમારી રાશિના સુખ સ્થાનમાં છે. જ્યોતિષશાસ્ત્રના વિદ્વાનોએ શનિને 'દુખકારક' ચીતર્યો છે. વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી કહેવાતો દુખકારક શનિ તમારી રાશિના સુખસ્થાનમાં રહેશે. આ સમયગાળા દરમિયાન તમે દુખ અને સુખના ભેદ પારખશો, જન્મસમયના ગ્રહો અધ્યાત્મવાદી વિચારશ્રેણી આપનારા હશે તો દુખ અને સુખના દ્વૈતને 'અદ્વૈત' રૂપે નીહાળશો. તા. ૧૭-૧૨-૮૭થી શનિ તમારી રાશિના વિચાર-બુદ્ધિ અને પૂર્વકર્મના સ્થાનમાં આવશે. આ સ્થાનમાં જ વર્ષના આરંભથી હર્ષલ અને નેપ્ચ્યુન રહેલા છે. નવસર્જનની શક્તિ હર્ષલ આપશે, કલ્પના શક્તિ મળશે નેપ્ચ્યુન પાસેથી અને સર્જનની વાસ્તવિક પીડા આપશે શનિ. જન્મસમયના ગ્રહોની મર્યાદા અને તમારી વય-અવસ્થાના પ્રમાણમાં આ વર્ષે સંતાન કે સાહિત્ય, વિચારધારા કે આદર્શ સંસ્થાના રૂપમાં તમારું 'સર્જન' નેત્રદીપક પુરવાર થશે. ક્રાંતિ હોય કે શાંતિ, ત્યાગ અથવા હક, તમે ક્યા માર્ગે પ્રવાસ ખેડશો તેનો આધાર જન્મસમયના ગ્રહો નક્કી કરશે. ગોચર ગ્રહો તો તમારા પ્રવાસને યાદગાર, ઐતિહાસિક બનાવશે.

રાહુ વર્ષના આરંભથી તા. ૬-૩-૮૮ સુધી અને ગુરુ તા. ૨૬-૧૦-૮૭થી ૩-૨-૮૮ સુધી તમારી રાશિના ગૂઢ સ્થાનમાં રહેશે. ગુરુ-રાહુની આવી યુતિને જ્યોતિષશાસ્ત્રના પુસ્તકોમાં 'ચાંડાલયોગ' નામ આપેલ છે. ગુરુ આ સ્થાનનો સ્વામી છે. પૃથ્વી તત્વના સુખ આપવા માટે ગુરુ-રાહુની યુતિ અનુકૂળ છે, પરંતુ તમારી રાશિની ગૂઢ સ્થાનની રાશિ મીન જલતત્વની છે. અર્થાત્ પૃથ્વી તત્વની કઠોરતામાં તમે સુખ શોધશો, પરંતુ જલતત્વની મૃદુતાનો મોહ નહીં છોડી શકો, પરિણામે આ વર્ષે મળતા ભૌતિક સુખમાં તમારા અહંકારને આશ્વાસન મળશે. બીજી બાજુ ભાવનાનું શોષણ થશે. તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ સુધી તમારી રાશિના ભાગ્યસ્થાનમાં અને ત્યાર બાદ તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી તમારી રાશિના કર્મસ્થાનમાં ગુરુનું ભ્રમણ છે. જ્યોતિષશાસ્ત્રના વિદ્વાનો ગુરુને અતિ શુભ ગ્રહ રૂપે સ્વીકારે છે, પરંતુ તેના સ્થાન ભ્રમણને લગતા ફળ માટે મતભેદ છે. ગુરુ તમારી રાશિ માટે પંચમેશ અને અષ્ટમેશ છે. અર્થાત્ બુદ્ધિ અને ગુપ્ત વાટાઘાટો, કૂટનીતિનો અમલ, ગુપ્તધન અને વારસો વગેરે. ગુરુના જ્ઞાનને આ વર્ષે તમારી જવાબદારી જેવા વ્યવહારને એક રેખામાં કામ કરવાનું માફક આવે નહીં, એમ બની શકે છે.

વર્ષનો આરંભકાળ રહસ્યમ ભરપૂર છે. ગુપ્તતા - સ્થિરતા - સુખના મધ્યબિંદુ ફરતે રચાતું વર્તુળ, આ વર્ષની પ્રારંભિક સ્થિતિ છે. 'ભય-ફરજ' ગુપ્તતા અને સધ્ધરતાની સત્યસ્થિતિ, જેનું ફક્ત તમને જ ભાન છે. વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી તો 'અચલ-દૃઢ' રહેવું પડશે. તા. ૧૭-૧૨-૮૭ બાદ 'અચલ' રહેવાની હામ નહીં હોય અને ચલિત થવાની તૈયારી નહીં હોય. પરંતુ સત્યને ક્યાં સુધી છુપાવશો ? તા. ૧૭-૧૨-૮૭થી ૩-૧-૮૮ સુધીનો નાનો સમયગાળો છે, જેમાં ઈચ્છશો તો દંભના આંચળાને ફેંકી નિર્દંભ - હળવા- સ્વસ્થ બની શકશો. જન્મસમયના ગ્રહો જ આવી હળવાશ મેળવવાની શક્તિ આપી શકે, ગોચર ગ્રહો તો સૂચવે છે કે તા. ૩-૧-૮૮થી ૬-૩-૮૮ સુધી સત્યને છૂપાવવા અથવા સત્યને અસત્ય બનાવવાના બુદ્ધિપૂર્વક યત્નો કરશો. અહીં એટલી જ સાવચેતી રાખવી જોઈએ જેથી અદાલતી કાર્યવાહીમાં ન અટવાઈ જવાય. તા. ૬-૩-૮૮ બાદ તમને 'દૈવી' સહાયતા મળશે, વાદળિયું હવામાન વિખેરાશે, નોંધી શકાય કે 'ગ્રહણ' સમયનો અવરોધાયેલો પ્રકાશ, અવરોધ દૂર થતાં પ્રકાશિત થશે. તા. ૩-૧-૮૮થી ૬-૩-૮૮ સુધીની અવસ્થાને 'સૂર્યગ્રહણ' સાથે સરખાવી શકાય. તા. ૬-૩-૮૮ બાદ ૧૧-૯-૮૮ સુધીનો સમય રાજકીય, સામાજિક, વ્યાવસાયિક, વ્યક્તિગત સિદ્ધિ મેળવવાનો છે. તમે તમારા વર્તુળમાં પ્રકાશિત થશો.

સંવત-૨૦૪૪માં શનિની પનોતીની સમજ

જન્મની રાશિથી શનિ બારમે આવતાં મોટી પનોતી (સાડાસાતી) આવે છે. શનિ બારમે આવતા માથા પર, પહેલે આવતાં છાતી પર અને બીજે આવતાં પગ પર પનોતી આવે છે. આ પનોતી સાડાસાત વર્ષની હોય છે. જન્મની રાશિથી ચોથે અથવા આઠમે શનિ આવતાં નાની પનોતી આવે છે, તે અઢી વર્ષની હોય છે.

પનોતી બેસે તે સમયે ગોચરમાં ચંદ્ર જન્મરાશિમાં છઠ્ઠે કે અગિયારમે હોય તો તે પનોતી સોનાને પાયે બેસે છે અને તે ચિંતાકારક છે. ચંદ્ર જન્મરાશિથી બીજે, પાંચમે કે નવમે હોય તો પનોતી રૂપાના પાયે બેસે છે તે ધન લાભદાયક શુભ ગણાય છે. ચંદ્ર જન્મરાશિથી ત્રીજે, સાતમે કે દસમે હોય તો પનોતી તાંબાને પાયે બેસે તે લક્ષ્મીદાયક ઉત્તમ છે અને ચંદ્ર જન્મરાશિથી ચોથે, આઠમે કે બારમે હોય તો પનોતી લોઢાને પાયે બેસે તે કષ્ટદાયક છે. પણ લોઢું શનિની ધાતુ હોઈ તે બહુ કષ્ટદાયક ન બનતાં ફક્ત વધુ મહેનત કરાવે છે. આ ઉપરાંત પનોતી બેસે તે વખતે જે રાશિનો સૂર્ય હોય તેના પરથી પણ કેટલાક પનોતીનો પાયો ગણે છે.

પનોતી હોય તેમને પણ જન્મકુંડળીમાં ચંદ્ર-શનિ અરસપરસ શુભ યોગમાં હોય તો પનોતીનું અશુભ ફળ હળવું થઈ જાય છે.

શનિ ધનુ રાશિમાં

શનિ ધનુ રાશિમાં : સંવત ૨૦૪૪, માર્ગશીર્ષ કૃષ્ણ- એકાદશી, ગુરુવાર, તા. ૧૭-૧૨-૧૯૮૭ના વહેલી સવારે ૦૨.ક.૫૪ મિનિટે શનિ ધનુ રાશિમાં આવે છે. આ સમયે ચંદ્ર તુલા રાશિમાં છે. શનિના રાશિ પરિવર્તનના પરિણામે જુદીજુદી રાશિઓની પનોતી નીચે પ્રમાણે રહેશે.

સિંહ અને મેષ : રાશિના જાતકોને ચાલતી નાની પનોતી પૂરી થાય છે.

તુલા રાશિ : ના જાતકોને ચાલતી સાડાસાતી પણ પૂરી થાય છે.

વૃશ્ચિક રાશિ : ઉપર જણાવ્યા મુજબ શનિનો ધનુ રાશિમાં પ્રવેશ થતાં વૃશ્ચિક રાશિવાળા જાતકોને શરૂ થયેલી સાડાસાત વર્ષની પનોતીનો છેલ્લો તબક્કો શરૂ થાય છે. લોઢાને પાયે પગે આવેલી પનોતી કષ્ટદાયક નીવડે પણ લોઢું શનિ ધાતુ હોઈ તે બહુ કષ્ટદાયક ન બનતાં ફક્ત વધુ મહેનત કરાવશે.

ધનુ રાશિ : આ રાશિવાળાને ચાલતી પનોતી સાડાસાતીના બીજા તબક્કામાં સોનાને પાયે છાતીએ આવેલી હોવાથી આ પનોતી ચિંતાકારક નીવડે.

મકર રાશિ : આ રાશિવાળા જાતકોને ધનુ શનિથી સાડાસાતીનો પહેલો અઢી વર્ષનો સમય શરૂ થાય છે. તાંબાને પાયે માથે આવેલી આ પનોતી લક્ષ્મીદાયક. ઉત્તમ નીવડે.

કન્યા અને વૃષભ : આ રાશિવાળાને નાની પનોતી અઢી વર્ષની શરૂ થાય છે.

કન્યા રાશિ : આ જાતકોને નાની પનોતી રૂપાના પાયે શરૂ થતી હોવાથી ધન-લાભદાયક શુભ ગણાય.

વૃષભ રાશિ : ના જાતકોને નાની પનોતી સોનાના પાયે શરૂ થતી હોવાથી ચિંતાકારક છે.

તા. ૧૧-૯-૮૮થી વર્ષના અંત સુધીમાં પ્રથમ હરોળનું વ્યક્તિત્વ મેળવશો. નવા રાજકીય, વિદેશી, સામાજિક સંબંધોથી પ્રતિષ્ઠિત થશો. કહી શકશો કે વાવાઝોડાની અસરમાંથી મુક્ત થઇ 'નવો જન્મ' પામ્યા છો.

આર્થિક - સામાજિક જવાબદારી તેમ જ શરીરશક્તિના 'માપદંડ'ની સાથે જ તમે ધન અને પરિવારના ક્ષેત્રે 'ભરતી'નો મોહ નહીં છોડી શકો. તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ સુધીનો સમય "ઝાંઝવાનાં જળને સરોવર માની બેસવાની ભૂલ કરો" એવો છે. વાસ્તવિક સ્થિતિનું ભાન હોવા છતાં, અવાસ્તવિક સ્થિતિના જ્ઞાનને જ 'સત્ય' માનશો.

તા. ૬-૩-૮૮ બાદ તમે નાટકના પાત્રની માફક જે પાત્ર ભજવવાની તૈયારી કરી હશે તે ભજવશો. અહીં તમે ફક્ત બનાવટી 'પાત્ર' છો એનું જ્ઞાન તમને જ હશે, તમારા વર્તુળને તો લાગશે કે તમે જે છો, એ જ 'પાત્ર' છો, નાટકના પાત્ર નથી. અસલિયતને છૂપાવવા જતા આર્થિક અને સામાજિક બોજો તા. ૬-૩-૮૮ બાદ વધશે. પરિણામે આરોગ્ય બગડી શકે છે. તેમ જ અણગમતી વ્યક્તિની સહાય લેવી પડે અને અણગમતા બોજા તળે દબાવું પડે. ભૌતિક સુખની ભૂખ ભાંગવા માટે વર્ષના આરંભથી તા. ૧-૯-૮૮ સુધી 'અતિ અંગત સંબંધો' વાપરશો. તા. ૧-૯-૮૮થી ૨૯-૯-૮૮ સુધીનો સમયગાળો આ વર્ષનો મહત્ત્વપૂર્ણ 'કસોટી કાળ' છે, અહીં દૂધનું દૂધમાં અને પાણીનું પાણીમાં વહેંચાઇ જશે. ભેળસેળની આવડત કામ નહીં લાગે. તા. ૨૯-૯-૮૮ બાદ ફરી તમે તમારા વર્ચસ્વથી તમારા વર્તુળને ઇચ્છા મુજબ 'દર્શન' કરાવી શકશો. બુદ્ધિ અને જવાબદારી, દંભ અને સચ્ચાઇની વચ્ચે તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ સુધી ભ્રામક આશાઓથી દૂર રહી શકો અને તા. ૬-૩-૮૮થી ૯-૪-૮૮ દરમિયાન ખોટા આશ્વાસનો આપવાથી બચી શકો તો જ તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ દરમિયાન તમે 'સ્વસ્થ અને શાંત' રહી શકશો. નવજીવન પ્રાપ્ત કરાવતું, નવ પલ્લવિત થવાની તક આપતું સુંદર વર્ષ છે, અહીં પ્રાચીનને વળગી રહેવાનો મોહ, 'પ્રાચીન'ના છૂટવાના કારણે 'સંતાપ' આપશે. પરંતુ પરિપક્વ થવા માટે 'તાપ' આવશ્યક છે અને 'સંતાપ' તો શુદ્ધ બનાવે છે. સાચા 'સિંહ' બનશો.

કન્યા : (પ, ઠ, ણ)



વિક્રમ સંવત ૨૦૪૪ના આરંભ સમયે તમારી રાશિ કન્યામાં કેતુ-મંગળ, પરિવારસ્થાનમાં સૂર્ય - ચંદ્ર બુધ - શુક્ર - પ્લુટો, પુરુષાર્થ સ્થાનમાં શનિ, સુખસ્થાનમાં હર્ષલ - નેપ્ચ્યુન, સપ્તમ સ્થાનમાં રાહુ અને ગુપ્ત સ્થાનમાં ગુરુ છે. વર્ષ દરમિયાન કેતુ-રાહુ તમારી રાશિના વ્યય અને ઋણસ્થાનમાં આવશે. અર્થાત્ તમારી અનેક ભૂતકાલીન જવાબદારીમાંથી તમને મુક્તિ આપશે, અલબત્ત કેટલાક સામાજિક સંબંધો તોડશે અને કેટલીક નવી વ્યક્તિઓનો ઉપકાર જેવો બોજો વધશે. ગુરુ ગુપ્ત સ્થાનમાંથી ભાગ્યસ્થાનમાં આવશે, પરિણામે તમારી વિવિધ ગુપ્ત જવાબદારીઓનો ઉકેલ મળશે અથવા 'મુક્તિ' કહી શકાય એવી રાહત મળશે. શનિ પુરુષાર્થ સ્થાનમાંથી સુખસ્થાનમાં પ્રવેશ કરશે, પરિણામે સુખસ્થાનના નેપ્ચ્યુન અને હર્ષલની સાથે શનિ પણ તમને સુખ આપવાની કોશિશ કરશે. નેપ્ચ્યુનની અસર હેઠળ તમે ભાવુક અને રસિક બનશો. હર્ષલની અસર હેઠળ ઉતાવળિયા બનશો અને શનિ પ્રૌઢ બનાવશે. પ્રાચીન અને અર્વાચીન ઢબે 'સુખ' મળશે. પ્લુટો ધન અને પરિવારસ્થાનમાં જ રહેશે, પરિણામે તમારા પરિવારના સભ્યો ક્રાંતિકરી આધુનિક જીવનનો આગ્રહ સેવશે.

વર્ષનો આરંભકાળ સમાજ - લગ્નજીવન - વ્યાવસાયિક ભાગીદારીને અગ્રતાક્રમ આપશે. તા. ૧-૧૧-૮૭થી ૧૩-૧૧-૮૭ સુધીમાં તમે તમારી શક્તિ સ્થિતિ અને સ્થાનનું મૂલ્યાંકન કરી લેશો. તા. ૧૩-૧૧-૮૭થી ૧-૧૨-૮૭ સુધીનો સમય વ્યક્તિત્વ અને તેની જાળવણીના યુદ્ધ જેવો છે. એક અને અનેકના ભેદ સમજવાનો છે. તા. ૧-૧૨-૮૭થી ૧૯-૧૨-૮૭ દરમિયાન પુરુષાર્થ કરશો. અહીં પ્રવાસ કે દસ્તાવેજની આવશ્યકતા જણાશે. આ સમયના પુરુષાર્થના પરિણામે તા. ૧૨-૧-૮૮થી ૧૬-૩-૮૮ દરમિયાન લાભ - નફો કહી શકાય તેવી પ્રાપ્તિ થશે. રહેઠાણની સગવડો, વાહનસુખ અથવા અતિ અંગત સુખ જેવી કલ્પનાની પૂર્તિ માટે આ સમયના ગ્રહો ખૂબ જ અનુકૂળ છે. તા. ૧૬-૩-૮૮થી ૨૬-૩-૮૮ સુધીનો સમયગાળો લોભામણો છે. અહીં તમને વિવિધ પ્રકારના સહાયકો મળશે. આ સમય લાલચમાં ફસાવાનો કે તેમાંથી બચવાનો નિર્ણય લેવાનો છે. નિર્ણય તો તમે જન્મસમયના ગ્રહોના આધારે જ લેશો, ગોચર ગ્રહો તો સૂચવે છે કે તા. ૨૬-૩-૮૮થી ૩-૪-૮૮ સુધીમાં તમે તમારી આર્થિક અને પારિવારિક જવાબદારીનો બોજો વધારશો.

તા. ૩-૪-૮૮ બાદ, ૧૭-૪-૮૮ સુધીમાં અંગત રીતે તમને અને સાથે જ તમારા વર્તુળને ખ્યાલ આવી જશે કે, તમારું વ્યાવહારિક ગણિત ખોટું પડયું છે. તા. ૨૩-૪-૮૮ સુધીનો સમયગાળો વ્યક્તિત્વની કસોટીનો અને કટોકટીનો છે. તા. ૨૩-૪-૮૮ બાદ દૈવી સહાયના મળશે, પરંતુ તા. ૧-૫-૮૮ પહેલા તમારી કસોટી પૂરી નહીં થાય. તા. ૧-૫-૮૮ બાદ, તા. ૧૬-૫-૮૮ સુધીમાં તમે કહી શકશો કે તોફાન સમી ગયું છે, વાવાઝોડાનો અનુભવ લેવો પડયો છે. તા.૧૬-૫-૮૮થી ૨૦-૭-૮૮ સુધીમાં તમને આર્થિક સહાયના મળશે, કાનૂની વિજય મળે અથવા રાજકીય કે અદાલતી અનુકૂળતા રહે. નોકરી શોધનાર વર્ગને અહીં નવી નોકરી મળવાનો સબળ યોગ છે. જૂની નોકરીમાં બઢતી મળી શકે છે. એકંદરે આ સમય ભૌતિક ઉન્નતિનો છે. તા. ૨૦-૭-૮૮થી ૨૭-૭-૮૮ દરમિયાન 'ભાગ્યોદય' જેવો અનુભવ કરશો. તા. ૨૭-૭-૮૮થી ૯-૮-૮૮ દરમિયાન મકાન-વાહન કે અંગત વૈભવનાં સાધનો અને સગવડો મેળવશો. ફરી એક વાર તમે 'બેફામ' બનશો. તા. ૯-૮-૮૮થી ૧૬-૮-૮૮ દરમિયાન ગજા ઉપરવટની જવાબદારી વહોરી લેવાય એવી ગ્રહસ્થિતિ છે. તા. ૧૬-૮-૮૮થી ૨-૯-૮૮ દરમિયાન વ્યાવસાયિક જવાબદારી વધારવાથી દૂર રહી શકાય તો પ્રયત્ન કરવો. તા. ૨-૯-૮૮થી ૧૩-૯-૮૮ સુધીનો કાળ પ્રવાહી છે, અહીં આવક માટેની તકો મળશે અને સરી જશે. તા. ૧૩-૯-૮૮થી ૭-૧૧-૮૮ દરમિયાન નવા સંબંધો બંધાવાનો યોગ છે. વ્યાવસાયિક ભાગીદારી કે જીવનની ભાગીદારી માટે આ સમયના ગોચર ગ્રહો આશીર્વાદ સમાન છે. તા. ૭-૧૧-૮૮ બાદ વર્ષના અંતિમ દિવસો, આવતા વર્ષના આરંભના દિવસો વિજય અપાવનાર છે. દીપાવલીના તહેવારો તમારા માટે 'વિજયાદસમી' જેવી સફળતા અને ખુશી આપનાર નીવડશે.

તંદુરસ્તીની દૃષ્ટિએ :-- વર્ષના આરંભ સમયે તમારી રાશિના આયુસ્થાનમાં ગુરુ છે અને આરોગ્યસ્થાનમાં ગ્રહ નથી. ગુરુ તા. ૨૬-૧૦-૮૭ના આયુસ્થાન છોડી સપ્તમ સ્થાનમાં જશે, ત્યાર બાદ તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ સુધી ગુરુનું ભ્રમણ તમારી રાશિના આયુસ્થાનમાં રહેશે. તા. ૬-૩-૮૮થી રાહુ તમારી રાશિના આરોગ્યસ્થાનમાં આવશે અને આવતા વર્ષમાં પણ ત્યાં જ રહેશે. રાહુ - ગુરુનું ગોચર આરોગ્ય માટે સામાન્ય નકારાત્મક નીવડશે. તા. ૬-૩-૮૮થી રાહુના રાશિ પરિવર્તનની સાથે જ કેતુ રાશિ બદલશે, પરિણામે તમારી અંગત જવાબદારી વધશે, માનસિક, આર્થિક, કાર્યક્ષેત્ર વધશે, શારીરિક દોડધામ વધશે, આની અસર હેઠળ અણગમો અને થાક વધશે, તમે માંદગીનો અનુભવ કરતા થઇ જશો.

વર્ષના ઉત્તરાર્ધમાં (તા. ૬-૩-૮૮થી વર્ષના અંત સુધી) કલ્પનાના ઘોડા દોડાવી, નકારાત્મક વિચારોના શિકાર બનશો તો તનની તંદુરસ્તી ગુમાવશો, આવા સમયે રોગનું નિદાન પણ નહીં થાય, પરિણામે તમે માનસ ચિકિત્સક પાસે જશો અથવા ઊતરતી કક્ષાના તંત્ર-મંત્રના માર્ગે સમય - શક્તિ વેડફશો. 'સારા વિચારો'નો સહારો લેશો તો તનની તંદુરસ્તી સહેલાઇથી જાળવશો. વર્ષના આરંભથી તા. ૧૪-૧૧-૮૭, તા. ૪-૧-૮૮થી ૨૩-૩-૮૮, તા. ૧૨-૫-૮૮થી ૧૯-૬-૮૮ અને તા. ૧૪-૮-૮૮થી ૮-૯-૮૮ સુધીનું ગોચરઆરોગ્યની દૃષ્ટિએ સંભાળ રાખવા જેવું છે. જન્મસમયના ગ્રહોની અસરના પ્રમાણમાં આ વર્ષના ગોચર ગ્રહો આરોગ્યની કાળજી રાખવાનો ઇશારો કરે છે. વય-અવસ્થા-કાર્ય પદ્ધતિના પ્રમાણમાં આરોગ્યની કાળજી રાખવાનો વિશેષ પ્રયત્ન કરશો તો જ આ વર્ષે સંપૂર્ણ તંદુરસ્તીનો અનુભવ જળવાઇ રહેશે, ગોચર ગ્રહો તન-મનની તંદુરસ્તી માટે સામાન્ય નકારાત્મક છે.

કૌટુંબિક દૃષ્ટિએ :-- વર્ષારંભે તમારી રાશિના પરિવારસ્થાનમાં સૂર્ય - ચંદ્ર - બુધ - શુક્ર - પ્લુટો છે. પ્લુટો સિવાયના ગ્રહોને મહત્ત્વ ન આપીએ તો વર્ષના આરંભથી અંત સુધી પરિવારસ્થાનમાં થતાં પ્લુટોના ભ્રમણને મહત્ત્વ આપવું જ પડશે, પ્લુટોની અસર તાત્કાલિક નહીં જણાય પરંતુ સુખસ્થાનના નેપ્ચ્યુન - હર્ષલ સાથેના થતા શુભ દૃષ્ટિયોગો અને રાહુ - ગુરુ - શનિ સાથેના 'શુભાશુભ' દૃષ્ટિયોગોની અસર હેઠળ તમારા પરિવારના સભ્યોની જીવનશૈલી, વિચારશૈલી ભાવુક - આક્રમક - ઉદાર - સિદ્ધાંત પ્રિય વળાંક લેશે. વ્યક્તિગત રીતે તમે - કન્યા રાશિ દ્વિસ્વભાવની છો, એટલે પરિવર્તન તરફ તમને વિશેષ અણગમો પણ

અહીં મુક્તિનો અર્થ થશે, તેઓની ઇચ્છા પૂરી થવી, ઇચ્છાઓ મરી જવી અથવા દેશકાળની અસર હેઠળ ઇચ્છાઓ પરિવર્તિત થવી. પ્લુટો વર્ષના આરંભથી અંત સુધી તમારી રાશિના પુરુષાર્થ સ્થાનમાં છે. તેમ જ થોડા સમય સુધી ગુરુની દૃષ્ટિ હેઠળ છે. પ્લુટોની અસર હેઠળ તમે તમારી કાર્યપ્રણાલી - જીવનશૈલી બદલશો. પ્રત્યક્ષ રીતે પારખી શકાય નહીં, પરંતુ પરોક્ષ રીતે જીવનવ્યવહાર બદલાય, એવી સ્થિતિ પ્લુટો અને ગુરુ સર્જશે. શનિ વર્ષારંભે તમારી રાશિના સુખ સ્થાનમાં છે. જ્યોતિષશાસ્ત્રના વિદ્વાનોએ શનિને 'દુખકારક' ચીતર્યો છે. વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી કહેવાતો દુખકારક શનિ તમારી રાશિના સુખસ્થાનમાં રહેશે. આ સમયગાળા દરમિયાન તમે દુખ અને સુખના ભેદ પારખશો. જન્મસમયના ગ્રહો અધ્યાત્મવાદી વિચારશ્રેણી આપના હશે તો દુખ અને સુખના દ્વૈતને 'અદ્વૈત' રૂપે નીહાળશો. તા. ૧૭-૧૨-૮૭થી શનિ તમારી રાશિના વિચાર-બુદ્ધિ અને પૂર્વકર્મના સ્થાનમાં આવશે. આ સ્થાનમાં જ વર્ષના આરંભથી હર્ષલ અને નેપ્ચ્યુન રહેલા છે. નવસર્જનની શક્તિ હર્ષલ આપશે, કલ્પના શક્તિ મળશે નેપ્ચ્યુન પાસેથી અને સર્જનની વાસ્તવિક પીડા આપશે શનિ. જન્મસમયના ગ્રહોની મર્યાદા અને તમારી વય-અવસ્થાના પ્રમાણમાં આ વર્ષે સંતાન કે સાહિત્ય, વિચારધારા કે આદર્શ સંસ્થાના રૂપમાં તમારું 'સર્જન' નેત્રદીપક પુરવાર થશે. ક્રાંતિ હોય કે શાંતિ, ત્યાગ અથવા હક, તમે ક્યા માર્ગે પ્રવાસ ખેડશો તેનો આધાર જન્મસમયના ગ્રહો નક્કી કરશે. ગોચર ગ્રહો તો તમારા પ્રવાસને યાદગાર, ઐતિહાસિક બનાવશે.

રાહુ વર્ષના આરંભથી તા. ૬-૩-૮૮ સુધી અને ગુરુ તા. ૨૬-૧૦-૮૭થી ૩-૨-૮૮ સુધી તમારી રાશિના ગૂઢ સ્થાનમાં રહેશે. ગુરુ-રાહુની આવી યુતિને જ્યોતિષશાસ્ત્રના પુસ્તકોમાં 'ચાંડાલયોગ' નામ આપેલ છે. ગુરુ આ સ્થાનનો સ્વામી છે. પૃથ્વી તત્વના સુખ આપવા માટે ગુરુ-રાહુની યુતિ અનુકૂળ છે, પરંતુ તમારી રાશિની ગૂઢ સ્થાનની રાશિ મીન જલતત્વની છે. અર્થાત્ પૃથ્વી તત્વની કઠોરતામાં તમે સુખ શોધશો, પરંતુ જલતત્વની મૃદુતાનો મોહ નહીં છોડી શકો, પરિણામે આ વર્ષે મળતા ભૌતિક સુખમાં તમારા અહંકારને આશ્વાસન મળશે. બીજી બાજુ ભાવનાનું શોષણ થશે. તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ સુધી તમારી રાશિના ભાગ્યસ્થાનમાં અને ત્યાર બાદ તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી તમારી રાશિના કર્મસ્થાનમાં ગુરુનું ભ્રમણ છે. જ્યોતિષશાસ્ત્રના વિદ્વાનો ગુરુને અતિ શુભ ગ્રહ રૂપે સ્વીકારે છે, પરંતુ તેના સ્થાન ભ્રમણને લગતા ફળ માટે મતભેદ છે. ગુરુ તમારી રાશિ માટે પંચમેશ અને અષ્ટમેશ છે. અર્થાત્ બુદ્ધિ અને ગુપ્ત વાટાઘાટો, કૂટનીતિનો અમલ, ગુપ્તધન અને વારસો વગેરે. ગુરુના જ્ઞાનને આ વર્ષે તમારી જવાબદારી જેવા વ્યવહારને એક રેખામાં કામ કરવાનું માફક આવે નહીં, એમ બની શકે છે.

વર્ષનો આરંભકાળ રહસ્યમ ભરપૂર છે. ગુપ્તતા - સ્થિરતા - સુખના મધ્યબિંદુ ફરતે રચાતું વર્તુળ, આ વર્ષની પ્રારંભિક સ્થિતિ છે. 'ભય-ફરજ' ગુપ્તતા અને સધ્ધરતાની સત્યસ્થિતિ, જેનું ફક્ત તમને જ ભાન છે. વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી તો 'અચલ-દૃઢ' રહેવું પડશે. તા. ૧૭-૧૨-૮૭ બાદ 'અચલ' રહેવાની હામ નહીં હોય અને ચલિત થવાની તૈયારી નહીં હોય. પરંતુ સત્યને ક્યાં સુધી છુપાવશો ? તા. ૧૭-૧૨-૮૭થી ૩-૧-૮૮ સુધીનો નાનો સમયગાળો છે, જેમાં ઇચ્છસો તો દંભના આંચળાને ફેંકી નિર્દંભ - હળવા- સ્વસ્થ બની શકશો. જન્મસમયના ગ્રહો જ આવી હળવાશ મેળવવાની શક્તિ આપી શકે, ગોચર ગ્રહો તો સૂચવે છે કે તા. ૩-૧-૮૮થી ૬-૩-૮૮ સુધી સત્યને છૂપાવવા અથવા સત્યને અસત્ય બનાવવાના બુદ્ધિપૂર્વક યત્નો કરશો. અહીં એટલી જ સાવચેતી રાખવી જોઇએ જેથી અદાલતી કાર્યવાહીમાં ન અટવાઇ જવાય. તા. ૬-૩-૮૮ બાદ તમને 'દૈવી' સહાયતા મળશે, વાદળિયું હવામાન વિખેરાશે, નોંધી શકાય કે 'ગ્રહણ' સમયનો અવરોધાયેલો પ્રકાશ, અવરોધ દૂર થતાં પ્રકાશિત થશે. તા. ૩-૧-૮૮થી ૬-૩-૮૮ સુધીની અવસ્થાને 'સૂર્યગ્રહણ' સાથે સરખાવી શકાય. તા. ૬-૩-૮૮ બાદ ૧૧-૯-૮૮ સુધીનો સમય રાજકીય, સામાજિક, વ્યાવસાયિક, વ્યક્તિગત સિદ્ધિ મેળવવાનો છે. તમે તમારા વર્તુળમાં પ્રકાશિત થશો. તા. ૧૧-૯-૮૮થી વર્ષના અંત સુધીમાં પ્રથમ હરોળનું વ્યક્તિત્વ મેળવશો. નવા રાજકીય, વિદેશી, સામાજિક સંબંધોથી પ્રતિષ્ઠિત થશો. કહી શકશો કે વાવાઝોડાની અસરમાંથી મુક્ત થઇ 'નવો જન્મ' પામ્યા છો.

આર્થિક - સામાજિક જવાબદારી તેમ જ શરીરશક્તિના 'માપદંડ'ની સાથે જ તમે ધન અને પરિવારના ક્ષેત્રે 'ભરતી'નો મોહ નહીં છોડી શકો. તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ સુધીનો સમય "ઝાંઝવાનાં જળને સરોવર માની બેસવાની ભૂલ કરો" એવો છે. વાસ્તવિક સ્થિતિનું ભાન હોવા છતાં, અવાસ્તવિક સ્થિતિના જ્ઞાનને જ 'સત્ય' માનશો.

સંવત-૨૦૪૪માં શનિની પનોતીની સમજ

જન્મની રાશિથી શનિ બારમે આવતાં મોટી પનોતી (સાડાસાતી) આવે છે. શનિ બારમે આવતા માથા પર, પહેલે આવતાં છાતી પર અને બીજે આવતાં પગ પર પનોતી આવે છે. આ પનોતી સાડાસાત વર્ષની હોય છે. જન્મની રાશિથી ચોથે અથવા આઠમે શનિ આવતાં નાની પનોતી આવે છે, તે અઢી વર્ષની હોય છે.

પનોતી બેસે તે સમયે ગોચરમાં ચંદ્ર જન્મરાશિમાં છઠ્ઠે કે અગિયારમે હોય તો તે પનોતી સોનાને પાયે બેસે છે અને તે ચિંતાકારક છે. ચંદ્ર જન્મરાશિથી બીજે, પાંચમે કે નવમે હોય તો પનોતી રૂપાના પાયે બેસે છે તે ધન લાભદાયક શુભ ગણાય છે. ચંદ્ર જન્મરાશિથી ત્રીજે, સાતમે કે દસમે હોય તો પનોતી તાંબાને પાયે બેસે તે લક્ષ્મીદાયક ઉત્તમ છે અને ચંદ્ર જન્મરાશિથી ચોથે, આઠમે કે બારમે હોય તો પનોતી લોઢાને પાયે બેસે તે કષ્ટદાયક છે. પણ લોઢું શનિની ધાતુ હોઈ તે બહુ કષ્ટદાયક ન બનતાં ફક્ત વધુ મહેનત કરાવે છે. આ ઉપરાંત પનોતી બેસે તે વખતે જે રાશિનો સૂર્ય હોય તેના પરથી પણ કેટલાક પનોતીનો પાયો ગણે છે.

પનોતી હોય તેમને પણ જન્મકુંડળીમાં ચંદ્ર-શનિ અરસપરસ શુભ યોગમાં હોય તો પનોતીનું અશુભ ફળ હળવું થઈ જાય છે.

શનિ ધનુ રાશિમાં

શનિ ધનુ રાશિમાં : સંવત ૨૦૪૪, માર્ગશીર્ષ કૃષ્ણ- એકાદશી, ગુરુવાર, તા. ૧૭-૧૨-૧૯૮૭ના વહેલી સવારે ૦૨.ક.૫૪ મિનિટે શનિ ધનુ રાશિમાં આવે છે. આ સમયે ચંદ્ર તુલા રાશિમાં છે. શનિના રાશિ પરિવર્તનના પરિણામે જુદીજુદી રાશિઓની. પનોતી નીચે પ્રમાણે રહેશે.

સિંહ અને મેષ : રાશિના જાતકોને ચાલતી નાની પનોતી પૂરી થાય છે.

તુલા રાશિ : ના જાતકોને ચાલતી સાડાસાતી પણ પૂરી થાય છે.

વૃશ્ચિક રાશિ : ઉપર જણાવ્યા મુજબ શનિનો ધનુ રાશિમાં પ્રવેશ થતાં વૃશ્ચિક રાશિવાળા જાતકોને શરૂ થયેલી સાડાસાત વર્ષની પનોતીનો છેલ્લો તબક્કો શરૂ થાય છે. લોઢાને પાયે પગે આવેલી પનોતી કષ્ટદાયક નીવડે પણ લોઢું શનિ ધાતુ હોઈ તે બહુ કષ્ટદાયક ન બનતાં ફક્ત વધુ મહેનત કરાવશે.

ધનુ રાશિ : આ રાશિવાળાને ચાલતી પનોતી સાડાસાતીના બીજા તબક્કામાં સોનાને પાયે છાતીએ આવેલી હોવાથી આ પનોતી ચિંતાકારક નીવડે.

મકર રાશિ : આ રાશિવાળા જાતકોને ધનુ શનિથી સાડાસાતીનો પહેલો અઢી વર્ષનો સમય શરૂ થાય છે. તાંબાને પાયે માથે આવેલી આ પનોતી લક્ષ્મીદાયક. ઉત્તમ નીવડે.

કન્યા અને વૃષભ : આ રાશિવાળાને નાની પનોતી અઢી વર્ષની શરૂ થાય છે. -

કન્યા રાશિ : આ જાતકોને નાની પનોતી રૂપાના પાયે શરૂ થતી હોવાથી ધન-લાભદાયક શુભ ગણાય.

વૃષભ રાશિ : ના જાતકોને નાની પનોતી સોનાના પાયે શરૂ થતી હોવાથી ચિંતાકારક છે.

તા. ૬-૩-૮૮ બાદ તમે નાટકના પાત્રની માફક જે પાત્ર ભજવવાની તૈયારી કરી હશે તે ભજવશો. અહીં તમે ફક્ત બનાવટી 'પાત્ર' છો એનું જ્ઞાન તમને જ હશે, તમારા વર્તુળને તો લાગશે કે તમે જે છો, એ જ 'પાત્ર' છો, નાટકના પાત્ર નથી. અસલિયતને છૂપાવવા જતા આર્થિક અને સામાજિક બોજો તા. ૬-૩-૮૮ બાદ વધશે. પરિણામે આરોગ્ય બગડી શકે છે. તેમ જ અણગમતી વ્યક્તિની સહાય લેવી પડે અને અણગમતા બોજા તળે દબાવું પડે. ભૌતિક સુખની ભૂખ ભાંગવા માટે વર્ષના આરંભથી તા. ૧-૯-૮૮ સુધી 'અતિ અંગત સંબંધો' વાપરશો. તા. ૧-૯-૮૮થી ૨૯-૯-૮૮ સુધીનો સમયગાળો આ વર્ષનો મહત્ત્વપૂર્ણ 'કસોટી કાળ' છે, અહીં દૂધનું દૂધમાં અને પાણીનું પાણીમાં વહેંચાઇ જશે. ભેળસેળની આવડત કામ નહીં લાગે. તા. ૨૯-૯-૮૮ બાદ ફરી તમે તમારા વર્ચસ્વથી તમારા વર્તુળને ઇચ્છા મુજબ 'દર્શન' કરાવી શકશો. બુદ્ધિ અને જવાબદારી, દંભ અને સચ્ચાઇની વચ્ચે તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ સુધી ભ્રામક આશાઓથી દૂર રહી શકો અને તા. ૬-૩-૮૮થી ૯-૪-૮૮ દરમિયાન ખોટા આશ્વાસનો આપવાથી બચી શકો તો જ તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ દરમિયાન તમે 'સ્વસ્થ અને શાંત' રહી શકશો. નવજીવન પ્રાપ્ત કરાવતું, નવ પલ્લવિત થવાની તક આપતું સુંદર વર્ષ છે, અહીં પ્રાચીનને વળગી રહેવાનો મોહ, 'પ્રાચીન'ના છૂટવાના કારણે 'સંતાપ' આપશે. પરંતુ પરિપક્વ થવા માટે 'તાપ' આવશ્યક છે અને 'સંતાપ' તો શુદ્ધ બનાવે છે. સાચા 'સિંહ' બનશો.

કન્યા : (પ, ઠ, ણ)



વિક્રમ સંવત ૨૦૪૪ના આરંભ સમયે તમારી રાશિ કન્યામાં કેતુ-મંગળ, પરિવારસ્થાનમાં સૂર્ય - ચંદ્ર બુધ - શુક્ર - પ્લુટો, પુરુષાર્થ સ્થાનમાં શનિ, સુખસ્થાનમાં હર્ષલ - નેપ્ચ્યુન, સપ્તમ સ્થાનમાં રાહુ અને ગુપ્ત સ્થાનમાં ગુરુ છે. વર્ષ દરમિયાન કેતુ-રાહુ તમારી રાશિના વ્યય અને ઋણસ્થાનમાં આવશે. અર્થાત્ તમારી અનેક ભૂતકાલીન જવાબદારીમાંથી તમને મુક્તિ આપશે, અલબત્ત કેટલાક સામાજિક સંબંધો તોડશે અને કેટલીક નવી વ્યક્તિઓનો ઉપકાર જેવો બોજો વધશે. ગુરુ ગુપ્ત સ્થાનમાંથી ભાગ્યસ્થાનમાં આવશે, પરિણામે તમારી વિવિધ ગુપ્ત જવાબદારીઓનો ઉકેલ મળશે અથવા 'મુક્તિ' કહી શકાય એવી રાહત મળશે. શનિ પુરુષાર્થ સ્થાનમાંથી સુખસ્થાનમાં પ્રવેશ કરશે, પરિણામે સુખસ્થાનના નેપ્ચ્યુન અને હર્ષલની સાથે શનિ પણ તમને સુખ આપવાની કોશિશ કરશે. નેપ્ચ્યુનની અસર હેઠળ તમે ભાવુક અને રસિક બનશો. હર્ષલની અસર હેઠળ ઉતાવળિયા બનશો અને શનિ પ્રૌઢ બનાવશે. પ્રાચીન અને અર્વાચીન ઢબે 'સુખ' મળશે. પ્લુટો ધન અને પરિવારસ્થાનમાં જ રહેશે, પરિણામે તમારા પરિવારના સભ્યો ક્રાંતિકરી આધુનિક જીવનનો આગ્રહ સેવશે.

વર્ષનો આરંભકાળ સમાજ - લગ્નજીવન - વ્યાવસાયિક ભાગીદારીને અગ્રતાક્રમ આપશે. તા. ૧-૧૧-૮૭થી ૧૩-૧૧-૮૭ સુધીમાં તમે તમારી શક્તિ સ્થિતિ અને સ્થાનનું મૂલ્યાંકન કરી લેશો. તા. ૧૩-૧૧-૮૭થી ૧-૧૨-૮૭ સુધીનો સમય વ્યક્તિત્વ અને તેની જાળવણીના યુદ્ધ જેવો છે. એક અને અનેકના ભેદ સમજવાનો છે. તા. ૧-૧૨-૮૭થી ૧૯-૧૨-૮૭ દરમિયાન પુરુષાર્થ કરશો. અહીં પ્રવાસ કે દસ્તાવેજની આવશ્યકતા જણાશે. આ સમયના પુરુષાર્થના પરિણામે તા. ૧૨-૧-૮૮થી ૧૬-૩-૮૮ દરમિયાન લાભ - નફો કહી શકાય તેવી પ્રાપ્તિ થશે. રહેઠાણની સગવડો, વાહનસુખ અથવા અતિ અંગત સુખ જેવી કલ્પનાની પૂર્તિ માટે આ સમયના ગ્રહો ખૂબ જ અનુકૂળ છે. તા. ૧૬-૩-૮૮થી ૨૬-૩-૮૮ સુધીનો સમયગાળો લોભામણો છે. અહીં તમને વિવિધ પ્રકારના સહાયકો મળશે. આ સમય લાલચમાં ફસાવાનો કે તેમાંથી બચવાનો નિર્ણય લેવાનો છે. નિર્ણય તો તમે જન્મસમયના ગ્રહોના આધારે જ લેશો, ગોચર ગ્રહો તો સૂચવે છે કે તા. ૨૬-૩-૮૮થી ૩-૪-૮૮ સુધીમાં તમે તમારી આર્થિક અને પારિવારિક જવાબદારીનો બોજો વધારશો.

તા. ૩-૪-૮૮ બાદ, ૧૭-૪-૮૮ સુધીમાં અંગત રીતે તમને અને સાથે જ તમારા વર્તુળને ખ્યાલ આવી જશે કે, તમારું વ્યાવહારિક ગણિત ખોટું પડ્યું છે. તા. ૨૩-૪-૮૮ સુધીનો સમયગાળો વ્યક્તિત્વની કસોટીનો અને કટોકટીનો છે. તા. ૨૩-૪-૮૮ બાદ દૈવી સહાયતા મળશે, પરંતુ તા. ૧-૫-૮૮ પહેલા તમારી કસોટી પૂરી નહીં થાય. તા. ૧-૫-૮૮ બાદ, તા. ૧૬-૫-૮૮ સુધીમાં તમે કહી શકશો કે તોફાન સમી ગયું છે, વાવાઝોડાનો અનુભવ લેવો પડ્યો છે. તા.૧૬-૫-૮૮થી ૨૦-૭-૮૮ સુધીમાં તમને આર્થિક સહાયતા મળશે, કાનૂની વિજય મળે અથવા રાજકીય કે અદાલતી અનુકૂળતા રહે. નોકરી શોધનાર વર્ગને અહીં નવી નોકરી મળવાનો સબળ યોગ છે. જૂની નોકરીમાં બઢતી મળી શકે છે. એકંદરે આ સમય ભૌતિક ઉન્નતિનો છે. તા. ૨૦-૭-૮૮થી ૨૭-૭-૮૮ દરમિયાન 'ભાગ્યોદય' જેવો અનુભવ કરશો. તા. ૨૭-૭-૮૮થી ૯-૮-૮૮ દરમિયાન મકાન-વાહન કે અંગત વૈભવનાં સાધનો અને સગવડો મેળવશો. ફરી એક વાર તમે 'બેફામ' બનશો. તા. ૯-૮-૮૮થી ૧૬-૮-૮૮ દરમિયાન ગજા ઉપરવટની જવાબદારી વહોરી લેવાય એવી ગ્રહસ્થિતિ છે. તા. ૧૬-૮-૮૮થી ૨-૯-૮૮ દરમિયાન વ્યાવસાયિક જવાબદારી વધારવાથી દૂર રહી શકાય તો પ્રયત્ન કરજો. તા. ૨-૯-૮૮થી ૧૩-૯-૮૮ સુધીનો કાળ પ્રવાહી છે, અહીં આવક માટેની તકો મળશે અને સરી જશે. તા. ૧૩-૯-૮૮થી ૭-૧૧-૮૮ દરમિયાન નવા સંબંધો બંધાવાનો યોગ છે. વ્યાવસાયિક ભાગીદારી કે જીવનની ભાગીદારી માટે આ સમયના ગોચર ગ્રહો આશીર્વાદ સમાન છે. તા. ૭-૧૧-૮૮ બાદ વર્ષના અંતિમ દિવસો, આવતા વર્ષના આરંભના દિવસો વિજય અપાવનાર છે. દીપાવલીના તહેવારો તમારા માટે 'વિજયાદસમી' જેવી સફળતા અને ખુશી આપનાર નીવડશે.

તંદુરસ્તીની દૃષ્ટિએ :-- વર્ષના આરંભ સમયે તમારી રાશિના આયુસ્થાનમાં ગુરુ છે અને આરોગ્યસ્થાનમાં ગ્રહ નથી. ગુરુ તા. ૨૬-૧૦-૮૭ના આયુસ્થાન છોડી સપ્તમ સ્થાનમાં જશે, ત્યાર બાદ તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ સુધી ગુરુનું ભ્રમણ તમારી રાશિના આયુસ્થાનમાં રહેશે. તા. ૬-૩-૮૮થી રાહુ તમારી રાશિના આરોગ્યસ્થાનમાં આવશે અને આવતા વર્ષમાં પણ ત્યાં જ રહેશે. રાહુ - ગુરુનું ગોચર આરોગ્ય માટે સામાન્ય નકારાત્મક નીવડશે. તા. ૬-૩-૮૮થી રાહુના રાશિ પરિવર્તનની સાથે જ કેતુ રાશિ બદલશે, પરિણામે તમારી અંગત જવાબદારી વધશે, માનસિક, આર્થિક, કાર્યક્ષેત્ર વધશે, શારીરિક દોડધામ વધશે, આની અસર હેઠળ અણગમો અને થાક વધશે, તમે માંદગીનો અનુભવ કરતા થઇ જશો.

વર્ષના ઉત્તરાર્ધમાં (તા. ૬-૩-૮૮થી વર્ષના અંત સુધી) કલ્પનાના ઘોડા દોડાવી, નકારાત્મક વિચારોના શિકાર બનશો તો તનની તંદુરસ્તી ગુમાવશો, આવા સમયે રોગનું નિદાન પણ નહીં થાય, પરિણામે તમે માનસ ચિકિત્સક પાસે જશો અથવા ઊતરતી કક્ષાના તંત્ર-મંત્રના માર્ગે સમય - શક્તિ વેડફશો. 'સારા વિચારો'નો સહારો લેશો તો તનની તંદુરસ્તી સહેલાઇથી જાળવશો. વર્ષના આરંભથી તા. ૧૪-૧૧-૮૭, તા. ૪-૧-૮૮થી ૨૩-૩-૮૮, તા. ૧૨-૫-૮૮થી ૧૯-૬-૮૮ અને તા. ૧૪-૮-૮૮થી ૮-૯-૮૮ સુધીનું ગોચરઆરોગ્યની દૃષ્ટિએ સંભાળ રાખવા જેવું છે. જન્મસમયના ગ્રહોની અસરના પ્રમાણમાં આ વર્ષના ગોચર ગ્રહો આરોગ્યની કાળજી રાખવાનો ઇશારો કરે છે. વય-અવસ્થા-કાર્ય પદ્ધતિના પ્રમાણમાં આરોગ્યની કાળજી રાખવાનો વિશેષ પ્રયત્ન કરશો તો જ આ વર્ષે સંપૂર્ણ તંદુરસ્તીનો અનુભવ જળવાઇ રહેશે, ગોચર ગ્રહો તન-મનની તંદુરસ્તી માટે સામાન્ય નકારાત્મક છે.

કૌટુંબિક દૃષ્ટિએ :-- વર્ષારંભે તમારી રાશિના પરિવારસ્થાનમાં સૂર્ય - ચંદ્ર - બુધ - શુક્ર - પ્લુટો છે. પ્લુટો સિવાયના ગ્રહોને મહત્ત્વ ન આપીએ તો વર્ષના આરંભથી અંત સુધી પરિવારસ્થાનમાં થતાં પ્લુટોના ભ્રમણને મહત્ત્વ આપવું જ પડશે. પ્લુટોની અસર તાત્કાલિક નહીં જણાય પરંતુ સુખસ્થાનના નેપ્ચ્યુન - હર્ષલ સાથેના થતા શુભ દૃષ્ટિયોગો અને રાહુ - ગુરુ - શનિ સાથેના 'શુભાશુભ' દૃષ્ટિયોગોની અસર હેઠળ તમારા પરિવારના સભ્યોની જીવનશૈલી, વિચારશૈલી ભાવુક - આક્રમક - ઉદાર - સિદ્ધાંત પ્રિય વળાંક લેશે. વ્યક્તિગત રીતે તમે - કન્યા રાશિ દ્વિસ્વભાવની છો, એટલે પરિવર્તન તરફ તમને વિશેષ અણગમો પણ

અહીં મુક્તિનો અર્થ થશે, તેઓની ઈચ્છા પૂરી થવી, ઈચ્છાઓ મરી જવી અથવા દેશકાળની અસર હેઠળ ઈચ્છાઓ પરિવર્તિત થવી. પ્લુટો વર્ષના આરંભથી અંત સુધી તમારી રાશિના પુરુષાર્થ સ્થાનમાં છે. તેમ જ થોડા સમય સુધી ગુરુની દૃષ્ટિ હેઠળ છે. પ્લુટોની અસર હેઠળ તમે તમારી કાર્યપ્રણાલી - જીવનશૈલી બદલશો. પ્રત્યક્ષ રીતે પારખી શકાય નહીં, પરંતુ પરોક્ષ રીતે જીવનવ્યવહાર બદલાય, એવી સ્થિતિ પ્લુટો અને ગુરુ સર્જશે. શનિ વર્ષારંભે તમારી રાશિના સુખ સ્થાનમાં છે. જ્યોતિષશાસ્ત્રના વિદ્વાનોએ શનિને 'દુખકારક' ચીતર્યો છે. વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી કહેવાતો દુખકારક શનિ તમારી રાશિના સુખસ્થાનમાં રહેશે. આ સમયગાળા દરમિયાન તમે દુખ અને સુખના ભેદ પારખશો, જન્મસમયના ગ્રહો અધ્યાત્મવાદી વિચારશ્રેણી આપના હશે તો દુખ અને સુખના દ્વૈતને 'અદ્વૈત' રૂપે નીહાળશો. તા. ૧૭-૧૨-૮૭થી શનિ તમારી રાશિના વિચાર-બુદ્ધિ અને પૂર્વકર્મના સ્થાનમાં આવશે. આ સ્થાનમાં જ વર્ષના આરંભથી હર્ષલ અને નેપ્ચ્યુન રહેલા છે. નવસર્જનની શક્તિ હર્ષલ આપશે, કલ્પના શક્તિ મળશે નેપ્ચ્યુન પાસેથી અને સર્જનની વાસ્તવિક પીડા આપશે શનિ. જન્મસમયના ગ્રહોની મર્યાદા અને તમારી વય-અવસ્થાના પ્રમાણમાં આ વર્ષે સંતાન કે સાહિત્ય, વિચારધારા કે આદર્શ સંસ્થાના રૂપમાં તમારું 'સર્જન' નેત્રદીપક પુરવાર થશે. ક્રાંતિ હોય કે શાંતિ, ત્યાગ અથવા હક, તમે ક્યા માર્ગે પ્રવાસ ખેડશો તેનો આધાર જન્મસમયના ગ્રહો નક્કી કરશે. ગોચર ગ્રહો તો તમારા પ્રવાસને યાદગાર, ઐતિહાસિક બનાવશે.

રાહુ વર્ષના આરંભથી તા. ૬-૩-૮૮ સુધી અને ગુરુ તા. ૨૬-૧૦-૮૭થી ૩-૨-૮૮ સુધી તમારી રાશિના ગૂઢ સ્થાનમાં રહેશે. ગુરુ-રાહુની આવી યુતિને જ્યોતિષશાસ્ત્રના પુસ્તકોમાં 'ચાંડાલયોગ' નામ આપેલ છે. ગુરુ આ સ્થાનનો સ્વામી છે. પૃથ્વી તત્વના સુખ આપવા માટે ગુરુ-રાહુની યુતિ અનુકૂળ છે, પરંતુ તમારી રાશિની ગૂઢ સ્થાનની રાશિ મીન જલતત્વની છે. અર્થાત્ પૃથ્વી તત્વની કઠોરતામાં તમે સુખ શોધશો, પરંતુ જલતત્વની મૃદુતાનો મોહ નહીં છોડી શકો, પરિણામે આ વર્ષે મળતા ભૌતિક સુખમાં તમારા અહંકારને આશ્વાસન મળશે. બીજી બાજુ ભાવનાનું શોષણ થશે. તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ સુધી તમારી રાશિના ભાગ્યસ્થાનમાં અને ત્યાર બાદ તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી તમારી રાશિના કર્મસ્થાનમાં ગુરુનું ભ્રમણ છે. જ્યોતિષશાસ્ત્રના વિદ્વાનો ગુરુને અતિ શુભ ગ્રહ રૂપે સ્વીકારે છે, પરંતુ તેના સ્થાન ભ્રમણને લગતા ફળ માટે મતભેદ છે. ગુરુ તમારી રાશિ માટે પંચમેશ અને અષ્ટમેશ છે. અર્થાત્ બુદ્ધિ અને ગુપ્ત વાટાઘાટો, કૂટનીતિનો અમલ, ગુપ્તધન અને વારસો વગેરે. ગુરુના જ્ઞાનને આ વર્ષે તમારી જવાબદારી જેવા વ્યવહારને એક રેખામાં કામ કરવાનું માફક આવે નહીં, એમ બની શકે છે.

વર્ષનો આરંભકાળ રહસ્યમ ભરપૂર છે. ગુપ્તતા - સ્થિરતા - સુખના મધ્યબિંદુ ફરતે રચાતું વર્તુળ, આ વર્ષની પ્રારંભિક સ્થિતિ છે. 'ભય-ફરજ' ગુપ્તતા અને સધ્ધરતાની સત્યસ્થિતિ, જેનું ફક્ત તમને જ ભાન છે. વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી તો 'અચલ-દૃઢ' રહેવું પડશે. તા. ૧૭-૧૨-૮૭ બાદ 'અચલ' રહેવાની હામ નહીં હોય અને ચલિત થવાની તૈયારી નહીં હોય. પરંતુ સત્યને ક્યાં સુધી છુપાવશો ? તા. ૧૭-૧૨-૮૭થી ૩-૧-૮૮ સુધીનો નાનો સમયગાળો છે, જેમાં ઈચ્છસો તો દંભના આંચળાને ફેંકી નિર્દંભ - હળવા- સ્વસ્થ બની શકશો. જન્મસમયના ગ્રહો જ આવી હળવાશ મેળવવાની શક્તિ આપી શકે, ગોચર ગ્રહો તો સૂચવે છે કે તા. ૩-૧-૮૮થી ૬-૩-૮૮ સુધી સત્યને છૂપાવવા અથવા સત્યને અસત્ય બનાવવાના બુદ્ધિપૂર્વક યત્નો કરશો. અહીં એટલી જ સાવચેતી રાખવી જોઈએ જેથી અદાલતી કાર્યવાહીમાં ન અટવાઇ જવાય. તા. ૬-૩-૮૮ બાદ તમને 'દૈવી' સહાયતા મળશે, વાદળિયું હવામાન વિખેરાશે, નોંધી શકાય કે 'ગ્રહણ' સમયનો અવરોધાયેલો પ્રકાશ, અવરોધ દૂર થતાં પ્રકાશિત થશે. તા. ૩-૧-૮૮થી ૬-૩-૮૮ સુધીની અવસ્થાને 'સૂર્યગ્રહણ' સાથે સરખાવી શકાય. તા. ૬-૩-૮૮ બાદ ૧૧-૯-૮૮ સુધીનો સમય રાજકીય, સામાજિક, વ્યાવસાયિક, વ્યક્તિગત સિદ્ધિ મેળવવાનો છે. તમે તમારા વર્તુળમાં પ્રકાશિત થશો. તા. ૧૧-૯-૮૮થી વર્ષના અંત સુધીમાં પ્રથમ હરોળનું વ્યક્તિત્વ મેળવશો. નવા રાજકીય, વિદેશી, સામાજિક સંબંધોથી પ્રતિષ્ઠિત થશો. કહી શકશો કે વાવાઝોડાની અસરમાંથી મુક્ત થઇ 'નવો જન્મ' પામ્યા છો.

આર્થિક - સામાજિક જવાબદારી તેમ જ શરીરશક્તિના 'માપદંડ'ની સાથે જ તમે ધન અને પરિવારના ક્ષેત્રે 'ભરતી'નો મોહ નહીં છોડી શકો. તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ સુધીનો સમય "ઝાંઝવાનાં જળને સરોવર માની બેસવાની ભૂલ કરો" એવો છે. વાસ્તવિક સ્થિતિનું ભાન હોવા છતાં, અવાસ્તવિક સ્થિતિના જ્ઞાનને જ 'સત્ય' માનશો.

સંવત-૨૦૪૪માં શનિની પનોતીની સમજ

જન્મની રાશિથી શનિ બારમે આવતાં મોટી પનોતી (સાડાસાતી) આવે છે. શનિ બારમે આવતા માથા પર, પહેલે આવતાં છાતી પર અને બીજે આવતાં પગ પર પનોતી આવે છે. આ પનોતી સાડાસાત વર્ષની હોય છે. જન્મની રાશિથી ચોથે અથવા આઠમે શનિ આવતાં નાની પનોતી આવે છે, તે અઢી વર્ષની હોય છે.

પનોતી બેસે તે સમયે ગોચરમાં ચંદ્ર જન્મરાશિમાં છઠ્ઠે કે અગિયારમે હોય તો તે પનોતી સોનાને પાયે બેસે છે અને તે ચિંતાકારક છે. ચંદ્ર જન્મરાશિથી બીજે, પાંચમે કે નવમે હોય તો પનોતી રૂપાના પાયે બેસે છે તે ધન લાભદાયક શુભ ગણાય છે. ચંદ્ર જન્મરાશિથી ત્રીજે, સાતમે કે દસમે હોય તો પનોતી તાંબાને પાયે બેસે તે લક્ષ્મીદાયક ઉત્તમ છે અને ચંદ્ર જન્મરાશિથી ચોથે, આઠમે કે બારમે હોય તો પનોતી લોઢાને પાયે બેસે તે કષ્ટદાયક છે. પણ લોઢું શનિની ધાતુ હોઈ તે બહુ કષ્ટદાયક ન બનતાં ફક્ત વધુ મહેનત કરાવે છે. આ ઉપરાંત પનોતી બેસે તે વખતે જે રાશિનો સૂર્ય હોય તેના પરથી પણ કેટલાક પનોતીનો પાયો ગણે છે.

પનોતી હોય તેમને યશ જન્મકુંડળીમાં ચંદ્ર-શનિ અરસપરસ શુભ યોગમાં હોય તો પનોતીનું અશુભ ફળ હળવું થઈ જાય છે.

શનિ ધનુ રાશિમાં

શનિ ધનુ રાશિમાં : સંવત ૨૦૪૪, માર્ગશીર્ષ કૃષ્ણ- એકાદશી, ગુરુવાર, તા. ૧૭-૧૨-૧૯૮૭ના વહેલી સવારે ૦૨.ક.૫૪ મિનિટે શનિ ધનુ રાશિમાં આવે છે. આ સમયે ચંદ્ર તુલા રાશિમાં છે. શનિના રાશિ પરિવર્તનના પરિણામે જુદીજુદી રાશિઓની પનોતી નીચે પ્રમાણે રહેશે.

સિંહ અને મેષ : રાશિના જાતકોને ચાલતી નાની પનોતી પૂરી થાય છે.

તુલા રાશિ : ના જાતકોને ચાલતી સાડાસાતી પણ પૂરી થાય છે.

વૃશ્ચિક રાશિ : ઉપર જણાવ્યા મુજબ શનિનો ધનુ રાશિમાં પ્રવેશ થતાં વૃશ્ચિક રાશિવાળા જાતકોને શરૂ થયેલી સાડાસાત વર્ષની પનોતીનો છેલ્લો તબક્કો શરૂ થાય છે. લોઢાને પાયે પગે આવેલી પનોતી કષ્ટદાયક નીવડે પણ લોઢું શનિ ધાતુ હોઈ તે બહુ કષ્ટદાયક ન બનતાં ફક્ત વધુ મહેનત કરાવશે.

ધનુ રાશિ : આ રાશિવાળાને ચાલતી પનોતી સાડાસાતીના બીજા તબક્કામાં સોનાને પાયે છાતીએ આવેલી હોવાથી આ પનોતી ચિંતાકારક નીવડે.

મકર રાશિ : આ રાશિવાળા જાતકોને ધનુ શનિથી સાડાસાતીનો પહેલો અઢી વર્ષનો સમય શરૂ થાય છે. તાંબાને પાયે માથે આવેલી આ પનોતી લક્ષ્મીદાયક. ઉત્તમ નીવડે.

કન્યા અને વૃષભ : આ રાશિવાળાને નાની પનોતી અઢી વર્ષની શરૂ થાય છે. -

કન્યા રાશિ : આ જાતકોને નાની પનોતી રૂપાના પાયે શરૂ થતી હોવાથી ધન-લાભદાયક શુભ ગણાય.

વૃષભ રાશિ : ના જાતકોને નાની પનોતી સોનાના પાયે શરૂ થતી હોવાથી ચિંતાકારક છે.

તા. ૬-૩-૮૮ બાદ તમે નાટકના પાત્રની માફક જે પાત્ર ભજવવાની તૈયારી કરી હશે તે ભજવશો. અહીં તમે ફક્ત બનાવટી 'પાત્ર' છો એનું જ્ઞાન તમને જ હશે, તમારા વર્તુળને તો લાગશે કે તમે જે છો, એ જ 'પાત્ર' છો, નાટકના પાત્ર નથી. અસલિયતને છૂપાવવા જતા આર્થિક અને સામાજિક બોજો તા. ૬-૩-૮૮ બાદ વધશે. પરિણામે આરોગ્ય બગડી શકે છે. તેમ જ અણગમતી વ્યક્તિની સહાય લેવી પડે અને અણગમતા બોજા તળે દબાવું પડે. ભૌતિક સુખની ભૂખ ભાંગવા માટે વર્ષના આરંભથી તા. ૧-૯-૮૮ સુધી 'અતિ અંગત સંબંધો' વાપરશો. તા. ૧-૯-૮૮થી ૨૯-૯-૮૮ સુધીનો સમયગાળો આ વર્ષનો મહત્ત્વપૂર્ણ 'કસોટી કાળ' છે, અહીં દૂધનું દૂધમાં અને પાણીનું પાણીમાં વહેંચાઇ જશે. ભેળસેળની આવડત કામ નહીં લાગે. તા. ૨૯-૯-૮૮ બાદ ફરી તમે તમારા વર્ચસ્વથી તમારા વર્તુળને ઈચ્છા મુજબ 'દર્શન' કરાવી શકશો. બુદ્ધિ અને જવાબદારી, દંભ અને સચ્ચાઇની વચ્ચે તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ સુધી ભ્રામક આશાઓથી દૂર રહી શકો અને તા. ૬-૩-૮૮થી ૯-૪-૮૮ દરમિયાન ખોટા આશ્વાસનો આપવાથી બચી શકો તો જ તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ દરમિયાન તમે 'સ્વસ્થ અને શાંત' રહી શકશો. નવજીવન પ્રાપ્ત કરાવતું, નવ પલ્લવિત થવાની તક આપતું સુંદર વર્ષ છે, અહીં પ્રાચીનને વળગી રહેવાનો મોહ, 'પ્રાચીન'ના છૂટવાના કારણે 'સંતાપ' આપશે. પરંતુ પરિપક્વ થવા માટે 'તાપ' આવશ્યક છે અને 'સંતાપ' તો શુદ્ધ બનાવે છે. સાચા 'સિંહ' બનશો.

કન્યા : (પ, ઠ, ણ)

વિક્રમ સંવત ૨૦૪૪ના આરંભ સમયે તમારી રાશિ કન્યામાં કેતુ-મંગળ, પરિવારસ્થાનમાં સૂર્ય - ચંદ્ર બુધ - શુક્ર - પ્લુટો, પુરુષાર્થ સ્થાનમાં શનિ, સુખસ્થાનમાં હર્ષલ - નેપ્ચ્યુન, સપ્તમ સ્થાનમાં રાહુ અને ગુપ્ત સ્થાનમાં ગુરુ છે. વર્ષ દરમિયાન કેતુ-રાહુ તમારી રાશિના વ્યય અને ઋણસ્થાનમાં આવશે. અર્થાત્ તમારી અનેક ભૂતકાલીન જવાબદારીમાંથી તમને મુક્તિ આપશે, અલબત્ત કેટલાક સામાજિક સંબંધો તોડશે અને કેટલીક નવી વ્યક્તિઓનો ઉપકાર જેવો બોજો વધશે. ગુરુ ગુપ્ત સ્થાનમાંથી ભાગ્યસ્થાનમાં આવશે, પરિણામે તમારી વિવિધ ગુપ્ત જવાબદારીઓનો ઉકેલ મળશે અથવા 'મુક્તિ' કહી શકાય એવી રાહત મળશે. શનિ પુરુષાર્થ સ્થાનમાંથી સુખસ્થાનમાં પ્રવેશ કરશે, પરિણામે સુખસ્થાનના નેપ્ચ્યુન અને હર્ષલની સાથે શનિ પણ તમને સુખ આપવાની કોશિશ કરશે. નેપ્ચ્યુનની અસર હેઠળ તમે ભાવુક અને રસિક બનશો. હર્ષલની અસર હેઠળ ઉતાવળિયા બનશો અને શનિ પ્રૌઢ બનાવશે. પ્રાચીન અને અર્વાચીન ઢબે 'સુખ' મળશે. પ્લુટો ધન અને પરિવારસ્થાનમાં જ રહેશે, પરિણામે તમારા પરિવારના સભ્યો ક્રાંતિકરી આધુનિક જીવનનો આગ્રહ સેવશે.

વર્ષનો આરંભકાળ સમાજ - લગ્નજીવન - વ્યાવસાયિક ભાગીદારીને અગ્રતાક્રમ આપશે. તા. ૧-૧૧-૮૭થી ૧૩-૧૧-૮૭ સુધીમાં તમે તમારી શક્તિ સ્થિતિ અને સ્થાનનું મૂલ્યાંકન કરી લેશો. તા. ૧૩-૧૧-૮૭થી ૧-૧૨-૮૭ સુધીનો સમય વ્યક્તિત્વ અને તેની જાળવણીના યુદ્ધ જેવો છે. એક અને અનેકના ભેદ સમજવાનો છે. તા. ૧-૧૨-૮૭થી ૧૯-૧૨-૮૭ દરમિયાન પુરુષાર્થ કરશો. અહીં પ્રવાસ કે દસ્તાવેજની આવશ્યકતા જણાશે. આ સમયના પુરુષાર્થના પરિણામે તા. ૧૨-૧-૮૮થી ૧૬-૩-૮૮ દરમિયાન લાભ - નફો કહી શકાય તેવી પ્રાપ્તિ થશે. રહેઠાણની સગવડો, વાહનસુખ અથવા અતિ અંગત સુખ જેવી કલ્પનાની પૂર્તિ માટે આ સમયના ગ્રહો ખૂબ જ અનુકૂળ છે. તા. ૧૬-૩-૮૮થી ૨૬-૩-૮૮ સુધીનો સમયગાળો લોભામણો છે. અહીં તમને વિવિધ પ્રકારના સહાયકો મળશે. આ સમય લાલચમાં ફસાવાનો કે તેમાંથી બચવાનો નિર્ણય લેવાનો છે. નિર્ણય તો તમે જન્મસમયના ગ્રહોના આધારે જ લેશો. ગોચર ગ્રહો તો સૂચવે છે કે તા. ૨૬-૩-૮૮થી ૩-૪-૮૮ સુધીમાં તમે તમારી આર્થિક અને પારિવારિક જવાબદારીનો બોજો વધારશો.

તા. ૩-૪-૮૮ બાદ, ૧૭-૪-૮૮ સુધીમાં અંગત રીતે તમને અને સાથે જ તમારા વર્તુળને ખ્યાલ આવી જશે કે, તમારું વ્યાવહારિક ગણિત ખોટું પડ્યું છે. તા. ૨૩-૪-૮૮ સુધીનો સમયગાળો વ્યક્તિત્વની કસોટીનો અને કટોકટીનો છે. તા. ૨૩-૪-૮૮ બાદ દૈવી સહાયતા મળશે, પરંતુ તા. ૧-૫-૮૮ પહેલા તમારી કસોટી પૂરી નહીં થાય. તા. ૧-૫-૮૮ બાદ, તા. ૧૬-૫-૮૮ સુધીમાં તમે કહી શકશો કે તોફાન સમી ગયું છે, વાવાઝોડાનો અનુભવ લેવો પડ્યો છે. તા.૧૬-૫-૮૮થી ૨૦-૭-૮૮ સુધીમાં તમને આર્થિક સહાયતા મળશે, કાનૂની વિજય મળે અથવા રાજકીય કે અદાલતી અનુકૂળતા રહે. નોકરી શોધનાર વર્ગને અહીં નવી નોકરી મળવાનો સબળ યોગ છે. જૂની નોકરીમાં બઢતી મળી શકે છે. એકંદરે આ સમય ભૌતિક ઉન્નતિનો છે. તા. ૨૦-૭-૮૮થી ૨૭-૭-૮૮ દરમિયાન 'ભાગ્યોદય' જેવો અનુભવ કરશો. તા. ૨૭-૭-૮૮થી ૯-૮-૮૮ દરમિયાન મકાન-વાહન કે અંગત વૈભવનાં સાધનો અને સગવડો મેળવશો. ફરી એક વાર તમે 'બેફામ' બનશો. તા. ૯-૮-૮૮થી ૧૬-૮-૮૮ દરમિયાન ગજા ઉપરવટની જવાબદારી વહોરી લેવાય એવી ગ્રહસ્થિતિ છે. તા. ૧૬-૮-૮૮થી ૨-૯-૮૮ દરમિયાન વ્યાવસાયિક જવાબદારી વધારવાથી દૂર રહી શકાય તો પ્રયત્ન કરવો. તા. ૨-૯-૮૮થી ૧૩-૯-૮૮ સુધીનો કાળ પ્રવાહી છે, અહીં આવક માટેની તકો મળશે અને સરી જશે. તા. ૧૩-૯-૮૮થી ૭-૧૧-૮૮ દરમિયાન નવા સંબંધો બંધાવાનો યોગ છે. વ્યાવસાયિક ભાગીદારી કે જીવનની ભાગીદારી માટે આ સમયના ગોચર ગ્રહો આશીર્વાદ સમાન છે. તા. ૭-૧૧-૮૮ બાદ વર્ષના અંતિમ દિવસો, આવતા વર્ષના આરંભના દિવસો વિજય અપાવનાર છે. દીપાવલીના તહેવારો તમારા માટે 'વિજયાદસમી' જેવી સફળતા અને ખુશી આપનાર નીવડશે.

તંદુરસ્તીની દૃષ્ટિએ :-- વર્ષના આરંભ સમયે તમારી રાશિના આયુસ્થાનમાં ગુરુ છે અને આરોગ્યસ્થાનમાં ગ્રહ નથી. ગુરુ તા. ૨૬-૧૦-૮૭ના આયુસ્થાન છોડી સપ્તમ સ્થાનમાં જશે. ત્યાર બાદ તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ સુધી ગુરુનું ભ્રમણ તમારી રાશિના આયુસ્થાનમાં રહેશે. તા. ૬-૩-૮૮થી રાહુ તમારી રાશિના આરોગ્યસ્થાનમાં આવશે અને આવતા વર્ષમાં પણ ત્યાં જ રહેશે. રાહુ - ગુરુનું ગોચર આરોગ્ય માટે સામાન્ય નકારાત્મક નીવડશે. તા. ૬-૩-૮૮થી રાહુના રાશિ પરિવર્તનની સાથે જ કેતુ રાશિ બદલશે, પરિણામે તમારી અંગત જવાબદારી વધશે, માનસિક, આર્થિક, કાર્યક્ષેત્ર વધશે, શારીરિક દોડધામ વધશે, આની અસર હેઠળ અણગમો અને થાક વધશે, તમે માંદગીનો અનુભવ કરતા થઇ જશો.

વર્ષના ઉત્તરાર્ધમાં (તા. ૬-૩-૮૮થી વર્ષના અંત સુધી) કલ્પનાના ઘોડા દોડાવી, નકારાત્મક વિચારોના શિકાર બનશો તો તનની તંદુરસ્તી ગુમાવશો, આવા સમયે રોગનું નિદાન પણ નહીં થાય, પરિણામે તમે માનસ ચિકિત્સક પાસે જશો અથવા ઊતરતી કક્ષાના તંત્ર-મંત્રના માર્ગે સમય - શક્તિ વેડફશો. 'સારા વિચારો'નો સહારો લેશો તો તનની તંદુરસ્તી સહેલાઇથી જાળવશો. વર્ષના આરંભથી તા. ૧૪-૧૧-૮૭, તા. ૪-૧-૮૮થી ૨૩-૩-૮૮, તા. ૧૨-૫-૮૮થી ૧૯-૬-૮૮ અને તા. ૧૪-૮-૮૮થી ૮-૯-૮૮ સુધીનું ગોચરઆરોગ્યની દૃષ્ટિએ સંભાળ રાખવા જેવું છે. જન્મસમયના ગ્રહોની અસરના પ્રમાણમાં આ વર્ષના ગોચર ગ્રહો આરોગ્યની કાળજી રાખવાનો ઇશારો કરે છે. વય-અવસ્થા-કાર્ય પદ્ધતિના પ્રમાણમાં આરોગ્યની કાળજી રાખવાનો વિશેષ પ્રયત્ન કરશો તો જ આ વર્ષે સંપૂર્ણ તંદુરસ્તીનો અનુભવ જળવાઇ રહેશે, ગોચર ગ્રહો તન-મનની તંદુરસ્તી માટે સામાન્ય નકારાત્મક છે.

કૌટુંબિક દૃષ્ટિએ :-- વર્ષારંભે તમારી રાશિના પરિવારસ્થાનમાં સૂર્ય - ચંદ્ર - બુધ - શુક્ર - પ્લુટો છે. પ્લુટો સિવાયના ગ્રહોને મહત્ત્વ ન આપીએ તો વર્ષના આરંભથી અંત સુધી પરિવારસ્થાનમાં થતાં પ્લુટોના ભ્રમણને મહત્ત્વ આપવું જ પડશે, પ્લુટોની અસર તાત્કાલિક નહીં જણાય પરંતુ સુખસ્થાનના નેપ્ચ્યુન - હર્ષલ સાથેના થતા શુભ દૃષ્ટિયોગો અને રાહુ - ગુરુ - શનિ સાથેના 'શુભાશુભ' દૃષ્ટિયોગોની અસર હેઠળ તમારા પરિવારના સભ્યોની જીવનશૈલી, વિચારશૈલી ભાવુક - આક્રમક - ઉદાર - સિદ્ધાંત પ્રિય વળાંક લેશે. વ્યક્તિગત રીતે તમે - કન્યા રાશિ દ્વિસ્વભાવની છો. એટલે પરિવર્તન તરફ તમને વિશેષ અણગમો પણ

નહીં રહે, તેમ છતાં પ્લુટોની અસર હેઠળનાં પરિવર્તનો પાયાના વિચારો અને જીવનશૈલી માટે નોંધપાત્ર બનશે, એટલે તમે અને તમારા પરિવારના સભ્યો 'સદીઓની ભેદ રેખા'માં વહેંચાઇ જશો. તા. ૧૬-૧-૮૮થી ૭-૨-૮૮, તા. ૬-૩-૮૮થી ૨૫-૩-૮૮, તા. ૧૨-૫-૮૮થી ૨૨-૬-૮૮, તા. ૧૮-૭-૮૮થી ૧-૯-૮૮ અને ૨૯-૯-૮૮થી ૨૨-૧૦-૮૮ સુધીના સમયગાળાઓ પરિવારના સભ્યો માટે 'ઉશ્કેરાટ'વાળા બની શકે છે. અહીં નાણાકીય આવશ્યકતા, અંગત ગમા-અણગમા, ગુપ્ત આર્થિક અથવા કાનૂની વ્યવહાર, નવા સામાજિક કે વ્યાવસાયિક સંબંધોની દૃષ્ટિએ તમે, તમારી પરિવાર વ્યવસ્થા અને તમારા પરિવારના સભ્યોની વ્યક્તિગત ઇચ્છાઓ, એકબીજાના વૈચારિક ગમા-અણગમા જેવા ઉશ્કેરાટ માટે નિમિત્ત બનશે. તા. ૨૭-૧૦-૮૭થી ૧૬-૧-૮૮, તા. ૭-૨-૮૮થી ૬-૩-૮૮, તા. ૨૫-૩-૮૮થી ૧૨-૫-૮૮, તા. ૨૨-૬-૮૮થી ૧૮-૭-૮૮ અને તા. ૧-૯-૮૮થી ૨૯-૯-૮૮ સુધીના સમયગાળાઓ પરિવારના સભ્યો માટે અનુકૂળ જણાશે. અહીં વ્યક્તિગત રીતે આવકનાં સાધનો મળે અથવા આવક વધે, નવા પારિવારિક સંબંધો બંધાય અથવા રહેઠાણ કે વાહન જેવી સુખ-સુવિધામાં વધારો થાય. આ વર્ષના ગોચર ગ્રહો તમારા જન્મસમયના ગ્રહોની સ્થિતિ પ્રમાણે પરિવારની ઘટનાઓને ઉત્તેજના પૂરી પાડશે, સ્વતંત્ર રૂપે ગોચર ગ્રહોની અસર 'પરિવાર જીવન' માટે નોંધપાત્ર નથી.

આર્થિક દૃષ્ટિએ :-- વર્ષ દરમિયાન તમારી રાશિના ધનસંગ્રહ સ્થાનમાં પ્લુટોનું ભ્રમણ નોંધપાત્ર છે. કર્મ અને લાભ સ્થાનમાં બળવાન ગ્રહોનું ભ્રમણ નથી. તા. ૧૯-૬-૮૮થી તમારી રાશિના ભાગ્યસ્થાનમાં ગુરુનું ભ્રમણ આરંભાશે, આવતા વર્ષના થોડા સમય સુધી રહેશે. તા. ૬-૩-૮૮થી રાહુ ઋણસ્થાનમાં આવશે. ગ્રહોની અસર જોતાં વિક્રમનું આ વર્ષ કર્મ - લાભ - ધનસંગ્રહની દૃષ્ટિએ આકર્ષક નહીં નીવડે, પરંતુ જન્મસમયના ગ્રહો સૂચવતા હશે તો આ વર્ષના ગુરુ-રાહુના ગોચરની અસર હેઠળ તમે લાંબા ગાળાની આવક માટે, વ્યાવસાયિક આયોજન માટે અથવા ઉદ્યોગની સ્થાપના માટે યોગ્ય નિર્ણય લઇ શકશો. તેમ જ આવશ્યક કાનૂની સગવડતા અને આર્થિક સહાયતા પ્રાપ્ત કરી શકશો. વર્ષના આરંભથી તા. ૨૯-૧૧-૮૭ સુધીના પારિવારિક બનાવોની અસર હેઠળ કેટલાક આર્થિક નિર્ણયો લેવાં પડશે. તા. ૨૯-૧૧-૮૭થી ૧૭-૧૨-૮૭ સુધીનો સમયગાળો પુરુષાર્થ કરવાનો છે. અહીં તમે તૂટતી વ્યવસ્થાને બચાવવા પ્રયત્ન કરશો, પરંતુ તા. ૧૭-૧૨-૮૭ બાદ તમને સત્ય સમજાશે અને તા. ૬-૩-૮૮ સુધી ફક્ત નિરીક્ષક બનીને જ પરિવારના સભ્યોની વર્તણૂક અને અર્થવ્યવસ્થાનું ખોખલાપણું અનુભવતા રહેશો. તા. ૬-૩-૮૮ બાદ વર્ષના અંત સુધીનો સમયગાળો 'પરિણામ'ની પ્રચંડતાનો છે. અહીં માનસિક વ્યક્તિગત જવાબદારી વધારશો, પરિવારના શ્રેય માટે શક્તિ-સમય અને નાણાં વેડફશો, પરંતુ પરિણામ 'શૂન્ય' જણાશે. અંગત ઋણ વધારશો, કાનૂની જવાબદારી વહોરશો, નાણાં મેળવવા માટે હાથ પરનાં નાણાં વેડફશો, ફળરૂપે તમારું બૌદ્ધિક ગણિત ખોટું પુરવાર થશે, આર્થિક જવાબદારી વધશે. નફો દૂર ઠેલાશે, નુકસાન હાથમાં આવશે.

તા. ૧૨-૧૧-૮૭થી ૨૩-૧૧-૮૭, તા. ૪-૧૨-૮૭થી ૫-૧-૮૮, તા. ૭-૨-૮૮થી ૧૮-૨-૮૮, તા. ૭-૪-૮૮થી ૪-૯-૮૮ અને તા. ૧૭-૯-૮૮થી ૨૯-૯-૮૮ તથા તા. ૨૨-૧૦-૮૮થી વર્ષના અંત સુધીના સમયગાળાઓ ધનસંગ્રહ માટે અનુકૂળ છે, અહીં સીધી અથવા આડકતરી રીતે તમે બચત કરી શકશો. તા. ૧૬-૧-૮૮થી ૩-૨-૮૮ દરમિયાન વ્યાવસાયિક જોડાણનો યોગ છે, જન્મસમયના ગ્રહો સૂચવતા હશે તો અહીં નવી ભાગીદારી થશે, લાંબા ગાળા સુધી આ સમયના સંબંધો જળવાશે. તા. ૬-૩-૮૮થી ૨૫-૩-૮૮ અને તા. ૨૯-૯-૮૮થી ૧૦-૧૦-૮૮ સુધીનું ગોચર આર્થિક નુકસાન સૂચવે છે. તા. ૨૨-૮-૮૮થી ૨૯-૯-૮૮ સુધીનો સમયગાળો રાજકીય સંબંધો અને ગુપ્ત ઓળખાણોથી ધનલાભ સૂચવે છે. એકંદરે આ વર્ષના ગોચર ગ્રહો નાણાંની પ્રાપ્તિ ઓછી અને વેડફાટ વધારે સૂચવે છે. જન્મસમયના ગ્રહો 'મર્યાદા'ના બંધનનો સ્વીકાર સૂચવતા હશે તો જ આ વર્ષે તમે નાણાંની વિશાળ જવાબદારી વધારવાથી દૂર રહી શકશો. ગોચર ગ્રહો તો સૂચવે છે કે માર્ચ ૧૯૮૮ બાદ વર્ષના અંત સુધી ખોટા નિર્ણયો લેશો અને આર્થિક જવાબદારી વધારશો.

સ્થાવર સંપત્તિ : વર્ષના આરંભથી અંત સુધી તમારી રાશિના સ્થાવર સંપત્તિના સ્થાનમાં નેપ્ચ્યુન અને હર્ષલ છે. તા. ૧૭-૧૨-૮૭થી શનિ આ સ્થાનમાં આવશે અને વર્ષના અંત સુધી રહેશે. મકાન, જમીન, રહેઠાણ, વાહન અને બીજી સંપત્તિની દૃષ્ટિએ આ વર્ષ નોંધપાત્ર છે. આ વર્ષના આરંભ પહેલાંથી જ તમે રહેઠાણના સંજોગો અને કેટલાક વિકલ્પોને વાગોળતા હશો. તા. ૨૬-૧૦-૮૭થી ૨૯-૧૧-૮૭ દરમિયાન જૂની મિલકતના બદલામાં નાણાં મળવાનો યોગ છે. તા. ૨૯-૧૧-૮૭થી ૬-૧-૮૮ સુધીનું ગોચર મકાન, વાહનની સુવિધા વધારવા માટે અનુકૂળ છે. તા. ૬-૧-૮૮થી ૩-૨-૮૮ સુધીનો કાળખંડ સમજી લેવા જેવો છે. અહીં સ્થાવર મિલકતને લગતી ઝંખના વધશે, ઇચ્છા પૂરી કરવા માટે આર્થિક સહાયતા પણ મળશે, પરંતુ આ સમયના નિર્ણયોમાં દીર્ઘદૃષ્ટિનો અભાવ હશે. તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ સુધી તો તમને અનુકૂળ વાતાવરણ જણાશે, પરંતુ તા. ૬-૩-૮૮ બાદ ૯-૪-૮૮ સુધીની ગ્રહસ્થિતિ પ્રતિકૂળ છે. આ સમય દરમિયાન તમને તમારી ભૂલ સમજાશે, પરંતુ નિર્ણય બદલવા માટેના સંયોગો ન હોવાથી થોડો સમય ધીરજ રાખવામાં જ તમારું હિત છે. તા. ૯-૪-૮૮ બાદ તા. ૧૬-૮-૮૮ સુધીનું ગોચર અનુકૂળ હોવાથી દૈવી સહાયતા મળશે. ભાગ્ય અનુકૂળ જણાશે, થયેલ ભૂલનું પરિણામ સુખદ આવશે, તમે કહી શકશો - ધીરજનાં ફળ મીઠાં છે. તા. ૧૬-૮-૮૮થી વર્ષના અંત સુધીનો સમયગાળો સ્થાવર મિલકતની દૃષ્ટિએ લાભદાયક છે. અહીં જૂની મિલકતના બદલામાં નાણાં મળી શકે છે અથવા મિલકતના સંબંધે કાયમી આવકની વ્યવસ્થા થઇ શકે છે. 'લાભ' શબ્દની વ્યાખ્યામાં સમાય એ રીતે મિલકતના નિમિત્તે ફાયદો થાય. તા. ૧૭-૩-૮૮થી ૩૧-૩-૮૮ અને તા. ૧૯-૭-૮૮થી ૧૬-૮-૮૮ દરમિયાન મિલકતમાં નાણાં રોકવાની તક મળશે. આ સમયનું રોકાણ ભવિષ્યમાં 'લાભ' બનશે. તા. ૪-૧-૮૮થી ૨૪-૧-૮૮ અને તા. ૭-૭-૮૮થી વર્ષના અંત સુધીની ગ્રહસ્થિતિ અદ્‌ભુત છે. અહીં જમીન, મિલકતને લગતી 'લાલચ' આવશે, પરંતુ આ સમયના સોદાઓમાં દસ્તાવેજ અને કાનૂનને લગતી મડાગાંઠ સર્જાવાનો પ્રબળ યોગ છે. અહીં લાલચથી દૂર રહી, કાયદાની દૃષ્ટિએ જાગૃત રહેશો તો જ ભવિષ્યની ગૂંચવણોથી બચશો. તા. ૩-૪-૮૮થી ૧૦-૪-૮૮ અને તા. ૨૭-૭-૮૮થી ૩-૮-૮૮ દરમિયાન વ્યવસાય કે વ્યાપાર માટે મિલકત મેળવવાનો યોગ છે. તા. ૭-૨-૮૮થી ૧૮-૨-૮૮ અને ૪-૯-૮૮થી ૧૭-૯-૮૮ દરમિયાન પ્રારબ્ધ અને મિલકતની જુગલબંધીનો યોગ છે. જન્મસમયના ગ્રહો સૂચવતાં હશે તો અહીં પારિવારિક મિલકતના હકો મળવાનો યોગ છે. રાજકીય સંબંધો કે વિદેશી સંબંધોના નિમિત્તે મિલકત મળી શકે છે. દૈવીકૃપા અને મિલકતની પ્રાપ્તિ માટે આ સમયગાળો નોંધપાત્ર છે. એકંદરે જૂના સંબંધો, જૂની મિલકતને લગતી કલ્પનાને આ વર્ષે વાસ્તવિક રૂપ આપી શકો એ માટે ગ્રહોના માધ્યમ દ્વારા તમને વિશાળ ક્ષેત્ર મળશે. જન્મસમયના ગ્રહોની મર્યાદા પ્રમાણે જ અનંત આકાશમાંથી તમારા હકના આકાશને તમારી માલિકીનું બનાવવા સમર્થ બનશો.

સ્ત્રીઓ માટે : વર્ષના આરંભે તમારી રાશિના સુખસ્થાનમાં હર્ષલ-નેપ્ચ્યુન અને સામાજિક સંબંધોના સ્થાનમાં રાહુ છે. તા. ૧૭-૧૨-૮૭થી શનિ સુખસ્થાનમાં આવશે અને તા. ૨૬-૧૦-૮૭થી ગુરુ સામાજિક સંબંધોના સ્થાનમાં આવશે. તા. ૬-૩-૮૮ના રાહુ અને તા. ૩-૨-૮૮ના ગુરુ તમારી રાશિના સપ્તમ સ્થાનનું ભ્રમણ પૂરું કરશે. આ ગ્રહસ્થિતિના માટે લખી શકાય કે વય, અવસ્થા, સંયોગ, સમાજ, દેશ અને કાળ પ્રમાણે તમે પ્રૌઢ બનશો; કલ્પના કરશો; સર્જન કરશો; ભૌતિક સુખની ઝંખના કરશો; સત્તા અને માન મેળવશો, ભૂતકાલીન અનેક ઇચ્છાઓ પૂરી કરશો.

વર્ષના આરંભનો સમય મનોબળયુક્ત જિદ્દી વલણ સૂચવે છે. આત્મવિશ્વાસના બળે વર્ષના

આરંભના દિવસો જીવશો. તા. ૨૬-૧૦-૮૭થી ૨૯-૧૧-૮૭ દરમિયાન ધનવૃદ્ધિ, પરિવારવૃદ્ધિનો યોગ છે. તા. ૨૯-૧૧-૮૭થી ૧૯-૧૨-૮૭ દરમિયાન સ્થાયી સુખનાં સાધનો મેળવવા પ્રયત્ન કરશો અને તા. ૬-૧-૮૮ સુધીમાં જન્મસમયના ગ્રહોની સ્થિતિ મુજબ મકાન, વાહન તેમ જ અંગત ભૌતિક સુખનાં સાધનો મેળવશો. તા. ૬-૧-૮૮થી તા. ૩-૨-૮૮ સુધીનો સમયગાળો ભાવના - પ્રેમના સંતોષનો છે. વય, અવસ્થા પ્રમાણે અહીં તમે માતા બનો અથવા પત્ની બનો, પ્રેમ અથવા વિદ્યાભ્યાસમાં સફળ થાઓ. તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ સુધીના કાળખંડને સમજવાની અને પચાવવાની જરૂર છે. અહીં તમારો 'અહંકાર' વધશે અને તા. ૬-૩-૮૮થી ૯-૪-૮૮ દરમિયાન અહંકાર ઓગળશે. તા. ૯-૪-૮૮થી ૧૬-૮-૮૮ સુધીનું ગોચર ભાગ્યવૃદ્ધિ, કર્મના શુભ ફળના અનુભવનો છે. અહીં આવક વધવાનો યોગ છે, સત્તા-માન મળવાનો યોગ છે અથવા તમે વિદેશ સાથેના સંબંધો વિકસાવવા ઈચ્છતા હશો તો તેવા સંબંધો લાભદાયક પુરવાર થશે. શુભ સમય છે. તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ સુધીનો સમયગાળો ચંચળતા વધારશે, પરંતુ અહીં નવા મિત્રો ઉપયોગી નીવડશે. જીવનના જે ક્ષેત્રમાં તમે હશો તે ક્ષેત્રને લગતા ફાયદાઓ મળશે, તેમ જ તા. ૨-૧૧-૮૮ બાદ વર્ષના અંત સુધીમાં ઠોસ ફાયદો થશે, એકંદરે વિક્રમનું આ વર્ષ તમારી ઝોળી ભરશે.

વિદ્યાર્થીઓ માટે : વર્ષના આરંભથી અંત સુધી તમારી રાશિના વિદ્યાસ્થાનમાંથી નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી. આ સ્થાનના સ્વામી શનિની પૂર્ણદૃષ્ટિ વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી આ સ્થાન પર રહેશે. તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી વિદ્યાકારક ગુરુની પૂર્ણ ત્રિકોણ દૃષ્ટિ આ સ્થાન પર રહેશે. ગુરુ-શનિની દૃષ્ટિ મિશ્ર ફળ આપશે. વર્ષના આરંભથી ફેબ્રુઆરી ૧૯૮૮ સુધીનું ગોચર વિદ્યાધ્યયન માટે શુભ છે. વ્યક્તિગત સફળતા અને અનુકૂળતા મેળવશો. માર્ચ ૧૯૮૮થી ગોચર ચાલ બદલાશે, આનાં પરિણામે વર્ષના અંત સુધી વિદ્યાધ્યયનના ક્ષેત્રે અનેક રૂકાવટો સર્જાશે. પરિવારના આવકનાં સ્થાનો બદલાય, એનાં પરિણામે તમારા અધ્યયનમાં વિક્ષેપ થાય, અથવા કોઈની માંદગીના નિમિત્તે અભ્યાસ મોકૂફ રહે, વિષય પરિવર્તનના કારણે પણ આ વર્ષનો ઉત્તરાર્ધ અભ્યાસ માટે અનુકૂળ ન જણાય. જન્મસમયના ગ્રહોની સ્થિતિ મુજબ કાયમી કે કામચલાઉ અભ્યાસ બંધ થાય, વિષય પરિવર્તન થાય અથવા સ્થળાંતર થાય. એક વાત નિશ્ચિત છે વર્ષના ઉત્તરાર્ધમાં સ્થળાંતર અથવા પરિવર્તનનો યોગ છે, પરિણામ શુભ છે, ફક્ત સામાન્ય 'મનોભાવ' ઉદાસી આપશે.

વિશેષ વિગતો : વર્ષના આરંભે કેતુ તમારી રાશિમાં અને રાહુ તમારી રાશિના સપ્તમ સ્થાનમાં છે. તા. ૬-૩-૮૮થી કેતુ-રાહુ અનુક્રમે તમારી રાશિથી વ્યયમાં અને ઋણમાં આવશે. આ ગોચરનો સામાન્ય અર્થ છે તમે તમારી માનેલી જવાબદારીમાંથી મુક્ત થવા પ્રયત્ન કરશો, પરંતુ તમારું વર્તુળ તમને મુક્ત નહીં થવા દે. વર્ષના આરંભ સમયે જ પરિવારના ભારનો વિચાર કરી નવી વ્યવસ્થા માટે પરિવારના સભ્યો સાથે વિચાર-વિમર્શ કરશો. તા. ૧૬-૧૧-૮૭થી ૧૬-૧૨-૮૭ દરમિયાન ઈચ્છા પૂરી કરવા પુરુષાર્થ કરશો, પ્રવાસ ખેડશો અથવા પત્રવ્યવહારનો પ્રયોગ કરશો. તા. ૧૬-૧૨-૮૭થી ૧૪-૧-૮૮ દરમિયાન શાંત ચિત્તે વિચાર કરશો. તમારી કાર્યપદ્ધતિની નિષ્ફળતાને તપાસી, સફળતા માટેની નવી કાર્યપદ્ધતિની રૂપરેખા દોરશો. તા. ૧૪-૧-૮૮થી ૧૩-૨-૮૮ સુધીનું ગોચર ઈચ્છાપૂર્તિ માટેની નવીન યુક્તિઓ વિચારવાનો છે, તેમ જ તા. ૧૩-૨-૮૮થી ૧૪-૩-૮૮ સુધીનો સમયગાળો ઉપરોક્ત યુક્તિઓના અમલ માટેનો છે. હવે તા. ૧૪-૩-૮૮થી ગ્રહોની ચાલ બદલાશે, પરિણામે તમે વિચારેલી, આચરેલી યુક્તિઓ નિરર્થક નીવડશે. તા. ૧૪-૩-૮૮થી ૧૩-૪-૮૮ દરમિયાન 'સીધા ચઢાણ' ચઢવાં પડે એવી રૂકાવટો સર્જાશે, આ સમયગાળાને વર્ણવવાની મર્યાદા છે, ફક્ત એટલું જ લખી શકાય કે સપાટ મેદાનમાં તમારો પ્રવાસ થતો હશે તેવા સમયે જ એકાએક વિરાટ દીવાલના કારણે આગળની કેડી પર ડગ માંડવાનું અશક્ય જણાશે. આગળની કેડી જ નહીં જોઈ શકાય, ફક્ત દીવાલ સાથે જ ભટકાશો. તા. ૧૩-૪-૮૮થી ૮-૫-૮૮ સુધીની ગ્રહસ્થિતિ માનવીય નિર્બળતા અને પ્રાકૃતિક સબળતાની અનુભૂતિ કરાવશે. આ સમયના વર્ણનમાં એટલું જ લખવું બસ થઈ પડશે કે, તમે ડગલા ભરસો ડુંગર ખૂંદવા અને તમારા પગલાં પડશે ઊંડી ખીણમાં. આ સમયને સમજવા માટે બુદ્ધિનો ઉપયોગ કરવાથી દૂર રહી, ઈશ્વરની લીલા કે પ્રકૃતિની વ્યવસ્થાના રૂપમાં દર્શન કરવાની તૈયારી રાખશો તો ખીણમાં પણ ડુંગર ચઢવા જેવો જ આનંદ અનુભવી શકશો. તા. ૮-૫-૮૮થી ગ્રહોની ચાલ બદલાશે, તમારી ગતિ પણ બદલાશે અને તમારી દૃષ્ટિ પણ બદલાશે. શાસ્ત્રોએ વર્ણન કર્યું છે, 'જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ'. તા. ૮-૫-૮૮ સુધીના તમારા પુરુષાર્થના પરિણામને તમે 'નિષ્ફળતા'ના રૂપમાં જોતા હશો, પરંતુ તા. ૮-૫-૮૮ બાદ જ તમને દર્શન થશે કે તમારી માનેલી નિષ્ફળતા એ હકીકતમાં તો પ્રકૃતિ દ્વારા તમને પ્રાપ્ત થયેલ સફળતા જ છે. તા. ૮-૫-૮૮થી ૨૯-૯-૮૮ સુધીની ગ્રહોની ગતિનાં પરિણામે તમે ભાગ્યકર્મના પરિવર્તનની નવી દિશા તરફનો પ્રવાસ આરંભશો. અહીં જૂનાને નાબૂદ કરી નવાનાં સર્જનમાં લાગી જશો. તા. ૨૯-૯-૮૮ બાદ ૨૪-૧૦-૮૮ સુધીનો સમય અદ્ભુત, વિચિત્ર, આકર્ષક છે. આ સમયને બુદ્ધના ત્યાગ સાથે સરખાવી શકાય, કૃષ્ણનો દેહોત્સર્ગ સમયની ભાવના સાથે સરખાવી શકાય. આવી સરખામણી ઊણી ઊતરશે. સરખામણીના ઉદાહરણથી પણ 'વિશેષ' ત્યાગશો અને જીવનની હળવાશ ભોગવશો. તા. ૨૪-૧૦-૮૮ બાદ અંતના દિવસોનું વર્ણન અશક્ય છે. શ્રીમદ્ શંકરાચાર્યને થયેલ આત્મજ્ઞાન જેવું ભાન તમને થાય અથવા રાજા જનકને વિદેહીનું બિરુદ મળ્યું તેવી અનુભૂતિ તમને થાય. કેવી અનુભૂતિ થશે? એ તો દરેકના જન્મસમયના ગ્રહો જ નક્કી કરશે. લખવાની ભાષામાં તો એટલું જ લખી શકાય કે, કબીરે તેની ભજનાવલીમાં માનવદેહને એક ચાદર સાથે સરખાવ્યો છે, અને આ 'ચાદર' મેલી ન થાય એવી કાળજી રાખી છે. તમે વર્ષના અંત ભાગમાં કબીરની ભાષાનો મર્મ પામો તો આશ્ચર્ય નથી.


તમારી ઉપરની સ્થિતિથી ભિન્ન તમારા વર્તુળની વચ્ચે જીવનની ફરજ બજાવશો. વર્ષના આરંભે, જગતના ભોગમાં રચ્યાપચ્યા દેખાશો. તા. ૩-૧-૮૮થી ૩-૨-૮૮ દરમિયાન 'ભોગી'ની ઉપમા પામો તો નવાઈ નથી. તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ સુધીનું ગોચર વિચિત્ર છે. કહેવાતા પોતાનાઓ કેટલી ઝડપથી પારકાંઓ બને છે એ જ્ઞાન અહીં મેળવશો; એટલું જ નહીં, નારદજીને એક લૂંટારાને કહ્યું કે તું તારા પોતાનાઓને પૂછ કે આ બધા કર્મ (પાપ-કર્મ)માં તેઓ ભાગીદાર છે? એ લૂંટારાને જવાબ મળ્યો કે અમે તો તમારા આશ્રિત છીએ. અમારા પોષણની જવાબદારી તમારી છે, તમારા કર્મની જવાબદારી પણ તમારી જ છે. આ સમયે લૂંટારાને પ્રકાશ લાધ્યો અને એ બન્યા ઋષિ વાલ્મીકિ.

તમે પણ તમારા જન્મસમયના ગ્રહોની શક્તિ મુજબ તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ દરમિયાન જ્ઞાન પામશો. પ્રકાશનો સાક્ષાત્કાર કરશો, ભૌતિક દૃષ્ટિએ. અહીં આરોગ્યની કાળજી રાખવાની ખાસ સલાહ છે.

તેમ જ નાણાકીય વ્યવહાર અને કાનૂની જવાબદારી તરફ ગફલત નહીં રાખતા. તા. ૧૯-૬-૮૮થી ૧૧-૯-૮૮ દરમિયાન ભાગ્યોદયની તક મળશે. એક લૂંટારાને 'વાલ્મીકિ' બનાવવા માટે પ્રકૃતિએ નારદજીને મોકલ્યા, તેમ તમારા જીવનમાં પણ પરિવર્તન અને ક્રાંતિ લાવનાર વ્યક્તિ ભટકાશે. તા. ૧૧-૯-૮૮ બાદ વર્ષના અંત સુધી 'સેવક' બનવાનું સુખ અને આનંદ ભોગવશો. શ્રીમદ્ ભાગવતની કથાના રાજા ભરત અને જડભરતની માફક વર્ષના આરંભથી ફેબ્રુઆરી ૧૯૮૮ સુધી હરિણીના બચ્ચાના મોહમાં ડૂબશો અને માર્ચ ૧૯૮૮થી વર્ષના અંત સુધી રાજા રહુગણની પાલખી ઉઠાવનાર જડભરત જેવા જ્ઞાની બનશો.

તમારા વર્તુળ અને તમારી ચતુરાઈ પર ભરોસો રાખી સંસારસાગર તરવા નીકળશો, પરંતુ ફેબ્રુઆરી-માર્ચ ૧૯૮૮ દરમિયાન બદલાતી ધારાઓના સમયે ચતુરાઈ અને વર્તુળ કામ નહીં લાગે. બુદ્ધિ અને શુભેચ્છકો દીર્ઘજીવી નથી, અલ્પજીવી છે. એવું જ્ઞાન આ વર્ષના ગોચર ગ્રહો કરાવશે. વર્ષના અંતે 'વિજયી યોદ્ધા' નહીં પરંતુ 'વિજયી સંત' બનશો.

તુલા (ર.ત.)



વિક્રમ સંવત ૨૦૪૪ના આરંભ સમયે તમારી રાશિ તુલામાં સૂર્ય - ચંદ્ર - બુધ - શુક્ર - પ્લુટો, પરિવારસ્થાનમાં શનિ, પુરુષાર્થ સ્થાનમાં હર્ષલ, નેપ્ચ્યુન, ઋણસ્થાનમાં રાહુ, સપ્તમ સ્થાનમાં ગુરુ અને વ્યયસ્થાનમાં કેતુ - મંગળ રહેલા છે. વર્ષ દરમિયાન શનિ - રાહુ - ગુરુ - રાશિ પરિવર્તન કરે છે. હર્ષલ - નેપ્ચ્યુન - પ્લુટો યથાવત્ રહે છે. કેતુ તમારી રાશિના વ્યયસ્થાનનો ત્યાગ કરી લાભમાં આવે છે. શનિ પરિવાર સ્થાનમાં પુરુષાર્થસ્થાનમાં આવે છે. રાહુ ઋણસ્થાન છોડી પંચમ સ્થાનમાં આવશે. અને ગુરુ સપ્તમ સ્થાનમાંથી અનુક્રમે છઠ્ઠા સ્થાનમાં, સાતમાં સ્થાનમાં અને વર્ષના અંત સમયે આઠમાં સ્થાનમાં ભ્રમણ કરશે.

ઉપર મુજબના ગોચરનો સામાન્ય અર્થ છે, તમે ગત વર્ષ દરમિયાન ખૂબ ધમ - પછાડા માર્યા હશે, પરિસ્થિતિ બદલવા માટે, જીવન અને કર્મ પદ્ધતિ ફેરવવા માટે ઉશ્કેરાટ યુક્ત પુરુષાર્થ કર્યો હશે, આ વર્ષે તા. ૧૭-૧૨-૮૭ બાદ પ્રૌઢ બનશો. સત્યનો સ્વીકાર કરશો કે ઉતાવળે આંબા નથી પાકતા. ગત વર્ષના આવક - જાવકના પ્રમાણમાં આ વર્ષે આર્થિક હળવાશ અનુભવશો, પરંતુ તનના થાકની ફરિયાદ આ વર્ષે વધશે. તમારી રાશિ તુલામાં વર્ષના આરંભથી અંત સુધી પ્લુટો સ્વાતિ નક્ષત્રમાં જ ભ્રમણ કરે છે. અહીં વક્રી - માર્ગી થતો રહેશે પરંતુ નક્ષત્ર કે રાશિ પરિવર્તન (પ્લુટો) નહીં કરે. પ્લુટોની આ સ્થિતિનો અર્થ છે કે તમે તમારા જીવનને તમારી કલ્પનાનો મોડ આપવા તરસશો, પરંતુ સંયોગો તમને તરસ્યા જ રાખશે, આ વર્ષના ગોચર ગ્રહો પુરુષાર્થ અને પ્રાપ્તિની દૃષ્ટિએ ગત વર્ષના પ્રમાણમાં વિશેષ અનુકૂળ હોવા છતાં તમારી - તમારા વ્યક્તિત્વ માટેની આગવી 'તરસ'ને તૃપ્ત તો નહીં જ કરે. વર્ષનો આરંભકાળ 'વ્યક્તિત્વ અને સમાજ'ના ઘર્ષણનો છે. તા. ૨૬-૧૦-૮૭થી તમે 'લડાયક' બનશો અને સંયોગોને કાબૂમાં રાખવા સમર્થ થશો. તા. ૧-૧૧-૮૭થી ૨૩-૧૧-૮૭ દરમિયાન પરિવાર નાણાં અને વ્યક્તિગત માન્યતાઓનો 'ત્રિકોણ' નવા ઘર્ષણ તરફ દોરી જશે. તા. ૨૩-૧૧-૮૭થી ૪-૧૨-૮૭ સુધીનો સમય ઇચ્છાએ અથવા અનિચ્છાએ ખોવાનો - નુકસાન ભોગવવાનો છે. તા. ૪-૧૨-૮૭થી ૨૫-૧૨-૮૭ દરમિયાન સંયોગો સામે બાથ ભીડશો, પરિણામે તા. ૫-૧-૮૮ સુધીમાં થોડુંક ઇચ્છા મુજબનું પરિણામ મેળવશો. વ્યક્તિગત ઇચ્છાપૂર્તિ માટે આ સમય સારો છે. તા. ૫-૧-૮૮થી ૭-૨-૮૮ દરમિયાન પરિવારના સભ્યો તરફથી સંતોષ મેળવશો. નાણાંની બચત કરી શકશો. નોકરીના ક્ષેત્રે પ્રગતિ થાય અથવા આવશ્યકતા મુજબ નવી નોકરી મળે, બીજાઓ ઉપર સમાજ કે ન્યાયની દૃષ્ટિએ વિજય મળે. તા. ૭-૨-૮૮થી ૧-૩-૮૮ સુધીનો સમયગાળો 'થાક' ખાવાનો છે. વર્ષના આરંભ બાદ પહેલી વખત તમને 'નિરાંત'નો અનુભવ થશે. તા. ૧-૩-૮૮થી ૬-૩-૮૮ દરમિયાન તમે તમારી સામે જ યુદ્ધ કરશો, અર્થાત્ 'વ્યક્તિત્વ'ની સ્થિરતા અને નવા મોડની દિશાનો નિર્ણય લેવાનો સમય છે. તા. ૬-૩-૮૮થી ૨૩-૪-૮૮ દરમિયાન નવા સામાજિક સંબંધો બંધાય, નાણાં મેળવવાના નવા રસ્તા મળે અથવા 'લાભ' શબ્દના અર્થમાં સમાય એવી આકર્ષક પ્રાપ્તિ થાય.

તા. ૨૩-૪-૮૮થી ૧-૭-૮૮ સુધીનો સમય ભૌતિક સાધનો, ભૌતિક સુખની કલ્પના કરવાનો અથવા સર્જનો કરવાનો છે. અહીં મકાન - વાહન - સંતાન સુખ - વૈભવ - વિલાસનાં સાધનો અથવા 'સુખ' કહી શકાય તેવી સ્થિતિ કે વસ્તુ પ્રાપ્તિ કરવાની ઝંખના તીવ્ર બનશે અને તા. ૧-૭-૮૮થી ૨૨-૮-૮૮ દરમિયાન ઇચ્છા પૂરી કરવા માટેની સગવડો મળશે. અર્થાત્ નાણાંની સહાયતા મળે, સમાજ અને કાનૂનની દૃષ્ટિએ અનુકૂળતા સર્જાય. તા. ૨૨-૮-૮૮થી ૧૭-૯-૮૮ દરમિયાન 'દૈવીકૃપા'ની ખાતરી થશે. પ્રારબ્ધબળે મળતી સગવડતા અને સાધનોની પ્રાપ્તિનો આ સમયગાળો છે. તા. ૧૭-૯-૮૮થી ૨૯-૯-૮૮ દરમિયાન આ વર્ષની એક વિચિત્ર કટોકટીનો અનુભવ થશે, અહીં પ્રાપ્તિનું મૂલ્ય ચૂકવવા અથવા અપેક્ષાઓને ગૂંગળાવવાની મજબૂરી અનુભવાશે. નિર્ણય તો તમારા જન્મસમયના ગ્રહોના આધારે જ લેવાશે, ગોચર ગ્રહો તો સૂચવે છે કે તા. ૨૯-૯-૮૮ બાદ તમારા નિર્ણયનું પરિણામ સુખદ હશે. તા. ૨૯-૯-૮૮ બાદ તા. ૨૨-૧૦-૮૮ સુધીમાં અર્થાત્ આ વર્ષના અંતિમ દિવસોમાં તમને ખુશી અને સફળતા મળશે. તા. ૨૨-૧૦-૮૮ બાદ વર્ષના અંત સુધી, આવતા વર્ષના આરંભ સમયે તમારું 'વ્યક્તિત્વ' સફળતાનો નશો અનુભવશે. તમે કહી શકશો કે અનેક વિકટ સ્થિતિ અનુભવી, છેલ્લા બે વર્ષથી થકવી નાખે એવો પ્રવાસ ખેડયો, પરંતુ તપસ્યા જેવા કઠોર પુરુષાર્થના અંતે સિદ્ધિ જેવી પ્રાપ્તિ થઈ, ઇચ્છા મુજબનું બધું ભલે ન મળ્યું પરંતુ 'સુખ' કહી શકાય એવી સ્થિતિ અને સાધનો તથા સંતોષ તો પ્રાપ્ત થયાં જ છે.

તંદુરસ્તીની દૃષ્ટિએ :- વર્ષના આરંભથી તા. ૬-૩-૮૮ સુધી તમારી રાશિના આરોગ્યસ્થાનમાં રાહુ છે. તા. ૨૬-૧૦-૮૭થી ૩-૨-૮૮ સુધી આરોગ્યસ્થાનમાં અને તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી આયુસ્થાનમાં ગુરુનું ભ્રમણ છે. રાહુ - ગુરુના આ ભ્રમણને કારણે કેટલીક વખત કાલ્પનિક માંદગી અનુભવશો તો કેટલીક વખત શરીરની અંદરની ગ્રંથિઓને લગતા વિકાર જેવી માંદગી અનુભવશો. વર્ષનો આરંભકાળ એક પ્રકારની અણગમા જેવી માનસિક સ્થિતિના નિમિત્તની ફરિયાદનો છે. તા. ૨૯-૧૧-૮૭ સુધી 'મનની સુસ્તી'નો અનુભવ કરશો, તા. ૧૯-૧૨-૮૭થી ૬-૧-૮૮ દરમિયાન પરિશ્રમના થાકનો અનુભવ થશે. તા. ૨૬-૧-૮૮થી ૬-૩-૮૮ સુધી લાગણી - ભાવનાના નિમિત્તે ગમા - અણગમાના ભોગ બનશો. તા. ૯-૪-૮૮થી ૧૪-૬-૮૮ સુધીનો સમયગાળો સાચા અર્થમાં તનની માંદગીનો અનુભવ કરાવશે. જન્મસમયના ગ્રહો અને તમારી વય - અવસ્થાના પ્રમાણમાં માંદગીની તીવ્રતા હશે, પરંતુ આ સમય દરમિયાન ઔષધ- સેવનની આવશ્યકતા નિશ્ચિત જણાશે. તા. ૨-૧૧-૮૮ બાદ વર્ષના અંતિમ દિવસોમાં સામાન્ય 'થાક'ની ફરિયાદ રહેશે. તા. ૩૦-૧૦-૮૭થી ૧-૧૧-૮૭, તા. ૨૩-૧૧-૮૭થી ૪-૧૨-૮૭, તા. ૧૬-૧-૮૮થી ૭-૨-૮૮, તા. ૨૫-૩-૮૮થી ૭-૪-૮૮, તા. ૧૮-૭-૮૮થી ૧-૯-૮૮ સુધીના સમયગાળાઓ સામાન્ય રીતે આરોગ્યની ફરિયાદ વધારશે. એકંદરે મનથી સ્વસ્થ રહેશો તો 'તનની માંદગી'નો વ્યાપ ઓછો જણાશે, પરંતુ વય - અવસ્થાના કારણે મનથી થાકેલા હશો તો તનની માંદગીને લગતી ફરિયાદમાં વધારો થશે. એક વાત નિશ્ચિત છે, વિક્રમના આ વર્ષમાં શરીરને ઘસારો અવશ્ય લાગશે, પરંતુ એ ઘસારાની પૂર્તિ માટે મન મજબૂત રાખશો તો 'સહજ જીવન' શક્ય બનશે.

કૌટુંબિક દૃષ્ટિએ :- વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી શનિ તમારી રાશિના પરિવારસ્થાનમાં છે. તમારી રાશિના પરિવારસ્થાનનો સ્વામી મંગળ વર્ષના આરંભે તમારી રાશિના વ્યયસ્થાનમાં છે અને વર્ષના અંતે તમારી રાશિના ઋણસ્થાનમાં રહેશે, અર્થાત્ પરિવારની દૃષ્ટિએ આ વર્ષે વ્યય - વ્યક્તિત્વ - ધન - ઇચ્છાઓ, મિલ્કત અને માન્યતાઓના અંતે તમે ઋણ જેવા નાણાં કે લાગણીના બોજા હેઠળ દબાશો. પરિવારની દૃષ્ટિએ વર્ષનો આરંભકાળ અનુકૂળ છે. તા. ૪-૧૧-૮૭થી ૨૪-૧૧-૮૭ સુધીમાં પરિવારના સભ્યોની આવશ્યકતા કે ગમા - અણગમાનો બોજો વધશે. તા. ૨૪-૧૧-૮૭થી ૪-૧-૮૮ દરમિયાન તમે તમારી શક્તિ અને પરિવારના સભ્યો માટેની તમારી ભક્તિ ને સંતુલિત કરશો. તા. ૪-૧-૮૮થી ૧૩-૨-૮૮ દરમિયાન તન - મન - ધનથી પરિવારની સેવા કરશો, પરંતુ તા. ૧૩-૨-૮૮થી ૪-૩-૮૮ સુધીમાં તમે જોઇ શકશો કે પરિવારના સભ્યોની માગ માટેનો પુરવઠો તમારી પાસે નથી. આ સમયગાળો નાનો હોવા છતાં પરિવારના સભ્યોની અને તમારી વ્યક્તિગત ગ્રહશક્તિના પ્રમાણમાં પરિવારના વિભાજન જેવું પરિણામ લાવવાની શક્તિ ધરાવે છે. ત્યાગીને ભોગવવાની અનુભૂતિ કરવાનો કાળ છે. તા. ૪-૩-૮૮થી ૨-૫-૮૮ દરમિયાન પરિવારના સભ્યોના નવા સંબંધો બંધાશે. વિદ્યાર્થી અવસ્થાના સંબંધો વધુ અભ્યાસની પ્રેરણા આપશે, યૌવન અવસ્થાના સંબંધો 'લગ્ન' જેવી ઘટનાઓ માટે નિમિત્ત બનશે. પ્રૌઢ અવસ્થાના સંબંધો વ્યાવસાયિક ભાગીદારીના સંયોગો સર્જશે. તા. ૨-૫-૮૮થી ૧૩-૬-૮૮ દરમિયાન

પરિવારના સભ્યોની અંગત ગ્રહસ્થિતિના પ્રમાણમાં મકાન - વાહન અને સુખનાં સાધનો તેઓને મળશે. તા. ૧૩-૬-૮૮થી ૭-૭-૮૮ અને તા. ૨૬-૮-૮૮થી ૮-૯-૮૮ સુધીના સમયગાળાઓ સ્ફોટક છે. અણગમતી ઘટનાઓની અનુભૂતિ આ સમય દરમિયાન થઈ શકે છે. જન્મસમયના ગ્રહોની સ્થિતિ મુજબ દરેકને સુખ - દુઃખના 'પ્રમાણ ભેદ' વર્તાશે, પરંતુ પરિવારની વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્યની કાળજી આ સમયે રાખવાની ખાસ ભલામણ કરે છે. તા. ૮-૯-૮૮ બાદ વર્ષના અંત સુધીનો સમય મનમેળ અને સાધન - સિદ્ધિ માટે અનુકૂળ છે.


આર્થિક દૃષ્ટિએ : વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી શનિ તમારી રાશિના ધનસંગ્રહ સ્થાનમાં છે, તેમ જ આ સ્થાનનો સ્વામી મંગળ તા. ૩૦-૧૨-૮૭થી ૧૩-૨-૮૮ સુધી આ સ્થાનમાં રહેશે. કેતુ અને રાહુ અનુક્રમે વર્ષના આરંભથી તા. ૬-૩-૮૮ સુધી વ્યય અને ઋણસ્થાનમાં રહેશે. તા. ૬-૩-૮૮ બાદ વર્ષના અંત સુધી કેતુ તમારી રાશિના લાભસ્થાનમાં ભ્રમણ કરશે. વર્ષ દરમિયાન ભાગ્ય અને કર્મસ્થાનમાંથી નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી. આ બધાનો અર્થ છે કે આ વર્ષે નોંધાપાત્ર પ્રગતિનો યોગ લગભગ નથી, પરંતુ ભુતકાલીન જવાબદારીઓ પુરી કરવા જેવું આર્થિક સામર્થ્ય અવશ્ય મળશે. તા. ૨૪-૧૦-૮૭થી ૧૬-૧૨-૮૭, તા. ૨૪-૧-૮૮થી ૧૩-૨-૮૮, તા. ૨૦-૨-૮૮થી ૪-૩-૮૮, ૧૩-૪-૮૮થી ૨૭-૪-૮૮, ૨૪-૫-૮૮થી ૭-૬-૮૮ અને તા. ૧૬-૮-૮૮થી ૧૬-૯-૮૮ તથા તા. ૨૬-૯-૮૮થી ૨૩-૧૦-૮૮ દરમિયાન આવક માટેની નોંધપાત્ર અનુકૂળતા રહેશે. અહીં નાણાંના રોકાણ દ્વારા તમારી આવક વધે અથવા મિત્રો, શુભેચ્છકોની મમતાના નિમિત્તે તમને ફાયદો થાય. તા. ૨૪-૧૧-૮૭થી ૪-૧-૮૮, તા. ૧૨-૪-૮૮થી ૨-૫-૮૮, તા. ૧૪-૮-૮૮થી ૨૬-૮-૮૮ સુધીના સમયગાળાઓ સંયુક્ત પરિવારના વ્યાવસાયિક સંબંધો માટે અનુકૂળ છે. વડીલોપાર્જિત સંબંધોથી ફાયદો થવા માટેનો ઈશારો આ સમયના ગોચર ગ્રહો આપે છે. તા. ૨૯-૧૧-૮૭થી ૧૯-૧૨-૮૭, તા. ૬-૩-૮૮થી ૯-૪-૮૮ તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ દરમિયાન વ્યવસાય (પ્રોફેશન), કમિશન, પ્રવાસ, પત્રવ્યવહાર કે દસ્તાવેજ જેવા નિમિત્તે આવક વધશે. અહીં બીજાઓને તમારી આવડત કે લાગવગના કારણે ફાયદો થશે, બદલામાં તમને પણ પ્રત્યક્ષ કે પરોક્ષ ભૌતિક લાભ મળશે. જન્મથી જ તમે મહત્ત્વાકાંક્ષી હશો અને વિશાળ ઉદ્યોગની ઝંખના ધરાવતા હશો, તેમ જ જન્મસમયના ગ્રહોનો સથવારો મળતો હશે, તો આ વર્ષના ગોચર ગ્રહની અસર હેઠળ તા. ૬-૩-૮૮થી વર્ષના અંત સુધી સારો લાભ થશે. મન - બુદ્ધિ સંતોષાય એવા લાભ માટે તા. ૬-૩-૮૮ બાદ વર્ષના અંત સુધીની ગ્રહસ્થિતિ બળવાન છે. અલબત્ત આ સમયની પ્રાપ્તિને બેંકમાં જમા નહીં કરાવી શકો, પરંતુ પુનઃ લાભ માટેની યોજના માટે જ ઉપયોગમાં લેશો. તા. ૩-૧-૮૮થી ૧૯-૬-૮૮ સુધીની ગોચર સ્થિતિ પણ અજબ છે. સ્વભાવ - આચાર - વિચારના સામ્ય ન હોય એવી વ્યક્તિ સાથે વ્યાવસાયિક ભાગીદારીનો અહીં પ્રબળ યોગ છે. આ સમયની ભાગીદારીનું પરિણામ શું આવશે ? એનો જવાબ તો જન્મસમયની ગ્રહસ્થિતિ જ આપશે, પરંતુ તમારા વર્તુળને આશ્ચર્ય થાય એવા વ્યાવસાયિક જોડાણનો યોગ પ્રબળ છે. તા. ૮-૫-૮૮થી ૨૪-૧૦-૮૮ સુધીની ગોચર સ્થિતિ પણ અદ્‌ભુત છે. વાસ્તવિક નહીં પરંતુ 'પડાછાયા'ને અસલી માની 'લાલચ' કહી શકાય એવી આવક માટે તમે પ્રબળ પુરુષાર્થ કરશો. આવકનો આભાસ પણ થશે. પરંતુ તા. ૨૪-૧૦-૮૮ બાદ તમારે કબૂલ કરવું પડશે કે 'આભાસી - નફો' ઓગળી ગયો. એકંદરે વર્ષ દરમિયાન તમે પ્રવૃત્તિમય રહેશો અને અવારનવાર તમારા હાથમાં પ્રવૃત્તિના ફળ રૂપે નાણાં આવતા રહેશે.

સ્થાવર સંપત્તિ :- વર્ષના આરંભથી અંત સુધી તમારી રાશિના સ્થાવર સંપત્તિના સ્થાનમાં નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી. વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી આ સ્થાનના સ્વામી શનિની આ સ્થાન પર દૃષ્ટિ છે. તા. ૧૪-૧૧-૮૭થી ૩૦-૧૨-૮૭ સુધી આ સ્થાનના કારક મંગળની આ સ્થાન પર પૂર્ણ દૃષ્ટિ છે. તેમ જ તા. ૨૮-૩-૮૮થી ૧૨-૫-૮૮ સુધી મંગળનું ભ્રમણ આ સ્થાનમાં છે. શુભ ગ્રહ ગુરુની પૂર્ણ દૃષ્ટિ તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી આ સ્થાનને મળશે. આ બધી ગ્રહસ્થિતિ સૂચવે છે કે, સંપત્તિના વૈભવમાં વધારો થવાનો યોગ ઓછો છે, પરંતુ પ્રાપ્ત સંપત્તિના માધ્યમ દ્વારા આવક ઊભી કરવાનો યોગ વિશેષ છે. ભોગવટા માટેની સરળતા જણાય છે. વર્ષના આરંભ પહેલાથી જ અથવા આ વર્ષના આરંભકાળ દરમિયાન રહેઠાણ અને વાહન તથા મિલકતને લગતી વિશેષ ઇચ્છા તમારા માનસપટ પર અંકિત થશે. જન્મસમયના ગ્રહોની વલણ મુજબ તા. ૧૭-૧૨-૮૭ સુધીમાં મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાશે. આ સમયના નિર્ણયનું વર્ણન અઘરું છે, કારણ ? અહીં તમે 'નૂતન'નો વિચાર નહીં કરો પરંતુ 'પ્રાચીન'ની ફેરબદલીનો વિચાર કરશો, આવી ફેરબદલીની અંતિમ સ્થિતિ 'નૂતન' હોઈ શકે છે. તા. ૧૭-૧૨-૮૭ પહેલાં તમારા હાથમાં - તમારી જૂની મિલકતના બદલામાં નાણાં આવશે અથવા નિશ્ચિત પ્રકારે નાણાં આવવાનું વચન પ્રાપ્ત થશે. તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ સુધીનો સમયગાળો ભવિષ્યની સગવડ માટેના રોકાણનો છે. બીજાઓની દૃષ્ટિએ મિથ્યા જણાય છતાં તમારી નજરમાં મહત્ત્વપૂર્ણ હોય એવા સ્થાને તમે તમારા નાણાંનું રોકાણ કરશો અથવા રોકાણ કરવા જેવી જવાબદારી સ્વીકારશો તા. ૬-૩-૮૮ બાદ, વર્ષનો અંત સુધીમાં તમે કબૂલ કરશો કે તમારા નાણાંનું રોકાણ 'લાભ' આપી રહ્યું છે. આવા લાભની સ્થિતિ આવતા વર્ષે પણ થોડા સમય સુધી રહેશે. મળતો લાભ આ વર્ષે તો બેંકમાં જમા નહીં કરાવી શકો, આવતા વર્ષે પણ કરાવી શકશો કે કેમ ? ગોચર ગ્રહો તો આભાસી છે. લાભ સૂચવે છે, વાસ્તવિક લાભ તો જન્મસમયના ગ્રહો જ સૂચવશે. એક વાત નિશ્ચિત છે, આ વર્ષે મિલકતમાં કરેલ નાણાંનું રોકાણ કાયમી આવક માટેના ઉદ્દેશ્યથી કરશો તો ઇચ્છા પુરી થશે. પરંતુ ભોગવટાના ઉદ્દેશથી કરશો તો ગોચર ગ્રહો ભોગવટાના સંયોગો નથી સૂચવતા, અલબત્ત આ વર્ષ દરમિયાન કરેલ રોકાણથી ફાયદો અવશ્ય થશે, નુકસાન નહીં થાય.

સ્ત્રીઓ માટે : તમારી રાશિના સપ્તમ સ્થાનમાં અર્થાત્ સામાજિક સંબંધોના સ્થાનમાં વર્ષના આરંભે ગુરુ છે. તમારી રાશિસ્વામી શુક્ર અને ગુરુ મિત્રો નથી. તા. ૨૬-૧૦-૮૭થી ૩-૨-૮૮ સુધી ગુરુ આ સ્થાન છોડી તમારી રાશિના સેવાના સ્થાનમાં આવશે. તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ સુધી ગુરુ માર્ગી થઈને ફરીથી તમારી રાશિના સપ્તમ સ્થાનમાં આવશે અને તા. ૧૯-૬-૮૮ બાદ વર્ષના અંત સુધી ગુરુનું ભ્રમણ તમારી રાશિના અષ્ટમસ્થાનમાં થશે. તમારી રાશિમાં સંપૂર્ણ વર્ષ રહેનાર પ્લુટો સાથે ગુરુના અંશાત્મક યોગો લગભગ પાંચ વખત થશે. ગુરુ વિસ્તારવાદી ગ્રહ છે, પરંતુ કુળ - મર્યાદાનો વિચાર કરે છે. પ્લુટો ક્રાંતિનો કારક હોવાથી, ગુરુની કુળ - મર્યાદા સાથે તેને સંબંધ નથી. તમારી રાશિ તુલા પણ સામાન્ય રીતે કુળ - મર્યાદાનો આગ્રહ તો રાખે જ છે, પરંતુ ગુરુ માટે આ રાશિ મિત્ર ન હોવાથી ગુરુના ગોચરનો આ ગ્રહ કુળ - મર્યાદા માટે પ્રબળના સૂચક નથી. આ એક એવી સ્થિતિ છે જેમાં તમે કુળ - મર્યાદા તોડવા નહીં ઇચ્છો - છતાં તોડવાની સામે વાંધો પણ નથી. ક્રાંતિકારી વિચારને આચરણ બનાવવા તૈયાર રહેશો. પરંતુ આવા વિચારની 'સ્પષ્ટ - રેખા'નો અભાવ હોવાથી દિશા નહીં સૂઝે. વર્ષનો આરંભ ચંચળ મનોદશા સૂચવે છે, તા. ૪-૧૧-૮૭થી ૧૪-૧૧-૮૭ દરમિયાન ગુમાવવાની તૈયારી અને તેનું મૂલ્યાંકન થઈ જશે. તા. ૧૪-૧૧-૮૭ બાદ પરિવાર - સમાજ - હક અને વ્યક્તિત્વના ક્ષેત્રે તમારા વિચારોના આચરણ માટે આગ્રહ સેવશો. તા. ૪-૧-૮૮ સુધી સફળ થશો.

આત્મવિશ્વાસ વધશે. પરિણામે તા. ૪-૧-૮૮થી ૧૩-૨-૮૮ દરમિયાન ઠોસ કદમ ઉઠાવશો સ્વભાવે તમે મુલાયમ અને ન્યાયપ્રિય હોવા છતાં અહીં સરમુખત્યાર જેવા બનશો. તા. ૧૩-૨-૮૮થી ૧૨-૪-૮૮સુધીનો સમયગાળો તમારી સામેના બળવા જેવો છે, અલબત્ત આ સમયના બળવામાં યુદ્ધ નહીં હોય, પરંતુ તમારી ઇચ્છા કે માન્યતા સામેનો મીઠો વિરોધ હશે. તા. ૧૨-૪-૮૮ બાદ તમે પણ 'બાંધછોડ' કરવા માટે અનુમતિ આપશો. તા. ૧૨-૪-૮૮થી ૧૩-૬-૮૮ સુધીનો સમય તમારી જીવનવ્યવસ્થાને નવો 'ઓપ' આપવાનો છે. વર્ષના આરંભથી અહીં સુધીનો સમયગાળો પ્રમાણમાં સરળ છે. તા. ૧૩-૬-૮૮ બાદ તમારા વર્તુળમાં નવા

તુલા (ર.ત.)



વિક્રમ સંવત ૨૦૪૪ના આરંભ સમયે તમારી રાશિ તુલામાં સૂર્ય - ચંદ્ર - બુધ - શુક્ર - પ્લુટો, પરિવારસ્થાનમાં શનિ, પુરુષાર્થ સ્થાનમાં હર્ષલ, નેપ્ચ્યુન, ઋણસ્થાનમાં રાહુ, સપ્તમ સ્થાનમાં ગુરુ અને વ્યયસ્થાનમાં કેતુ - મંગળ રહેલા છે. વર્ષ દરમિયાન શનિ - રાહુ - ગુરુ - રાશિ પરિવર્તન કરે છે. હર્ષલ - નેપ્ચ્યુન - પ્લુટો યથાવત્ રહે છે. કેતુ તમારી રાશિના વ્યયસ્થાનનો ત્યાગ કરી લાભમાં આવે છે. શનિ પરિવાર સ્થાનમાં પુરુષાર્થસ્થાનમાં આવે છે. રાહુ ઋણસ્થાન છોડી પંચમ સ્થાનમાં આવશે. અને ગુરુ સપ્તમ સ્થાનમાંથી અનુક્રમે છઠ્ઠા સ્થાનમાં, સાતમાં સ્થાનમાં અને વર્ષના અંત સમયે આઠમાં સ્થાનમાં ભ્રમણ કરશે.

ઉપર મુજબના ગોચરનો સામાન્ય અર્થ છે, તમે ગત વર્ષ દરમિયાન ખૂબ ધમ - પછાડા માર્યા હશે, પરિસ્થિતિ બદલવા માટે, જીવન અને કર્મ પદ્ધતિ ફેરવવા માટે ઉકેરાટ યુક્ત પુરુષાર્થ કર્યો હશે, આ વર્ષે તા. ૧૭-૧૨-૮૭ બાદ પ્રૌઢ બનશો. સત્યનો સ્વીકાર કરશો કે ઉતાવળે આંબા નથી પાકતા. ગત વર્ષના આવક - જાવકના પ્રમાણમાં આ વર્ષે આર્થિક હળવાશ અનુભવશો, પરંતુ તનના થાકની ફરિયાદ આ વર્ષે વધશે. તમારી રાશિ તુલામાં વર્ષના આરંભથી અંત સુધી પ્લુટો સ્વાતિ નક્ષત્રમાં જ ભ્રમણ કરે છે. અહીં વક્રી - માર્ગી ઘનો રહેશે પરંતુ નક્ષત્ર કે રાશિ પરિવર્તન (પ્લુટો) નહીં કરે. પ્લુટોની આ સ્થિતિનો અર્થ છે કે તમે તમારા જીવનને તમારી કલ્પનાનો મોડ આપવા તરસશો, પરંતુ સંયોગો તમને તરસ્યા જ રાખશે, આ વર્ષના ગોચર ગ્રહો પુરુષાર્થ અને પ્રાપ્તિની દૃષ્ટિએ ગત વર્ષના પ્રમાણમાં વિશેષ અનુકૂળ હોવા છતાં તમારી - તમારા વ્યક્તિત્વ માટેની આગવી 'તરસ'ને તૃપ્ત તો નહીં જ કરે. વર્ષનો આરંભકાળ 'વ્યક્તિત્વ અને સમાજ'ના ઘર્ષણનો છે. તા. ૨૬-૧૦-૮૭થી તમે 'લડાયક' બનશો અને સંયોગોને કાબૂમાં રાખવા સમર્થ થશો. તા. ૧-૧૧-૮૭થી ૨૩-૧૧-૮૭ દરમિયાન પરિવાર નાણાં અને વ્યક્તિગત માન્યતાઓનો 'ત્રિકોણ' નવા ઘર્ષણ તરફ દોરી જશે. તા. ૨૩-૧૧-૮૭થી ૪-૧૨-૮૭ સુધીનો સમય ઇચ્છાએ અથવા અનિચ્છાએ ખોવાનો - નુકસાન ભોગવવાનો છે. તા. ૪-૧૨-૮૭થી ૨૫-૧૨-૮૭ દરમિયાન સંયોગો સામે બાથ ભીડશો, પરિણામે તા. ૫-૧-૮૮ સુધીમાં થોડુંક ઇચ્છા મુજબનું પરિણામ મેળવશો. વ્યક્તિગત ઇચ્છાપૂર્તિ માટે આ સમય સારો છે. તા. ૫-૧-૮૮થી ૭-૨-૮૮ દરમિયાન પરિવારના સભ્યો તરફથી સંતોષ મેળવશો. નાણાંની બચત કરી શકશો. નોકરીના ક્ષેત્રે પ્રગતિ થાય અથવા આવશ્યકતા મુજબ નવી નોકરી મળે, બીજાઓ ઉપર સમાજ કે ન્યાયની દૃષ્ટિએ વિજય મળે. તા. ૭-૨-૮૮થી ૧-૩-૮૮ સુધીનો સમયગાળો 'થાક' ખાવાનો છે. વર્ષના આરંભ બાદ પહેલી વખત તમને 'નિરાંત'નો અનુભવ થશે. તા. ૧-૩-૮૮થી ૬-૩-૮૮ દરમિયાન તમે તમારી સામે જ યુદ્ધ કરશો, અર્થાત્ 'વ્યક્તિત્વ'ની સ્થિરતા અને નવા મોડની દિશાનો નિર્ણય લેવાનો સમય છે. તા. ૬-૩-૮૮થી ૨૩-૪-૮૮ દરમિયાન નવા સામાજિક સંબંધો બંધાય, નાણાં મેળવવાના નવા રસ્તા મળે અથવા 'લાભ' શબ્દના અર્થમાં સમાય એવી આકર્ષક પ્રાપ્તિ થાય.

તા. ૨૩-૪-૮૮થી ૧-૭-૮૮ સુધીનો સમય ભૌતિક સાધનો, ભૌતિક સુખની કલ્પના કરવાનો અથવા સર્જનો કરવાનો છે. અહીં મકાન - વાહન - સંતાન સુખ - વૈભવ - વિલાસનાં સાધનો અથવા 'સુખ' કહી શકાય તેવી સ્થિતિ કે વસ્તુ પ્રાપ્તિ કરવાની ઝંખના તીવ્ર બનશે અને તા. ૧-૭-૮૮થી ૨૨-૮-૮૮ દરમિયાન ઇચ્છા પૂરી કરવા માટેની સગવડો મળશે. અર્થાત્ નાણાંની સહાયતા મળે, સમાજ અને કાનૂનની દૃષ્ટિએ અનુકૂળતા સર્જાય. તા. ૨૨-૮-૮૮થી ૧૭-૯-૮૮ દરમિયાન 'દૈવીકૃપા'ની ખાતરી થશે. પ્રારબ્ધબળે મળતી સગવડતા અને સાધનોની પ્રાપ્તિનો આ સમયગાળો છે. તા. ૧૭-૯-૮૮થી ૨૯-૯-૮૮ દરમિયાન આ વર્ષની એક વિચિત્ર કટોકટીનો અનુભવ થશે, અહીં પ્રાપ્તિનું મૂલ્ય ચૂકવવા અથવા અપેક્ષાઓને ગૂંગળાવવાની મજબૂરી અનુભવાશે. નિર્ણય તો તમારા જન્મસમયના ગ્રહોના આધારે જ લેવાશે, ગોચર ગ્રહો તો સૂચવે છે કે તા. ૨૯-૯-૮૮ બાદ તમારા નિર્ણયનું પરિણામ સુખદ હશે. તા. ૨૯-૯-૮૮ બાદ તા. ૨૨-૧૦-૮૮ સુધીમાં અર્થાત્ આ વર્ષના અંતિમ દિવસોમાં તમને ખુશી અને સફળતા મળશે. તા. ૨૨-૧૦-૮૮ બાદ વર્ષના અંત સુધી, આવતા વર્ષના આરંભ સમયે તમારું 'વ્યક્તિત્વ' સફળતાનો નશો અનુભવશે. તમે કહી શકશો કે અનેક વિકટ સ્થિતિ અનુભવી, છેલ્લા બે વર્ષથી થકવી નાખે એવો પ્રવાસ ખેડયો, પરંતુ તપસ્યા જેવા કઠોર પુરુષાર્થના અંતે સિદ્ધિ જેવી પ્રાપ્તિ થઈ, ઇચ્છા મુજબનું બધું ભલે ન મળ્યું પરંતુ 'સુખ' કહી શકાય એવી સ્થિતિ અને સાધનો તથા સંતોષ તો પ્રાપ્ત થયાં જ છે.

તંદુરસ્તીની દૃષ્ટિએ :- વર્ષના આરંભથી તા. ૬-૩-૮૮ સુધી તમારી રાશિના આરોગ્યસ્થાનમાં રાહુ છે. તા. ૨૬-૧૦-૮૭થી ૩-૨-૮૮ સુધી આરોગ્યસ્થાનમાં અને તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી આયુસ્થાનમાં ગુરુનું ભ્રમણ છે. રાહુ - ગુરુના આ ભ્રમણને કારણે કેટલીક વખત કાલ્પનિક માંદગી અનુભવશો તો કેટલીક વખત શરીરની અંદરની ગ્રંથિઓને લગતા વિકાર જેવી માંદગી અનુભવશો. વર્ષનો આરંભકાળ એક પ્રકારની અણગમા જેવી માનસિક સ્થિતિના નિમિત્તની ફરિયાદનો છે. તા. ૨૯-૧૧-૮૭ સુધી 'મનની સુસ્તી'નો અનુભવ કરશો, તા. ૧૯-૧૨-૮૭થી ૬-૧-૮૮ દરમિયાન પરિશ્રમના થાકનો અનુભવ થશે. તા. ૨૬-૧-૮૮થી ૬-૩-૮૮ સુધી લાગણી - ભાવનાના નિમિત્તે ગમા - અણગમાના ભોગ બનશો. તા. ૯-૪-૮૮થી ૧૪-૬-૮૮ સુધીનો સમયગાળો સાચા અર્થમાં તનની માંદગીનો અનુભવ કરાવશે. જન્મસમયના ગ્રહો અને તમારી વય - અવસ્થાના પ્રમાણમાં માંદગીની તીવ્રતા હશે, પરંતુ આ સમય દરમિયાન ઔષધ- સેવનની આવશ્યકતા નિશ્ચિત જણાશે. તા. ૨-૧૧-૮૮ બાદ વર્ષના અંતિમ દિવસોમાં સામાન્ય 'થાક'ની ફરિયાદ રહેશે. તા. ૩૦-૧૦-૮૭થી ૧-૧૧-૮૭, તા. ૨૩-૧૧-૮૭થી ૪-૧૨-૮૭, તા. ૧૬-૧-૮૮થી ૭-૨-૮૮, તા. ૨૫-૩-૮૮થી ૭-૪-૮૮, તા. ૧૮-૭-૮૮થી ૧-૯-૮૮ સુધીના સમયગાળાઓ સામાન્ય રીતે આરોગ્યની ફરિયાદ વધારશે. એકંદરે મનથી સ્વસ્થ રહેશો તો 'તનની માંદગી'નો વ્યાપ ઓછો જણાશે, પરંતુ વય - અવસ્થાના કારણે મનથી થાકેલા હશો તો તનની માંદગીને લગતી ફરિયાદમાં વધારો થશે. એક વાત નિશ્ચિત છે, વિક્રમના આ વર્ષમાં શરીરને ઘસારો અવશ્ય લાગશે, પરંતુ એ ઘસારાની પૂર્તિ માટે મન મજબૂત રાખશો તો 'સહજ જીવન' શક્ય બનશે.

કૌટુંબિક દૃષ્ટિએ :- વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી શનિ તમારી રાશિના પરિવારસ્થાનમાં છે. તમારી રાશિના પરિવારસ્થાનનો સ્વામી મંગળ વર્ષના આરંભે તમારી રાશિના વ્યયસ્થાનમાં છે અને વર્ષના અંતે તમારી રાશિના ઋણસ્થાનમાં રહેશે, અર્થાત્ પરિવારની દૃષ્ટિએ આ વર્ષે વ્યય - વ્યક્તિત્વ - ધન - ઇચ્છાઓ, મિલ્કત અને માન્યતાઓના અંતે તમે ઋણ જેવા નાણાં કે લાગણીના બોજા હેઠળ દબાશો. પરિવારની દૃષ્ટિએ વર્ષનો આરંભકાળ અનુકૂળ છે. તા. ૪-૧૧-૮૭થી ૨૪-૧૧-૮૭ સુધીમાં પરિવારના સભ્યોની આવશ્યકતા કે ગમા - અણગમાનો બોજો વધશે. તા. ૨૪-૧૧-૮૭થી ૪-૧-૮૮ દરમિયાન તમે તમારી શક્તિ અને પરિવારના સભ્યો માટેની તમારી ભક્તિ ને સંતુલિત કરશો. તા. ૪-૧-૮૮થી ૧૩-૨-૮૮ દરમિયાન તન - મન - ધનથી પરિવારની સેવા કરશો, પરંતુ તા. ૧૩-૨-૮૮થી ૪-૩-૮૮ સુધીમાં તમે જોઇ શકશો કે પરિવારના સભ્યોની માગ માટેનો પુરવઠો તમારી પાસે નથી. આ સમયગાળો નાનો હોવા છતાં પરિવારના સભ્યોની અને તમારી વ્યક્તિગત ગ્રહશક્તિના પ્રમાણમાં પરિવારના વિભાજન જેવું પરિણામ લાવવાની શક્તિ ધરાવે છે. ત્યાગને ભોગવવાની અનુભૂતિ કરવાનો કાળ છે. તા. ૪-૩-૮૮થી ૨-૫-૮૮ દરમિયાન પરિવારના સભ્યોના નવા સંબંધો બંધાશે. વિદ્યાર્થી અવસ્થાના સંબંધો વધુ અભ્યાસની પ્રેરણા આપશે, યૌવન અવસ્થાના સંબંધો 'લગ્ન' જેવી ઘટનાઓ માટે નિમિત્ત બનશે. પ્રૌઢ અવસ્થાના સંબંધો વ્યાવસાયિક ભાગીદારીના સંયોગો સર્જશે. તા. ૨-૫-૮૮થી ૧૩-૬-૮૮ દરમિયાન

સ્ત્રીઓ માટે : તમારી રાશિના સપ્તમ સ્થાનમાં તા. ૧૯-૬-૮૮થી ગુરુનું ભ્રમણ શરૂ થશે, લગભગ જુલાઇ ૧૯૮૯ સુધી ગુરુ આ સ્થાનમાં રહેશે. ગુરુ તમારી રાશિનો પરિવારસ્થાન અને સંતાનસ્થાનનો સ્વામી છે. હર્ષલ-નેપ્ચુન અને શનિ જેવા ગ્રહોની અસર હેઠળ પરિવારના સભ્યો છે, તેમ જ પ્લુટોની અસર હેઠળ તમારું વ્યયસ્થાન છે. તમારી રાશિ ગૂઢ અને ઋણાનુબંધના અનુભવવાળી છે, પરંતુ તમારી રાશિનું સપ્તમ સ્થાન પરિવારની ફરજનું છે. આ સંયોગો સૂચવે છે કે 'સત્ય'નું ભાન હોવા છતાં, 'ફરજ'ને મુખ્ય માની સહન કરવાની વૃત્તિ કેળવવી પડશે. તા. ૫-૭-૮૮થી ૧૯-૭-૮૮ દરમિયાન વ્યવસાય સંબંધો અને પરિવારના સંબંધોના મિશ્રણનો યોગ છે. તા. ૧૩-૬-૮૮થી ૧૪-૮-૮૮ દરમિયાન 'લગ્ન' જેવા સંબંધો માટે ગોચર ગ્રહો અતિ બળવાન બને છે. જન્મસમયના ગ્રહો સાધારણ યોગ સર્જતા હશે તો આ સમયના ગોચર ગ્રહો પરિણામલક્ષી બનશે. તા. ૨૦-૭-૮૮થી ૨૭-૭-૮૮નો નાનો સમયગાળો 'અણું'માં સમાયેલ અનંત બ્રહ્માણ્ડ જેવો છે. આ સમય દરમિયાનના સાધારણ કે અતિ સાધારણ, પ્રત્યક્ષ કે પરોક્ષ પરિચયનું અંતિમ પરિણામ 'ગાઢ સંબંધો' બની શકે છે. તા. ૧૯-૬-૮૮થી ૧૧-૯-૮૮ સુધીનું ગોચર અતિ નજીકના સંબંધોને વધુ નજીકના બનાવવા માટે શક્તિશાળી છે. અહીંના સંબંધોમાં સમાજના નિયમો અને વ્યક્તિગત આત્મવિશ્વાસની પરીક્ષા થઇ શકે છે. આ સમયના સામાજિક, વ્યક્તિગત, વ્યાવસાયિક જોડાણો અથવા ગુપ્ત ભાવાત્મક જોડાણો ચર્ચાસ્પદ બનવાની શક્યતા વિશેષ છે. તા. ૭-૨-૮૮થી ૧૮-૨-૮૮ અને તા. ૪-૯-૮૮થી ૧૭-૯-૮૮ સુધીના સમયગાળાઓ સંબંધોની તિરાડ જોડવા માટે અનુકૂળ બને છે. એકંદરે આ વર્ષમાં તમે સક્રિય રહેશો અને વિવિધ પ્રકારના જોડાણો સાધશો તેમ જ ભૌતિક અને સામાજિક ઇચ્છાઓ પૂરી કરી શકશો.

વિદ્યાર્થીઓ માટે : તમારી રાશિના વિદ્યાસ્થાનમાં વર્ષના આરંભથી તા. ૬-૩-૮૮ સુધી રાહુ છે. તા. ૨૬-૧૦-૮૭થી ૩-૨-૮૮ સુધી ગુરુ પણ આ સ્થાનમાં રહેશે. આ સ્થાનનો સ્વામી પણ ગુરુ છે. રાહુ-ગુરુની યુતિ વર્ષના પૂર્વાર્ધ માટે ઉજ્જવળ પરિણામદર્શક છે. વર્ષના આરંભથી જ વિદ્યાર્થીઓ માટે ગ્રહોની અનુકૂળતા છે. તમે વયની દૃષ્ટિએ કોઇ પણ કક્ષામાં હો, અભ્યાસની દૃષ્ટિએ કોઇ પણ ક્ષેત્રમાં હો, તા. ૩-૧-૮૮ સુધીનું ગોચર વ્યક્તિત્વના નિખાર માટે ઉત્તમ પુરવાર થશે. તમને સફળતા, સન્માન, કીર્તિ મળશે તેની સાથે જ નાણાં પણ મેળવશો. જન્મસમયના ગ્રહો સૂચવતા હશે તો, અને અંગત રીતે તમે રસ ધરાવતા હશો તો, વર્ષના પૂર્વાર્ધમાં 'પ્રેમની સફળતા' માટેનો બળવાન યોગ છે. તા. ૩-૧-૮૮થી ૩-૨-૮૮ દરમિયાન ઉચ્ચ વિદ્યાભ્યાસ માટેની વિશાળ તક મેળવવાના પ્રયત્નમાં સફળ થશો. તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ સુધીનું ગોચર સૂચવે છે કે અભ્યાસની સાથે આવકની સગવડતા સહેલાઇથી મેળવશો. ઉચ્ચ વિદ્યાભ્યાસ માટે 'શિષ્યવૃત્તિ' મળવાનો પ્રબળ યોગ છે. તા. ૬-૩-૮૮થી ૧૯-૬-૮૮ દરમિયાન પ્રયત્ન કરશો તો દેશ બહારના વિદ્યાધ્યયન માટેની અનુકૂળતા સહેલાઇથી મેળવી લેશો. તા. ૧૯-૬-૮૮ બાદ વર્ષના અંત સુધીનું ગોચર ઇતર પ્રવૃત્તિ માટેની સફળતા સૂચવે છે. વિદ્યાભ્યાસની સાથે જ વિદ્યાર્થી સંઘની બીજી પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા હશો અને આવી પ્રવૃત્તિ શુભત્વયુક્ત સેવા-કેન્દ્રીય હશે તો તેમાં યશ, સફળતા સહેલાઇથી મળશે. એકંદરે આ વર્ષ વિદ્યાર્થીઓ માટે ઉત્તમ પુરવાર થશે.

વિશેષ વિગતો : વર્ષના આરંભે તમારી રાશિ વૃશ્ચિકમાં શનિ છે. વૃશ્ચિકનો શનિ તા. ૧૭-૧૨-૮૭ સુધી રહેશે. આ શનિની અસર હેઠળ તમે ગૂઢ અને 'સ્વકેન્દ્રીય' બનશો. રાહુ તમારી રાશિના બુદ્ધિસ્થાનમાં તા. ૬-૩-૮૮ સુધી રહેશે. રાહુનું આ સ્થાનનું ભ્રમણ 'ચાણક્યનીતિ' જેવો વ્યવહાર કરાવશે. રાહુના આ સ્થાનના કારણે જ કેતુ તમારી રાશિના લાભસ્થાનમાં રહેશે. કેતુની અસર હેઠળ તમે 'ફળ' ખાવા કરતાં 'વૃક્ષ' જ ખાવામાં માનશો, અર્થાત્ સોનાના ઈંડાં મૂકતી મરઘીના ઈંડાંમાં ઓછો રસ ધરાવશો, મરઘીમાં જ વધારે રસ રહેશે. શનિ દાર્શનિક બનાવશે, રાહુ ચતુરાઇ આપશે અને કેતુ અંતિમવાદી બનાવશે. વ્યયસ્થાનનો પ્લુટો 'ચારણી' જેવા વાસણને સંગ્રહસ્થાન બનાવશે અને પરિવાર સ્થાનના હર્ષલ-નેપ્ચ્યુન પરિવારની સ્થિતિ અને આર્થિક સંયોગો માટે વાદળિયું હવામાન સર્જશે. તેની સાથે જ વીજળીના કડાકા-ભડાકા પણ થશે. વિક્રમનું આ વર્ષ તમારામાં છૂપાયેલી બહુમુખી પ્રતિભાનો તમને જ સાક્ષાત્કાર કરાવશે, તેની સાથે જ તમારામાં રહેલ 'ગહન' સહનશક્તિનો પરિચય પણ કરાવશે.

વર્ષનો આરંભ લાભ અને હાનિના ભેદ ભૂલાવે એવા સંયોગોમાં થાય છે. તા. ૧૬-૧૧-૮૭ સુધી તો નફા માટે નુકસાન કરશો, નુકસાન કરીને નફો નહીં મેળવો, અલબત્ત, તા. ૧૬-૧૧-૮૭થી ૧૬-૧૨-૮૭ સુધીમાં તમારું 'ગૂડવીલ' નક્કી થઇ જશે અને તા. ૧૪-૧-૮૮ સુધીમાં તમારા નફાના હિસ્સામાંના થોડાક નાણાં તમારા હાથમાં આવશે. હવે તા. ૧૪-૧-૮૮થી ૧૩-૨-૮૮ દરમિયાન મહત્ત્વાકાંક્ષી બનશો ને 'વિચાર'ને બાજુએ રાખી આંધળુંકિયા કરશો. આ સમયના સાહસના પરિણામે તા. ૧૩-૨-૮૮થી ૧૪-૩-૮૮ સુધીમાં તમને 'પ્રાપ્તિ' થશે. આ સમયની પ્રાપ્તિનો પ્રકાર શું હશે ? નક્કી કરવું સહેલું નથી, ફક્ત એટલું જ નક્કી કરી શકાય કે અહીં તમે જે મેળવશો એ અતિ 'ગુપ્ત' હશે, અને વૃક્ષના ફળ નહીં, પરંતુ ઊખડેલું ફળયુક્ત વૃક્ષ હશે. આ એક એવી સ્થિતિ હશે કે સોનાના ઈંડાં મૂકતી મરઘીને જ તમે મારશો, પરિણામે ઈંડાંની કાયમી પ્રાપ્તિ ગુમાવશો, પરંતુ આવું બનશે તેની તમે કલ્પના પણ નહીં કરો. તા. ૧૪-૩-૮૮ બાદ તમને ભાન થશે, વિચારતા થશો, પરંતુ ખેતર સુકાઇ ગયા પછીની વર્ષા જેવું જ આ બધું હશે. તા. ૧૪-૩-૮૮થી ૧૩-૪-૮૮ સુધી પસ્તાવો કરશો. તા. ૧૩-૪-૮૮થી ૮-૫-૮૮ દરમિયાન નવી અનુકૂળતા શોધશો, નવા સહાયકો શોધશો, તા. ૮-૫-૮૮થી ૧૦-૬-૮૮ સુધીનો સમયગાળો ઢોળાયેલા દૂધ પર વિલાપ કરવાનો છે. તા. ૧૦-૬-૮૮ બાદ તમને સહાયક મળશે, પરંતુ આ સમયે મળનાર સહાયક ગુપ્ત રૂપમાં

દરેક રાશિવાળાનો અષ્ટોત્તરી 'દિનદશા' પ્રવેશનો કોઠો

રાશિ	સૂર્ય દિ.૨૦	ચંદ્ર દિ. ૫૦	મંગળ દિ. ૨૮	બુધ દિ. ૧૧૬	શનિ દિ. ૩૬	ગુરુ દિ. ૫૮	રાહુ દિ. ૪૨	શુક્ર દિ. ૭૦
૧ મેષ (અ. લ. ઈ.)	૧૩ એપ્રિ.	૪ મે	૨૫ જૂન	૨૪ જુલા.	૨૦ સપ્ટે.	૨૭ ઓક.	૨૫ ડિસે.	૩ ફેબ્રુ.
૨ વૃષભ (બ. વ. ઉ.)	૧૪ મે	૪ જૂન	૨૬ જુલા.	૨૫ ઑગ.	૨૧ ઓક.	૨૬ નવે.	૨૨ જાન્યુ.	૪ માર્ચ
૩ મિથુન (ક. છ. ઘ.)	૧૪ જૂન	૫ જુલાઈ	૨૬ ઑગ.	૨૪ સપ્ટે.	૨૦ નવે.	૨૬ ડિસે.	૨૧ ફેબ્રુ.	૩ એપ્રિલ
૪ કર્ક (ડ. હ.)	૧૬ જુલા.	૬ ઑગસ્ટ	૨૬ સપ્ટે.	૨૫ ઓક.	૧૯ ડિસે.	૨૪ જાન્યુ.	૨૩ માર્ચ	૪ મે
૫ સિંહ (મ. ટ.)	૧૬ ઑગ.	૬ સપ્ટે.	૨૬ ઓક.	૨૪ નવે.	૧૮ જાન્યુ.	૨૩ ફેબ્રુ.	૨૧ એપ્રિ.	૪ જૂન
૬ કન્યા (પ. ઠ. ણ.)	૧૬ સપ્ટે.	૬ ઓક.	૨૬ નવે.	૨૪ ડિસે.	૧૯ ફેબ્રુ.	૨૩ માર્ચ	૨૨ મે	૫ જુલાઈ
૭ તુલા (ર. ત.)	૧૭ ઓક.	૭ નવે.	૨૬ ડિસે.	૨૨ જાન્યુ.	૧૮ માર્ચ	૨૩ એપ્રિ.	૨૩ જૂન	૬ ઑગ.
૮ વૃશ્ચિક (ન. ય.)	૧૬ નવે.	૬ ડિસે.	૨૪ જાન્યુ.	૨૧ ફેબ્રુ.	૧૭ એપ્રિ.	૨૪ મે	૨૩ જુલા.	૬ સપ્ટે.
૯ ધનુ (ભ. ધ. ફ. ઢ.)	૧૬ ડિસે.	૫ જાન્યુ.	૨૩ ફેબ્રુ.	૨૧ માર્ચ	૧૮ મે	૨૫ જૂન	૨૪ ઑગ.	૬ ઓક.
૧૦ મકર (ખ. જ.)	૧૪ જાન્યુ.	૩ ફેબ્રુ.	૨૩ માર્ચ	૨૧ એપ્રિ.	૧૮ જૂન	૨૬ જુલા.	૨૪ સપ્ટે.	૬ નવે.
૧૧ કુંભ (ગ. શ. સ.)	૧૩ ફેબ્રુ.	૪ માર્ચ	૨૩ એપ્રિ.	૨૨ મે	૨૦ જુલા.	૨૬ ઑગ.	૨૫ ઓક.	૬ ડિસે.
૧૨ મીન (દ. ચ. ઝ. થ.)	૧૪ માર્ચ	૩ એપ્રીલ	૨૪ મે	૨૩ જૂન	૨૦ ઑગ.	૨૬ સપ્ટે.	૨૪ નવે.	૫ જાન્યુ.

પાપગ્રહોની દિનદશા અશુભ ફળ આપે. શુભગ્રહોની શુભ ફળ આપે.

જન્મ સમયના ચંદ્રની રાશિ પ્રમાણે દિનદશા ગણવાની પદ્ધતિ છે. આ દશાઓના કોઠામાં જે તારીખો અપાય છે તે રાશિના પહેલા અંશનો ચંદ્ર છે તેમ સમજીને અપાય છે તેથી વ્યક્તિગત સ્પષ્ટ દિનદશા સમજવા માટે ચંદ્રના જેટલા અંશ હોય તેટલા દિવસ ઉમેરીને દશાઓ ગણવી.

ઉદાહરણ:-જેમ કે નટવરલાલ, કે જેની રાશિ (૮) વૃશ્ચિક છે તેને ૨૭મી મેના ક્યા ગ્રહની દિનદશા ચાલે છે તે જાણવું છે તો કોઠામાં ૨૪મી મેના ગુરુની દિનદશાનો પ્રારંભ થયેલ છે તે તા. ૨૩મી જુલાઇ સુધી રહેશે. આ દિનદશા શુભ ગણાય; જ્યારે તે જ તારીખે મીન રાશિની દિનદશા જોતાં ૨૪ મેથી ૨૩ જુન સુધી મંગળની દિનદશા ચાલતી હોવાથી અશુભ ગણાય. એવી રીતે દરેક રાશિવાળા પોતપોતાની રાશિ મુજબ શુભાશુભ દિનદશા સહેલાઈથી ઉપરના કોઠા મુજબ જોઈ શકે છે.

'સ્વાર્થી' જ હશે. તા. ૧૦-૬-૮૮થી ૨૯-૭-૮૮ સુધીનો સમય જાગૃત અને સતર્ક રહેવાનો છે. મોટી લાલચમાં ફસાશો તો 'બાંધી મૂઠી' ખૂલી જતાં વાર નહીં લાગે. તા. ૨૯-૭-૮૮થી ૧-૯-૮૮ સુધીનો સમયગાળો આ વર્ષનો નોંધપાત્ર બોધપાઠ આપનારો છે. વ્યવસાય-વ્યાપારના કોઈ પણ ક્ષેત્રે તમે હશો, અહીં કર્મના ફળના દર્શન કરશો અને કહેશો, 'કર્મના બીનું વૃક્ષ' થાય જ છે. જન્મસમયના ગ્રહોની વાસ્તવિકતાના પ્રમાણમાં અહીં તમે અગવડોના જંગલમાં ભટકશો. અર્થ-કાનૂન-પ્રતિષ્ઠાના પ્રશ્નો વિરાટ બનશે, તમે 'વામન' પુરવાર થશો. તા. ૧-૯-૮૮ બાદ ગ્રહદશા બદલાશે. પુણ્યકર્મનો ઉદય થશે. દૈવની સહાયતા મળશે, કર્મ ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તનનો સ્વીકાર તો કરશો જ. તા. ૧-૯-૮૮થી ૨૪-૧૦-૮૮ દરમિયાન પ્રારબ્ધ અને કર્મની જુગલબંધીના માધ્યમથી ફળ મેળવશો. તા. ૨૪-૧૦-૮૮ બાદ વર્ષના અંત સમયે અનુભવના આધારે કહેશો કે ખરાબે ચઢેલું વહાણ કિનારા સુધી આવી શક્યું છે. વૃક્ષના ફળ નહીં પણ 'મૂળિયાં' ખાવાની લાલચનું જ આ પરિણામ છે. તા. ૨૯-૧૧-૮૭થી ૬-૩-૮૮ સુધી ભૂતકાલીન પુરુષાર્થ અને કર્મ દ્વારા ભૌતિક લાભ મેળવશો. તા. ૬-૩-૮૮ બાદ અનુભવશો કે ભૂતકાળના પુરુષાર્થરૂપી ફળનો ભંડાર ખાલી થઈ ગયો છે, પરિણામે તા. ૬-૩-૮૮થી વર્ષના અંત સુધી નવો પુરુષાર્થ કરી, નૂતન કર્મ બાંધવાની ફરજ પડશે. વર્ષના આરંભથી તા. ૩-૧-૮૮ સુધી બુદ્ધિ અને વ્યક્તિત્વના ક્ષેત્રે વહેંચાયેલા રહેશો. બુદ્ધિની અસર હેઠળ 'ચાણક્ય' બનવા પ્રયત્ન કરશો અને વ્યક્તિત્વની અસર હેઠળ કબીરના ભજનનો શોખ કેળવશો. તા. ૩-૧-૮૮થી ૧૧-૯-૮૮ દરમિયાન મિત્રોનો લાભ ઉઠાવી, નવા સંબંધો વિકસાવી, તમારા 'સમાજ'ના અગ્રેસર બનવા ઝંખશો. તા. ૧૧-૯-૮૮ બાદ 'આકાંક્ષાઓ' અધૂરી રહી છે, એવા ભાન સાથે કાચબાની માફક 'સ્વ'ને સંકેલશો, હૃદયના ઊંડાણમાં મહત્ત્વાકાંક્ષાઓના થર જામેલાં હોવા છતાં, બાહ્ય સંયોગોનો સ્વીકાર કરી 'શાંત' રહેશો. તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ સુધીની પ્રાપ્તિ અને તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ સુધીના પ્રારબ્ધ દ્વારા નિમિત્ત થયેલ ફેર-ફુદરડીનો મર્મ સમજવા પ્રયત્ન કરશો તો વિક્રમના આ વર્ષને 'શુભ' કહેતા નહીં અચકાશો. તમારી રાશિ વૃશ્ચિક જન્મ-મૃત્યુને જોડતી કડી છે. જન્મ-મૃત્યુને સ્થૂળ રીતે નહીં પરંતુ સૂક્ષ્મ રીતે વિચારશો તો આ વર્ષના ગોચર ગ્રહો તમને પોતાને જ સમજવા અર્થાત્ તમારા 'સ્વ'ના દર્શન કરવાની તક આપશે. તમે 'ભૂતને' ભૌતિકને ઝંખશો એટલે જ 'જે' મેળવશો તે 'ભોગ્ય' હોવા છતાં ચૈતન્યની અનુભૂતિના અભાવવાળું હશે. જીવનને મૃત્યુમાં રૂપાંતર કરી 'ફરી' ચૈતન્યના અનુભવની અપેક્ષા સેવવી, એવી પ્રકૃતિવાળા 'તમે' આ વર્ષે પરમ સત્યના દર્શન અને અનુભૂતિ ખૂબ જ નજીકથી કરી શકશો.

ધનુ : (ભ, ધ, ફ, ઢ,)



વિક્રમ સંવત ૨૦૪૪ના આરંભ સમયે તમારી રાશિ ધનુમાં હર્ષલ, નેપ્ચ્યુન સુખસ્થાનમાં રાહુ, બુદ્ધિસ્થાનમાં ગુરુ, કર્મસ્થાનમાં કેતુ અને મંગળ, લાભસ્થાનમાં સૂર્ય, ચંદ્ર, બુધ, શુક્ર, પ્લુટો અને વ્યયસ્થાનમાં શનિ છે. વર્ષની ગતિની સાથે તા. ૧૭-૧૨-૮૭થી શનિ વ્યયસ્થાન છોડીને તમારી રાશિમાં રહેલ નેપ્ચ્યુન-હર્ષલ સાથે જોડાશે. તા. ૬-૩-૮૮થી અનુક્રમે રાહુ-કેતુ પુરુષાર્થસ્થાનમાં અને ભાગ્યસ્થાનમાં આવશે. ગુરુ તા. ૨૬-૧૦-૮૭ના તમારી રાશિના સુખસ્થાનમાં આવશે, તા. ૩-૨-૮૮ના બુદ્ધિસ્થાનમાં આવશે અને તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી તમારી રાશિના ઋણસ્થાનમાં રહેશે. ગોચર ગ્રહોની ઉપરની ગતિ સૂચવે છે કે તમારી રાશિના હર્ષલ-નેપ્ચ્યુનની અસર હેઠળ, ગત વર્ષે કલ્પનાઓ સેવી હતી; અનેક સાકાર થઈ અને અનેક નિરાકાર રહી, તેમ જ અનેક કલ્પનાઓએ આકાર લેવાનું જ માંડી વાળ્યું. આ વર્ષે તા. ૧૭-૧૨-૮૭થી શનિનો પ્રવેશ તમારી રાશિમાં થશે, શનિની અસર હેઠળ તમારી કલ્પનાશક્તિ અને સર્જનશક્તિ પ્રૌઢ અને વાસ્તવવાદી રહેશે. તેમ જ વિલંબ થવા છતાં સફળતાનું પ્રમાણ વધશે. રાહુ-કેતુની અસર હેઠળ તમારી સુખ અને કર્મની કલ્પનાઓ અધૂરી હતી તે તા. ૬-૩-૮૮થી રાહુ-કેતુના રાશિપરિવર્તન બાદ સ્વીકારી લેવાની સમજશક્તિ અને ધૈર્ય ધારણ કરવાની વૃત્તિ આપશે. ગુરુનું ભ્રમણ 'થીંગડાં' મારવાની ક્રિયા જેવી કાર્યપદ્ધતિ અપનાવી લેવા જેવી સમજદારી આપશે. લાભસ્થાનનો પ્લુટો સૂચવે છે કે તમે આવતી પેઢી કે પેઢીઓ માટેની આવકનો પાયો મજબૂત કરશો. ગત વર્ષની તમારી કાર્યપદ્ધતિ, કર્મક્ષેત્ર અને આવકનાં સાધનો તથા સ્થિતિ તા. ૨૯-૧૧-૮૭થી ૧૯-૧૨-૮૭ દરમિયાન પરિવર્તિત થશે. 'સ્થિર' સંયોગોમાં અસ્થિરતાનો અનુભવ આ સમય દરમિયાન થઈ શકે છે. તા. ૧૯-૧૨-૮૭થી ૬-૧-૮૮ સુધીનો કાળખંડ મનોબળની પરીક્ષાનો છે, અહીં અનેક દૃઢ નિર્ણયો લેવાની આવશ્યકતા ઊભી થશે. તા. ૬-૧-૮૮થી ૨૬-૧-૮૮ સુધીનો સમયગાળો બચતને બૅન્કમાં જમા કરાવવાનો છે. અહીં જન્મસમયના ગ્રહો, વય અને અવસ્થાના પ્રમાણમાં ધનવૃદ્ધિ થાય અને પરિવારવૃદ્ધિ પણ થાય. તા. ૨૬-૧-૮૮થી ૩-૨-૮૮ દરમિયાન તમે ગતિ કરશો, પુરુષાર્થ કરશો, અહીં સળવળાટ જેવી કાર્યપદ્ધતિ અપનાવશો. તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ સુધીના ગોચરને વિશેષરૂપે સમજી લેવાની જરૂર છે. અહીં વ્યવસાય-વ્યાપાર કે બીજી રીતે આવક ઊભી 'કરવાની તમારી જૂની મનોવૃત્તિની શસ્ત્રક્રિયા થશે, અર્થાત્ વ્યવસાયને લગતી-આવકને લગતી મર્યાદાનો સ્વીકાર કરશો. માનવીયશક્તિ અને વિકાસની આકાંક્ષા પ્રકૃતિ દ્વારા સર્જાય છે, પોષાય છે અને વીરમે છે, આવી મનોવૃત્તિમાં ડૂબશો. તા. ૬-૩-૮૮થી ૯-૪-૮૮ દરમિયાન તમને તમારા 'પ્રારબ્ધની સીમા'ના દર્શન થશે. અર્થાત્ તમારા માટે દોરાયેલ ભાગ્યરેખાના ભેદ સમજશો. વય-અવસ્થાની દૃષ્ટિએ તમે જે હશો તે, તમારા પૂર્વકર્મના જથ્થામાં સંઘરાયેલ દૃઢ પ્રારબ્ધની એક ધારા ભોગવવા માટે વહેવા માંડશે. તા. ૯-૪-૮૮થી ૧૬-૭-૮૮ દરમિયાન વ્યાવસાયિક અથવા સામાજિક નવા સંબંધો બંધાશે. આવક માટે આર્થિક અથવા બીજી જોઈતી સહાયતા મળશે. તા. ૧૬-૭-૮૮થી ૧૬-૮-૮૮ સુધીનો સમયગાળો પરિવર્તનનો છે. વિષાદ, પીડા, પ્રતિકૂળતા, તન-મન અથવા ધનની માંદગી વગેરે માટે આ સમય પ્રતિકૂળ છે. આરોગ્ય-કાનૂન અને નાણાંને લગતી સામાન્ય ગફલત, અસામાન્ય નુકસાન બની શકે છે. તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ સુધીનો સમયગાળો ચમત્કારિક છે. 'કર્મની વ્યવસ્થા' મુજબ તમે આ વિશ્વમાં-બ્રહ્માણ્ડમાં કોઈ પણ સ્થળે, કંઈ પણ વેર્યું હશે અથવા વાવ્યું હશે તેનું ફળ આ સમય દરમિયાન મળશે. એક અર્થમાં આ સમયગાળો તમને ચંચળ બનાવશે, બીજા અર્થમાં અહીં તમારું વાવેલું 'પાક' રૂપે તમને પ્રાપ્ત થશે. નાણાકીય જૂના રોકાણો હોય અથવા નિર્દોષ-સ્વાર્થરહિત જૂના સંબંધો હોય, આ સમય દરમિયાન એ બધા તમને 'ફળ' આપશે. તા. ૨-૧૧-૮૮ બાદ વર્ષના અંત સમયે તમે કહેશો કે વર્ષ અનુકૂળ-શ્રેષ્ઠ હતું.

તંદુરસ્તીની દૃષ્ટિએ : તમારી રાશિના આરોગ્યસ્થાનમાં તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી ગુરુ રહેશે. ગુરુ તમારો રાશિસ્વામી છે અને તમારી રાશિના આરોગ્યસ્થાનની રાશિ વૃષભ ગુરુની મિત્ર રાશિ નથી, પરિણામે ગુરુનું અહીંનું ભ્રમણ આરોગ્ય માટે નબળું નોંધી શકાય. તમારી રાશિના આયુસ્થાનમાં વર્ષ દરમિયાન નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી, પરંતુ તમારી રાશિના વર્ષના આરંભથી અંત સુધી રહેતાં નેપ્ચ્યુન અને હર્ષલના કારણે કલ્પનાના પ્રદેશમાં તમારું ધાર્યું ન થાય, પરિણામે વિચાર્યા વગરના કેટલાક વ્યવહાર થાય, વિચાર અને વ્યવહારના અંતે જ્ઞાનતંતુના ઉશ્કેરાટના કારણે 'બીમારી'ની ફરિયાદ વધે. આવી સ્થિતિ આરોગ્યની દૃષ્ટિએ તંદુરસ્તી માટે બાધક છે. તા. ૨૫-૧૨-૮૭થી ૫-૧-૮૮, તા. ૭-૪-૮૮થી ૧૦-૬-૮૮, તા. ૨૨-૮-૮૮થી ૪-૯-૮૮ સુધીનું ગોચર તનની માંદગી માટે નિમિત્ત બની શકે છે. તા. ૧૬-૭-૮૮થી ૧૬-૮-૮૮ સુધીનું ગોચર સૂચવે છે કે આ સમય દરમિયાન તમારી તંદુરસ્તી તરફ ધ્યાન નહીં આપો, અહીં તમારી જવાબદારી-ચિંતા વધે, એટલે તનના આરામના ભોગે કેટલાંક આવશ્યક કાર્યો કરવાં પડે, પરિણામે તા. ૧૬-૮-૮૮ બાદ વર્ષના અંત સુધી આરોગ્ય જાળવવા આરામ કરવાની ફરજ પડે. એકંદરે વયની દૃષ્ટિએ આરોગ્યની કાળ[illegible]ી પડે

એમ હોય તો, તંદુરસ્તીના નિયમો ચીવટપૂર્વક પાળવા જરૂરી છે. લાંબા ગાળાની જૂની માંદગી તમને સતાવતી હોય તો તેવા સંયોગોમાં પણ આ વર્ષના ઉત્તરાર્ધની શક્તિ ઓછી આંકશો તો બીમારી વધી જશે.

કૌટુંબિક દૃષ્ટિએ : વર્ષના આરંભથી અંત સુધી તમારી રાશિના પરિવારસ્થાનમાંથી નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી. તમારી રાશિના પરિવાર-સ્થાનનો સ્વામી શનિ, વર્ષના આરંભે તમારી રાશિના વ્યયસ્થાનમાં છે. તા. ૧૭-૧૨-૮૭થી શનિ વ્યયસ્થાન છોડી તમારી રાશિમાં આવશે અને વર્ષના અંત સુધી રહેશે. તમારો રાશિ સ્વામી ગુરુ તા. ૧૯-૬-૮૮થી તમારી રાશિથી છઠ્ઠે આવશે અને વર્ષના અંત સુધી રહેશે. આ સમયે ગુરુની પૂર્ણદૃષ્ટિ તમારી રાશિના પરિવારસ્થાન પર રહેશે. શનિ-ગુરુના આ યોગો શુભાશુભ ફળ આપશે. વર્ષના આરંભથી અથવા ગત વર્ષથી તમારા પરિવારના સભ્યો 'નવું' કરવા માટે થનગનતા હશે. તા. ૨૯-૧૧-૮૭ સુધી તો એ લોકોને પીળું એ બધું સોનું જ દેખાશે. તા. ૨૯-૧૧-૮૭ બાદ તા. ૧૭-૧૨-૮૭ સુધીમાં દૃષ્ટિના દંભનો પરદો નિર્મૂળ થશે. 'સત્ય શું છે?' દેખાશે-સમજાશે. તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ સુધીનું ગોચર સામાજિક કે વ્યાપારિક ફેલાવાને સમેટવાની ફરજ પાડશે. અહીં વાસ્તવિકતા અને દંભની તિરાડ ગહરી બનશે, એટલે બાંધી મૂઠી રાખવાની ક્ષમતા પણ મર્યાદિત થશે. આવા સમયે શક્તિ પ્રમાણે જ કર્મ કરવાની સ્થિતિ નિર્માણ થશે. મહત્ત્વાકાંક્ષાના દંભને વિસારે પાડી, વાસ્તવિક સ્થિતિની શક્તિના જ સહારે જીવનનૈયા હંકારવાની સ્થિતિ સર્જાશે. તા. ૬-૩-૮૮ બાદ તમારા પરિવારના સભ્યોની જીવનનૌકા, તેઓના વ્યક્તિગત ગ્રહોની અસર હેઠળ 'દૃઢ-પ્રારબ્ધ કહી શકાય એવા નવા 'ફાંટાબાજ વહેણ'માં પ્રવેશશે. અહીં રાજકીય સફળતા, વિદ્યાભ્યાસની પૂર્ણતા, વિદેશી સંબંધો, ધાર્મિક પ્રવૃત્તિ, પારિવારિક શુભ-પરંપરાગત કાર્યો જેવી વિવિધતાનો અનુભવ પરિવારના સભ્યો કરશે. વય-અવસ્થા અને જન્મસમયના ગ્રહોની મર્યાદાના આધારે જ એ બધા 'દૃઢ-પ્રારબ્ધ' ભોગવવા તરફ ગતિ કરશે.

આર્થિક દૃષ્ટિએ : તમારી રાશિના ધનસંગ્રહ સ્થાનમાં વર્ષના આરંભથી અંત સુધી નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી. લાભસ્થાનમાં બળવાન પ્લુટો વર્ષના આરંભથી અંત સુધી રહે છે. ગ્રહરૂપે વિવાદ સર્જનાર કેતુ વર્ષના આરંભે તમારી રાશિના કર્મસ્થાનમાં છે. તા. ૬-૩-૮૮ બાદ તમારી રાશિના ભાગ્યસ્થાનમાં કેતુ આવશે અને વર્ષના અંત સુધી રહેશે. 'સંગ્રહ'ની દૃષ્ટિએ અર્થાત્ બૅન્ક-બેલેન્સ વધારવાની દૃષ્ટિએ આ વર્ષના ગોચર ગ્રહો તટસ્થ છે. જૂના રોકાણો દ્વારા મોટા લાભની દૃષ્ટિએ અથવા 'કૅપિટલ-ગેઇન'ની દૃષ્ટિએ આ વર્ષના ગ્રહો અનુકૂળ છે. વર્ષનો આરંભકાળ 'આવક' માટે સારો છે. તા. ૨૯-૧૧-૮૭થી ૧૭-૧૨-૮૭ દરમિયાન નવાં રોકાણની અથવા નવાં સાહસ ખેડવાની કે પુરુષાર્થ કરવાની એક તક નિર્માણ થશે. જન્મસમયના ગ્રહોની શક્તિ અને પ્રકૃતિના પ્રમાણમાં જ તમે આ સમયના ગોચર ગ્રહોની શક્તિ અને આશીર્વાદનો ઉપયોગ કરી શકશો. તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ સુધીનો સમય કર્મ કરવાનો છે અને તા. ૬-૩-૮૮ બાદ વર્ષના અંત સુધીનો સમય ફળ ખાવાનો છે. એક ખેડૂત નવા પાકની પેદાશ માટે પોતાના ખેતરને વાવણી વગેરેના પુરુષાર્થ દ્વારા તૈયાર કરે છે તેમ તા. ૬-૩-૮૮ સુધી તમે 'પુરુષાર્થ-કર્મ' કરશો. વાવણી બાદ પ્રાકૃતિક ઋતુ પ્રમાણે જ ખેડૂત પાક લણે છે, તેમ તમને તમારા ભાગ્ય પ્રમાણે કર્મનું ફળ પ્રાપ્ત થશે. તમારા આવકના ક્ષેત્રમાં તમે 'સદ્‌ગુણી'ની ઉપમા મેળવો તો આશ્ચર્ય નથી. તા. ૧૬-૧૨-૮૭થી ૨૯-૧૨-૮૭, તા. ૧૩-૪-૮૮થી ૨૭-૪-૮૮, તા. ૫-૭-૮૮થી ૧૯-૭-૮૮ અને તા. ૧૬-૮-૮૮થી ૩૦-૮-૮૮ સુધીના ગ્રહો રાજકીય ક્ષેત્રે સફળતા સૂચવે છે. સીધી કે આડકતરી રીતે તમારી વ્યવસાયપદ્ધતિ રાજકીય નિયમો સાથે સંકળાયેલ હશે તો અહીં નોંધપાત્ર સફળતા મેળવશો. તા. ૧૩-૨-૮૮થી ૪-૩-૮૮ અને તા. ૧૩-૬-૮૮થી ૭-૭-૮૮ દરમિયાન 'સાહસ' જેવી લાલસના ભોગ બનો એવી ગ્રહસ્થિતિ હોવાના કારણે અહીં 'સટ્ટા' જેવી મનોવૃત્તિથી પ્રયત્નપૂર્વક દૂર રહેવામાં જ તમારું હિત જળવાશે. તા. ૧૯-૧૨-૮૭થી ૨૭-૧૨-૮૭, તા. ૧૭-૪-૮૮થી ૨૩-૪-૮૮, તા. ૨૦-૭-૮૮થી ૨૭-૭-૮૮ અને તા. ૯-૮-૮૮થી ૧૬-૮-૮૮ સુધીના ગોચર ગ્રહો સ્વતંત્ર કે ભાગીદારી જેવા વ્યાવસાયિક સંબંધોથી લાભ આપશે. તા. ૩-૨-૮૮થી ૯-૪-૮૮ સુધીની ગ્રહગતિ આત્મવિશ્વાસ વધારશે અને સ્વતંત્ર નિર્ણયો મારફત આવકના સંયોગો ઉજળા બનાવશે, તા. ૨૩-૧૧-૮૭થી ૪-૧૨-૮૭, તા. ૧-૩-૮૮થી ૧૨-૩-૮૮, તા. ૨૨-૮-૮૮થી ૪-૯-૮૮ અને તા. ૨૯-૯-૮૮થી ૧૦-૧૦-૮૮ સુધીનું ગોચર નોકરિયાત વર્ગ માટે ખૂબ જ અનુકૂળ નીવડશે. વ્યવસાયના વિસ્તાર માટે આવશ્યક આર્થિક મદદ કે કાનૂની અનુકૂળતા આ સમય દરમિયાન સહેલાઇથી પ્રાપ્ત કરી શકાશે. તા. ૧૯-૬-૮૮થી ૧૧-૯-૮૮ સુધીનો સમયગાળો 'ઉદ્યોગપતિ'ની પરિભાષામાં આવે એવી વ્યક્તિઓ માટે અનુકૂળ બની રહેશે. તા. ૧૪-૧-૮૮થી ૧૩-૨-૮૮ સુધીનું ગોચર ધન-સંગ્રહની દૃષ્ટિએ, રોકાયેલ નાણાં મેળવવાની દૃષ્ટિએ અતિ ઉત્તમ પુરવાર થશે. તા. ૨૯-૯-૮૮થી વર્ષના અંત સુધીની ગ્રહ ગતિ ભાગ્યોદય સૂચક છે. અનાયાસે આવકનાં સુંદર સાધનો આ સમય દરમિયાન મળી શકે છે. એકંદરે બૅન્કમાં નાણાં જમા કરાવવા સિવાય, નાણાંની પ્રાપ્તિ માટેના સાધનોનાં વિસ્તાર માટે આ વર્ષ સુંદર છે.

સ્થાવર સંપત્તિ : વર્ષના આરંભથી તા. ૬-૩-૮૮ સુધી રાહુ તમારી રાશિના સ્થાવર સંપત્તિના સ્થાનમાં છે. આ સ્થાનનો સ્વામી ગુરુ તા. ૨૬-૧૦-૮૭થી ૩-૨-૮૮ સુધી આ સ્થાનમાં ભ્રમણ કરશે. તા. ૨૪-૧૦-૮૭થી ૨૦-૧૧-૮૭, તા. ૨૦-૨-૮૮થી ૪-૩-૮૮ સુધીના ગોચર દરમિયાન વડીલોપાર્જિત મિલકતની પ્રાપ્તિનો યોગ છે. તા. ૨૪-૧૧-૮૭થી ૪-૧-૮૮ સુધીનું ગોચર 'મનપસંદ' રહેઠાણની વ્યવસ્થા મેળવવા માટે અનુકૂળ બનશે. તા. ૩-૨-૮૮થી ૯-૪-૮૮ સુધીની ગ્રહસ્થિતિ સૂચવે છે 'મિલકત અને ભાગ્યોદય'ની પુતિ. તમારા જન્મસમયના ગ્રહો સુચવતા હશે, અનુકૂળ હશે તો જ આ સમય દરમિયાન તમે કોઇ પણ પ્રકારની 'મિલકત' મેળવશો. આ સમય દરમિયાન મેળવેલી મિલકત, ભાગ્યોદય માટે નિમિત્ત બનવાના યોગ અતિ બળવાન છે. તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ સુધીની ગ્રહસ્થિતિ લોભામણી છે. અહીં તમે નિર્ણયની દૃષ્ટિએ ચંચળ બનશો. સંયોગોની અસર હેઠળ લાલચથી ભરપૂર યોજનાઓને લગતા (મિલકત સંબંધી) નિર્ણયો લેવાનું આકર્ષણ વધશે. આ સમય દરમિયાન મિલકતને લગતા કોઇ પણ પ્રકારના નિર્ણયમાં કાનૂની પાસાં તરફ જાગૃત રહેવાની જરૂર છે. લોભને વશીભૂત થશો તો નાણાંની ખેંચ અને કાનૂનની જાળનો અનુભવ કરવો પડશે. તા. ૨-૧૧-૮૮ બાદ વર્ષના અંતિમ દિવસો મિલકતથી લાભ સૂચવે છે. એકંદરે આ વર્ષની ગોચરસ્થિતિ પ્રવાહી છે.

સ્ત્રીઓ માટે : વર્ષના આરંભથી અંત સુધી તમારી રાશિથી સપ્તમ સ્થાનની રાશિમાંથી નોંધપાત્ર ગ્રહોનું ભ્રમણ નથી. ભારતીય જીવનશૈલી પુરુષપ્રધાન હોવા છતાં, સમાજના વ્યવહાર અને પરંપરાયુક્ત વિવાહ જેવા સંબંધોની કાર્યપદ્ધતિનો વિશેષ ભાર, સ્ત્રીઓએ જ ઉપાડવાનો હોય છે. સપ્તમ સ્થાન સામાજિક સંબંધો, વ્યવહારોની ગતિવિધિ દર્શાવે છે. પ્રથમ દૃષ્ટિએ વિચારતા લખી શકાય કે વિક્રમનું આ વર્ષ સામાજિક જવાબદારીનો બોજો નહીં વધારે, પરંતુ તમારી રાશિમાં રહેલ નેપ્ચ્યુન અને હર્ષલની સાથે શનિ જોડાશે એટલે સ્વેચ્છાએ જ તમે જવાબદારીનો ભાર વહોરી લેશો. સંતોષ કે પ્રતિષ્ઠા જેવા હેતુની ઘેલછા હેઠળ અનાયાસે જ કોઇ વિશેષ પ્રકારના કાર્યભારનો બોજો સ્વીકારશો. વર્ષના આરંભથી તા. ૧-૧૨-૮૭ સુધીમાં અંગત કામની પૂર્ણતા માટે કદમ ઉઠાવશો. તમે ગૃહસ્થી હશો તો આ કાર્ય જીવનને લગતું હશે, તમે નોકરી કે વ્યવસાય સાથે સંબંધ ધરાવતા હશો તો આ કાર્ય 'ઑફિસ' સાથે સંબંધિત હશે. તા. ૧-૧૨-૮૭થી ૧૯-૧૨-૮૭ દરમિયાન તમારી શક્તિ અને તમે સ્વીકારેલ જવાબદારીની તુલના કરશો. તા. ૧૯-૧૨-૮૭થી ૧૨-૧-૮૮ સુધીનો સમયગાળો સફળતાસૂચક છે. તા. ૧૨-૧-૮૮થી ૪-૩-૮૮ દરમિયાન વિવિધ રુકાવટો સર્જાશે, તમે સામાન્ય ગણિત મુકશો તો ખ્યાલ આવશે કે બારથી પંદર મોરચાઓને સંભાળવાના છે, પ્રકૃતિની વિલટતા અને

વ્યક્તિની વામનતાનાં દર્શન થશે. હિંમત નહીં હારો, પરંતુ ગતિ નબળી થશે. તા. ૪-૩-૮૮ બાદ ૧૬-૩-૮૮ સુધીમાં 'હામ' વધશે અને તા. ૧૬-૩-૮૮થી ૨૬-૩-૮૮ સુધીમાં દિશા સૂઝશે. તા. ૨૬-૩-૮૮થી ૩-૪-૮૮ દરમિયાન 'માનવીય ગુણ' ખીલશે, અર્થાત્ વિરાટ પ્રકૃતિને નાથવા માટે વામન માનવીય બુદ્ધિનો ઉપયોગ કરશો. તા. ૩-૪-૮૮થી ૧૭-૪-૮૮ સુધીમાં સમજાઇ જશે કે તમારા નિર્ણયો યોગ્ય છે. તા. ૧૭-૪-૮૮થી ૭-૫-૮૮ દરમિયાન દૈવની અનુકૂળતા સર્જાશે અને તા. ૭-૫-૮૮થી ૧૬-૫-૮૮ સુધીમાં તમને ખ્યાલ આવી જશે કે તમે શું કરવા ઇચ્છો છો ? વિરોધ તથા અગવડોની શક્તિ અને પ્રકાર શું છે ? તા. ૧૬-૫-૮૮થી ૨૦-૭-૮૮ સુધીનો સમય આત્મવિશ્વાસની સાથે પુરુષાર્થ કરવાનો છે. તા. ૨૦-૭-૮૮થી ૨૭-૭-૮૮ જેવા ટૂંકા સમયગાળામાં જ તમને સમજાશે કે વિરોધનો વંટોળ શમી ગયો છે, રાહ સરળ છે. તા. ૨૭-૭-૮૮થી ૩-૮-૮૮ સુધી સરળ માર્ગે જીવનની ફરજ બજાવશો. તા. ૩-૮-૮૮થી ૯-૮-૮૮ સુધીનો કાળખંડ આ વર્ષની વિરાટ જવાબદારીનો નોંધી શકાય, આવા સમયે સંબંધો જાળવવા અને તોડવાની બાબતમાં બેદરકાર રહેવું નહીં પાલવે. તા. ૯-૮-૮૮થી ૨-૯-૮૮ સુધીનું ગોચર આ વર્ષનું અતિ શુભ ગોચર નોંધી શકાય. અહીં સામાજિક દરજ્જો મળે, લગ્નને લગતી સમસ્યા હોય તો યોગ્ય માર્ગ મળે. નોકરીના ક્ષેત્રે અવરોધો શમે અને પ્રગતિના ચિહ્નો દેખાય. આ સમયગાળાને 'ભાગ્યના આશીર્વાદ' રૂપે નોંધી શકાય. તા. ૨-૯-૮૮થી ૧૩-૯-૮૮ સુધીનો કાળ તમારી સફળતાના દર્શનનો અને પ્રતિસ્પર્ધીઓની અણગમતી પ્રવૃત્તિઓના દર્શનનો છે. તા. ૧૩-૯-૮૮થી ૧૨-૧૦-૮૮ સુધીના સમય દરમિયાન વર્ષના બનાવોનું સરવૈયું કાઢશો. શું કરવું હતું ? શું કર્યું ? પોતાના કોણ છે ? પારકાં કોણ છે ? એકંદરે તમને તમારી પ્રવૃત્તિના પરિણામનો સંતોષ રહેશે. તા. ૧૨-૧૦-૮૮થી ૨૮-૧૦-૮૮ દરમિયાન તમારો 'જીવનરાહ' અને તમારી 'અગવડો'નો હિસાબ માંડશો. તા. ૨૮-૧૦-૮૮ બાદ વર્ષના અંત સુધી ફરજમાં મસ્ત રહેશો. એકંદરે ફરજ પૂરી કર્યાનો આનંદ માણશો. વર્ષ દરમિયાન તમારામાં છુપાયેલ સુષુપ્તશક્તિનો ઉપયોગ અનાયાસે જ થશે, તમને તમારામાં વિશ્વાસ વધશે.

વિદ્યાર્થીઓ માટે : તમારી રાશિના વિદ્યાભ્યાસના સ્થાનમાં વર્ષના આરંભથી તા. ૨૬-૧૦-૮૭ સુધી અને તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ સુધી ગુરુ છે. ગુરુ તમારો રાશિ સ્વામી છે અને તમારી રાશિના વિદ્યાસ્થાનનો સ્વામી મંગળનો મિત્ર છે. આ સ્થાનના સ્વામી મંગળની દૃષ્ટિ વર્ષના આરંભથી તા. ૩૦-૧૨-૮૭ સુધી અને તા. ૨૮-૩-૮૮થી ૧૨-૫-૮૮ સુધી આ સ્થાન પર રહેશે. તમારી રાશિમાં રહેલ નેપ્ચ્યુન-હર્ષલ-શનિ સાથે ગુરુનો ત્રિકોણ યોગ થશે. તેમ જ તા. ૧૩-૨-૮૮થી ૨૮-૩-૮૮ સુધી મંગળની યુતિ થશે. ગોચર ગ્રહોની આ ચાલ અભ્યાસની અનુકૂળતા અને સફળતા આપશે. વર્ષના આરંભના દિવસો સામાન્ય પ્રતિકૂળ છે, પરંતુ તા. ૪-૧૧-૮૭થી ગ્રહોની ચાલ સુધરશે. તા. ૪-૧૧-૮૭થી ૧૨-૪-૮૮ સુધીની ગ્રહોની સ્થિતિ વિદ્યાભ્યાસની સફળતા સૂચવે છે. ૧૨-૪-૮૮થી ૨-૫-૮૮ દરમિયાન સામાન્ય ચંચળતા વધશે, પરિણામે અટપટી વિચારધારાથી મૂંઝાશો. તા. ૨-૫-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર સફળતાસૂચક છે. કાયદાને લગતા અધ્યયન, અર્થશાસ્ત્રના અધ્યયન ખગોળ સંશોધન અને વિજ્ઞાનની ખાસ શાખાના ઉચ્ચ અધ્યયનમાં રસ લેનાર વિદ્યાર્થીઓને સારી સફળતાનો યોગ છે. ઉચ્ચ અભ્યાસ માટે રાજકીય સહાયતાની દૃષ્ટિએ અથવા વિદેશ જવાની દૃષ્ટિએ તા. ૧૩-૨-૮૮થી ૪-૩-૮૮ સુધીનું ગોચર અનુકૂળ બની રહેશે. એકંદરે જન્મસમયના ગ્રહો અતિ સામાન્ય અનુકૂળતા સર્જતા હશે તો આ વર્ષના ગોચર ગ્રહો મનોઇચ્છા પૂરી કરવા જેવા સમર્થ નીવડશે.

વિશેષ વિગતો : વિક્રમના આ વર્ષના ગોચર ગ્રહો 'સુખ' માટે કર્મ કરવાની પ્રેરણા આપશે અને કર્મના માધ્યમ દ્વારા 'સુખ' આપશે. સાથે જ પુરુષાર્થ અને પ્રારબ્ધના ભેદને સમજાવી પ્રારબ્ધ જ પુરુષાર્થ માટેની પ્રેરણા બને છે એવા સત્યની ઝાંખી કરાવશે. વર્ષનો આરંભકાળ 'કર્મની સફળતા' સુચવે છે. તા. ૧૬-૧૧-૮૭થી ૧૬-૧૨-૮૭ સુધીનો કાળ આવક માટેનાં સાધનોની કાર્યપદ્ધતિમાં ફેરફાર કરવાનો છે. નાણાંનું રોકાણ વધે, ખર્ચ વધે અથવા તાત્કાલિક લાભનો મોહ છોડી ભવિષ્યના સારા લાભની આશાએ નિર્ણયો લેવાય. તા. ૧૬-૧૨-૮૭થી ૧૪-૧-૮૮ દરમિયાન આવકના ક્ષેત્રને લગતી તમારી વિચાર પદ્ધતિના અમલ માટેની શક્તિ વધે, આત્મવિશ્વાસ વધે. તા. ૧૪-૧-૮૮થી ૧૩-૨-૮૮ દરમિયાન પરિવાર અને નાણાંના સંયોગો સુંદર રહે. તા. ૧૩-૨-૮૮થી ૧૪-૩-૮૮ સુધીનો કાળખંડ પરિવર્તન સૂચવે છે, અહીં પ્રવાસ કે દસ્તાવેજના સંબંધે તમે તમને 'ભાગ્યશાળી' માનો એવી અજબ ઘટના ઘટી શકે છે. તા. ૧૪-૩-૮૮થી ૧૩-૪-૮૮ દરમિયાન મકાન-વાહનને લગતી સુવિધા વધે અથવા 'સંતોષ' શબ્દના અર્થને સાર્થક કરે એવી તમારી પ્રાપ્તિ થાય. ઘરઆંગણે શુભ પ્રસંગનો પણ યોગ છે.

તા. ૧૩-૪-૮૮થી ૧-૯-૮૮ સુધીનું ગોચર નવા સંબંધો-નવા જોડાણો સૂચવે છે. અહીં પારિવારિક જોડાણ થાય અથવા વ્યાવસાયિક જોડાણ થાય. તા. ૧-૯-૮૮થી ૨૯-૯-૮૮ સુધીના સમયગાળાને સમજી લેવાની જરૂર છે. પ્રથમ દૃષ્ટિએ આ સમયની ઘટનામાં તમને નુકસાન, નિરાશા, અપમાન કે મુસીબતના દર્શન થાય, પરંતુ જાગૃત રહીને પ્રકૃતિની વ્યવસ્થાના દર્શન કરતા રહેશો તો આ સમયની કહેવાતી નકારાત્મક ઘટનાના જ પરિણામે તા. ૨૯-૯-૮૮થી ૨૪-૧૦-૮૮ દરમિયાન તમે તમને 'નસીબદાર'ની હરોળમાં મૂકશો. તા. ૨૪-૧૦-૮૮ બાદ વર્ષના અંતિમ દિવસોમાં આવકનાં સાધનોનાં ક્ષેત્રે તમે વિશેષ સદ્‌ભાગી બનશો. આ વર્ષની 'ચકાવા' જેવી અનેક ઘટનાઓ તમને વિચાર કરવાની તક આપશે. અધ્યાત્મની દૃષ્ટિએ તમે જાગૃત કે કુશળ હશો તો પ્રકૃતિની વ્યવસ્થા અને હેતુનો સાક્ષાત્કાર કરશો. 'કર્મ' ક્ષેત્રે વર્ષ ભાગ્યશાળી બનાવશે. સિક્કાની બીજી બાજુની માફક વર્ષના આરંભે તમને લાગશે કે તમે 'ધરી' ખોઇ બેઠા છો, કેન્દ્રબિંદુથી ચ્યુત થયા છો. આવી મનોદશા તા. ૧૭-૧૨-૮૭ સુધી જ રહેશે. તા. ૧૭-૧૨-૮૭થી ૩-૧-૮૮ સુધીનો સમયગાળો અંતઃપ્રેરણા મેળવવાનો છે. શું કરવું ? શું થઇ રહ્યું છે ? શું થવું જોઇએ ? જેવા પ્રશ્નોનો જવાબ તમને 'સ્વ'માંથી જ મળશે. આવી સ્થિતિને 'આત્મપ્રેરણા' કહી શકાય. તા. ૩-૧-૮૮થી ૩-૨-૮૮ દરમિયાન મનોબળ વધશે, આત્મપ્રેરણા વધુ સ્પષ્ટ થશે. તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ સુધીનું ગોચર 'પરિશ્રમ, સુખ, પૂર્વકર્મ'ના મિશ્રણ જેવું છે. 'સુખ'ની તમારી વ્યાખ્યા કે ઇચ્છા માટે તમે આ જન્મમાં અથવા ગત જન્મમાં કરેલ પરિશ્રમનું પરિણામ, તમારી માન્યતાનું 'સુખ' અહીં મળશે. આ કાળખંડ સરળ નથી, અહીં અનેક ગૂંચવાડાઓ સર્જાશે, કારણ ? તમારી સુખની વ્યાખ્યાના અનુસંધાનમાં તમે અનેક કર્મ કર્યા હશે. તા. ૧૯-૬-૮૮થી ૧૧-૯-૮૮ સુધીનો સમયગાળો 'વિજય'નો છે. અહીં આર્થિક સફળતા મળે, કાનૂની અનુકૂળતા મળે, પ્રતિસ્પર્ધીઓ પર વિજય મળે.

બીજાઓ પાસેથી તમને મળે-પ્રાપ્ત થાય એવો આ સમયગાળો છે. તા. ૧૧-૯-૮૮થી વર્ષના અંત સુધી સફળ પુરુષાર્થ કરશો. જીવનને સમજવા માટે તમે 'અધ્યાત્મ'ના જે સ્તરે હશો, ત્યાંથી તમને પ્રશ્ન પૂછજો કે તમે સુખ માટે કર્મ કરો છો ? કે પછી કર્મનું સુખ પ્રાપ્ત કરો છો ? અધ્યાત્મના ઉચ્ચ સ્તરે આ પ્રશ્નનો જવાબ નહીં હોય, કારણ ? આવી સ્થિતિમાં આ પ્રશ્ન જ નહીં હોય. 'કર્મ અને સુખ'ના ભેદ જ નહીં દેખાય. વિક્રમના આ વર્ષને બે ભાગમાં વહેંચી શકાય, એક ભાગ છે વર્ષના આરંભથી ફેબ્રુઆરી ૧૯૮૮ સુધી અને બીજો ભાગ છે માર્ચ ૧૯૮૮થી વર્ષના અંત સુધી. પ્રથમ ભાગમાં પુરુષાર્થ - કર્મ સ્પષ્ટ દેખાશે, બીજા ભાગમાં પુરુષાર્થ અને પ્રારબ્ધ સ્પષ્ટ દેખાશે. આ બંને ભાગને જોડતી એક કડી છે. તા. ૩-૨-૮૮થી ૯-૪-૮૮ અને ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ આ કડીના પહેલા ખંડનો અનુભવ 'સ્થૂળ' જગતની માયાનો છે અને બીજા ખંડનો (તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ સુધી) અનુભવ સૂક્ષ્મ જગતની વ્યવસ્થાનો છે. પહેલા અનુભવમાં તમારી ઇચ્છાઓ માન્યતાઓનું મહત્ત્વ હશે, બીજા અનુભવમાં પ્રાપ્તિનું મૂલ્ય ચૂકવવાની અનુભૂતિ હશે. તમારી રાશિ ધનુ કાળપુરુષની ભાગ્યરાશિ છે. આ વર્ષના ગોચર ગ્રહો ભૌતિક રીતે

અનુકૂળ રહેશે, પરંતુ તેની સાથે જ ભાગ્યની વ્યવસ્થા, ભાગ્યની લીલા, 'કર્મ વિપાક'ની વ્યવસ્થાના દર્શન પણ કરાવશે. પ્રાપ્તિ, સુખ, વેદના, પરિશ્રમ જેવા શબ્દોની દેખાતી ભિન્નતા વિસર્જિત થશે. ભક્ત નરસિંહ મહેતાની પંક્તિ "જૂજવા રૂપે અનંત ભાસે અંતે હેમનું હેમ"નો મર્મ સમજાશે. અલબત્ત, જન્મસમયના ગ્રહો અને તમારી લૌકિક કે અલૌકિક વૃત્તિના પ્રમાણભેદના કારણે તમારી રાશિની દરેક વ્યક્તિ ઉપરની પંક્તિનો મર્મ વ્યક્તિગત 'અધિકાર-ભેદ'ના પ્રમાણમાં જ માણશે. લૌકિક-અલૌકિકના અનુભવનું યાદગાર વર્ષ છે.

મકર (ખ, જ)



વિક્રમ સંવત ૨૦૪૪ના આરંભ સમયે તમારી રાશિ મકરના પુરુષાર્થસ્થાનમાં રાહુ, સુખસ્થાનમાં ગુરૂ, ભાગ્યસ્થાનમાં મંગળ-કેતુ, કર્મસ્થાનમાં સૂર્ય, ચંદ્ર, બુધ, શુક્ર, પ્લુટો, લાભસ્થાનમાં શનિ અને વ્યયસ્થાનમાં નેપ્ચ્યુન તથા હર્ષલ છે. તમારો રાશિસ્વામી શનિ તા. ૧૭-૧૨-૮૭ના તમારી રાશિના લાભસ્થાનનું ભ્રમણ પુરું કરી વ્યયસ્થાનમાં રહેલ હર્ષલ-નેપ્ચ્યુન સાથે જોડાશે. રાહુ-કેતુ તા. ૬-૩-૮૮ના.અનુક્રમે તમારી રાશિના પુરુષાર્થ અને ભાગ્યસ્થાનનું ભ્રમણ પુરૂં કરી ધન અને ગૂઢ સ્થાનોમાં આવશે. ગુરુ તા. ૨૬-૧૦-૮૭ના પુરુષાર્થસ્થાનમાં આવશે. તા. ૩-૨-૮૮ના સુખસ્થાનમાં આવશે અને તા. ૧૯-૬-૮૮ના તમારી રાશિના વિદ્યાસ્થાનમાં આવી. વર્ષના અંત સુધી રહેશે. પ્લુટો વર્ષ દરમિયાન રાશિ અથવા નક્ષત્રની ફેરબદલી વગર તમારી રાશિના કર્મસ્થાનમાં સ્વાતિ નક્ષત્રમાં જ રહેશે. ગ્રહોની આ જમાવટનો સામાન્ય અર્થ છે કે આ વર્ષના આરંભ સુધી અને વિશેષમાં ફેબ્રુઆરી ૧૯૮૮ સુધી ધન-જ્ઞાનરૂપે તમે જે સંપાદન કર્યું હશે તે માર્ચ ૧૯૮૮થી વહેંચવાનો આરંભ કરશો. કવિની કલ્પના મુજબ 'ગુલાલ'ની જેમ ગમતીં વસ્તુઓથી બીજાને આનંદ આપશો, 'ગમતાંનો કરીએ ગુલાલ' અથવા પ્રકૃતિના નિયમ મુજબ પૃથ્વીના જળનું શોષણ કરી વાદળાઓ બન્યા બાદ, ફરી પૃથ્વીને તૃપ્ત કરવા જળની અમીવર્ષા વાદળાઓ દ્વારા એ પૃથ્વી પર જ થાય છે, તેમ તમે તમારી પ્રાપ્તિને તમારા વર્તુળ પર લૂંટાવશો. બીજાઓને સુખ આપવા, ખુશ કરવા માટે 'સ્વ'ને વરસાવશો. વર્ષનો આરંભ કર્મની ફરજ બજાવવાથી થાય છે. તા. ૨૯-૧૧-૮૭થી ૧૭-૧૨-૮૭ સુધીનો સમય કર્મ-ફળની પ્રાપ્તિનો છે. આ સમય દરમિયાન પરિવારને ધનલાભ કે વ્યક્તિ લાભ થાય. અંગત રીતે તમને ધન મળે અથવા આવકનાં સાધનોનો વિસ્તાર થાય. પૃથ્વીતત્ત્વના ભૌતિક સુખની અપેક્ષા હશે તો તે મળે અથવા વાયુતત્ત્વના સૂક્ષ્મ સુખ કે જ્ઞાનની અપેક્ષા હશે તો તે મળે. અહીં એક વાત સમજી લેવાની જરૂર છે કે તમારો રાશિસ્વામી શનિ તા. ૧૭-૧૨-૮૭થી જળતત્ત્વની વૃશ્ચિક રાશિનો ત્યાગ કરી અગ્નિતત્ત્વની ધન રાશિમાં પ્રવેશશે. લહેર, ભાવના, કલ્પના, વિચારોનો કારક જળતત્ત્વ છે, પરંતુ આવી સ્થિતિને 'ઠોસ' બનાવવાનું કાર્ય અગ્નિનું છે. વાસ્તવિક જીવનની પરિપકવતા (કે પછી કઠોરતા) અગ્નિતત્ત્વના, માધ્યમ દ્વારા જ થાય છે. વય પ્રમાણે કરેલ કર્મોનું ફળ તા. ૧૭-૧૨-૮૭ બાદ, 'દૃઢ પ્રારબ્ધ'ના રૂપમાં પરિવર્તિત થશે. તા. ૧૭-૧૨-૮૭ બાદ પ્રાપ્તિના ફળને ભોગવવા માટે પ્રારબ્ધના પ્રદેશમાં જીવવાનો આરંભ કરશો. 'લાભ અને ભાગ્ય'ના સંયોગનો સમયગાળો છે. તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ સુધીનો વય-અવસ્થા પ્રમાણે દાન-તપ કરશો અથવા અભ્યાસ માટે વિદેશ જશો, સમાજસેવા માટેની સંસ્થા સ્થાપો, તેમાં જોડાઓ અથવા પરિવારના સભ્યોના 'શુભકાર્યો'માં નાણાં ખર્ચો, ધન-જ્ઞાનની દ્રષ્ટિએ જે તમે મેળવ્યું હશે તે તમે અહીં વાપરશો. વાપરવાનો હેતુ શુભ હશે, તમારી પ્રાપ્તિ ભોગવવાનો આ સમય છે. અધ્યાત્મની ભાષામાં 'ત્યાગીને ભોગવવાનો' શુભ અવસર અહીં પ્રાપ્ત થશે. તા. ૬-૩-૮૮ બાદ ગ્રહગતિ બદલાશે. આપણી પૃથ્વી પરના લગભગ દરેક ધર્મશાસ્ત્રોએ આ પૃથ્વી પરના જીવનને 'કર્મભૂમિ' રૂપે વર્ણવેલ છે. તા. ૬-૩-૮૮ બાદ તમે તમારી સ્થિતિ પ્રમાણેના નવાં 'કર્મ ક્ષેત્ર'માં પ્રવેશ મેળવશો. આ સમયના કર્મ ક્ષેત્રને 'મોક્ષ' શબ્દ સાથે સરખાવી શકાય. ઉદાહરણરૂપે વિદ્યાર્થીઓ પોતાની ઇચ્છા મુજબના અભ્યાસ ક્ષેત્રમાં પ્રવેશ પામી ઇચ્છામાંથી મુક્ત થાય, તૃપ્ત થાય. લગ્ન ઇચ્છુક વ્યક્તિઓ 'કુંવારાપણા'ની સંજ્ઞામાંથી મુક્ત થાય. પ્રૌઢ વ્યક્તિઓ 'નોકરી'ના ક્ષેત્રમાંથી મુક્ત (રિટાયર્ડ) થાય અથવા વૃદ્ધ વ્યક્તિઓ અહીંથી મુક્ત થાય, તન, મન, ધનના ક્ષેત્રમાં, વય-અવસ્થાના પ્રમાણમાં, ઇચ્છાપૂર્તિ થાય, ઇચ્છા ભોગવાય અથવા ઇચ્છાની માયામાંથી મુક્તિ મળે. જન્મસમયના ગ્રહો, સંસ્કારો અને કર્મની દૃષ્ટિએ તમારી રાશિની વ્યક્તિઓ 'અસંખ્ય' હોઇ શકે છે, પરંતુ આ વર્ષનો ઉત્તરાર્ધ તા. ૬-૩-૮૮થી વર્ષના અંત સુધીનો કાળખંડ તમને 'મોક્ષ મુક્તિ'નો અનુભવ તમારા સંસ્કારના સ્તર મુજબનો કરાવશે.

તંદુરસ્તીની દૃષ્ટિએ : તમારી રાશિના આરોગ્યસ્થાનમાંથી વર્ષ દરમિયાન નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી. આયુસ્થાનમાં તા. ૬-૩-૮૮થી વર્ષના અંત સુધી કેતુ રહેશે. આ સ્થાનનો કેતુ 'શસ્ત્રક્રિયા' માટે નિમિત્ત બની શકે છે, અથવા લાગવા-પડવા જેવા નિમિત્તે સામાન્ય ઘાયલ થવાય તેમ નોંધી શકાય. તમારો રાશિસ્વામી શનિ તા. ૧૭-૧૨-૮૭થી તમારી રાશિના વ્યયસ્થાનમાં અને તા. ૬-૩-૮૮થી કેતુ અષ્ટમ સ્થાનમાં ભ્રમણ કરશે. આ ગોચરસ્થિતિ આરોગ્યને લગતી ફરિયાદનો આરંભ કરે અથવા આવી ફરિયાદ વધારે. તા. ૧૭-૩-૮૮થી ૨૭-૪-૮૮, તા. ૧૯-૭-૮૮થી ૩૦-૮-૮૮ સુધીની ગોચર સ્થિતિ આરોગ્યની દૃષ્ટિએ સતર્ક રહેવા જેવી છે. મકર રાશિના અનુસંધાનમાં ગુરુનું સ્થાન ઘટતું હોવા છતાં તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ સુધી ગુરુની દૃષ્ટિ તમારી રાશિના આયુસ્થાન પર રહેશે અને તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી ગુરુની દૃષ્ટિ તમારી રાશિ મકર ઉપર રહેશે. આ બંને પ્રકારની દૃષ્ટિ શુભ હોવાથી જન્મસમયની ગ્રહસ્થિતિ અને જન્મ સમયના લગ્નની રાશિના પ્રમાણમાં ગુરુનું રક્ષણ મળતું રહેશે. બીજી તરફ તા. ૧૭-૧૨-૮૭થી શનિ મૂળ નક્ષત્રમાં ભ્રમણ કરશે. શનિનું આ નક્ષત્રનું ભ્રમણ વર્ષના અંત સુધી રહેશે, નક્ષત્ર ભ્રમણની દૃષ્ટિએ શનિની સ્થિતિ આરોગ્ય માટે સહાયક નથી. જન્મસમયના ગ્રહો આરોગ્યની જાળવણી બળપૂર્વક કરતા હશે તો જ આ વર્ષે તમને માંદગીનો અનુભવ નહીં થાય. ગોચર ગ્રહો તો. વય-અવસ્થા અને શરીરની સ્થિતિના પ્રમાણમાં સામાન્ય કે અસામાન્ય માંદગીનો અનુભવ કરાવશે. આ વર્ષે શનિ-હર્ષલ એક જ નક્ષત્રમાં તમારી રાશિથી વ્યયમાં ભ્રમણ કરે છે, અલબત્ત, નેપ્ચ્યુન પણ તમારી રાશિના વ્યયસ્થાનમાં છે, પરંતુ તા. ૧૧-૧૨-૮૭થી તેનું ભ્રમણ મૂળ નક્ષત્રમાં પુરૂં થાય છે અને પૂર્વાષાઢા નક્ષત્રમાં શરૂ થાય છે, એટલે શનિ-હર્ષલની યુતિ શસ્ત્રક્રિયા, લોહી નીકળવા જેવી સ્થિતિ અથવા વીજળીના સંસર્ગમાં આવી જવા જેવી ઘટનાના કારણે તેમ જ દાઝી જવા જેવી ઘટના અને લાગવા-પડવાના કારણે થતી વેદના જેવી માંદગી સૂચવે છે. ગુરુના રક્ષણથી 'અસામાન્ય' માંદગી સામે રક્ષણ પણ મળે છે. આમ માંદગીનો મર્યાદિત અનુભવ કરાવતી ગ્રહસ્થિતિ આ વર્ષે નોંધી શકાય.

કૌટુંબિક દૃષ્ટિએ : તમારી રાશિનો પરિવારસ્થાનનો સ્વામી શનિ વર્ષના આરંભે તમારી રાશિના લાભસ્થાનમાં છે. તા. ૧૭-૧૨-૮૭થી શનિ તમારી રાશિના વ્યયસ્થાનમાં આવશે, પરંતુ તેની દૃષ્ટિ તમારી રાશિના પરિવારસ્થાન પર રહેશે. શનિ આ સ્થાનનો સ્વામી હોવાથી, આ દૃષ્ટિનું ફળ અશુભ તો નહીં જ મળે, તા. ૬-૩-૮૮થી રાહુ તમારી રાશિના પરિવારસ્થાનમાં આવશે, આવા સમયે શનિથી દૃષ્ટ રાહુ પરિવારના સભ્યોને અંકુશમાં રાખશે, તેની સાથે જ ગુંગળામણ પણ વધારશે. વર્ષના આરંભથી તા. ૬-૩-૮૮ સુધીનો સમયગાળો પરિવારના સભ્યોની ઉન્નતિનો છે. અહીં પારિવારિક શુભ પ્રસંગોનો યોગ બળવાન છે. વિદ્યાભ્યાસ, વિવાહ, વિદેશગમન જેવી ઘટનાઓ માટે આ સમય નોંધપાત્ર છે. પરિવારના સભ્યોની વ્યક્તિગત ગ્રહસ્થિતિ મુજબ અહીં તેમનો 'ભાગ્યોદય' થાય. તા. ૬-૩-૮૮ બાદ વર્ષના અંત સુધીની ગ્રહસ્થિતિ પરિવારના સભ્યોની તેઓની સ્થિતિ મુજબ જવાબદારી વધારશે. અર્થ, કાનૂન, આરોગ્ય અથવા આકસ્મિક જવાબદારી જેવી ઘટના પરિવારના સભ્યોને દુનિયાદારીનું ભાન કરાવશે. આ પરિવારની વૃદ્ધ મુરબ્બીઓકનું સાચું જ્ઞાન કરાવશે. પરિવારની વૃદ્ધ વ્યક્તિના જન્મસમયના ગ્રહો નિર્દેશ કરતાં હોય તો

તેઓએ પોતાની અર્થવ્યવસ્થાને લગતા યોગ્ય નિર્ણયો કરી લેવા જોઈએ. 'વીલ' જેવા દસ્તાવેજ બનાવી લેવા જોઈએ. સાધકો માટે તેમ જ લૌકિક અથવા અલૌકિક ક્ષેત્રના સંશોધકો માટે અને વિદ્યાર્થીઓ માટે આ સમય સફળતા સૂચવે છે. તા. ૬-૩-૮૮થી ૧૯-૬-૮૮ સુધીનું ગોચર પરિવારના સભ્યોને મકાન, જમીન, વાહનની પ્રાપ્તિ કરાવવા જેવું સમર્થ છે. તા. ૧૯-૬-૮૮થી ૧૧-૯-૮૮ સુધીનો સમયગાળો પરિવારના સભ્યોના વિદ્યાર્થીઓ માટે ઉત્તમ છે, તેમ જ સંતાનપ્રાપ્તિ જેવી ઘટના પણ જન્મસમયના ગ્રહોના આધારે નોંધી શકાય. તા. ૧૧-૯-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર પરિવારના સભ્યોની ગ્રહસ્થિતિના પ્રમાણમાં કુટુંબવૃદ્ધિ સૂચવે છે. વ્યક્તિગત રીતે 'બૅન્ક બેલેન્સ' વધવાનો યોગ પણ પ્રબળ છે. 'વિષાદ' અને પ્રાપ્તિની સંયુક્ત અસર વર્ષના ઉત્તરાર્ધની ગ્રહસ્થિતિ સૂચવે છે.

આર્થિક દૃષ્ટિએ : વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી શનિ તમારી રાશિના લાભસ્થાનમાં છે. પ્લુટો જેવો બળવાન ગ્રહ વર્ષના આરંભથી અંત સુધી તમારી રાશિના કર્મસ્થાનમાં છે. વર્ષના આરંભથી તા. ૬-૩-૮૮ સુધી કેતુ તમારી રાશિના ભાગ્યસ્થાનમાં છે અને તા. ૬-૩-૮૮થી વર્ષના અંત સુધી રાહુ તમારી રાશિના ધનસંગ્રહના સ્થાનમાં છે. ઉપરોક્ત ગ્રહોની સંયુક્ત અસર હેઠળ નોંધી શકાય કે વ્યવસાય-વ્યાપાર અથવા આવક માટેના, કર્મની દૃષ્ટિએ વર્ષના પૂર્વાર્ધમાં સફળતા મળશે અને ઉત્તરાર્ધમાં સફળતાના પરિણામે ધનની પ્રાપ્તિ થશે. તા. ૨૦-૧૧-૮૭થી ૩-૧૨-૮૭, તા. ૧૬-૧૨-૮૭થી ૨૯-૧૨-૮૭ અને તા. ૨૧-૬-૮૮થી ૫-૭-૮૮ સુધીનો સમયગાળો વારસાગત હકો મેળવવા માટે અનુકૂળ છે. અહીં પદ, સત્તા કે નાણાં મળી શકે છે. તા. ૧૩-૨-૮૮થી ૪-૩-૮૮ અને તા. ૨૩-૫-૮૮થી ૧૩-૬-૮૮ સુધીનું ગોચર સ્થાવર સંબંધોથી અથવા ગુપ્ત મૈત્રી જેવા સંબંધોથી લાભ સૂચવે છે. તા. ૧-૧૨-૮૭થી ૧૦-૧૨-૮૭, તા. ૧૯-૧૨-૮૭થી ૨૭-૧૨-૮૭, તા. ૧૬-૩-૮૮થી ૨૬-૩-૮૮ અને તા. ૧૨-૭-૮૮થી ૨૦-૭-૮૮ સુધીની ગ્રહગતિ સેવાના

ગોચર સૂર્યના અંશો પ્રમાણે વિંશોત્તરી દિનદશા પ્રવેશ

રાશિ	સૂર્યની દશા ૧૮	ચંદ્ર ૩૦	મંગળ ૨૧	રાહુ ૫૪	ગુરુ ૪૮	શનિ ૫૭	બુધ ૫૧	કેતુ ૨૧	શુક્ર ૬૦
(૧) મેષ (અ. લ. ઈ.)	મેષ ૦° થી ૧૩ એપ્રિલથી	મેષ ૧૮° થી ૧ મેથી	વૃષભ ૧૮° ૨ જૂનથી	મિથુન ૯° થી ૨૪ જૂનથી	સિંહ ૩° થી ૧૯ ઓગસ્ટથી	કન્યા ૨૧° થી ૭ ઓક્ટો. થી	વૃશ્ચિક ૧૮° થી ૪ ડિસેમ્બરથી	મકર ૯° થી ૨૩ જાન્યુ. થી	કુંભ ૦° થી ૧૩ ફેબ્રુ. થી
(૨) વૃષભ (બ. વ. ઉ.)	વૃષભ ૦° થી ૧૪ મેથી	વૃષભ ૧૮° થી ૨ જૂનથી	મિથુન ૧૮° થી ૩ જુલાઈથી	કર્ક ૯° થી ૨૫ જુલાઈથી	કન્યા ૩° થી ૧૯ સપ્ટે. થી	તુલા ૨૧° થી ૭ નવેમ્બરથી	ધન ૧૮° થી ૨ જાન્યુ. થી	કુંભ ૯° થી ૨૧ ફેબ્રુ. થી	મીન ૦° થી ૧૪ માર્ચથી
(૩) મિથુન (ક. છ. ઘ.)	મિથુન ૦° થી ૧૪ જૂનથી	મિથુન ૧૮° થી ૩ જુલાઈથી	કર્ક ૧૮° થી ૩ ઓગ. થી	સિંહ ૯° થી ૨૫ ઓગ. થી	તુલા ૩° થી ૧૯ ઓક્ટો. થી	વૃશ્ચિક ૨૧° થી ૬ ડિસેમ્બરથી	મકર ૧૮° થી ૧ ફેબ્રુ. થી	મીન ૯° થી ૨૩ માર્ચથી	મેષ ૦° થી ૧૩ એપ્રિલથી
(૪) કર્ક (ડ. હ.)	કર્ક ૦° થી ૧૬ જુલાઈથી	કર્ક ૧૮° થી ૩ ઓગસ્ટથી	સિંહ ૧૮° ૪ સપ્ટે. થી	કન્યા ૯° થી ૨૫ સપ્ટે. થી	વૃશ્ચિક ૩° થી ૧૯ નવેમ્બરથી	ધન ૨૧° થી ૫ જાન્યુ. થી	કુંભ ૧૮° થી ૨ માર્ચથી	મેષ ૯° થી ૨૨ એપ્રિલથી	વૃષભ ૦° થી ૧૪ મેથી
(૫) સિંહ (મ. ટ.)	સિંહ ૦° થી ૧૬ ઓગસ્ટથી	સિંહ ૧૮° થી ૪ સપ્ટેમ્બરથી	કન્યા ૧૮° થી ૪ અક્ટો. થી	તુલા ૯° થી ૨૬ ઓક. થી	ધન ૩° થી ૧૮ ડિસે. થી	મકર ૨૧° થી ૪ ફેબ્રુ. થી	મીન ૧૮° થી ૧ એપ્રિલથી	વૃષભ ૯° થી ૨૩ મેથી	મિથુન ૦° થી ૧૪ જૂનથી
(૬) કન્યા (પ. ઠ. ણ.)	કન્યા ૦° થી ૧૬ સપ્ટે. થી	કન્યા ૧૮° થી ૪ ઓક્ટો. થી	તુલા ૧૮° થી ૪ નવે થી	વૃશ્ચિક ૯° થી ૨૫ નવે. થી	મકર ૩° થી ૧૭ જાન્યુ. થી	કુંભ ૨૧° થી ૫ માર્ચથી	મેષ ૧૮° થી ૧ મેથી	મિથુન ૯° થી ૨૪ જૂનથી	કર્ક ૦° થી ૧૬ જુલાઈથી
(૭) તુલા (ર. ત.)	તુલા ૦° થી ૧૬ ઓક્ટો. થી	તુલા ૧૮° થી ૪ નવેમ્બરથી	વૃશ્ચિક ૧૮° થી ૪ ડિસે. થી	ધન ૯° થી ૨૫ ડિસે. થી	કુંભ ૩° થી ૧૬ ફેબ્રુ. થી	મીન ૨૧° થી ૪ એપ્રિલથી	વૃષભ ૧૮° થી ૨ જૂનથી	કર્ક ૯° થી ૨૫ જુલાઈથી	સિંહ ૦° થી ૧૬ ઓગ. થી
(૮) વૃશ્ચિક (ન. ય.)	વૃશ્ચિક ૦° થી ૧૬ નવેમ્બરથી	વૃશ્ચિક ૧૮° થી ૪ ડિસેમ્બરથી	ધન ૧૮° થી ૨ જાન્યુ. થી	મકર ૯° થી ૨૩ જાન્યુ. થી	મીન ૩° થી ૧૭ માર્ચથી	મેષ ૨૧° થી ૫ મેથી	મિથુન ૧૮° થી ૩ જુલાઈથી	સિંહ ૯° થી ૨૫ ઓગસ્ટથી	કન્યા ૦° થી ૧૬ સપ્ટે. થી
(૯) ધન (ભ. ધ. ફ. ઢ.)	ધન ૦° થી ૧૬ ડિસે. થી	ધન ૧૮° થી ૨ જાન્યુ. થી	મકર ૧૭° થી ૧ ફેબ્રુ. થી	કુંભ ૯° થી ૨૧ ફેબ્રુ. થી	મેષ ૩° થી ૧૬ એપ્રિલથી	વૃષભ ૨૧° થી ૫ જૂનથી	કર્ક ૧૮° થી ૩ ઓગસ્ટથી	કન્યા ૯° થી ૨૫ સપ્ટે. થી	તુલા ૦° થી ૧૬ ઓક્ટો. થી
(૧૦) મકર (ખ. જ.)	મકર ૦° થી ૧૪ જાન્યુ. થી	મકર ૧૮° થી ૧ ફેબ્રુ. થી	કુંભ ૧૮° થી ૨ માર્ચથી	મીન ૯° થી ૨૩ માર્ચથી	વૃષભ ૩° થી ૧૭ મેથી	મિથુન ૨૧° થી ૬ જુલાઈથી	સિંહ ૧૮° થી ૪ સપ્ટેમ્બરથી	તુલા ૯° થી ૨૬ ઓક્ટો. થી	વૃશ્ચિક ૦° થી ૧૬ નવે. થી
(૧૧) કુંભ (ગ. શ.)	કુંભ ૦° થી ૧૩ ફેબ્રુ. થી	કુંભ ૧૮° થી ૨ માર્ચથી	મીન ૧૮° થી ૧ એપ્રિલથી	મેષ ૯° થી ૨૨ એપ્રિલથી	મિથુન ૩° થી ૧૭ જૂનથી	કર્ક ૨૧° થી ૭ ઓગસ્ટથી	કન્યા ૧૮° થી ૪ ઓક્ટો. થી	વૃશ્ચિક ૯° થી ૨૫ નવેમ્બરથી	ધન ૦° થી ૧૬ ડિસે. થી
(૧૨) મીન (દ. ચ. ઝ. થ.)	મીન ૦° થી ૧૪ માર્ચથી	મીન ૧૮° થી ૧ એપ્રિલથી	મેષ ૧૮° થી ૧ મેથી	વૃષભ ૯° થી ૨૩ મેથી	કર્ક ૩° થી ૧૯ જુલાઈથી	સિંહ ૨૧° થી ૭ સપ્ટેમ્બરથી	તુલા ૧૮° થી ૪ નવેમ્બરથી	ધન ૯° થી ૨૫ ડિસે. થી	મકર ૦° થી ૧૪ જાન્યુ. થી

જન્મસમયના ચંદ્રના રાશિ-અંશ પ્રમાણે વાર્ષિક દિનદશા ગણવાની ઉપરની પદ્ધતિ, વિંશોત્તરી દશા ક્રમ ઉપર આધારિત છે. આ દશામાં સામાન્ય રીતે સૂર્યની દશા દિવસ ૧૮ની એવો વ્યવહાર કરવામાં આવે છે. પરંતુ હકીકતમાં આ દશા સૂર્યના ૧૮ અંશ સુધીની છે. એટલે જન્મસમયના ચંદ્ર સાથે ગોચરના સૂર્યની યુતિ થાય ત્યારથી એ સૂર્ય જન્મના ચંદ્રથી ૧૮ અંશ પૂરા કરે ત્યાં સુધીના સમય માટે સૂર્યની દશા રહે. મેષ રાશિના ૦ અંશનો ચંદ્ર હોય તેને ગોચરમાં મેષનો સૂર્ય થાય ત્યારથી એટલે કે તા. ૧૩મી એપ્રિલથી મેષના ૧૮ અંશ સુધી, એટલે તા. ૧લી મે સુધી સૂર્યની દિનદશા રહે. ૧લી મેથી ૨ જૂન સુધી ચંદ્રની દિનદશા રહે તે પ્રમાણે દરેક રાશિ માટે સમજવું. જન્મનો ચંદ્ર મેષના ૨૨ અંશનો હોય તો તા. ૬ઠી મેથી સૂર્યની દિનદશા બેસે; ૨૫મી મેથી ચંદ્રની દિનદશા શરૂ થાય એમ ગણતરી કરવી.

દરેક ગ્રહની દશામાં બાકીના ગ્રહોની અંતર્દશાઓ પણ કાઢી શકાય. તે માટે બન્ને ગ્રહોની દશાઓના દિવસોના ગુણાકાર કરીને ૩૬૦થી ભાગતાં અંતર્દશાનો સમય આવશે. દા. ત. ચંદ્રમાં શુક્રનું અંતર કાઢવું હોય તો ચંદ્રના ૩૦ ગુણ્યા શુક્રના ૬૦ = ૧૮૦૦ ને ૩૬૦થી ભાગતાં પાંચ આવ્યા. તેટલા અંશ (દિવસ) ચંદ્રમાં શુક્રની અથવા શુક્રમાં ચંદ્રની અંતર્દશા રહે.

આ દશાઓનું ફળાદેશ પણ જન્મ કુંડળીના ગ્રહોના વિંશોત્તરી દશા પદ્ધતિ પ્રમાણે ગણાતા શુભાશુભ ફળ અનુસાર કરવું. વૃષભ રાશિ માટે શનિ યોગકારક હોવાથી એ રાશિવાળાને એ દશા અશુભ ફળ નહિ આપે એ રીતે ફળની તુલના કરવી—શુભ ગ્રહ સારું ફળ આપે અને પાપગ્રહ ખરાબ ફળ આપે એ સ્થૂળ રીતે કહેલું ફળ વિશ્વસનીય ગણાય નહિ.

સામાન્ય રીતે તા. ૧૩ એપ્રિલના રોજ સૂર્યનો મેષ પ્રવેશ થતો હોય છે તેથી મેષ રાશિને સૂર્યની પહેલી દશા ૧૩ એપ્રિલથી ગણી છે. સૂર્યના મેષ પ્રવેશમાં ફેરફાર હોય તે વર્ષે એક તારીખનો ફેરફાર આ કોઠામાં કરી લેવો જોઈએ.

માધ્યમ દ્વારા ભાગ્યવૃદ્ધિ સૂચવે છે. સીધી કે આડકતરી રીતે તમે બીજાઓનું કાર્ય કરશો અથવા બીજાઓ માટે ઉપયોગી નીવડશો. તેના પરિણામે તમને નોકરીમાં બઢતી મળે. શાસકીય અનુકૂળતા મળે અથવા રોકડા નાણાં મળે. તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ સુધીનું ગોચર સૂચવે છે, પ્રવાસ કે દસ્તાવેજના નિમિત્તે હકોની પ્રાપ્તિ અથવા ભાગ્યોદય કહી શકાય તેવી પ્રાપ્તિ. તા. ૧-૧૧-૮૭થી ૧૨-૧૧-૮૭, તા. ૨૩-૧૧-૮૭થી ૪-૧૨-૮૭, તા. ૧-૩-૮૮થી ૧૨-૩-૮૮ અને તા. ૨૦-૫-૮૮થી ૨૨-૮-૮૮ સુધીનું ગોચર સૂચવે છે 'કર્મનો લાભ'. આ સમયની વ્યાખ્યા અઘરી છે, પરંતુ એટલું નોંધવું બસ થઇ પડશે કે તમે ફરજ પ્રત્યેની વફાદારી રાખી હશે, તેના પ્રમાણમાં અને તે ક્ષેત્રથી તમે ભૌતિક લાભ મેળવશો. જન્મસમયના ગ્રહોની સ્થિતિની શક્તિ મુજબ અહીં સંતાનપ્રાપ્તિ કે સટ્ટા જેવા સાહસમાં સફળતાની પ્રાપ્તિ શક્ય છે. તમારી રાશિની વ્યક્તિઓ વિશાળ - વિરાટ ઉદ્યોગ કે વ્યવસાયના આયોજન સાથે સંકળાયેલ હશે તો

નવેમ્બર ૧૯૮૭થી ફેબ્રુઆરી ૧૯૮૮ સુધીની ગ્રહસ્થિતિ આયોજનની સફળતા માટે તેમ જ રાજકીય અને કાનૂની અનુકૂળતા માટે શુભ છે. તા. ૧૬-૧૧-૮૭થી ૧૬-૧૨-૮૭, તા. ૧૪-૨-૮૮થી ૧૪-૩-૮૮ અને તા. ૧૪-૬-૮૮થી ૧૬-૭-૮૮ સુધીનું ગોચર આકસ્મિક ધનલાભ માટે નોંધપાત્ર છે. છેલ્લા થોડા મહિનાઓ દરમિયાન 'પુરુષાર્થ'ની વ્યાખ્યામાં સમાય એવાં કાર્યો તમે કર્યા હશે તેના ફળ રૂપે તા. ૧૧-૯-૮૮થી વર્ષના અંત સુધીમાં તમારા હાથમાં નોંધપાત્ર રકમ આવશે. એકંદરે વિક્રમના આ વર્ષમાં 'અર્થ'ની ફરિયાદ નહીં કરી શકો. જન્મના ગ્રહો તમને સંતોષી બનાવતા હશે તો અર્થ-પ્રાપ્તિની દૃષ્ટિએ તમે સંતોષ વ્યક્ત કરશો, પરંતુ રાહુ, કેતુ, શનિ, પ્લુટો જેવા ગ્રહોની અસર હેઠળ અર્થાત્ રાહુ, કેતુ ખંડિત ગ્રહો ને શનિ, પ્લુટો 'યમ'ની ઉપમા પામેલા ગ્રહોની અસર હેઠળ પ્રાપ્ત થતી લક્ષ્મીમાં દુન્યવી વિષાદ કે કડવાશનો સ્વાદ અવશ્ય રહેશે. પ્રાપ્તિની ખુશીના પ્રમાણમાં ચુકવણીની વ્યથા અનુભવશો.

સ્થાવર સંપત્તિ : તમારી રાશિના સ્થાવર સંપત્તિના સ્થાનમાં વર્ષના આરંભથી તા. ૨૬-૧૦-૮૭ સુધી અને તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ સુધી ગુરુનું ભ્રમણ છે. આ સ્થાનનો સ્વામી અને કારક મંગળ વર્ષના આરંભથી તા. ૩૦-૧૨-૮૭ સુધી અને તા. ૨૮-૩-૮૮થી ૧૨-૫-૮૮ સુધી આ સ્થાનને દૃષ્ટિબળ આપે છે. વર્ષના આરંભથી તા. ૪-૧-૮૮ સુધીનું ગોચર જમીન, મિલકત, વાહનને લગતી તમારી ઈચ્છા વધારશે. આ સમયે જ જન્મના ગ્રહો સૂચવતા હશે તો તા. ૪-૧-૮૮થી ૨૪-૧-૮૮ દરમિયાન મિલકત જેવી ખરીદી માટે 'ચેકબુક'નો ઉપયોગ કરશો અથવા તા. ૨૪-૧-૮૮થી ૨-૫-૮૮ દરમિયાન મિલકતના સંબંધોથી નાણાં મેળવશો અથવા લાંબા ગાળાની યોજના હેઠળ નવું રોકાણ કરશો. તા. ૨-૫-૮૮થી ૧૯-૬-૮૮ સુધીનું ગોચર રહેઠાણ, જમીન, વાહન, ખેતી કે વાડીના નિમિત્તે નિર્ણયોથી સફળતા અને અર્થલાભ સૂચવે છે. તા. ૧૯-૬-૮૮થી ૮-૯-૮૮ સુધીનું ગોચર 'સ્થાવર મિલકત'ને લગતી મહત્ત્વાકાંક્ષા વધારશે, અને તા. ૮-૯-૮૮ બાદ આવતા વર્ષના આરંભ સુધી તમે નાણાંની વ્યવસ્થા કરવામાં ગૂંચવાશો, અર્થાત્ રહેઠાણની સગવડતા કે સુવિધા માટે, ઉચ્ચ સ્તરના સુશોભન માટે, સામાજિક દરજ્જાની જાળવણી માટે, મનની સ્વસ્થતા કે શાંતિ માટે તમે તા. ૮-૯-૮૮ બાદ મજબૂત નિર્ણય લેવાની વૃત્તિ અને વિચારોમાં તણાશો. આ સમય દરમિયાન લીધેલ નિર્ણય તમારી શક્તિના પ્રમાણમાં નાણાં ચૂકવવાની જવાબદારી વધારશે. આ જવાબદારી સરળતાથી પૂરી થશે. તા. ૪-૩-૮૮થી ૧૭-૩-૮૮ દરમિયાન વારસાગત મિલકત મળવાનો યોગ છે અથવા આકસ્મિક ઘટના તમને મિલકતના સ્વામી બનાવે. તા. ૨૬-૩-૮૮થી ૩-૪-૮૮ સુધીનો સમય ઋણ મેળવીને મિલકતની પ્રાપ્તિ માટે 'શુભત્વ' સૂચવે છે.

તા. ૩-૧-૮૮થી ૧૯-૬-૮૮ સુધીનો સમયગાળો આ વર્ષનો સ્થાવર મિલકતને લગતા નિર્ણયો માટે સર્વશ્રેષ્ઠ સમયગાળો છે. ગ્રહોની અમીદૃષ્ટિ હેઠળ અહીં તમે મિલકતની ખરીદી, વેચાણ, પ્રાપ્તિ કે ભોગવટાને લગતી તમારી ઈચ્છા સહેલાઈથી પૂરી કરી શકશો.

જન્મસમયના ગ્રહો સામાન્ય અનુકૂળ હશે તો ગોચર ગ્રહો 'અસામાન્ય' પ્રાપ્તિ કરાવવા જેટલા સબળ છે. તા. ૬-૩-૮૮થી ૧૯-૬-૮૮ સુધી ગુરુ, કેતુ, શનિ મોક્ષત્રિકોણમાં રાશિગત ત્રિકોણમાં છે. આ યોગની અસર 'મિલકત' માટે નોંધપાત્ર અનુકૂળ નોંધી શકાય.

સ્ત્રીઓ માટે : પુરુષાર્થસ્થાન અને પરિવારસ્થાનનો રાહુ તેની સાથે જ પ્રારબ્ધ અને ગૂઢસ્થાનનો કેતુ શું સૂચવે છે? તમે પુરુષાર્થ દ્વારા પ્રારબ્ધ ઘડશો કે પ્રારબ્ધની દોરવણી હેઠળ પુરુષાર્થ કરશો? પરિવાર-વ્યવસ્થામાં એક 'ગૂઢતા' સર્જાશે. વ્યયસ્થાનના હર્ષલ, નેપ્ચ્યુન, શનિ શું સૂચવે છે? ફરજ, લાગણી અને આવેગના વેગમાં શક્તિ વાપરશો. આવા સમયે ગુરુનું ગોચર તમને સહૃદયી રાખશે. તા. ૨૪-૧-૮૮થી ૬-૨-૮૮, તા. ૨૪-૫-૮૮થી ૭-૬-૮૮ અને તા. ૨૬-૯-૮૮થી ૧૦-૧૦-૮૮ સુધીનો સમયગાળો સમાજના બંધનો-મર્યાદા અને જવાબદારી વધારશે. તા. ૧૨-૪-૮૮થી ૨-૫-૮૮ સુધીના તમારા નિર્ણયો પરિવારની અર્થવૃદ્ધિ અને સામાજિક સફળતા માટે ખૂબ જ અનુકૂળ જણાશે. તા. ૧૨-૧-૮૮થી ૨૧-૧-૮૮, તા. ૧૫-૨-૮૮થી ૪-૩-૮૮, તા. ૭-૫-૮૮થી ૧૬-૫-૮૮, તા. ૨-૯-૮૮થી ૧૩-૯-૮૮ અને તા. ૧૨-૧૦-૮૮થી ૨૮-૧૦-૮૮ સુધીનો સમયગાળો ભાગ્યવૃદ્ધિ કરનાર છે. આવકની ઈચ્છુક વ્યક્તિઓને યોગ્ય આવક માટેનાં સાધનો આ સમય દરમિયાન મળી શકે છે. વિદ્યાભ્યાસ, લગ્ન, વિદેશપ્રવાસ કે સાધના-સંશોધન જેવા ક્ષેત્રમાં રસ લેતી વ્યક્તિઓ માટે આ સમય શ્રેષ્ઠ નીવડશે. એક લોકોક્તિ છે, "નેકી કર ઔર કુવે મેં ડાલ" અર્થાત્ ભલું કાર્ય કરો અને ભૂલી જાઓ. વિક્રમના આ વર્ષમાં તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ સુધીનો સમયગાળો આવો છે. તમે તમારી કાર્યપદ્ધતિથી, ત્યાગવૃત્તિ રાખીને તમારા વર્તુળનું કાર્ય કરશો, તેઓના ઉપયોગમાં આવશો. આ સમયની ક્રિયાનું ફળ પ્રત્યક્ષ રૂપમાં કદાચ નહીં મળે, પરોક્ષ રીતે તમને નોંધપાત્ર શુભ ફળ પ્રાપ્ત થશે. તા. ૨૫-૧૨-૮૭થી ૫-૧-૮૮, તા. ૭-૪-૮૮થી ૨૩-૪-૮૮, તા. ૨૨-૬-૮૮થી ૧૮-૭-૮૮ અને તા. ૨-૧૧-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર અનેક રીતે શુભ ફળ આપશે. ભૂતકાલીન ઈચ્છાઓ પૂરી કરવા માટે આ સમયને 'પ્રકૃતિના આશીર્વાદ' જેવું નોંધી શકો છો.

વિદ્યાર્થીઓ માટે : તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી ગુરુ તમારી રાશિના વિદ્યાસ્થાનમાંથી પસાર થાય છે. વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી આ સ્થાન પર શનિની દૃષ્ટિ રહેશે. આ સિવાય નોંધપાત્ર ગ્રહોની અસર 'વિદ્યાભ્યાસ' સાથેના સંબંધમાં નથી. ગોચર ગ્રહોની સામાન્ય અસરના કારણે, તમારા જન્મસમયના ગ્રહો જ વિદ્યાભ્યાસની દૃષ્ટિએ માર્ગદર્શક નીવડશે. વર્ષના આરંભથી તા. ૪-૧૨-૮૭ સુધી તા. ૨૫-૧૨-૮૭થી ૭-૨-૮૮, તા. ૧૮-૨-૮૮થી ૧-૩-૮૮, તા. ૧૨-૩-૮૮થી ૪-૯-૮૮, તા. ૧૭-૯-૮૮થી ૨૯-૯-૮૮ અને તા. ૨૨-૧૦-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર વિદ્યાભ્યાસ માટે અનુકૂળ છે. ઉપરના સમયગાળાઓ પર દૃષ્ટિપાત કરવાથી સમજાશે કે વર્ષ દરમિયાન અનુકૂળતાનો સમય નોંધપાત્ર રીતે વિશેષ છે. વિદ્યાભ્યાસની દૃષ્ટિએ વર્ષના બે વિભાગ પાડી શકાય. પ્રથમ વિભાગ છે વર્ષના આરંભથી ફેબ્રુઆરી ૧૯૮૮ સુધીનો અને બીજો વિભાગ છે માર્ચ ૧૯૮૮થી વર્ષના અંત સુધીનો. સામાન્ય રીતે ભારતમાં વાર્ષિક પરીક્ષાઓ માર્ચ માસ કે એ પછીના માસમાં લેવાતી હોય છે એ દૃષ્ટિએ ઉપરના વિભાગોનું મહત્ત્વ વિશેષ છે. પ્રથમ વિભાગમાં અર્થાત્ વર્ષના આરંભથી ફેબ્રુઆરી ૧૯૮૮ સુધીમાં 'ભાગ્ય'ની વિશેષ અનુકૂળતા જણાશે, અલબત્ત, અભ્યાસમાં સામાન્ય પરિવર્તન કે રુકાવટ જણાશે, પરંતુ માર્ગ નહીં અવરોધાય. બીજો વિભાગ પરિવર્તન સૂચવે છે. પરિવારની વ્યવસ્થા, આર્થિક સંબંધો અથવા ઉચ્ચ અભ્યાસના હેતુની પૂર્ણતા માટે તમારી આજુબાજુની ઘટનાઓ 'પરિવર્તન'ની ફરજ પાડશે. 'માનવીય' શક્તિ અને સંયોગો ઉપરનો કાબૂ ભિન્ન દિશાઓમાં ફંટાશે. આવા સમયે અર્થાત્ માર્ચ ૧૯૮૮ બાદ વિદ્યાભ્યાસનો વિષય બદલાય, શહેર, ગામ કે દેશ બદલાય અથવા વિદ્યાભ્યાસનો હેતુ બદલાય. આ સંધિ કે [illegible] સાથે સરખાવી શકાય. એકંદરે

તેઓએ પોતાની અર્થવ્યવસ્થાને લગતા યોગ્ય નિર્ણયો કરી લેવા જોઈએ. 'વીલ' જેવા દસ્તાવેજ બનાવી લેવા જોઈએ. સાધકો માટે તેમ જ લૌકિક અથવા અલૌકિક ક્ષેત્રના સંશોધકો માટે અને વિદ્યાર્થીઓ માટે આ સમય સફળતા સૂચવે છે. તા. ૬-૩-૮૮થી ૧૯-૬-૮૮ સુધીનું ગોચર પરિવારના સભ્યોને મકાન, જમીન, વાહનની પ્રાપ્તિ કરાવવા જેવું સમર્થ છે. તા. ૧૯-૬-૮૮થી ૧૧-૯-૮૮ સુધીનો સમયગાળો પરિવારના સભ્યોના વિદ્યાર્થીઓ માટે ઉત્તમ છે, તેમ જ સંતાનપ્રાપ્તિ જેવી ઘટના પણ જન્મસમયના ગ્રહોના આધારે નોંધી શકાય. તા. ૧૧-૯-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર પરિવારના સભ્યોની ગ્રહસ્થિતિના પ્રમાણમાં કુટંબવૃદ્ધિ સૂચવે છે. વ્યક્તિગત રીતે 'બૅન્ક બેલેન્સ' વધવાનો યોગ પણ પ્રબળ છે. 'વિષાદ' અને પ્રાપ્તિની સંયુક્ત અસર વર્ષના ઉત્તરાર્ધની ગ્રહસ્થિતિ સૂચવે છે.

આર્થિક દૃષ્ટિએ : વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી શનિ તમારી રાશિના લાભસ્થાનમાં છે. પ્લુટો જેવો બળવાન ગ્રહ વર્ષના આરંભથી અંત સુધી તમારી રાશિના કર્મસ્થાનમાં છે. વર્ષના આરંભથી તા. ૬-૩-૮૮ સુધી કેતુ તમારી રાશિના ભાગ્યસ્થાનમાં છે અને તા. ૬-૩-૮૮થી વર્ષના અંત સુધી રાહુ તમારી રાશિના ધનસંગ્રહના સ્થાનમાં છે. ઉપરોક્ત ગ્રહોની સંયુક્ત અસર હેઠળ નોંધી શકાય કે વ્યવસાય-વ્યાપાર અથવા આવક માટેના. કર્મની દૃષ્ટિએ વર્ષના પૂર્વાર્ધમાં સફળતા મળશે અને ઉત્તરાર્ધમાં સફળતાના પરિણામે ધનની પ્રાપ્તિ થશે. તા. ૨૦-૧૧-૮૭થી ૩-૧૨-૮૭, તા. ૧૬-૧૨-૮૭થી ૨૯-૧૨-૮૭ અને તા. ૨૧-૬-૮૮થી ૫-૭-૮૮ સુધીનો સમયગાળો વારસાગત હકો મેળવવા માટે અનુકૂળ છે. અહીં પદ, સત્તા કે નાણાં મળી શકે છે. તા. ૧૩-૨-૮૮થી ૪-૩-૮૮ અને તા. ૨૩-૫-૮૮થી ૧૩-૬-૮૮ સુધીનું ગોચર સ્થાવર સંબંધોથી અથવા ગુપ્ત મૈત્રી જેવા સંબંધોથી લાભ સૂચવે છે. તા. ૧-૧૨-૮૭થી ૧૦-૧૨-૮૭, તા. ૧૯-૧૨-૮૭થી ૨૭-૧૨-૮૭, તા. ૧૬-૩-૮૮થી ૨૬-૩-૮૮ અને તા. ૧૨-૭-૮૮થી ૨૦-૭-૮૮ સુધીની ગ્રહગતિ સેવાના

ગોચર સૂર્યના અંશો પ્રમાણે વિંશોત્તરી દિનદશા પ્રવેશ

રાશિ	સૂર્યની દશા ૧૮	ચંદ્ર ૩૦	મંગળ ૨૧	રાહુ ૫૪	ગુરુ ૪૮	શનિ ૫૭	બુધ ૫૧	કેતુ ૨૧	શુક્ર ૬૦
(૧) મેષ (અ. લ. ઈ.)	મેષ ૦° થી ૧૩ એપ્રિલથી	મેષ ૧૮° થી ૧ મેથી	વૃષભ ૧૮° ૨ જૂનથી	મિથુન ૯° થી ૨૪ જૂનથી	સિંહ ૩° થી ૧૯ ઓગસ્ટથી	કન્યા ૨૧° થી ૭ ઓક્ટો. થી	વૃશ્ચિક ૧૮° થી ૪ ડિસેમ્બરથી	મકર ૯° થી ૨૩ જાન્યુ. થી	કુંભ ૦° થી ૧૩ ફેબ્રુ. થી
(૨) વૃષભ (બ. વ. ઉ.)	વૃષભ ૦° થી ૧૪ મેથી	વૃષભ ૧૮° થી ૨ જૂનથી	મિથુન ૧૮° થી ૩ જુલાઈથી	કર્ક ૯° થી ૨૫ જુલાઈથી	કન્યા ૩° થી ૧૯ સપ્ટે. થી	તુલા ૨૧° થી ૭ નવેમ્બરથી	ધન ૧૮° થી ૨ જાન્યુ. થી	કુંભ ૯° થી ૨૧ ફેબ્રુ. થી	મીન ૦° થી ૧૪ માર્ચથી
(૩) મિથુન (ક. છ. ઘ.)	મિથુન ૦° થી ૧૪ જૂનથી	મિથુન ૧૮° થી ૩ જુલાઈથી	કર્ક ૧૮° થી ૩ ઓગ. થી	સિંહ ૯° થી ૨૫ ઓગ. થી	તુલા ૩° થી ૧૯ ઓક્ટો. થી	વૃશ્ચિક ૨૧° થી ૬ ડિસેમ્બરથી	મકર ૧૮° થી ૧ ફેબ્રુ. થી	મીન ૯° થી ૨૩ માર્ચથી	મેષ ૦° થી ૧૩ એપ્રિલથી
(૪) કર્ક (ડ. હ.)	કર્ક ૦° થી ૧૬ જુલાઈથી	કર્ક ૧૮° થી ૩ ઓગસ્ટથી	સિંહ ૧૮° ૪ સપ્ટે. થી	કન્યા ૯° થી ૨૫ સપ્ટે. થી	વૃશ્ચિક ૩° થી ૧૯ નવેમ્બરથી	ધન ૨૧° થી ૫ જાન્યુ. થી	કુંભ ૧૮° થી ૨ માર્ચથી	મેષ ૯° થી ૨૨ એપ્રિલથી	વૃષભ ૦° થી ૧૪ મેથી
(૫) સિંહ (મ. ટ.)	સિંહ ૦° થી ૧૬ ઓગસ્ટથી	સિંહ ૧૮° થી ૪ સપ્ટેમ્બરથી	કન્યા ૧૮° થી ૪ અક્ટો. થી	તુલા ૯° થી ૨૬ ઓક. થી	ધન ૩° થી ૧૮ ડિસે. થી	મકર ૨૧° થી ૪ ફેબ્રુ. થી	મીન ૧૮° થી ૧ એપ્રિલથી	વૃષભ ૯° થી ૨૩ મેથી	મિથુન ૦° થી ૧૪ જૂનથી
(૬) કન્યા (પ. ઠ. ણ.)	કન્યા ૦° થી ૧૬ સપ્ટે. થી	કન્યા ૧૮° થી ૪ ઓક્ટો. થી	તુલા ૧૮° થી ૪ નવે થી	વૃશ્ચિક ૯° થી ૨૫ નવે. થી	મકર ૩° થી ૧૭ જાન્યુ. થી	કુંભ ૨૧° થી ૫ માર્ચથી	મેષ ૧૮° થી ૧ મેથી	મિથુન ૯° થી ૨૪ જૂનથી	કર્ક ૦° થી ૧૬ જુલાઈથી
(૭) તુલા (ર. ત.)	તુલા ૦° થી ૧૬ ઓક્ટો. થી	તુલા ૧૮° થી ૪ નવેમ્બરથી	વૃશ્ચિક ૧૮° થી ૪ ડિસે. થી	ધન ૯° થી ૨૫ ડિસે. થી	કુંભ ૩° થી ૧૬ ફેબ્રુ. થી	મીન ૨૧° થી ૪ એપ્રિલથી	વૃષભ ૧૮° થી ૨ જૂનથી	કર્ક ૯° થી ૨૫ જુલાઈથી	સિંહ ૦° થી ૧૬ ઓગ. થી
(૮) વૃશ્ચિક (ન. ય.)	વૃશ્ચિક ૦° થી ૧૬ નવેમ્બરથી	વૃશ્ચિક ૧૮° થી ૪ ડિસેમ્બરથી	ધન ૧૮° થી ૨ જાન્યુ. થી	મકર ૯° થી ૨૩ જાન્યુ. થી	મીન ૩° થી ૧૭ માર્ચથી	મેષ ૨૧° થી ૫ મેથી	મિથુન ૧૮° થી ૩ જુલાઈથી	સિંહ ૯° થી ૨૫ ઓગસ્ટથી	કન્યા ૦° થી ૧૬ સપ્ટે. થી
(૯) ધન (ભ. ધ. ફ. ઢ.)	ધન ૦° થી ૧૬ ડિસે. થી	ધન ૧૮° થી ૨ જાન્યુ. થી	મકર ૧૭° થી ૧ ફેબ્રુ. થી	કુંભ ૯° થી ૨૧ ફેબ્રુ. થી	મેષ ૩° થી ૧૬ એપ્રિલથી	વૃષભ ૨૧° થી ૫ જૂનથી	કર્ક ૧૮° થી ૩ ઓગસ્ટથી	કન્યા ૯° થી ૨૫ સપ્ટે. થી	તુલા ૦° થી ૧૬ ઓક્ટો. થી
(૧૦) મકર (ખ. જ.)	મકર ૦° થી ૧૪ જાન્યુ. થી	મકર ૧૮° થી ૧ ફેબ્રુ. થી	કુંભ ૧૮° થી ૨ માર્ચથી	મીન ૯° થી ૨૩ માર્ચથી	વૃષભ ૩° થી ૧૭ મેથી	મિથુન ૨૧° થી ૬ જુલાઈથી	સિંહ ૧૮° થી ૪ સપ્ટેમ્બરથી	તુલા ૯° થી ૨૬ ઓક્ટો. થી	વૃશ્ચિક ૦° થી ૧૬ નવે. થી
(૧૧) કુંભ (ગ. શ.)	કુંભ ૦° થી ૧૩ ફેબ્રુ. થી	કુંભ ૧૮° થી ૨ માર્ચથી	મીન ૧૮° થી ૧ એપ્રિલથી	મેષ ૯° થી ૨૨ એપ્રિલથી	મિથુન ૩° થી ૧૭ જૂનથી	કર્ક ૨૧° થી ૭ ઓગસ્ટથી	કન્યા ૧૮° થી ૪ ઓક્ટો. થી	વૃશ્ચિક ૯° થી ૨૫ નવેમ્બરથી	ધન ૦° થી ૧૬ ડિસે. થી
(૧૨) મીન (દ. ચ. ઝ. થ.)	મીન ૦° થી ૧૪ માર્ચથી	મીન ૧૮° થી ૧ એપ્રિલથી	મેષ ૧૮° થી ૧ મેથી	વૃષભ ૯° થી ૨૩ મેથી	કર્ક ૩° થી ૧૯ જુલાઈથી	સિંહ ૨૧° થી ૭ સપ્ટેમ્બરથી	તુલા ૧૮° થી ૪ નવેમ્બરથી	ધન ૯° થી ૨૫ ડિસે. થી	મકર ૦° થી ૧૪ જાન્યુ. થી

જન્મસમયના ચંદ્રના રાશિ-અંશ પ્રમાણે વાર્ષિક દિનદશા ગણવાની ઉપરની પદ્ધતિ, વિંશોત્તરી દશા ક્રમ ઉપર આધારિત છે. આ દશામાં સામાન્ય રીતે સૂર્યની દશા દિવસ ૧૮ની એવો વ્યવહાર કરવામાં આવે છે. પરંતુ હકીકતમાં આ દશા સૂર્યના ૧૮ અંશ સુધીની છે. એટલે જન્મસમયના ચંદ્ર સાથે ગોચરના સૂર્યની યુતિ થાય ત્યારથી એ સૂર્ય જન્મના ચંદ્રથી ૧૮ અંશ પૂરા કરે ત્યાં સુધીના સમય માટે સૂર્યની દશા રહે. મેષ રાશિના ૦ અંશનો ચંદ્ર હોય તેને ગોચરમાં મેષનો સૂર્ય થાય ત્યારથી એટલે કે તા. ૧૩મી એપ્રિલથી મેષના ૧૮ અંશ સુધી, એટલે તા. ૧લી મે સુધી સૂર્યની દિનદશા રહે. ૧લી મેથી ૨ જૂન સુધી ચંદ્રની દિનદશા રહે તે પ્રમાણે દરેક રાશિ માટે સમજવું. જન્મનો ચંદ્ર મેષના ૨૪ અંશનો હોય તો તા. ૬ઠી મેથી સૂર્યની દિનદશા બેસે; ૨૫મી મેથી ચંદ્રની દિનદશા શરૂ થાય એમ ગણતરી કરવી.

દરેક ગ્રહની દશામાં બાકીના ગ્રહોની અંતર્દશાઓ પણ કાઢી શકાય. તે માટે બન્ને ગ્રહોની દશાઓના દિવસોના ગુણાકાર કરીને ૩૬૦ થી [illegible] અંતર્દશાનો સમય આવશે. દા. ત. ચંદ્રમાં શુક્રનું અંતર કાઢવું હોય તો ચંદ્રના ૩૦ ગુણ્યા શુક્રના ૬૦ = ૧૮૦૦ ને ૩૬૦ થી [illegible] પાંચ આવ્યા. તેટલા અંશ (દિવસ) ચંદ્રમાં શુક્રની અથવા શુક્રમાં ચંદ્રની અંતર્દશા રહે.

આ દશાઓનું ફલાદેશ પણ જન્મ કુંડળીના ગ્રહોના વિંશોત્તરી દશા પદ્ધતિ પ્રમાણે ગણાતા શુભાશુભ ફળ અનુસાર કહેવું. વૃષભ રાશિ માટે શનિ યોગકારક હોવાથી એ રાશિવાળાને એ દશા અશુભ ફળ નહિ આપે એ રીતે ફળની તુલના કરવી—શુભ ગ્રહ સારું ફળ આપે અને [illegible] ખરાબ ફળ આપે એ સ્થૂળ રીતે કહેલું ફળ વિશ્વસનીય ગણાય નહિ.

સામાન્ય રીતે તા. ૧૩ એપ્રિલના રોજ સૂર્યનો મેષ પ્રવેશ થતો હોય છે તેથી મેષ રાશિને સૂર્યની પહેલી દશા ૧૩ એપ્રિલથી ગણી છે સૂર્યના મેષ પ્રવેશમાં ફેરફાર હોય તે વર્ષે એક તારીખનો ફેરફાર આ કોઠામાં કરી લેવો જોઈશે.

માધ્યમ દ્વારા ભાગ્યવૃદ્ધિ સૂચવે છે. સીધી કે આડકતરી રીતે તમે બીજાઓનું કાર્ય કરશો અથવા બીજાઓ માટે ઉપયોગી નીવડશો. તેના પરિણામે તમને નોકરીમાં બઢતી મળે. શાસકીય અનુકૂળતા મળે અથવા રોકડા નાણાં મળે. તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ સુધીનું ગોચર સૂચવે છે, પ્રવાસ કે દસ્તાવેજના નિમિત્તે હકોની પ્રાપ્તિ અથવા ભાગ્યોદય કહી શકાય તેવી પ્રાપ્તિ. તા. ૧-૧૧-૮૭થી ૧૨-૧૧-૮૭, તા. ૨૩-૧૧-૮૭થી ૪-૧૨-૮૭, તા. ૧-૩-૮૮થી ૧૨-૩-૮૮ અને તા. ૨૦-૫-૮૮થી ૨૨-૮-૮૮ સુધીનું ગોચર સૂચવે છે 'કર્મનો લાભ'. આ સમયની વ્યાખ્યા અઘરી છે, પરંતુ એટલું નોંધવું બસ થઈ પડશે કે તમે ફરજ પ્રત્યેની વફાદારી રાખી હશે, તેના પ્રમાણમાં અને તે ક્ષેત્રથી તમે ભૌતિક લાભ મેળવશો. જન્મસમયના ગ્રહોની સ્થિતિની શક્તિ મુજબ અહીં સંતાનપ્રાપ્તિ કે સટ્ટા જેવા સાહસમાં સફળતાની પ્રાપ્તિ શક્ય છે. તમારી રાશિની વ્યક્તિઓ વિશાળ - વિરાટ ઉદ્યોગ કે વ્યવસાયના આયોજન સાથે સંકળાયેલ હશે તો

નવેમ્બર ૧૯૮૭થી ફેબ્રુઆરી ૧૯૮૮ સુધીની ગ્રહસ્થિતિ આયોજનની સફળતા માટે તેમ જ રાજકીય અને કાનૂની અનુકૂળતા માટે શુભ છે. તા. ૧૬-૧૧-૮૭થી ૧૬-૧૨-૮૭, તા. ૧૪-૨-૮૮થી ૧૪-૩-૮૮ અને તા. ૧૪-૬-૮૮થી ૧૬-૭-૮૮ સુધીનું ગોચર આકસ્મિક ધનલાભ માટે નોંધપાત્ર છે. છેલ્લા થોડા મહિનાઓ દરમિયાન 'પુરુષાર્થ'ની વ્યાખ્યામાં સમાય એવાં કાર્યો તમે કર્યા હશે તેના ફળ રૂપે તા. ૧૧-૯-૮૮થી વર્ષના અંત સુધીમાં તમારા હાથમાં નોંધપાત્ર રકમ આવશે. એકંદરે વિક્રમના આ વર્ષમાં 'અર્થ'ની ફરિયાદ નહીં કરી શકો. જન્મના ગ્રહો તમને સંતોષી બનાવના હશે તો અર્થ-પ્રાપ્તિની દૃષ્ટિએ તમે સંતોષ વ્યક્ત કરશો, પરંતુ રાહુ, કેતુ, શનિ, પ્લુટો જેવા ગ્રહોની અસર હેઠળ અર્થાત્ રાહુ, કેતુ ખંડિત ગ્રહો ને શનિ, પ્લુટો 'યમ'ની ઉપમા પામેલા ગ્રહોની અસર હેઠળ પ્રાપ્ત થતી લક્ષ્મીમાં દુન્યવી વિષાદ કે કડવાશનો સ્વાદ અવશ્ય રહેશે. પ્રાપ્તિની ખુશીના પ્રમાણમાં ચુકવણીની વ્યથા અનુભવશો.

સ્થાવર સંપત્તિ : તમારી રાશિના સ્થાવર સંપત્તિના સ્થાનમાં વર્ષના આરંભથી તા. ૨૬-૧૦-૮૭ સુધી અને તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ સુધી ગુરુનું ભ્રમણ છે. આ સ્થાનનો સ્વામી અને કારક મંગળ વર્ષના આરંભથી તા. ૩૦-૧૨-૮૭ સુધી અને તા. ૨૮-૩-૮૮થી ૧૨-૫-૮૮ સુધી આ સ્થાનને દૃષ્ટિબળ આપે છે. વર્ષના આરંભથી તા. ૪-૧-૮૮ સુધીનું ગોચર જમીન, મિલકત, વાહનને લગતી તમારી ઈચ્છા વધારશે. આ સમયે જ જન્મના ગ્રહો સૂચવતા હશે તો તા. ૪-૧-૮૮થી ૨૪-૧-૮૮ દરમિયાન મિલકત જેવી ખરીદી માટે 'ચેકબુક'નો ઉપયોગ કરશો અથવા તા. ૨૪-૧-૮૮થી ૨-૫-૮૮ દરમિયાન મિલકતના સંબંધોથી નાણાં મેળવશો અથવા લાંબા ગાળાની યોજના હેઠળ નવું રોકાણ કરશો. તા. ૨-૫-૮૮થી ૧૯-૬-૮૮ સુધીનું ગોચર રહેઠાણ, જમીન, વાહન, ખેતી કે વાડીના નિમિત્તે નિર્ણયોથી સફળતા અને અર્થલાભ સૂચવે છે. તા. ૧૯-૬-૮૮થી ૮-૯-૮૮ સુધીનું ગોચર 'સ્થાવર મિલકત'ને લગતી મહત્ત્વાકાંક્ષા વધારશે, અને તા. ૮-૯-૮૮ બાદ આવતા વર્ષના આરંભ સુધી તમે નાણાંની વ્યવસ્થા કરવામાં ગૂંચવાશો, અર્થાત્ રહેઠાણની સગવડતા કે સુવિધા માટે, ઉચ્ચ સ્તરના સુશોભન માટે, સામાજિક દરજ્જાની જાળવણી માટે, મનની સ્વસ્થતા કે શાંતિ માટે તમે તા. ૮-૯-૮૮ બાદ મજબૂત નિર્ણય લેવાની વૃત્તિ અને વિચારોમાં તણાશો. આ સમય દરમિયાન લીધેલ નિર્ણય તમારી શક્તિના પ્રમાણમાં નાણાં ચૂકવવાની જવાબદારી વધારશે. આ જવાબદારી સરળતાથી પૂરી થશે. તા. ૪-૩-૮૮થી ૧૭-૩-૮૮ દરમિયાન વારસાગત મિલકત મળવાનો યોગ છે અથવા આકસ્મિક ઘટના તમને મિલકતના સ્વામી બનાવે. તા. ૨૬-૩-૮૮થી ૩-૪-૮૮ સુધીનો સમય ઋણ મેળવીને મિલકતની પ્રાપ્તિ માટે 'શુભત્વ' સૂચવે છે.

તા. ૩-૧-૮૮થી ૧૯-૬-૮૮ સુધીનો સમયગાળો આ વર્ષનો સ્થાવર મિલકતને લગતા નિર્ણયો માટે સર્વશ્રેષ્ઠ સમયગાળો છે. ગ્રહોની અમીદૃષ્ટિ હેઠળ અહીં તમે મિલકતની ખરીદી, વેચાણ, પ્રાપ્તિ કે ભોગવટાને લગતી તમારી ઈચ્છા સહેલાઈથી પૂરી કરી શકશો. જન્મસમયના ગ્રહો સામાન્ય અનુકૂળ હશે તો ગોચર ગ્રહો 'અસામાન્ય' પ્રાપ્તિ કરાવવા જેટલા સબળ છે. તા. ૬-૩-૮૮થી ૧૯-૬-૮૮ સુધી ગુરુ, કેતુ, શનિ મોક્ષત્રિકોણમાં રાશિગત ત્રિકોણમાં છે. આ યોગની અસર 'મિલકત' માટે નોંધપાત્ર અનુકૂળ નોંધી શકાય.


સ્ત્રીઓ માટે : પુરુષાર્થસ્થાન અને પરિવારસ્થાનનો રાહુ તેની સાથે જ પ્રારબ્ધ અને ગુરુસ્થાનનો કેતુ શું સૂચવે છે? તમે પુરુષાર્થ દ્વારા પ્રારબ્ધ ઘડશો કે પ્રારબ્ધની દોરવણી હેઠળ પુરુષાર્થ કરશો? પરિવાર-વ્યવસ્થામાં એક 'ગૂઢતા' સર્જાશે. વ્યયસ્થાનના હર્ષલ, નેપ્ચ્યુન, શનિ શું સૂચવે છે? ફરજ, લાગણી અને આવેગના વેગમાં શક્તિ વાપરશો. આવા સમયે ગુરુનું ગોચર તમને સહૃદયી રાખશે. તા. ૨૪-૧-૮૮થી ૬-૨-૮૮, તા. ૨૪-૫-૮૮થી ૭-૬-૮૮ અને તા. ૨૬-૯-૮૮થી ૧૦-૧૦-૮૮ સુધીનો સમયગાળો સમાજના બંધનો-મર્યાદા અને જવાબદારી વધારશે. તા. ૧૨-૪-૮૮થી ૨-૫-૮૮ સુધીના તમારા નિર્ણયો પરિવારની અર્થવૃદ્ધિ અને સામાજિક સફળતા માટે ખૂબ જ અનુકૂળ જણાશે. તા. ૧૨-૧-૮૮થી ૨૧-૧-૮૮, તા. ૧૫-૨-૮૮થી ૪-૩-૮૮, તા. ૭-૫-૮૮થી ૧૬-૫-૮૮, તા. ૨-૯-૮૮થી ૧૩-૯-૮૮ અને તા. ૧૨-૧૦-૮૮થી ૨૮-૧૦-૮૮ સુધીનો સમયગાળો ભાગ્યવૃદ્ધિ કરનાર છે. આવકની ઈચ્છુક વ્યક્તિઓને યોગ્ય આવક માટેનાં સાધનો આ સમય દરમિયાન મળી શકે છે. વિદ્યાભ્યાસ, લગ્ન, વિદેશપ્રવાસ કે સાધના-સંશોધન જેવા ક્ષેત્રમાં રસ લેતી વ્યક્તિઓ માટે આ સમય શ્રેષ્ઠ નીવડશે. એક લોકોક્તિ છે, "નેકી કર ઔર કુવે મેં ડાલ" અર્થાત્ ભલું કાર્ય કરો અને ભૂલી જાઓ. વિક્રમના આ વર્ષમાં તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ સુધીનો સમયગાળો આવો છે. તમે તમારી કાર્યપદ્ધતિથી, ત્યાગવૃત્તિ રાખીને તમારા વર્તુળનું કાર્ય કરશો, તેઓના ઉપયોગમાં આવશો. આ સમયની ક્રિયાનું ફળ પ્રત્યક્ષ રૂપમાં કદાચ નહીં મળે, પરોક્ષ રીતે તમને નોંધપાત્ર શુભ ફળ પ્રાપ્ત થશે. તા. ૨૫-૧૨-૮૭થી ૫-૧-૮૮, તા. ૭-૪-૮૮થી ૨૩-૪-૮૮, તા. ૨૨-૬-૮૮થી ૧૮-૭-૮૮ અને તા. ૨-૧૧-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર અનેક રીતે શુભ ફળ આપશે. ભૂતકાળની ઈચ્છાઓ પૂરી કરવા માટે આ સમયને 'પ્રકૃતિના આશીર્વાદ' જેવું નોંધી શકો છો.

વિદ્યાર્થીઓ માટે : તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી ગુરુ તમારી રાશિના વિદ્યાસ્થાનમાંથી પસાર થાય છે. વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી આ સ્થાન પર શનિની દૃષ્ટિ રહેશે. આ સિવાય નોંધપાત્ર ગ્રહોની અસર 'વિદ્યાભ્યાસ' સાથેના સંબંધમાં નથી. ગોચર ગ્રહોની સામાન્ય અસરના કારણે, તમારા જન્મસમયના ગ્રહો જ વિદ્યાભ્યાસની દૃષ્ટિએ માર્ગદર્શક નીવડશે. વર્ષના આરંભથી તા. ૪-૧૨-૮૭ સુધી તા. ૨૫-૧૨-૮૭થી ૭-૨-૮૮, તા. ૧૮-૨-૮૮થી ૧-૩-૮૮, તા. ૧૨-૩-૮૮થી ૪-૯-૮૮, તા. ૧૭-૯-૮૮થી ૨૯-૯-૮૮ અને તા. ૨૨-૧૦-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર વિદ્યાભ્યાસ માટે અનુકૂળ છે. ઉપરના સમયગાળાઓ પર દૃષ્ટિપાત કરવાથી સમજાશે કે વર્ષ દરમિયાન અનુકૂળતાનો સમય નોંધપાત્ર રીતે વિશેષ છે. વિદ્યાભ્યાસની દૃષ્ટિએ વર્ષના બે વિભાગ પાડી શકાય. પ્રથમ વિભાગ છે વર્ષના આરંભથી ફેબ્રુઆરી ૧૯૮૮ સુધીનો અને બીજો વિભાગ છે માર્ચ ૧૯૮૮થી વર્ષના અંત સુધીનો. સામાન્ય રીતે ભારતમાં વાર્ષિક પરીક્ષાઓ માર્ચ માસ કે એ પછીના માસમાં લેવાતી હોય છે એ દૃષ્ટિએ ઉપરના વિભાગોનું મહત્ત્વ વિશેષ છે. પ્રથમ વિભાગમાં અર્થાત્ વર્ષના આરંભથી ફેબ્રુઆરી ૧૯૮૮ સુધીમાં 'ભાગ્ય'ની વિશેષ અનુકૂળતા જણાશે, અલબત્ત, અભ્યાસમાં સામાન્ય પરિવર્તન કે રુકાવટ જણાશે, પરંતુ માર્ગ નહીં અવરોધાય. બીજો વિભાગ પરિવર્તન સૂચવે છે. પરિવારની વ્યવસ્થા, આર્થિક સંજોગો અથવા ઉચ્ચ અભ્યાસના હેતુની પૂર્ણતા માટે તમારી આજુબાજુની ઘટનાઓ 'પરિવર્તન'ની ફરજ પાડશે. માનવીય શક્તિ અને સંયોગો ઉપરનો કાબૂ ભિન્ન દિશાઓમાં ફંટાશે. આવા સમયે અર્થાત્ માર્ચ ૧૯૮૮ બાદ વિદ્યાભ્યાસનો વિષય બદલાય, શહેર, ગામ કે દેશ બદલાય અથવા વિદ્યાભ્યાસનો હેતુ બદલાય. આ સંદિગ્ધ શક્યતાઓ સાથે સરખાવી શકાય. એકંદરે

વિદ્યાભ્યાસ માટે આ વર્ષના ગોચર ગ્રહો, શુભ હેતુ માટે કષ્ટદાયક પરિવર્તનની ફરજ પાડે તો આશ્ચર્ય નથી, પરિણામ શુભ છે.

વિશેષ વિગતો : પુરુષાર્થ અને પ્રારબ્ધનો 'ચકડોળ' ધરતી અને આકાશની વચ્ચે નવાં દૃશ્યો અને અનુભવોથી જીવનની પ્રેરણા આપશે. વર્ષના આરંભથી તા. ૧૬-૧૨-૮૭ સુધી ભાગ્યબળે વિભિન્ન અનુકૂળતાઓ મેળવશો. વય-અવસ્થા અને આવશ્યકતાના પ્રમાણમાં અહીં આવકની સફળતા મળે, ઉચ્ચ અભ્યાસ કે પદની સફળતા મળે, દૈવી કૃપા કહી શકાય એ રીતે કાર્યસિદ્ધિની સરળતા રહે. હવે તા. ૧૬-૧૨-૮૭થી ૧૪-૧-૮૮ સુધીના ગોચરને આગ્રહપૂર્વક સમજી લેવાની જરૂર છે. વયની દૃષ્ટિએ તમે જે સ્થિતિમાં હશો અને મહત્ત્વાકાંક્ષાની દૃષ્ટિએ તમે જેટલા, મક્કમ, નિશ્ચિત અને આશાવાદી હશો તેની સરખામણીમાં અહીં આગળ પગલાં ભરવાની સ્થિતિ નિર્માણ થશે. આ સમયને, પ્રવાસની દિશા નક્કી કરવાની સાથે તેમ જ પ્રવાસના હેતુ માટેની આવશ્યકતા અને સિદ્ધિ માટેની તમારી ઇચ્છા અને જન્મસમયના ગ્રહો તમને જે રીતે જીવવાની ફરજ પાડવા ઇચ્છતા હશે તેવી શક્તિ સાથે સીધો સંબંધ છે. અહીં તમે-તમારો માર્ગ ફંટાશે, તા. ૧૪-૧-૮૮થી ૧૪-૩-૮૮ સુધીનો સમય ત્રિપાંખિયો છે. એક તરફ તમે, બીજી તરફ તમારી પાસે પારિવારિક અને આર્થિક સ્થિતિ અને ત્રીજી તરફ તમારું દૃઢ પ્રારબ્ધ. તમારા જન્મસમયના ગ્રહોની અસર હેઠળ, તમારું દૃઢ પ્રારબ્ધ તમને સુંવાળા માર્ગેથી પ્રવાસ પૂરો કરવાની અને પરિશ્રમયુક્ત કઠોર માર્ગે પ્રવાસ કરવાની ફરજ પાડશે. કુંભાર તેના સર્જનને મજબૂત બનાવવા અગ્નિમાં તપાવે છે, તેમ; અથવા સોની આવશ્યકતા પ્રમાણે દાગીના જેવા ઘાટ ઘડવા સોનાને તપાવે છે તેમ અહીં તમે પૂર્ણ થવા માટે 'તાપ' તપશો અથવા પ્રકૃતિ તમને તમારું દૃઢ પ્રારબ્ધ ભોગવવા માટે 'યોગ્ય' બનાવશે. તા. ૧૪-૩-૮૮ બાદ 'કંટક-પ્રવાસ'નો આરંભ થશે. તા. ૧૪-૩-૮૮થી ૧૩-૪-૮૮ સુધીનો કાળ કઠોર પ્રવાસના, અનુભવનો છે અને તા. ૧૩-૪-૮૮થી ૧-૯-૮૮ સુધીનો સમયગાળો પ્રવાસના અનુભવનો ઉપયોગ કરવાનો, માર્ગના કંટકો દૂર કરવાનો અથવા સ્વીકારી લેવાનો તેમ જ આવશ્યકતાનુસાર માર્ગને સુધારી લેવાનો છે. આ સમયની જીવનયાત્રા સરળ નહીં હોય, પરંતુ સફળ અવશ્ય હશે. તા. ૧-૯-૮૮થી ૨૪-૧૦-૮૮ સુધીનો સમય આ વર્ષનો અતિ 'તાપ' સહન કરવાનો સમય છે. લૌકિક દૃષ્ટિએ અહીં આરોગ્ય, અર્થ, કાનૂન, સમાજ, લાગણી, ભાવનાની સમસ્યાઓ ઊભી થાય અથવા હોય તો તેમાં વધારો થાય. અલૌકિક દૃષ્ટિએ અહીં તમે 'માટીના પિંડમાંથી' તમારા દૃઢ પ્રારબ્ધને ભોગવવા માટેના 'પાત્ર' બનો. દુન્યવી ભાષામાં આ સમયને કષ્ટ-વિષાદ કહી શકાય. પ્રકૃતિના નિયમની ભાષામાં આ સમયને કર્મના ફળ દ્વારા ભોગવવું પડતું 'દૃઢ પ્રારબ્ધ' કહી શકાય. તા. ૨૪-૧૦-૮૮ બાદ આવતા વર્ષના આરંભ સુધીનો સમય 'સુખ' આપનારો છે. અગ્નિપરીક્ષા જેવી ક્રિયાના માધ્યમ દ્વારા તમારા પ્રારબ્ધનું સુખ ભોગવવા માટેની પૂર્ણતા અહીં પ્રાપ્ત થશે. માર્ગ કંટકયુક્ત છે, પરંતુ પ્રાપ્તિ અદ્‌ભુત, સુખદ, દૈવી અને ભૂતકાલીન કષ્ટને વિસારી શકાય એવી 'સિદ્ધિ'ના પ્રકારની હશે. વર્ષના આરંભની પુરુષાર્થની-પ્રયત્નની સફળતાની દિશા તા. ૩-૧-૮૮થી બદલાશે. પ્રાપ્તિના વર્તમાન માર્ગેથી ફંટાઈને નવા માર્ગના પ્રવાસનું આકર્ષણ વધશે, તા. ૩-૧-૮૮થી ૩-૨-૮૮ સુધી તો તમે સતત ગતિશીલ રહેશો. આશા વધશે, પુરુષાર્થની શક્તિ વધશે. અહીં પ્રવાસ-દસ્તાવેજ કે રહેઠાણના નિમિત્તે દૈનિક જીવનના ક્રમમાં પરિવર્તન લાવવાની લાલસા વધશે, સતત કાર્યરત રહેશો. તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ દરમિયાન 'પુરુષાર્થ અને નિરાંત'ની ભેદરેખા મિટાવવા પ્રયત્ન કરશો. આ સમયગાળાના વર્ણન માટે લખી શકાય કે દરિયાઈ પ્રવાસીને કિનારો દેખાય, એટલે વહાણને કિનારાની દિશામાં વાળે. પુરુષાર્થ કરશો અને સ્થિર થવાની યોજનાને આખરી રૂપ આપશો. તા. ૬-૩-૮૮થી ૧૧-૯-૮૮ સુધીનું ગોચર વિચિત્ર છે. અહીં સંતાન, પરિવાર, નાણાં, વિદ્યાભ્યાસ કહેવાતું સુખ વગેરે માટે તમારા પરિવારના સભ્યો, તેઓની માન્યતાઓ અને અપેક્ષાઓથી તમને દોરવણી આપશે. આ સમય દરમિયાનની તેઓની દોરવણીમાં "લાગણી, હક'નું મિશ્રણ હશે. અંતે તા. ૧૧-૯-૮૮થી વર્ષના અંત સુધીના સમયમાં તમારા પરિવારના સભ્યોની આર્થિક, ભૌતિક, લૌકિક ઇચ્છાઓ પૂરી થશે, પૂરી થતી રહેશે, પરંતુ તમારું 'વ્યક્તિત્વ' ? બાહ્ય દૃષ્ટિએ જેમનું તેમ રહેવા છતાં, અંતરની દૃષ્ટિએ બદલાશે. આ સમયની બદલાહટને 'બી'નું પરિવર્તન 'વૃક્ષ'માં થાય તેવી ક્રિયા સાથે સરખાવી શકાય. 'વૃક્ષ' દૃશ્ય છે, મનોહર છે. 'બી' અદૃશ્યરૂપે વિસર્જિત થઈ ચૂકેલું હોય છે, એ દૃશ્ય તો નથી જ, માત્ર એના હોવાની સાક્ષી રૂપે વૃક્ષનું અસ્તિત્વ જ છે. આ વર્ષની બે વિશિષ્ટતાઓ નોંધવી પડે છે. પ્રથમ છે તા. ૩-૨-૮૮થી તા. ૯-૪-૮૮ સુધીની 'એક' પ્રાપ્તિ માટે તમે પ્રયત્ન કરશો, શક્તિ અને સાધના ખર્ચશો, પરંતુ તા. ૯-૪-૮૮ બાદ જ તમને સમજાશે કે જે કંઈ પ્રાપ્ત થયું છે, એ તો તમારી ઇચ્છા ન હતી. બીજો સમયગાળો છે તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ સુધીનો. આ સમય દરમિયાન તમારું વર્તુળ બદલાશે, તમારા જૂના 'પોતાનાઓ'ની જગ્યાએ નવા 'પોતાનાઓ' આવશે. 'બ્રહ્માણ્ડ' સતત ગતિશીલ છે, એવી માન્યતાની સામે હજી સુધી 'વિરોધ' નથી સર્જાયો. ફક્ત મૃત્યુલોકનો માનવી ગતિથી દૂર-અલગ 'સ્થિરતા' ચાહે છે. પ્રકૃતિના સામ્રાજ્યમાં આવી શક્યતા કેટલી ? વિક્રમના આ વર્ષમાં 'તમે' ગતિના નિયમ પ્રમાણે પરિવર્તિત થશો, આવા પરિવર્તનમાં નાણાં, પરિવાર, દેહ, દેશ, સ્થિતિના પ્રમાણ અને પ્રકાર તો જન્મસમયના ગ્રહો જ નક્કી કરશે. ગોચર ગ્રહો તો તમને 'પૂર્ણ' બનાવવા તપાવશે.

કુંભ : (ગ,સ,શ)



વિક્રમ સંવત ૨૦૪૪ના આરંભ સમયે તમારી રાશિ કુંભના પરિવાર સ્થાનમાં રાહુ, પુરુષાર્થ સ્થાનમાં ગુરુ, અષ્ટમ-ગૂઢ સ્થાનમાં કેતુ-મંગળ, ભાગ્યસ્થાનમાં સૂર્ય - ચંદ્ર - બુધ - શુક્ર - પ્લુટો, કર્મસ્થાનમાં શનિ અને લાભસ્થાનમાં હર્ષલ-નેપ્ચ્યુન છે. વર્ષ દરમિયાન તા. ૧૭-૧૨-૮૭ના શનિ લાભસ્થાનમાં આવશે. રાહુ-કેતુ અનુક્રમે તા. ૬-૩-૮૮થી તમારી રાશિ કુંભમાં અને તમારી રાશિના સપ્તમ સ્થાનમાં આવશે. ગુરુ તા. ૨૬-૧૦-૮૭ના તમારી રાશિના ધનસ્થાનમાં, તા. ૩-૨-૮૮થી તમારી રાશિના પુરુષાર્થ સ્થાનમાં અને તા. ૧૯-૬-૮૮થી તમારી રાશિના સુખસ્થાનમાં આવશે. ગ્રહોની આ સ્થિતિ સૂચવે છે કે ગત વર્ષના પ્રમાણમાં આ વર્ષે આવકના સંબંધોનો વિસ્તાર થશે, પરંતુ વચનપ્રમાણ અલ્પ રહેશે. વ્યક્તિત્વનો વિકાસ અને સ્વીકાર થશે તેની સાથે જ તમારી સ્થિતિ પ્રમાણેના તમારા વર્તુળના કારણે તમે એક 'સામાજિક જવાબદારીવાળા' બનશો. સુખનાં સાધનો વધશે. વર્ષનો આરંભકાળ 'શુભ-સમય'માં થાય છે. તા. ૨૯-૧૧-૮૭થી ૧૭-૧૨-૮૭ સુધીમાં આવકનાં સાધનો અને સંબંધોને લગતી તમારી વર્તમાન સ્થિતિમાં ફેરફારનો 'રણકાર' સંભળાય. આ સમયનો ફેરફાર વય-અવસ્થા-સંયોગ અને આવશ્યકતાના પ્રમાણમાં વિવિધ અને વિચિત્ર હશે. આવકના ક્ષેત્રને લગતી ઘટના એક પ્રકારનો અકસ્માત પણ હોઈ શકે. તા. ૧૭-૧૨-૮૭થી ૬-૩-૮૮ સુધીનો સમય 'શુભ કે અશુભ' શબ્દની વ્યાખ્યાથી પર રહેશે. અહીં કેટલુંક તૂટશે, વિસર્જિત થશે તો કોઈક નવસર્જનની ઘટના તમારી જવાબદારી વધારશે. આ સમય દરમિયાન જે ઘટશે તેને મૃત્યલોકનો નિયમ જ કહી શકાય. નાણાં-પરિવાર અને વ્યક્તિત્વની સાથે જ આવક અને મૈત્રી સંબંધોની એક પ્રકારની 'શસ્ત્રક્રિયા' થશે. શસ્ત્રક્રિયાનો સામાન્ય અર્થ છે 'આવશ્યક' રહેવા દેવું અને બિનઆવશ્યક કાપી નાખવું. મૃત્યુલોકની પરમ્પરા મુજબ જૂની વ્યવસ્થા વિસર્જિત થવા દેવી, નવી વ્યવસ્થામાં સ્થાન મેળવવું. દેખીતી રીતે આ સમયગાળો વિષાદ અથવા કષ્ટનો અનુભવ પણ કરાવી શકે છે. અહીં આરોગ્ય-કાનૂન-નાણાં અને પરિવારના પ્રશ્નો, ઉપાધિ વધારી શકે છે. તા. ૬-૩-૮૮ બાદ વર્ષના અંત સુધીનો સમયગાળો તમને તમારા વર્તુળમાં 'મહત્ત્વપૂર્ણ' વ્યક્તિત્વ આપશે. સમાજના અગ્રેસર બનો, વર્તુળના નેતા બનો, જાહેર સેવાના ક્ષેત્રમાં મુખ્ય સ્થાન પામો. લગ્નસંસ્થાના નિમિત્તે એકમાંથી અનેક બનો, વિખ્યાત બનો અથવા કુખ્યાત બનો. અહીં જન્મસમયના ગ્રહોની શક્તિ

અને વલણ મુજબ તમારું વ્યક્તિત્વ તમને 'સામાજિક વ્યક્તિ' બનાવશે. માનવીય ઘેરામાં જીવવાની પીડા કે આનંદ ભોગવશો. તા. ૨૧-૬-૮૮થી ૫-૭-૮૮ અને તા. ૨૩-૧૦-૮૮થી ૬-૧૧-૮૮ સુધીનો સમયગાળો નોંધપાત્ર પ્રતિષ્ઠા, કીર્તિ કે સામાજિક માન્યતા મેળવી આપશે. વ્યવસાય - વ્યાપાર - કર્મના કોઈ પણ ક્ષેત્રમાં તમે હો, તા. ૨૩-૫-૮૮થી ૧૩-૬-૮૮ દરમિયાન તમારા કાર્ય અને તમારી આવડતની પ્રશંસા થશે. તા. ૧૬-૩-૮૮થી ૨૬-૩-૮૮ અને તા. ૧૨-૭-૮૮થી ૨૦-૭-૮૮ સુધીનો ગાળો વિચિત્ર છે.

અહીં તમારી પ્રશંસા થશે તેની સાથે જ તમારો ઉદ્વેગ વધશે. નિર્ણય કે કાર્યની દૃષ્ટિએ 'ઠપકો' સાંભળવો પડે એવી ઘટનાની સાથે જ તમારી તટસ્થતા અને નિર્દોષતાનો સ્વીકાર પણ થશે. તા. ૨૦-૫-૮૮થી ૨૨-૮-૮૮ સુધીના સમયને 'દૈવી આશીર્વાદ' સાથે સરખાવી શકાય. મકાન - વાહન - જમીન - જાયદાદને લગતી તમારી આકાંક્ષા અથવા રાજકીય સફળતા કે વિદેશપ્રવાસની તમારી ઇચ્છાપૂર્તિ માટે આ સમયનું ગોચર શ્રેષ્ઠ છે. 'સંશોધન કે સાધના' જેવા વિષય સાથે તમારો નાતો હશે તો અહીં સારી સફળતા મળશે. ભૂતકાલીન ઇચ્છા પૂરી કરવા માટે ગ્રહોના આશીર્વાદ મેળવશો. તા. ૧૩-૨-૮૮થી ૧૪-૩-૮૮ સુધીનું ગોચર સૂચવે છે કે તમારો વિકાસ થશે. "સંબંધો અને ક્ષેત્રની દૃષ્ટિએ તમારો નવો જન્મ થશે" એવા વાક્યના સંદર્ભમાં આ સમયના ફળને ઓળખી શકાય. તા. ૧૧-૯-૮૮થી વર્ષના અંત સુધીનો સમયગાળો લૌકિક રીતે અદ્‌ભુત છે. જન્મસમયના ગ્રહોની સ્થિતિ પ્રમાણે અહીં તમે માનનીય, પૂજનીય, આદરપાત્ર અધિકારી બનશો. વર્ષના આરંભથી તા. ૬-૩-૮૮ સુધી અદૃશ્ય રહીને કાર્યની સફળતા માટે કષ્ટ વેઠશો અને તા. ૬-૩-૮૮થી વર્ષના અંત સુધી અવરોધો અને વિરોધીઓની વચ્ચે કાર્ય કરશો. 'ફળ અને ફૂલ' બનવાની 'બીજ'ને ઇચ્છા થાય તો, 'સ્વ'ના વિસર્જિતની તૈયારી સાથે જ તેની ઇચ્છાપૂર્તિનો આરંભ અને સંબંધ છે. આ વર્ષે તમે વિસર્જિત થઈને ખીલશો.

તંદુરસ્તીની દૃષ્ટિએ : તમારી રાશિના આરોગ્યસ્થાનમાં વર્ષના આરંભથી અંત સુધી નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી. તમારી રાશિના આયુસ્થાનમાં વર્ષના આરંભે મંગળ અને કેતુ છે. તા. ૧૪-૧૧-૮૭ના મંગળ આ સ્થાન છોડશે અને તા. ૬-૩-૮૮ના કેતુ આ સ્થાન છોડશે. વર્ષના આરંભથી વિશેષ કરીને તા. ૧૭-૧૨-૮૭થી તા. ૬-૩-૮૮ સુધીનું કેતુનું આ સ્થાનનું ભ્રમણ આરોગ્યની દૃષ્ટિએ નકારાત્મક છે. જન્મસમયના ગ્રહો, વય અને અવસ્થાના પ્રમાણમાં અહીં શસ્ત્રક્રિયાનો યોગ પણ સર્જાય છે. લાગવા-પડવાથી, અકસ્માત કહી શકાય તેવી ઘટનાથી અથવા ઊતરતી કક્ષાની 'મેલી-વિદ્યા' શબ્દપ્રયોગ કરી શકાય તેવી સ્થિતિથી આરોગ્ય બગડી શકે છે. પરિવાર કે ધનની જવાબદારી પણ આરોગ્યની ફરિયાદ માટે નિમિત્ત બની શકે છે. તા. ૧૪-૧-૮૮થી ૧૪-૩-૮૮ સુધીનો સમયગાળો જવાબદારીના નિમિત્તે તંદુરસ્તીની ફરિયાદ વધારશે. તા. ૧૯-૧૨-૮૭થી ૨૭-૧૨-૮૭, તા. ૧૨-૧-૮૮થી ૨૧-૧-૮૮, તા. ૧૫-૨-૮૮થી ૪-૩-૮૮, તા. ૧૭-૪-૮૮થી ૨૩-૪-૮૮, તા. ૭-૫-૮૮થી ૧૬-૫-૮૮ અને તા. ૨-૯-૮૮થી ૧૩-૯-૮૮ તથા તા. ૧૨-૧૦-૮૮થી ૨૮-૧૦-૮૮ સુધીના સમયગાળાઓ આરોગ્યની દૃષ્ટિએ કાળજી રાખવા જેવા છે.

કૌટુંબિક દૃષ્ટિએ : તમારી રાશિના પરિવારસ્થાનમાં વર્ષના આરંભથી તા. ૬-૩-૮૮ સુધી રાહુ છે. તા. ૨૬-૧૦-૮૭થી ૩-૨-૮૮ સુધી ગુરુનું ભ્રમણ આ સ્થાનમાંથી થશે. ગુરુ આ સ્થાનનો સ્વામી છે. જ્યોતિષશાસ્ત્રના વિદ્વાનો રાહુ-ગુરુની યુતિને ચાંડાલ યોગનું નામ આપે છે, પરંતુ રાહુ-ગુરુની યુતિનું ફળ લૌકિક રીતે શુભ મનાયું છે. પારિવારિક લૌકિક સુખ અને વૈભવ આપવા માટે આ યુતિ શક્તિશાળી છે. વર્ષના આરંભ પહેલાના થોડા દિવસો અને વર્ષનો આરંભકાળ પારિવારિક જવાબદારીનું ભાન કરાવનાર છે. આવી જવાબદારીના મંથન મારફત તા. ૨૬-૧૦-૮૭થી ૬-૧-૮૮ દરમિયાન પારિવારિક શુભ પ્રસંગના યોગ સર્જાય અથવા પરિવારના સભ્યોની સ્વતંત્ર આવકમાં વધારો થાય અથવા પરિવારના સભ્યોને આવક માટેનું નવું ક્ષેત્ર મળે. તા. ૬-૧-૮૮થી ૯-૪-૮૮ સુધીનું ગોચર ગંભીર પ્રકારનું છે. જન્મસમયના ગ્રહો સૂચવતા હશે તો અહીં પરિવાર વિચ્છેદ થાય અથવા પરિવારના સભ્યોની નાણાકીય સ્થિતિ નબળી થાય અથવા માંદગી કે કાનૂનના નિમિત્તે પારિવારિક જવાબદારી સર્જાય, અલબત્ત સામાન્ય પ્રકારના નવાં જોડાણો પણ થઈ શકે છે. તા. ૯-૪-૮૮ બાદ ગોચર ગ્રહો પરિવાર માટે અનુકૂળ બને છે. તા. ૯-૪-૮૮થી ૧૬-૮-૮૮ સુધીની ગ્રહગતિ પરિવારના સભ્યોના સુખમાં-સમૃદ્ધિમાં વૃદ્ધિ કરનાર છે. પરિવારની વ્યક્તિઓની અંગત ગ્રહસ્થિતિના પ્રમાણમાં અહીં તેઓને રહેઠાણની સુવિધા પ્રાપ્ત થાય, વાહન સુખ મળે, સંતાન અને લગ્નજીવનના સુખનો યોગ સર્જાય. નોકરી સાથે સંલગ્ન વ્યક્તિઓનાં સાધનો વધે અને સિદ્ધિ મળે. વિદ્યાધ્યયનમાં સફળ થવાય. બાહ્ય નહીં, પરંતુ આંતરિક રીતે પરિવારના સભ્યો સંતુષ્ટ થાય. તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ સુધીની ગ્રહસ્થિતિ વિશેષ અનુકૂળ છે. અહીં પરિવારના સભ્યોને અદાલતી સફળતા મળે, આર્થિક સધ્ધરતા પ્રાપ્ત થાય. વિવિધ પ્રકારની સહાયતા દ્વારા મનોરથ પૂર્ણ થાય. તા. ૨-૧૧-૮૮ બાદ આવતા વર્ષના આરંભ સુધીનું ગોચર 'શુભ' કાર્યો અથવા પારમ્પારિક વિધિઓ માટે અનુકૂળ છે. વિદેશી અને રાજકીય સંબંધોની સફળતા માટે આ સમય શ્રેષ્ઠ છે.

પરિવાર-સુખની દૃષ્ટિએ આ વર્ષના ગોચરની એક વિશિષ્ટ બાજુ છે, તેઓની વ્યવસાય સંબંધી ઇચ્છાની પૂર્તિ. વર્ષના આરંભથી તા. ૩-૧-૮૮ સુધીનો સમયગાળો જૂના કે નવા વ્યવસાયના સંબંધોનો પાયો મજબૂત બનાવે અને આવકના નવા ક્ષેત્રમાં પ્રવેશ આપે. જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૧૯૮૮ના મહિનાઓમાં પરિવારની સંયુક્ત મૂડી અને વ્યક્તિગત લાગવગના બળે નવા-સફળ કાર્યક્ષેત્રમાં પ્રવેશ થાય. વિશાળ આયોજન માટે ઑગસ્ટ ૧૯૮૮થી ઑક્ટોબર ૧૯૮૮ દરમિયાન બૅંકર્સની સહાયતા મળે તથા ઉદ્યોગ ક્ષેત્ર સાથે પરિવારના કોઈ સભ્યનો સંબંધ હોય તો ફેબ્રુઆરી-માર્ચ ૧૯૮૮ના મહિનાઓ પ્રબળ પરિશ્રમના અંતે સફળતા આપે. એકંદરે પરિવારના સભ્યો લૌકિક સુખ-સફળતા મેળવે.

આર્થિક દૃષ્ટિએ : તમારી રાશિના ધનસંગ્રહના સ્થાનમાં વર્ષના આરંભથી તા. ૬-૩-૮૮ સુધી રાહુ અને તા. ૨૬-૧૦-૮૭થી ૩-૨-૮૮ સુધી ગુરુ રહેશે. તમારી રાશિના લાભસ્થાનમાં વર્ષના આરંભથી અંત સુધી હર્ષલ-નેપ્ચ્યુન અને તા. ૧૭-૧૨-૮૭થી વર્ષના અંત સુધી શનિ રહે છે. વર્ષના આરંભથી તા. ૧૭-૧૨-૮૭ સુધી કર્મસ્થાનમાં શનિ અને વર્ષના આરંભથી અંત સુધી ભાગ્યસ્થાનમાં પ્લુટો રહે છે. ગોચર ગ્રહોની આ ચાલ એકંદરે નાણાકીય સંબંધો માટે અનુકૂળ છે. તા. ૨૪-૧૦-૮૭થી ૧૬-૧૨-૮૭, તા. ૨૪-૧-૮૮થી ૨-૮-૮૮ અને તા. ૩૦-૮-૮૮થી ૧૬-૯-૮૮ તથા તા. ૨૬-૯-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર ભાગીદારી કહી શકાય તેવા આવકના સંબંધોથી ધનલાભ સૂચવે છે. તા. ૧૪-૧૧-૮૭થી ૨૪-૧-૮૮, તા. ૪-૩-૮૮થી ૨-૫-૮૮, તા. ૧૨-૫-૮૮થી ૨૬-૮-૮૮ અને તા. ૮-૯-૮૮થી વર્ષના અંત સુધીની ગ્રહગતિ સ્વતંત્ર વ્યવસાય કે વ્યાપારની સફળતા અને ધનલાભ માટે ઉત્તમ છે. વર્ષના આરંભથી તા. ૧૯-૧૨-૮૭, તા. ૪-૧-૮૮થી ૬-૩-૮૮, તા. ૩-૪-૮૮થી ૧૭-૪-૮૮, તા. ૭-૫-૮૮થી ૧૨-૭-૮૮ અને તા. ૨૭-૭-૮૮થી ૯-૮-૮૮ તથા તા. ૨-૯-૮૮થી ૭-૧૧-૮૮ સુધીનું ગોચર 'સાહસ' શબ્દની વ્યાખ્યામાં સમાય એવા કાર્યોથી ધનલાભ આપવા સમર્થ છે. આકસ્મિક લાભ અથવા વારસાના હકો પણ અહીં મળી શકે છે. તા. ૨૬-૧૦-૮૭થી ૬-૧-૮૮ અને તા. ૧૬-૭-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર અનાયાસે આવક વધારનાર નીવડે. સંયુક્ત પરિવારની અર્થવ્યવસ્થા સંયુક્ત પ્રકારની જ હોય અથવા વારસાગત સંયુક્ત વ્યવસાય ચાલુ હોય તો આ સમયગાળો નોંધપાત્ર લાભ સૂચવે છે. વર્ષના આરંભથી તા. ૨૩-૧૧-૮૭, તા. ૪-૧૨-૮૭થી ૧૮-૨-૮૮, તા. ૨૫-૩-૮૮થી ૨૩-૪-૮૮, તા. ૧-૭-૮૮થી ૧૭-૯-૮૮ અને તા. ૨૪-૧૦-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર 'ભાગ્યની કૃપા અને આત્મવિશ્વાસ' તથા કર્મના સિદ્ધાંત પ્રમાણે 'હલેસું' કહી શકાય તેવા સંયોગોથી ધનલાભ સૂચવે છે. તા. ૩-૧-૮૮થી ૩-૨-૮૮ સુધીનો સમયગાળો

"નાણું નાણાંને ખેંચે" આ પ્રકારની લોકોક્તિનો સાક્ષાત્કાર કરાવશે. અર્થપ્રાપ્તિની દૃષ્ટિએ આ વર્ષ દરમિયાન આ સમય 'નેત્રદીપક' નોંધી શકાય. તા. ૧૬-૧૨-૮૭થી ૧૪-૧-૮૮, તા. ૧૪-૩-૮૮થી ૧૩-૪-૮૮ અને તા. ૧-૯-૮૮થી ૨૯-૯-૮૮ સુધીનું ગોચર આકસ્મિક આવક માટે અનુકૂળ છે. એકંદરે આવકની દૃષ્ટિએ આ વર્ષ નોંધપાત્ર રીતે અનુકૂળ છે.

સ્થાવર સંપત્તિ : તા. ૧૯-૬-૮૮થી વર્ષના અંત સુધી ગુરુ તમારી રાશિના સ્થાવર સંપત્તિના સ્થાનમાં રહે છે. લાભસ્થાન અને ધનસ્થાનના સ્વામીની હેસિયતથી ગુરુનું આ સ્થાનનું ભ્રમણ લાભપ્રદ બની શકે. આ સ્થાનનો કારક મંગળ તા. ૧૪-૧૧-૮૭થી ૧૩-૨-૮૮ સુધી અને તા. ૧૨-૫-૮૮થી ૧-૭-૮૮ સુધી આ સ્થાન પર પૂર્ણ દૃષ્ટિ કરે છે. તા. ૫-૭-૮૮થી ૧૯-૭-૮૮ દરમિયાન ભાગીદારી જેવા સંબંધોથી અથવા જીવનસાથીનું નામ સંકળાયેલા હોય તેવી રીતે મિલકત મેળવવાનો યોગ છે. તા. ૧૩-૬-૮૮થી ૭-૭-૮૮ સુધીનું ગોચર વ્યવસાયની આવશ્યકતા માટે મિલકત કે વાહન મેળવી આપવા સમર્થ છે. તા. ૨૦-૭-૮૮થી ૨૭-૭-૮૮ સુધીનો નાનો સમયગાળો વારસાગત મિલકતના લાભ માટે અતિ બળવાન છે. તા. ૨૨-૮-૮૮થી ૪-૯-૮૮ સુધીનું ગોચર ભાગ્યબળે - અનાયાસ મિલકતની પ્રાપ્તિ સૂચવે છે. મિલકતના જૂનાં રોકાણોમાંથી સારું વળતર મેળવવા માટે પણ આ સમયગાળો અનુકૂળ છે. માર્ચ ૧૯૮૮થી સપ્ટેમ્બર ૧૯૮૮ સુધીનું ગોચર નવી દિશા સુઝાડે છે. તમારી પાસે નાણાં હોય, તમે મકાન - વાહન - રહેઠાણ મેળવવા ઈચ્છતા હો, પરંતુ નિર્ણય લેવાની અશક્તિ હોય તો આ વર્ષનો ઉપરોક્ત સમયગાળો નિર્ણય લેવાની અને મિલકતના સ્વામી બનવાની શક્તિ અને તક પૂરાં પાડશે. સામાન્ય રીતે વર્ષના આરંભથી ૨૩-૧૧-૮૭, તા. ૪-૧૨-૮૭થી ૧૮-૨-૮૮, તા. ૧૨-૩-૮૮થી ૨૩-૪-૮૮, તા. ૨૦-૫-૮૮થી ૧૭-૯-૮૮ અને તા. ૧૦-૧૦-૮૮થી વર્ષના અંત સુધીની ગ્રહસ્થિતિ મિલકત લેવાની ઈચ્છા વધારશે, ઈચ્છા પૂરી કરવા માટે પ્રયત્ન કરશો તો સફળતા અપાવશે. જન્મસમયના ગ્રહો સૂચવતા હશે તો આ વર્ષના ગોચરગ્રહો સ્થાવર મિલકતના ક્ષેત્રે તમારી ઈચ્છા પૂરી કરવા માટે અનુકૂળ નીવડશે.

સ્ત્રીઓ માટે : વર્ષના આરંભે પરિવાર સ્થાનમાં રાહુ અને ગુપ્ત જવાબદારીના સ્થાનમાં કેતુ તથા કર્મસ્થાનમાં શનિ છે. વર્ષના અંત સમયે તમારી રાશિ કુંભમાં રાહુ, સામાજિક સંબંધોના સ્થાનમાં કેતુ અને લાભસ્થાનમાં શનિ રહેશે. ભાગ્યસ્થાનમાં પ્લુટો તથા લાભસ્થાનમાં હર્ષલ તથા નેપ્ચ્યુન સંપૂર્ણ વર્ષ રહેશે. ગોચર ગ્રહો તો સૂચવે છે કે વર્ષનો આરંભ વિશેષ જવાબદારીથી થાય છે. તા. ૨૪-૧૦-૮૭થી ૧૬-૧૨-૮૭ સુધીનું ગોચર પરિવારની સુખાકારી માટે યોગ્ય નિર્ણય લેવાનો યશ આપશે. તા. ૧૬-૧૨-૮૭થી ૬-૨-૮૮ દરમિયાન તમારી ગુપ્ત જવાબદારી વધશે. સામાજિક જવાબદારી પૂરી કરવા જેવી પ્રવૃત્તિના નિમિત્તે સંબંધોમાં તિરાડ પડવાની ભીતિ વધશે. તા. ૬-૨-૮૮થી ૧૬-૯-૮૮ સુધીનો સમયગાળો સામાજિક બંધનો કે જવાબદારી સ્વીકારવાનો છે. લગ્ન જેવા નિર્ણય અથવા વ્યાવસાયિક ભાગીદારી જેવા નિર્ણયો અહીં લઈ શકાય. તા. ૧૬-૯-૮૮થી ૧૦-૧૦-૮૮ દરમિયાન 'સંબંધોનો તનાવ' અનુભવવો પડે. તા. ૧૦-૧૦-૮૮થી વર્ષના અંત સુધીનો કાળખંડ અનુકૂળ છે. સ્વતંત્રતા મેળવવા માટે, સ્વતંત્ર આવકના ક્ષેત્રે સ્થિર થવા માટે, સંયુક્ત પરિવારની જવાબદારી પૂરી કરવા માટે તેમ જ પરિવારને લગતા મહત્ત્વપૂર્ણ નિર્ણયો લઈને તેનો અમલ કરવા માટે આ વર્ષના ગોચર ગ્રહો ફરજ પાડશે, કાર્યભાર પૂરો કરવાની શક્તિ આપશે. જન્મસમયના ગ્રહોની સ્થિતિ મુજબ પરિવારમાં, જ્ઞાતિમાં, સમાજમાં, તમે તમારી આવકનું સ્વતંત્ર ક્ષેત્ર ધરાવતા હશો તો તેમાં 'અગ્રેસર' બનવાની તક સાંપડશે. સામાન્ય રીતે તમારી રાશિ કુંભનો સ્વામી શનિ 'આંતરવૃત્તિ' વિચારશ્રેણી આપે છે, પરિણામે પ્રથમ હરોળનું વ્યક્તિત્વ મેળવવાની તમારી ઝંખના મર્યાદિત હોય છે, પરંતુ આ વર્ષે રાહુ-કેતુ-શનિ જેવા ગ્રહો તમારી મહત્ત્વાકાંક્ષા ભડકાવશે, તમે તમારા વર્તુળમાં 'નેતૃત્વ' લેવા જેવા સંયોગોના મધ્યબિંદુ બનશો. રાજકીય અથવા સામાજિક ક્ષેત્ર સાથે તમારા સંબંધો હશે તો આ વર્ષે પ્રથમ હરોળનું વ્યક્તિત્વ મેળવવા શક્તિમાન થશો. માર્ચ ૧૯૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર લગ્ન જેવા નિર્ણયો માટે ખૂબ જ - અનુકૂળ છે. તા. ૩-૩-૮૮થી ૧૬-૭-૮૮ સુધીની ઘટનાઓ નિર્ણાયક બળ પુરવાર થશે.

વિદ્યાર્થીઓ માટે : વર્ષના આરંભથી અંત સુધી તમારી રાશિના વિદ્યાસ્થાનમાં નોંધપાત્ર ગ્રહોનું ભ્રમણ નથી. બીજી તરફ હર્ષલ-નેપ્ચ્યુન-શનિ જેવા બળવાન ગ્રહોની આ સ્થાન પર દૃષ્ટિ છે. આ દૃષ્ટિનું ફળ શુભ છે કે અશુભ ? સરળ રીતે લખવામાં જોખમ છે, કારણ શનિ મંદ ગતિએ સફળતા તરફ દોરનાર ગ્રહ છે, તો હર્ષલ જલ્દબાજીનો કારક છે. નેપ્ચ્યુન ધરતી પર પગ મૂકવામાં નથી માનતો, આકાશનો વિસ્તાર પણ તેના માટે મર્યાદા સર્જનાર છે. આવી સ્થિતિમાં જન્મસમયના ગ્રહો નિર્ણાયક નીવડશે. ગોચર ગ્રહો તો બળ આપશે, અનુકૂળતા સર્જશે, તેની સાથે જ ગતિ-નિરોધક પણ બનશે. વર્ષનો આરંભકાળ મધ્યમ પ્રકારનો છે. તા. ૧૯-૧૨-૮૭ સુધી તમે નિર્વિઘ્ન અભ્યાસ કરશો. તા. ૧૯-૧૨-૮૭થી ૬-૧-૮૮ સુધીનો સમયગાળો નાનો છે પરંતુ અહીંની રુકાવટ અને સમસ્યા વિરાટ જણાશે. પરિવારના નિમિત્તે, આરોગ્યના નિમિત્તે અથવા વ્યક્તિગત ગમા-અણગમાના નિમિત્તે આ સમય દરમિયાન પ્રશ્નો અને જવાબો, 'સમસ્યા અને ઉકેલ'ના ગૂંચવાળાને સુલઝાવવામાં અટવાશો. પ્રયત્નપૂર્વક અહીં 'હકારાત્મક' નિર્ણય લેશો તો જ ક્ષણિક આવેગની સામે મજબૂત નિર્ણય લઈ શકશો. તા. ૬-૧-૮૮થી ગોચર સુધરશે. તા. ૬-૧-૮૮થી ૧૬-૫-૮૮ સુધીની ગ્રહસ્થિતિ અનુકૂળ જણાશે. તા. ૧૬-૫-૮૮થી ૨૦-૭-૮૮ સુધીનો સમયગાળો 'આત્મવિશ્વાસ'ના બળે અવરોધો દૂર કરવાનો છે. અહીં તમારી નિર્ણાયક શક્તિ વધશે. સંયોગોની અનુકૂળતા જળવાશે. તા. ૨૦-૭-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર શુભ છે. એકંદરે સામાન્ય રુકાવટોના સમયે ભાવનાત્મક વિચારોની અસર હેઠળ નકારાત્મક નિર્ણય લેવાથી દૂર રહેશો તો આ વર્ષ દરમિયાન પરિશ્રમની સફળતાનો આનંદ લઈ શકશો, ગર્વપૂર્વક પરિશ્રમને દીપાવી શકશો.

વિશેષ વિગતો : વર્ષનો આરંભકાળ વ્યક્તિત્વ અને પરિવાર જેવા બે કિનારાની વચ્ચે વહેતી 'જીવનધારા'ની સમજ પ્રાપ્ત કરવાનો છે અને વર્ષનો અંતકાળ વ્યક્તિત્વ અને વ્યક્તિત્વ સામેના પડકારને જ 'સહાયતા'ના રૂપમાં બદલવાની આવડત પ્રાપ્ત કરવાનો છે. વ્યક્તિત્વ એ જ હોવા છતાં પડકાર - સહાયતા - સમજ - સૂઝ જેવા શબ્દાર્થોના માધ્યમ દ્વારા જીવન જીવનની કળા પ્રાપ્ત થયા બાદ વિષાદ અને આનંદના દ્વૈતને ભુલાવી શકાય છે, એવી સમજદારી કે જ્ઞાન આ વર્ષના ગ્રહો આપશે. અહીં તમે બળવાખોર બનશો અથવા દાર્શનિક બનશો. જન્મસમયના ગ્રહોની સ્થિતિના ફળરૂપે તમે બળવાખોર બનશો. તો વાસ્તવિકતાને ઠુકરાવશો. 'વાસ્તવિકતાનો સ્વીકાર' કરી લેવાની વૃત્તિ જન્મસમયના ગ્રહો આપતા હશે તો અહીં તમે દાર્શનિક બનશો. વર્ષના આરંભ સમયે 'કર્મ અને પ્રારબ્ધ'ની લીલાના દર્શન કરતા હશો તેવામાં જ તા. ૨૯-૧૧-૮૭ બાદ તા. ૧૯-૧૨-૮૭ સુધીમાં કર્મના નવા પ્રદેશમાં પ્રવેશશો. આવા પ્રવેશ બાદ તમે ભાનમાં નહીં હો, કારણ તા. ૬-૧-૮૮ સુધીનો સમયગાળો પ્રાથમિક સફળતાના નશાનો છે. 'કર્મ-સફળતા-નશો' શબ્દના ભેદનો અને આનંદનો અનુભવ લેતા હશો તેવામાં જ તા. ૬-૧-૮૮થી ૧૩-૨-૮૮ દરમિયાન પ્રકૃતિની લીલાના દર્શન નવા રૂપમાં કરશો. સુખનું દુઃખમાં અથવા નફાનું નુકસાનમાં પરિવર્તન કરવાની અદ્‌ભુત ક્રિયા પ્રકૃતિ દ્વારા કઈ રીતે હાથ ધરાય છે, તેનું જ્ઞાન અહીં થશે. સ્વતંત્રતાનું રૂપાંતર પરતંત્રતાના રૂપમાં થતું નિહાળવાનો લહાવો આ સમય દરમિયાન મળશે. વ્યક્તિત્વના રૂપાંતરનો શક્તિશાળી સમયગાળો છે.

તા. ૧૪-૧-૮૮થી ૧૩-૨-૮૮ સુધી રૂપાંતરિત 'રૂપ'નાં દર્શન થશે તા. ૧૩-૨-૮૮થી ૧૪-૩-૮૮ સુધીમાં. વ્યક્તિત્વ - સ્વભાવ - જીવન વ્યવસ્થા - પરિવાર વ્યવસ્થા - અર્થ વ્યવસ્થા જેવા અનેક પાસાંઓ અને તેના સામાજિક સંબંધો પરિવર્તિત થશે. હવે તા. ૧૪-૩-૮૮થી ૧૩-૪-૮૮ દરમિયાન તમે અને તમારા આશ્રિતો અથવા તમારી પારિવારિક

વ્યવસ્થા નવું રૂપ ધારણ કરશે. ટૂંકમાં વર્ષના આરંભથી તા. ૧૩-૪-૮૮ સુધીનો કાળખંડ ચિત્રવિચિત્ર બનાવોનો છે. અહીં તમારા જીવનમાં નવી વ્યક્તિઓ આવે અને જૂની વ્યક્તિઓ વિદાય લે અથવા તમે જૂની વ્યક્તિઓની વિદાય લો અને 'નવજીવન' માટે નવા ક્ષેત્ર કે નવી વ્યક્તિઓના સમૂહમાં ભળો.

શસ્ત્રક્રિયા દ્વારા બિનઉપયોગી સંબંધો કે શારીરિક અંગો વિખૂટા પડાય અને ઉપયોગી સંબંધો કે શારીરિક અંગોનો મેળ સધાય. દુન્યવી દૃષ્ટિએ આ સમયને 'વિષાદ-પીડા' જેવી ઉપમા આપી શકો. દર્શન શાસ્ત્રની ભાષામાં આ સમયગાળાને 'વિશ્વવ્યવસ્થાનું જ્ઞાન કે આનંદ' મેળવવાની દુર્લભ તકની ઉપમા આપી શકાય. તા. ૧૩-૪-૮૮થી ૧૪-૫-૮૮ દરમિયાન નવા સામાજિક સંબંધો અથવા વ્યક્તિગત જોડાણોની પ્રેરણા હેઠળ નૂતન પુરુષાર્થનો આરંભ થશે અને તા. ૧-૯-૮૮ સુધીમાં બૌદ્ધિક સંતોષ વ્યક્ત કરી શકો એવા પ્રકારની સફળતા મળશે. તા. ૧-૯-૮૮થી ૨૪-૧૦-૮૮ સુધી તો તમે પ્રતિષ્ઠા-પ્રતિભાના નશા હેઠળ કાર્યરત રહેશો તેમ જ આ સ્થિતિને 'સુખ' શબ્દથી ઓળખશો. તા. ૨૪-૧૦-૮૮ બાદ જ તમને ભાન થશે કે તમે સ્વીકારેલા ફેરફારો તમારી કાલ્પનિક 'સ્વતંત્રતા'ની પ્રાપ્તિ માટેના હતા અને વર્ષના અંતે તમે સ્વીકારશો કે તમને સ્વતંત્રતા નથી મળી, પરતંત્રતાના બંધનોની ગૂઢતા અને રૂપ જ બદલાયાં છે. સ્વભાવથી જ તમે 'દાર્શનિક' હશો તો આ વર્ષના આરંભથી અંત સુધીની ઘટનાઓથી સમજતા થશો કે એકને છોડીને બીજાની ઝંખના એ સ્વતંત્રતા નથી, ફક્ત પરતંત્રતાનું પરિવર્તન જ છે. સ્વતંત્રતા જોઈતી હોય તો છોડવાની ઝંખના જ છોડવી પડે અને આ વર્ષે તો તમે ફક્ત 'છોડવા' તૈયાર નહીં થાઓ એકને છોડવા માટે બીજાનો સહારો લેશો. તમારી રાશિના પરિવારના સભ્યો 'નાણાંની આવક અને તેના માટેના કર્મ'નો આગ્રહ સેવશે. જીવનના અંતિમ સત્યરૂપે તેઓ 'પદાર્થવાદી' બનશે. તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ સુધી તો તેઓને 'ખુશ' રાખવા માટે તમે કાર્યરત રહેશો. એક મદારી બંદરને નચાવે એ રીતે પ્રકૃતિના માધ્યમ દ્વારા પરિવારના સભ્યો અને પરિવારની આવશ્યકતા તમને 'નાચવાની' ફરજ પાડશે. તા. ૬-૩-૮૮ બાદ તમારી 'બેહોશી' તૂટશે, અલબત્ત જન્મસમયના ગ્રહોની શક્તિ મુજબ જ તમે લૌકિક પ્રકારની અથવા અલૌકિક પ્રકારની જાગૃતિ મેળવશો. તા. ૬-૩-૮૮થી ૧૯-૬-૮૮ સુધી પ્રવૃત્તિ તો કરતા જ રહેશો, પરંતુ આ સમયની પ્રવૃત્તિમાં 'મદ નહીં હોય 'દર્શન' હશે. તા. ૧૯-૬-૮૮થી ૧૧-૯-૮૮ સુધીનું ગોચર અદ્‌ભુત છે. જન્મના ગ્રહો આ જગતને મિથ્યા માનવાની વૃત્તિ આપતા હશે તો અહીંની પ્રાપ્તિ 'માયા'નું આકર્ષણ વધારશે. રહેઠાણની સુવિધા, વાહન અને સુખવૈભવનાં સાધનો મેળવશો. જન્મના ગ્રહો જ 'મોહી' બનાવતા હશો તો અહીં 'મોહ અને વિષાદ'ના ભેદને પામશો અર્થાત્ આ બન્ને શબ્દાર્થો, "પ્રકૃતિની વ્યવસ્થામાં ભિન્ન નથી," એમ સ્વીકારશો. તા. ૧૧-૯-૮૮ બાદ વર્ષના અંત સુધી સંતપુરુષની માફક નિજાનંદમા મસ્ત રહેશો અથવા આ મૃત્યુલોકને 'અમર' માનવા જેવી લૌકિક બુદ્ધિ હશે તો પ્રાપ્તસુખને અમર માની નિજાનંદમાં મસ્ત રહેશો.

તમે લૌકિક દૃષ્ટિ ધરાવતા હશો તો વર્ષનો પૂર્વાર્ધ કષ્ટમય અને ઉત્તરાર્ધ સુખમય ભાસશે. તમે અલૌકિક જીવનની લાલસા સેવતા હશો તો વર્ષનો પૂર્વાર્ધ 'કર્મમય' અને ઉત્તરાર્ધ 'ફળમય' દેખાશે. વર્ષના આરંભથી ફેબ્રુઆરી ૧૯૮૮ સુધીનો સમયગાળો કર્મ કરવાનો અને કષ્ટ ભોગવવાનો છે. માર્ચ ૧૯૮૮થી વર્ષના અંત સુધીનો કાળખંડ ફળ ખાવાનો અને સુખ ભોગવવાનો છે. આ વર્ષનો એક અદ્‌ભુત કાળખંડ છે. તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ સુધીનો. અહીં બીજાઓ પાસેથી ધન-માન પ્રાપ્ત થશે..જન્મસમયના ગ્રહોની ગોઠવણી મુજબ તમે પુજાશો અથવા પ્રતિષ્ઠિત થશો. બીજા બે કાળખંડ છે એપ્રિલ ૧૯૮૮થી વર્ષના અંત સુધીનો અને તા. ૧૧-૯-૮૮થી વર્ષના અંત સુધીનો. અહીં પ્રથમ કાળખંડમાં તમારું વર્તુળ તમને ઘડશે અને બીજા કાળખંડમાં ઘડાયા બાદ તમે, સન્માનનીય, પૂજનીય વ્યક્તિત્વ બનશો. કષ્ટ અને દુઃખને 'મિષ્ટ પેય' રૂપે સ્વીકારનાર વ્યક્તિ જ આ પૃથ્વી પર આદર પામે છે, પુજાય છે આવા સત્યનું 'પ્રતિબિંબ' આ વર્ષના ગોચર ગ્રહો તમને બનાવશે. તા. ૨૪-૧૦-૮૮થી આવતા વર્ષનો આરંભ કાળ તમને જ્ઞાન આપશે કે 'લોકચાહના' પણ સ્વાર્થનું જ બાળક છે.

મીન : (દ,ચ,ઝ,થ)



વિક્રમ સંવત ૨૦૪૪ના આરંભ સમયે તમારી રાશિ મીનમાં રાહુ, પરિવારસ્થાનમાં ગુરુ, સપ્તમ સ્થાનમાં કેતુ-મંગળ, અષ્ટમ સ્થાનમાં સૂર્ય - ચંદ્ર - બુધ - શુક્ર - પ્લુટો, ભાગ્યસ્થાનમાં શનિ અને કર્મસ્થાનમાં હર્ષલ તથા નેપ્ચ્યુન છે.

વર્ષના અંત સમયે રાહુ વ્યયમાં અને કેતુ ત્રાણમાં તથા ગુરુ પુરુષાર્થસ્થાનમાં અને શનિ કર્મસ્થાનમાં પરિવર્તિત થશે. પ્લુટો ગૂઢ સ્થાનમાં અને હર્ષલ તથા નેપ્ચ્યુન કર્મસ્થાનમાં જ આરંભ સમયની જ રાશિમાં રહે છે. ગ્રહોની આ સ્થિતિ અને ગતિ સૂચવે છે કે આ વર્ષની ઘટનાઓ વ્યક્તિત્વ અને સમાજના સંબંધો બદલશે. કર્મક્ષેત્રના દેખાતા વિસ્તારને મર્યાદિત બનાવશે. ગુપ્ત જવાબદારી, ચિંતા અને પરિવર્તિત વાતાવરણને અંકુશમાં નહીં રાખી શકાય. વર્ષનો આરંભકાળ તમારા, બીજાઓ સાથેના સંબંધોની જાળવણી અને મૂલવણીથી થાય છે. તા. ૨૬-૧૦-૮૭થી ૨૯-૧૧-૮૭ સુધીનો સમયગાળો નકારાત્મક પ્રકારનો છે. અહીં આરોગ્ય બગડે, આર્થિક પ્રશ્નો સર્જાય અથવા હકોને લગતી ગુપ્ત ચિંતા ઉદ્‌ભવે. અનાયાસે જ અવરોધને જન્મ આપવા જેવી ગ્રહસ્થિતિનો આ સમય છે. તા. ૨૯-૧૧-૮૭થી ૧૯-૧૨-૮૭ સુધીના સમયને પ્રારબ્ધની દોરવણીનો સમય નોંધી શકાય. તમારા પ્રારબ્ધમાં, પૃથ્વી પરનું તમારું 'આ' જીવન જે રીતે જીવવાનું લખાયું હશે, એ રીતે અહીં ઘટનાઓના ધક્કે ચઢીને જીવનધારાના વહેણમાં મુકાશો. તા. ૧૯-૧૨-૮૭થી ૨૬-૧-૮૮ સુધીનો સમયગાળો કર્મ કરવાનો અને ફળ ચાખવાનો છે. મધ્યમવયની આસપાસની વ્યક્તિઓ અથવા જીવનનો રાહ નક્કી કરવાની તૈયારી કરતી વ્યક્તિઓને અહીંની ઘટનાઓમાંથી જીવનની દિશાનો ખ્યાલ આવશે. તા. ૨૬-૧-૮૮થી ૩-૨-૮૮ સુધીના કાળખંડને 'તોફાની' નોંધી શકાય. દિશાસૂઝનો અભાવ રહે અથવા દિશા ચૂકી જવાય એવી આ સમયના ગોચર ગ્રહોની સ્થિતિ છે. વ્યક્તિત્વ અને વ્યવસાયની દૃષ્ટિએ નુકસાન કે ખર્ચનો અનુભવ કરવો પડે. તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ દરમિયાન સીધી રીતે અથવા આડકતરી રીતે 'વિરોધ'નો મુકાબલો કરવો પડે. સામે પૂરે તરવા જેવી સ્થિતિ સાથે આ સમયગાળાને સરખાવી શકાય. તા. ૬-૩-૮૮થી ૯-૪-૮૮ સુધીની ગ્રહસ્થિતિ ચમત્કારિક છે. આ પહેલાના વિરોધીઓ, અડચણો ઊભી કરનારાઓનો જ વર્ગ હવે તમારી મદદ કરશે અથવા તેઓની વર્તણૂક તમારા માટે ઉપકારી સિદ્ધ થશે. તા. ૯-૪-૮૮થી ૪-૬-૮૮ સુધીનો સમયગાળો પુરુષાર્થ દ્વારા પ્રાપ્તિનો છે.

મકાન-વાહન-જમીન, જીવનની સ્થિરતા માટેનાં સાધનો - સગવડો અહીં મેળવી શકાશે. જન્મસમયના ગ્રહોની સ્થિતિના પ્રમાણમાં તમારો પાયો સ્થિર-મજબૂત થશે. હાલક-ડોલક નૈયાને યોગ્ય રીતે લાંગરી શકાશે. તા. ૪-૬-૮૮ બાદ મનોબળ મજબૂત થશે. તા. ૧૪-૬-૮૮થી ૧૬-૮-૮૮ સુધીનો સમયગાળો અંગત જીવનની સુવિધા અને સુખ-સગવડો મેળવવાનો છે. એક અર્થમાં જીવનનું ખાલીપણું અહીં ભરાશે. તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ સુધીનું ગોચર તમને ચંચળ અને મોહી બનાવશે. કહેવાતી 'મધુરતા' મેળવવા અને ભોગવવા માટે વિચારશો, વિહરશો. અજ્ઞાનપણે તમારી સ્થિરતાને ડગમગાવશો. તા. ૨-૧૧-૮૮ બાદ આવતા વર્ષના આરંભ સમયે સ્પષ્ટ રીતે કહી શકશો કે ચંચળ-મોહી મનોવૃત્તિને પોષવા જતાં, પાયાની મજબૂતીને કમજોર બનાવી ચૂક્યા છો. વર્ષ દરમિયાન, સ્થિર થવાના સંયોગોનો પૂરેપૂરો ઉપયોગ ન કરવાના કારણે જ વર્ષના અંતે અસ્થિરતાની દશા ભોગવશો. વર્ષના આરંભથી તા. ૩-૧-૮૮ દરમિયાન તમારી 'ગુડ-વીલ' વધશે અથવા મૂલ્યાંકિત થશે. તા. ૩-૧-૮૮થી ૩-૨-૮૮ દરમિયાન દૃઢ નિર્ણય લેવાની જરૂર છે. અહીં મોહ-લાલચ અને 'હજી વધારે' જેવી વૃત્તિને અંકુશમાં રાખી વ્યવહારુ બનશો તો જ તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ દરમિયાન 'બેંકબેલેંસ'

વધારવામાં સફળ થશો. લાલચને વશ થશો તો ઘટનાઓના પૂરમાં તણાશો અને તા. ૬-૩-૮૮ બાદ ૧૯-૬-૮૮ સુધીમાં નફાનું પરિવર્તન નુકસાનમાં કરી બેસશો. પોતીકી મૂડી ગુમાવી બીજાઓના ઋણી બનશો. તમારી રાશિ મીન કાળ-પુરુષની 'ભોગવવાની' રાશિ છે એટલે 'સંગ્રહ' સાથે તમારો નાતો નજીવો છે. આ વર્ષના ગોચર ગ્રહો કર્મના ફળની પ્રાપ્તિ રૂપે 'સંગ્રહ' કરવાની તક સર્જે છે, તેની સાથે જ ફળનો સંગ્રહ ન કરી શકાય, એટલું જ નહીં, વધારાની લાલચે, વર્તમાનના પ્રાપ્તફળને ભોગવી પણ ન શકાય એવી સોનાના મૃગના શિકાર જેવી ગતિ પણ સર્જે છે. તમે સંગ્રહ કરશો, ભોગવશો કે પછી સોનાના મૃગનો શિકાર કરવા જતાં લાલચનો શિકાર થશો ? આ બધાનો આધાર જન્મસમયના ગ્રહો પર છે. ગોચર ગ્રહો તો ભૂખ્યાને છપ્પનભોગ ધરશે. આરોગવાનું અને પચાવવાનું કાર્ય જન્મના ગ્રહો કરશે.

તંદુરસ્તીની દૃષ્ટિએ : તમારી રાશિના આરોગ્યસ્થાનમાં તા. ૬-૩-૮૮થી વર્ષના અંત સુધી કેતુ રહેશે. આયુસ્થાનમાં વર્ષના આરંભથી અંત સુધી પ્લુટો રહેશે. આયુસ્થાનનો પ્લુટો એકાએક માંદગી નથી આપતો, પરંતુ ક્રમશ: આદતનો શિકાર બનાવે છે. ખાન-પાન અથવા દવા-દારૂની દૃષ્ટિએ કહેવાની સારી કે નઠારી આદત પાડી હશે અથવા પાડવાનો પ્રયોગ કરતા હશો તો આ વર્ષનો રોગસ્થાનનો કેતુ આવી આદતના કાયમી ગુલામ બનાવવાનું કાર્ય અવશ્ય કરશે. તા. ૨૬-૧૦-૮૭થી ૨૯-૧૧-૮૭, તા. ૬-૩-૮૮થી ૯-૪-૮૮ અને તા. ૨-૧૧-૮૮થી વર્ષના અંત સુધીનો સમયગાળો સામાન્ય બીમારી સૂચવે છે. તા. ૧૬-૮-૮૮થી ૧૬-૯-૮૮ અને તા. ૧૭-૧૦-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર નવી આદતના ગુલામ બનવાની સામે લાલબત્તી ધરે છે. તા. ૨૬-૧૦-૮૭થી ૧-૧૧-૮૭, તા. ૧૨-૧૧-૮૭થી ૨૩-૧૧-૮૭, તા. ૧૬-૧-૮૮થી ૩-૨-૮૮, તા. ૬-૩-૮૮થી ૧૨-૩-૮૮, તા. ૨૫-૩-૮૮થી ૭-૪-૮૮, તા. ૧૨-૫-૮૮થી ૨૨-૮-૮૮ અને તા. ૨૦-૯-૮૮થી ૨-૧૧-૮૮ સુધીનું ગોચર 'સતર્ક' રહેવા જેવું છે. અહીં લાગવા-પડવાના કારણે અથવા જૂની માંદગીના કારણે 'શસ્ત્રક્રિયા'ની સલાહ મળી શકે છે. દવાની લાલચમાં 'દારૂ'ના બંધાણી થવાનો યોગ સર્જાય છે અથવા માત્ર 'આનંદ'ની ખાતર સ્વાદ માણવા જતાં આદતના શિકાર બની જવાય એવા મિત્રવર્ગની વચ્ચે ભાન ભૂલી શકાય છે. સંપૂર્ણ વર્ષ દરમિયાન આરોગ્ય માટે સાદા-સરળ ઉપચારનો આગ્રહ જ તમને તંદુરસ્તી બક્ષસે.

કૌટુંબિક દૃષ્ટિએ : વર્ષના આરંભથી તા. ૨૬-૧૦-૮૭ સુધી અને તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ સુધી ગુરુ તમારી રાશિના પરિવારસ્થાનમાં રહે છે. અહીં ગુરુ મિત્રક્ષેત્રી છે, તેમ જ તમારો રાશિ સ્વામી પણ છે. વર્ષના આરંભથી તા. ૩૦-૧૨-૮૭ સુધી અને તા. ૨૮-૩-૮૮થી ૧૨-૫-૮૮ સુધી આ સ્થાનના સ્વામી મંગળની અહીં પૂર્ણદૃષ્ટિ રહેશે. ગુરુ-મંગળના આ સંબંધો તમારા પરિવારના સભ્યોને 'મોભાદાર' બનવાની તડપ જગાડશે. ઉદારતાના ઓઠા હેઠળ એ લોકો ઉડાઉ બનશે. વર્ષનો આરંભકાળ જ તમારા પરિવારના સભ્યોને વૈભવી જીવનની ભૂખ લગાડશે. તા. ૧૪-૧૧-૮૭થી ૨૪-૧૧-૮૭ સુધીનો નાનો સમયગાળો મોટી ભૂલનો ભોગ બનાવી શકે છે. અહીં ચાદરની લંબાઈ પ્રમાણે જ પગ પહોળા નહીં રાખો તો, ચાદરની બહારના 'પગ' તમારી અમીરી અને ગરીબીનો ભેદ ખોલી નાખશે. ભરમ જાળવી રાખવામાં જ તમારું અને પરિવારનું હિત છે. તા. ૨૪-૧૧-૮૭થી ૪-૧-૮૮ સુધીનો કાળખંડ પરિવારના સભ્યોની આવશ્યક્તા અને તમારી તથા તેઓની આવકનાં સાધનોની સ્થિતિનો વિચાર કરવાની તથા તે સંબંધી નિર્ણય લેવાની સ્થિતિનો છે. તા. ૪-૧-૮૮થી ૨૬-૧-૮૮ સુધીના નિર્ણયો લાભપ્રદ રહેશે, પરંતુ અહીં આ સ્થિતિને કાયમી માનવાની ભૂલ નહીં કરતા. તા. ૨૬-૧-૮૮થી ૯-૨-૮૮ સુધીનો સમયગાળો સોનાના હરણના શિકારની લાલચનો છે. લાલચથી મુક્ત રહી શકાશે કે કેમ ? ગોચર ગ્રહો તો સૂચવે છે કે તા. ૯-૨-૮૮થી ૧૨-૪-૮૮ દરમિયાન ભૌતિક સુખની ભૂખ ભાંગવા માટે પારિવારિક સંબંધોનો વિસ્તાર કરશો, અર્થાત્ લગ્ન જેવા નિમિત્તે પરિવારનો વિસ્તાર થાય, બીજા પરિવારો સાથેનો સંબંધ બંધાય અથવા વ્યાવસાયિક સંબંધોનું પારિવારિક સંબંધોમાં રૂપાંતર થાય. તા. ૧૨-૪-૮૮થી ૧૨-૫-૮૮ સુધીનો સમયગાળો આનંદ-પ્રમોદનાં સાધનોની ભૂખ વધારશે. શક્ય હશે તો અહીં સંતાનોના વિવાહ જેવા નિર્ણયોની આવશ્યક્તા જણાશે. તા. ૧૨-૫-૮૮થી ૧૯-૬-૮૮ સુધીના ગોચરને સમજી લેવાની જરૂર છે. પરિવારની કન્યાના લગ્ન નિમિત્તે ખર્ચ થાય અથવા પરિવારની અર્થવ્યવસ્થાને નિમિત્ત બનાવી વિભાજન થાય. શુભ ખર્ચ, પારિવારિક ખર્ચ, વિશાળ પરિવારની વ્યવસ્થાના વિભાજન માટેના ખર્ચ રૂપે અહીં નાણાં ખર્ચાય અથવા સંયુક્ત પરિવારના વ્યવસાયને લગતા નુકસાનની જવાબદારી વધે. તા. ૧૯-૬-૮૮થી ૭-૭-૮૮ દરમિયાન આવક માટેની નવી દિશા શોધવાનું કાર્ય પરિવારના સભ્યો કરશે અને તા. ૭-૭-૮૮થી ૮-૯-૮૮ સુધીમાં દિશાખોજનું કાર્ય પુરું થશે. તા. ૮-૯-૮૮ બાદ આવતા વર્ષના આરંભ સુધી પરિવારના સભ્યો તેઓના જન્મસમયના ગ્રહોની સ્થિતિ મુજબ 'સ્વ-કર્મ'માં વ્યસ્ત રહેશે. કર્મનું ફળ આવતા વર્ષે પ્રાપ્ત કરશો. વ્યવસાય માટે, નાણાં માટે અથવા ગ્રહસ્થજીવનની આવશ્યક્તા માટે તમારા પરિવારના સંબંધો બીજા પરિવારો સાથે બંધાય, એવું સૂચન આ વર્ષના ગ્રહો પ્રબળ રીતે કરે છે. સંબંધો બાંધવામાં વિવેક જાળવવાનું કાર્ય તમારું છે.

આર્થિક દૃષ્ટિએ : તમારી રાશિના ધનસંગ્રહ સ્થાનમાં વર્ષના આરંભથી તા. ૨૬-૧૦-૮૭ સુધી અને તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ સુધી ગુરુ છે. ગુરુ તમારો રાશિસ્વામી અને તમારી રાશિના કર્મ સ્થાનનો સ્વામી છે. શનિ તમારી રાશિના લાભ સ્થાનનો સ્વામી વર્ષના આરંભ સમયે તમારી રાશિના ભાગ્યસ્થાનમાં છે. તા. ૧૭-૧૨-૮૭થી તમારી રાશિના કર્મસ્થાનમાં આવશે અને વર્ષના અંત સુધી રહેશે. તમારી રાશિના કર્મસ્થાનમાં હર્ષલ અને નેપ્ચ્યુન વર્ષના આરંભથી અંત સુધી રહે છે. આવક માટેનાં સાધનોની કલ્પના નેપ્ચ્યુન આપશે, હર્ષલની અસર હેઠળ ઝડપી નિર્ણયો લેવાશે, પરંતુ શનિની અસર હેઠળ લેવાયેલ નિર્ણયોનો અમલ વિલંબથી થશે. ગુરુની કૃપાના કારણે તમારો આર્થિક દરજ્જો અને બાંધી મૂઠી જળવાશે. પરંતુ તમારી સ્થિતિ 'ઠોસ' નથી એવું જ્ઞાન પણ તમને રહેશે. આ વર્ષના આરંભ સમયે આવક અને ખર્ચની દૃષ્ટિએ તમે નિરાંતનો અનુભવ નહીં કરતા હો, ફક્ત સ્થિતિને ટકાવી રાખવા માટે જાગૃત હશો. તા. ૨૯-૧૧-૮૭થી આવક-જાવકના પાસાં સરખા કરવાની આવશ્યક્તા સમજશો. ડિસેમ્બર ૧૯૮૭થી ફેબ્રુઆરી ૧૯૮૮ સુધીનો સમયગાળો 'આવક' વધારવા માટેના નવાં જોડાણો સર્જશે. વ્યાપારી ભાષામાં આવા જોડાણોને 'ભાગીદારી' જેવી ઉપમા આપી શકાય. ફેબ્રુઆરી સુધીના આવા જોડાણોની કાર્યપ્રણાલીના અંતે તમે જોઈ શકશો કે ફક્ત આવક જ નથી વધી તેની સાથે જાવકનું પ્રમાણ પણ વધ્યું છે. આવી સ્થિતિમાં માર્ચ ૧૯૮૮થી પરિસ્થિતિનું પુનરાવલોકન કરશો, અહીં આ પહેલાની ભાગીદારી જેવી વ્યવસ્થાના નિયમો બદલાશે. તમે નુકસાનના સંબંધોથી મુક્ત થવા અને ફક્ત નફાના સંબંધોમાં બંધાવાનો આગ્રહ રાખશો. જન્મસમયના ગ્રહોની શક્તિ અને વલણ મુજબ સફળતા મળશે, પરંતુ વર્ષના અંતે તમે જોઈ શકશો કે 'ચાદર'ની લંબાઈ નથી વધી, તમારે જ પગને સંકોરવા પડયા છે, અર્થાત્ આવક સામેની જાવકનું પ્રમાણ અંકુશમાં નથી રાખી શકાયું. તા. ૪-૩-૮૮થી ૧૭-૩-૮૮ સુધીનો સમયગાળો નોકરિયાત વર્ગ માટે અનુકૂળ છે. તા. ૨૬-૩-૮૮થી ૩-૪-૮૮ સુધીનો સમયગાળો મકાન-જમીન અને ભાગીદારો સાથેના સંયુક્ત સંબંધો માટે સફળ નીવડશે. તા. ૧-૩-૮૮થી ૨૮-૩-૮૮ દરમિયાન અનાયાસે જ બીજાઓના નાણાં ઉપર તમારું સ્વામીત્વ સ્થપાય એવી ગ્રહસ્થિતિ છે. તા. ૩-૨-૮૮થી ૧૯-૬-૮૮ સુધી તમારા હાથમાં નાણાં આવવાનો પ્રબળ યોગ છે. આ સમયના નાણાંનું 'નિમિત્ત' શું હશે ! નક્કી કરવું સહેલું નથી. 'રાહુ' નામના છાયા ગ્રહના માધ્યમ દ્વારા અહીં તમારી બૅંક બેલૅંસ વધશે. પૌરાણિક કથા મુજબ 'રાહુ' રાક્ષસ વર્ગમાં હોવા છતાં વેષ બદલીને દેવવર્ગમાં ગોઠવાઈ ગયો અને 'અમૃત' મેળવ્યું. સમુદ્રમંથનમાં અર્થાત્ અમૃત ઉપજાવવામાં રાક્ષસ વર્ગે સહકાર આપ્યો હતો, પરંતુ ઊપજની વહેંચણીના સમયે આ વર્ગને બાકાત રાખવાના કારણે 'રાહુ' એ છલ અથવા

કપટ કરવાની આવશ્યક્તા સમજી હતી. આ વાર્તાનાં સંદર્ભમાં ગોઠવાય એવા નિમિત્તોથી અહીં તમને નાણાંની પ્રાપ્તિ થશે. તા. ૧૩-૬-૮૮થી ૧૯-૬-૮૮ સુધીનો નાનો સમયગાળો તમને તમારા સાચા હકના નાણાં મેળવી આપશે. કઠોર પરિશ્રમ દ્વારા આવકનાં સાધનો વિકસાવવા માટે આ વર્ષ અનુકૂળ છે.

સ્થાવર સંપત્તિ : વર્ષના આરંભથી અંત સુધી તમારી રાશિના સ્થાવર સંપત્તિના સ્થાનમાં નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી. તા. ૩૦-૧૨-૮૭થી ૨૮-૩-૮૮ સુધી અને તા. ૧-૭-૮૮થી વર્ષના અંત સુધી આ સ્થાનના કારક મંગળની આ સ્થાન પર પૂર્ણ દૃષ્ટિ છે. આ સ્થાનની સામે હર્ષલ-નેપ્ચ્યુન અને શનિ જેવા ગ્રહો છે. આ વર્ષના ગોચરની સ્થિતિ દેખીતી રીતે જ સ્થાવર સંપત્તિ માટે બળવાન નથી, તેમ જ નકારાત્મક પણ નથી. વર્ષના આરંભથી તા. ૧૬-૩-૮૮ સુધી, તા. ૨૬-૩-૮૮થી ૧૬-૫-૮૮ અને તા. ૨૦-૭-૮૮થી ૭-૧૧-૮૮ સુધીનું ગોચર સ્થાવર મિલકતની ફેરબદલી, ખરીદ-વેચાણ માટે સહાયક છે. જન્મસમયના ગ્રહોની અનુકૂળતા હશે તો આ વર્ષની ગ્રહસ્થિતિ તેમાં વધારો કરી બળવાન અનુકૂળતા નિર્માણ કરશે. જન્મસમયના ગ્રહો પ્રતિકૂળ હશે તો આ વર્ષના ગોચર ગ્રહો ખોટા નિર્ણયોથી બચાવશે.

સ્ત્રીઓ માટે : તમારી રાશિના સામાજિક સંબંધોના સ્થાનમાં વર્ષના આરંભ કાળે કેતુ અને મંગળ છે. પ્રારબ્ધ અને કર્મ પર શનિની અસર છે. પરિવાર સ્થાન પર થોડો સમય ગુરુની અસર રહેશે, પરંતુ યશ-લાભ સ્થાન પર નોંધપાત્ર ગ્રહની અસર નથી. ગુપ્ત ચિંતાઓના સ્થાનમાં પ્લુટો 'બી' રૂપે વિદ્યમાન છે, નજરે પડે નહીં એ રીતે આ 'બી'નું રૂપાંતર 'વૃક્ષ'માં થવાની ક્રિયા ચાલુ છે. તા. ૧૬-૧૨-૮૭થી ૨૯-૧૨-૮૭ સુધીનો ગાળો નોકરીના સંબંધો અથવા નાણાંની લેતીદેતી જેવા સંબંધો તરફ સતર્ક રહેવાનો છે. તા. ૧૩-૨-૮૮થી ૪-૩-૮૮ દરમિયાન આશાસ્પદ આશ્વાસનો પર ભરોસો રાખવા જતાં ભૂલના ભોગ થઈ જવાય તો આશ્ચર્ય નથી. તા. ૧૯-૧૨-૮૭થી ૨૭-૧૨-૮૭ સુધીનો કાળખંડ અતિવિશ્વાસની સામે સતર્ક રહેવાનું સૂચવે છે. તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ દરમિયાન વિજાતીય સંબંધો બંધાઈ શકે છે. લગ્નગ્રંથીથી જોડાવા માટે 'વ્યક્તિની પસંદગી' અહીં કરી શકાય છે. તા. ૨૩-૧૧-૮૭થી ૪-૧૨-૮૭ અને તા. ૧-૩-૮૮થી ૭-૪-૮૮ દરમિયાન નવા સંબંધો બાંધવા તરફ વિશેષ જાગૃત રહેવાની જરૂર છે. આ સમયના સંબંધો ભવિષ્યની જવાબદારી બની શકે છે. વર્ષના આરંભથી ફેબ્રુઆરી ૧૯૮૮ સુધીની ગ્રહોની ચાલ સ્પષ્ટ નિર્દેશ કરે છે કે વય-અવસ્થા અને જન્મસમયના ગ્રહોની પ્રમાણભાનની મર્યાદા સાથે તમે ત્યાગ માટે અથવા ભોગ માટે 'સંબંધો' બાંધો. ભાગ્યની લીલા હેઠળ આવા સંબંધો બંધાય અને તેમાં મેળવવાની સાથે જ ગુમાવવાનું આવશ્યક બને. વ્યાપારિક, પારિવારિક, સામાજિક ઋણાનુબંધ ભોગવી લેવા માટે વર્ષનો ઉત્તરાર્ધ, તમારા દૃઢ પ્રારબ્ધની અસર હેઠળ હોવાથી, અહીં જે બનશે એ 'નિયતિ' જ હશે. તા. ૧૬-૧૧-૮૭થી ૧૩-૨-૮૮ દરમિયાન સોનાનો મૃગ દેખાશે. તા. ૧૩-૨-૮૮થી ૧૪-૩-૮૮ દરમિયાન 'એ' મેળવવાની વૃત્તિ જાગશે. જન્મસમયના ગ્રહોની અસર હેઠળ જ લાલચથી મુક્ત રહી શકશો. ગોચર ગ્રહો તો સૂચવે છે કે શિકારનો આગ્રહ સેવશો અને શિકાર થશે.

વિદ્યાર્થીઓ માટે : વિક્રમના આ વર્ષમાં તમારી રાશિના વિદ્યાસ્થાનમાં નોંધપાત્ર ગ્રહનું ભ્રમણ નથી. તા. ૨૬-૧૦-૮૭થી ૩-૨-૮૮ સુધી ગુરુની પૂર્ણ શુભ દૃષ્ટિ છે. ગુરુ તમારો રાશિસ્વામી છે અને તમારી વિદ્યાસ્થાનની રાશિ ગુરુની ઉચ્ચ રાશિ છે. એ રીતે ગુરુની દૃષ્ટિનું મહત્ત્વ વિશેષ છે. કાળપુરુષની કુંડલીમાં સિંહ રાશિ અને ધનુ રાશિનું મહત્ત્વ વિદ્યા અને જ્ઞાન પ્રાપ્તિ માટે સ્વીકારાયું છે. સિંહ રાશિ તમારી રાશિથી છઠ્ઠી છે. આ સ્થાનને ખાડાના સ્થાનની ઉપમા આપવામાં આવી હોવા છતાં આ સ્થાનનો સ્વીકાર ઉપચય સ્થાનોમાં પણ કરાયો છે. તા. ૬-૩-૮૮થી વર્ષના અંત સુધી કેતુ આ સ્થાનમાં રહેશે. ધનુ રાશિ તમારી રાશિના કર્મસ્થાનમાં છે, વર્ષના આરંભથી અંત સુધી હર્ષલ અને નેપ્ચ્યુન તથા તા. ૧૭-૧૨-૮૭થી વર્ષના આરંભથી અંત સુધી શનિ આ રાશિ-સ્થાનમાં રહેશે. ગ્રહોની આ જમાવટ વિદ્યાભ્યાસ માટે, જ્ઞાન પ્રાપ્ત કરવા માટે અનુકૂળ જણાય છે. તા. ૨૪-૧-૮૮થી ૬-૨-૮૮, તા. ૨૪-૫-૮૮થી ૭-૬-૮૮ અને તા. ૨૬-૯-૮૮થી ૧૦-૧૦-૮૮ દરમિયાન અભ્યાસની અનુકૂળતા રહેશે તેમ જ તમારી વ્યક્તિગત નાણાંની આવશ્યક્તા સંતોષવા માટે સ્વતંત્ર આવક માટેના સંયોગો પણ સર્જાશે. તા. ૧૨-૪-૮૮થી ૨-૫-૮૮ સુધીની ઘટનાઓના ફળરૂપે ઉચ્ચ અભ્યાસ અને વિદ્યાર્થીજીવનની સફળ કારકિર્દી માટે તમને રાજકીય અથવા વિદેશી સહાયતા મળશે. અહીં દૈવી સહાયતા મળશે એમ લખવું વિશેષ સાર્થક છે. તા. ૧૨-૧-૮૮થી ૪-૩-૮૮, તા. ૭-૫-૮૮થી ૧૬-૫-૮૮ અને ૨-૯-૮૮થી ૨૮-૧૦-૮૮ સુધીનું ગોચર ઇચ્છા મુજબના અધ્યયનની અનુકૂળતા સર્જશે. વિદ્યાભ્યાસની દૃષ્ટિએ આ વર્ષનો સર્વશ્રેષ્ઠ સમય ગાળો છે તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ સુધીનો. આ સમય દરમિયાન ભારતમાં પરીક્ષાઓ નથી લેવાતી એટલે 'ઉત્તીર્ણ' થવા સાથે આ સમયને સીધો સંબંધ નથી, પરંતુ આ સમયના તમારા વિચારો, સંસ્કારો, તમારું વર્તુળ તમારી આકાંક્ષાઓ અને તમારું 'પુણ્યબળ' વિદ્યાભ્યાસ માટે 'ચમત્કારિક' બની શકે છે. તા. ૨૫-૧૨-૮૭થી ૫-૧-૮૮ અને તા. ૭-૪-૮૮થી ૧૮-૭-૮૮ સુધીના સમયગાળાઓ અકસ્માત અને વિષયપરિવર્તનની ઘટના સૂચવે છે. 'અકસ્માત' શબ્દનો અર્થ 'નકારાત્મક' ભાવમાં નથી. તા. ૧૬-૭-૮૮થી ૧૬-૮-૮૮ સુધીનો કાળખંડ ચમત્કારિક સફળતાનો છે. એકંદરે આ વર્ષ નોંધપાત્ર નહીં નીવડે તોપણ 'દિશાસૂચક' સફળતા આપશે જ.

વિશેષ વિગતો : વ્યક્તિત્વ પરિવર્તન, સમાજ પરિવર્તન, દૃઢ પ્રારબ્ધની દોરવણી હેઠળ આવકનાં સાધનોની સ્થિરતા માટે કઠોર પરિશ્રમ, ગુપ્ત ચિંતા કે જવાબદારીના વ્યાપનો વિસ્તાર, કલ્પનાના ઉતાર-ચઢાવ અને આકસ્મિક સહાયતા જેવી અનેક વિવિધતાથી ભરપૂર આ વર્ષ છે. વર્ષનો આરંભ 'સમાજ અને જવાબદારી'ની ગૂંચળામણથી થાય છે. પ્રારબ્ધની લીલાનો સ્વીકાર કરી તા. ૧૬-૧૧-૮૭થી ૧૬-૧૨-૮૭ દરમિયાન તમારી જવાબદારીનો સ્વીકાર પૂરા ભાન સાથે કરશો. તા. ૧૬-૧૨-૮૭થી ૧૩-૨-૮૮ દરમિયાન કર્મ કરશો એમ લખવા કરતાં લખી શકાય કે પરિણામનું ભાન હોવા છતાં તમે તમારી સામાજિક જવાબદારી અદા કરશો. તમારી કર્મપદ્ધતિનું ફળ અનુકૂળ જ આવશે, પરંતુ તા. ૧૩-૨-૮૮થી ૧૪-૩-૮૮ દરમિયાન 'યશના ભાગી' તમે નહીં બનો, એટલું જ નહીં જન્મસમયના ગ્રહો નબળા હશે તો અપયશના ભાગી અવશ્ય બનશો. હવે તા. ૧૪-૩-૮૮થી ૧૩-૪-૮૮ દરમિયાન સંબંધોની તોડ-ફોડ જેવી ઘટનાના અંતે તમને તમારા સ્થાનનો ખ્યાલ આવશે. તમે સંબંધોની શસ્ત્રક્રિયા માટે તૈયાર જ હતા અને આવી ઘટનાની અગમચેતી રૂપી માહિતી પણ તમારી પાસે હતી. એટલે અહીં તમે દુ:ખ નહીં અનુભવો બલકે બોજામાંથી હળવા થશો. ૧૩-૪-૮૮થી ૮-૫-૮૮ દરમિયાન બે ઘટનાઓ આકાર લેશે. એક હશે પરિવાર અને અર્થવ્યવસ્થાને લગતી, બીજી હશે સુખ અને શાંતિને લગતી. તા. ૮-૫-૮૮થી ૧-૯-૮૮ સુધી તમે પરિશ્રમ કરશો, સુખ અને સુવિધા માટે. તમને સહાયતા કરશે પ્રકૃતિ. વિરોધ સમાવવાનું, નાણાંની સહાયતા કરવાનું અને સમાજ કે રાજ્ય પાસેથી અનુકૂળતા મેળવવાનું કાર્ય તમારા માટે 'પ્રકૃતિ' કરશે. તા. ૧-૯-૮૮થી ૨૯-૯-૮૮ દરમિયાન તમે તમારી પ્રાપ્તિ, ગમા-અણગમા, સુખ અને જવાબદારીનું મૂલ્યાંકન કરશો. તા. ૨૯-૯-૮૮થી વર્ષના અંત સુધીનું ગોચર બે વિભાગમાં વહેંચાશે. એક વિભાગના માધ્યમથી તમારી આવશ્યક્તાઓ પૂરી થશે અને બીજા વિભાગની માગ પૂરવા માટે તમે કોઈના ઋણી બનો અથવા સાથી બનશો. આ સમયના 'ઋણ અને સાથી'ની પરિભાષામાં વિજાતીય વ્યક્તિનું મહત્ત્વ વિશેષ જણાય છે. વર્ષનો આરંભ કાળ કઠોર પરંતુ આનંદદાયક 'વ્યક્તિત્વ અને ફરજ'નું ભાન કરાવશે. તા. ૩-૧-૮૮ બાદ કઠોરતા શાંત થશે. સૌમ્યતા ઉભરશે પરંતુ જવાબદારી વધશે. તા. ૩-૧-૮૮થી ૩-૨-૮૮ દરમિયાન 'સત્ય અને ચતુરાઈ'ના ભેદ સમજશો તેમ જ આવશ્યક્તા પ્રમાણે ચતુરાઈથી સત્યને હડસેલશો અને સત્ય જાળવવા માટે ચતુરાઈનો ઉપયોગ કરવાનો માર્ગ શોધશો. તા. ૩-૨-૮૮થી ૬-૩-૮૮ દરમિયાન 'આડમ્બર' ટકાવી રાખવા, પરિવારના સભ્યોની કેળવણી અને વિલાસી લાલસાઓ સંતોષવા

ગ્રહોની આરાધના, મંત્ર અને નંગ

લેખક : શ્રી હિમાંશુ આર. શાહ
શાગીર્દ માંડવી - કચ્છ

દરેક ગ્રહના મંત્ર, નંગ અને તેની અસર મેળવવાની રીત આપી લેખકે મંત્ર અને નંગ કઈ રીતે અસર કરે છે તેની સમજણ પાડી છે. તેમ જ તેનાથી થતા ફાયદા, ગેરફાયદા ને ખરાબ અસરને સારી અસરમાં પરિવર્તન કરવાની માહિતી આપી છે. સામાન્ય જન સહેલાઈથી આ વિગત જાણી શકે તેવો પ્રયાસ પણ અહીં થયેલ છે.

પ્રથમ બીજ કે પ્રથમ વૃક્ષ ? પ્રથમ મરઘી કે પ્રથમ ઇંડું ? આવા પ્રશ્નોના જવાબ હજુ નથી મળ્યા. તેવો જ યક્ષ પ્રશ્ન છે કે ગ્રહો આપણને આધીન છે કે આપણે ગ્રહોને આધીન છીએ ? આપણી સંસ્કૃતિના વારસાનો આપણે તો એવો અર્થ કરીએ છીએ કે જગતમાં જન્મેલ જાતકોનું ભાવિ ગ્રહોને આધીન છે. અનેક દંતકથાઓમાં ગ્રહોનું આધિપત્ય સ્વીકારાયેલ છે. તો પછી કર્ણનું વાક્ય "દેવાયત્તં કુલે જન્મં, મદાયત્તં તુ પૌરુષમ્" યાને જન્મ ક્યાં લેવો તે જ માત્ર દૈવને આધીન છે. તે સિવાયના તમામ કાર્યો મને આધીન છે. તે શું સત્ય નથી ? જોકે આ એક ફિલોસોફીનો વિષય છે. ગમે તેટલા ઊંડાણમાં ગયા પછી પણ ત્યાં ને ત્યાં જ રહેવાનું છે.

ગ્રહોને દેવતા તરીકે માનવામાં આવે છે, ઉપરાંત તે નડે છે કે રીઝે છે, એવી પણ રૂઢિગત પ્રચલિત માન્યતા છે. હકીકતમાં ગ્રહો એ ગ્રહો જ છે, દેવતા નહીં. હા, તેનામાં રહેલ પ્રચંડ ગુરુત્વાકર્ષણના બળની અને આપણા સુધી અસર થાય તેવા પ્રકાશપૂંજ મૂકવાની તાકાતના કારણે દેવતા શબ્દ વાપરવો હોય તો યોગ્ય કહી શકાય. તેવું જ છે, નડે છે કે રીઝે છેનું. ગુરુત્વાકર્ષણનું બળ અને આવતો પ્રકાશપૂંજ આપણા ઉપર નક્કી થયેલ અસરો ઉપજાવે છે. દાત. મંગળ છૂરી ચલાવવાની તાકાત બક્ષી શકે છે, પરંતુ સર્જન થઈને માનવને બચાવવો, મિલિટરી ઓફિસર થઈને દુશ્મનને ખતમ કરવો કે ગુંડા થઈને કોઇનું ખૂન કરવું એ તો માત્ર આપણા કાબૂની વાત છે. ગ્રહો માત્ર પ્રેરણા આપે છે, કાર્ય આપણે કરીએ છીએ. આમ નક્કી થયેલ અસરને યોગ્ય ઢાંચામાં વહાવીનિ તેનો કેમ લાભ લેવો એ આપણા જ હાથમાં જ છે અને ત્યારે જ કર્ણના વાક્યમાં રહેલા ભાવાર્થને વંદન કરવાનું મન થઈ જ જાય છે. આ લેખમાં હું આપને (૧) દરેક ગ્રહના મંત્ર, (૨) દરેક ગ્રહના નંગ, (૩) કોઈ પણ ગ્રહની અસર આસાનીથી મેળવવાની રીત (૪) મંત્ર અને નંગ કઈ રીતે અસર કરે છે તે, (૫) ગ્રહની અસર પ્રાપ્ત કરવાથી થતા ફાયદા-ગેરફાયદા અને (૬) ગ્રહની ખરાબ અસરને સારી અસરમાં પરિવર્તિત કરવાની રીત જણાવીશ.

(૧) દરેક ગ્રહના મંત્ર...

સૂર્ય : સરળ મંત્ર : "ૐ હ્રીં સૂર્યાય નમ :"
શાસ્ત્રોકત મંત્ર : "જપાકુસુમસંકાશં કાશ્યપેયં મહાદ્યુતિમ્ ।
તમોરિ સર્વપાપઘ્નં પ્રણતો / સ્મિ દિવાકરમ્ ।।"
જપ સંખ્યા : સાત હજાર.

ચંદ્ર : સરળ મંત્ર : "ૐ અૈં ક્લીં સોમાય નમ :"
શાસ્ત્રોક્ત મંત્ર : "દધિશંખતુષારાભં ક્ષીરોદાર્ણવસંભવમ્ ।"
નમામિ શશિનં સોમં શંભોમુકુટભૂષણમ્ ।।"
જપ સંખ્યા : અગિયાર હજાર.

મંગળ : સરળ મંત્ર : "ૐ હ્રીં શ્રીં મંગલાય નમ :"
શાસ્ત્રોક્ત મંત્ર : "ધરણીગર્ભસંભૂતં વિદ્યુત્કાંતિસમ્ પ્રભમ્ ।
કુમારં શક્તિહસ્તં તં મંગલં પ્રણમામ્યહમ્ ।।"
જપ સંખ્યા : દશ હજાર.

બુધ : સરળ મંત્ર : "ૐ અૈં સ્રીં શ્રીં બુધાય નમ :"
શાસ્ત્રોક્ત મંત્ર : "પ્રિયંગુકલિકાશ્યામં રૂપેણાપ્રતિમં બુધમ્ ।
સૌમ્યં સૌમ્યગુણોપેતં તં બુધં પ્રણમામ્યહમ્ ।।"
જપ સંખ્યા : ઓગણીશ હજાર.

ગુરુ : સરળ મંત્ર : "ૐ અૈં ક્લીં બૃહસ્પતયે નમ :"
શાસ્ત્રોક્ત મંત્ર : 'દેવાનાં ચ ઋષિણાં ચ ગુરું કાંચનસન્નિભમ્ ।
બુદ્ધિભૂતં ત્રિલોકેશં તં નમામિ બૃહસ્પતિમ્ ।।"
જપ સંખ્યા : ઓગણીશ હજાર.

શુક્ર : સરળ મંત્ર : "ૐ હ્રીં શ્રીં શુક્રાય નમ :"
શાસ્ત્રોક્ત મંત્ર : "હિમકુંદમૃણાલાભં દૈત્યાનાં પરમં ગુરુમ્ ।
સર્વશાસ્ત્રપ્રવક્તારં ભાર્ગવં પ્રણમામ્યહમ્ ।।"
જપ સંખ્યા : છ હજાર.

શનિ : સરળ મંત્ર : "ૐ અૈં હ્રીં શ્રીં શનૈશ્ચરાય નમ :"
શાસ્ત્રોક્ત મંત્ર : "નીલાંજન સમાભાસં રવિપુત્રં યમાગ્રજમ્ ।

'વ્યક્તિત્વ'ને વાપરશો. તા. ૬-૩-૮૮થી વ્યક્તિત્વની હામ ખૂટશે પરંતુ પરિવારની હામની આવશ્યક્તા વધશે. તા. ૬-૩-૮૮થી ૧૯-૬-૮૮ દરમિયાન પરિવાર વિભાજન થાય અથવા પરિવાર સંબંધી નોંધપાત્ર જવાબદારીનો બોજો વધે. સંયુક્ત પરિવારના નાણાંનું નુકસાન પણ શક્ય છે. તા. ૧૯-૬-૮૮થી ૧૧-૯-૮૮ સુધીની ગ્રહસ્થિતિ પુરુષાર્થ-ફરજ અને પરિણામના ભેદ સમજવાની છે. તમે સર્વસ્વને 'સ્વ'ને હોડમાં મૂકી પરિશ્રમ કરશો. શું કરશો ? શા માટે કરશો ? કરવાની ક્રિયાના આરંભ સમયે તમે ભાનમાં હોઈ શકો છો પરંતુ ક્રિયાની ગતિ દરમિયાન 'ભાન' વિસર્જિત થશે, ક્રિયાના અંતે શું હશે ? લખવા માટે યોગ્ય શબ્દો નથી. લખવા ખાતર લખી શકાય કે તા. ૧૧-૯-૮૮ બાદ તમે તમને લૂંટાવવાના મિજાજમાં હશો. આ સ્થિતિને 'ફકીર'ની ઉપમા આપી શકાય. સ્વેચ્છાએ-સમજપૂર્વક લૂંટાશો તો લૂંટાવાનો આનંદ અનુભવશો. સોનાના મૃગનો શિકાર કરવા જતાં શિકાર થઈ જવાની સ્થિતિનું દુ:ખ કે પીડા હશે તો આ સમયની લૂંટાવાની સ્થિતિ 'ગમગીન' બનાવશે. સુખ અને દુ:ખ તમારી સ્થિતિ અને જન્મસમયના ગ્રહોની પ્રકૃતિ પ્રમાણે અનુભવશો. ગોચર ગ્રહો તો તમને લૂંટાવાની અને ફકીર બનવાની ફરજ પાડશે. 'નફા અને નુકસાન'ની દૃષ્ટિએ તમારું દૃઢ પ્રારબ્ધ, ફરજના બંધન હેઠળ સંયુક્ત રૂપે કાર્ય કરવાની ફરજ પાડશે અને કાર્યપદ્ધતિના ભેદના કારણે સંયુક્તપણું તૂટશે. માર્ચ ૧૯૮૮ આસપાસનો સમય ભેદને અભેદ રૂપે જોવાની સમજણ આપશે અથવા અભેદમાં પણ ભેદ સર્જવાની મનોવૃત્તિ વિકસાવશે. તા. ૩-૨-૮૮થી ૯-૪-૮૮ સુધીની ઘટનાઓની નોંધ રાખશો તો તા. ૧૬-૮-૮૮થી ૨-૧૧-૮૮ દરમિયાન પૂર્વકર્મી-પ્રારબ્ધ, લેણ-દેણની પ્રાકૃતિક વ્યવસ્થા સમજવાનું જ્ઞાન મેળવી શકશો. આ વર્ષ દરમિયાન મેળવશો, મેળવેલ પદાર્થ બીજાઓને સમર્પિત કરશો. ભોગવવાની ઇચ્છા રાખશો તો વિષાદ ભોગવશો. ભોગવવાની લાલસાથી મુક્ત રહેવા જેવી જાગૃતિ દાખવશો તો ફકીરીનો આનંદ ભોગવશો. જીવન-વ્યવહારની અનેક દિશાઓનું જ્ઞાન કરાવતું વર્ષ છે.

છાયામાર્તંડસંભૂતં તં નમામિ શનિશ્વરમ્ ।।"
જપ સંખ્યા : ત્રેવીસ હજાર.

રાહુ : સરળ મંત્ર : "ૐ અૈં હ્રીં રાહવે નમ :"
શાસ્ત્રોક્ત મંત્ર : "અર્ધકાયં મહાવીર્યં ચંદ્રાદિત્યવિમર્દનમ્ ।
સિંહિકાગર્ભસંભૂતં તં રાહું પ્રણમામ્યહમ્ ।।"
જપ સંખ્યા : અઢાર હજાર.

કેતુ : સરળ મંત્ર : "ૐ હ્રીં કેતવે નમ :"
શાસ્ત્રોક્તમંત્ર : "પલાશપુષ્પસંકાશં તારકાગ્રહમસ્તકમ્ ।
રૌદ્રં રૌદ્રાત્મકં ઘોરં તં કેતું પ્રણમામ્યહમ્ ।।"
જપ સંખ્યા : સત્તર હજાર.

દરેક ગ્રહના નંગ

સૂર્ય : પૃથ્વીની નવ કરોડ ઓગણત્રીસ લાખ માઈલ દૂર રહી આપણના હાડકાં ઉપર પ્રભુત્વ ધરાવનાર સૂર્યનું નંગ "માણેક" છે. અંગ્રેજી નામ 'RUBY' છે. કબુતરના લોહી જેવા લાલ રંગના માણેકને ઉત્તમ માનવામાં આવે છે. ઉત્તમ માણેકને બરફ ઉપર મૂકતાં અવાજ થાય તેવી માન્યતા છે. તેમાં મૂળ તત્વ "એલ્યુમિનિયમ ઓક્સાઈડ" છે. તાંબુ મિશ્રિત સોનાની વીંટીમાં તર્જની આંગળી (Ring Finger)માં ધારણ કરવું જોઈએ. મુલ્યવાન માણેક ન ખરીદી શકનાર લાલરંગના અકીકનો પથ્થર ઉપયોગમાં લઈ શકે. વીલ પાવરની ક્ષતિ, એનિમિયા અને દૂષિતપિત્ત જેને થયો હોય તેને સૂર્યની અસર જરૂરી હોય છે.

ચંદ્ર : પૃથ્વીથી બે લાખ આડત્રીસ હજાર નવસો માઈલ દૂર રહી લોહી ઉપર પ્રભુત્વ ધરાવનાર ચંદ્રનું નંગ "મોતી" છે. અંગ્રેજી નામ 'PEARL' છે. વીંધ્યા વગરનું આછી ગુલાબી ઝાંયવાળું મોતી ઉત્તમ મનાય છે. સામાન્યત : સફેદ મોતી સારું. મૂળ તત્વ "કેલ્શિયમ કાર્બોનેટ (ચોક) છે. એવી માન્યતા છે કે અસલી મોતી દાંતથી તૂટી શકે છે. (હનુમાનજીએ તોડેલ) ચાંદીની વીંટીમાં ટચલી આંગળી ઉપર ધારણ કરી શકાય. શરદી, કફ અને પાયોરિયા જેને હેરાન કરતા હોય તેને ચંદ્રની અસર જરૂરી હોય છે.

મંગળ : પૃથ્વીથી ચૌદ કરોડ પંદર લાખ માઈલ દૂર રહી માંસ અને રક્તકણ ઉપર પ્રભુત્વ ધરાવનાર મંગળનું નંગ "પરવાળું" છે. અંગ્રેજી નામ 'CORAL' છે. પાકેલ ટીંડોળીયા સિંદુર જેવા રંગનું પરવાળું ઉત્તમ મનાય છે. મૂળ તત્વ "કેલ્શિયમ કાર્બોનેટ" છે. પરવાળા ઉપર હાઇડ્રોક્લોરિક એસિડ નાખવાથી ફીણ થાય છે. એવી માન્યતા છે કે રૂ ઉપર ઉત્તમ પરવાળું રાખી સખત સૂર્ય તાપમાં ત્રણ કલાક રાખવામાં આવે તો રૂ બળવા લાગે. ત્રિલોહ (ચાંદી ૬૫ ટકા, ત્રાંબુ ૨૫ ટકા અને સોનું ૧૦ ટકા)ની વીંટીમાં અનામિકા યા ટચલી આંગળી ઉપર ધારણ કરી શકાય. જેમ, સ્ફુર્તિ અને તરવરાટ વગરના અને જેનું લોહી બગડેલ છે તેને મંગળની અસર જરૂરી હોય છે.

બુધ : પૃથ્વીથી ત્રણ કરોડ સાઈઠ લાખ માઈલ દૂર રહી આપણી બુદ્ધિ અને ચામડી ઉપર પ્રભુત્વ ધરાવનાર બુધનું નંગ "પન્ના" છે. અંગ્રેજી નામ 'EMRALO' છે. એવી માન્યતા છે કે ઉત્તમ કક્ષાનું લીલા રંગનું પાનું પાણી ભરેલ કાચના ગ્લાસમાં નાખવામાં આવે તો લીલા કિરણો સ્પષ્ટ દેખાય. તેમાં મૂળ તત્વ "બેરીલ્યમ્ એલ્યુમિનિયમ્ સીલીકેટ" છે. પાનુ શુદ્ધ સોનામાં ટચલી આંગળી ઉપર ધારણ કરી શકાય. બિનજરૂરી દલીલો કરનાર, વ્યાપારી બુદ્ધિનો જેનામાં અભાવ હોય, અભ્યાસ નબળો હોય, પિત્ત પ્રકૃતિથી હેરાન હોય તેને બુધની અસર જરૂરી કહી શકાય. પાનુ ખુબ જ કિમતી હોઈ ન લઈ શકનાર મગનો વપરાશ વધારી લાભ મેળવી શકે.

ગુરુ : પૃથ્વીથી અડતાલીસ કરોડ, તેંત્રીસ લાખ માઇલ દૂર રહી આપણા મેદ (ચરબી) અને ડહાપણ ઉપર પ્રભુત્વ ધરાવનાર ગુરુનું નંગ "પોખરાજ" છે. અંગ્રેજી નામ 'YELLOW SAPPHIRE' છે. એને 'TOPAZ' પણ કહે છે. આછા પીળાથી ઘેરા પીળા રંગના પોખરાજ મળે છે. એવી માન્યતા છે કે ઉત્તમ પોખરાજને ચોવીસ કલાક દૂધમાં રાખ્યા પછી પણ ચમક ઘટતી નથી. તેનું મૂળ તત્વ "એલ્યુમિનિયમ ઓકસાઈડ" છે. ત્રિલોહ યા શુદ્ધ સોનામાં ઈન્ડેકશ ફીંગર - ગુરુની આંગળી ઉપર ધારણ કરી શકાય. ઉશ્કેરાટ ઉપર જેનાથી કાબૂ ન રહેતો હોય, જેની જીભમાં મધ જેવી મીઠાશ ન હોય, ડહાપણ વધારી દુનિયામાં જીવવા લાયક બનવું હોય તેણે ગુરુની અસર ચોક્કસ મદદરૂપ થાય છે.

શુક્ર : પૃથ્વીથી છ કરોડ બોનેર લાખ માઈલ દૂર રહી કળા, સંગીત, ભૌતિકવાદી વલણ અને શરીરનો રાજા એવા વીર્ય ઉપર પ્રભુત્વ ધરાવનાર શુક્રનું નંગ "હીરો" છે. અંગ્રેજી નામ 'DIMAND' છે. તેને તેજાબની અસર નથી થતી. હીરાને પારખવાનું કામ હીરાપારખુ જ કરી શકે. તેને બાળવાથી ગૅસ બની ઊડી જાય છે. મૂળ તત્વ એટલે "શુદ્ધ કાર્બન." ચાંદી, તાંબુ કે પ્લેટિનમમાં ઈન્ડેકશ ફીંગર - તર્જની આંગળીમાં ધારણ કરી શકાય છે. જેને જીવન જીવવામાં રસ ન હોય, અકાળે વૃદ્ધ લોકોને છાજે તેવી ધીરગંભીર વાતો કરતો હોય, આપઘાતની વાતો કરતો હોય અને રસિક બનવું હોય તેને શુક્રનું નંગ ધારણ કરવું જોઈએ.

શનિ : પૃથ્વીથી આઠયાસી કરોડ એકસઠ લાખ માઈલ દૂર રહી આપણા આધ્યાત્મિક વલણ, દુ:ખ, માતમ્ ગમગીની અને સ્નાયુ ઉપર અસર કરતા શનિનું નંગ "નીલમ" છે. અંગ્રેજીમાં તેને 'SAPPHIRE' કહે છે. પારદર્શક વાદળી કે ઘાસ જેવા નીલા રંગનું નીલમ કિમતી રત્ન છે. મોરની ગરદન જેવા રંગનો નીલમ ઉત્તમ. એમ માનવામાં આવે છે કે ઉત્તમ નીલમ પાસે ઘાસનું તણખલું લાવવામાં આવે તો ચોંટી જાય અને તડકામાં રાખવાથી ચમક વધે. તેમાં મૂળ તત્વ "એલ્યુમિનિયમ ઓક્સાઈડ" છે. લોખંડ કે સોનામાં મઢી (વચલી) મધ્યમા આંગળી ઉપર ધારણ કરી શકાય. જાતીય જીવન અને ભૌતિકવાદ ઉપર કાબૂ મેળવવા, ઉચ્ચ આધ્યાત્મિક ઉન્નતિ પ્રાપ્ત કરવા અને સંસારથી વિરક્ત એકલવાયું ઉચ્ચ જીવન જીવવાની ઈચ્છા ધરાવનારે શનિની આરાધના કરવી જોઈએ.

રાહુ : "ગોમેદ (ZIRCON) એ રાહુનું નંગ છે. ગૌમુત્ર કે મધ જેવા કલરનો પારદર્શક, વજનમાં ભારે, ચમકદાર, સ્નિગ્ધ, લાલ સહિત અનેક રંગમાં મળે છે. મૂળ તત્વ "સીલીકોન ઓક્સાઈડ" છે. અકીક પથ્થર પણ ચાલે. વીર્ય વિકારમાં "ગોમેદ" ઉપયોગી થાય છે. પંચધાતુની વીંટીમાં ઈન્ડેકશ ફીંગર - તર્જની - ગુરુની આંગળી ઉપર ધારણ કરાય.

કેતુ : "લસણિયો" યાને "વૈદૂર્ય" એ કેતુનું નંગ છે. બિલાડીની આંખ જેવો ચમકતો અને પીળાથી બ્રાઉન છાયાવાળા કે લીલા રંગમાં સ્ફટિક વર્ગમાં લસણિયા મળે છે. પંચધાતુ યા ચાંદીમાં મઢાવી વચલી આંગળી ઉપર ધારણ કરી શકાય. સૂરીલા સ્વર માટે ઉપયોગી છે.

(૩) કોઈ પણ ગ્રહની અસર આસાનીથી મેળવવાની રીત.

આપણે મંત્ર પણ નથી બોલવા અને નંગ લઈ શકવાની શક્તિ પણ નથી. છતાં ગ્રહોની તાકાત-શક્તિ વિનામૂલ્યે મેળવવી હોય તો ? હા. તે પણ શક્ય છે. રંગ ચિકિત્સા નામની એક નવી પધ્ધતિ વિકસેલ છે. આપ જે ગ્રહની અસર મેળવવા માગતા હો તે ગ્રહના કલરનો ખુલ્લા મોં વાળો એક શીશો લઈ તેમાં પાણી ભરીને સૂર્ય પ્રકાશમાં આખો દિવસ રાખવો. આમ કરવાથી જે કલરનો શીશો લીધેલ હોય તે કલરના ગ્રહોના કિરણો-તાકાત તે પાણીમાં આવશે. અને તે પાણીનું સેવન કરવાથી તે ગ્રહોના ગુણ મળશે. દા.ત. : પીળા કલરનો શીશો સૂર્યપ્રકાશમાં મુકવામાં આવે તો પાણી ગુરુના ગુણધર્મ ગ્રહણ કરીને ગુરુની અસર આપશે. આવી રીતનું જ અન્ય ગ્રહો માટે સમજવું. ગ્રહોના કલર નીચે મુજબ છે.

સૂર્ય : સંતરા જેવો
ચંદ્ર : સફેદ
મંગળ : લાલ
બુધ : લીલો
ગુરુ : પીળો
શુક્ર : સફેદ
શનિ : કાળો

(૪). મંત્રની અસર

આપણે જે કંઈ બોલીએ છીએ તે વ્યર્થ નથી જતું. અવાજ નક્કી થયેલ અસર સર્જે છે. આપણે ભલે માનીએ છીએ કે અવાજ વાતાવરણમાં વિલીન થઈ જાય છે. આપે સાંભળ્યું જ હશે કે દીપક રાગથી દીવા સળગતા, મલ્હાર રાગથી વરસાદ વરસતો,

શંકરને પ્રસન્ન કરવા ભૈરવી ગવાય અને નિમ્ન કોટીના દેવતાઓને પ્રસન્ન કરવા ડાક વગાડાય. મેઘલી રાતના ઝરમર ઝરમર વરસાદ વરસતો હોય અને જો મોર ટહુકે તો આપણા હૈયાં શું હીલોળે નથી ચડતાં? . ટૂંકમાં આપ કબૂલ કરશો કે અવાજનો-ધ્વનિનો પ્રભાવ છે જ. સ્પષ્ટ ઉચ્ચારથી મંત્ર બોલવામાં આવે ત્યારે આપણી આજુબાજુ એક મંત્રનું આવરણ રચાય છે. મહાત્માઓની ફરતે હોય છે, તેવું તેજોવલય અને તે તેજોવલયમાં તાકાત છે કે વીજળીની ઝડપે ગ્રહની અસર આપણા દિલોદિમાગ શરીરને આપવાની. આમ ગ્રહોનાં મંત્રો બોલવાથી તે ગ્રહની અસર આપણે મેળવી શકીએ છીએ. શરત માત્ર એટલી કે જે જમે તેનું પેટ ભરાય. તમારા બદલે હું મંત્રો બોલું તો અસર સ્વાભાવિક રીતે મને જ થાય. માટે જેને અસર પ્રાપ્ત કરવી હોય તેણે પોતે જ મંત્રો બોલવા જોઈએ. યા ગ્રહોનાં નંગ ધારણ કરવા જોઈએ.

નંગની અસર....

મને બરાબર ખ્યાલ છે કે આજનો બુદ્ધિજીવી વર્ગ કોઈ પણ વાત માનતા કે સ્વીકારતાં પહેલાં સાબિતી માગે જ છે. અને હું એમાં સંપૂર્ણપણે સહમત પણ છું, સાથે એમ પણ માનું છું કે આ વાંચનાર વર્ગ બુદ્ધિશાળી જ હશે. ચોખા રંધાઈ ગયા છે કે નહીં તે ચેક કરવા એક બે કણ ચાખશે, આખી તપેલી ચાખવા માટે નહીં વાપરે. આપણી આજુબાજુના વાતાવરણમાં દરેક રેડિયો સ્ટેશનના મોજાં (WAVES) છે, જે દેખી શકાતા ન હોવા છતાં તેના અસ્તિત્વનો સ્વીકાર આપણે કરીએ જ છીએ. જો કોઈ રેડિયોસ્ટેશનના મોજાંનો આપણે આસ્વાદ ન માણવા માગતા હોઈએ તોપણ તેના અસ્તિત્વનો ઇનકાર કરવા સુધીની મૂર્ખતા આપણે ન જ કરીએ. તેવી જ રીતે તે રેડિયો સ્ટેશનના મોજાંને માણવા હોય તો જરૂરત ઊભી થાય છે, એક માધ્યમની. આપણે ટ્રાન્ઝિસ્ટરમાં જે સ્ટેશન ટ્યૂન કરીએ તે સ્ટેશનના મોજાંનો આસ્વાદ માણી શકીએ છીએ. ગ્રહોનાં નંગ એ માધ્યમ છે. આપણી આજુબાજુના વાતાવરણમાં દરેક ગ્રહોનાં મોજાં-કિરણો ફેલાયેલા છે. જરૂરત છે આપણી વિવેકપૂર્ણ પસંદગી, ગ્રહોનાં મોજાં-કિરણોને યોગ્ય માધ્યમથી ટ્યૂન કરવામાં આવે તો તેનો લાભ આપણે મેળવી શકીએ. જેમ ટ્રાન્ઝિસ્ટર ઉત્તમ કક્ષાનું તેમ તેનો અવાજ સ્પષ્ટ, તેમ નંગ જેટલો સાચો તેટલી અસર તાકાતવાન. આ રીતે ગ્રહની અસર આપણે પ્રાપ્ત કરી શકીએ છીએ. સૂર્યમાંથી પ્રગટતા આંદોલનો-કિરણો ઝીલીને સૌ ગ્રહો પોતપોતાના ગુણધર્મો પ્રમાણે આંદોલન-કિરણોમાં પોતાની અસર રિફ્લેક્ટ કરે છે અને તે કિરણો આપણા સુધી પહોંચી પોતાના (ગ્રહોના) ગુણધર્મો પ્રમાણેની અસર ઉપજાવે છે. હા, રંગશાસ્ત્ર આ વાત સાથે કદાચ સહમત ન થાય, પરંતુ આપણે તો રસ છે માત્ર હકીકતોમાં, આપ જે ગ્રહોની અસર પ્રાપ્ત કરવા ઇચ્છો છો તે ગ્રહનું નંગ ધારણ કરીને આપ જ અનુભૂતિ પ્રાપ્ત કરો.

(૫) ગ્રહની અસર પ્રાપ્ત કરવાથી થતા ફાયદા-ગેરફાયદા

દરેક ગ્રહની બેતરફી અસર હોય છે. કઈ સ્વીકારવી તે આપણા વીલ પાવર ઉપર આધીન છે.

સૂર્ય : આત્માની તાકાત-વીલ પાવર, સિંહ જેવી ઉદારતા અને રાજસીભાવ, અહમ્.

ચંદ્ર : મનની ચંચળતા અને આત્માની પવિત્રતા, પાણી સાથે પ્રીતિ, સંવેદનશીલતા, સ્નેહ, મમતા, નિખાલસ વ્યક્તિત્વ.

મંગળ : પ્રામાણિકતા, સ્ફુર્તિ, જોમ, તાકાત, લીડરશીપ, ઊંડી લાગણી, ઉતાવળ, સેન્સિટીવપણું, ઉગ્રતા, ધિક્કાર, કટાક્ષ કરવાની વૃત્તિ, સ્પષ્ટ વક્તા.

બુધ : વ્યાપારી બુદ્ધિ, દલીલબાજી, બુદ્ધિમત્તા, કટાક્ષ કરવાની વૃત્તિ, હાજર જવાબી, ગણિતમાં હોશિયાર, જ્યોતિષ.

ગુરુ : ડહાપણ, શૉમૅન શીપ, જીભમાં વાણિયા જેવી મીઠાશ અને નાગર જેવી મુત્સદ્દીગીરી, પુત્ર સંતાન.

શુક્ર : ભૌતિકવાદ તરફ પ્રેમ, કળા, સંગીત, કામવાસના, સુઘડતા, જીવનને માણવાની ઝંખના, પ્રેમ, આસક્તિ, વૈભવ, વિલાસ, રેડિયો, ટીવી કે મનોરંજનમાં આકર્ષણ.

શનિ : ઉદાસીનતા, ઊંડું તત્ત્વચિંતન, દીર્ઘસૂત્રતા, વિશાદ, નિષ્ક્રિયતા, આંતરમુખી, કોન્સનટ્રેશન યાને એકાગ્રતા, એક્યુરેટ અવલોકન શક્તિ.

(૬) ગ્રહની ખરાબ અસરને સારી અસરમાં પરિવર્તિત કરવાની રીત

આપણી પાસે એક લીટર પેટ્રોલ હોય તો તેના ઓછામાં ઓછા બે ઉપયોગ કરી શકાય. સ્કુટરમાં ભરી ૬૦ કિ.મી.નું અંતર કાપી શકાય અથવા મકાન ઉપર છાંટી તેનો નાશ કરી શકાય. આમાં પેટ્રોલનો કોઈ ગુનો નથી. પેટ્રોલ એ તાકાત છે. તેનો ઉપયોગ કેમ કરવો તે આપણા હાથની વાત છે. દા.ત. : મંગળનો નંગ ધારણ કરીને કે મંત્રો બોલીને ઉગ્રતા ઉપર કાબૂ રાખીએ તો શક્તિના સ્ત્રોત બની શકાય. શુક્રના મંત્ર બોલીને કે નંગ ધારણ કરીને જો જાતીય બાબતો ઉપર સંયમ કેળવી શકીએ તો મહાન કલાકાર બની શકાય. અહમ્ ઉપર કાબૂ રાખી શકનાર જો ગુરુને ધારણ કરે તો ચાર માણસોમાં પુછાય તેવા ડહાપણવાળા બની શકાય.

અને આ છે કેટલાક રૂઢિગત મંત્રો. આપ આપની ઇચ્છા અનુસાર ઉપયોગ કરી શકો છો.

રોગ અથવા તનાવમાંથી મુક્ત થવા માટે મહામૃત્યુંજય મંત્ર

ૐ ત્ર્યમ્બકમ્ યજામહે સુગંધિમ્ પુષ્ટિવર્ધનમ્ ।
ઉર્વારૂકિમવ બંધનાન્મૃત્યોક્ષીય મા મૃતાત્ ।।

સુંદર પત્નીની પ્રાપ્તિ માટે.

ફ્લીં પત્નીમનોરમા દેહિ મનોવૃતાનુસારિણીમ્ ।
તારિણીં દુર્ગ સંસાર સાગરસ્ય કુલોદ ભવામ્ ફ્લીમ ।।

ઇચ્છિત પતિ મેળવવા માટે

૧. કાત્યાયનિ મહામાટે મહાયોગિન્યધીશ્વરી ।
નન્દગોપ સુતં દેવન પતિ મે કુરુ તે નમ : ।।

૨. ૐ દેવેન્દ્રાણિ નમસ્તુભ્યં દેવેન્દ્ર પ્રિયભામિની ।
વિવાહં ભાગ્યમારોગ્યં શીઘ્ર લાભં ચ દેહિ મે ।।

૩. ૐ હ્રીં હ્રીં સીર્યાય સહસ્ર કિરણાય મમ્ વાંછિત દેહિ દેહિ સ્વાહા ।।

૪. હે ગૌરી, શંકરાર્ધાંગિનિ યથાત્વં શંકરપ્રિયા તથા માં કુરુ કલ્યાણી કાન્ત કાન્તામ્ સુદુર્લભમ્ ।।

સર્વકામના સિદ્ધિ માટે

ૐ નમો ઘંટાકર્ણો મહાવીર સર્વવ્યાધિ વિનાશક
વિસ્ફોટક ભયે પ્રાપ્તે રક્ષ રક્ષ મહાબલ : ।।
યત્રત્વાતિ ષષ્ટસિદેવ લિખિતો ક્ષર પંક્તિભિ
રોગોસ્તત્ર પ્રણશ્યતિ વાત, પિત્ત, કફોદ્ભવા : ।
તત્રરાજ ભયં નાસ્તિયંતિ કર્ણે જયાક્ષરમ્
શાકિની, ભૂતવૈતાલા રાક્ષસા પ્રભવંતિ ન ।
ના અકાલે મરણ તસ્ય ન પસર્પેણ દૃશ્યતે
અગ્નિચોર ભયં નાસ્તિ ૐ ઘંટાકર્ણો નમોસ્તુતે ।।

ઉત્તમ વિદ્યા પ્રાપ્તિ માટે.

ૐ મા નિષાદ પ્રતિષ્ઠાનત્વમગમ : શાશ્વતી સમા : ।
યત કૌંચ મિથુના દેવકમવધી : કામ મોહિતમ્ ।।

દેવી કૃપા માટે.

ૐ નમો ભગવતી પદ્માવતી :
વૃપવાદીની સર્વજન શોભાણી
ૐ હ્રીં હં સ્વાહા.

કુદરતની અમીધારાઓનો વ્યાપ એટલો વિશાળ છે કે આખી દુનિયા ધારે તો સ્વર્ગમાં રાચી શકે. નિરાશા, અંધકાર, ગરીબી, ઉગ્રતા, અહંકાર, ગેરસમજણ જેવી અનેક આડ અસરને બાજુએ રાખી પોતાની પસંદગી મુજબનું મીઠું જીવન જીવવા આપ પણ આપની પસંદગી મુજબ ગ્રહો પાસેથી મેળવી મીઠું જીવન માણો એ જ શુભેચ્છા.

આપના સુખદ અનુભવની અનુભૂતિ ચોક્કસ વાગોળજો અને જણાવજો.

પ્રસ્તાવના

(૧ પાનાથી ચાલુ)

વદી-૨ સુધીનું છે આમ સામાન્ય રીતે આ વ્રત પાંચ દિવસનું હોય છે. પરંતુ તિથિ ક્ષય-વૃદ્ધિ હોય ત્યારે પ્રશ્ન પેદા થાય છે કે આ વ્રતને તિથિનો આધાર આપવો કે પાંચ દિવસનો. આ વર્ષે એકમનો ક્ષય હોવાથી જયાપાર્વતી વ્રત ચાર જ દિવસનું થાય છે. વ્રતરાજના પાનાં નં. ૫૬૩માં તિથિનો જે ઉલ્લેખ છે, તે મુજબ તિથિને મહત્વ આપી અમોએ પંચાંગમાં ચાર જ દિવસનું વ્રત આપેલ છે જેની નોંધ લેવી.

ધર્મનિષ્ઠ વાચકોને ઉત્સવો કે પર્વોની ઉજવણી માટે કેટલાક ખુલાસા કરવાનું જરૂરી જણાય છે. ઉદાહરણ તરીકે વસંતપંચમી, અક્ષયતૃતિયા, ચતુર્થી વગેરે... અંગે વિચાર કરીએ તો સર્વસામાન્ય વિચારસરણી સૂર્યોદય સમયની તિથિને લક્ષમાં રાખી આનો નિર્ણય લેવાય છે. પરંતુ વાસ્તવમાં આવા અતિ મહત્વના પર્વો અંગે ધર્મસિંધુ, નિર્ણયસિંધુ વગેરે ગ્રંથોમાં કંઈક જુદા જ પ્રકારનો આદેશ છે. અમો આ પવિત્ર ગ્રંથોને સદૈવ શિરોમાન્ય રાખીએ છીએ અને એમાં જણાવ્યા મુજબ જ તહેવારોની વિગત પંચાંગમાં આપીએ છીએ. ગત વર્ષ/વર્ષો દરમિયાન આ અંગેનો ઘણો પત્રવ્યવહાર હવે પછી ન થાય, અને ઉપરોક્ત ગ્રંથોમાં એ અંગે અભ્યાસ થાય તેવો અમે આગ્રહ સેવીએ છીએ.

શાસ્ત્રાર્થ અંગે શંકા-સમાધાનનું નિવારણ કરવા તેના સંપાદકને સીધો પત્રવ્યવહાર કરીને કરવાનું જણાવીએ છીએ. આ પૂર્વે તે પત્રની એક નકલ અમારે ત્યાં પણ મોકલવી અત્યંત આવશ્યક છે. તેમનું સરનામું નીચે પ્રમાણે છે.

પંડિત ધુંડીરાજ લક્ષ્મણ દાતે,
૫૩૮, દક્ષિણ કસબા, સોલાપુર-૪૦૦ ૦૦૭.

ગયે વર્ષે મધ્યમ ગ્રહોની માહિતી આપવા અંગે અમે નાનોસરખો પ્રયાસ કરેલો, જે અંગે અમને વાંચકો તરફથી સારો સહકાર મળ્યો પણ સાથેસાથ બીજી માહિતી આપવા પણ લખવામાં આવ્યું છે. અમારી આપ સૌને વિનંતી છે કે આ દિશામાં અમારી ગતિ મંદ ગતિ ગ્રહ જેવી રહેશે. કારણ અમારે બધી જ બાબતોનો વિચાર કરવાનો રહે છે.

આ વર્ષે 'દૈવજ્ઞ કી દૃષ્ટિએ વ્યાપાર ચક્ર' નામનો લેખ અમે આપી શક્યા નથી તેનું મુખ્ય કારણ આ લેખના લેખક પં. રાજારામ જૈનની તંદુરસ્તી સારી ન હોવાથી અને તેમને કેટલીક અંગત મુશ્કેલીઓ હોવાથી તેઓ અમને એ અંગે સમયસર જણાવી શક્યા નહીં. આમ છેલ્લી ઘડીએ આ સંદેશ પ્રાપ્ત થવાથી અમે બીજી વ્યવસ્થા કરી શક્યા નથી જેની સખેદ નોંધ લેશો

જન્માષ્ટમી તેમ જ મહાશિવરાત્રીના નિશીથ કાળ અંગેની માહિતી દર વર્ષે સ્પષ્ટ ગ્રહ નીચે આપવામાં આવે છે. આ વર્ષે ત્યાં જગ્યા ન હોવાથી તે માહિતી ગ્રહણની વિગત પુરી થયા બાદ આપેલ છે જેની વાચક વર્ગે નોંધ લેવી.

કેટલીક તાંત્રિક અડચણને કારણે અમો ખગોલ ડાયરીમાં ગ્રહોના ચિહ્નો તેમ જ ગ્રહ ચરણાત્મક ના કોઠામાં હિન્દી શબ્દોનું પ્રયોજન કરી શક્યા નથી. આમ હોવા છતાં ઉપરોક્ત કોઠામાં હિન્દીને બદલે કાળા અક્ષરમાં વિગત આપવાનો પ્રયાસ કર્યો છે જેની વાંચકવર્ગ નોંધ લે. જુલાઈ માસમાં અમારા પરમ સ્નેહી મિત્ર અને પંચાંગ ગણિતના જ્ઞાતા શ્રી જયકરજીનું અચાનક અવસાન થયું જેની ખોટ સાલશે. તેમની પંચાંગ ગણિતની નિષ્ઠા અમે કદી ભૂલી શકશું નહીં.

આ પંચાંગમાં સંપાદન અને પ્રકાશનમાં દરેક ક્ષેત્રે કામગીરી કરી રહેલા સંપાદકો, આત્મીય સહકાર્યકરો, લેખકો અમારી સંસ્થાના વડાઓ તેમ જ વ્યવસ્થાપકોથી માંડીને પ્રિન્ટિંગ વિભાગના કાર્યકરો, ફોટોકંપોઝ અને પેસ્ટીંગ વિભાગના કાર્યકરો, રીડરભાઈઓ, નાનામોટા, પરિચિત કે અપરિચિત હોય એ સૌ સ્વજનોનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

સંવત-૨૦૪૩ — કુ. જ્યોતિ મનુભાઈ ભટ્ટ
શ્રાવણ શુક્લ ૮ — સોમવાર
તા. ૦૩-૦૮-૧૯૮૭

જન્મકુંડલીનું અર્થઘટન તર્કબદ્ધ અને બુદ્ધિગમ્ય હોવું જોઈએ

(૬ઠ્ઠા પાનાથી ચાલુ)

હોય કે જીવનના કોઈ પણ સારાં-માંઠા પ્રસંગોની અસર નહિવત્ થાય. તે સમયે આ સંન્યાસી પરમહંસની ઉચ્ચ ભૂમિકા ઉપર આરૂઢ થઈ ગયો હોય. કર્કનો રાહુ ગુરુ-શુક્ર જેવા શુભ ગ્રહોની દૃષ્ટિમાં હોવાથી અનિષ્ટ પરિણામ લાવવામાં બહુ ફાવે નહિ. વધારામાં તે સમયે ગોચરના શનિ-ગુરુ દ્વારા ઘણી રાહત-રક્ષણ મળે. જ્યોતિષશાસ્ત્રના કોઈ પણ અનુભવી વિદ્વાન સારી રીતે જોઈ શકે છે કે આ જન્મકુંડલીમાં ગોચરનો પાંચમેથી પસાર થતો મીનનો સ્વગૃહી ગુરુ પરમહંસની ઉચ્ચ ભૂમિકા ઉપર લઈ જાય. તેવી રીતે ત્રીજા અને ચોથા સ્થાનમાંથી પસાર થતો મકર અને કુંભનો સ્વગૃહી શનિ જીવનમુક્તિના સુખ અને આનંદનો અનુભવ અચૂક કરાવે. વિશેષમાં એમ પણ કહી શકાય કે તે સમયે યતિની પ્રેરણા દ્વારા કોઈ પુણ્યશાળી આત્માના હાથે લોકકલ્યાણનું કાર્ય પણ થાય. આમ જ્યોતિષશાસ્ત્રના ખેલાડીઓનું માનવું છે. જ્યોતિષશાસ્ત્ર અભ્યાસ અનુભવ અને અનુમાન દ્વારા આવો નિર્દેશ કરે છે, જીવનમાં કેટલા ટકા ઘટે છે, તે જોવાનું રહ્યું.

જ્યોતિષ અને વેદાંત,

જ્યોતિષશાસ્ત્ર મુખ્યતયા વ્યવહારપ્રધાન હોવાથી વ્યવહારમાં ઉપયોગી એવા તન - ધન - કુટુંબ - પરાક્રમ - સુખ - દુઃખ - વિદ્યા - સંતાન - શત્રુ - મિત્ર - રોગ - સ્ત્રી - મૃત્યુ - ધર્મ - ભાગ્ય - કર્મ - સત્તા - આવક-જાવક આવા ઘણા વિષયોની ચર્ચા કરે છે. જ્યોતિષશાસ્ત્ર મોક્ષની દિશામાં થોડા ઈશારા કરે છે. કેવળ જ્યોતિષશાસ્ત્ર જ નહિ. વેદાંત સિવાય વિશ્વમાં એવું કોઈ પણ શાસ્ત્ર નથી કે જે મોક્ષની મુક્ત કંઠે ચર્ચા કરતું હોય. સંસારમાં એક વેદાંતશાસ્ત્ર જ એવું છે કે જે મોક્ષનું પ્રધાનરૂપે પ્રતિપાદન કરતું હોય. વેદાંતશાસ્ત્રનો મુખ્ય વિષય મોક્ષ છે. મોક્ષ સિવાય વેદાંતશાસ્ત્ર બીજું કંઈ પણ કહેતું નથી. તેથી જેને કરોળિયાની જાળ જેવા સંસારના બંધન તોડવા હોય, હસતાં હસતાં મોક્ષ મેળવવો હોય; તેને સ્વામી વિવેકાનંદ અને સ્વામી રામતીર્થની જેમ સંન્યાસ ધારણ કરી એકાંતમાં શાંતચિત્તે વેદાંતશાસ્ત્રનું પરિશીલન - શ્રવણ - મનન - ચિંતન કરવું. જડભરત અને શુકદેવજી જેવા મુક્ત મહાપુરુષને ભલે આપણે ન જોયા હોય, પરંતુ તેમની પરંપરામાં ઊતરી આવેલા મહાપુરુષો આજ અને અત્યારે પણ સમાજમાં અલંકાર - આદર્શરૂપે વિરાજે છે. મહાપુરુષોનાં દૈવી - જીવનના અનુભવ સમાજના શાણા સજ્જનો સાધકો. પરમાર્થના પથિકોને આવું કંઈક સૂચન કરે છે.

સ્પોર્ટ્સ - ક્રિકેટ અને ક્રિકેટર

(૮મા પાનાથી ચાલુ)

લાભેશ શનિ સાથે લાભે તથા ધનેશ ભાગ્યેશ મંગળ કેન્દ્રમાં. આમ આ કુંડળીમાં નવ યોગો છે. ભારતીય ટીમમાં વિકેટકીપર તરીકે તક મેળવનાર ચન્દ્રકાન્ત પંડિતની આ કુંડળી છે.

કુંડળી નંબર : ૯
જન્મ તારીખ ૪-૯-૬૨

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૭	૫	૭	૩	૬	૧૧	૭	૧૦	૪

ભારતીય ટીમમાં હાલ વિકેટકીપર તરીકે સ્થાન મેળવેલ છે. આ કુંડળી નંબર નવ કિરણ મોરેની છે. તેમની કુંડળીમાં યોગો જોઈએ તો (૧) લગ્ને શનિની દસમી દૃષ્ટિ છે તથા લગ્નેશ શુક્ર પર શનિની દૃષ્ટિ, (૨) પરાક્રમેશ ગુરુની લગ્નેશ શુક્ર પર ૯મી દૃષ્ટિ, ધનેશ મંગળ પર ૫મી દૃષ્ટિ તથા લાભેશ સૂર્ય પર ૭મી દૃષ્ટિ. (૩) પરાક્રમેશ ગુરુની મંગળ પર ૫મી દૃષ્ટિ, (૪) કેન્દ્રમાં શુભ ગ્રહ ચંદ્ર-શુક્ર તથા પાપ ગ્રહો શનિ-રાહુ-કેતુ, (૫) શનિ કેન્દ્રમાં તથા કેન્દ્રના અધિપતિ તરીકે પણ શનિ કેન્દ્રમાં, (૬) મકરનો શનિ, (૭) લગ્નેશ શુક્ર લગ્નમાં, ધનેશ મંગળ ભાગ્યમાં તથા લાભેશ સૂર્ય લાભે, (૮) ચંદ્ર પર ગુરુની ૯મી દૃષ્ટિ, (૯) કેન્દ્ર-ત્રિકોણના અધિપતિ તરીકે શનિ કેન્દ્રમાં. આમ કુલે નવ યોગો વિકેટકીપર તરીકેની મુખ્ય સ્થાનની જવાબદારી સંભાળી શકે છે.

કુંડળી નંબર : ૧૦
જન્મ તારીખ ૧૭-૧-૫૭

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૭	૧૦	૪	૧	૯	૬	૯	૮	૮

આ કુંડળી નંબર દશમાં (૧) પરાક્રમેશ ગુરુની લાભેશ સૂર્ય પર દૃષ્ટિ, (૨) છઠ્ઠેશ ગુરુ વ્યયેશી ૭મી દૃષ્ટિ દહે, (૩) સૂર્ય-મંગળ પાપ ગ્રહો કેન્દ્રમાં, (૪) મંગળ કેન્દ્રમાં તથા કેન્દ્રના અધિપતિ તરીકે પણ કેન્દ્રમાં, (૫) ચંદ્ર પર મંગળની ૪થી દૃષ્ટિ, (૬)

શનિ પર મંગળની ૮મી દૃષ્ટિ, (૭) મેષનો મંગળ, (૮) લગ્નેશ-ભાગ્યેશ શુક્ર બુધ પરાક્રમે, ધનેશ અને લાભેશ કેન્દ્રમાં. આમ કુલ્લે આઠ યોગો છે. આ છે સ્પિન બૉલર શિવલાલ યાદવની પત્રિકા.

કુંડળી નંબર : ૧૧
જન્મ તારીખ ૩-૧-૬૬

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૨	૯	૧	૧૦	૮	૩	૧૦	૧૧	૨

આ કુંડળી નંબર અગિયાર ઉંમરમાં સૌથી નાંના ખેલાડી તરીકે સ્પિન બૉલર ચેતન શર્માની છે. આ કુંડળીમાં યોગો જોઈએ તો (૧) લગ્નેશ શુક્ર મંગળ સાથે તથા લગ્નેશ શુક્ર શનિની રાશિમાં, (૨) પરાક્રમેશ ચંદ્ર પર ભાગ્યેશ શનિની ત્રીજી દૃષ્ટિ, (૩) છઠ્ઠેશ શુક્ર મંગળ સાથે યુતિ, (૪) પરાક્રમેશ ચંદ્ર પર મંગળની ચોથી દૃષ્ટિ, શનિની ત્રીજી દૃષ્ટિ, (૫) બુધ શુભ ગ્રહ તથા રાહુ-કેતુ-શનિ પાપ ગ્રહો કેન્દ્રમાં, (૬) શનિ કેન્દ્રમાં, (૭) ચંદ્ર પર મંગળની ચોથી દૃષ્ટિ, (૮) કુંભનો શનિ-મકરનો મંગળ, (૯) લગ્નેશ શુક્ર ભાગ્યમાં, ધનેશ બુધ કેન્દ્રમાં, ભાગ્યેશ શનિ કેન્દ્રમાં તથા લાભેશ ગુરુ ધનમાં (૨જે), (૧૦) કેન્દ્ર-ત્રિકોણના અધિપતિ તરીકે શનિ કેન્દ્રમાં છે. આમ દશે યોગો આ પત્રિકામાં છે. નાની ઉંમરે ભારતીય ક્રિકેટ ટીમમાં સારું સ્થાન મેળવી ગયા છે.

કુંડળી નંબર : ૧૨
જન્મ તારીખ ૧૯-૭-૫૫

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૯	૪	૪	૪	૩	૪	૩	૭	૯

આ કુંડળી નંબર બાર મિડિયમ ફાસ્ટ બોલરની છે. ભારતીય ટીમમાં તેઓનું સારું સ્થાન છે. આ જન્મપત્રિકા રોજર બિન્નીની છે. કુંડળીમાં યોગો જોઈએ તો (૧) લગ્નને શનિની ત્રીજી દૃષ્ટિ, તેમ જ લગ્નેશ ગુરુ મંગળ જોડે, (૨) પરાક્રમેશ શનિની લગ્નેશ ગુરુ પર ૧૦મી દૃષ્ટિ સંબંધ, ભાગ્યેશ સૂર્ય પર ૧૦મી દૃષ્ટિ, (૩) છઠ્ઠેશ શુક્ર પોતે લગ્નને જુએ છે, (૪) પરાક્રમેશ શનિની મંગળ પર ૧૦મી દૃષ્ટિ તથા પરાક્રમેશ શનિ પર મંગળની ચોથી દૃષ્ટિ, (૫) કેન્દ્રમાં શુક્ર બુધ શુભ ગ્રહો, રાહુ-કેતુ પાપ ગ્રહો, (૬) શનિ મંગળ સ્કવેર તથા શનિ+મંગળ (૪-૧૦) દૃષ્ટિ, (૭) ચંદ્ર-ગુરુ યુતિ તથા ચંદ્ર-મંગળ યુતિ, (૮) તુલાનો શનિ, (૯) ધનેશ શનિ લાભે, લાભેશ શુક્ર કેન્દ્રમાં.

ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડીઓ, રમતવીરોની જન્મપત્રિકાઓ ઉપર જોઈ. હવે થોડા આંતરરાષ્ટ્રીય વિશ્વના અલગ અલગ દેશોના ખ્યાતનામ ક્રિકેટરોની જન્મપત્રિકાઓ પણ ચકાશીએ.

કુંડળી નંબર : ૧૩
જન્મ તારીખ ૩-૭-૧૯૫૧

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૩	૩	૩	૩	૩	૧૨	૫	૬	૧૧

આ કુંડળી નંબર તેર ન્યુઝીલૅન્ડ ક્રિકેટ ટીમના ખેલાડી રિચાર્ડ હેડલીની છે. તેની પત્રિકામાં યોગો જોઈએ તો (૧) લગ્નેશ બુધ લગ્ને, લગ્નેશ બુધ સાથે મંગળ તથા શનિની પણ ૧૦મી દૃષ્ટિ લગ્ને તથા લગ્નેશ પર, (૨) પરાક્રમેશ સૂર્ય લગ્નેશ સાથે લગ્ને, ધનેશ ચંદ્ર સાથે લગ્ને, લાભેશ મંગળ સાથે લગ્ને તથા ભાગ્યેશ શનિની પરાક્રમેશ સૂર્ય પર દૃષ્ટિ, (૩) છઠ્ઠેશ મંગળ લગ્ને તથા તેના પર શનિની દૃષ્ટિ, (૪) પરાક્રમેશ સૂર્ય સાથે મંગળ તથા તેના પર શનિની દૃષ્ટિ, (૫) ચંદ્ર-બુધ-ગુરુ શુભ ગ્રહો તથા શનિ સૂર્ય મંગળ પાપ ગ્રહો કેન્દ્રમાં, (૬) શનિ મંગળ કેન્દ્રમાં, શનિ મંગળ સ્કવેર તથા શનિ મંગળ એકબીજાની દૃષ્ટિમાં, (૭) ચંદ્ર મંગળ લગ્ને યુતિ, (૮) લગ્નેશ ધનેશ લગ્ને, ભાગ્યેશ અને લાભેશ મંગળ કેન્દ્રમાં. આમ આ ક્રિકેટરની પત્રિકામાં આઠ યોગો છે.

કુંડળી નંબર : ૧૪
જન્મ તારીખ ૨૫-૧૧-૫૨

લ. સૂ. ચં. મં. બુ. ગુ. શુ. શ. રા.
૯ ૦૩ ૧૧ ૧૦ ૮ ૧ ૯ ૭ ૧૦

આ કુંડળી નંબર ૧૪ – પાકિસ્તાનના ખૂંખાર ઝંઝાવાતી ફાસ્ટ બૉલર તથા બૅટ્સમૅન તથા પાકિસ્તાની ક્રિકેટ ટીમના હાલના કપ્તાનપદે છે તે ઈમરાન ખાનની આ પત્રિકા છે. કુંડળીમાં યોગો જોઈએ તો (૧) લગ્નેશ ગુરુ પર મંગળની ચોથી દૃષ્ટિ, તથા શનિની સાતમી દૃષ્ટિ તથા લગ્ને શનિની ૩જી દૃષ્ટિ, (૨) પરાક્રમેશ શનિની લગ્નેશ ગુરુ પર તથા લાભેશ શુક્ર પર દૃષ્ટિ, (૩) છઠ્ઠેશ શુક્ર લગ્ને, તેના પર શનિની દૃષ્ટિ, (૪) શુક્ર શુભ ગ્રહ તથા સૂર્ય પાપ ગ્રહ કેન્દ્રમાં, (૫) શનિ મંગળ સ્કવેર, (૬) મકરનો મંગળ, (૭) તુલાનો શનિ, (૮) લગ્નેશ ગુરુ ત્રિકોણે, ધનેશ શનિ લાભે, લાભેશ શુક્ર લગ્ને, ભાગ્યેશ સૂર્ય કેન્દ્રમાં. આમ આઠ યોગો આ કુંડળીમાં છે.

કુંડળી નંબર : ૧૫
જન્મ તારીખ ૧૨-૬-૫૭

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૫	૨	૫	૪	૨	૫	૩	૮	૭

આ કુંડળી નંબર-૧૫ – પાકિસ્તાનના ઓલરાઉન્ડર ખેલાડી, ગમે તેવી બાજીનુ ગમે તે પરિણામ લાવી શકનાર, પલટી શકનાર ખેલાડી જાવેદ મિયાંદાદની આ પત્રિકા છે. આ કુંડળીમાં યોગો જોઈએ તો (૧) લગ્નેશ સૂર્ય પર શનિની દૃષ્ટિ તથા લગ્ને શનિની દૃષ્ટિ, (૨) છઠ્ઠેશ શનિની ત્રીજી દૃષ્ટિ દશે. (૩) ચંદ્ર-બુધ-ગુરુ શુભ ગ્રહો તથા સૂર્ય શનિ પાપ ગ્રહો કેન્દ્રમાં, (૪) શનિ કેન્દ્રમાં, (૫) ચંદ્ર ગુરુ યુતિ લગ્ને, (૬) લગ્નેશ સૂર્ય તથા ધનેશ લાભેશ બુધ કેન્દ્રમાં. આમ કુલ્લે ૬ યોગો જાવેદ મિયાંદાદની પત્રિકામાં છે.

કુંડળી નંબર : ૧૬
જન્મ તારીખ ૭-૩-૫૨

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૮	૧૧	૮	૭	૧૨	૧૨	૧૦	૬	૧૧

આ કુંડળી નંબર સોળ વેસ્ટ ઈન્ડિઝના કૅપ્ટન રિચાર્ડસની છે. જેઓની પત્રિકામાં (૧) પરાક્રમેશ શનિની ધનેશ ગુરુ પર સાતમી દૃષ્ટિ, ભાગ્યેશ ચંદ્ર પર ત્રીજી દૃષ્ટિ તથા લાભેશ બુધ પર સાતમી દૃષ્ટિ, (૨) છઠ્ઠેશ મંગળની દશે દૃષ્ટિ, (૩) કેન્દ્રમાં શુભ ગ્રહ ચંદ્ર તથા પાપ ગ્રહો સૂર્ય-રાહુ-કેતુ, (૪) ચંદ્ર પર ગુરુની ૯મી દૃષ્ટિ, (૫) ધનેશ ગુરુ ત્રિકોણે, ભાગ્યેશ ચંદ્ર લગ્ને તથા લાભેશ બુધ ત્રિકોણે.

કુંડળી નંબર : ૧૭
જન્મ તારીખ ૨૪-૧૧-૫૫

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૯	૮	૧૧	૭	૭	૫	૮	૮	૮

આ કુંડળી નંબર સત્તર ઇંગ્લૅન્ડની ટીમનો વિશ્વવિખ્યાત લોકપ્રિય ઓલરાઉન્ડર ખેલાડી ઇયાન બોથમ છે. તેની પત્રિકામાં (૧) લગ્ને લગ્નેશની દૃષ્ટિ તથા લગ્નેશ ગુરુ પર શનિની ૧૦મી દૃષ્ટિ છે, (૨) પરાક્રમેશ શનિની લગ્નેશ ગુરુ પર દશમી દૃષ્ટિ, ભાગ્યેશ સૂર્ય તથા લાભેશ શુક્ર સાથે જ યુતિમાં, (૩) છઠ્ઠેશ શુક્ર, શનિ સાથે તેમ જ દશે દૃષ્ટિ, (૪) ચંદ્ર પર ગુરુની દૃષ્ટિ, (૫) લગ્નેશ ગુરુ ભાગ્યમાં. આમ આ કુંડળીમાં પાંચ યોગો છે

કુંડળી નંબર : ૧૮
જન્મ તારીખ ૧૮-૪-૫૮

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૧	૧	૧૨	૧૧	૧	૭	૧૧	૯	૭

વિશ્વના સૌથી ફાસ્ટ બૉલર તરીકે પ્રખ્યાતિ ધરાવતા ખેલાડી માર્શલની આ કુંડળી નંબર ૧૮ છે. તેની પત્રિકામાં (૧) લગ્નેશ મંગળ પર શનિની ત્રીજી દૃષ્ટિ, (૨) પરાક્રમેશ બુધ પર ભાગ્યેશ ગુરુની ૭મી દૃષ્ટિ, (૩) છઠ્ઠેશ બુધ લગ્ને, (૪) ગુરુ-બુધ શુભ ગ્રહો તથા સૂર્ય-કેતુ-રાહુ પાપ ગ્રહો કેન્દ્રમાં, (૫) મંગળ પર શનિની ૩જી દૃષ્ટિ (૬) લગ્નેશ મંગળ લાભે, ધનેશ શુક્ર લાભે, ભાગ્યેશ ગુરુ કેન્દ્રમાં તથા લાભેશ શનિ ભાગ્યમાં. આમ આ માર્શલની કુંડળીમાં કુલ્લે ૬ યોગો છે.

આમ ઉપરની ૧૮ કુંડળીમાં યોગો તપાસ્યા. અભ્યાસની દૃષ્ટિએ વાચકમિત્રો તમે પણ આવી રમતવીરોની પત્રિકાઓમાં યોગો તપાસી જોશો. ઉપર જણાવેલા યોગોમાંથી વધુમાં વધુ યોગો તમારી જન્મપત્રિકામાં હોય તો એટલું ચોક્કસ કે તમે જે તે ક્ષેત્રની અલગ અલગ સ્પોર્ટ્સ રમતોમાં આગળ જઈ જ શકો તેમાં કોઈ શંકાને સ્થાન નથી. અહીં માત્ર ક્રિકેટરોની જ પત્રિકાઓ રજૂ કરી છે. આવી જ ઉપર લેખની શરૂઆતમાં બતાવેલી રમતગમતોમાં પણ ઉપરના યોગો વિચારી શકાય. અલગ અલગ રમતના અલગ અલગ ખેલાડીઓની જન્મપત્રિકા

તમારી પાસે અભ્યાસમાં આવી હોય તો મને જરૂર મોકલશો. હા, એટલું ચોક્કસ કે વગર ઓળખાણે કે લાગવગે ઉપરના યોગોમાંથી તમારી જન્મપત્રિકામાં વધુમાં વધુ યોગો હશે તો જે તે સ્પોર્ટ્સમાં આપને રસ હશે છતાં જે તે સ્પોર્ટ્સ રમતો માત્ર શહેરની ગલીઓમાં કે ખુલ્લા રસ્તાઓ પર કે મેદાન પર રમત રમી લઈ સંતોષ માનતા હશો, કે પછી રેડિયો કે ટીવી સ્ક્રીન પર સાંભળી કે જોઈ લંઈ રસ પૂરો કરવો રહ્યો. આપ સર્વે વાચકમિત્રો આપનાં સૂચનો, પ્રત્યાઘાતો મને જરૂરથી જણાવશો. કાંઈ ભૂલ રહી ગઈ હોય તો સુધારી લેશો.

●

એક ઉદ્યોગપતિ ચોકડી

(૨૪મા પાનાથી ચાલુ)

૧. નીચેની કુંડળી જાણીતા ઉદ્યોગપતિ શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈની છે.

લગ્ન	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૪	૯	૬	૧	૮	૩	૯	૭	૧૨

યોગવિવરણ :-

લગ્ન યોગ - નથી.

લગ્નેશ યોગ - નથી.

કારક ગ્રહ યોગ :- ઉચ્ચનો શનિ અને સ્વગૃહી મંગળ પરસ્પર દૃષ્ટિ કરે છે. ધનનો શુક્ર અને મિથુનનો ગુરુ પરસ્પર દૃષ્ટિ કરે છે.

સ્થાનેશ યોગ :- દ્વિતીયેશ સૂર્ય અને ભાગ્યેશ ગુરુની પ્રતિયુતિ છે. દ્વિતીયેશ સૂર્ય અને લાભેશ શુક્રની ધન રાશિમાં યુતિ છે. તેના પર ગુરુની પૂર્ણ દૃષ્ટિ છે. સપ્તમેશ શનિ ઉચ્ચનો છે. તેના પર દશમેશ મંગળની દૃષ્ટિ છે. સપ્તમેશ શનિ પર ભાગ્યેશ ગુરુની દૃષ્ટિ છે. લાભેશ શુક્ર અને દ્વિતીયેશ સૂર્ય પર સપ્તમેશ શનિની એકતર દૃષ્ટિ છે.

કારક+સ્થાનેશ યોગ :- ઉપરના 'સ્થાનેશ યોગ' મુજબના તમામ યોગો આ પ્રખ્યાત ઉદ્યોગપતિએ વિવિધ પ્રકારના ઉદ્યોગોમાં રિદ્ધિ-સિદ્ધિ માન-પ્રતિષ્ઠા હોદ્દો પ્રાપ્ત કરેલ છે.

(૨) નીચેની કુંડળી ઉદ્યોગસમ્રાટ શ્રી જુગલકિશોર બિરલાની છે.

લગ્ન	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૩	૨	૮	૧	૨	૩	૧	૨	૭

યોગવિવરણ :-

લગ્ન યોગ :- નથી.

લગ્નેશ યોગ :- લગ્નેશ બુધ વૃષભ રાશિમાં છે.

કારક ગ્રહ યોગ : મંગળ-શુક્રની યુતિ મેષ રાશિમાં છે. લગ્નમાં રહેલ ગુરુ, તુલા, ધન અને કુંભ રાશિ પર દૃષ્ટિ કરે છે. વૃષભનો શનિ કુંભ રાશિ પર (નવમા સ્થાન પર) દૃષ્ટિ કરે છે.

સ્થાનેશ યોગ - દ્વિતીયેશ ચંદ્ર પર, ભાગ્યેશ શનિની સિધી તથા લાભેશ મંગળની એકતર દૃષ્ટિ છે.

કારક+સ્થાનેશ યોગ :- લાભેશ મંગળ અને શુક્રની યુતિ થયેલી છે.

આ ઉદ્યોગસમ્રાટે પણ પોતાના અનેકવિધ ઔદ્યોગિક સામ્રાજ્યમાં અઢળક સમૃદ્ધિ તથા પ્રતિષ્ઠા હાંસલ કરેલ છે.

(૩) નીચેની કુંડળી પ્રખ્યાત મિલ-એજન્ટ અને મિલ-ઉદ્યોગ સાથે સંકલિત શ્રી મદનમોહન મંગળદાસની છે.

લગ્ન	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૨	૬	૨	૪	૬	૨	૭	૪	૯

યોગ વિવરણ :-

લગ્નયોગ :- વૃષભ લગ્ન છે.

લગ્નેશ યોગ :- લગ્નેશ શુક્ર સ્વગૃહી-તુલા રાશીમાં છે.

કારકગ્રહ યોગ :- ત્રીજા સ્થાનમાં રહેલી શનિ-મંગળની યુતિની દૃષ્ટિ નવમે છે. લગ્નેશ ગુરુની દૃષ્ટિ નવમે છે. શુક્ર પર તેમ જ દશમ સ્થાન પર મંગળની એકતર દૃષ્ટિ છે.

સ્થાનેશ યોગ :- દ્વિતીયેશ બુધ પર ભાગ્યેશ-દશમેશ શનિની દૃષ્ટિ છે. સપ્તમેશ મંગળ અને દશમેશ શનિની યુતિ છે. દ્વિતીયેશ બુધ પર લાભેશ ગુરુની એકતર દૃષ્ટિ છે.

કારક+સ્થાનેશ યોગ : ઉપર્યુક્ત ૩ અને ૪માં તેનો સમાવેશ થઈ જાય છે.

(૪) નીચેની કુંડળી કોલસાની ખાણો અને અન્ય ખનીજ પદાર્થોને લગતા ઉદ્યોગોમાં હિત ધરાવતી એક સમૃદ્ધ વ્યક્તિની છે.

લગ્ન	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૩	૧૧	૧૦	૪	૧૦	૩	૯	૯	૧૨

યોગ વિવરણ :

લગ્ન યોગ :- નથી

લગ્નેશ યોગ : લગ્નેશ બુધ પૃથ્વીતત્ત્વની મકર રાશિમાં છે.

કારક ગ્રહ યોગ :- બીજે રહેલા મંગળની ભાગ્યસ્થાન પર એકતર દૃષ્ટિ છે. મંગળ ભૂમિપુત્ર હોવાથી ખનીજ પદાર્થોનું વ્યાવસાયિક વલણ દર્શાવે છે. લગ્નમાં રહેલ ગુરુની ભાગ્યસ્થાન પર દૃષ્ટિ છે. અગ્નિતત્ત્વની ધન રાશિમાં શુક્ર-શનિની યુતિ છે. શનિની ભાગ્યસ્થાન પર એકતર દૃષ્ટિ છે. ગુરુની શુક્ર-શનિ પર પૂર્ણ દૃષ્ટિ છે. તેઓ પરસ્પર પ્રતિયુતિમાં છે.

સ્થાનેશ યોગ :- દ્વિતીયશે ચંદ્ર મકર રાશિમાં આઠમે રહીને બીજે દૃષ્ટિ કરે છે. સપ્તમેશ ગુરુની પાંચમે, સાતમે અને નવમે દૃષ્ટિ છે. સપ્તમેશ ગુરુ અને ભાગ્યેશ શનિની પ્રતિયુતિ છે.

કારક+સ્થાનેશ યોગ :- ઉપરના નં. ૩ અને ૪માં સમાવેશ થઈ જાય છે.

(૫) નીચેની કુંડળી "કેમિકલ ઉદ્યોગ" સાથે સંકળાયેલ એક નામાંકિત વ્યક્તિની છે.

લગ્ન	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૮	૭	૧૨	૫	૮	૪	૬	૫	૮

યોગ વિવરણ :-

લગ્ન યોગ :- વૃશ્ચિક લગ્ન છે.

લગ્નેશ યોગ :- લગ્નેશ મંગળ દશમે રહીને લગ્નને-વૃશ્ચિક રાશિને જુએ છે.

કારક ગ્રહ યોગ :- શનિ-મંગળની યુતિ દશમે થયેલી છે.

ભાગ્યમાં ઉચ્ચનો ગુરુ છે. જ્યારે અગિયારમે સપ્તમેશ શુક્ર છે.

સ્થાનેશ યોગ :- દ્વિતીયેશ ગુરુ ભાગ્યમાં ઉચ્ચનો થઈને રહેલો છે. ભાગ્યેશ ચંદ્ર પાંચમે જળતત્ત્વની મીન રાશિમાં રહેલો છે.

કારક+સ્થાનેશ યોગ : ઉપરના નં. ૩ અને ૪માં આવી જાય છે.

આ કુંડળીમાં જળતત્ત્વની ત્રણે - કર્ક, વૃશ્ચિક અને મીન રાશિઓ બળવત્તર બનતી હોવાથી પ્રવાહી-રસાયણોના ધંધામાં આ વ્યક્તિઓ સારી સિદ્ધિ હાંસલ કરી છે.

(૬) છેલ્લે, મોટર ઉદ્યોગના પિતા હેન્રીફોર્ડની કુંડળી જોઈએ.

લગ્ન	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૮	૪	૧૦	૫	૬	૭	૬	૬	૮

લગ્ન યોગ :- વૃશ્ચિક લગ્ન છે.

લગ્નેશ યોગ :- લગ્નેશ મંગળ દશમે રહીને કુંભ તથા વૃશ્ચિક રાશિને જુએ છે.

કારક ગ્રહ યોગ :- શુક્ર-શનિની યુતિ અગિયારમે છે. શનિની લગ્ન પર એકતર દૃષ્ટિ છે. ગુરુ 'તુલા' રાશિમાં રહીને 'મેષ' રાશિને જુએ છે.

સ્થાનેશ યોગ :- દ્વિતીયેશ ગુરુની કુંભ રાશિ પર દૃષ્ટિ છે. મકર રાશિ સ્થિત, ભાગ્યેશ ચંદ્ર ભાગ્યસ્થાન પર દૃષ્ટિ કરે છે. સપ્તમેશ શુક્ર અને શનિની યુતિ લાભસ્થાનમાં થયેલી છે. વળી, લાભેશ બુધ પણ ઉચ્ચનો થઈ લાભસ્થાનમાં રહેલો છે. દશમેશ સૂર્ય અને ભાગ્યેશ ચંદ્રની પ્રતિયુતિ છે.

કારક+સ્થાનેશ યોગ :- ઉપરના નં. ૩ અને ૪માં સમાવેશ થઈ જાય છે.

* આમ, ઔદ્યોગિક ક્ષેત્રે, મંગળ, ગુરુ, શુક્ર અને શનિ, તેમની સ્વરાશિઓ તથા તેને અનુરૂપ જન્મકુંડળીનાં વિશિષ્ટ સ્થાનોનું વર્ચસ્વ-મહત્ત્વ-સઉદાહરણ સમજ્યા બાદ વાચકોના સ્વઅધ્યયનાર્થે નીચે કેટલીક કુંડળીઓની વિગતો દર્શાવી છે તે પરથી જ્યોતિષ રસજ્ઞો આપમેળે ઉપર્યુક્ત સિદ્ધાંતોની ચકાસણી કરી લે તેવી વિનંતી.

ક્રમ.	લગ્ન	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.	ઉદ્યોગપતિ
૧	૧૧	૪	૧૧	૪	૫	૧૨	૪	૧૦	૫	જે.આર.ડી. તાતા
૨	૧૦	૭	૧૦	૫	૮	૪	૫	૫	૮	જયકૃષ્ણ હરિવલ્લભ
૩	૪	૧૨	૯	૫	૧	૨	૧૧	૪	૯	અરવિંદ નરોત્તમ
૪	૬	૧	૭	૧૦	૧	૧૨	૩	૬	૧	રામેશ્વર બિરલા

કલા, સંગીત અને જ્યોતિષ

(૨૨મા પાનાથી ચાલુ)

આવા જાતકને સુષિર વાદ્યમાં રસ હોય છે. તંતુવાદ્યોનો સંબંધ જળતત્વ રાશિ સાથે છે. હાથનાં ઉપયોગ વડે અને પ્રહાર વડે વગાડાતાં વાદ્યો માટે ખાસ કરીને પૃથ્વીતત્વની વૃષભ અને મકર રાશિ ભાગ ભજવે છે. જ્યારે જળતત્વની કર્ક અને મીન રાશિ એ તંતુવાદ્ય માટે અગત્યની છે. દા. ત. ગિટાર (પાશ્ચાત્ય સંગીત) વીણા સંતુર, સિતાર (શાસ્રીય પૂર્વીય સંગીત).

(૧૪) બળવાન બુધ જાતકને વકતૃત્વ કલા આપે છે. બીજા સ્થાનના અધિપતિ સાથે બુધનો સંબંધ મંગળથી યુક્ત હોય તો જાતક જુસ્સાદાર, છટાદાર રીતે વકતૃત્વ સ્પર્ધામાં બોલી શકે છે.

(૧૫) છઠ્ઠા સ્થાનનો સંબંધ કોઈ પણ પ્રકારની સ્પર્ધા યા હરીફાઈ સાથે છે. કલા વિષયક યોગમાં છઠ્ઠું સ્થાન બળવાન રીતે સંબોધિત હોય તો જાતકને સ્પર્ધાઓમાં વિજેતાપદ અપાવે છે. છઠ્ઠા સ્થાનના અધિપતિની અંતર્દશામાં જાતકને સ્પર્ધાઓમાં વિજયી થવાનું ભાગ્ય સાંપડે છે. બળવાન સૂર્ય છઠ્ઠા કે અગિયારમા સ્થાન સાથે સંબંધિત હોય તો સુવર્ણચંદ્રક વિજેતા કે ઇનામ - અકરામના હકદાર બનાવે છે.

(૧૬) મિથુન રાશિનો પણ વાજિંત્ર સાથે સંબંધ જોવા મળે છે. ત્રીજા સ્થાનનો - મિથુન રાશિનો સંબંધ રેડિયો - ટી.વી. અને બીજાં પ્રચાર માધ્યમો સાથે પણ છે.

(૧૭) ગાવાના શોખ માટે બીજું સ્થાન મહત્વનું બની રહે છે. સૌમ્ય કંઠ હોવા માટે વૃષભ રાશિને પણ ધ્યાનમાં લેવી જોઇએ. બીજા સ્થાન સાથે ગુરુનો દૃષ્ટિસંબંધ એ વાણીમાં એક અજબ સૌમ્યતા માર્દવ અને મીઠાશ આપે છે.

(૧૮) લગ્નેશ તૃતીયેશનો પરિવર્તન યોગ જ્યારે ચંદ્ર - શુક્ર દ્વારા થાય અને મંગળ પણ સંબંધિત હોય તો જાતકને વિશિષ્ટ કલાદૃષ્ટિ અને કલાને સુંદર રીતે અભિવ્યક્ત કરવાની આવડત આપે છે. દા.ત. વૃષભ લગ્નની કુંડળીમાં કર્કના શુક્ર મંગળ અને લગ્ને ચંદ્ર ગુરુ - જાતક એક સારો સ્ટેજ સિંગર બને છે.

(૧૯) કુંડળીમાં જ્યારે ઉપર જણાવેલી રાશિઓનું લગ્ન હોય અને કુંડળીમાં શુક્ર વર્ગોત્તમી હોય અને ચંદ્ર ઉપર્યુક્ત રાશિઓમાં હોય તોપણ જાતક વિવિધ કળાઓમાં શોખીન થાય છે. જો બળવાન ગુરુ કુંડળીમાં ખૂબ અસરકર્તા હોય તો આવા જાતકની બહુમુખી પ્રતિભા હોય છે. એક કરતાં વધુ વિષયોમાં જાણકાર હોય છે.

(૨૦) ચંદ્ર એ જાતકનું મન છે. લગ્ન સ્થાન એ વ્યક્તિનું અંતઃતત્વ છે. (Individuality) તેથી કલાકારની કુંડળીના આ બે પાસાંનો યોગ્ય અભ્યાસ કરવાથી તેની કલાના ક્ષેત્રમાં કયા 'રસ' પ્રત્યે અભિરુચિ છે તે નક્કી કરી શકાય છે. દા.ત. પૂર્ણ રીતે શુક્રની અસર લગ્ન અથવા ચંદ્ર ઉપર હોય તો રોમાંસયુક્ત ગીતો, અભિનય, કાવ્ય, ચિત્રો કે શિલ્પ રચાય છે. જો શનિની અસર હોય તો કરુણતા સૂચવાય છે. સ્વ. મૂકેશની કુંડળીમાં લગ્ને કન્યાના શનિ દ્વારા સૂચવાતા એમના અંતરના કોઇક ગૂઢ વિષાદને એમણે ગીતોમાં સ્વર અને શબ્દોમાં વ્યક્ત કર્યો. 'ટ્રેજેડી ક્વિન'નું બિરુદ પામેલી સ્વ. મીનાકુમારી જેવી જાજરમાન અભિનેત્રીની સિંહ લગ્નની કુંડળીમાં પણ બારમા સ્થાને રહેલ લગ્નેશ સૂર્ય પર શનિની સાતમી દૃષ્ટિ હતી.

(૨૧) મીન લગ્ન માટે મંગળ એPar Excellence યોગકારક ગ્રહ છે. તેથી ચંદ્ર અને શુક્ર પરસ્પર કેન્દ્રમાં હોય અને અથવા ચંદ્ર કે શુક્ર ઉપર મંગળની દૃષ્ટિ હોય તેમ જ મંગળ ત્રીજા સ્થાન પર દૃષ્ટિ કરતો હોય તો આવા જાતકને કલાની અભિવ્યક્તિ દ્વારા ધન અને માન મળે છે.

(૨૨) આવા અનેક યોગોનો અભ્યાસ કર્યા પછી વાચકો પોતાની કુંડળીમાં આવા યોગો છે કે નહિ તે તપાસી જોશે. કેટલાંય ઉત્સાહી વાચકો અને આવા યોગ ધરાવનાર જાતકો સંગીત કે બીજી કોઇ કળા શીખવા તરફ પ્રેરાશે તો એના માટે ઉત્તમ સમય પણ જાણી લો : શુક્ર જે સ્થાનમાં પડયો હોય તે સ્થાનથી ત્રિકોણ સ્થાનમાં (તે સ્થાન સહિત) ગુરુ પસાર થાય અર્થાત્ જન્મના શુક્ર ઉપર જ્યારે ગોચરના ગુરુની પૂર્ણ દૃષ્ટિ હોય ત્યારે તે કળાના જ્ઞાન માટેનો સમય છે. વધુમાં યોગ ધરાવતા જાતકની મહાદશા અંતર્દશામાં પણ જ્યારે શુક્રની અંતર્દશા - સૂક્ષ્મ દશા આવતી હોય તો તે પણ આ માટે મહત્વની સાબિત થાય છે. આવા વર્ષમાં પણ જ્યારે સૂર્ય શુક્ર ઉપરથી અથવા શુક્રના નક્ષત્રમાંથી પસાર થાય ત્યારે કલા શીખવાની સારી તકો ઊભી થાય છે. કલાકારનું સંવેદનશીલ મન ધરાવતા જાતકો માટે ગોચરમાં પણ જ્યારે જ્યારે ચંદ્ર જન્મના શુક્ર અથવા ચંદ્ર ઉપરથી અથવા તેના નક્ષત્રમાંથી પસાર થાય ત્યારે નવી રચના, નવી કૃતિ, નવું સંગીત અથવા તો કલાના ક્ષેત્રમાં નવીન અનુભવો થતાં હોય છે જેની અસરની પશ્ચાદ્‌ભૂમિમાં એક કલાકૃતિનું બીજ છુપાયેલું હોવાની શક્યતાઓ ઘણી હોય છે.

(૨૩) દરેક વ્યક્તિ મહાન કલાકાર બની શકતી નથી. જ્યોતિષશાસ્રની દૃષ્ટિએ વ્યક્તિના લગ્નનું પૂર્ણ બળ, તેની વિવિધ પ્રકારે નક્કી થતી strength (દા. .ત. નવમાંશ અષ્ટકવર્ગ) એનું 'ભાગ્ય' વગેરે ખૂબ ભાગ ભજવે છે. તાત્વિક દૃષ્ટિએ જોઇએ તો વ્યક્તિના સંચિત કર્મોને આધારે એનું ભાગ્ય ઘડાતું હોય છે. તેથી જ પહેલી નજરે દેખાતી સમાનતામાં વિસંગતિ હોય છે. ઉપર દર્શાવેલા યોગોમાંથી એકાદ યોગ પણ થતો હોય તો 'સામાન્ય' વ્યક્તિ પણ કલા પ્રત્યે એક અભિગમ Attitude તો ધરાવતી હશે જ. ભલે તેની કક્ષા એ Stage – 'Actor' કરતાં પ્રેક્ષક - શ્રોતાની હોય. તે સારો પ્રશંસક કે વિવેચક તો હોય જ છે.

નીચે આપેલી કેટલીક કુંડળીઓના અભ્યાસ પરથી ઉપર્યુક્ત યોગોની સાર્થકતા સમજાશે :

(૧) લ. સૂ. ચં. મં. બુ. ગુ. શુ. શ. રા. હ. (૧) ને.
(૧)
૧૨ ૧૧ ૭ ૧૧ ૧૧ ૧૨ ૧ ૧૧ ૩ ૫
૭

(૧) મીન લગ્ન, લગ્નેશ મીન રાશિમાં છે (૨) ચંદ્ર તુલામાં નેપ્ચ્યુન સાથે છે (૩) શુક્ર મેષમાં છે. અને (૪) તુલાના ચંદ્રથી કેન્દ્રમાં છે (૫) ત્રીજા સ્થાન ઉપર મંગળની દૃષ્ટિ છે (૬) ત્રીજાનો અધિપતિ થઇને શુક્ર બીજા સ્થાનમાં છે. જાતકને મુખ દ્વારા વગાડાતા શુષિર વાદ્ય (વાંસળી)નો શોખ છે. કાવ્યરચના તેમ જ ઉચ્ચ સાહિત્યનો પણ શોખ છે. (૭) વર્ગોત્તમી શુક્ર સાથે વર્ગોત્તમી ગુરુ પાંચ અંશના અંતરે છે. સુગમ શાસ્રીય સંગીતનો શોખ છે. જાતકે તુલા રાશિના ગોચર ગુરુ દરમિયાન સંગીતનો અભ્યાસ શરૂ કર્યો હતો. સૂર્ય છઠ્ઠાના અધિપતિની અંતર્દશામાં ગાવા માટે તેમ જ વકતૃત્વ સ્પર્ધા માટે ચંદ્રકો પણ મળેલ છે. (મંગળ) દ્વિતીયેશ) અને બુધની યુતિ છે).

(૨) લ. સૂ. ચં. મં. બુ. ગુ. શુ. શ. રા. હ. નેપ.
૭ ૧૧ ૩ ૪ ૧૧ ૧૧ ૧૦ ૧૦ ૪ ૫ ૭

(૧) તુલા લગ્ન (૨) લગ્નમાં નેપ્ચ્યુન (૩) લગ્નેશ શુક્ર મકર રાશિમાં (૪) શુક્ર - શનિની યુતિ મંગળની દૃષ્ટિ (૫) દસમાં સ્થાનનો સંબંધ જાતક વ્યાવસાયિક રીતે કલાકાર છે. હારમોનિયમ, તબલાં તેમ જ ઈલેક્ટ્રોનિક પ્રકારના વાદ્યો વગાડવામાં તેમ જ સંગીતની નવી તરજો બાંધવામાં (composition) સારી કુશળતા ધરાવે છે.

(૩) લ. સૂ. ચં. મં. બુ. ગુ. શુ. શ. રા. હ. ને.
૧ ૧ ૫ ૨ ૩ ૫ ૩ ૪ ૪ ૬ ૭
૮

(૧) લગ્નેશ શનિ શુક્ર સાથે કર્ક રાશિમાં છઠ્ઠા સ્થાને છે. (૨) સપ્તમ સ્થાનમાં સ્વગૃહી સૂર્ય અને બુધ છે (૩) વૃષભ રાશિનાં ચંદ્ર ઉપર નેપ્ચ્યુનની દૃષ્ટિ છે. (૪) ચંદ્ર શુક્રનો પરિવર્તન યોગ છે. બીજા - ત્રીજા (નવમા - દસમાના) અધિપતિની યુતિ પંચમ સ્થાનમાં છે.

જાતક ફક્ત દસ વર્ષની ઉંમર ધરાવે છે તેમ છતાં અનેક સ્પર્ધાઓમાં વિજેતા થઈને ઇનામો મેળવેલા છે. રેડિયો પર પણ ગીતો રજૂ કરેલ છે. સપ્તમ સ્થાન બળવાન હોવાથી અને દસમેશ લાભેશની યુતિ હોવાથી જાહેર સફળતા મળી છે.

ઉપરોક્ત કુંડળીઓમાં ઘણાં યોગોનો સમાવેશ થઇ જાય છે. દરેક યોગ માટે અલગ કુંડળી ચર્ચા વિસ્તારભયે શક્ય નથી. વાંચકો પોતાની રીતે જ એ યોગોને ચકાસી જોશે. વાચકોના અભિપ્રાય, સૂચનો અને કુંડળીઓ આવકાર્ય છે.

મેદનીય ફળાદેશમાં શનિ ગ્રહનું મહત્ત્વ

(૧૪મા પાનાથી ચાલુ)

યુક્ત હોય કે અશુભ દૃષ્ટિયોગ સંબંધમાં હોય અને વર્ષાકાળમાં રાહુ કે કેતુ જે રાશિમાં ગ્રહણો થાય છે અને ગ્રહણ સમયે ચતુર્થ કેન્દ્રમાં ઉપરોક્ત ગ્રહ સંબંધમાં અવતાં તે પ્રદેશમાં અતિવૃષ્ટિ થાય છે.

(૫) કુંડળીમાં શનિ ચોથે વાવાઝોડાં - વરસાદ.

(૬) ચાર, પાંચ કે વધુ ગ્રહો વાયુતત્ત્વની રાશિમાં શનિ સાથે હોતાં, એકાએક ભારે વાવાઝોડું - વર્ષા કરે છે.

(૭) શનિ, ગુરુ, મંગળ સૂર્યથી સરખા અંતરે હોય, સેક્સટાઈલમાં હોય અથવા પરસ્પર ટ્રાઈન આસ્પેક્ટમાં હોય ત્યારે વાતાવરણ ચુંબકીય તોફાનોથી મુક્ત હોય છે.

(૮) બુધ, ગુરુ, શનિ, નેપ્ચ્યુન સૂર્યમંડળની વચ્ચે આવવાથી આકાશમાં બહુ વાદળો, કડાકા-ભડાકા થાય પણ જોઈતો વરસાદ થાય નહિ.

(૯) શનિ-મંગળ સૂર્યની સાથે કર્તરીયોગ કરે તો ભારે વરસાદ, શનિ, સૂર્ય, મંગળ પ્રતિયોગ ઉનાળામાં લુ વધારે.

(૧૦) શુક્રથી શનિ મંગળ આગળ હોતાં વરસાદ સારો પડે.

(૧૧) અધિકમાસમાં જો શનિ બીજી રાશિમાં જાય તો પૃથ્વી ઉપર વીજળી પડે.

તુલા રાશિમાં ભારે વાવાઝોડાં કરે છે. સમુદ્રમાં ભારે મોજાં ઉત્પન્ન થાય છે. દરિયાકિનારે ભારે ખાનાખરાબી પણ થાય છે. તે બાબત આપણે પાછળના વર્ષ બાબતે ગુજરાતમાં બનેલો એક યોગ જોતાં તા. ૨૧-૧૦-૧૯૭૯ને દિવાળી આસપાસ ગુજરાતના કેટલાક ભાગોમાં એકાએક પવન ફૂંકાવો શરૂ થયો હતો. જે વખતે તુલા રાશિમાં સૂર્ય, ચંદ્ર, બુધ, હર્ષલ અને શુક્રનો સંયોગ હતો. શનિનો તુલા રાશિ ઉપર દૃષ્ટિ સંબંધ હતો.

નવેમ્બર, ૧૯૮૨માં સૌરાષ્ટ્રમાં ફૂંકાયેલા ખતરનાક વાવાઝોડામાં પણ શનિનો ઉદય, તુલા રાશિમાં સૂર્ય, બુધ, ગુરુ, શુક્ર, શનિ સંજોગ હતો.

આમ આવા કેટલાક બનાવો લેતાં પણ તુલાનો શનિ પ્રચંડ વાયુનો બોધ કરે છે. તે બાબતને સમર્થન મળશે.

શનિનું નક્ષત્ર ભ્રમણ :- વર્ષાદિ બાબતો માટે.

(૧) શનિ-મઘા, મૂળ, અનુરાધા, પુષ્ય કે પુનર્વસુમાં આવે ત્યારે દુષ્કાળમય.

(૨) શનિની તીવ્ર અસર ભરણી, કૃતિકા, આશ્લેષા અને વિશાખા નક્ષત્રમાં વધુ અનુભાવ છે.

(૩)નીચે શનિ છેડે નક્ષત્ર અને બંનેની વચમાં ગુરુનો ઉદય થાય તો મુશળયોગ કહેવાય છે તેથી પ્રજાને ઘણું નુકસાન થાય છે.

(૪) ધનિષ્ઠામાં મંગળ, શનિ અને શુક્ર હોય તો મેઘ ગાજે પણ વરસે નહિ.

(૫) આદ્રા, પૂ.ફા. શ્રવણ, પૂ.ભા. નક્ષતરમાં શનિનું ભ્રમણ વર્ષાપોષક રહે છે.

આ ઉપરાંત સપ્તનાડીચક્રમાં શનિનું નક્ષત્રફળ જોતાં.

(૬) પ્રચંડ નાડીનો શનિ મહાવાયુ કરે છે. ચંડ, વાત કે દહન નાડીમાં સૂર્ય, ચંદ્ર અને શનિ હોતાં વીજળી પડવાના બનાવો બને. જળનાડીમાં હોતાં વરસાદ થાય.

(૮) એક જ નાડીમાં સૂર્ય, ચંદ્ર અને શનિ શિયાળામાં હોતાં ઠંડી વધારે, ઉનાળામાં ગરમી વધારે અને ચોમાસામાં વરસાદ ઘણો થાય છે.

(૯) શનિની પ્રવૃત્તિ જળનાડીમાં વધારે હોતાં ભારે જલવૃષ્ટિ થાય છે.

(૧૦) જળનાડી નક્ષત્રમાં શનિ, મંગળ, હર્ષલ અશુભ સંબંધમાં હોતાં વૃષ્ટિયોગ ભંગ થાય છે.

શનિનું નક્ષત્ર ભ્રમણ :- ભાવ, રાજકીય તેમ અન્ય અસર. અશ્વિનીમાં હોતાં તલ, તેલ, પિત્તળ મોંઘું. પાછળથી સસ્તાઈ, ભરણીમાં રાજકર્તા ઉપર ભાર, કૃતિકામાં સોનું, રૂપું, દ્રવ્ય મોંઘાં. રોહિણી, મૃગશીર્ષમાં હાથીઓ ઉપર ભાર, પૂ.ફા.માં વિદ્વાન વર્ગને ચિંતા લોકોમાં ભય ફેલાય. હસ્ત, સ્વાતિ, વિશાખામાં રાજકર્તાઓને પીડા. અનુરાધા-જ્યેષ્ઠા દુષ્કાળભય, યુદ્ધ, ઉત્તર ભાદ્રપદ, રેવતીમાં રાજકર્તાથી ભય, રોગવૃદ્ધિ થાય છે.

ઉપર વર્ણવેલ નક્ષત્રોનાં સામાન્ય ફળ છે. આપણા સંહિતાવિષયક ગ્રંથોમાં આ બાબતે વિસ્તૃત વર્ણન છે. અત્રે નક્ષત્રોનું સામાન્ય ફળ જણાવેલ છે. જિજ્ઞાસુ ભાઈઓએ આ બાબતે નાડીગ્રંથો, વારાહીસંહિતા કે અન્ય મેદનીય ફળાદેશ કરતા ગ્રંથોમાં આ બાબતે ધ્યાન આપશે તો તેમને વિશેષ જાણવા મળશે.

આર્ય મેદનીય જ્યોતિષમાં નક્ષત્રના ભ્રમણ વિશે વિચારતાં તેમાં નક્ષત્રોને બે ભાગમાં વહેંચી નાખવામાં આવેલ છે. જેમાં (૧) ત્રીક, (૨) પંચક. ત્રીક વિભાગમાં અશ્વિની, ભરણી, કૃતિકા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મૂળ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા અને શ્રવણ આમ ૧૧ નક્ષત્રો છે. (૨) પંચક વિભાગમાં મૃગશીર્ષ, આદ્રા, પુનર્વસુ, પુષ્ય, આશ્લેષા, મઘા, પૂ.ફા. ઉ.ફા. હસ્ત, ચિત્રા, ધનિષ્ઠા, શતતારક, પૂર્વા ભાદ્રપદા, ઉત્તર ભાદ્રપદા અને રેવતી છે. રોહિણી નક્ષત્રને મુખ્ય ગણવામાં આવેલ હોવાથી આમાં તેની ગણતરી થતી નથી.

પંચક નક્ષત્રોમાં ગુરુ સાથે મંગળ, રાહુ કે શનિ એક રાશિમાં કે એક નક્ષતરમાં હોય તો ઉત્તરોઉત્તર દુષ્કાળ પડે અને કલેશ થાય. ત્રીક નક્ષતરમાં ભ્રમણ :કરનાર ગુરુ સાથે શનિ, રાહુ, મંગળમાંથી કોઈ અગર બધા સાથે થઈ જાય તો સુકાળ પ્રવર્તે.

આમ ઉપરની રીતે આપણે શનિ ગ્રહના બાબતે મેદનીય ફળાદેશ પરત્વેના કેટલાક સામાન્ય નિયમોની ચર્ચા કરી. પરંતુ આ બાબતે ફળાદેશ પરત્વે જોઈએ તો, તેમાં રાશિદ્યોતક ગ્રહો બળવાન હશે તો જ તેના ફળ તેને રાશિદર્શક પૃથ્વી સંબંધી ભાગો ઉપર થશે.

સામાન્ય રીતે મંદ ગ્રહોના ભ્રમણોમાં તેનું સંબંધિત ગ્રહોની મિશ્ર અસર પ્રમાણે ફળ મળે છે. પરંતુ મંદ ગ્રહોમાં ઇતર ગ્રહ સંબંધથી પૃથ્વી ઉપરનો જે રાશિદ્યોતક ભાગ બળવાન થશે ત્યાં તેની સંયુક્ત અસરથી ચરાચર પરિણામ પ્રાપ્ત થશે. પરંતુ મંદ ગ્રહો કરતાં ઇત્ર ગ્રહો બળવાન હશે તો ત્યાં મંદ ગ્રહ ઇતર ગ્રહ સંબંધે વધુ ફળ આપશે. જેમ કે યુરેનસ, નેપ્ચ્યુન કે ગુરુની અલગ અલગ કે સંયુક્ત અસરોને પરિણામે ધરતીકંપ જેવી ઘટના થાય છે. ત્યાં જો યુરેનસ, નેપ્ચ્યુન કે ગુરુ અલગ રીતે કે સંયુક્ત અસરથી બળવાન હશે અને શનિ સાથે સંબંધિત હશે પરંતુ ત્યાં બળવાન ગ્રહોની સંયુક્ત કે અલગ અસર મુજબ પરિણામ નીપજશે. જેમકે હર્ષલ રાશિ બદલે છે અને શનિ સાથે સંબંધિત થાય છે. પરંતુ હર્ષલની રાશિ બદલવાની સ્થિતિ બળવાન ગણાશે અને ફળ હર્ષલ મુજબ મળશે. શનિ તેનો સહાયક ગ્રહ ગણાશે.

ગ્રહયોગોને લીધે કોઈ ચોક્કસ સ્થળે કુદરતી આફતો આવશે એમ કહેવું ઠીક નથી.

જગતની ભૂ-રચના જુદીજુદી છે. કુદરતી આફતો જેવી કે જ્વાળામુખી ફાટવા, ધરતીકંપ થવા જેવી ક્રિયાઓ પૃથ્વીના જે ભાગોમાં હંમેશાં થતી રહેશે ત્યાં ગ્રહયોગ થવાથી એવી કુદરતી આફતો થશે એમ કહેવું સત્ય નીવડશે. પરંતુ જ્યાં હંમેશાં ધરતીકંપ કે કોઈ મોટી કુદરતી આફતો થતી નથી ત્યાં ગ્રહયોગોના લીધે આમ થશે તે કહેવું સાધારણપણે સત્ય નીવડશે નહિ.

પૃથ્વી ઉપર બનતી ઘટનાઓમાં ગ્રહોનું સમતોલપણું ઘણું મહત્ત્વનું છે.

પૃથ્વી ઉપરના લોકો અને તેના જીવનમાં ગ્રહોની સીધી અસર થાય છે પરંતુ આમાં ગ્રહોની બળવાન સ્થિતિ પૃથ્વીના કયા ભૂ-ભાગ ઉપર રહેશે તેના ઉપર અસર રહેશે. જેમ કે મંદ ગ્રહોનું ભ્રમણ તુલાથી મીન રાશિમાં છે. તો તેની સંયુક્ત અસરથી તેનું ફળ વિષવવૃત્તથી નીચેના દક્ષિણ ગોળાર્ધ સંબંધે વિશેષ રહેશે. ગ્રહોનું પલ્લું જે બાજુ નમેલું હશે ત્યાં અસર સવિશેષ રહેશે.

આમ આપણે શનિ ગ્રહના મેદનીય ફળાદેશ વિષે ઉપર મુજબના સામાન્ય નિયમો જોયાં. આ બાબતે આંગ્લ તેમ જ ભારતીય જ્યોતિષશાસ્ત્રમાં તેના વિસ્તૃત ફળાદેશની રીતે વર્ણનો આપેલા છે. ભારતીય જ્યોતિષશાસ્ત્રમાં તો રાશિનાં નક્ષત્ર અને રાશિવાર ઘણાં જ ફળોનું વર્ણન બતાવેલ છે. જેમાં ભરત ખંડના કયા કયા ભાગ ઉપર શનિના નક્ષત્ર કે રાશિ-ભ્રમણ થતાં કેવી કેવી કોને મનુષ્ય, પશુ-પંખી, રાજકીય તેમ જ અન્ય અસરો થશે તે બતાવેલું છે. જોકે ભારતીય પ્રાચીન શાસ્ત્રો પરત્વે નક્ષત્રભ્રમણો સંબંધે વિસ્તૃત વર્ણનો જોવા મળે છે. આ લેખમાં બધી

બાબતો જોતાં લેખ ઘણો જ વિસ્તૃત થઇ જાય તે હેતુથી બધું વર્ણન કરેલ નથી. લેખની મર્યાદાને ધ્યાનમાં રાખીને જ શનિના સામાન્ય યોગો પરત્વેનાં જ વર્ણનોને આથી પ્રાધાન્યતા આપવામાં આવેલી છે.

"મનુષ્યના જીવનનો રોગશત્રુ ડાયાબિટીશ"

(૧૬મા પાનાથી ચાલુ)

મનની ચિંતા વધારે છે. ડાયાબિટીશ સાડા ચાર ટકા જેટલો છે.

કુંડળી નં. ૪ (ડૉક્ટર) તા. ૨૨-૮-૧૩

લગ્ન	ચંદ્ર	મંગળ	શનિ	શુક્ર	બુધ	સૂર્ય	કેતુ	ગુરુ	રાહુ
૧	૧	૨	૨	૩	૪	૫	૬	૯	૧૨

સારા પ્રૅક્ટિશ ધરાવનાર ડૉક્ટરની કુંડળી છે. આ કુંડળીમાં લગ્નાધિપતિ મંગળ બીજા સ્થાને કર્માધિપતિ શનિ સાથેની યુતિમાં છે. જેનાથી શનિ - મંગળ કૌટુંબિક પ્રશ્નો ઊભા કરે છે તથા યુતિ કામકાજમાં સતત શ્રમ કરાવે છે. રાહુ બારમા સ્થાને રહીને છઠ્ઠા આરોગ્યસ્થાનને દૂષિત કરે છે. પંચમ સ્થાનમાં સૂર્ય ગ્રહ મંગળની દૃષ્ટિમાં અશુભ થઇને હૃદયની વ્યથા તથા ઉગ્રતા આપે છે. ગુરુ દેહસ્થાને દૃષ્ટિ કરે છે જેનાથી ભોજનમાં વધુ છૂટછાટ છે. લગ્નાધિપતિ છઠ્ઠું સ્થાન તથા મંગળ વધુ દૂષિત હોવાથી આરોગ્યસ્થાન વધુ દૂષિત બને છે.

કુંડળી નં. ૫ (નોકરિયાત વ્યક્તિ) તા. ૨-૧૦-૩૬

લગ્ન	સૂર્ય	બુધ	શુક્ર	ગુરુ	રાહુ	શનિ	કેતુ	મંગળ
૬	૬	૬	૭	૮	૯	૧૧	૩	૫

આ કુંડળીમાં ડાયાબિટીશને લઈને ભગંદરનું ઑપરેશન કરાવવાની ફરજ પડી. ૧૯૭૯માં વધુ પડતા ડાયાબિટીશને લઈ ઑપરેશન કરાવવું પડયું. ચલિત કુંડળીમાં લગ્નાધિપતિ બુધ બારમા સ્થાને નબળો બને છે. લોહીનો કારક મંગળ બારમે છે, જે શનિની દૃષ્ટિમાં વધુ દૂષિત બને છે. ચલિતમાં મંગળ નીચનો અગિયારમાં સ્થાનમાં છે. જે છઠ્ઠા સ્થાને શનિ ઉપર આરોગ્યસ્થાને દૃષ્ટિ કરે છે. ચંદ્ર પણ શનિની દૃષ્ટિથી દૂષિત થાય છે. મંગળ બારમે તથા ચલિતમાં નીચનો થવાથી તથા તેની દૃષ્ટિ ખરાબ હોવાથી મંગળની મહાદશામાં મંગળની આંતર્દશા ૧૯૭૯માં શરૂ થઇ અને ભગંદરનું ઑપરેશન કરવું પડયું. આ કુંડળીમાં લગ્નાધિપતિ, છઠ્ઠું સ્થાન, મંગળ તથા ચંદ્ર દૂષિત હોવાથી ભારે ડાયાબિટીશ છે.

કુંડળી નં. ૬ (ધનવાન તથા સુખી) તા. ૨૭-૧-૧૯૨૫

લગ્ન	શનિ	બુધ	ગુરુ	શુક્ર	સૂર્ય	કેતુ	ચંદ્ર	મંગળ	રાહુ
૫	૭	૯	૯	૯	૧૦	૧૦	૧૧	૧	૪

આ કુંડળીમાં ભારે ડાયાબિટીશથી કીડની ઉપર અસર થઇ અને નિષ્ણાત ડૉક્ટરના અભિપ્રાય મુજબ પગ કપાવાની સ્થિતિ પેદા થઇ. લગ્નાધિપતિ સૂર્ય છઠ્ઠા આરોગ્યસ્થાને રાહુની દૃષ્ટિમાં પીડિત છે. ગુરુ દેહસ્થાને દૃષ્ટિ કરે છે. જેનાથી ખાવામાં ખૂબ જ છૂટછાટ છે. ચંદ્ર લગ્ન પ્રમાણે છઠ્ઠા આરોગ્યસ્થાને કર્કનો રાહુ તથા શનિ - મંગળ તથા સૂર્ય જેવા ગ્રહોની દૃષ્ટિમારક છે.

આ તમામ કુંડળીઓમાં ગુરુ બળવાન તથા પ્રથમ સ્થાને દૃષ્ટિ કરે છે. લોહીનોકારક મંગળ દૂષિત, લગ્નાધિપતિ અશુભ છે. છઠ્ઠું આરોગ્યસ્થાન પીડિત છે.

સૂર્ય તથા ચંદ્ર જેવા ગ્રહો પીડિત છે. લોહીનો કારક મંગળ પીડિત છે. આનાથી વ્યથા, ચિંતા તથા લોહીનો અને મનનો બગાડ, થાય અને અશાંતિ આપે છે તથા સારો ખોરાક લેવાની વધુ ટેવ આપે છે. અને ડાયાબિટીશ પેદા થાય છે. ઉપરોક્ત ગ્રહોની સ્થિતિ સેંકડો કુંડળીઓમાં જોવા મળે છે.

અકસ્માત ધનપ્રાપ્તિ યોગ

(૧૦મા પાનાથી ચાલુ)

લગ્નેશ - કર્મેશ બુધ સાથે યુતિ છે.

૩. ચતુર્થેશ ગુરુ લાભસ્થાને ઉચ્ચનો છે તથા ધનેશ-ભાગ્યેશ શુક્ર ચોથા સ્થાનમાં અષ્ટમેશ મંગળથી દૃષ્ટ છે અને પિતૃસ્થાને તેની પૂર્ણ દૃષ્ટિ છે.

ઉપરોક્ત યોગોને લીધે જાતકને પિતા તરફથી મિલકત અને ધનસંપત્તિ વારસામાં પ્રાપ્ત થયેલ છે.

૨૭ો૧.૫૨ટો૧.૫કુંડળી નં. ૯

લગ્ન	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
૩	૩	૬	૬	૩	૪	૪	૧૨	૧

ઉપરની કુંડળીવાળા જાતકનું મિથુન લગ્ન છે. કુંડળીમાં ભૂગર્ભ અને લોટરીના અચાનક ધનપ્રાપ્તિના યોગ સ્પષ્ટ જણાઇ આવે છે.

૧. ધનસ્થાનમાં કર્મેશ - રાજ્યેશ ગુરુ ઉચ્ચનો છે અને તેની સાથે પંચમેશ શુક્રની યુતિ છે.

૨. ભાગ્યેશ શનિ દસમા સ્થાનમાં સ્થિત છે અને તેના ઉપર ભાગ્યકારક અને દસમેશ ગુરુની નવમી પૂર્ણ દૃષ્ટિ છે જે પ્રભુકૃપાથી ધનપ્રાપ્તિ સૂચવે છે.

૩. ધનેશ ચંદ્ર અને લાભેશ મંગળની ચોથા જમીન મકાન સ્થાનમાં યુતિ છે. ચંદ્ર-મંગળ સાથે દસમે રહેલા ભાગ્યેશ શનિનો પરસ્પર દૃષ્ટિસંબંધ છે જે જમીનમાંથી અનામત થાપણની પ્રાપ્તિનો યોગ સૂચવે છે.

૪. લાભસ્થાને રાહુ છે જે અચાનક લાભ સૂચવે છે. રાહુ ચોથે રહેલા લાભેશ મંગળથી પણ દૃષ્ટ છે.

૫. સપ્તમેશ ગુરુ અને પંચમેશ શુક્રની ધનસ્થાને યુતિ છે, જે પૈસાદાર સાસરું સૂચવે છે અને સાસરા પક્ષ તરફથી ધનલક્ષ્મી પ્રાપ્તિનું સૂચન છે.

ઉપરોક્ત બાબતથી સ્પષ્ટ થાય છે કે ધનસ્થાન, લાભસ્થાન, પાંચમું સ્થાન, આઠમું સ્થાન, ભાગ્યસ્થાન અને તેના સ્વામીઓનો શુભ સંબંધ અણધાર્યો ધનલાભ સૂચવે છે. વારસાથી સંપત્તિ પ્રાપ્ત થાય છે. ઇનામ લોટરી લાગે છે. જ્યારે તેનો અશુભ સંબંધ હાનિ અને નુકસાન પણ કરે છે. જ્યારે પંચમેશ કે ભાગ્યેશ છઠ્ઠે, આઠમે કે બારમે રહેલા હોય અને અચાનક ધનપ્રાપ્તિનો યોગ કુંડળીમાં થયેલ હોય તો અચાનક પ્રાપ્ત થયેલી લક્ષ્મી દેવાંમાં ચાલી જાય છે કે નુકસાન થાય છે. ધન સંપત્તિ ગુમાવવી પણ પડે છે. જેથી અકસ્માત ધનપ્રાપ્તિ અંગે વિચારણા કરતા પહેલાં અકસ્માત ધનપ્રાપ્તિના યોગોના શુભ સંબંધો અને બળાબળનો વિચાર કરીને જ નિર્ણય કરવો જોઇએ.

જૈ.શ્વે.મૂ.તપગચ્છીય તિથિ પત્રિકા વીર સંવત ૨૫૧૪ વિક્રમ સંવત ૨૦૪૪

(૧૧૫મા પાનાથી ચાલુ)

આદીશ્વર દાદાની વર્ષગાંઠ (સં. ૧૫૮૭). પ્રથમ જેઠ : સુદી-૨ મંગળ, રોહિણી. સુદી-૫ શુક્ર ગુરુ ઉદય. વદી-૯ બુધ, શુક્ર અસ્ત. ૧૬-૧૪ સોમ રોહિણી. બીજો જેઠ : સુદી-૪ શનિ, શુક્ર ઉદય સુદી-૭ મંગળ, આર્દ્રા નક્ષત્ર બેઠું, કેરી ત્યાગ, સાંજે ૬-૩૬. વદી-૩ શનિ, પૂ. આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.ની સ્વર્ગતિથિ. વદી-૧૩ સોમ, રોહિણી. અષાઢ : સુદી-૬ બુધ, શ્રી મહાવીર સ્વામી ચ્યવન કલ્યાણક. સુદી-૭, ગુરુ, અઠ્ઠાઈ પ્રારંભ. સુદી-૧૧ સોમ, બકરી-ઈદ, આયંબિલતપ. સુદી-૧૪ ગુરુ, ચોમાસી ચૌદશ. વદી-૫ મંગળ, દોઢ મહિનાનું ઘર. વદી-૧૦ રવિ, રોહિણી. શ્રાવણ : સુદી-૪ બીજી બુધ મહિનાનું ઘર. વદી-૫ બુધ, પૂ. આચાર્ય શ્રી કેસર સુરીશ્વરજી મ.ની સ્વર્ગતિથિ. વદી-૬ ગુરુ, પંદરનું ઘર વદી-૮ શનિ, રોહિણી વદી-પ્રથમ ૧૩, ગુરુ, અઠ્ઠાઈ ઘર પર્યુષણ પર્વ બેઠાં તા. ૮-૯-૮૮ વદી ૩૦ રવિ, કલ્પધર- કલ્પસૂત્ર વાંચન. ભાદરવો : સુદી-૧ સોમ, શ્રી મહાવીર જન્મ વાંચન. સુદી-૨ મંગળ, તેલાધર, ગણધરવાદ. સુદી-૪ ગુરુ, શ્રી સંવચ્છરી-મહાપર્વ તા. ૧૫-૯-૮૮. સુદી-૧૧ ગુરુ, જગદગુરુ આચાર્ય શ્રી વિજયહીરસુરીશ્વરજી મ.ની સ્વર્ગતિથિ વદી-૧૧ ગુરુ, પૂ. આચાર્ય શ્રી વલ્લભસુરીશ્વરજી મ.ની સ્વર્ગતિથિ. આસો : સુદી-૬ સોમ, અઠ્ઠાઈ આયંબિલની ઓળી પ્રારંભ. સુદી-૧૦ ગુરુ, પૂ. આચાર્ય શ્રી કમલસુરીશ્વરજી મ.ની સ્વર્ગતિથિ. (સં. ૧૯૭૪). વદી-૪ શુક્ર, રોહિણી. વદી-૧૩ સોમ, ધનત્રયોદશી, ધનતેરશ. વદી-૧૪ મંગળ, રૂપ-કાળી ચૌદશ. વદી-૩૦ બુધ, શ્રી મહાવીર સ્વામી નિર્વાણ કલ્યાણક, દીવાળી પર્વ, શારદા (લક્ષ્મી) પૂજન, પૂ. સુરીસમ્રાટ આચાર્ય શ્રી વિજય નેમિસુરીશ્વરજી મ.ની સ્વર્ગતિથિ (સ્વ. સં. ૨૦૦૫.)

પ્લુટો-(યમ) ગ્રહ

(૧૨મા પાનાથી ચાલુ)

વસવાટ, માતા લાંબી બીમારી ભોગવે અથવા વૈધવ્ય ભોગવે, પરદેશમાં સફળતા સાંપડે. વિશ્વબંધુત્વની ભાવનાવાળો- ચતુર મુત્સદ્દી હોય, પાપગ્રહની અસરથી અશુભ યોગમાં નાસ્તિક બને. ધર્માન્તર કરે, પરદેશમાં અકસ્માતથી મૃત્યુ પામે છે.

(૧૦) કર્મભુવનમાં દસમે પ્લુટો :

શુભ યોગમાં પ્લુટો વ્યક્તિને સાહસિક, કાર્યકુશળ, તથા ઉદ્યોગધંધામાં સફળ બનાવે છે. રાજકારણમાં પદાધિકાર મળે, મોટા ઉદ્યોગધંધા - છાપખાનું શરૂ કરે. રાહકારી ચળવળમાં અગ્રસ્થાને રહે. પરદેશમાં ચમત્કારિક નામના મળે. ઉચ્ચ પ્રકારની વ્યક્તિઓ સાથે જીવન વ્યતિત થાય. મેષ, સિંહ, ધન રાશિમાં પ્લુટો બાંધકામ ક્ષેત્રે જમીનની લેવેચથી ધન મેળવે. વૃષભ, કન્યા, મકર રાશિમાં પ્લુટો ઉદ્યોગધંધામાં સફળતા અપાવશે.

દસમે પ્લુટો અશુભ બને તો જાતકને બાળપણ કષ્ટદાયક વિતાવવું પડે છે. જીવનમાં દુઃખ વધુ મળે છે. ઉદ્યોગધંધા નોકરીમાં ફાવટ આવતી નથી. પિતાની અસાધ્ય બીમારી આવે, પિતૃસુખ ઓછું, સમાજમાં અપયશ મળે, રાજકારણથી હેરાનગતિ, બંધનયોગનો સંભવ રહે.

(૧૧) લાભભવનમાં અગિયારમે પ્લુટો :

શુભ અસરમાં પ્લુટો સમાજસેવક, રાજકારણી, ધાર્મિક ક્ષેત્રે યશ-અપાવે છે. સહકારની પ્રવૃત્તિમાં નેતા હોય, શિક્ષણ સંસ્થાઓમાં ટ્રસ્ટીમંળડમાં કે સંચાલક હોય, વિશાળ મિત્રમંડળ સાંપડે, ગુપ્તકાર્ય મંડળોથી લાભ અપાવે છે. વિચિત્ર સંજોગોમાં મિત્રો સાંપડશે.

પાપગ્રહની અસરથી પ્લુટો ખરાબ મિત્રો અપાવશે. તેની પાછળ ખર્ચ કરાવશે. મિત્રોથી આર્થિક હાનિ, બદનામી વહોરવી પડશે. ફંડફાળામાં ગોટાળા કરે, મોટી કંપનીનિ ફસાવે, જુગારનો અડ્ડો ચલાવે, દારૂચોરી કરે, કાયદા વિરુદ્ધનાં કાર્યો કરે. મિત્રોને ફસાવે છે. મિત્રો દગલબાજ નીકળે, મિત્રો ગુમાવવા પડે. **(૧૨) વ્યયભવનમાં બારમે પ્લુટો**

બારમે શુભ અસરમાં પ્લુટો ધાર્મિક સંસ્થાઓ સાથે સંકળાવે છે. તત્વજ્ઞાન, આધ્યાત્મિક ક્ષેત્રે, ગુઢ જ્ઞાનમાં આગળ પડતા બને છે. દૈવી સહાય સાંપડે છે. સામાજિક કાર્યોમાં યશ સાંપડે છે. પરંતુ પાપગ્રહની અસરથી પ્લુટો બારમે મોટા ગુનામાં સંડોવે છે. કાકા નિસંતાન મૃત્યુ પામે છે. કાકા કે સંતાનનું અકસ્માતથી મૃત્યુ થાય. પત્નીનિ લાંબી અસાધ્ય બીમારી આવે. ઘરમાં દરોડા પડે કે ચોરી થાય, વ્યક્તિનું આંતરિક જીવન દુઃખી હોય છે.

પ્લુટો (યમ) ધીમો ગ્રહ છે. તેના વિષે વધુ ને વધુ સંશોધન પશ્ચિમના દેશોમાં થઈ રહ્યું છે. આવા ગ્રહો સાથે ૧૨૦ નવપંચમ ત્રિકોણ, ૧૮૦ અંશનો પ્રતિયોગ, ૯૦ અંશનો કેન્દ્રયોગ વ. જોયા બાદ શુભ ગ્રહોની દૃષ્ટિ તથા પ્લુટોની સાથે હોવાથી સારા-નરસાનો નિર્ણય કરશો. શુભ ગ્રહ અશુભ ગ્રહ સાથે અંશાત્મક યુતિ-પ્રતિયોગ કેન્દ્રમાં છે તે ઝિણવટથી તપાસી પ્લુટોના શુભ-અશુભનો નિર્ણય લેશે.

કોર્ટકેસ અંગે જ્યોતિષ

(૨૦મા પાનાથી ચાલુ)

પીડિત હોય તો દંડ, સજા કે દોષમાંથી મુક્તિ અંગે, જકાત અને કરારો અંગે ખરીદવેચાણ અંગે, ઉત્પાદન અને વેચાણ અંગે, લેવડદેવડની બાબત અંગે, નુકસાની અને દેવું અંગે, પરદેશની બાબત અંગે કોર્ટકેસ બને અથવા આ વિગતો અંગે અશુભ ફળ મળે.

અનુભવ સત્ય

એક ગ્રહ અનેક વિગતોનો નિર્દેશ કરે છે અને એક સ્થાન અનેક વિગતોનો નિર્દેશ કરે છે અને તેથી કોઈ એક ચોક્કસ વિગત અંગે જાતક જ્યોતિષમાં અમુક જાતકની જન્મકુંડળીમાં ફળકથન સચોટ બનતું હોઈ જ્યોતિષ એ અનુભવસત્ય છે. જ્યોતિષશાસ્ત્ર સામે પડકાર કરનારા સામે સંશોધનાત્મક જ્યોતિષ લેખો હોય તો જ્યોતિષીઓ સ્વમાનભેર ધંધો કરી શકે અને ધંધાને વ્યવસ્થિતરૂપ આપી શકે. ફળકથનની માહિતી પૂરી પાડતો આ લેખ જ્યોતિષીઓને ઉપયોગી બની રહેશે જ. સવાલોના જવાબો શોધવામાં સાચી દિશા મળશે અને પ્રગતિ કરી શકાશે.

આકાશ પરિચય

(૨૬મા પાનાથી ચાલુ)

ઉપર ઉત્તરાફાલ્ગુનીના બે તારા અને ઉત્તરાભાદ્રપદની વચ્ચે નીકળેલ ત્રણ તારાની દેવયાની દેખાની હશે. તેની ઉપર શર્મિષ્ઠા દેખાશે, હજી પણ તે તેજસ્વી અને આકર્ષક ભાસશે. નૈઋત્યમાં જટાયુ દેખાશે. પશ્ચિમમાં બહુ જ ઉપર પગના મોજા જેવી અશ્વિની બહુ જ સ્પષ્ટ અને મોટી દેખાશે. નજીકમાં જ ગુરુ-શુક્ર હશે. જરા ઉપર પૂર્વમાં ભરણીનો ફિક્કો ત્રિકોણ અને ઉપર કૃતિકાનો ગુચ્છ ઝબકતો દેખાશે. માથાની સામે 'V' આકારની રોહિણી સુંદર હશે. તો તેની ડાબી બાજુએ સારથીમંડળ માંહેલ પીળા રંગનો બ્રહ્મહૃદય, લીલા રંગનો પ્રજાપતિ અને સફેદ રંગનો અગ્નિ હશે. માથા પર ઊંચે હરણ કેટલો નાનો લાગે છે તો તેની જરા દક્ષિણમાં નીલા રંગનો વ્યાધ્ર કેટલો મોટો દેખાય છે. તેની પાછળ ત્રણ શિકારી કૂતરા હશે. આર્દ્રા માથા પર જ હશે. દક્ષિણમાં સફેદ તારાની યમુના અને બાજુમાં વાસુકી સર્પ આવેલ હશે. પૂર્વમાં માથા પર પુનર્વસુના ચાર તારા નાના સક્કરપારા જેવા ભાસશે. તો પાછળ પુષ્યનો ત્રિકોણ હશે. તેમાં જાળી સ્પષ્ટ દેખાશે. જરા દક્ષિણમાં આશ્લેષાની સર્પાકૃતિ હશે. ઉત્તરમાં આકાશગંગા, શર્મિષ્ઠા, બ્રહ્મહૃદય, મૃગ આવેલા હશે. તો દક્ષિણમાં પૂર્વ ભણી નીલારંગનો અગસ્તિઋષિ પ્રસન્ન મુદ્રાથી ઉપર આવતો હશે. રાત્રે ૯ વાગે પૂર્વમાં મઘાનો કોયતા અને પાછળ પૂર્વા અને ઉત્તરાફાલ્ગુનીના નાના ચતુષ્કોણ મળી આબેહૂબ સિંહ તૈયાર થયેલ હશે. સિંહની આકૃતિ બરાબર દેખાશે. મઘાની દક્ષિણે સીધી રેખામાં વાસુકીહૃદય હશે. તો અહીં ઉત્તરમાં લઘુસિંહનો વાછડો હશે. ઈશાનમાં સપ્તઋષિના ઝૂડ દેખાતા હશે. પૂર્વમાં આકાશગંગા સારી રીતે ભરેલી હશે. રાત્રે ૧૧ વાગે અગ્નિ દિશામાં હાથના પંજા જેવો હસ્ત અને નજીકમાં લીલા રંગની ચિત્રા ત્રાજવાના પલ્લા જેવી દેખાશે તો બીજા પલ્લામાં સોનેરી સ્વાતિ પૂર્વ ભણી સારી રીતે ઉપર આવેલી હશે. માથા પર કોરાના બેહોલેસીસ ઉર્ફે અરૂંધતિના વાળ ઝાડુ જેવા દેખાતા હશે. તો સપ્તઋષિ અને અરૂંધતિના વાળ વચ્ચે કાળા રંગનો શામ અને શાબલની યમના કૂતરાની જોડી સુંદર દેખાશે. તો રાત્રે ૧૨ અને ૧ની વચ્ચે દક્ષિણમાં હસ્તની નીચે ત્રિશંકુ અને નજીક ચિત્રા અને બ્રહ્મા હશે. રાત્રે ૧ વાગે દક્ષિણમાં વિશાખાના તોરણ અને પાછળ જ અનુરાધા અને જ્યેષ્ઠા તેમ જ શનિ-મંગળ બરોબર આવેલા હશે. પાછળ જ મૂળની પૂંછડી હશે. રાત્રે અઢી અને ત્રણ વચ્ચે પૂર્વા અને ઉત્તરાષાઢાના પૂંજદ્વાર નિર્માણ થયેલ ધનુ રાશિની આકૃતિ દેખાશે. આ ભાગમાં સ્પષ્ટ અને તેજસ્વી તારાઓ દેખાતા હશે તો આકાશગંગાની જાળી સ્પષ્ટ દેખાશે, સ્વાતિ પછી ઉત્તરમુકુટ હશે. ઈશાનમાં ભુજંગધારી અને શૌરી મુકુટ સ્પષ્ટ દેખાશે. સવારે પાંચ અને સાડા પાંચની વચ્ચે તેજસ્વી શ્રવણ ઉર્ફે ગરુડ અને ત્રિકોણી પ્રખર અભિજીત ઝળકતો હશે, તો પોણાસાત વાગે સૂર્યોદય થઈ સૂર્યનો રથ પૂર્વ ભણી આકાશમાં પ્રવેશ કરશે અને શાલિવાહન શકે ૧૯૦૯ની સમાપ્તિ થઈ શાકે ૧૯૧૦નો પ્રારંભ થશે.

ચૈત્ર માસ : (તા. ૧૯-૦૩-૮૮ થી ૧૬-૦૪-૮૮).

આકાશદર્શન : શાલિવાહન શકે ૧૯૦૯ના નવા વર્ષના નવા માસના નૂતન ચંદ્રદર્શન તા. ૧૯ના સૂર્યાસ્ત પછી ૨૦ ક. ૧૪ મિ. સુધી પશ્ચિમમાં થશે. નજીકમાં રેવતીનો ફિક્કો તારો હશે. મંગળ મહારાજ સૂર્યોદય પૂર્વે ત્રણ કલાકમાં પૂર્વમાં દર્શન આપશે. તેઓ સુખપૂર્વક ૧૫ દિવસ દર્શન આપી તા. ૪થી પૂર્વમાં અદ્રશ્ય થશે. સૂર્યોદય પૂર્વે અંદાજે અડધો કલાક દર્શન આપશે. તો ગુરુ મહારાજ આ મહિનાભર જ આકાશમાં દર્શન આપશે. સૂર્યાસ્ત પછી અંદાજે કલાક સુધી, પણ રોજ તેના દર્શનનો સમય ધીરે ધીરે ઓછો થતો જશે તો પ્રણયી શુક્ર માત્ર સૂર્યાસ્ત પછી ૨ કલાકે પશ્ચિમમાં ઝળકતો રહી પશ્ચિમમાં શોભામાં વૃદ્ધિ કરશે. કૃતિકાના ગુચ્છ નજીક તેજસ્વી શુક્ર તેમાં મોટા ફૂલ જેવો દેખાશે તો શનિ મહારાજ માત્ર સૂર્યાસ્ત પછી બરોબર માથા પર દેખાઈ અને રાત્રે બાર અને સાડાબાર સુધી હશે.

નક્ષત્રદર્શન : હજી પણ આકાશદર્શન માટેનો સમય ઉત્તમ છે. સફેદ રંગના ઢગલા પૂંજની નજીક હશે. રંગીન તારાઓ રત્ન જેવા દેખાશે. સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં જરા ઉપર ફિક્કો ભરણી અને તેની ઉપર કૃતિકાનો ગુચ્છ ઝળહળતો હશે. તો 'V' આકારની સુંદર રોહિણી અને તેની જરા ઉત્તરે સારથી મંડળ માંહેલ પીળા રંગનો બ્રહ્મહૃદય, સફેદ રંગનો અગ્નિ અને પીળા રંગનો પ્રજાપતિ હશે. બહુ જ ઉપર મૃગશીર્ષની ભવ્ય આકૃતિ હશે. તે માંહેલો પૂર્વ ભણી લાલ રંગનો ભરત દીવા જેવો ઝબૂકતો હશે. તો ઉપર જરા ઉત્તર ભણી આર્દ્રા ફિક્કો દેખાશે. માથા પર બારીક સક્કરપારા જેવો પુનર્વસુ હશે. તેમાં નારંગી રંગનો પોલક્સ અને સફેદ રંગનો કાસ્ટર સીધી લીટીમાં દેખાશે રાત્રે ૯ વાગે માથા પર પુષ્ય અને તેની જાળી સ્પષ્ટ દેખાશે તો 'S' ના આંકડા જેવી કાંટેરી આશ્લેષા પણ હશે. દક્ષિણમાં યમુના નીચે જતી હશે તો પાછળ જ ઊંચે નીલા રંગનો અગસ્તિ અને તેની પાછળ નૌકા હશે. પૂર્વમાં માથા પર કોયતાના આકારની મઘા અને તેની નીચે પૂર્વા અને ઉત્તરાફાલ્ગુની ચતુષ્કોણ હશે. એની નજીક દક્ષિણમાં લઘુસિંહ અને ઉત્તરમાં ધ્રુવ સારી રીતે સ્પષ્ટ દેખાશે. દક્ષિણમાં વાસુકીની ડોક પ્રસરેલી હશે અને માથે વાસુકી હૃદય હશે. રાત્રે ૧૦ અને ૧૧ના દક્ષિણમાં હાથના પંજા જેવો હસ્ત સ્પષ્ટ અને સુંદર દેખાશે તો નજીકમાં લીલા રંગની ચિત્રા સુંદર દેખાશે. ઉત્તરમાં સપ્તઋષિ બહુ જ ઉપર આવેલ હશે તે માંહેલ ઋતુ પૂર્ણપણે ધ્રુવ ભણી નમી ગયેલ હશે. તો વસિષ્ઠ અને વસિષ્ઠાણી નજીકમાં સારી રીતે દેખાશે. પૂર્વમાં ઉપર અરૂંધતિના વાળના પૂંજક કેવા સ્પષ્ટ દેખાય છે તો સપ્તઋષિના અને અરૂંધતિના વાળની વચ્ચે કાળા રંગનો શામ અને શાબલની જોડી સારી રીતે સ્પષ્ટ દેખાશે. ઉત્તરમાં હવે ધ્રુવમત્સ્ય સારી રીતે સ્પષ્ટ દેખાશે. ઉપર સપ્તઋષિનો મોટો અસવાલ હશે. દક્ષિણમાં હસ્તની નીચે ત્રિશંકુ પતંગ જેવો દેખાશે. તો તેની નજીક બ્રહ્મ અને ચિત્રા હશે. રાત્રે ૩ વાગે દક્ષિણમાં તોરણ જેવી વિશાખા અને પાછળ જ ભાતના ઢગલા જેવી અનુરાધા નીચે જતી હશે. હાથમાં લાલ શસ્ત્ર જેવી જ્યેષ્ઠા અને નીચે મૂળ હશે. સુમારે ત્રણ વાગે વીંછી હવે સારી રીતે પ્રચંડ ભાસશે. પૂર્વમાં સ્વાતિ મુકુટ અને ઉત્તર મુકુટ સ્પષ્ટ દેખાશે. તો ઈશાનમાં ભુજંગધારી અને શૌરીમુકુટ સ્પષ્ટ ભાસશે. સવારે ૪ વાગે અગ્નિ ખૂણામાં ધનુ રાશિ દેખાશે. તો પૂર્વમાં ત્રણ તેજસ્વી તારા જેમાં લીલા રંગનો શ્રવણ ઉર્ફે ગરુડ, નજીકમાં ત્રિકોણી અભિજીત અને હંસપક્ષી મળી સ્વરમંડળ દેખાશે. અગ્નિ દિશામાં નરતુરંગ હવે સારી રીતે સ્પષ્ટ દેખાશે. આ ભાગમાં આકાશગંગા સારી રીતે ભરેલી અને સ્પષ્ટ દેખાશે.

વૈશાખ માસ : (તા. ૧૭-૦૪-૮૮ થી ૧૫-૦૫-૮૮).

આકાશદર્શન : વૈશાખ માસની નૂતન ચંદ્રકોરના દર્શન તા. ૧૭ના પશ્ચિમમાં સૂર્યાસ્ત પછી ૧૯ ક. ૫૬ મિ. સુધી થશે. મંગળ મહારાજ સૂર્યાસ્ત પછી પૂર્વમાં હશે અને રાત્રે દસ વાગે ઊગશે અને આખી રાત આકાશમાં તડપતા હશે. બુધ મહારાજ તા. ૨૯ના પશ્ચિમમાં સૂર્યાસ્ત પછી પોણો કલાક દર્શન આપશે, તો ગુરુ મહારાજ તા. ૨૦થી રજા પર જશે અને બરોબર મહિના સુધી ગેરહાજર રહેશે તો પ્રણયી શુક્ર સૂર્યાસ્ત પછી દોઢ કલાક ઝળકતો રહી આકાશના સૌંદર્યમાં વધારો કરશે. તો વક્રી થયેલા શનિ મહારાજ રોજ ઝડપથી આકાશમાં વહેલા જ ઊગશે. સૂર્યાસ્ત પછી એક કલાકે ત પૂર્વમાં ઊગી વક્રી હોઈને પૃથ્વીની નજીક આવતાં તેનું બિંબ મોટુ દેખાશે. પશ્ચિમમાં બુધ-શુક્ર તો પૂર્વમાં શનિ-મંગળ સુંદર દેખાશે.

નક્ષત્રદર્શન : આ માસમાં વૃશ્ચિક રાશિ સુંદર અને સંપૂર્ણ રાત્રીભર આકાશમાં દર્શન આપશે. સૂર્યાસ્ત પછી રાત્રે આઠ અને સાડાઆઠની વચ્ચે અગ્નિ દિશામાં તોરણાકૃતિ વિશાખા અને તેની પાછળ અનુરાધાની છત્રીનુ છાપરું દેખાશે, તો પાછળ જ વીંટીમાં લાલ પથ્થર મૂક્યો હોય એવી જ્યેષ્ઠા અને પાછળ જ કાંટેરી મૂળ હશે પશ્ચિમમાં ફિક્કો મૃગશીર્ષ દેખાશે તો તેની દક્ષિણમાં વ્યાધ્ર અને દૂર બુધ નીલા રંગનો અને ફિક્કો દેખાશે. તેની ઉપર આર્દ્રાના પૂંજક અને તેની પાછળ સક્કરપારા જેવા ચાર તારાનો પુનર્વસુ હશે. માથા પર ત્રિકોણી પુષ્ય અને બાજુમાં 'ડ' આકારની આશ્લેષા હશે. માથા પર પૂર્વમાં મઘા, પૂર્વા અને ઉત્તરાફાલ્ગુની મળીને તૈયાર થયેલ નાનો સિંહ દેખાશે તો તેની જરા ઉત્તર ભણી લઘુસિંહ હશે. દક્ષિણમાં અગસ્તિ હવે ઠીક ઠીક નીચે આવેલ હશે તા.

૧૫થી તેનો અસ્ત થશે તો ઉત્તરમાં જરા પૂર્વ ભણી સપ્તઋષિ હવે સારી રીતે ઉપર આવેલા હશે. બધા જ તારા કેવા સ્પષ્ટ દેખાય છે તો દક્ષિણમાં હસ્તનો પંજો કેવો લજ્જાળુ છે. નજીકમાં જ લીલા રંગની ચિત્રા હશે તો ત્રાજવાના બીજા પલ્લા જેવી સોનેરી સ્વાતિ સુંદર દેખાશે તો અરૂંધતિના વાળના પૂંજક સારી રીતે ઓળખી શકાશે. દક્ષિણમાં હસ્તની નીચે ત્રિશંકુ અને ચિત્રા તેમ જ બ્રહ્મા હશે તો ૯ વાગે અગ્નિમાં વિશાખા અને પાછળ અનુરાધા, જ્યેષ્ઠા અને મુળ હશે પૂર્વમાં રાત્રે ૧૦ વાગે સ્વાતિની પાછળ ઉત્તર મુકૂટ હશે. ઉત્તરમાં શૌરિમુકૂટ અને હરક્યુલસ હશે. રાત્રે દસ અને અગિયાર વચ્ચે પૂર્વમાં જરા દક્ષિણે પૂર્વા અને ઉત્તરાષાઢાના પૂંજ સારી રીતે દેખાશે. રાત્રે ૧૨ પછી પૂર્વમાં સ્વરમંડળમાં ગરુડ ઉર્ફે શ્રવણ, તેની જરા ઉત્તરમાં ત્રિકોણ અભિજીત અને હંસપક્ષી સીધી લીટીમાં દેખાશે. રાત્રે એક વાગે પૂર્વમાં મૃદંગ જેવી ધનિષ્ઠા અને પાછળ વર્તુળાકૃતિ શતતારકા હશે. રાત્રે બે અને ત્રણના પૂર્વમાં પૂર્વા અને ઉત્તરાભાદ્રપદની ભવ્ય આકૃતિ દેખાશે. ઈશાનમાં શર્મિષ્ઠા નાચતી જરા ઉપર આવી હશે. ઉત્તરાભાદ્રપદની ઉત્તરપૂર્વ ભણી નીકળેલા ત્રણ તારાની દેવયાની પણ દેખાશે તો સાડાત્રણ અને ચારના યયાતિની ધનુષ્યાકૃતિ પ્રસન્ન દેખાશે. ઉત્તરમાં વૃષપર્વા સ્પષ્ટ દેખાશે, તો દક્ષિણમાં જટાયુ, મીનકેતન અને યમુના બહુ જ સ્પષ્ટ અને સુંદર ભાસશે.

અધિક જ્યેષ્ઠ માસ : (તા. ૧૯-૦૫-૮૮ થી ૧૪-૦૬-૮૮).

આકાશદર્શન : જ્યેષ્ઠ માસની જ્યેષ્ઠ ચંદ્રકોર તા. ૧૭મીના સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં ૨૦ ક. ૪૫ મિ. સુધી દેખાશે. મંગળ મહારાજ રાત્રે સાડા બારના પૂર્વમાં ઊગીને રાત્રીભર આકાશમાં ઝળકતા હશે, તો બુધ મહારાજ તા. ૪ સુધી પશ્ચિમમાં સુમારે કલાક સુધી દર્શન આપશે. તા. ૪ના તે પશ્ચિમમાં નહીંવત્ હશે. તો પ્રણયી શુક્ર તા. ૭ જૂન સુધી દેખાશે. પશ્ચિમમાં સૂર્યાસ્ત પછી દોઢ કલાક આકાશમાં રહી આકાશની શોભા વધારશે. તા. ૮ના તે રજા પર જશે. માત્ર તેની રજા આઠ દિવસની હશે તો એક મહિના રજા પર ગયેલ ગુરુ મહારાજ તા. ૨૦ મે સુધી પૂર્વમાં હાજર રહેશે. તા. ૨૦થી તે સૂર્યોદય પૂર્વે ઊગીને પોતાના દેખાવનો સમય વધારશે. પહેલા પોણો કલાક એ રોજ ૪ મિનિટ પહેલા ઉગશે તો શનિ મહારાજ જલદી જલદી ઊગશે. હવે તે બહુ જ સ્પષ્ટ દેખાશે. સૂર્યાસ્ત પછી તે અડધા કલાકે રાત્રે સાડા સાતના પૂર્વમાં ઊગીને રાત્રીભર આકાશમાં રહેશે.

નક્ષત્રદર્શન : વરસાદવાળી હવાને કારણે આકાશ નિરભ્ર અને સ્વચ્છ દેખાવું કઠિન છે. જ્યેષ્ઠા રાત્રીભર આકાશમાં ધગધગતી રહેશે. સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં બહુ જ ઉપર પુનર્વસુનો ચતુષ્કોણ દેખાશે. પુષ્ય જોવો મુશ્કેલ હશે પણ જરા ઉપર આશ્લેષાની કાંટેરી 'ૄ' ચમકતી દેખાશે. તેની ઉપર તેજસ્વી મઘાના કોયતા હશે તો તેની ઉપર પૂર્વા અને ઉત્તરાફાલ્ગુની ચમકતા હશે. તો દક્ષિણમાં વાસૂકી નીચે જતી હશે. મઘાની ઉત્તરે લઘુસિંહ અને પાછળ ઉત્તરમાં ધ્રુવ અને ધ્રુવમત્સ્ય હશે. તો તેની ઉપર કાલિયો પ્રસરેલો હશે. માથા પર પણ દક્ષિણમાં હસ્ત પંજા જેવો દેખાશે. નજીકમાં જ પ્રખર ચિત્રા અને હસ્તની નીચે ત્રિશંકુ કે બ્રહ્મમિત્રા હશે પૂર્વમાં જ સામે સ્વાતિ હશે તો ઉપર અરૂંધતિના મોટા વાળના પૂંજ સુંદર દેખાશે. ઉત્તરમાં સપ્તઋષિના અસવાલ હશે. અરૂંધતિ કેટલી સ્પષ્ટ દેખાય છે. રાત્રે ૯ વાગે પૂર્વમાં સ્વાતિ મુકૂટ અને ઉત્તર મુકૂટ સારી રીતે શોભા આપશે. પાછળ જ સપ્તઋષિ અને અરૂંધતિના વાળ માંહે શામ અને શાબલ આ કૂતરાની જોડી હશે. અગ્નિમાં વિશાખાના ૨ તારાના તોરણ અને પાછળ જ અનુરાધા, પ્રચંડ જ્યેષ્ઠા અને મૂળ નક્ષત્રથી તૈયાર થયેલ વીંછી સારી રીતે પ્રચંડ દેખાશે. પૂર્વમાં અગ્નિમાં ધનુ રાશિની આકૃતિ દેખાશે તો રાત્રે ૧૦ વાગે દક્ષિણમાં નરતુરંગ સારી રીતે ઉપર આવેલ હશે. પૂર્વમાં રાત્રે ૧૧ વાગે ત્રણ આંકના લીલા અને ત્રણ તારાના શ્રવણ ઉર્ફે ગરુડ, ત્રિકોણી અભિજીત અને પાછળ હંસપક્ષી હશે. સુમારે ૧૨ વાગે પૂર્વમાં મૃદંગ આકારની ધનિષ્ઠા અને તેની પાછળ વર્તુળાકૃતિની શતતારકા હશે. રાત્રે બે વાગે પૂર્વમાં પૂર્વા અને ઉત્તરાભાદ્રપદના વિશાળ ચતુષ્કોણ બહુ જ ઉપર આવેલ હશે. ઈશાનમાં શાર્મિષ્ઠાની 'M' આકૃતિ ઉપર આવેલ હશે. વૃષપર્વા કેવો સ્પષ્ટ દેખાય છે, તો પૂર્વમાં ઉત્તરાભાદ્રપદના ઉત્તર પૂર્વ બાજુએ નીકળેલ ૩ તારાની દેવયાની કેવી ભવ્ય ભાસે છે તેની પાછળ જ ધનુષ્યાકૃતિ યયાતિ વૃદ્ધ દેખાશે.

નિજ જ્યેષ્ઠ માસ : (તા. ૧૫-૦૬-૮૮ થી ૧૩-૦૭-૮૮).

આકાશદર્શન : નિજ જ્યેષ્ઠ માસની પ્રથમ ચંદ્રકોર તા. ૧૫ના સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં ૨૦ ક. ૨૫ મિ. સુધી દેખાશે, તો મંગળ મહારાજ સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં રાત્રે ૧૦ પછી ઊગશે. એ રાત્રીભર આકાશમાં દર્શન દેશે. તો પશ્ચિમમાં અસ્તંગત થયેલ બુધ મહારાજ તા. ૨૭થી પૂર્વમાં દર્શન આપશે. સૂર્યોદય પૂર્વે પોણા કલાકે બુધ પૂર્વમાં દર્શન આપશે તો ગુરુ મહારાજ સૂર્યોદય પૂર્વે કલાક સુધી પૂર્વમાં ઊગશે. તેનો આકાશમાં રહેવાનો સમય કાળ દિવસે દિવસે વધતો જશે. ગયા અઠવાડિયા દરમિયાન રજા પર ગયેલા શુક્રાચાર્ય તા. ૧૯થી પાછા પૂર્વમાં દર્શન આપશે તે પણ રોજ અડધો કલાક જલદી ઉગતો જશે. શનિ મહારાજ માત્ર રાત્રે દસ વાગે પૂર્વમાં ઊગી સવારે પશ્ચિમમાં આથમશે. આમ બધા જ ગ્રહ પૂર્વમાં દર્શન આપશે.

નક્ષત્રદર્શન : પ્રચંડ જ્યેષ્ઠા રાત્રિભર આકાશમાં તડપતો રહેશે. વરસાદના વાતાવરણને કારણે માત્ર આકાશ સ્વચ્છ રહેવું કઠિન રહેશે. સૂર્યાસ્ત પછી અડધા કલાકે અને પશ્ચિમમાં બહુ જ ઉપર પુનર્વસુ બીજા દીવા જેવો દેખાશે પુષ્ય દેખાવો કઠણ અને તેની ડાબી બાજુએ 'ૄ' આકારની આશ્લેષા ચમકતી હશે. જરા ઉપર ઊંચે મઘાના કોયતા અને ઉપર પૂર્વા-ઉત્તરાફાલ્ગુનીના ચતુષ્કોણ હશે. તો તેની જમણી બાજુએ ઉત્તરમાં લઘુસિંહ હશે. તો ઉત્તરમાં સપ્તઋષિ બહુ જ ઊંચે આવેલ હશે. બીજી બાજુએ ધ્રુવ અને ધ્રુવમત્સ્ય સારી રીતે દેખાશે. રાત્રે ૯ વાગે દક્ષિણમાં હસ્તના હાથના પંજા જેવી આકૃતિ સ્પષ્ટ દેખાતી હોઈ નજીકમાં લીલા રંગની ચિત્રા મોતી જેવી દેખાશે. માથા પર અરૂંધતિના વાળાના પુંજક સ્પષ્ટ દેખાશે તો સપ્તઋષિ અને અરૂંધતિની વચ્ચે શામ અને શાંબલ આ કૂતરાની જોડી સુંદર દેખાશે. સ્વાતિની પાછળ પૂર્વમાં સ્વાતિ મુકૂટ અને ઉત્તર મુકૂટ કેવા વિશાળ અને ભવ્ય દેખાય છે. અગ્નિમાં વિશાખાના ૨ તારા તોરણ જેવા ભાસશે. તો રાત્રે ૧૦ વાગે અગ્નિ દિશામાં અનુરાધા અને તેની પાછળ હાથમાં લાલ ખડકધારી વીંટી જેવો પ્રચંડ જ્યેષ્ઠા અને પાછળ વીંછીની આકૃતિ અને મૂળ સુંદર લાગશે રાત્રે ૧૧ વાગે વિંછી દક્ષિણમાં આડો પ્રસરેલ દેખાશે, તો તેની પૂર્વમાં ઉત્તરમાં પૂર્વા અને ઉત્તરા ષાઢાના પુંકજ હાથીની અંબાડી જેવા ભાસશે. ધનુ રાશિની આકૃતિ સ્પષ્ટ હશે તો દક્ષિણમાં નરતુરંગ સ્પષ્ટ દેખાશે. આકાશગંગા આ ભાગમાં પ્રસરેલ હશે. રાત્રે એક અને બે વચ્ચે પૂર્વમાં સ્વરમંડળ માંહેલા ત્રણ આડા તારા અને તેમાં શ્રવણ, ત્રિકોણી અભિજીત અને હંસ પ્રસરેલા હશે.

તો, અશ્વિમાં ધનિષ્ઠા, વર્તુળાકૃતિ શતતારકા અને પાછળ જ પૂર્વા અને ઉત્તરાભાદ્રપદના વિશાળ ચતુષ્કોણ સ્પષ્ટ દેખાશે, તો તેની નજીક દક્ષિણમાં ઉચ્ચૈઃશ્રવાના ઘોડાની આકૃતિ હશે. ઉત્તરા ભાદ્રપદની ઉત્તરપૂર્વ બાજુ ઉગેલા ત્રણ તારામાં દેવયાની બહુ આકર્ષક લાગે છે, તો ઉત્તરપૂર્વમા શર્મિષ્ઠાની 'M' આકારની આકૃતિ સ્પષ્ટ દેખાશે. સવારે ૪ વાગે દેવયાની પાછળ યયાતિ ધનુષ્યાકૃતિમાં હશે. રેવતીના તારા પૂર્વમાં દેખાશે. તો સવારના ૫ વાગે પૂર્વમાં અશ્વિનીની ኔ આકારની આકૃતિ પૂર્ણપણે ઉપર આવેલી હશે.

આષાઢ માસ : (તા. ૧૪-૦૭-૮૮ થી ૧૨-૦૮-૮૮).

આકાશદર્શન : આષાઢ માસની નવીન ચંદ્રકોર તા. ૧૫ના સૂર્યાસ્ત પછી ૨૦ ક. ૩૫ મિ. સુધી પશ્ચિમ ક્ષિતિજ પર હશે. નજીકમાં જ પુનર્વસુ હશે. મંગળ મહારાજ હજી પણ સારા ને સ્પષ્ટ દેખાશે. સૂર્યાસ્ત પછી અંદાજે ૨ કલાકે પૂર્વમાં ઊગી રાત્રીભર આકાશમાં તડપતા રહેશે. પ્રારંભમાં કેટલાક દિવસ બુધ મહારાજ પૂર્વમાં દર્શન આપશે. તા. ૨૫થી તે પૂર્વમાં અસ્તંગત રહેશે અને મહિનાભર અદ્રશ્ય રહેશે. તો ગુરુ અને શુક્ર એ બન્ને દેવગ્રહ સૂર્યોદય પૂર્વે સુમારે ૨ કલાક આગળથી પૂર્વમાં જ ઊગશે અને પૂર્વ ભણી આકાશમાં શોભા વધારશે. પ્રથમ ગુરુ અને પછી શુક્ર એમ ઊગશે તો શનિ મહારાજ વક્રી હોઈ દિવસે

દિવસે મોટા અને સ્પષ્ટ દેખાશે. સૂર્યાસ્ત પછી સુમારે એક કલાકે ઝાંખા શનિ મહારાજ પૂર્વમાં દર્શન આપી રાત્રીભર આકાશમાં રહેશે. હજી પણ રાત્રીમાં પૂર્વ આકાશ ભરેલ રહેશે અને સવારે કેટલાક ગ્રહો પશ્ચિમમાં દેખાશે.

નક્ષત્રદર્શન : આષાઢ માસમાં મુસળધાર વરસાદને કારણે આકાશ સ્વચ્છ કે નિરભ્ર રહેવું મુશ્કેલ છે. નક્ષત્રો પણ એક સાથે બધા દેખાશે નહીં. વચ્ચે વચ્ચે દૂર દેખાનારા દીવા જેવા નક્ષત્રો સુંદર ભાસશે. આષાઢ પુંજ રાત્રીભર હાથીની અંબાડી જેવા દેખાશે. સૂર્યાસ્ત પછી પશ્ચિમ ક્ષિતિજ પર ખૂબ જ ઉપર મઘાનો કોયતા, પૂર્વા અને ઉત્તરાફાલ્ગુની નાના ચતુષ્કોણ જેવો ફિક્કો દેખાશે તો દક્ષિણમાં હાથના પંજા જેવા હસ્ત અને નજીકમાં લીલા રંગના મોતી જેવી ચિત્રા હશે. સ્વાતિ સોનેરી ટુકડા જેવી દેખાશે. તો વાયવ્યમાં સપ્તઋષિનો પ્રચંડ ઊલટો આકાર ભાસશે. પશ્ચિમમાં બહુ જ ઉપર અરૂંધતિના વાળના પુંજ દેખાશે. રાત્રે ૯ વાગે દક્ષિણમાં વિશાખાના તોરણ જેવા આડા બે તારા હશે. તો પાછળ જ અનુરાધા અને તેની નીચે હાથમાં લાલ માણેકની વીંટી પહેરેલ પ્રચંડ જ્યેષ્ઠા અને પાછળ મૂળની પૂંછડી હશે. રાત્રે ૧૦ અને ૧૧ના પૂર્વા અને ઉત્તરાષાઢાના પુંજ ઠીક ઠીક ઉપર આવેલા હશે અને સ્પષ્ટ દેખાશે. અહીં આકાશગંગા દક્ષિણ બાજુથી ઉત્તર ભણી વહેતી હશે. અગ્નિમાં ઘોડા પર બેઠેલા નરતુરંગની આકૃતિ સ્પષ્ટ દેખાશે તો રાત્રે અગિયાર કે સાડાઅગિયારના પૂર્વમાં સ્વર મંડળના ત્રણ આડા અને લીલા રંગનો તેજસ્વી શ્રવણ, ત્રિકોણી પણ તેજસ્વી અભિજીત નજીકમાં જ હંસપક્ષી હશે. દક્ષિણમાં અગ્નિ દિશામાં જટાયુ હશે. રાત્રે એક-બેના પૂર્વમાં મૃદંગ અને પાછળ જ શતતારકાના વર્તુળ જેવી આકૃતિ સુંદર દેખાશે. પૂર્વમાં પૂર્વાભાદ્રપદ અને ઉત્તરાભાદ્રપદના વિશાળ ચતુષ્કોણ ખાટલાની બાજુ જેવા દેખાશે. તો ઉત્તરમાં વૃષપર્વા જરા ગંભીર અને વૃદ્ધ દેખાશે ઉત્તરાફાલ્ગુનીની ઉત્તરપૂર્વ ભણી તેની વચ્ચે નીકળેલ દેવયાની અને ઈશાનમાં 'M' આકારની શર્મિષ્ઠા અને દેવયાનીની પાછળ તેનો પતિ યયાતિ આ દ્રશ્ય બહુ જ સુંદર દેખાશે. રાત્રે એક દોઢના સુમારે પૂર્વમાં માથા પર રેવતીના ફીક્કા તારા દેખાશે તો દક્ષિણમાં યમુના બહુ જ ઉપર આવેલી હશે. પૂર્વમાં અશ્વમુખ અને 'J' આકારની અશ્વિની સ્પષ્ટ દેખાશે. પાછળ જ ભરણીનો ફિક્કો ત્રિકોણ હશે. તો સવારે ચાર-સાડાચારના પૂર્વમાં કૃતિકાના ગુચ્છ 'V' આકારની રોહિણી અને તેની ઉત્તરમાં પીળા રંગનો બ્રહ્મહૃદય, લીલા રંગનો પ્રજાપતિ અને સફેદ રંગનો અગ્નિ આકાશમાં ઝળકતો હશે' તો પાંચ વાગે માથા પર મૃગશીર્ષ આવી ગયેલો દેખાશે.

શ્રાવણ માસ : (તા. ૧૩-૦૮-૮૮ થી ૧૧-૦૯-૮૮).

આકાશદર્શન : શ્રાવણ માસની પવિત્ર ચંદ્રકોર તા. ૧૪ના સૂર્યાસ્ત પછી પશ્ચિમ ક્ષિતિજ પર ૨૦ ક. ૧૭ મિ. સુધી ઝળકતી રહેશે. મંગળ મહારાજ રાત્રે ૯ વાગે ઊગીને રાત્રિભર આકાશમાં રહેશે. તો પૂર્વ-પશ્ચિમમાં ભ્રમણ કરતાં બુધ મહારાજ પાછા તા. ૧૫ થી પશ્ચિમમાં દેખાવા લાગશે. સૂર્યાસ્ત પછી સુમારે અડધો પોણો કલાક બુધ મહારાજ પશ્ચિમમાં દેખાશે. નીચે બુધ અને ઉપર ચંદ્રની ચંદ્રકોર દેખાશે. ગુરુ મહારાજ હવે સારી રીતે અને લાંબા સમય સુધી દેખાશે. સૂર્યોદય પૂર્વે ત્રણ-ચાર કલાક અર્થાત્ સવારના સાડાત્રણ-ચારના પૂર્વમાં ઊગીને મન પ્રસન્ન કરશે. તો તેની પાછળ પાછળ બે કલાકમાં પ્રભાત તારો શુક્ર ઊગીને મનની ખિન્નતા દર્શાવશે તો શનિ મહારાજ સૂર્યાસ્ત પછી પૂર્વમાં બીજી બાજુએ ઊગીને રાત્રિભર પ્રકાશ આપશે. એકંદરે આ મહિનામાં બધા જ ગ્રહોનું સુરમ્ય દર્શન થશે.

નક્ષત્રદર્શન : શ્રાવણ માસમાં નક્ષત્રો વચ્ચે વચ્ચે દેખાશે યા તો નહીંવત્ હશે. વ્રતસંકલ્પનો આ ધાર્મિક રૂઢિથી ભરેલો પવિત્ર માસ તેજસ્વી બાળક શ્રાવણથી રાત્રિભર ચમકતો હશે. સૂર્યાસ્ત પછી અડધા કલાકે શ્રવણની કાવડ પૂર્વમાં દેખાશે. તો સિંહ રાશિ દેખાવી કઠિન બનશે. સૂર્યાસ્ત પછી દક્ષિણમાં હસ્તનો પંજો દેખાશે. નજીકમાં લીલા મોતી જેવી ચિત્રા, પીળા રંગની સ્વાતિ માથા પર પશ્ચિમ બાજુ સરકતી હશે. પશ્ચિમમાં અરૂંધતિના વાળના ગુચ્છ દેખાશે. પૂર્વમાં માથા પર સ્વાતિ અને ઉત્તર મુકૂટ દેખાશે. રાત્રે ૯ વાગે અગ્નિમાં તોરણાકૃતિ વિશાખાના બે તારા સ્પષ્ટ દેખાશે. તો રાત્રે આઠ વાગે અગ્નિમાં છત્રીના છાપરા જેવી અનુરાધા અને તેની નીચે વીંટી જેવી જ્યેષ્ઠા નીચે જતી હશે. મૂળ હવે સ્પષ્ટ દેખાશે. રાત્રે નવ-સાડાનવે વીંછી દક્ષિણમાં આડો પ્રસરેલો હશે તો તેની પૂર્વમાં અને જરા ઉત્તરે પૂર્વા અને ઉત્તરાષાઢાના પુંજ હાથીની અંબાડી જેવા ભાસશે. દસ વાગે દક્ષિણમાં નરતુરંગ વ્યવસ્થિત અને સ્પષ્ટ દેખાશે. પૂર્વમાં ગરુડ ઉર્ફે શ્રવણ જોઈ મન પ્રસન્ન થશે. નજીકમાં જ ત્રિકોણી અભિજીત ઝળકતો હશે. હંસ પક્ષી પણ દેખાશે. સાડાઅગિયાર- બારના માથા પર ચક્રાકૃતિ ધનિષ્ઠા અને પાછળ જ વર્તુળાકૃતિ શતતારકા હશે. અગ્નિ દિશામાં જટાયું હશે. પૂર્વમાં બહુ જ ઊંચે ભવ્ય પૂર્વા અને ઉત્તરાભાદ્રપદનો વિશાળ ચતુષ્કોણ અને તેની બાજુમાં ઉચ્ચૈઃશ્રવાના ઘોડાની આકૃતિ હશે. તેની દક્ષિણમાં તિમીંગીલાયના તારા પ્રસરેલ હશે. ઉત્તરમાં શર્મિષ્ઠા સારી રીતે લજ્જાળુ બની ઊભી હશે. તેના 'M' આકારમાંથી વચ્ચે તારા સીધા ઉત્તરધ્રુવને મળતા હશે તો ઉત્તરાભાદ્રપદની ઉત્તર પૂર્વ ભણી તેમાંથી નીકળેલ ત્રણ તારાની દેવયાની તેજસ્વી પણ શાંત અને વિચારતી દેખાતી હશે. રાત્રે બે વાગે પૂર્વમાં ઘોડાના મુખ જેવી અશ્વિની, પાછળ જ ફિક્કી ભરણીનો ત્રિકોણ અને તેની પાછળ કૃતિકાના ગુચ્છ ઝળકતા હશે. સવારે ચાર વાગે 'V' આકારની ગુલાબી રોહિણી સુંદર દેખાશે. કૃતિકા અને રોહિણીની કપાળ જેવી આકૃતિ સાથે વૃષભ રાશિનો બળદ કેવો આબેહુબ દેખાય છે. સવારે પાંચ વાગે પૂર્વમાં ભવ્ય મૃગશીર્ષ આંખને આનંદ આપશે તો અગ્નિમાં બૃહલુબધક ઉર્ફે નીલા રંગનો વ્યાધ પ્રકાશ પાથરશે.

ભાદ્રપદ માસ : (તા. ૧૨-૦૯-૮૮ થી ૧૦-૧૦-૮૮).

આકાશદર્શન : આ ભાદ્રપદ માસની નવ ચંદ્રકોરનાં સુરમ્ય દર્શન તા. ૧૨ના સૂર્યાસ્ત પછી પશ્ચિમ ક્ષિતિજ પર ૧૯ ક. ૨૧ મિ. સુધી થશે. નજીકમાં જ ઉત્તરાફાલ્ગુની હશે. મંગળ મહારાજ હવે લાલભડક દેખાશે. તે વક્રી થયા બાદ પૃથ્વી નજીક આવશે. જેથી તેનું બિંબ મોટું દેખાશે. સૂર્યાસ્ત પછી રાત્રે સાત-સાડા સાતના તે પૂર્વમાં ઊગીને રાત્રીભર આકાશમાં દેખાશે તો બુધ મહારાજ એક ઑક્ટોબર સુધી પશ્ચિમ ક્ષિતિજ પર સૂર્યાસ્ત પછી કલાકવાર દર્શન આપશે અને તા. ૨થી પશ્ચિમમાં નઇ જેવા હશે. તો ગુરુ મહારાજનો આકાશમા રહેવાનો સમય હવે સારી રીતે વધતો જશે તે પણ વક્રી થતાં વધુમાં વધુ સમય આકાશમાં દેખાશે. સૂર્યાસ્ત પછી બે કલાકે જ તે પૂર્વમાં ઊગીને આકાશ પ્રસન્ન કરશે. તો પ્રભાત તારો શુક્ર સૂર્યોદય પૂર્વે દોઢ-બે કલાક પૂર્વમાં ઊગીને આકાશની શોભા વધારશે. મૃગશીર્ષની જરા અગ્નિમાં નીલા રંગનો પ્રખર વ્યાધ અને પૂર્વમાં પ્રણયી શુક્ર અતિશય સુંદર દેખાશે તો ઝાંખો પણ સ્પષ્ટ દેખાનાર શનિ સૂર્યાસ્ત પછી તરત જ પશ્ચિમમાં ઊગી રાત્રીભર આકાશમાં પહેરો ભરશે.

નક્ષત્રદર્શન : શ્રી ગજાનન મહારાજના આ પવિત્ર માસમાં સુંદર પણ તેજસ્વી ભાદ્રપદ પુંજ રાત્રિભર આકાશમાં હસતો રહેશે. લીલા રંગનો સપ્તઋષિ બરોબર ઉપર નીલા આકાશમાં ગ્રહ અને તારાઓ સાથે સુંદર દેખાશે. સૂર્યાસ્ત પછી અડધા કલાકે દક્ષિણમાં મોતી જેવો લીલો ચિત્રા અને પશ્ચિમમાં ઉપર પીળા રંગની સ્વાતિ હશે. નીચે અરૂંધતિના વાળ દેખાશે. પશ્ચિમમાં માથા સામે સ્વાતિ અને ઉત્તર મુકૂટ હશે. તો રાત્રે ૯ વાગે દક્ષિણમાં ભાતના ઢગલા જેવી અનુરાધા, નીચે લાલ રંગની જ્યેષ્ઠા અને છત્રીના દાંડા જેવો મૂળ હશે. પ્રચંડ વીંછી હવે સારી રીતે આડો પ્રસેરલ હશે. ઉત્તરમાં ગૌરી મુકૂટ સરસ દેખાશે તો દક્ષિણમાં જરા ઊંચે ધનુરાશિમાં પૂર્વા અને ઉત્તરાષાઢાના પુંજ સારા દેખાય છે. રાત્રે ૧૦ વાગે પૂર્વમાં ખૂબ જ ઉપર સ્વરમંડળ માંહેલ તેજસ્વી લીલા રંગનો શ્રવણ તેની બાજુમાં ત્રિકોણી અભિજીત અને હંસપક્ષી હશે. દક્ષિણમાં જટાયુ હવે સારી રીતે ઉપર આવેલ હશે. રાત્રે અગિયાર વાગે પૂર્વમાં ઊંચે મૃદંગ જેવી ધનિષ્ઠા અને તેની પાછળ ચક્રાકૃતિ શતતારકા હશે. થોડી જ વારમાં પૂર્વમાં ઊંચે પૂર્વા અને ઉત્તરાભાદ્રપદનો વિશાળ ચતુષ્કોણ દેખાશે. ઉત્તરમાં શર્મિષ્ઠા સુંદર દેખાશે. ઉત્તરાભાદ્રપદની ઉત્તર પૂર્વ ભણી તેમાંથી નીકળેલ દેવયાની કેવી સૌજન્યશીલ દેખાય છે તો પાછળ જ ધનુષ્યાકૃતિ યયાતિ જરા ખિન્ન અને ઉદાસ ભાસશે.

દક્ષિણમાં યમુના નદીના પાણી જેવા તારા લાંબે સુધી પ્રસરેલ હશે. રાત્રે એક પછી માથા પર 'J' આકારની અશ્વિની પાછળ જ ત્રિકોણ અને ફિક્કી ભરણી અને તેની પાછળ જ કૃતિકાના ગુચ્છ ઝળકતા હશે. મેષ રાશિ આબેહૂબ દેખાશે, કૃતિકાની પાછળ જ 'V' આકારની રોહિણી તેની જરા ઉપર સારથીમંડળમાં પીળા રંગનો બ્રહ્મહૃદય અને સફેદ રંગનો અગ્નિ તેમ જ લીલા રંગનો પ્રજાપતિ હશે. આકાશ હવે વિવિધ રંગ, તેજ અને આકૃતિના નક્ષત્રોથી ભરેલું હશે. વૃષભ રાશિમાં બળદની આકૃતિ આબેહૂબ દેખાશે. રાત્રે એક વાગે પૂર્વમાં ભવ્ય મૃગશીર્ષ હશે. તેમાં પૂર્વભણી લાલ રંગનો ભરત ઉર્ફે બેટલગુંજ અને સફેદ રંગનો કાસી સુંદર દેખાશે. મૃગના પેટમાં ત્રિકોણી બાણ પણ ચમકે છે. ઈશાનમાં આર્દ્રા હશે તો તેની ડાબી બાજુએ ત્રિકોણી પુષ્ય અને '૬' આંકડાની કાંટેરી આશ્લેષા હશે.

આશ્વિન માસ : (તા. ૧૧-૧૦-૮૮ થી ૦૯-૧૧-૮૮).

આકાશદર્શન : આ વર્ષની છેવટની આશ્વિન માસની પણ પ્રથમ ચંદ્રકોર તા. ૧૨ના સૂર્યાસ્ત પછી ૧૯ ક. ૦૪ મિ. સુધી દેખાશે. ઉપર જ મોટા બિંબ જેવી સોનેરી સ્વાતિ હશે. બધા જ ગ્રહોના છેવટના સુરમ્ય દર્શન આ મહિનામાં થઈ શકશે. બુધ મહારાજ આ મહિનાના પહેલા દિવસથી દર્શન આપી અને મહિનાભર હાજરી આપશે. સૂર્યોદય પૂર્વે એક કલાક તે પૂર્વમાં ઊગશે. મંગળ મહારાજ હવે સારી રીતે તેજસ્વી દેખાશે. સૂર્યાસ્ત પછી તે તરત જ પશ્ચિમમાં ઊગશે અને લાલ રંગના રાત્રિભર આકાશમાં ચમકશે, તો ગુરુ મહારાજ પણ મંગળની પાછળ જ કલાક સુધી પૂર્વમાં ઊગીને રાત્રીભર મંગળની પાછળ જ દોડશે. લાલ રંગના મંગળની નીચે પીળા રંગનો ગુરુ સ્પષ્ટ દેખાશે. તો શનિ મહારાજ તેની આગળ જ ઊગેલા હશે. સૂર્યાસ્ત પછી તે લગભગ માથા પર આવશે અને રાત્રે બાર-એકના પશ્ચિમમાં આથમશે તો પ્રભાત તારો શુક્ર સવારે સાડાચાર-પાંચ વાગે ઊગીને પૂર્વ દિશામાં પ્રકાશિત બનશે અને પછી ફિક્કા પડશે.

નક્ષત્રદર્શન : નક્ષત્રદર્શન માટે અતિ સુંદર માસ છે. શારદાનો ચંદ્ર કેવો દૂધ જેવો શુભ્ર લાગે છે. આકાશ નિરભ્ર અને સ્વચ્છ હશે. બધા જ નક્ષત્રો સ્પષ્ટ અને તેજસ્વી દેખાશે. સૂર્યાસ્ત પછી અડધા કલાકે પશ્ચિમ ક્ષિતિજ પર સ્વાતિ પીળી પણ બારીક દેખાશે. તો દક્ષિણમાં તોરણાકૃતિના વિશાખા અને પાછળ જ માદક આંખોવાળી અનુરાધા અને તેની પાછળ લાલભડક જ્યેષ્ઠા અને તેની ઉપર કાંટેરી મૂળ હશે. વિંછી દક્ષિણ ભણી સરકતો હશે. પશ્ચિમમાં થોડે ઉપર મુકુટમાં એકથી બે તારા દેખાશે. તો રાત્રે ૧૦ વાગે દક્ષિણમાં ધનુ રાશિમાં પૂર્વા અને ઉત્તરાષાઢાના પુંજ હાથીની અંબાડી જેવા ભાસશે ધનુ રાશિની આકૃતિ સ્પષ્ટ દેખાશે. નીચે નરતુરંગ સ્પષ્ટ દેખાશે. પૂર્વમાં સ્વરમંડળ માંહેલા ત્રણ તારામાં શ્રવણ બાજુમાં ત્રિકોણી અભિજીત અને હંસ પક્ષીનો પથરાવ સુંદર દેખાશે. તેની દક્ષિણમાં બગલો હશે. રાત્રે બાર વાગે માથા પર ધનિષ્ઠાની મૃદંગ જેવી અને પાછળ જ ચક્રાકૃતિ શતતારકા હશે. પૂર્વમાં ઊંચે પૂર્વા અને ઉત્તરાભાદ્રપદના વિશાળ ચતુષ્કોણ સારી રીતે દેખાશે તેમાં સફેદ રંગના શુભ તારા એકદમ સાત્વિક દેખાશે. શર્મિષ્ઠા તો બધાયથી ઉપર આવેલી હશે અને તદ્દન લજજળુ જણાશે. ઉત્તરાભાદ્રપદની ઉત્તર પૂર્વ ભણી અને તેમાંથી નીકળેલ ત્રણ તારાની દેવયાની શાંત નિદ્રાધીન ભાસશે. પાછળ જરા ઉપર ભણી ધનુષ્ય આકારની યયાતિ ખિન્ન દેખાશે તો રાત્રે ૧ વાગે પૂર્વમાં ઊંચે રથના ચાક જેવી અશ્વિની, નજીકમાં જ ફિક્કી ત્રિકોણી ભરણી અને તેની પાછળ કૃતિકાના ગુચ્છ ઝળકતા હશે. 'V' આકારની રોહિણી પાછળ જ હશે તો તેની જરા ઉત્તર ભણી સારથીમંડળમાં પીળા રંગનો બૃહસ્પતિ, લીલા રંગનો પ્રજાપતિ અને સફેદ રંગનો અગ્નિ હશે. આકાશ હવે કેવા રત્નોથી ભરેલું લાગે છે. ઉત્તર ભણી આકાશગંગા, શર્મિષ્ઠા, દેવયાની, કૃતિકા, રોહિણી અને મૃગશીર્ષ દક્ષિણમાં ગયા હશે તો દક્ષિણમાં યમુનાનો વેગ પ્રસરેલ હશે જે શાંત લાગે છે. રાત્રે બે વાગે પૂર્વમાં ઊંચે મૃગશીર્ષ પ્રસન્ન દેખાશે. તો તેમાંના અગિયાર તારા સ્પષ્ટ દેખાશે તેમાં લાલ રંગનો ભરત અને સફેદ રંગનો રાજન્ય ચમકતા હશે. તેની જરા ઈશાન ભણી આર્દ્રાનું ગુચ્છ હશે તો પાછળ જોડિયાભાઈ જેવા લાગતા અને સક્કરપારા જેવા પુનર્વસુના તારા સાથ દેખાશે. તેમાં નારંગી રંગનો પોલક્સ અને સફેદ રંગનો કાસ્ટર, નજીકમાં જ ત્રિકોણી પુષ્ય અને સિંહ રાશિ સ્પષ્ટ દેખાશે. ડાબી બાજુએ 'S' આકારની કે સર્પના વિંટોળા જેવી આશ્લેષા હશે. દક્ષિણમાં યમુના નીચે જતી અને વાસુકી ઉપર આવેલ હશે. સવારે સિંહ રાશિમાં મઘા ઠીક ઠીક ઉપર આવેલ હશે તો ઈશાનમાં સપ્તઋષિની ડોક ઉપર જ આવેલ હશે. અગ્નિમાં નીલા રંગના અગસ્તિઋષિ થોડા ઉપર આવેલ હશે. તા. ૧૧ના સૂર્યોદય થયા બાદ પ્રકાશમાન સૂર્ય પોતાના અશ્વારૂઢ રથ સાથે બહુ જ ઉપર આવશે અને વિક્રમ સંવત ૨૦૪૩ પૂર્ણ થઈ નવીન સંવત્સરનો પ્રારંભ થશે.

ગ્રહણો

(૨૮મા પાનાથી ચાલુ)

ગ્રહણનું રાશિ પરત્વે ફળ :

વૃષભ, મિથુન, તુલા મકર - શુભ ફળ
કર્ક, કન્યા, વૃશ્ચિક, કુંભ = મધ્યમ ફળ
મેષ, સિંહ, ધનુ, મીન = અશુભ ફળ

ગ્રહણ દરમિયાન કરવાનાં કૃત્યો

ગ્રહણ પુણ્કાળ શરૂ થતાં સ્નાન, ગ્રહણ દરમ્યાન દેવપૂજા, તર્પણ, શ્રાદ્ધ, જપ અને હોમ કરવા અને ગ્રહણ છૂટતાં જ દાન અને શુદ્ધબિંબ થયા પછી સ્નાન કરવું. જનના શૌચ કે મૃતાત્માનું શૌચમાં જો ગ્રહણ હોય તો ગ્રહણ સંબંધી સ્નાન, દાન ઇત્યાદિ કૃત્યો કરવા માટે શુદ્ધિ છે.

મંત્ર, તંત્ર, પુનશ્ચરણ સંબંધી

નવો મંત્ર ગ્રહણ કરવો કે ગ્રહણ કરેલા મંત્રનું પુનશ્ચરણ કરવું. આ સૂર્યગ્રહણનો મુખ્ય સમય છે. પહેલા લીધેલા મંત્રના જાપ ગ્રહણ દરમિયાન ન કરીએ તો મંત્રને મલિનતા લાગે છે. ગ્રહણમાં કરેલા પુનશ્ચરણને તરત જ મંત્રસિદ્ધિ છે. ગ્રહણના પુણ્યકાળ દરમિયાન પાળવાના શારીરિક નિયમોને બદલે ગ્રહણમાં ઊંઘી જવાથી તાવ વગેરેની પીડા. મૂત્રોત્સર્ગ કરવાથી મૂત્રરોગ કે દારિદ્રય, શૌચ કરવાથી કૃમિરોગ, અભ્યંગ કરવાથી કુષ્ઠરોગ અને ભોજન કરવાથી નરકપ્રાપ્તિ થાય છે.

સ્નાન વિશે

ગ્રહણ દરમિયાન બધું જ પાણી ગંગા સમાન છે. આમ છતાં ગરમ પાણી કરતાં ઠંડું પાણી પુણ્યકારક છે. બીજાએ આપેલા પાણી કરતાં પોતાનું પાણી શ્રેષ્ઠ છે. પાણીને બહાર કાઢી સ્નાન કરવું. સરોવર, નદી, મહાનદી, ગંગા, સમુદ્રનું સ્નાન એક કરતાં એક અધિક પુણ્યકારક છે સૂર્યગ્રહણ હોતાં નર્મદાનું સ્નાન અતિ મહત્વનું કહેલ છે. સૂર્યગ્રહણ વખતે નર્મદાનું સ્નાન કરવું, નર્મદાનાં પ્રત્યક્ષ દર્શન કરવા, નર્મદાના પાણીનો સ્પર્શ કરવો કે બીજે ઠેકાણે સ્નાન કરતી વખતે માત્ર નર્મદાનું સ્મરણ સુદ્ધાં કરીએ તોપણ કૃતકૃત્ય થઇ ગોપ્રદાન કરેલા અને યજ્ઞનું ફળ મળે છે.

કેટલાંક શહેરોની ગ્રહણની અવસ્થા અને તેના સમયો (ભા. સ્ટાં. ટા.માં) નીચે આપેલ છે.

ગ્રહણની સ્પર્શ - મધ્ય મોક્ષ ત્રણે અવસ્થા નીચેનાં શહેરોમાં જોઇ શકાશે :

શહેર/અવસ્થા	સ્પર્શ	મધ્ય	પરમ-	મોક્ષ
ઐઝવલ	ક. મિ.	ક. મિ.	ગ્રાસ	ક. મિ.
ડિબ્રુગઢ	૦૫-૪૫	૦૬-૨૯	૦.૩૨	૦૭-૧૭
ગેંગટોક	૦૫-૪૫	૦૬-૩૦	૦.૩૩	૦૭-૧૮
ગૌહત્તી	૦૫-૫૫	૦૬-૩૮	૦.૨૭	૦૭-૨૪
ઇમ્ફાલ	૦૫-૫૪	૦૬-૩૪	૦.૨૫	૦૭-૧૬
ઇટાનગર	૦૫-૫૧	૦૬-૩૩	૦.૨૮	૦૭-૧૯
કોહિમા	૦૫-૪૮	૦૬-૩૩	૦.૩૧	૦૭-૨૧
શિલોંગ	૦૫-૫૪	૦૬-૩૬	૦.૨૭	૦૭-૨૨
ચિત્તાગોંગ	૦૫-૫૦	૦૬-૩૪	૦.૩૦	૦૭-૨૨
ઢાકા	૦૫-૪૯	૦૬-૩૨	૦.૨૯	૦૭-૧૯
કાઠમંડુ	૦૫-૪૧	૦૬-૨૭	૦.૩૫	૦૭-૧૬
રંગૂન	૦૫-૪૪	૦૬-૨૮	૦.૩૨	૦૭-૧૬
થીમ્પુ	૦૫-૫૫	૦૬-૩૩	૦.૨૪	૦૭-૧૩
	૦૫-૨૯	૦૬-૨૧	૦.૪૮	૦૭-૧૮
	૦૫-૫૫	૦૬-૩૫	૦.૨૫	૦૭-૧૭

ગ્રહણની મધ્ય અને મોક્ષ બે અવસ્થા નીચેનાં શહેરોમાં જોઇ શકાશે :

શહેર	મધ્ય	પરમગ્રાસ	મોક્ષ
	ક.મિ.		ક.મિ.
અમદાવાદ	૦૬-૨૮	૦.૨૭	૦૭-૦૯

સંવત ૨૦૪૪ના ગ્રહણો

ભુવનેશ્વર	૦૬-૨૧	૦.૩૮	૦૭-૦૯
કલકત્તા	૦૬-૨૬	૦.૩૪	૦૭-૧૩
ચંડીગઢ	૦૬-૩૫	૦.૧૮	૦૭-૦૮
દેહરાદૂન	૦૬-૩૪	૦.૧૯	૦૭-૦૯
દિલ્હી	૦૬-૩૨	૦.૨૧	૦૭-૦૮
હરિદ્વાર	૦૬-૩૪	૦.૧૯	૦૭-૦૯
લખનૌ	૦૬-૩૦	૦.૨૫	૦૭-૦૯
નૈનિતાલ	૦૬-૩૩	૦.૨૦	૦૭-૦૯
પટણા	૦૬-૨૯	૦.૨૭	૦૭-૧૨
પોર્ટબ્લેર	૦૬-૧૧	૦.૫૯	૦૭-૧૦
જગન્નાથપુરી	૦૬-૨૦	૦.૩૯	૦૭-૦૯
સિમલા	૦૬-૩૬	૦.૧૭	૦૭-૦૯
વારાણસી	૦૬-૨૮	૦.૨૮	૦૭-૧૦
વિશાખાપટ્ટનમ	૦૬-૧૬	૦.૪૩	૦૭-૦૬

ગ્રહણની મોક્ષ અવસ્થા જ નીચેનાં શહેરોમાં જોઇ શકાશે

શહેર	મોક્ષ ક.મિ.	શહેર	મોક્ષ ક.મિ.
શ્રીનગર	૦૭-૦૮	ઉદગીર	૦૭-૦૪
શ્રીરામપુર	૦૭-૦૪	ઉદેપુર	૦૭-૦૫
શ્રીવર્ધન	૦૭-૦૩	ઉજ્જૈન	૦૭-૦૬
શ્રીગોંદા	૦૭-૦૪	ઉસ્માનાબાદ	૦૭-૦૪
		ઉટાકામંડ	૦૭-૦૦
અમરાવતી	૦૭-૦૬	કાનપુર	૦૭-૦૯
અમૃતસર	૦૭-૦૮	કન્યાકુમારી	૦૬-૫૯
અહમદાવાદ		કોલંબો	૦૬-૫૯
અહમદનગર	૦૭-૦૫	ગુલબર્ગા	૦૭-૦૪
આકોલા	૦૭-૦૪	ગદગ	૦૭-૦૩
આબુ	૦૭-૦૬	ચોકર્ણ	૦૭-૦૨
ઔરંગાબાદ	૦૭-૦૫	ગ્વાલિયર	૦૭-૦૮
અલિબાગ	૦૭-૦૪	ચાંદા	૦૭-૦૬
ઇન્દોર	૦૭-૦૩	જળગાંવ	૦૭-૦૫
ઇચલકરંજી	૦૭-૦૬	જયપુર	૦૭-૦૭
જાલના	૦૭-૦૩	જબલપુર	૦૭-૦૮
જોધપુર	૦૭-૦૫	ભોપાલ	૦૭-૦૭
થાણા	૦૭-૦૭	મુંબઇ	૦૭-૦૪
ત્રિવેન્દ્રમ	૦૭-૦૪	મનમાડ	૦૭-૦૪

પિધાન યુતિ

તારીખ	પદાર્થ	નીચેનાં સ્થળોએ દેખાશે
૨૫-૧૦-૧૯૮૭	જ્યેષ્ઠા	દક્ષિણ અમેરિકાનો દક્ષિણ ભાગ, દક્ષિણ એટલાન્ટિયા, દક્ષિણ - પશ્ચિમ આફ્રિકા.
૧૮-૧૧-૧૯૮૭	ચિત્રા	હવાઇ, પૂર્વ પેસિફિક, દક્ષિણ અમેરિકાનો મધ્ય ભાગ.
૧૬-૧૨-૧૯૮૭	ચિત્રા	ઉત્તર - પૂર્વ આફ્રિકા, દક્ષિણ - પશ્ચિમ એરેબિયા, માડાગાસ્કર, હિન્દ મહાસાગર, ઑસ્ટ્રેલિયા.
૧૯-૧૨-૧૯૮૭	જ્યેષ્ઠા	દક્ષિણ અમેરિકાનો ઉત્તર અને મધ્ય ભાગ, દક્ષિણ એટલાન્ટિક, દક્ષિણ આફ્રિકા, માડાગાસ્કર.
૧૨-૦૧-૧૯૮૮	ચિત્રા	દક્ષિણ પેસિફિક, દક્ષિણ અમેરિકાનો દક્ષિણ ભાગ, દક્ષિણ એટલાન્ટિક.
૧૫-૦૧-૧૯૮૮	જ્યેષ્ઠા	ઇન્ડોનેશિયા, ઑસ્ટ્રેલિયા (ઉત્તરમાં નહીં), ન્યુઝીલેન્ડ.
૨૧-૦૧-૧૯૮૮	શુક્ર	દક્ષિણ પેસિફિક, દક્ષિણ અમેરિકા (ઉત્તર ને દક્ષિણમાં નહીં), ઉત્તર એટલાન્ટિકનો દક્ષિણ ભાગ, આફ્રિકાનો પશ્ચિમ છેવાડો.
૦૮-૦૨-૧૯૮૮	ચિત્રા	હિન્દ મહાસાગર, ઇન્ડોનેશિયા, ઑસ્ટ્રેલિયાનો પશ્ચિમ અને દક્ષિણ ભાગ, એન્ટાર્કટિકા, ન્યુઝીલેન્ડનો દક્ષિણ છેવાડો.
૧૨-૦૨-૧૯૮૮	જ્યેષ્ઠા	દક્ષિણ અમેરિકા (ઉત્તરમાં નહીં), દક્ષિણ એટલાન્ટિક, એન્ટાર્કટિકા.
૦૭-૦૩-૧૯૮૮	ચિત્રા	દક્ષિણ અમેરિકાનો પૂર્વ છેવાડો, દક્ષિણ એટલાન્ટિક, આફ્રિકાનો દક્ષિણ છેવાડો, એન્ટાર્કટિકા.
૧૦-૦૩-૧૯૮૮	જ્યેષ્ઠા	પૂર્વ ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, એન્ટાર્કટિકા, દક્ષિણ અમેરિકાનો દક્ષિણ ભાગ.
૧૬-૦૩-૧૯૮૮	બુધ	એન્ટાર્કટિકા, હિન્દ મહાસાગરનો દક્ષિણ ભાગ, ઇન્ડોનેશિયા, ઑસ્ટ્રેલિયા (દક્ષિણ - પૂર્વ ભાગ નહીં).
૦૩-૦૪-૧૯૮૮	ચિત્રા	દક્ષિણ પેસિફિક, એન્ટર્કટિકા, દક્ષિણ અમેરિકાનો દક્ષિણનો છેવાડો.
૦૬-૦૪-૧૯૮૮	જ્યેષ્ઠા	દક્ષિણ - પૂર્વ આફ્રિકા, માડાગાસ્કર, હિન્દ મહાસાગર, એન્ટાર્કટિકા, ન્યુઝીલેન્ડ.
૨૦-૦૪-૧૯૮૮	શુક્ર	સાઇબેરિયા, આર્કટિક, ગ્રીનલેન્ડ, આઇસલેન્ડ.
૩૦-૦૪-૧૯૮૮	ચિત્રા	હિન્દ મહાસાગર, પશ્ચિમ ઑસ્ટ્રેલિયા, એન્ટાર્કટિકા.
૦૪-૦૫-૧૯૮૮	જ્યેષ્ઠા	દક્ષિણ અમેરિકા, દક્ષિણ એટલાન્ટિક, એન્ટાર્કટિકા.
૦૯-૦૫-૧૯૮૮	મંગળ	દક્ષિણ અમેરિકાનો દક્ષિણ છેવાડો, એન્ટાર્કટિકા, આફ્રિકાનો દક્ષિણ છેવાડો, માડાગાસ્કર.
૨૭-૦૫-૧૯૮૮	ચિત્રા	દક્ષિણ અમેરિકાનો દક્ષિણ ભાગ, એન્ટાર્કટિકા.
૩૧-૦૫-૧૯૮૮	જ્યેષ્ઠા	ન્યુગીની, ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, દક્ષિણ અમેરિકાનો દક્ષિણ - પશ્ચિમ ભાગ.
૧૯-૦૬-૧૯૮૮	મઘા	આર્કટિક, પશ્ચિમ રશિયા.
૨૪-૦૬-૧૯૮૮	ચિત્રા	દક્ષિણ - પશ્ચિમ ઑસ્ટ્રેલિયા, એન્ટાર્કટિકા.
૨૭-૦૬-૧૯૮૮	જ્યેષ્ઠા	દક્ષિણ એટલાન્ટિક, આફ્રિકાનો દક્ષિણ છેવાડો, એન્ટાર્કટિકા, પશ્ચિમ ઑસ્ટ્રેલિયા.
૧૭-૦૭-૧૯૮૮	મઘા	આર્કટીક, ઉત્તર અમેરિકા.
૨૫-૦૭-૧૯૮૮	જ્યેષ્ઠા	પૂર્વ ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, એન્ટાર્કટિકા, દક્ષિણ અમેરિકાનો દક્ષિણ ભાગ.
૨૧-૦૮-૧૯૮૮	જ્યેષ્ઠા	આફ્રિકાનો દક્ષિણ છેવાડો, એન્ટાર્કટિકા
૦૯-૦૯-૧૯૮૮	મઘા	આર્કટિક, ગ્રીનલેન્ડ, આઇસલેન્ડ, યુરોપ, ઉત્તર આફ્રિકા.
૧૩-૦૯-૧૯૮૮	બુધ	દક્ષિણ અમેરિકા (ઉત્તર ભાગ નહીં), એન્ટાર્કટિકા
૧૭-૦૯-૧૯૮૮	જ્યેષ્ઠા	દક્ષિણ પેસિફિક, એન્ટાર્કટિકા.
૦૬-૧૦-૧૯૮૮	મઘા	આર્કટિક, ઉત્તર અમેરિકા.
૦૭-૧૦-૧૯૮૮	શુક્ર	સ્કેન્ડીનાવિયા, પૂર્વ યુરોપ, એશિયા, જાપાન, ફિલાડેલ્ફિયા.
૧૫-૧૦-૧૯૮૮	જ્યેષ્ઠા	ઑસ્ટ્રેલિયા (ઉત્તર ભાગ નહીં), ન્યુઝીલેન્ડનો દક્ષિણ ભાગ, એન્ટાર્કટિકા, દક્ષિણ અમેરિકાનો દક્ષિણ છેવાડો.
૦૩-૧૧-૧૯૮૮	મઘા	સ્કોટલેન્ડ, સ્કેન્ડીનાવિયા, એશિયા, જાપાન, ઇન્ડોચાયના, ફિલાડેલ્ફિયા.

દ્વારકા	૦૬-૫૯	મદ્રાસ	૦૭-૦૨
ધુળે	૦૭-૦૪	યવતમાળ	૦૭-૦૬
નાશિક	૦૭-૦૫	રત્નાગિરિ	૦૭-૦૨
નાંદેડ	૦૭-૦૪	રાજકોટ	૦૭-૦૪
નાગપુર	૦૭-૦૫	રાયચુર	૦૭-૦૩
નિપાણી	૦૭-૦૬	રાવળપિંડી	૦૭-૦૮
પરભણી	૦૭-૦૩	લાતૂર	૦૭-૦૪
પલક્કડ	૦૭-૦૫	લુધિયાણા	૦૭-૦૯
પુના	૦૭-૦૨	વસઇ	૦૭-૦૪
પૉન્ડિચેરી	૦૭-૦૪	વર્ધા	૦૭-૦૬
બેલ્લારી	૦૭-૦૧	વાઇ	૦૭-૦૩
બરોડા	૦૭-૦૩	વિજાપુર	૦૭-૦૩
બીડ	૦૭-૦૫	સાવંતવાડી	૦૭-૦૨
બુલઢાણા	૦૭-૦૪	સાંગલી	૦૭-૦૩
બેલગામ	૦૭-૦૫	સંગમનેર	૦૭-૦૪
બિદર	૦૭-૦૨	સાતારા	૦૭-૦૩
બેંગલોર	૦૭-૦૪	સુરત	૦૭-૦૪
ભુસાવળ	૦૭-૦૨	હંપી	૦૭-૦૩
	૦૭-૦૫	હુબલી	૦૭-૦૨
		હૈદ્રાબાદ	૦૭-૦૪

(૩) માંધ ચંદ્રગ્રહણ

શ્રાવણ શુક્લ - ૧૫, શનિવાર, તા. ૨૭-૦૮-૧૯૮૮, ભારતીય દિનાંક-૫, ભાદ્રપદ-૧૯૧૦. આ દિવસે કુંભ રાશિમાં થનાર માંધ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે નહીં. આ ગ્રહણમાં ચંદ્રબિંબની આકૃતિ ફક્ત ફિક્કી જ દેખાતી હોય છે. કારણકે માંધ ચંદ્રગ્રહણમાં ચંદ્ર ખરેખર પૃથ્વીના પડછાયાથી ઢંકાતો નથી હોતો. આ ગ્રહણનો પ્રારંભ એશિયાનો પૂર્વ કિનારો, એન્ટાર્કટિકા, ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલૅન્ડ, દક્ષિણ અમેરિકાનો પશ્ચિમ ભાગ, મધ્ય અમેરિકા, ઉત્તર અમેરિકા (હડસન અખાતના પૂર્વ ભાગમાં નહીં દેખાય) અને પેસિફિક મહાસાગરમાં દેખાશે. ગ્રહણનો મોક્ષ પૂર્વ એશિયા, એન્ટાર્કટિકા, ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલૅન્ડ અને પેસિફિક મહાસાગરમાં દેખાશે.

ભૂમંડલે ખગોલિક ચમત્કૃતિ (તા. ૨૭-૦૮-૧૯૮૮)

ગ્રહણ ચમત્કૃતિ	ભા.સ્ટાં.ટા. ક.મિ.
ભૂમંડલે ગ્રહણ પ્રારંભ	૧૪-૨૨
ભૂમંડલે ગ્રહણ સ્પર્શ	૧૫-૩૮
ભૂમંડલે ગ્રહણ મધ્ય*	૧૬-૩૫
ભૂમંડલે ગ્રહણ મોક્ષ	૧૭-૩૨
ભૂમંડલે ગ્રહણ સમાપ્ત	૧૮-૪૮
* ગ્રહણ પરમગ્રાસ	૦.૨૯૭

(૪) કંકણાકૃતિ સૂર્યગ્રહણ

શ્રાવણ કૃષ્ણ-૩૦, રવિવાર, તા. ૧૧-૦૯-૧૯૮૮. ભારતીય દિનાંક-૨૦, ભાદ્રપદ-૧૯૧૦. આ દિવસે સિંહ રાશિમાં થનાર કંકણાકૃતિ સૂર્યગ્રહણ ભારતમાં ખંડગ્રાસ રૂપે દેખાશે. આ ગ્રહણ આફ્રિકાના પૂર્વ ભાગના છેડે, એશિયાના દક્ષિણ ભાગમાં, ઇન્ડોનેશિયા, ઑસ્ટ્રેલિયા (ઉત્તર-પૂર્વના છેવાડાના ભાગમાં નહીં દેખાય), ન્યુઝીલૅન્ડ, એન્ટાર્કટિકાના કેટલાક ભાગોમાં દેખાશે.

ભૂમંડલે ખગોલિક ચમત્કૃતિ (તા. ૧૧-૦૯-૧૯૮૮)


ભૂમંડલે ખગોલિક ચમત્કૃતિ (તા. ૧૧-૦૯-૧૯૮૮)

ગ્રહણ ચમત્કૃતિ	ભા. સ્ટાં ક. મિ.	અક્ષાંશ	રેખાંશ
ભૂમંડલે ગ્રહણ પ્રારંભ	૦૭-૧૬	ઉ. ૧૧°-૨૩'	પૂ. ૬૧°-૫૦'
ભૂમંડલે ગ્રહણ સ્પર્શ	૦૮-૨૯	ઉ. ૦૦-૫૨	પૂ. ૪૪-૨૮
ભૂમંડલે ગ્રહણ મધ્ય	૧૦-૧૪	દ. ૨૮-૦૦	પૂ. ૧૦૦-૩૮
ભૂમંડલે ગ્રહણ મોક્ષ	૧૧-૫૮	દ. ૫૯-૪૧	પૂ. ૧૬૫-૧૩
ભૂમંડલે ગ્રહણ સમાપ્ત	૧૩-૧૧	દ. ૪૬-૧૧	પૂ. ૧૪૯-૧૨

દુનિયાના નકશામાં પૂર્વ રેખાંશ ૨૦° થી પૂર્વ રેખાંશ ૧૮૦° સુધી અને ઉત્તર અક્ષાંશ ૩૫° થી દક્ષિણ ધ્રુવ સુધીના પ્રદેશોમાં જ આ ગ્રહણ દેખાવાનું છે. ગ્રહણની કંકણાકૃતિ અવસ્થા હિન્દ મહાસાગરમાં જ દેખાવાની હોવાથી પૃથ્વી પર તે અવસ્થા જોઇ શકાશે નહીં. આફ્રિકાનો પૂર્વ ભાગ, સાઉદી અરેબિયા, ઇરાક, ઇરાન, અફઘાનિસ્તાન, સંપૂર્ણ ભારત, બ્રહ્મદેશ, મલયેશિયા, ઇન્ડોનેશિયા, ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલૅન્ડ અને દક્ષિણ ધ્રુવ પ્રદેશ આ ભાગોમાં ગ્રહણ ખંડગ્રાસ રૂપે દેખાશે. ગ્રહણની ઉત્તર તરફની મર્યાદારેખા ઇરાક, ઇરાન, અફઘાનિસ્તાન અને ભારતમાંથી પસાર થાય છે. તે કાશ્મીર અને હિમાચલ પ્રદેશ, નેપાળ, ભુતાન અને અરુણાચલ પ્રદેશની નીચે બ્રહ્મદેશમાંથી પસાર થશે. આ રેખાની ઉપરના ભાગોમાં એટલે કે જમ્મુ - કાશ્મીર, તિબેટ, ભુતાન, અરુણાચલ અને ઉત્તર આસામમાં તેમ જ ત્યાંના ઉત્તર ભાગમાં ગ્રહણ દેખાશે નહીં. ફક્ત સૂર્યબિંબનું તેજ ઓછું દેખાશે. આમ આ ભાગમાં ગ્રહણ સંબંધી ધાર્મિક નિયમો પાળવાની જરૂર નથી.

(ભારતના નકશા માટે જુઓ પાનું ૨૩૮)

ના. ૧૧-૯-૧૯૮૮ના સૂર્યગ્રહણનો ભૂમંડલીય નકશો




ભારતમાં સૂર્યોદય પછી ગ્રહણ પ્રારંભ થશે. તેથી ભારતમાં ગ્રહણની ત્રણે અવસ્થા બધે જ જોઇ શકાશે.


ભારતના નકશામાં ૧૧ સપ્ટેમ્બરના સવારે ૦૭-૧૮થી ૦૮-૦૮ સુધી થોડા થોડા સમયના અંતરે ------ સ્પર્શરેખા આપેલ છે. જમણી બાજુ સવારે ૦૮-૪૯થી ૧૦ મિનિટના અંતરે ---- મોક્ષરેખા આપેલ છે. આપણે જે સ્થળનો ગ્રહણ સમય મેળવવો હોય તે તે રેખાઓ પરથી મેળવી શકાશે. મુંબઇમાં સવારે ૦૮ક.૨૫મિ.૫૮સે.ના ગ્રહણ મધ્ય છે. ત્યારે સૂર્યબિંબનો વધુમાં વધુ ભાગ કાળો થશે. સૂર્યબિંબના વ્યાસ ૧ માનીએ તો મુંબઇમાં ગ્રહણ મધ્ય સમયે .૪૨૩ એટલો બિંબનો ભાગ કાળો થશે. ગ્રહણબિંબની મુંબઇની અવસ્થાની ત્રણ આકૃતિઓ આપેલ છે.


મુંબઇમાં સૂર્યગ્રહણના સમયો


ચમત્કૃતિ	ભા.સ્ટાં.ટા. ક.મિ.
ગ્રહણ સ્પર્શ	૦૭-૨૨
ગ્રહણ મધ્ય	૦૮-૨૬
ગ્રહણ મોક્ષ	૦૯-૩૮
ગ્રહણ પરમગ્રાસ	૦.૪૨૩
ગ્રહણ પર્વકાળ	૦૨-૧૬



મુંબઈમાં સૂર્યગ્રહણનાં દૃશ્યો







ગ્રહણવેધ : તા. ૧૦-૦૯-૧૯૮૮ના સૂર્યાસ્તથી વેધ શરૂ થશે.

ગ્રહણ પુણ્યકાળ : ગ્રહણનો પુણ્યકાળ તા. ૧૧-૦૯-૧૯૮૮ના સવારે ૦૭-૨૨થી ૦૯-૩૮ સુધી છે. તેથી ગ્રહણ સંબંધી કૃત્યો તે દરમિયાન કરવા.

ગ્રહણનું રાશિ પરત્વે ફળ :

મિથુન,	તુલા,	વૃશ્ચિક,	મીન	=	શુભ	ફળ
મેષ,	કર્ક,	ધનુ,	કુંભ	=	મધ્ય	ફળ
વૃષભ,	સિંહ,	કન્યા,	મકર	=	અશુભ	ફળ

ગ્રહણ દરમિયાન કરવાનાં કૃત્યો

ગ્રહણ પુણ્યકાળ શરૂ થતાં સ્નાન, ગ્રહણ દરમિયાન દેવપૂજા, તર્પણ, શ્રાદ્ધ, જપ અને હોમ કરવા અને ગ્રહણ છૂટતાં જ દાન અને શુદ્ધબિંબ થયા પછી સ્નાન કરવું. જનના શૌચ કે મૃતાત્માનાં શૌચમાં જો ગ્રહણ હોય તો ગ્રહણ સંબંધી સ્નાન, દાન, ઇત્યાદિ કૃત્યો કરવા માટે શુદ્ધિ છે.

મંત્ર, તંત્ર, પુનશ્ચરણ સંબંધી

નવો મંત્ર ગ્રહણ કરવો કે ગ્રહણ કરેલા મંત્રનું પુનશ્ચરણ કરવું. આ સૂર્યગ્રહણનો મુખ્ય સમય છે. પહેલા લીધેલા મંત્રના જાપ ગ્રહણ દરમિયાન ન કરીએ તો મંત્રને મલિનતા લાગે છે. ગ્રહણમાં કરેલા પુનશ્ચરણને તરત જ મંત્રસિદ્ધિ છે. ગ્રહણના પુણ્યકાળ દરમિયાન પાળવાના શારીરિક નિયમોને બદલે ગ્રહણમાં ઊંઘી જવાથી તાવ વગેરેની પીડા, મૂત્રોત્સર્ગ કરવાથી મૂત્રરોગ કે દારિદ્ર, શૌચ કરવાથી કૃમિરોગ, અભ્યંગ કરવાથી કુષ્ઠરોગ અને ભોજન કરવાથી નરકપ્રાપ્તિ થાય છે.

સ્નાન વિષે

ગ્રહણ દરમિયાન બધું જ પાણી ગંગા સમાન છે. આમ છતાં ગરમ પાણી કરતાં ઠંડુ પાણી પુણ્યકારક છે. બીજાએ આપેલા પાણી કરતાં પોતાનું પાણી શ્રેષ્ઠ છે. પાણીને બહાર કાઢી સ્નાન કરવું. સરોવર, નદી, મહાનદી, ગંગા, સમુદ્રનું સ્નાન એક કરતાં એક અધિક પુણ્યકારક છે. સૂર્યગ્રહણ હોતાં નર્મદાનું સ્નાન અતિ મહત્ત્વનું કહેલ છે. સૂર્યગ્રહણ વખતે નર્મદાનું સ્નાન કરવું, નર્મદાનાં પ્રત્યક્ષ દર્શન કરવા, નર્મદાના પાણીનો સ્પર્શ કરવો કે બીજે ઠેકાણે સ્નાન કરતી વખતે માત્ર નર્મદાનું સ્મરણ સુદ્ધાં કરીએ તોપણ કૃતકૃત્ય થઈ ગોપ્રદાન કરેલા અને યજ્ઞનું ફળ મળે છે.

ભારતમાં દેખાનારા સૂર્યગ્રહણના જુદાં જુદાં શહેરોના સમયો

શહેર	સ્પર્શ	મધ્ય	પરમ-ગ્રાસ	મોક્ષ
	ક.મિ.		ક.મિ.	
અગરતલા	૦૭-૫૫	૦૮-૩૮	૦.૧૧૯	૦૯-૨૩
અમદાવાદ	૦૭-૨૬	૦૮-૨૩	૦.૩૦૯	૦૯-૨૫
ઐઝાવલ	૦૭-૫૯	૦૮-૪૦	૦.૧૦૨	૦૯-૨૨
અલાહાબાદ	૦૭-૪૧	૦૮-૨૮	૦.૧૭૫	૦૯-૧૯
અમૃતસર	૦૭-૫૭	૦૮-૨૧	૦.૦૪૮	૦૮-૪૭
બેંગલોર	૦૭-૨૧	૦૮-૩૫	૦.૫૫૩	૧૦-૦૦
ભોપાલ	૦૭-૩૦	૦૮-૨૬	૦.૨૭૨	૦૯-૨૭
ભુવનેશ્વર	૦૭-૩૫	૦૮-૩૬	૦.૨૭૮	૦૯-૪૨
મુંબઈ	૦૭-૨૨	૦૮-૨૬	૦.૪૨૩	૦૯-૩૮
કલકત્તા	૦૭-૪૫	૦૮-૩૬	૦.૧૮૭	૦૯-૩૨

ચંદીગઢ	૦૭-૫૪	૦૮-૨૩	૦.૦૬૩	૦૮-૫૧
દહેરાદૂન	૦૭-૫૪	૦૮-૨૩	૦.૦૬૭	૦૮-૫૪
દિલ્હી	૦૭-૪૫	૦૮-૨૩	૦.૧૨૦	૦૯-૦૪
ગેંગટોક	૦૮-૦૩	૦૮-૨૩	૦.૦૫૮	૦૯-૦૩
ગૌહતી	૦૮-૦૮	૦૮-૩૭	૦.૦૫૨	૦૯-૦૭
હરિદ્વાર	૦૭-૫૨	૦૮-૨૪	૦.૦૭૮	૦૮-૫૬
હૈદ્રાબાદ	૦૭-૨૪	૦૮-૩૧	૦.૪૨૬	૦૯-૪૮
ઇમ્ફાલ	૦૮-૦૯	૦૮-૪૦	૦.૦૫૮	૦૯-૧૨
ઇટાનગર	૦૮-૩૧	૦૮-૩૮	૦.૦૦૨	૦૮-૪૪
જયપુર	૦૭-૩૭	૦૮-૨૩	૦.૧૭૯	૦૯-૧૨
જોધપુર	૦૭-૩૩	૦૮-૨૨	૦.૨૧૩	૦૯-૧૪
કાંચીપુરમ્	૦૭-૨૨	૦૮-૩૮	૦.૫૩૭	૧૦-૦૩
કન્યાકુમારી	૦૭-૨૧	૦૮-૪૧	૦.૬૭૮	૧૦-૧૪
ક્વાલુર	૦૭-૨૨	૦૮-૩૭	૦.૫૫૨	૧૦-૦૩
કોડાઈકેનાલ	૦૭-૨૧	૦૮-૩૮	૦.૬૨૬	૧૦-૦૮
કોહિમા	૦૮-૧૫	૦૮-૩૯	૦.૦૩૪	૦૯-૦૪
લખનૌ	૦૭-૪૩	૦૮-૨૭	૦.૧૪૪	૦૯-૧૩
મદ્રાસ	૦૭-૨૩	૦૮-૩૮	૦.૫૨૬	૧૦-૦૩
મેંગલોર	૦૭-૧૯	૦૮-૩૩	૦.૫૭૮	૦૯-૫૭
આબુ	૦૭-૨૯	૦૮-૨૨	૦.૨૬૩	૦૯-૨૦
મૈસુર	૦૭-૨૦	૦૮-૩૫	૦.૫૭૮	૧૦-૦૧
નાગપુર	૦૭-૨૮	૦૮-૨૯	૦.૩૧૯	૦૯-૩૬
નૈનિતાલ	૦૭-૫૧	૦૮-૨૫	૦.૦૮૫	૦૮-૫૯
ઉટાકામંડ	૦૭-૨૦	૦૮-૩૬	૦.૬૦૩	૧૦-૦૪
પણજી	૦૭-૧૯	૦૮-૨૯	૦.૫૧૪	૦૯-૪૯
પટના	૦૭-૪૭	૦૮-૩૧	૦.૧૪૧	૦૯-૧૮
પોંડિચેરી	૦૭-૨૨	૦૮-૩૯	૦.૫૫૯	૧૦-૦૬
પોર્ટબ્લેર	૦૭-૪૦	૦૮-૫૬	૦.૩૯૮	૧૦-૧૯
પુના	૦૭-૨૧	૦૮-૨૭	૦.૪૨૯	૦૯-૪૦
પુરી	૦૭-૩૫	૦૮-૩૬	૦.૨૯૦	૦૯-૪૪
શિલોંગ	૦૮-૦૫	૦૮-૩૭	૦.૦૬૫	૦૯-૧૧
સિમલા	૦૭-૫૭	૦૮-૨૩	૦.૦૫૦	૦૮-૪૯
ત્રિવેન્દ્રમ	૦૭-૨૧	૦૮-૪૦	૦.૬૭૪	૧૦-૧૨
ઉદેપુર	૦૭-૩૦	૦૮-૨૩	૦.૨૫૮	૦૯-૨૧
ઉજ્જૈન	૦૭-૨૯	૦૮-૨૫	૦.૨૮૬	૦૯-૨૭
વારાણસી	૦૭-૪૨	૦૮-૨૯	૦.૧૬૯	૦૯-૨૦
વિશાખાપટ્ટનમ	૦૭-૨૯	૦૮-૩૬	૦.૩૭૨	૦૯-૫૧
ચિત્તાગોંગ	૦૭-૫૨	૦૮-૪૦	૦.૧૫૦	૦૯-૩૧
ઢાકા	૦૭-૫૨	૦૮-૩૭	૦.૧૩૩	૦૯-૨૫
કરાચી	૦૭-૨૭	૦૮-૧૯	૦.૨૮૧	૦૯-૧૬
કાઠમંડુ	૦૭-૫૫	૦૮-૩૦	૦.૦૮૩	૦૯-૦૫
રંગૂન	૦૭-૫૨	૦૮-૫૨	૦.૨૩૩	૦૯-૫૮

શનિ વિચાર

લેખક : શ્રી જેરામભાઈ લક્ષ્મણભાઈ ભરદ્વાજ

ચામુંડા જ્યોતિષ કેન્દ્ર, દેવીકૃપા, એ-૧૬૦, નેમીનાથ નગર, રાણીપ અમદાવાદ-૩૮૨૪૮૦

લેખમાં લેખકે આ ગ્રહની બની શકે તેટલી માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે, જેમાં શનિનું કારકત્વ અને દૃષ્ટિ વધુ ધ્યાન ખેંચી લે છે. આ પ્રકારની માહિતીનું એકી સાથે સંકલન કરવાનો પ્રયાસ અહીં સહેજે આપણને સ્પર્શ કરતો જણાય છે. આમ, વાચક વર્ગને લેખમાં રહેલી વિગત ઉપયોગી નીવડશે.

સર્વ સાધારણ દૃષ્ટિએ ગ્રહોના સંબંધમાં વિશેષ જ્ઞાન હોય કે ન હોય. ઓછામાં ઓછું શનિના સંબંધમાં બધા કંઈ ને કંઈ અવશ્ય જાણતા હોય છે. હિન્દુ હોય કે મુસલમાન, પારસી હોય કે ઈસાઈ, આસ્તિક હોય કે નાસ્તિક પણ શનિથી જ્યારે પ્રત્યક્ષીકરણ થાય છે ત્યારે હાયહાય કરીને એના અસ્તિત્વમાં વિશ્વાસ કરવા લાગે છે. શનિમહારાજનું નામ પડતાં ભલભલાના હાંજા ગગડી જાય છે.

પ્રકૃતિએ પ્રત્યેક તત્વને પરસ્પર ઉપયોગી અને સાધ્ય-સાધકના રૂપમાં નિર્માણ કર્યું છે એટલે જ પરસ્પર આકર્ષણતત્વ પણ રહે છે. પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ એનું પણ પરસ્પર આકર્ષણ છે. એકબીજાનો અવિકતમ સંબંધ છે. એ પ્રકારે પૃથ્વી, ઉપગ્રહ, તારા વગેરે એના અસ્તિત્વમાં આવનારી પ્રત્યેક વસ્તુનો પરસ્પર આકર્ષણ- સંબંધ પણ છે. એ જ કારણ છે કે ભૂમંડલ એનાં રાષ્ટ્રો તથા માનવો ઉપર ગ્રહોની અસર પડે છે. પ્રકૃતિના નૈસર્ગિક નિયમોથી કોઈ પણ ઉન્મુક્ત ન હોઈ શકે. આ વિષય અનુસાર આપણે ત્યાં આદ્ય આચાર્યોએ જ્યોતિષના સંબંધમાં પણ શાસ્ત્રશુદ્ધ કલ્પના કરેલી છે.

ગ્રહમંડળ - આકાશમંડળના પિતા રવિ માનવામાં આવેલ છે અને એ મધ્યબિન્દુમાં છે. એની આસપાસ પૃથ્વી તથા અન્ય ગ્રહો નિશ્ચિત ક્રમથી પરિભ્રમણ કરે છે. (૨) બુધ, (૩) શુક્ર, (૪) પૃથ્વી, (૫) ચંદ્ર, (૬) મંગળ, (૭) ગુરુ, (૮) શનિ, (૯) પ્રજાપતિ, (૧૦) વરુણ, (૧૧) યમ.

પૂર્વાચાર્યોએ ક્રમથી શનિને અંતિમ ગ્રહ માનેલો છે. રાહુ-કેતુ ને પૃથ્વીના ઉત્તર-દક્ષિણની છાયા છે અને કલ્પિત મુખ અને પૃચ્છ કહે છે.

ક્રાંતિવૃત્ત જે સૂર્યનો પરિભ્રમણ માર્ગ છે એના બાર ભાગ કરવામાં આવેલ છે. જેમાં મેષ, વૃષભ, મિથુનાદિ બાર રાશિઓનાં નામ આપ્યાં છે અને એ રાશિઓના ભિન્ન ભિન્ન સ્વામી ગ્રહો નક્કી છે.

જન્માષ્ટમી-મહાશિવરાત્રી નિશીથકાળ

શ્રીકૃષ્ણ જન્મ શ્રાવણ કૃષ્ણ અષ્ટમીની મધ્યરાત્રિએ થયો હતો. કૃષ્ણજન્મોત્સવ સ્માર્તો જે દિવસે મધ્યરાત્રિએ અષ્ટમી હોય ત્યારે ઉજવે છે અને વૈષ્ણવો તે મધ્યરાત્રિ પછીના દિવસે ગોકુલાષ્ટમી તરીકે ઉજવે છે. જન્માષ્ટમીનો નિશીથકાલ શુક્રવાર મધ્યરાત્રિના સ્ટાં. ટા. ૨૪-૨૧ થી ૨૫-૦૫ સુધી છે. જન્માષ્ટમી ઉપવાસના પારણા શનિવારે કરવાં.

મહાશિવરાત્રીના દિને રાત્રે દરેક પ્રહરમાં યામપૂજા હોય છે. આ વરસે મધ્યરાત્રિ વ્યાપિની શિવરાત્રી સોમવાર તા. ૦૬-૦૩-૧૯૮૯ છે. સૂર્યાસ્ત સ્ટાં. ટા. ૧૮-૪૪થી રાત્રિના પહેલો પ્રહર, ૨૧-૪૫થી બીજો પ્રહર, ૨૪-૫૨થી ત્રીજો પ્રહર, ૨૮-૦૧થી ચોથો પ્રહર શરૂ થશે. રાત્રે ૨૪-૨૭થી ૨૫-૧૮ સુધી મહાનિશીથકાલ છે. તે મુજબ તે તે સમયે શિવપૂજન કરવું.

સંશોધન વિભાગ

રાશિસ્વામી-શનિદેવ મકર તથા કુંભ રાશિનો સ્વામી છે. જેમાં મકર પૃથ્વીતત્વ ચર સ્વભાવ છે. કુંભ વાયુતત્વ સ્થિર સ્વભાવ છે. કુદરતી ભચક્રમાં મકર ૧૦મું અને કુંભ ૧૧મું સ્થાન ધરાવે છે જે કર્મ અને લાભ સ્થાન છે અને તે અર્થ તથા કામરૂપી પુરુષાર્થ દર્શાવે છે જેની બન્ને બાજુ ગુરુની રાશિ ધન તથા મીન છે. તે ભાગ્ય તથા વ્યયસ્થાન કહેવાય છે અને ધર્મ તથા મોક્ષરૂપી પુરુષાર્થ કહેવાય છે. આમ રાશિ તથા રાશિસ્વામી શનિનું મહત્વ અતિ ગણું વધી જાય છે.

પ્રજાપતિ - યુરેનસ - અથવા હર્ષલ - વરુણ - નેપ્ચ્યુન - યમ : પ્લુટો છે.

રવિથી દૂર : શનિનું વૃત્ત ગુરુના પછી આવે છે. તે રવિના મધ્યબિંદુથી સત્યાસી કરોડ એકવીશ લાખ સાત હજાર માઈલ દૂર છે. એનું ભ્રમણ રવિની આસપાસ ક્રાન્તિવૃત્તને પૂરું કરવામાં લગભગ ૩૦ વરસ થાય છે. એક મહિને એક અંશ ચાલે છે. અઢી વર્ષે એક રાશિ પૂરી કરે છે.

વ્યાસ : શનિનો વ્યાસ સત્તર હજાર એકસો છત્રીસ માઈલનો છે. એનો દિવસ કેવળ ૧૦ કલાકનો છે અને એને ૩ વૃત્ત (વલય) છે જે દૂરબીનથી દેખાય છે. તથા ૯ ચંદ્રમા છે.

ગતિ : શનિના માર્ગની ગતિ એકવીસ હજાર બસો એકવીસ માઈલ પ્રતિકલાક છે.


દિશા : શનિ પશ્ચિમ દિશાનો સ્વામી છે. શનિ પક્ષી સ્વરૂપ છે. જાતિ શુદ્ર છે. પુરુષ ગ્રહ છે પણ નપુંસક પ્રવૃત્તિનો છે. કાળો વર્ણ છે. તામસી પ્રકૃતિ છે. અતિ ક્રૂર ગ્રહ શાંત શુષ્ક ઉદાસ પૃથ્વીતત્વ એકાંતવાસ તથા દુષ્કર્મનો અધિપતિ છે. દુર્ભાગ્યકારક ગ્રહ છે. શનિનો રંગ કાળો, કંઈક લીલો અથવા રાખના જેવો હોય છે.

ગતિ : એ ૨૯ વર્ષ, ૫ માસ, ૧૭ દિવસ ૫ કલાકમાં બારે રાશિનું ચક્ર પૂરું કરે છે.


સ્થાન : જંગલ, ખાણ, ખેતર, મહુડા, પહાડ,


સૂર્યગ્રહણના સ્પર્શ-મોક્ષની માહિતી આપતો ભારતનો નકશો


शके १९१० श्रावण कृ. ३० रविवार ११ सप्टेंबर १९८८ सूर्यग्रहण



મુંબઈમાં સૂર્યગ્રહણનાં દૃશ્યો







ગ્રહણવેધ : તા. ૧૦-૦૯-૧૯૮૮ના સૂર્યાસ્તથી વેધ શરૂ થશે.

ગ્રહણ પુણ્યકાળ : ગ્રહણનો પુણ્યકાળ તા. ૧૧-૦૯-૧૯૮૮ના સવારે ૦૭-૨૨થી ૦૯-૩૮ સુધી છે. તેથી ગ્રહણ સંબંધી કૃત્યો તે દરમિયાન કરવા.

ગ્રહણનું રાશિ પરત્વે ફળ :

મિથુન, તુલા, વૃશ્ચિક, મીન = શુભ ફળ
મેષ, કર્ક, ધનુ, કુંભ = મધ્ય ફળ
વૃષભ, સિંહ, કન્યા, મકર = અશુભ ફળ

ગ્રહણ દરમિયાન કરવાનાં કૃત્યો

ગ્રહણ પુણ્યકાળ શરૂ થતાં સ્નાન, ગ્રહણ દરમિયાન દેવપૂજા, તર્પણ, શ્રાદ્ધ, જપ અને હોમ કરવા અને ગ્રહણ છૂટતાં જ દાન અને શુદ્ધબિંબ થયા પછી સ્નાન કરવું. જનના શૌચ કે મૃતાત્માનાં શૌચમાં જો ગ્રહણ હોય તો ગ્રહણ સંબંધી સ્નાન, દાન, ઇત્યાદિ કૃત્યો કરવા માટે શુદ્ધિ છે.

મંત્ર, તંત્ર, પુનશ્ચરણ સંબંધી

નવો મંત્ર ગ્રહણ કરવો કે ગ્રહણ કરેલા મંત્રનું પુનશ્ચરણ કરવું. આ સૂર્યગ્રહણનો મુખ્ય સમય છે. પહેલા લીધેલા મંત્રના જાપ ગ્રહણ દરમિયાન ન કરીએ તો મંત્રને મલિનતા લાગે છે. ગ્રહણમાં કરેલા પુનશ્ચરણને તરત જ મંત્રસિદ્ધિ છે. ગ્રહણના પુણ્યકાળ દરમિયાન પાળવાના શારીરિક નિયમોને બદલે ગ્રહણમાં ઊંઘી જવાથી તાવ વગેરેની પીડા, મૂત્રોત્સર્ગ કરવાથી મૂત્રરોગ કે દારિદ્ર, શૌચ કરવાથી કૃમિરોગ, અભ્યંગ કરવાથી કુષ્ઠરોગ અને ભોજન કરવાથી નરકપ્રાપ્તિ થાય છે.

સ્નાન વિષે

ગ્રહણ દરમિયાન બધું જ પાણી ગંગા સમાન છે. આમ છતાં ગરમ પાણી કરતાં ઠંડુ પાણી પુણ્યકારક છે. બીજાએ આપેલા પાણી કરતાં પોતાનું પાણી શ્રેષ્ઠ છે. પાણીનિ બહાર કાઢી સ્નાન કરવું. સરોવર, નદી, મહાનદી, ગંગા, સમુદ્રનું સ્નાન એક કરતાં એક અધિક પુણ્યકારક છે. સૂર્યગ્રહણ હોતાં નર્મદાનું સ્નાન અતિ મહત્ત્વનું કહેલ છે. સૂર્યગ્રહણ વખતે નર્મદાનું સ્નાન કરવું, નર્મદાનાં પ્રત્યક્ષ દર્શન કરવા, નર્મદાના પાણીનો સ્પર્શ કરવો કે બીજે ઠેકાણે સ્નાન કરતી વખતે માત્ર નર્મદાનું સ્મરણ સુદ્ધાં કરીએ તોપણ કૃતકૃત્ય થઈ ગોપ્રદાન કરેલા અને યજ્ઞનું ફળ મળે છે.

ભારતમાં દેખાનારા સૂર્યગ્રહણના જુદાં જુદાં શહેરોના સમયો

શહેર	સ્પર્શ	મધ્ય	પરમ-ગ્રાસ	મોક્ષ
	ક.મિ.		ક.મિ.	
અગરતલા	૦૭-૫૫	૦૮-૩૮	૦.૧૧૯	૦૯-૨૩
અમદાવાદ	૦૭-૨૬	૦૮-૨૩	૦.૩૦૯	૦૯-૨૫
ઐઝાવલ	૦૭-૫૯	૦૮-૪૦	૦.૧૦૨	૦૯-૨૨
અલાહાબાદ	૦૭-૪૧	૦૮-૨૮	૦.૧૭૫	૦૯-૧૯
અમૃતસર	૦૭-૫૭	૦૮-૨૧	૦.૦૪૮	૦૮-૪૭
બૅંગલોર	૦૭-૨૧	૦૮-૩૫	૦.૫૫૩	૧૦-૦૦
ભોપાલ	૦૭-૩૦	૦૮-૨૬	૦.૨૭૨	૦૯-૨૭
ભુવનેશ્વર	૦૭-૩૫	૦૮-૩૬	૦.૨૭૮	૦૯-૪૨
મુંબઈ	૦૭-૨૨	૦૮-૨૬	૦.૪૨૩	૦૯-૩૮
કલકત્તા	૦૭-૪૧	૦૮-૩૬	૦.૧૮૭	૦૯-૩૨

ચંદીગઢ	૦૭-૫૪	૦૮-૨૩	૦.૦૬૩	૦૮-૫૧
દહેરાદૂન	૦૭-૫૪	૦૮-૨૩	૦.૦૬૭	૦૮-૫૪
દિલ્હી	૦૭-૪૫	૦૮-૨૩	૦.૧૨૦	૦૯-૦૪
ગંગટોક	૦૮-૦૩	૦૮-૨૩	૦.૦૫૮	૦૯-૦૩
ગૌહતી	૦૮-૦૮	૦૮-૩૭	૦.૦૫૨	૦૯-૦૭
હરિદ્વાર	૦૭-૫૨	૦૮-૨૪	૦.૦૭૮	૦૮-૫૬
હૈદ્રાબાદ	૦૭-૨૪	૦૮-૩૧	૦.૪૨૬	૦૯-૪૮
ઇમ્ફાલ	૦૮-૦૯	૦૮-૪૦	૦.૦૫૮	૦૯-૧૨
ઇટાનગર	૦૮-૩૧	૦૮-૩૮	૦.૦૦૨	૦૮-૪૪
જયપુર	૦૭-૩૭	૦૮-૨૩	૦.૧૭૯	૦૯-૧૨
જોધપુર	૦૭-૩૩	૦૮-૨૨	૦.૨૧૩	૦૯-૧૪
કાંચીપુરમ્	૦૭-૨૨	૦૮-૩૮	૦.૫૩૭	૧૦-૦૩
કન્યાકુમારી	૦૭-૨૧	૦૮-૪૧	૦.૬૭૮	૧૦-૧૪
કવાલૂર	૦૭-૨૨	૦૮-૩૭	૦.૫૫૨	૧૦-૦૩
કોડાઇકેનાલ	૦૭-૨૧	૦૮-૩૮	૦.૬૨૬	૧૦-૦૮
કોહિમા	૦૮-૧૫	૦૮-૩૯	૦.૦૩૪	૦૯-૦૪
લખનૌ	૦૭-૪૩	૦૮-૨૭	૦.૧૪૪	૦૯-૧૩
મદ્રાસ	૦૭-૨૩	૦૮-૩૮	૦.૫૨૬	૧૦-૦૩
મેંગલોર	૦૭-૧૯	૦૮-૩૩	૦.૫૭૮	૦૯-૫૭
આબુ	૦૭-૨૯	૦૮-૨૨	૦.૨૬૩	૦૯-૨૦
મૈસુર	૦૭-૨૦	૦૮-૩૫	૦.૫૭૮	૧૦-૦૧
નાગપુર	૦૭-૨૮	૦૮-૨૯	૦.૩૧૯	૦૯-૩૬
નૈનિતાલ	૦૭-૫૧	૦૮-૨૫	૦.૦૮૫	૦૮-૫૯
ઉટાકામંડ	૦૭-૨૦	૦૮-૩૬	૦.૬૦૩	૧૦-૦૪
પણજી	૦૭-૧૯	૦૮-૨૯	૦.૫૧૪	૦૯-૪૯
પટના	૦૭-૪૭	૦૮-૩૧	૦.૧૪૧	૦૯-૧૮
પોંડીચેરી	૦૭-૨૨	૦૮-૩૯	૦.૫૫૯	૧૦-૦૬
પોર્ટબ્લેર	૦૭-૪૦	૦૮-૫૬	૦.૩૯૮	૧૦-૧૯
પુના	૦૭-૨૧	૦૮-૨૭	૦.૪૨૯	૦૯-૪૦
પુરી	૦૭-૩૫	૦૮-૩૬	૦.૨૯૦	૦૯-૪૪
શિલોંગ	૦૮-૦૫	૦૮-૩૭	૦.૦૬૫	૦૯-૧૧
સિમલા	૦૭-૫૭	૦૮-૨૩	૦.૦૫૦	૦૮-૪૯
ત્રિવેન્દ્રમ	૦૭-૨૧	૦૮-૪૦	૦.૬૭૪	૧૦-૧૨
ઉદેપુર	૦૭-૩૦	૦૮-૨૩	૦.૨૫૮	૦૯-૨૧
ઉજ્જૈન	૦૭-૨૯	૦૮-૨૫	૦.૨૮૬	૦૯-૨૭
વારાણસી	૦૭-૪૨	૦૮-૨૯	૦.૧૬૯	૦૯-૨૦
વિશાખાપટ્ટનમ	૦૭-૨૯	૦૮-૩૬	૦.૩૭૨	૦૯-૫૧
ચિત્તાગોંગ	૦૭-૫૨	૦૮-૪૦	૦.૧૫૦	૦૯-૩૧
ઢાકા	૦૭-૫૨	૦૮-૩૭	૦.૧૩૩	૦૯-૨૫
કરાચી	૦૭-૨૭	૦૮-૧૯	૦.૨૮૧	૦૯-૧૬
કાઠમંડુ	૦૭-૫૫	૦૮-૩૦	૦.૦૮૩	૦૯-૦૫
રંગુન	૦૭-૫૨	૦૮-૫૨	૦.૨૩૩	૦૯-૫૮

શનિ વિચાર

લેખક : શ્રી જેરામભાઈ લક્ષ્મણભાઈ ભરદ્વાજ
ચામુંડા જ્યોતિષ કેન્દ્ર, દેવીકૃપા, એ-૧૬૦, નેમીનાથ નગર, રાણીપ અમદાવાદ-૩૮૨૪૮૦

લેખમાં લેખકે આ ગ્રહની બની શકે તેટલી માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે, જેમાં શનિનું કારકત્વ અને દૃષ્ટિ વધુ ધ્યાન ખેંચી લે છે. આ પ્રકારની માહિતીનું એકી સાથે સંકલન કરવાનો પ્રયાસ અહીં સહેજે આપણને સ્પર્શ કરતો જણાય છે. આમ, વાચક વર્ગને લેખમાં રહેલી વિગત ઉપયોગી નીવડશે.

સર્વ સાધારણ દૃષ્ટિએ ગ્રહોના સંબંધમાં વિશેષ જ્ઞાન હોય કે ન હોય. ઓછામાં ઓછું શનિના સંબંધમાં બધા કંઈ ને કંઈ અવશ્ય જાણતા હોય છે. હિન્દુ હોય કે મુસલમાન, પારસી હોય કે ઇસાઈ, આસ્તિક હોય કે નાસ્તિક પણ શનિથી જ્યારે પ્રત્યક્ષીકરણ થાય છે ત્યારે હાયહાય કરીને એના અસ્તિત્વમાં વિશ્વાસ કરવા લાગે છે. શનિમહારાજનું નામ પડતાં ભલભલાના હાંજા ગગડી જાય છે.

પ્રકૃતિએ પ્રત્યેક તત્ત્વને પરસ્પર ઉપયોગી અને સાધ્ય-સાધકના રૂપમાં નિર્માણ કર્યું છે એટલે જ પરસ્પર આકર્ષણતત્ત્વ પણ રહે છે. પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ એનું પણ પરસ્પર આકર્ષણ છે. એકબીજાનો અવિકતમ સંબંધ છે. એ પ્રકારે પૃથ્વી, ઉપગ્રહ, તારા વગેરે એના અસ્તિત્વમાં આવનારી પ્રત્યેક વસ્તુનો પરસ્પર આકર્ષણ- સંબંધ પણ છે. એ જ કારણ છે કે ભૂમંડલ એનાં રાષ્ટ્રો તથા માનવો ઉપર ગ્રહોની અસર પાડે છે. પ્રકૃતિના નૈસર્ગિક નિયમોથી કોઈ પણ ઉન્મુક્ત ન હોઈ શકે. આ વિષય અનુસાર આપણે ત્યાં આદ્ય આચાર્યોએ જ્યોતિષના સંબંધમાં પણ શાસ્ત્રશુદ્ધ કલ્પના કરેલી છે.

ગ્રહમંડળ - આકાશમંડળના પિતા રવિ માનવામાં આવેલ છે અને એ મધ્યબિન્દુમાં છે. એની આસપાસ પૃથ્વી તથા અન્ય ગ્રહો નિશ્ચિત ક્રમથી પરિભ્રમણ કરે છે, (૨) બુધ, (૩) શુક્ર, (૪) પૃથ્વી, (૫) ચંદ્ર, (૬) મંગળ, (૭) ગુરુ, (૮) શનિ, (૯) પ્રજાપતિ, (૧૦) વરુણ, (૧૧) યમ.

પૂર્વાચાર્યોએ ક્રમથી શનિને અંતિમ ગ્રહ માનેલો છે. રાહુ-કેતુ ને પૃથ્વીના ઉત્તર-દક્ષિણની છાયા છે અને કલ્પિત મુખ અને પૃચ્છ કહે છે.

ક્રાંતિવૃત્ત જે સૂર્યનો પરિભ્રમણ માર્ગ છે એના બાર ભાગ કરવામાં આવેલ છે. જેમાં મેષ, વૃષભ, મિથુનાદિ બાર રાશિઓનાં નામ આપ્યાં છે અને એ રાશિઓના ભિન્ન ભિન્ન સ્વામી ગ્રહો રહ્યા છે.

જન્માષ્ટમી-મહાશિવરાત્રી નિશીથકાળ

શ્રીકૃષ્ણ જન્મ શ્રાવણ કૃષ્ણ અષ્ટમીની મધ્યરાત્રિએ થયો હતો. કૃષ્ણજન્મોત્સવ સ્માર્તો જે દિવસે મધ્યરાત્રિએ અષ્ટમી હોય ત્યારે ઉજવે છે અને વૈષ્ણવો તે મધ્યરાત્રિ પછીના દિવસે ગોકુલાષ્ટમી તરીકે ઉજવે છે. જન્માષ્ટમીનો નિશીથકાલ શુક્રવાર મધ્યરાત્રિના સ્ટાં. ટા. ૨૪-૨૧ થી ૨૫-૦૫ સુધી છે. જન્માષ્ટમી ઉપવાસના પારણા શનિવારે કરવાં.

મહાશિવરાત્રીના દિને રાત્રે દરેક પ્રહરમાં યામપૂજા હોય છે. આ વરસે મધ્યરાત્રિ વ્યાપિની શિવરાત્રી સોમવાર તા. ૦૬-૦૩-૧૯૮૯ છે. સૂર્યાસ્ત સ્ટાં. ટા. ૧૮-૪૪થી રાત્રિના પહેલો પ્રહર, ૨૧-૪૫થી બીજો પ્રહર, ૨૪-૫૨થી ત્રીજો પ્રહર, ૨૮-૦૧થી ચોથો પ્રહર શરૂ થશે. રાત્રે ૨૪-૨૭થી ૨૫-૧૮ સુધી મહાનિશીથકાલ છે. તે મુજબ તે તે સમયે શિવપૂજન કરવું.

સંશોધન વિભાગ

રાશિસ્વામી-શનિદેવ મકર તથા કુંભ રાશિનો સ્વામી છે. જેમાં મકર પૃથ્વીતત્ત્વ ચર સ્વભાવ છે. કુંભ વાયુતત્ત્વ સ્થિર સ્વભાવ છે. કુદરતી ભચક્રમાં મકર ૧૦મું અને કુંભ ૧૧મું સ્થાન ધરાવે છે જે કર્મ અને લાભ સ્થાન છે અને તે અર્થ તથા કામરૂપી પુરુષાર્થ દર્શાવે છે જેની બન્ને બાજુ ગુરુની રાશિ ધન તથા મીન છે. તે ભાગ્ય તથા વ્યયસ્થાન કહેવાય છે અને ધર્મ તથા મોક્ષરૂપી પુરુષાર્થ કહેવાય છે. આમ રાશિ તથા રાશિસ્વામી શનિનું મહત્ત્વ અતિ ગહન રહી જાય છે.

પ્રજાપતિ - યુરેનસ - અથવા હર્ષલ - વરુણ - નેપ્ચુન - યમ : પ્લુટો છે.

રવિથી દૂર : શનિનું વૃત્ત ગુરુના પછી આવે છે. તે રવિના મધ્યબિંદુથી સત્યાસી કરોડ એકવીશ લાખ સાત હજાર માઇલ દૂર છે. એનું ભ્રમણ રવિની આસપાસ ક્રાન્તિવૃત્તને પૂરું કરવામાં લગભગ ૩૦ વરસ થાય છે. એક મહિને એક અંશ ચાલે છે. અઢી વર્ષે એક રાશિ પૂરી કરે છે.

વ્યાસ : શનિનો વ્યાસ સત્તર હજાર એકસો છત્રીસ માઇલનો છે. એનો દિવસ કેવળ ૧૦ કલાકનો છે અને એને ૩ વૃત્ત (વલય) છે જે દૂરબીનથી દેખાય છે. તથા ૯ ચંદ્રમા છે.

ગતિ : શનિના માર્ગની ગતિ એકવીસ હજાર બસો એકવીસ માઇલ પ્રતિકલાક છે.


દિશા : શનિ પશ્ચિમ દિશાનો સ્વામી છે. શનિ પક્ષી સ્વરૂપ છે. જાતિ શુદ્ર છે. પુરુષ ગ્રહ છે પણ નપુંસક પ્રવૃત્તિનો છે. કાળો વર્ણ છે. તામસી પ્રકૃતિ છે. અતિ ક્રૂર ગ્રહ શાંત શુષ્ક ઉદાસ પૃથ્વીતત્ત્વ એકાંતવાસ તથા દુષ્કર્મનો અધિપતિ છે. દુર્ભાગ્યકારક ગ્રહ છે. શનિનો રંગ કાળો, કંઈક લીલો અથવા રાખના જેવો હોય છે.

ગતિ : એ ૨૯ વર્ષ, ૫ માસ, ૧૭ દિવસ ૫ કલાકમાં બારે રાશિનું ચક્ર પુરું કરે છે.


સ્થાન : જંગલ, ખાણ, ખેતર, ભઠ્ઠ, પહાડ.


સૂર્યગ્રહણના સ્પર્શ-મોક્ષની માહિતી આપતો ભારતનો નકશો


शके १९१० श्रावण कृ. ३० रविवार ११ सप्टेंबर १९८८ सूर्यग्रहण



મુંબઈમાં સૂર્યગ્રહણનાં દૃશ્યો







ગ્રહણવેધ : તા. ૧૦-૦૯-૧૯૮૮ના સૂર્યાસ્તથી વેધ શરૂ થશે.

ગ્રહણ પુણ્યકાળ : ગ્રહણનો પુણ્યકાળ તા. ૧૧-૦૯-૧૯૮૮ના સવારે ૦૭-૨૨થી ૦૯-૩૮ સુધી છે. તેથી ગ્રહણ સંબંધી કૃત્યો તે દરમિયાન કરવા.

ગ્રહણનું રાશિ પરત્વે ફળ :

મિથુન, તુલા, વૃશ્ચિક, મીન = શુભ ફળ
મેષ, કર્ક, ધનુ, કુંભ = મધ્ય ફળ
વૃષભ, સિંહ, કન્યા, મકર = અશુભ ફળ

ગ્રહણ દરમિયાન કરવાનાં કૃત્યો

ગ્રહણ પુણ્યકાળ શરૂ થતાં સ્નાન, ગ્રહણ દરમિયાન દેવપૂજા, તર્પણ, શ્રાદ્ધ, જપ અને હોમ કરવા અને ગ્રહણ છૂટતાં જ દાન અને શુદ્ધબિંબ થયા પછી સ્નાન કરવું. જનના શૌચ કે મૃતાત્માનાં શૌચમાં જો ગ્રહણ હોય તો ગ્રહણ સંબંધી સ્નાન, દાન, ઇત્યાદિ કૃત્યો કરવા માટે શુદ્ધિ છે.

મંત્ર, તંત્ર, પુનશ્ચરણ સંબંધી

નવો મંત્ર ગ્રહણ કરવો કે ગ્રહણ કરેલા મંત્રનું પુનશ્ચરણ કરવું. આ સૂર્યગ્રહણનો મુખ્ય સમય છે. પહેલા લીધેલા મંત્રના જાપ ગ્રહણ દરમિયાન ન કરીએ તો મંત્રને મલિનતા લાગે છે. ગ્રહણમાં કરેલા પુનશ્ચરણને તરત જ મંત્રસિદ્ધિ છે. ગ્રહણના પુણ્યકાળ દરમિયાન પાળવાના શારીરિક નિયમોને બદલે ગ્રહણમાં ઊંઘી જવાથી તાવ વગેરેની પીડા, મૂત્રોત્સર્ગ કરવાથી મૂત્રરોગ કે દારિદ્ર, શૌચ કરવાથી કૃમિરોગ, અભ્યંગ કરવાથી કુષ્ઠરોગ અને ભોજન કરવાથી નરકપ્રાપ્તિ થાય છે.

સ્નાન વિષે

ગ્રહણ દરમિયાન બધું જ પાણી ગંગા સમાન છે. આમ છતાં ગરમ પાણી કરતાં ઠંડું પાણી પુણ્યકારક છે. બીજાએ આપેલા પાણી કરતાં પોતાનું પાણી શ્રેષ્ઠ છે. પાણીનિ બહાર કાઢી સ્નાન કરવું. સરોવર, નદી, મહાનદી, ગંગા, સમુદ્રનું સ્નાન એક કરતાં એક અધિક પુણ્યકારક છે. સૂર્યગ્રહણ હોતાં નર્મદાનું સ્નાન અતિ મહત્ત્વનું કહેલ છે. સૂર્યગ્રહણ વખતે નર્મદાનું સ્નાન કરવું, નર્મદાનાં પ્રત્યક્ષ દર્શન કરવા, નર્મદાના પાણીનો સ્પર્શ કરવો કે બીજે ઠેકાણે સ્નાન કરતી વખતે માત્ર નર્મદાનું સ્મરણ સુદ્ધાં કરીએ તોપણ કૃતકૃત્ય થઇ ગોપ્રદાન કરેલા અને યજ્ઞનું ફળ મળે છે.

ભારતમાં દેખાનારા સૂર્યગ્રહણના જુદાં જુદાં શહેરોના સમયો

શહેર	સ્પર્શ	મધ્ય	પરમ-ગ્રાસ	મોક્ષ
	ક.મિ.		ક.મિ.	
અગરતલા	૦૭-૫૫	૦૮-૩૮	૦.૧૧૯	૦૯-૨૩
અમદાવાદ	૦૭-૨૬	૦૮-૨૩	૦.૩૦૯	૦૯-૨૫
ઐઝાવલ	૦૭-૫૯	૦૮-૪૦	૦.૧૦૨	૦૯-૨૨
અલાહાબાદ	૦૭-૪૧	૦૮-૨૮	૦.૧૭૫	૦૯-૧૯
અમૃતસર	૦૭-૫૭	૦૮-૨૧	૦.૦૪૮	૦૮-૪૭
બેંગલોર	૦૭-૨૧	૦૮-૩૫	૦.૫૫૩	૧૦-૦૦
ભોપાલ	૦૭-૩૦	૦૮-૨૬	૦.૨૭૨	૦૯-૨૭
ભુવનેશ્વર	૦૭-૩૫	૦૮-૩૬	૦.૨૭૮	૦૯-૪૨
મુંબઈ	૦૭-૨૨	૦૮-૨૬	૦.૪૨૩	૦૯-૩૮
કલકત્તા	૦૭-૪૫	૦૮-૩૬	૦.૧૮૭	૦૯-૩૨

ચંદીગઢ	૦૭-૫૪	૦૮-૨૩	૦.૦૬૩	૦૮-૫૧
દહેરાદૂન	૦૭-૫૪	૦૮-૨૩	૦.૦૬૭	૦૮-૫૪
દિલ્હી	૦૭-૪૫	૦૮-૨૩	૦.૧૨૦	૦૯-૦૪
ગૅંગટોક	૦૮-૦૩	૦૮-૨૩	૦.૦૫૮	૦૯-૦૩
ગૌહત્તી	૦૮-૦૮	૦૮-૩૭	૦.૦૫૨	૦૯-૦૭
હરિદ્વાર	૦૭-૫૨	૦૮-૨૪	૦.૦૭૮	૦૮-૫૬
હૈદ્રાબાદ	૦૭-૨૪	૦૮-૩૧	૦.૪૨૬	૦૯-૪૮
ઇમ્ફાલ	૦૮-૦૯	૦૮-૪૦	૦.૦૫૮	૦૯-૧૨
ઇટાનગર	૦૮-૩૧	૦૮-૩૮	૦.૦૦૨	૦૮-૪૪
જયપુર	૦૭-૩૭	૦૮-૨૩	૦.૧૭૯	૦૯-૧૨
જોધપુર	૦૭-૩૩	૦૮-૨૨	૦.૨૧૩	૦૯-૧૪
કાંચીપુરમ્	૦૭-૨૨	૦૮-૩૮	૦.૫૩૭	૧૦-૦૩
કન્યાકુમારી	૦૭-૨૧	૦૮-૪૧	૦.૬૭૮	૧૦-૧૪
ક્વાનૂર	૦૭-૨૨	૦૮-૩૭	૦.૫૫૨	૧૦-૦૩
કોડાઈકેનાલ	૦૭-૨૧	૦૮-૩૮	૦.૬૨૬	૧૦-૦૮
કોહિમા	૦૮-૧૫	૦૮-૩૯	૦.૦૩૪	૦૯-૦૪
લખનૌ	૦૭-૪૩	૦૮-૨૭	૦.૧૪૪	૦૯-૧૩
મદ્રાસ	૦૭-૨૩	૦૮-૩૮	૦.૫૨૬	૧૦-૦૩
મેંગલોર	૦૭-૧૯	૦૮-૩૩	૦.૫૭૮	૦૯-૫૭
આબુ	૦૭-૨૯	૦૮-૨૨	૦.૨૬૩	૦૯-૨૦
મૈસુર	૦૭-૨૦	૦૮-૩૫	૦.૫૭૮	૧૦-૦૧
નાગપુર	૦૭-૨૮	૦૮-૨૯	૦.૩૧૯	૦૯-૩૬
નૈનિતાલ	૦૭-૫૧	૦૮-૨૫	૦.૦૮૫	૦૮-૫૯
ઉટાકામંડ	૦૭-૨૦	૦૮-૩૬	૦.૬૦૩	૧૦-૦૪
પણજી	૦૭-૧૯	૦૮-૨૯	૦.૫૧૪	૦૯-૪૯
પટના	૦૭-૪૭	૦૮-૩૧	૦.૧૪૧	૦૯-૧૮
પોંડિચેરી	૦૭-૨૨	૦૮-૩૯	૦.૫૫૯	૧૦-૦૬
પોર્ટબ્લેર	૦૭-૪૦	૦૮-૫૬	૦.૩૯૮	૧૦-૧૯
પુના	૦૭-૨૧	૦૮-૨૭	૦.૪૨૯	૦૯-૪૦
પુરી	૦૭-૩૫	૦૮-૩૬	૦.૨૯૦	૦૯-૪૪
શિલોંગ	૦૮-૦૫	૦૮-૩૭	૦.૦૬૫	૦૯-૧૧
સિમલા	૦૭-૫૭	૦૮-૨૩	૦.૦૫૦	૦૮-૪૯
ત્રિવેન્દ્રમ	૦૭-૨૧	૦૮-૪૦	૦.૬૭૪	૧૦-૧૨
ઉદેપુર	૦૭-૩૦	૦૮-૨૩	૦.૨૫૮	૦૯-૨૧
ઉજ્જૈન	૦૭-૨૯	૦૮-૨૫	૦.૨૮૬	૦૯-૨૭
વારાણસી	૦૭-૪૨	૦૮-૨૯	૦.૧૬૯	૦૯-૨૦
વિશાખાપટ્ટનમ	૦૭-૨૯	૦૮-૩૬	૦.૩૭૨	૦૯-૫૧
ચિત્તાગોંગ	૦૭-૫૨	૦૮-૪૦	૦.૧૫૦	૦૯-૩૧
ઢાકા	૦૭-૫૨	૦૮-૩૭	૦.૧૩૩	૦૯-૨૫
કરાચી	૦૭-૨૭	૦૮-૧૯	૦.૨૮૧	૦૯-૧૬
કાઠમંડુ	૦૭-૫૫	૦૮-૩૦	૦.૦૮૩	૦૯-૦૫
રંગૂન	૦૭-૫૨	૦૮-૫૨	૦.૨૩૩	૦૯-૫૮

શનિ વિચાર

લેખક : શ્રી જેરામભાઈ લક્ષ્મણભાઈ ભરદ્વાજ
ચામુંડા જ્યોતિષ કેન્દ્ર, દેવીકૃપા, એ-૧૬૦, નેમીનાથ નગર, રાણીપ અમદાવાદ-૩૮૨૪૮૦

લેખમાં લેખકે આ ગ્રહની બની શકે તેટલી માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે, જેમાં શનિનું કારકત્વ અને દૃષ્ટિ વધુ ધ્યાન ખેંચી લે છે. આ પ્રકારની માહિતીનું એકી સાથે સંકલન કરવાનો પ્રયાસ અહીં સહેજે આપણને સ્પર્શ કરતો જણાય છે. આમ, વાચક વર્ગને લેખમાં રહેલી વિગત ઉપયોગી નીવડશે.

સર્વ સાધારણ દૃષ્ટિએ ગ્રહોના સંબંધમાં વિશેષ જ્ઞાન હોય કે ન હોય. ઓછામાં ઓછું શનિના સંબંધમાં બધા કંઈ ને કંઈ અવશ્ય જાણતા હોય છે. હિન્દુ હોય કે મુસલમાન, પારસી હોય કે ઈસાઈ, આસ્તિક હોય કે નાસ્તિક પણ શનિથી જ્યારે પ્રત્યક્ષીકરણ થાય છે ત્યારે હાયહાય કરીને એના અસ્તિત્વમાં વિશ્વાસ કરવા લાગે છે. શનિમહારાજનું નામ પડતાં ભલભલાના હાંજા ગગડી જાય છે.

પ્રકૃતિએ પ્રત્યેક તત્ત્વને પરસ્પર ઉપયોગી અને સાધ્ય-સાધકના રૂપમાં નિર્માણ કર્યું છે એટલે જ પરસ્પર આકર્ષણતત્ત્વ પણ રહે છે. પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ એનું પણ પરસ્પર આકર્ષણ છે. એકબીજાનો અધિકતમ સંબંધ છે. એ પ્રકારે પૃથ્વી, ઉપગ્રહ, તારા વગેરે એના અસ્તિત્વમાં આવનારી પ્રત્યેક વસ્તુનો પરસ્પર આકર્ષણ- સંબંધ પણ છે. એ જ કારણ છે કે ભૂમંડલ એનાં રાષ્ટ્રો તથા માનવો ઉપર ગ્રહોની અસર પાડે છે. પ્રકૃતિના નૈસર્ગિક નિયમોથી કોઈ પણ ઉન્મુક્ત ન હોઈ શકે. આ વિષય અનુસાર આપણે ત્યાં આદ્ય આચાર્યોએ જ્યોતિષના સંબંધમાં પણ શાસ્ત્રશુદ્ધ કલ્પના કરેલી છે.

ગ્રહમંડળ - આકાશમંડળના પિતા રવિ માનવામાં આવેલ છે અને એ મધ્યબિન્દુમાં છે. એની આસપાસ પૃથ્વી તથા અન્ય ગ્રહો નિશ્ચિત ક્રમથી પરિભ્રમણ કરે છે. (૨) બુધ, (૩) શુક્ર, (૪) પૃથ્વી, (૫) ચંદ્ર, (૬) મંગળ, (૭) ગુરુ, (૮) શનિ, (૯) પ્રજાપતિ, (૧૦) વરુણ, (૧૧) યમ.

પૂર્વાચાર્યોએ ક્રમથી શનિને અંતિમ ગ્રહ માનેલો છે. રાહુ-કેતુ ને પૃથ્વીના ઉત્તર-દક્ષિણની છાયા છે અને કલ્પિત મુખ અને પૃચ્છ કહે છે.

ક્રાંતિવૃત્ત જે સૂર્યનો પરિભ્રમણ માર્ગ છે એના બાર ભાગ કરવામાં આવેલ છે. જેમાં મેષ, વૃષભ, મિથુનાદિ બાર રાશિઓનાં નામ આપ્યાં છે અને એ રાશિઓના ભિન્ન ભિન્ન સ્વામી ગ્રહો ગણ્યા છે.

જન્માષ્ટમી-મહાશિવરાત્રી નિશીથકાળ

શ્રીકૃષ્ણ જન્મ શ્રાવણ કૃષ્ણ અષ્ટમીની મધ્યરાત્રિએ થયો હતો. કૃષ્ણજન્મોત્સવ સ્માર્તો જે દિવસે મધ્યરાત્રિએ અષ્ટમી હોય ત્યારે ઉજવે છે અને વૈષ્ણવો તે મધ્યરાત્રિ પછીના દિવસે ગોકુલાષ્ટમી તરીકે ઉજવે છે. જન્માષ્ટમીનો નિશીથકાલ શુક્રવાર મધ્યરાત્રિના સ્ટાં. ટા. ૨૪-૨૧ થી ૨૫-૦૫ સુધી છે. જન્માષ્ટમી ઉપવાસના પારણા શનિવારે કરવાં.

મહાશિવરાત્રીના દિને રાત્રે દરેક પ્રહરમાં યામપૂજા હોય છે. આ વરસે મધ્યરાત્રિ વ્યાપિની શિવરાત્રી સોમવાર તા. ૦૬-૦૩-૧૯૮૯ છે. સૂર્યાસ્ત સ્ટાં. ટા. ૧૮-૪૪થી રાત્રિના પહેલો પ્રહર, ૨૧-૪૫થી બીજો પ્રહર, ૨૪-૫૨થી ત્રીજો પ્રહર, ૨૮-૦૧થી ચોથો પ્રહર શરૂ થશે. રાત્રે ૨૪-૨૭થી ૨૫-૧૮ સુધી મહાનિશીથકાલ છે. તે મુજબ તે તે સમયે શિવપૂજન કરવું.

સંશોધન વિભાગ

રાશિસ્વામી-શનિદેવ મકર તથા કુંભ રાશિનો સ્વામી છે. જેમાં મકર પૃથ્વીતત્ત્વ ચર સ્વભાવ છે. કુંભ વાયુતત્ત્વ સ્થિર સ્વભાવ છે. કુદરતી ભચક્રમાં મકર ૧૦મું અને કુંભ ૧૧મું સ્થાન ધરાવે છે જે કર્મ અને લાભ સ્થાન છે અને તે અર્થ તથા કામરૂપી પુરુષાર્થ દર્શાવે છે જેની બન્ને બાજુ ગુરુની રાશિ ધન તથા મીન છે. તે ભાગ્ય તથા વ્યયસ્થાન કહેવાય છે અને ધર્મ તથા મોક્ષરૂપી પુરુષાર્થ કહેવાય છે. આમ રાશિ તથા રાશિસ્વામી શનિનું મહત્ત્વ અતિ ગણું વધી જાય છે.

પ્રજાપતિ - યુરેનસ - અથવા હર્ષલ - વરુણ - નેપ્ચ્યુન - યમ : પ્લુટો છે.

રવિથી દૂર : શનિનું વૃત્ત ગુરુના પછી આવે છે. તે રવિના મધ્યબિંદુથી સત્યાસી કરોડ એકવીસ લાખ સાત હજાર માઇલ દૂર છે. એનું ભ્રમણ રવિની આસપાસ ક્રાન્તિવૃત્તને પૂરું કરવામાં લગભગ ૩૦ વરસ થાય છે. એક મહિને એક અંશ ચાલે છે. અઢી વર્ષે એક રાશિ પૂરી કરે છે.

વ્યાસ : શનિનો વ્યાસ સત્તર હજાર એકસો છત્રીસ માઇલનો છે. એનો દિવસ કેવળ ૧૦ કલાકનો છે અને એને ૩ વૃત્ત (વલય) છે જે દૂરબીનથી દેખાય છે. તથા ૯ ચંદ્રમા છે.

ગતિ : શનિના માર્ગની ગતિ એકવીસ હજાર બસો એકવીસ માઇલ પ્રતિકલાક છે.

દિશા : શનિ પશ્ચિમ દિશાનો સ્વામી છે. શનિ પક્ષી સ્વરૂપ છે. જાતિ શુદ્ર છે. પુરુષ ગ્રહ છે પણ નપુંસક પ્રવૃત્તિનો છે. કાળો વર્ણ છે. તામસી પ્રકૃતિ છે. અતિ ક્રૂર ગ્રહ શાંત શુષ્ક ઉદાસ પૃથ્વીતત્ત્વ એકાંતવાસ તથા દુષ્કર્મનો અધિપતિ છે. દુર્ભાગ્યકારક ગ્રહ છે. શનિનો રંગ કાળો, કંઈક લીલો અથવા રાખના જેવો હોય છે.

ગતિ : એ ૨૯ વર્ષ, ૫ માસ, ૧૩ દિવસ ૫ કલાકમાં બારે રાશિનું ચક્ર પૂરું કરે છે.

સ્થાન : જંગલ, ખાણ, ખેતર, ગુફા, પહાડ.

કબ્રસ્તાન, સ્મશાન, ખંડેર, ગુફા, કોયલાની ખાણ, દુર્ગંધમય સ્થાન એ શનિના સ્થાન મનાય છે. શરીરમાં જમણો કાન તથા હાડકાં એ શનિના સ્થાન છે.

કારક : સ્નાયુકારક, આયુષ્યકારક તથા ઉપાધિકારક છે. સંધ્યાકાળે એ ગ્રહ બળવાન બને છે. શનિનું નંગ ઈન્દ્રનીલ, નીલમણિ, નીલમ. નીલી છે. વૃક્ષ શમી છે પીરોજા - લાજ્વર્ત એમીસિસ્ટ ઉપરત્નો છે. ધાતુ લોખંડ છે. શુદ્ર જાતિ હોય. કળિયુગમાં શનિનું પ્રાબલ્ય અધિક છે. મલેચ્છોની ઉન્નતિ અને વિજય કરનાર છે, નાસ્તિકતા, વર્ણસંકરતા વધારવામાં શનિનો હાથ રહેલો છે.

રોગ : જડતા, મુંગા, બહેરાપણું, જલોદર, ભગંદર, શરદીફુક, ક્ષય, કેન્સર, કમળો, સંધિવા, ચામડીના રોગ, ગઠિયો વાવ, પાગલપણું, દારિદ્રદોષ, કૃતકર્મ, પિશાચ વગેરે પ્રેત - બાધા કરનાર છે. આયુષ્ય આપનાર તથા મૃત્યુ કરનાર પણ શનિ છે જેથી તેનું એક નામ 'યમ' પણ છે. લાંબી બીમારી શનિને આભારી છે.

શનિનાં પર્યાય નામો : શનિ, મન્દ, છાયાસુત, પંગુ, પંગુકાય, કોણ, તરણીતનય, ધુમણીસુત, પાતંગી, મૃદુ, નીલ, કપીલાક્ષ, કૃશાંગ, દીર્ઘ, છાયાત્મજ, યમ, અર્કપુત્ર, સૌર, ક્રોડ, કુલોચન, દુઃખ, કાલ, દૈન્ય આ ત્રેવીસ નામો છે.

શનિનું સ્વરૂપ : લાંબો, પાતળો, શુષ્ક દેહ, પીળા નેત્રો, દુબળો, મોટા દાંતવાળો, કાળા વર્ણનો, કાંટા જેવા શુષ્ક રોમવાળો, મોટા નખ, દેખાવમાં બુઠો (સ્નાયુ), સ્પષ્ટ દેખાતી નાડીઓવાળો, આળસી, ગંભીર, અનડો, એકાંતપ્રિય, ગરમાળ, મંદબુદ્ધિ, દારિદ્રયનો અવતાર, ખારૂં ફરસાણ ખાનારો, ઉકરડા ઉપર રહેનારો, લંગડો, જૂનાં ફાટેલાં વસ્ત્રો પહેરનારો, ઊંડી આંખોવાળો, નિર્દય, નીચી દૃષ્ટિવાળો, તીક્ષ્ણ સ્વભાવવાળો, ભિખારી, બીજાઓ પાસેથી લેવાની આશાવાળો, ઘાંત મોટા હોઠવાળો, કઠોર હૃદયનો, ચુગલીખોર, ક્રોધી, માથે જટાવાળો, વૈરાગી, સૌવરસની જ્ઞાન-પ્રાપ્તિની ઈચ્છાવાળો, આત્મવિશ્વાસુ, સંકુચિત વૃત્તિ, ધુર્ત, સાવધાન મિતવ્યયી, પ્રબળ ઈચ્છાશક્તિવાળો, સહનશીલ,

સ્થિર દૃઢપ્રવૃત્તિવાળો, કોઈની શ્રેષ્ઠતા નહિ માનનારો, મહત્વાકાંક્ષી, દૂરદર્શી, જગતનો સાચાખોટાનો ભેદ પારખનારો, દેખાવમાં ભયંકર, વાતકફપ્રધાન, તામસી સ્વભાવનો, નિસ્તેજ, ઠંડો, રૂક્ષ અને ઉદાસીન.

ઉલ્લાસ, આનંદ-પ્રસન્નતા આ ગુણો પ્રાય : એના સ્વભાવમાં નથી. જગતમાં સાચા અને જૂઠાનો ભેદ સમજવો તે શનિનો વિશેષ ગુણ છે અને તે સાડાસાતીમાં બારમો શનિ હોય ત્યારે અને ઊતરતા જ્યારે બીજે હોય ત્યારે કોણ સાચું સગું મા-બાપ, ભાઈ-બહેન વગેરે પરખાય છે અને મિત્રોની કસોટી પણ ત્યારે જ થાય છે. હિતેચ્છુ છે કે હિતશત્રુ.

વિપત્તિ, કષ્ટ અને નિર્ધનતાનો તે બહુ મોટો ગુરુ અને શિક્ષક છે. જ્યાં સુધી શનિની સીમાથી પ્રાણી બહાર નથી થતો ત્યાં સુધી સંસારમાં ઉન્નતિ સંભવ નથી. દુર્દૈવ લાવનાર એકાંતપ્રિય શનિ પાપ ગ્રહ છે. પૂર્વજન્મોનાં કર્મોના પરિપાકરૂપ દંડ આપનાર શનિ છે.

શનિની સ્થિતિ પ્રમાણે જન્મફળ : શનિ પૂર્વમાં હોય તો શરીર પ્રમાણમાં મૃદુ, કદ નાનું હોય છે. જો શનિ પશ્ચિમમાં હોય તો કૃશદેહ, રંગ અધિક કાળો, શરીર વાળ હોય, શનિના શર ઓછા હોય તો કૃશતા અધિક હોય, શર અધિક હોય તો માંસલ શરીર હોય. દક્ષિણ શર હોય તો માંસલ શરીર હોવાં છતાં ચાલ ઉતાવળી, ઉત્તર શર હોય તો માંસલ શરીર હોવાં છતાં વાળ વધુ, શરીર માંસલ. સ્તંભિત શનિ હોવાં છતાં સાધારણ જાડા થાય. માર્ગી હોય તો જાડા, વાંકાચૂકા દુર્બળ શરીર આપે છે.

શનિના કારકત્વ :- જ્યોતિષ ગ્રંથ ઉત્તર કાલમૃતના રચનાર કવિ કાલીદાસે બધા પ્રાચિન ગ્રંથોથી અધિક પ્રમાણમાં ગ્રહોના કારકત્વનું વર્ણન કરેલ છે. અતઃ શનિનું કારકત્વ ઉદ્ધૃત કરેલું છે તે આ પ્રમાણે છે : (૧) જડતા, આળસ, અવરોધ, (૨) ઘોડા, (૩) હાથી, (૪) ચામડી, (૫) લાભ, (૬) પ્રમાણ, (૭) કષ્ટ, (૮) માંદગી, (૯) વિરોધ, (૧૦) દુઃખ, (૧૧) મરણ, (૧૨) સ્ત્રીસુખ, (મોટે ભાગે સાડાસાતીમાં લગ્ન થાય છે), (૧૩) દાસી, (૧૪) ખચ્ચર, (૧૫) ચંડાલ, (૧૬) વિકૃત અંગવાળો, (૧૭) વનમાં ભ્રમણ કરનાર, (૧૮) ઈર્ષાળુ સ્વભાવની, (૧૯) માલિક, (૨૦) આયુષ્ય, (૨૧) ભયાનક, (૨૨) નપુંસક, (૨૩) ક્ષુદ્ર (અન્ત્યજ), (૨૪) પક્ષીઓ, (૨૫) ત્રણ પવિત્ર અગ્નિઓ, (૨૬) દાસકર્મ, (૨૭) અધાર્મિક કૃત્ય, (૨૮) પૌરુષહીન, (૨૯) મિથ્યા ભાષણ, (૩૦) દીર્ઘજીવન, (૩૧) વાયુ, (૩૨) જરાવસ્થા, (૩૩) નસ, (૩૪) દિવસાન્તે બળવાન, (૩૫) શિશિર ઋતુ, (૩૬) અત્યંત ક્રોધ, (૩૭) પરિશ્રમ, (૩૮) નીચ સ્ત્રીને ત્યાં જન્મ, (૩૯) કુન્ડ, (૪૦) ગોલક, (૪૧) ગંદા વસ્ત્રો તથા ઘર, (૪૨) ખરાબ વિચારો, (૪૩) દુષ્ટથી મિત્રતા, (૪૪) શ્યામ, (૪૫) પાપકર્મ, (૪૬) ક્રૂરતા, (૪૭) ભસ્મ, (૪૮) કાળુ ધાન્ય, (૪૯) મણિબંધ કાંડુ, (૫૦) લોઢું, (૫૧) ઉદારતા, (૫૨) વર્ષ, (૫૩) શુદ્ર (હલકું), (૫૪) વૈશ્ય, (૫૫) પિતાનો પ્રતિનિધિ, (૫૬) અન્ય કુળની વિદ્યા શીખવી, (૫૭) લંગડો, (૫૮) ઉગ્ર, (૫૯) કાંબલ (ધાબળો), (૬૦) પશ્ચિમાભિમુખ, (૬૧) સજીવન કરવાનો ઉપાય, (૬૨) નીચી દૃષ્ટિ, (૬૩) ખેતી દ્વારા આજીવિકા, (૬૪) શસ્ત્રાગાર, (૬૫) ગ્રામનિબહાર, (૬૬) ઈશાન દિશા, (૬૭) નાગલોક, (૬૮) પતન, (૬૯) ભ્રમણ, (૭૦) યુદ્ધ-લડાઈમાં મારામારી ઈ., (૭૧) શલ્ય-વિદ્યા, (૭૨) સીસુ, (૭૩) શક્તિનો દુર્વ્યય, (૭૪) તુરુક (રૂક્ષ-શુષ્ક-લુખો), (૭૫) તેલ, (૭૬) લાકડાં, (૭૭) બ્રાહ્મણ, (૭૮) તમોગુણ, (૭૯) વિષ, (૮૦), ભૂમિ પર ભ્રમણ, (૮૧) પ્રાચીનતા, (૮૨) કઠોરતા, (૮૩) ભય, (૮૪) લાંબો, (૮૫) કામાનંદ ઈચ્છા, (૮૬) વસ્ત્ર સજાવટ, (૮૭) યમરાજનો પૂજારી, (૮૮) કૂતરો, (૮૯) ચોરી, (૯૦) ચિત્તની કઠોરતા વગેરેનો કારક શનિ છે.

શનિના અધિકૃત સ્થાનો : રેતીનું રણ, જંગલ, અજ્ઞાત ઘાટીઓ, ગુફા, ગબ્બર પર્વત, કબ્રસ્તાન, ચર્ચના મેદાન, ખંડેર, કોયલાની ખાણ, મેલી ખરાબ દુર્ગંધ મારતી જગ્યા, ઑફિસ, કંપની, મિલ, કેન્ટિન, હૉટલ, વીશી, ઝૂંપડપટ્ટી, અપવિત્ર સ્થાન, સૌરાષ્ટ્ર પ્રદેશ ઉપર અધિકાર ધરાવે છે.

આચાર્ય વરાહમિહિરે બૃહત સંહિતામાં શનિચાર અધ્યાયમાં શનિની ફળ આપવાની શક્તિ - શુભ તથા અશુભ બંને ઉપર પ્રકાશ ફેંક્યો છે. શુભ સંબંધમાં કેવું ફળ આપે છે અને અશુભ બનતા કેવું ફળ મળે છે. બીજા આચાર્યો પરાશર વૈદ્યનાથ મંત્રેશ્વર, કલ્યાણ વર્મા, વેંકટ શર્મા, નારાયણ ભટ્ટ, વિલિયમ લીલી, એલન લીયો તથા યવનાચાર્યો વગેરેએ કારકત્વ તથા શુભ - અશુભ સ્થિતિનાં ફળ વિસ્તારપૂર્વક વર્ણવ્યાં છે. અત્રે આપણે વરાહમિહિરનો મત વિચારીએ.

શુભ - અશુભનો વિચાર કરતા પહેલાં શનિની દૃષ્ટિનો વિચાર કરશો. ફળકથનમાં મહત્વનો છે. શનિની દૃષ્ટિ વિષમય છે. જ્યાં તેની દૃષ્ટિ પડે ત્યાં વિનાશ સર્જાય છે.

શનિની જન્મ થતાં જ પહેલી દૃષ્ટિ એના પિતા (સૂર્ય) ઉપર પડી એથી તત્કાળ સૂર્ય કુષ્ઠ રોગથી પીડિત બન્યા, એના રથનો સારથિ અરુણ પંગુ બન્યો અને ઘોડા આંધળા બન્યા. તાત્પર્ય એ છે કે શનિની દૃષ્ટિ મહાઅનર્થકારી તથા વિનાશકારીણી છે. એટલે જ શનિના નામ પણ અશુભસૂચક છે. યમકાલ, દુઃખ, દૈન્ય, મંદ આદિ અશુભસૂચક છે. પરંતુ દૃષ્ટિ મહાવિનાશકારી ક્યારે બને કે કુંડળીમાં શનિ અશુભ સ્થાને કે અશુભ સંબંધમાં હોય. અન્યથા શુભ સંબંધમાં કૃપાયુક્ત હોતાં સુખ - આનંદનો દાતા પણ બને છે. (લિખકનો મત છે કે શનિની એક વિશેષતા એ છે કે જે સ્થાનમાં શનિ બેઠો હોય તે સ્થાનની વૃદ્ધિ કરે છે. જેમ કે આયુષ્ય સ્થાનમાં આઠમે શનિદેવ બેઠા હોય તો આયુષ્યવૃદ્ધિ કરે છે... નવમે હોતાં ધર્મની વૃદ્ધિ કરે છે, છઠ્ઠે હોતાં રોગ - શત્રુ વધારે છે.) આદિપંડિતોએ આ બાબત અનુભવ કરવો જોઈએ. પોતપોતાના કુંડળીસંગ્રહમાં જોઈ તારણ કાઢવું જોઈએ.

જેની કુંડળીમાં શનિ શુભ સંબંધમાં હોતાં એ જાતકને સામાજિક અને આર્થિક ક્રાંતિની ઈચ્છા રહે છે અને એ ઈચ્છા પરિપૂર્ણ કરવા પ્રયત્ન પણ કરે છે. આ લોકો ઉપભોગ કરતાં કરતાં પણ ત્યાગી ભાવ રાખે છે. લોકકલ્યાણ માટે પ્રયત્નશીલ રહે છે. એ અભિમાનરહિત મિલનસાર, ઉદાર રાષ્ટ્રોપયોગી કાર્યમાં તત્પર અનેકોના ઘર વસાવનાર પરોપકારી વૃત્તિવાળા હોય છે. એ વિદ્વાન સંશોધક મંત્રી આધ્યાત્મિક જ્ઞાનપ્રાપ્તિની ઈચ્છાવાળા હોય છે. એનામાં વિશ્વબંધુત્વ સ્થાપિત કરવાની પવિત્ર ભાવના

વિકસિત હોય છે. જો કોઈ શાસ્ત્ર તેના હાથમાં પડે તો એ શાસ્ત્રના ગંભીર અધ્યયનમાં પડી જાય છે અને શાસ્ત્રની સતહ સુધીની ખોજ કરે છે. શાસ્ત્રોનો ગૂઢ અભ્યાસ, લેખન, પ્રકાશન, તત્ત્વજ્ઞાનનો પ્રસાર આદિ પ્રવૃત્તિઓ એના સ્વભાવમાં હોય છે. યશદાયક સંસ્થાઓના સ્થાપક અન્યનો પ્રતિકાર કરનાર પોતાના સુખ તરફ બેફીકર, અન્યના સુખની ચાહના કરનાર, મધુરભાષી, સૌજન્યયુક્ત કાર્યમાં દૃઢ, અંગિકૃત કામને ભારે પ્રયત્નથી પૂર્ણ કરનાર, દીર્ઘાયુ હોય છે. શનિ શુભ સંબંધિત થતા વ્યક્તિને શુભ તરફ લઈ જાય છે અને આનંદની પ્રાપ્તિ કરાવે છે.

જન્મકુંડળીમાં શનિ અશુભ સંબંધિત હોતાં વ્યક્તિ સ્વાર્થી, ધૂર્ત, દુષ્ટ, સ્વેચ્છાચારી વર્તાવ કરનાર, માનસિક દુર્બળતાવાળો, આળસુ, મંદબુદ્ધિ, ઉદ્યોગહીન, અવિશ્વાસુ, ઘમંડી, નીચ વૃત્તિ, ઝઘડાળુ સ્વભાવ, વિરોધ કરનાર - વધારનાર, સાચાખોટાની જાણ ન હોય. બીજાની ઉન્નતિ પસંદ ન હોય, ઈર્ષાળુ, કઠોર બોલનાર, અસંતુષ્ટ વ્યસનમાં આસક્ત, અફીણી, શરાબી, જુગારી, વિષયલોલુપ, દુરાચારી, વિઘ્નસંતોષી, હંમેશાં પોતાનો સ્વાર્થ સાધનાર, બીજાની ભૂલો ગોતીને ખુશી થનાર, પરધન હરનાર, ધનની તૃષ્ણાવાળો, સત્તાપ્રાપ્તિ માટે યત્નશીલ, સત્તાપ્રાપ્તિ પછી જુલમ કરનાર તથા દુરાચાર કરનાર, અહંકારી, ક્રોધી, દાંભિક, ઉપાધિઓની પ્રાપ્તિ માટે જૂઠનો આશરો લેનાર, ગદ્દાર, દારિદ્ર્યયુક્ત વ્યક્તિ હોય છે.

વિલિયમ લીલીના મતે શનિપ્રધાન વ્યક્તિ : શરીર સાધારણ ઠંડુ અને લુખું, મધ્યમ કદ, ફીકો કાળો રંગ, આંખો બારિક અને કાળી, નીચી દૃષ્ટિ (નીચા જોનાર, હેઠાજોયો) ભવ્ય કપાળ, વાળ કાળા - સૂકા લહેરાતા, કાન મોટા લટકતા હોય તેવા, ભંવર ઝૂકેલી, હોઠ અને નાક જાડા, દાઢી પાતળી, આ પ્રકારનું સ્વરૂપ બનાવ્યું છે.

એના ચહેરાને જોઈને બીજાને ખુશી થતી નથી. શિર ઝૂકેલું, ચહેરો અટપટા જેવો, ખભા પહોળા ફેલાયેલા - વાંકાચૂકા, પેટ પાતળું, જંઘા બારિક, ગોઠણ અને પગ વાંકાચૂકા, ચાલ દારૂડિયા જેવી લંગડાની પ્રતીત હોય છે. ધૂંટણ એકબીજાને અડાડીને ચાલતો હોય છે.

સાધારણત : ખેડૂત, મજૂર, વૃદ્ધ સાધુ, સાંપ્રદાયિક ભિક્ષુક, વિદૂષક, પુત્ર-પૌત્રોથી યુક્ત હોય છે.

વ્યવસાયનો વિચાર કરતાં ચમાર રીતે કામ કરનાર મજૂરો, ખાણોમાં કામ કરનાર, કલાઈ કરનાર, કુંભાર, ઝાડુ બનાવનાર, નળ લગાડનાર પ્લંબર, ઈંટ બનાવનાર, રસોઈયા, ચીમની સાફ કરનાર, ખોદકામ કરનાર, કોયલાના વેપારી, ગાડી ચલાવનાર, માળી, મીણબત્તી બનાવનાર, જેલર, ગોવાળ, પ્રેતવાહક એ બધા શનિ કારકત્વમાં આવે છે.

નીચે લખ્યા વિષય પણ શનિના કારકત્વમાં સમાય છે. બૅન્ક, વ્યાજ લેનાર-દેનારના ધંધા, મિલ-કારખાનાં તથા મિલ સંબંધી કાયદો, ભૂગર્ભશાસ્ત્ર, મુસ્લિમ કાનૂન, મિલમાલિક, સાઝીદાર, પ્રિન્ટિંગ પ્રેસ; કોલસાનો વેપાર, મોટી મોટી કંપનીઓ, જીનિંગ, પ્રોસેસિંગ ફેક્ટરી, ઈસ્ટેટ, બ્રોકર, ખાણોનો કાયદો, વૈદક સંબંધી કાનૂન, વીમા કંપની, લોખંડની ચીજો, કૃષિવિદ્યાલય, પૂંજીપતિ તેલના વેપારી, કારખાનાં, ઈસ્ટેટ સંબંધી કાનૂનો, ભૂમિ સંબંધી કાનૂન, રોમન કાનૂન, પુરાતત્ત્વસંશોધન, સ્નાયુશાસ્ત્ર, હઠયોગ, ઉચ્ચ ન્યાયાલય, ન્યાયાધીશ, નગરનિગમ, જનપદ, જિલ્લા પરિષદ, વિધાનસભા આદિના સભાસદ, ખનિજ પદાર્થ, ગુપ્ત વાતો, દુષ્ટતાપૂર્ણ કામ, ખલનાયક, કેદ દંડ, રાજનીતિ, વ્યવસાયમાં હાનિ, સરકાર તરફથી ચલાવવામાં આવતો મુકદમો, નાના ભાઈ - બહેન, ચોટલી, જેલર, જેલસુપરિન્ટેન્ડેન્ટ, વિદેશમંત્રી, વિદેશનીતિ, સંધિ, શત્રુતા કે મિત્રતા, ઈજેક્શન, કાર્ટર માસ્ટર, હાડકાનાં ફ્રેક્ચર, દાદર, ફોડો, સંધીવાત, યકૃત, પ્લીહા રોગ, પગ તથા ઘૂંટણના રોગ, મળમૂત્ર, ઉત્સર્જક, ઈન્દ્રીઓનાં હાથીપગું પરસેવો, અંધારો, મૂંગાપણું, અતિરિક્ત સ્રાવ, ગાંડપણ, અર્ધાંગવાયુ, કમળો, વિગેરે શનિના કારકત્વમાં આવે છે.

શનિની ગતિ બહુ મંદ છે. તેની મધ્યમ ગતિ ૨ કલા, ૧ વિકલા, દૈનિક ગતિ ૩ થી ૬ કલા રહે છે. તથા તે દક્ષિણ બાજુ ૨ અંશ ૪૯ કલા રહે છે. ૧૪૦ દિવસ વક્રી રહે છે. વક્રીમાંથી માર્ગી થતા સમયે ૫ દિવસ સ્થંભિત રહે છે.

આ ગ્રહ ચમકતો કે પ્રકાશમાન નથી. ટમટમતો પણ નથી. એનો રંગ ફિક્કો રાખ જેવો નિસ્તેજ છે.

શનિની સ્વગૃહ રાશિ ૧૦ મકર તથા ૧૧ કુંભ છે. કુદરતી ભચક્રમાં કર્મ તથા લાભનો (અર્થ-કામ)નો માલિક બને છે. તેની મૂળ ત્રિકોણ રાશિ કુંભ છે. તુલા રાશિ ઉચ્ચની છે. ૨૦ અંશે પરમઉચ્ચ થાય છે. નીચ રાશિ મેષ છે. તેમાં ૨૦ અંશે પરમનીચ બને છે. આમ જોઈએ તો કુંભમાંથી શનિ ત્રીજી દૃષ્ટિએ મેષને જુએ જે નીચ દૃષ્ટિ થઈ પરંતુ મકરમાંથી દશમી દૃષ્ટિથી તુલાને જુએ જેથી ઉચ્ચ દૃષ્ટિ થઈ. આમ શનિ ૩,૭ અને ૧૦ મે પૂર્ણ દૃષ્ટિ કરે છે.

શનિ સીમા ગ્રહ છે તેનું પ્રત્યક્ષ ઉદાહરણ ગ્રહની વૃતમાર્ગે રાશિઓ

શ	ગુ	મં	શુ	બુ	ચં	સૂં	બુ	શુ	મં	ગુ	શ
૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

પૃથ્વી

આમ સૂર્યથી સૌથી નજીકનો ગ્રહ બુધ છે. પછી શુક્ર, મંગળ અને ગુરુ સૌથી દૂરનો શનિ ગ્રહ છે.

ગુરુ ન્યાય આપનાર છે. પરંતુ દંડ દેનાર તો શનિ જ છે. એ જ્યારે અશુભ બનેલો હોય ત્યારે સ્થિર ચિત્તે દુઃખ આપે છે અને શુભ હોતાં જેમ જેમ પચાવી શકે તેમ તેમ સંપત્તિ આપતો જાય છે. શનિ પાત્રના પ્રમાણે જ આપે છે, પાછું લેતો નથી.

જન્મ વખતે મેષાદિ રાશિ સ્થિત શનિના ફળ.

બીજા ગ્રહોની અસરથી મુક્ત એકલા શનિની રાશિવાર ફલશ્રુતિ.

(૧) મેષ રાશિમાં હોતાં જાતક વ્યસન અને પરિશ્રમથી ખિન્ન, પ્રપંચી ભાઈઓનો દ્વેષ કરનાર, નિષ્ઠુર, ઠોઠ, બહુ બોલનાર, નિન્ધ, નિર્ધન, કુરૂપ, ક્રોધી, નીચ આચારી, પ્રિયજનોનો શત્રુ, શઠ, નિર્દયી અને પાપી હોય.

(૨) વૃષભે શનિના જાતક ધનહિન અનુચિત, બોલનાર, સત્કર્મહીન, વૃદ્ધા સ્રીગામી, દુષ્ટ મિત્રોવાળો, પરસ્રીસેવક, કપટી, બહુ કાર્યોમાં આસક્ત અને મૂઢ થાય છે.

(૩) મિથુન સ્થિત શનિવાળા જાતકો કર્જદાર, બંધન (દાસત્વ) અને પરિશ્રમથી દુઃખી, દંભી, સદ્‌ગુણહીન, છુપાઈને રહેનાર, કામી, કપટી ક્રોધી, શઠ, દુઃશીલાક્રીડાનુરક્ત થાય છે.

(૪) કર્ક રાશિમાં શનિવાળા સુશીલ સ્રીનો પતિ, બાળપણમાં ધનહીન, રોગી, માતૃહીન, મૃદુ સ્વભાવનો, વિશેષ કાર્યરત, સદા રોગપીડિત, યુવાનીમાં શત્રુવિજેતા, ધ્યાનિવાળો, ભાઈઓથી વિરુદ્ધ, કુટિલ, રાજાસમાન ભોગી થાય છે. (આ હકીકત સાચી જોવા મળી છે).

(૫) સિંહમાં શનિ હોતા જન્મેલ જાતકો લખવા-વાંચવામાં તત્પર, વિષયાભિજ્ઞ લેખોમાં નિંદિત, શીલરહિત સ્રીરહિત, નોકરીથી જીવનાર, એકાંકી, હર્ષ વગરનો, નિંદક, ક્રોધી, અનેક પ્રકારના મનોરથોથી ભરેલ ભાર તથા શ્રમથી દુઃખી હોય છે.

(૬) કન્યા શનિવાળા જાતકો નપુંસક જેવા શઠ, પારકું અન્ન ખાનાર, વેશ્યાગામી, અલ્પ મિત્રોવાળો, શિલ્પકળાથી અનભિજ્ઞ, વિશિષ્ટ કાર્યનો ઈચ્છુક, પુત્ર અને ધનથી યુક્ત, આળસુ, પરોપકારી કન્યાને દૂષિત કરનાર, કાર્યમાં તત્પર, સોચી-વિચારીને કામ કરનાર થાય છે.

(૭) તુલા રાશિના શનિમાં જન્મેલા જાતકો ધનસંગ્રહી, મૃદુભાષી, વિદેશ (પરપ્રાંત) યાત્રાથી ધન અને માન પ્રાપ્ત કરનાર, રાજા કે વિદ્વાન, સ્વજનરક્ષિત, ધનવાન, સમાજમાં શ્રેષ્ઠ, વચનપ્રભાવથી સ્થાન પ્રાપ્ત કરનાર, સાધુ-કુલટા-નર્તકી અને વેશ્યાથી પ્રેમ કરનાર થાય છે (સાચું જોવામાં આવ્યું છે.).

(૮) વૃશ્ચિક રાશિમાં શનિવાળા લોકદ્વેષી, કુટિલ, વિષ કે શસ્રથી હત, અતિક્રોધી, લોભી, ઘમંડી, ધૂર્ત, બીજાનું ધન અપહરણ કરી લેવામાં સમર્થ, શુભ કૃત્યથી વિમુખ, નીચ કર્મ કરનાર, ખર્ચ, હાનિ તથા રોગથી દુઃખી હોય છે.

(૯) ધનના શનિમાં જાતક ગ્રંથ અધ્યયન તથા વિદ્યામાં નિપુણ, પોતાના પુત્રોના ગુણોથી તથા પોતાના ધર્મ અને સુશીલતાથી લોકમાં વિખ્યાત, વૃદ્ધાવસ્થામાં ઉત્કૃષ્ટ સંપત્તિનો ભોગ, લોકોમાં આદર, થોડું બોલનાર, ઘણાં નામોથી પ્રસિદ્ધ તથા મૃદુભાષી થાય છે.

(૧૦) મકર રાશિનો શનિ હોતાં પરસ્ત્રી તથા અન્ય ક્ષેત્રોનો અધિપતિ, વેદજ્ઞાતા, ગુણી, શિલ્પજ્ઞ, શ્રેષ્ઠ કુલપૂજ્ય, બીજાઓથી આદર પામનાર વિખ્યાત, સ્નાન અને અલંકારોનો પ્રેમી, કાર્યચતુર, વિદેશવાસી અને બહાદુર થાય છે.

(૧૧) કુંભસ્થિત શનિ હોતાં જાતક વારંવાર ખોટું બોલનાર, દારૂ પીનાર તથા સ્ત્રીના વ્યસનમાં અતિ આસક્ત, ધૂર્ત, ઠગ, મિત્રોને પણ ધોકો દેનાર, અતિક્રોધી, જ્ઞાન તથા કથાશ્રવણથી દૂર રહેનાર, પરસ્ત્રીગામી, કઠોરભાષી, ઘણાં કામોનો પ્રારંભ કરનાર થાય છે.

(૧૨) મીન રાશિમાં શનિ હોય ત્યારે જન્મેલા જાતક યજ્ઞ, તથા શિલ્પવિદ્યાનો પ્રેમી, પોતાના ભાઈઓ તથા મિત્રોમાં પ્રધાન, શાંત સ્વભાવ, ધનવાન, નીતિજ્ઞ, ધર્મપ્રધાન વ્યવહારમાં પ્રેમી તથા ગુણોથી યુક્ત, વૃદ્ધ જેવો વિચારશીલ થાય છે. ઉપરનાં ફળો ઘણાં સત્યની નજીક જોવા મળ્યાં છે.

ઉપર પ્રમાણે રાશિફળ જોયું. સ્થાન પરત્વે ફેરફાર થાય છે. સ્થાનફળ સંક્ષિપ્તમાં જોઈએ. જન્મકુંડળીમાં સ્થાન પરત્વેનાં ફળો :-

(૧) લગ્ને શનિ પાંચમે વર્ષે અરિષ્ટ લાવે છે, (૨) બીજે હોતાં બાવીસ વર્ષે ધનહાનિ કરે, (૩) ત્રીજે હોતાં તેરમાં વર્ષે ભ્રાતૃનાશ કરે, (૪) ચોથે હોતાં આઠમે વર્ષે ભાઈને પીડા કરે, (૫) પાંચમે હોતાં છઠ્ઠે વર્ષે અગ્નિપીડા આપે છે, (૬) છઠ્ઠે શનિ હોતાં ચોવીસમે વર્ષે પુત્રલાભ થાય, (૭) સાતમે હોતાં સાડત્રીસમે વર્ષે સ્ત્રીનાશ થાય, (૮) આઠમે શનિ હોતાં પચ્ચીસમે વર્ષે કુષ્ઠ, ભગંદર કે કષ્ટ થાય, (૯) નવમે શનિ હોતાં છત્રીસમે વર્ષે ભાગ્યોદય કરે, (૧૦) દશમે શનિ હોતાં છવીસમે વર્ષે શસ્ત્રભય કરે અથવા ઑપરેશન કરાવવું પડે, (૧૧) અગિયારમે શનિ હોતાં ચોવીસમે વર્ષે સારો લાભ મળે, (૧૨) બારમે શનિ હોતાં પીસતાલીસમે વર્ષે મોટી ધનહાનિ કરે.

શનિ છ, નવ, અગિયારમે સારું ફળ આપે છે. વિશેષમાં ત્રીજે શનિ બહેરાપણું આપે છે. બારમે શનિ અંગમાં ખોડ લાવે છે. વૃષભ તથા તુલા લગ્નની કુંડળીમાં શનિ યોગકર્તા બને છે અને સારું ફળ આપે છે.

શનિના સ્થળ પરત્વે અનુભવેલા યોગો.

શનિ જન્મકુંડળીમાં પ્રથમ ભાવે તુલા રાશિમાં હોય તો આગેવાન બને, રાજ યોગ કરે. વૃશ્ચિક લગ્ને સ્થાવર સંપત્તિ આપે છે. મેષ લગ્નમાં રાજયોગ કરે, સ્થિર આવક આપે. મકર લગ્નમાં ધન કમાવાની ઘણી તકો આપે છે. સહજપ્રાપ્તિ થાય છે. ધનલગ્નમાં શનિ સ્વપરાક્રમથી ધનપ્રાપ્તિ થાય છે. મીનલગ્નમાં આવકનું પ્રમાણ ઊંચું રહે છે. વૃષભલગ્નમાં ભાગ્ય સારું આપે છે. બાકીની રાશિમાં સંધિવા તથા કષ્ટકારક રહે છે.

બીજા ભાવમાં વક્રી હોતાં પુષ્કળ ધન આપે છે. વૃષભ તથા કુંભનો શનિ બીજે હોય તો ધન આપે છે. બાકીની રાશિમાં આંખની તકલીફ, હલકા ધંધામાંથી ધન, કર્જદાર, ધન કમાવામાં મુશ્કેલી પડે. ત્રીજે શનિ તુલા - મકર - કુંભનો હોય તો સારો છતાં બહેરાપણું લાવે. બાકીની રાશિઓમાં ભાઈઓ માટે નબળો.

ચોથે તુલા - મકર - કુંભ - મેષ - વૃષભમાં હોય તો માતાનું સુખ, વાહન વગેરે આપે. ઘર-મકાન આપે. બાકી રાશિમાં દરિદ્રતા અને દુઃખ આપે છે.

પાંચમે શનિ કુંભમાં પાંચ પુત્રો, મકરમાં સારાં સંતાન. બાકી રાશિમાં સંતાનઅભાવ, દારિદ્ર્ય, હલકો ધંધો કે હલકો વેપાર આપે.

છઠ્ઠે શનિ સ્થિર નોકરી આપે, ધન ખેતીમાં પ્રગતિ આપે પરંતુ મંગળથી દૃષ્ટિ હોતાં એક્સિડન્ટ કરે છે.

સાતમે શનિ રોગિષ્ટ પત્ની મળે, સ્ત્રીજાતકને વૃદ્ધ કે મૂર્ખ કે રોગી પતિ મળે. ચારિત્ર્ય બગાડે.

આઠમે લાંબુ આયુષ્ય આપે પણ દુઃખ અને કષ્ટ પણ ભરપૂર આપે. દીર્ઘ રોગી.

નવમે શનિ ઓગણચાલીસમે વર્ષે કોઈ ધાર્મિક કાર્ય કરાવે.

દશમે શનિ ગંગાસ્નાન જેવું પુણ્ય આપે. તુલા, મકર કે કુંભમાં હોતાં ધંધામાં પ્રગતિ કરાવે. બાકી રાશિમાં એકદમ ઊંચે લઇ જઈ ૪૨-૪૫ વર્ષની આસપાસ નીચે પછાડે. પછી જિંદગીભર કમર વળે નહિ.

અગિયારમે જો કુંભનો હોય તો ખૂબ આમદાની આપે. એકંદરે અગિયારમે સારો બને છે. બારમે શનિ દારિદ્ર, ભિક્ષુક અથવા તો શરીરમાં ખોડ લાવે છે.

કર્કનો શનિ બારમે સ્ત્રીઓની પાછળ સંપત્તિ વેડફાય, અનેક સ્ત્રીઓ થાય છે.

શનિ સૂર્ય સાથે યુતિ, પ્રતિયુતિ, દૃષ્ટિ કે ષડાષ્ટક યોગ કરતો હોય તો તે જાતકને પિતા સાથે તીવ્ર મતભેદ રહે છે. સ્ત્રીની કુંડળીમાં ષડાષ્ટક હોય તો સાહસિક બનાવે. લોખંડ-અગ્નિ સંબંધિત કારખાનું કરે (પંચાલોની કુંડળીઓમાં આ યોગ વધુ જોવા મળે છે.) ગુરુની અસરમાં હોય તો લીડરશિપ - નેતાગીરી આપે છે.

તુલા, મકર કે કુંભનો શનિ કુંડળીમાં ૧, ૪, ૭ કે ૧૦માં સ્થાનમાં હોય તો 'શશક' નામક મહાપુરુષ યોગ, રાજયોગ કરે છે. તે જાતકનો ભાગ્યોદય પ્રૌઢાવસ્થામાં થાય છે. વેરાન કે રણપ્રદેશમાં તથા પશ્ચિમ દિશામાંથી સારા લાભ મેળવે છે.

શનિ ભક્તિ વૈરાગ્ય આપનાર ગ્રહ છે. ત્યાગી, એકાંકી, ચિંતક બનાવે. શનિ પરમાર્થનો માર્ગ બતાવનાર મહાન ગુરુ છે. આ સ્વાર્થી જગતમાં કોણ સાચું, સગું કે મિત્ર છે તેનું જ્ઞાન શનિદેવ સાડાસાતી મારફત આપે છે.

ગોચર શનિનું ફળ

જન્મચંદ્રથી ત્રીજે, છઠ્ઠે, અગિયારમે શનિ આવે છે ત્યારે સારાં ફળો આપે છે. પરાક્રમમાં વિજય, શત્રુનાશ તથા ધનલાભ કરે છે.

પરંતુ ચોથે, આઠમે નાની પનોતી કરે છે. ત્યારે બીમારી ધનહાનિ તથા મિલકત એ બધે ઉપાધિ લાવે છે.

અને બારમે, પહેલે તથા બીજે શનિ આવે ત્યારે મોટી પનોતી સાડાસાતી બેસે છે. ત્યારે જો કુંડળીમાં તુલા, મકર કે કુંભનો હોય તો પનોતી લાભકારક બને છે અને જાતકને ઊલટો ન્યાય કરી દે છે. પરંતુ કુંડળીમાં ૮ કે ૧૨મે હોય, નીચ કે શત્રુ રાશિમાં હોય તો મહાકષ્ટકારી બને છે. તેમાં પણ જો શનિની મહાદશા કે અંતરદશા ચાલતી હોય તો રાજાને પણ ભિખારી બનાવે છે. ભાઈઓમાં વેર, કુટુંબનું વિભાજન, સગાઓમાં શત્રુતા, અપમાન, આઘાતજનક પ્રસંગો આવે, દરેક જગાથી તિરસ્કાર થાય છે.

કુંડળીમાં શનિ નબળો હોય અને પનોતી ચાલતી હોય તેવા કુંવારા જાતકો લગ્ન પછી મોટે ભાગે સાડાસાતીમાં થાય છે અને પરણ્યા પછી આવક - ધંધો બંધ થાય, બધેથી માન ઘટે, આળસ થાય છે અને કુટુંબીઓનો ઉગ્ર વિરોધ સહન કરવો પડે છે અથવા જુદા રહેવા જવું પડે છે અને જવાબદારી માથે આવી પડે છે.

ચોરીના આરોપ આવે છે અને સંસારમાં કડવા અનુભવ કરાવે છે અને એકમાત્ર પત્ની સિવાય બધા શંકાની નજરે જોતાં થઈ જાય છે. સગાના સંબંધો તૂટે છે અને ક્યારેક વતન છોડવાનો વારો પણ આવી જાય છે. એમ આર્થિક, સામાજિક અને શારીરિક કષ્ટ આપે છે અને પછી માણસ પ્રભુને યાદ કરતો થઈ જાય છે. ધોળે દિવસે તારા દેખાડી દે છે.

આમ પ્રથમ આવતી સાડાસાતી વધુ કષ્ટમય હોય છે અને જેની મેષ, કર્ક, સિંહ, વૃશ્ચિક તથા ધન રાશિઓ હોય તેને વધુ કષ્ટકારક શનિનુ ગોચરભ્રમણ હોય છે.

ગોચરને પાંચમે શનિ દૈન્યતા લાવે છે. સાતમે પત્નીને કષ્ટ, ભાગીદારીમાં ઝગડા, ધંધારોજગારમાં મંદી લાવે છે અને દશમે જો અશુભ સ્થિતિનો હોય તો ધંધામાંથી તથા સમાજમાંથી ફેંકી દે છે અને માણસને ધૂળ ચાટતો કરી દે છે. તેનું વળતર ૧૧મે આવતા આપે છે. સાડાસાતીનું વળતર ત્રીજે શનિ આવતા આપે છે.



મોક્ષ-બારમું સ્થાન અને મોક્ષદાયક કેતુ

લેખક : શ્રી હર્ષદરાય શિવશંકર દવે
સેન્ટ્રલ બૅંક ઑફ ઈન્ડિયા, માધાપર (કચ્છ)

મોક્ષ શબ્દ કાને પડતાં સામાન્ય રીતે બારમો ભાવ અને કેતુ નજર સમક્ષ આવે છે. શારીરિક, આર્થિક, સામાજિક અને આધ્યાત્મિક બંધનનો સહેજે ખ્યાલ બારમા ભાવમાંથી મળી રહે છે. બારમા સ્થાનમાં મીન રાશિનો કેતુ મોક્ષની દિશામાં આગવું સ્થાન ધરાવે છે. એવો ચોક્કસ મત લેખક અહીં દર્શાવે છે. મોક્ષ અંગેની પ્રતીતિ શુભ ગ્રહોથી થયેલ પ્રવ્રજ્યા યોગને આધીન છે એવી વિચારસરણી પણ આ લેખમાં જોવા મળે છે.

આ વિ.સં. ૨૦૪૪ના નવા વર્ષના આપના અતિ ઉત્તમ જ્યોતિષ પંચાંગમાં આધ્યાત્મિક ધર્મભાવના અને બંધન છોડી મુક્ત - મુક્તિ - મોક્ષ કોણ મેળવી શકે તેનો વિચાર કરીએ.

આ મોક્ષ પણ ગત જન્મના કરેલા પુણ્યોને અભારી જ છે અને આ જન્મમાં અતિ પવિત્ર જીવન જીવનાર વ્યક્તિને જ આ છેલ્લી મુસાફરીનો યોગ પ્રાપ્ત થાય છે. આ મનુષ્યજીવન પણ એક બંધન છે. કોઈ વિરલ વ્યક્તિ ધારે તો મુક્તિ અને મોક્ષ મેળવી શકે છે. આ મનુષ્યજીવન આપણને એક બંધન લાગે છે. પરંતુ જાતક ધારે તો અવશ્ય આ બંધનરૂપી સંસારમાંથી અવશ્ય મોક્ષ મેળવી શકે છે.

પરંતુ દરેક વસ્તુ મેળવવી સહેલી નથી એમ આ મોક્ષ મેળવવો અતિ કઠિન છે. કળિકાળના સમાજમાં રહીને, જીવનથી પર રહીને મોક્ષ મેળવવો અતિ કઠિન છે. ગત જન્મના કોઈ મહાન પુણ્યને આધારે જ મેળવી શકાય છે.

જીવનમાં ચાર જાતના બંધનો આવે છે જેમ કે શારીરિક - આર્થિક - સામાજિક અને છેલ્લું આધ્યાત્મિક બંધન હોય છે. આ ખ્યાલ દરેકની જન્મકુંડળીના બારમા ભાવથી આપણને જોવા મળે છે.

(૧) બારમું સ્થાન અત્યંત દૂષિત હોય કે પાપગ્રહોથી પીડિત હોય, બે કે બેથી વધારે પાપગ્રહો બારમા સ્થાનમાં હોય તો કારાવાસ પણ સંભવી શકે છે.

(૨) બારમે નીચનો શનિ-મંગળ કે રાહુ જેલ-કેદ પણ આપે છે.

(૩) આર્થિક બંધન - ઋણયોગથી જાતક જીવનભર દેવાંદાર, જાતક દરેક રીતે ભાંગેલો - મરેલા જેવો દેખાય છે. આમાં પણ બારમું સ્થાન પાપગ્રહોને આભારી જ છે.

સામાજિક બંધન માટે પણ બારમા

(અનુસંધાન પાનું ૨૪૪)

ભૂત અને ભાવિ વચ્ચે ઝોલા ખાતુ અતિ અર્વાચીન ભારતીય કેલેન્ડર

લેખિકા : જ્યોતિબેન મનુભાઈ ભટ્ટ

-માત્ર બે બોલ

ભારતને આઝાદી મળી. જેની પ્રત્યક્ષ અનુભૂતિરૂપે આજે આપણે સુખદુઃખ અનુભવી રહ્યા છીએ. આવી જ સ્થિતિ કંઈક ભારતીય કૅલેન્ડરની છે. રાષ્ટ્રીય ગીત ગવાય છે પણ, એ યંત્રવત્‌પણે, એનું હાર્દ જ નથી. ભારતીય કૅલેન્ડર પણ યંત્રવત્ છપાય છે, ક્યાંક સરકારી પત્ર પર દિનાંક વડે તેનાં સ્વરૂપનાં દર્શન પણ થાય છે પણ અંગ્રેજી તારીખ સામે એની હસ્તી જ નથી. એક બાજુએ વિસમી સદી ભણી પ્રયાણનો રોગ, બીજી બાજુએ ભારતીય સંસ્કૃતિમાં તેની આગવી વિશિષ્ટતા સાથે સરકારી સ્તર પર સત્તાને ભરખેલ ભૂત સવાર થતાં ભારતીય કૅલેન્ડરની પુર્નવિચારણા કરવા પ્રયાસ થાય છે, જે સદૈવ સબળ સરકારી માધ્યમ 'કમિટી' દ્વારા જ થાય છે. જેમાં મોટા ભાગના સભ્યો સંસ્કારી સ્તરના કે સરકારી વિવિધ સંસ્થાનોના હોય છે. જેને આ વિષય સાથે લેવા દેવા નથી. તેઓ માત્ર સરકારી સંસ્થાના ડાયરેકટરો છે. હા, એમાં અપવાદ સમા એકાદ અમારા તંત્રી પુંડીરાજ દાતે શાસ્ત્રી પણ છે ખરા.

હાલમાં ભારતના વિવિધ પ્રદેશોમાં આ વિષયની છેલ્લી લોકમાનસ પરિસ્થિતિનો અભ્યાસ કરવા પ્રથમ ફાંકડો પ્રયાસ થયો હતો. મુંબઈ ખાતે તા. ૧૬-૦૧-૧૯૮૭માં એક સભાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ખાસ કરીને આ વિષય પર પ્રભુત્વ ધરાવે અને જેમના મંતવ્યોથી લોકો વધુ વિરોધ ન કરતાં સ્વીકૃતી આપશે એવી ધારણા કરીને કેટલાક વિદ્વાનગણને આમંત્રિત કર્યા હતા. જેની મર્યાદા મહારાષ્ટ્ર, ગુજરાત ને કર્ણાટક રાજ્ય પુરતી જ હતી. આવા પ્રયોગની ફળશ્રુતિના અનુભવે અન્ય રાજ્યોના લોકમાનસનો અભ્યાસ કરી, લોકમાનસની દિશાનો પાકો અભ્યાસ કરી આગળ શું કરવું એનો ખ્યાલ બાંધવાનો છે એમ લાગે છે. આ દિશામાં જે કંઈ પણ થઈ રહ્યું છે તેમાં કેટલીક ત્રુટિઓ પણ સહેજે જણાઈ આવે છે. જેમાં :-

(૧) કાર્યવાહી કમિટીનું ગઠન આ વિષયના સાચા સભ્યોના ગુણવત્તા ગુણધર્મોને આધીન નથી.

(૨) નિર્ણય લેવા, આમંત્રિત સભ્યોની પસંદગી અંગેના આધારનો અભાવ જણાય છે.

(૩) કેટલાક પરોક્ષપણે થતા દબાણના પ્રયાસો, ગૂંગળામણ ને આત્માના અવાજથી દૂર રાખવા થતા સંગીન પ્રયાસો.

(૪) કેટલાક પૂર્વયોજિત નિર્ણયોને જ સાકાર

(અનુસંધાન પાનું ૨૫૬)

મોક્ષ - બારમું સ્થાન અને મોક્ષદાયક કેતુ

(૨૪૩મા પાનાથી ચાલુ)

સ્થાનમાં સૂર્ય - મંગળ - રાહુની દૃષ્ટિ કે તે સ્થાનમાં હોય તો જોવા મળે છે.

બારમે મીન રાશિ અને આ મીનનો કેતુ અવશ્ય મોક્ષ અપાવે છે. ઘણા સંતોને આપણે બારમે કેતુ જોઈએ છીએ. જેમ કે :-

(૧) સ્વામીનારાયણમ સંપ્રદાયના શ્રીજી ભગવાનને બારમે કેતુ હતો.

(૨) શ્યામ પ્રસાદ મુખર્જીને બારમે કેતુ હતો.

(૩) સારંગપુરા હનુમાનજીના સ્થાપક અને મહાન અષ્ટયોગી ગોપાલનંદ સ્વામીને બારમે ધનુનો કેતુ હતો.

(૪) હાલમાં જૈનના અતિ મહાન સાગરમુનિ સૂરીસાગર મહારાજાને પણ બારમે મોક્ષદાયક કેતુ છે.

આ મોક્ષ - કોઈ પણ જાતકને એક જ સ્થાનમાં ચાર શુભ ગ્રહો હોય તોપણ મોક્ષ - મુક્તિ મળે છે. જ્યોતિષમાં આને પ્રવજ્યના યોગ થયો ગણાય.

સ્વામી વિવેકાનંદજીને મકર લગ્ને શુક્ર+કેતુ સૂર્ય+બુધ. ભગવાન બુદ્ધને અતિ પવિત્ર કર્ક લગ્ને ૧૦મા ભાવે મેષનો મંગળ+સૂર્ય+શુક્ર+ગુરુ+શનિ હતા. રજનીશ ભગવાનને વૃશ્ચિય લગ્ને ધનના ચંદ્ર+મંગળ+શુક્ર+શનિ+બુધ ધન ભાવે છે.

સરદાર પટેલને વૃશ્ચિય લગ્ને તુલાના સૂર્ય+ગુરુ+શુક્ર બારમે હોવાથી જ કેદયોગ પણ સારા કાર્ય માટે જ થયો હતો અને મોક્ષ મેળવેલ.

બારમા સ્થાને મીન રાશિમાં બળવાન ચંદ્ર. સ્વગૃહી ચંદ્ર. ગુરુ કે શનિ અવશ્ય આધ્યાત્મિક ધાર્મિક બનાવી આ મહામુલ્ય જીવનનો ઉપયોગ કરી અતિ ઉત્તમ તેવા મોક્ષ યોગને પ્રાપ્ત કરી શકે છે.

લગ્નનો સ્વામી જો બારમા ભાવે બળવાન હોય તોપણ ધાર્મિક મનોવૃત્તિનો તથા આધ્યાત્મિવૃત્તિના બનાવી મોક્ષ તરફ વાળે છે.

પાંચમાંનો અધિપતિ બારમે હોય કે બારમાનો અધિપતિ પાંચમે હોય તો સંતાનસુખ ઓછું મળે કે ન મળે અને આધ્યાત્મિક તરફ વળી જઈ આ મોક્ષ ગતિને પામે છે.

બારમે નીચનો સૂર્ય રાજયોગ ભંગ અને બંધનયોગ પણ આપે છે.

બારમે ચંદ્ર પણ દરેક રીતે અશુભ ફળ આપે છે. માન - યશ - કીર્તિ આપતાં નથી. આવા જાતકનું ચારિત્ર્ય પણ વખાણવા લાયક હોતું નથી. બારમે બુધ અને ગુરુ ઊંચના કે સ્વગૃહી અવશ્ય મહાન તત્ત્વવેત્તાઓ બનાવી મોક્ષ તરફ લઈ જાય છે.

બારમે ઊંચનો શનિ ગૂઢજ્ઞાન, મંત્ર-તંત્રનો જાણકાર થઈ અવશ્ય મોક્ષ પ્રાપ્ત કરે છે.

જ્યારે બારમે કેતુ ૧૦૦% ધારે તો મોક્ષ પ્રાપ્ત કરાવી જ આપે છે.

ત્રણથી વધુ ગ્રહો બારમે આધ્યાત્મિક યોગ તથા ચાર શુભ ગ્રહ સન્યાસ - મોક્ષયોગ અપાવે છે.

લગ્નમાં બારમાંના સ્વામી સાથે ત્રણ શુભ ગ્રહ હોય તો પણ સન્યાસ યોગ - મોક્ષ અપાવે ,છે.

આમ બારમું સ્થાન બળવાન હોય તો મોક્ષ - અને નબળું હોય તો જીવનભર વૈતરું - દેવાદાર - અપજશ - અપકીર્તિ મળ્યા કરે છે.

અંકશાસ્ત્ર તથા અક્ષરશાસ્ત્ર

લેખક : શ્રી કિશોર પોપટવાલા બાબરિયા
ગાનુવાડા, સબનીશ પ્લોટ, માનભાઉ મંદિરની સામે, અમરાવતી (M.S.) પીન નં. ૪૪૪૬૦૬

A.B.C.D ના અંક મેળવી લેખકે ભારતનો અંક '૮' ઠેરાવ્યો છે, જે ભારતના વીર પુરુષો કે તેની યાદીને સુસંગત છે એમ જણાવે છે. કેટલાક અગત્યના સ્થળ કે વ્યક્તિવિશેષના અંક મેળવવા પ્રયાસ થયો છે. અંતે કયા અંક માટે ક્યા અંક શત્રુ તથા મિત્ર છે તે માટે કોઠો બનાવી લેખક વિરમે છે.

જન્મભૂમિ પંચાંગમાં સંવત ૨૦૩૯, ૨૦૪૦, ૨૦૪૧માં આપણે અંકશાસ્ત્ર સાથે ક્રમશ: અંકદશા, અંકકુંડળી, તથા અંક વર્ષફળનો સમન્વય જોયો. આ વર્ષમાં આપણે અંકશાસ્ત્ર સાથે અક્ષરશાસ્ત્રનો સમન્વય જોઈશું. કોઈ પણ વ્યક્તિની બીજી વ્યક્તિને ગામ, ફર્મ વગેરે સાથે કેવી લેણાદેણી રહેશે વગેરે જોવા માટે આ પદ્ધતિ ખૂબ જ ઉપયોગી છે. વળી જેઓ પાસે જન્મ-તારીખ વગેરે માહિતી ન હોય તેના માટે પણ આ પદ્ધતિ ઉપયોગી થઈ પડશે.

ઉપર લખેલ ત્રણમાંથી એક વર્ષનુ પંચાંગ વાંચીને ઘણા વાચકમિત્રો વધુ માહિતી માટે ટપાલ લખે છે, તેમને વિનંતી છે કે જન્મભૂમિ પંચાંગ સંવત ૨૦૩૯, ૨૦૪૦, ૨૦૪૧ ત્રણેમાંથી અંકશાસ્ત્રના લેખ ધ્યાનપૂર્વક વાંચી જાય.

A, B, C, D, ને અંક આપવાની આ પદ્ધતિ નક્ષત્રના ૧૦૮ અંકના તફાવત ઉપર આધારિત છે. તદ્દન નવું સંશોધન છે. નક્ષત્ર ૨૭, ચરણ ચાર એટલે ૧૦૮ ચરણમાં નક્ષત્ર છે. નક્ષત્રનો નામ સાથે ઘનિષ્ઠ સંબંધ છે. A, B, C, D કુલ ૨૬ છે. A ને ૧ B ને ૨Z ક્રમશ: એ પ્રમાણે Z ને ૨૬ આ પ્રમાણે ૧૦૮માંથી ૧ બાદ કરતા ૧૦૭ A નો અંક થયો ૧૦૮-૨=૧૦૬ B નો અંક થયો. નીચે ચાર્ટ છે.

A =	108−1 =	107 =		8
A =	108−1 =	107 =		8
B =	108−2 =	106 =		7
C =	108−3 =	105 =		6
D =	108−4 =	104 =		5
E =	108−5 =	103 =		4
F =	108−6 =	102 =		3
G =	108−7 =	101 =		2
H =	108−8 =	100 =		1
I =	108−9 =	99 =	18 =	9
J =	108−10 =	98 =	17 =	8
K =	108−11 =	97 =	16 =	7
L =	108−12 =	96 =	15 =	6
M =	108−13 =	95 =	14 =	5
N =	108−14 =	94 =	13 =	4
O =	108−15 =	93 =	12 =	3
P =	108−16 =	92 =	11 =	2
Q =	108−17 =	91 =	10 =	1
R =	108−18 =	90 =	9 =	9
S =	108−19 =	89 =	17 =	8
T =	108−20 =	88 =	16 =	7
U =	108−21 =	87 =	15 =	6
V =	108−22 =	86 =	14 =	5
W =	108−23 =	85 =	13 =	4
X =	108−24 =	84 =	12 =	3
Y =	108−25 =	83 =	11 =	2
Z =	108−26 =	82 =	10 =	1

નીચે ૧થી ૯ નંબરના ઉપરના ચાર્ટ પ્રમાણે અક્ષર આપ્યા છે.

A, B, C, D તથા અંકનો ચાર્ટ

1= H, Q, Z
2= G, P, Y
3= F, O, X
4= E, N, W
5= D, M, V
6= C, L, U
7= B, K, T
8= A, J, S
9= I, R.

ઉદાહરણ

INDIA

9 + 4 + 5 + 9 + 8 = 35 = 8

આપણા પ્રિય ભારત-વર્ષનો અંક ૮ છે. ૮નો સ્વામી શનિ છે. હાલ શનિ વૃશ્ચિક રાશિમાં મંગળના ઘરમાં ચાલે છે. તા. ૧૭-૯-૧૯૮પથી તા. ૧૭-૧૨-૧૯૮૭ સુધી વૃશ્ચિકમાં છે. પછી ધનુ રાશિ ગુરુના ઘરમાં જશે. ભારતને આ સમયગાળામાં તકલીફ થઈ રહી છે. શનિ મંગળના ઘરમાં હોવાથી આગળ સારા યોગ છે. ૧૯૮૮=૨૬=૮ આ પ્રમાણે ૧૯૮૮ તથા આગળ સારું છે.

ભારતના ૮ નંબર પ્રમાણે અંક-કુંડળીનો ચાર્ટ.

૮= પ્રથમ સ્થાન
૯= બીજું સ્થાન
૧= ત્રીજું સ્થાન
૨= ચતુર્થ સ્થાન
૩= પંચમ સ્થાન
૪= ષષ્ઠ સ્થાન
૫= સપ્તમ સ્થાન
૬= અષ્ટમ સ્થાન
૭= ભાગ્ય સ્થાન

સંશોધન વિભાગ

(અંકના સ્વામી તથા સ્થાન માટે જન્મભૂમિ પંચાંગ સંવત ૨૦૩૯, ૨૦૪૦, ૨૦૪૧માં અંકશાસ્ત્રના લેખ વાંચી જવા વિનંતી).

પ્રથમ સ્થાન પોતાનું હોય છે. ૮ અંક

(૧) ભારતનો સ્વતંત્રતા દિવસ 15−8−1947 = 35 = 8

(૨) ૨૬ જાન્યુઆરીમાં પણ 26 = 2+6=8

(૩) સ્વતંત્રતાની લડતના સત્ય, અહિંસાના પૂજારી શ્રી પૂ. બાપુ મહાત્મા ગાંધી.

MAHATMA GANDHI
5818758　284519
42　29
6　11
6 + 2=8
8

(૪) યોગની સાધના વડે ભારતને સ્વતંત્રતા અપાવવામાં સંકલ્પશક્તિ વડે મદદ કરનાર પોંડીચેરીના શ્રી પૂ. મહર્ષિ અરવિંદ.

MAHARSHI ARVIND
58189819　895945
49　40
13　4
4　4
8

(૫) લોકમાન્ય ટીળક

LOKMANYA TILAK
63758428　79687
43　37
7　10

7 1
8

બીજા સ્થાનમાં અંક ૯ છે. વાણી, પરિવારનું આ સ્થાન છે. વાણી દ્વારા પ્રભાવ ફેલાવી ભારતને એક પરિવારની જેમ્ કરનાર શ્રી. જવાહરલાલ નેહરુ.

JAWAHARLAL NEHRU
8848189686 44196
66 24
12 6
3 6
9

પાંચમું સ્થાન પણ ખૂબ મહત્ત્વપૂર્ણ છે. વિદ્યા તથા અધ્યાત્મનું સ્થાન છે. વિદ્યા તથા અધ્યાત્મ વડે ભારતની અમૂલ્ય સેવા કરનાર શ્રી રામકૃષ્ણ પરમહંસ તથા ભક્ત કવિયત્રિ મીરા. આ પંચમ સ્થાનમાં ત્રણ અંક છે.

RAMKRISHNA PARAMHANSA
9857998148 2898518488
68 61
14 7
5 7
12
3

આ પ્રમાણે ભારતનું ઉદાહરણ છે. નીચે મહત્ત્વપૂર્ણ શહેરના અંક આપ્યા છે.

(1) AHMEDABAD
815458785
51
6

(2) BOMBAY
735782
32
5

(3) CALCUTTA
68666778
54
9

(4) MADRAS
585988
43
7

(5) BANGLORE
78426394
43
7

(6) NEW DELHI
444 54619
12 25
3 7
10 = 1

હવે આપણે ગામનું વ્યક્તિ ને ફળ જોઈએ :-

ઉદા. (i)

AMITABH BACHCHAN
8597871 78616184
45 41
9 5
14
5

શ્રી અમિતાભ બચ્ચનનો અંક ૫ છે. બૉમ્બેનો પણ ૫ છે. બૉમ્બેમાં સફળતા છે. નવી દિલ્હી ૧ અંક છે. તે પછી છઠ્ઠા સ્થાનમાં હોવાથી અનુકૂળ નથી.

ઉદા. (ii)

DHIRUBHAI AMBANI
519967189 857849
55 41
10 5
1 5
HZ = 6

શ્રી ધીરુભાઈ અંબાણી માટે અમદાવાદ (૬) અનુકૂળ છે. બૉમ્બે (૫) પણ ભાગ્યશાળી છે.

હવે ક્યા અંક માટે ક્યા અંકશત્રુ તથા મિત્ર છે તે ચાર્ટ નીચે પ્રમાણે છે.

1✓ 2✓ 3✓ 4✓
2○ 3○ 4○ 5○
3✓ 4✓ 5✓ 6✓
4○ 5○ 6○ 7○
5✓ 6✓ 7✓ 8✓
6× 7× 8× 9×
7○ 8○ 9○ 1○
8× 9× 1× 2×
9✓ 1✓ 2✓ 3✓

5✓ 6✓ 7✓ 8✓ 9✓
6○ 7○ 8○ 9○ 1○
7✓ 8✓ 9✓ 1✓ 2✓
8○ 9○ 1○ 2○ 3○
9✓ 1✓ 2✓ 3✓ 4✓
1× 2× 3× 4× 5×
2○ 3○ 4○ 5○ 6○
3× 4× 5× 6× 7×
4✓ 5✓ 6✓ 7✓ 8✓

ચીહ્‌ન ✓= સારું ○= ○ મધ્યમ ×= પ્રતિકૂળ.

શુદિનાં કરણો			વદિનાં કરણો		
તિથિ	પહેલો ભાગ	બીજો ભાગ	તિથિ	પહેલો ભાગ	બીજો ભાગ
૧	કિસ્તુઘ્ન	બવ	૧	બાલવ	કૌલવ
૨	બાલવ	કૌલવ	૨	તૈતિલ	ગર
૩	તૈતિલ	ગર	૩	વણિજ	વિષ્ટિ
૪	વણિજ	વિષ્ટિ	૪	બવ	બાલવ
૫	બવ	બાલવ	૫	કૌલવ	તૈતિલ
૬	કૌલવ	તૈતિલ	૬	ગર	વણિજ
૭	ગર	વણિજ	૭	વિષ્ટિ	બવ
૮	વિષ્ટિ	બવ	૮	બાલવ	કૌલવ
૯	બાલવ	કૌલવ	૯	તૈતિલ	ગર
૧૦	તૈતિલ	ગર	૧૦	વણિજ	વિષ્ટિ
૧૧	વણિજ	વિષ્ટિ	૧૧	બવ	બાલવ
૧૨	બવ	બાલવ	૧૨	કૌલવ	તૈતિલ
૧૩	કૌલવ	તૈતિલ	૧૩	ગર	વણિજ
૧૪	ગર	વણિજ	૧૪	વિષ્ટિ	શકુનિ
૧૫	વિષ્ટિ	બવ	૩૦	ચતુષ્પદ	નાગ

કુંડળીમાં ત્રણ ગુણ અને પાંચ તત્ત્વ

(૨૪૭ પાનાથી ચાલુ)

સ્પર્શ આગંતુક વ્યક્તિને કઈ રીતે થતો ? એ તરંગોને આગંતુક વ્યક્તિ સુધી કોણ પહોંચાડતું ? તેનો જવાબ છે વાયુ, કે જે ઉપરોક્ત તારણ પ્રમાણે જલ પછી બીજા નંબરનું સ્થાન ધરાવે છે. જેમ સરોવરને કિનારે બેઠા હોઈએ અને જલ પરથી પવન આવે એ આપણને સ્પર્શે અને જલની શીતલતા અનુભવાય તેવું અહીં પણ બને છે.

તત્ત્વની દૃષ્ટિએ ગ્રહોનાં રાશિસ્થાન જોતાં મહર્ષિ રમણની કુંડળીમાંથી એક મહાન સત્ય સાંપડે છે -

સૂર્ય, મંગળ, રાહુ એ ત્રણ ગ્રહો અગ્નિ તત્ત્વની રાશિ (૯, ૧, ૯)માં છે. બુધ, શુક્ર, શનિ એને ત્રણ ગ્રહો જલ તત્ત્વની રાશિ (૮, ૮, ૧૨)માં છે તથા ચંદ્ર, ગુરૂ, કેતુ એ ત્રણ ગુણો વાયુ તત્ત્વની રાશિ (૩, ૧૧, ૩)માં છે. આમ, કુલ નવ પૈકી ત્રણ-ત્રણ ગ્રહો તેજ, જલ, વાયુમાં સમાન રીતે વહેંચાયેલા છે, ઉપરાંત દરેક તત્ત્વની એક રાશિ બે-બે ગ્રહોની યુતિ ધરાવે છે. જેમ કે ધનરાશિ (તેજ)માં સૂર્ય, રાહુ, વૃશ્ચિક (જળ)મા' બુધ, શુક્ર, મિથુન (વાયુ)માં ચંદ્ર-કેતુ છે.

આમ ગ્રહોની તત્ત્વગત અવસ્થા અત્યંત સમતોલ છે, જે મહર્ષિની અત્યંત શાંત, સ્વસ્થ, સૌમ્ય અને સામ્યાવસ્થાનું સચોટ અને અમૂક નિર્દેશન કરે છે.

આમ, રાશિ અને ગ્રહના ગુણ-તત્ત્વને આધારે કુંડળીમાં લગ્ન, પંચમ અને નવમ ભાવનો અભ્યાસ કરવાથી જાતકની આંતરિક પ્રકૃતિનું સ્પષ્ટ અને અસંદિગ્ધ ચિત્ર પ્રાપ્ત થાય છે, જેના આધારે જાતકની આત્મ વિષયક - અધિ-આત્મ અવસ્થાનું એક એવું સૂત્ર હાથવગું થાય છે, જેને પકડીને જાતક પોતાની આધ્યાત્મિક યાત્રાને સુગમ, સરળ, અને ખાસ તો ધ્યેયલક્ષી બનાવી શકે.

કુંડલીમાં ત્રણ ગુણ અને પાંચ તત્ત્વ

લેખક : પ્રો ડૉ. બી. જી. ચંદારાણા
ઈશ્વરકૃપા, ૬, યોગીનગર, ગોંડલ ૩૬૦૩૧૧

રાશિ અને ગ્રહોના ગુણ - તત્ત્વને આધારે જન્મકુંડળીમાં લગ્ન, પંચમ અને નવમા ભાવનો અભ્યાસ કરવાથી જાતકની આંતરિક પ્રકૃતિનું સ્પષ્ટ અને અસંદિગ્ધ ચિત્ર પ્રાપ્ત થાય છે એમ લેખક લેખની ફળશ્રુતિ રૂપે જણાવે છે.

મનુષ્યનું વલણ મોટે ભાગે ભૌતિકવાદી હોય છે, પરિણામે દિવ્યશાસ્ત્રોમાંથી પણ મનુષ્ય ભૌતિક લાભ મેળવવા જાણ્યે અજાણ્યે મથે છે.

જ્યોતિષશાસ્ત્ર એક દિવ્યશાસ્ત્ર છે, તેનો મૂળભૂત ઉદ્દેશ મનુષ્યના ભૌતિક કે સાંસારિક જીવનની ઘટનાઓનું ફળકથન કરવાનો નથી. પરંતુ મુખ્યત્વે વેદાધ્યાયન માટે ઉપયુક્ત ભૂમિકા પૂરી પાડવાનો છે. તેથી જ જ્યોતિષને વેદનું એક અંગ ગણવામાં આવ્યું છે. વેદના ષડંગ પૈકી જ્યોતિષ એક છે.

વેદનો મૂળભૂત ઉદ્દેશ પરમાત્માની અને આત્માની પ્રાપ્તિનો છે, તેથી તેની સંગતિ પ્રમાણે જ્યોતિષનો મૂળ ઉદ્દેશ તો આત્મા-પરમાત્માની ઉપલબ્ધિનો જ છે, જો કે જ્યોતિષશાસ્ત્ર દ્વારા મનુષ્યના જીવનની સ્થૂળ ઘટનાઓનો નિર્દેશ મળી રહે છે તે એક અલગ બાબત છે, તે કદાચ જ્યોતિષશાસ્ત્રની ઉપ-ઉત્પત્તિ (By-Product) છે.

(૧) મનુષ્ય વર્તમાનમાં આધ્યાત્મિકતાની કઈ સ્થિતિમાં છે ?

(૨) પૂર્વ-જન્મની તેની સાધના-ઉપાસના શું હતી ?

(૩) ભાવિ જન્મમાં તેની આધ્યાત્મિક પ્રગતિની કેવીક સંભાવના છે ?

(૪) કયા ગ્રહની સવિશેષ સહાય તેને માટે પ્રેરક અને પ્રગતિદાયક બની શકે તેમ છે ?

(૫) પ્રકૃતિનાં ક્યાં પરિબળો તેને આધ્યાત્મિક માર્ગે જતાં અવરોધક બને છે ?

આ બધા પ્રશ્નોના ઉત્તર મેળવવા માટે મુખ્યત્વે જે બે પાયાની બાબતો છે, તેનો જ અભ્યાસ કરવાનો ઉપક્રમ આ લેખમાં રહેલો. તે બે બાબતો નીચે પ્રમાણે છે -

(૧) જન્મકુંડળીના આધારે પ્રકૃતિના ત્રણ ગુણો પૈકી ક્યા ગુણનું આધિપત્ય જાતકમાં છે ?

(૨) પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ એ પાંચ તત્ત્વ પૈકી ક્યા તત્ત્વનું આધિપત્ય ગ્રહને કારણે તે જાતક પર છે ?

આ બે બાબતો - ગુણ અને તત્ત્વ - એટલા માટે મહત્ત્વનાં છે કે મનુષ્યનું શારીરિક અને માનસિક બંધારણ આ બે બાબતો પર જ અવલંબે છે. સત્ત્વ, રજસ, તમસ એ ત્રણ ગુણોનો સંબંધ મન સાથે છે, જ્યારે પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશનો સંબંધ શરીર સાથે છે.

જન્મકુંડળીમાં ગુણ અને તત્ત્વનો અભ્યાસ કરવા માટે ગ્રહોના ગુણતત્ત્વનું જ્ઞાન જરૂરી છે, જે નીચે પ્રમાણે છે -

(અ) તત્ત્વની દૃષ્ટિએ ગ્રહોનું વિભાજન

પૃથ્વી - બુધ
જલ - ચંદ્ર, શુક્ર
તેજ - સૂર્ય, મંગળ, કેતુ
વાયુ - શનિ, રાહુ
આકાશ - ગુરુ

(બ) ગુણની દૃષ્ટિએ ગ્રહોનું વિભાજન -

સત્ત્વગુણ - સૂર્ય, ચંદ્ર, ગુરુ
રજસ ગુણ - બુધ, શુક્ર
તમસ ગુણ - મંગળ, શનિ, રાહુ, કેતુ

આ રીતે ગ્રહોનાં તત્ત્વ અને ગુણને સમજી લીધાં પછી, રાશિ વિષયક કેટલીક પાયાની બાબતો જાણવી જરૂરી છે, કારણકે રાશિ એ ગ્રહોનું ફલક છે અથવા વિહાર સ્થાન છે. જેમ શ્વેત પરદા પર રંગીન ચિત્ર બને તેમ રાશિની પીઠિકા ઉપર ગ્રહો ઊપસે છે. આથી કોઈ પણ ગ્રહ પોતાની જે આગવી સત્તા અને શક્તિ છે તેનો નિખાર કેટલે અંશે કરી શકશે તેનો સંપૂર્ણ આધાર રાશિ પર રહે છે. આથી રાશિ વિષયક અનેક બાબતો જાણવી જોઈએ, જેમાં રાશિનું તત્ત્વ, તેનાં હ્રસ્વાદિ સ્વરૂપો, સ્થાન બળ, તેની જાતિ, ક્રૂર-સૌમ્યવાદિ સ્વભાવ, શીતા વગેરે અનેક બાબતોનો સમાવેશ કરી શકાય. અહીં તો મુખ્યત્વે રાશિના તત્ત્વને જાણવું વધુ ઉપયુક્ત બનશે, રાશિના તત્ત્વ નીચે પ્રમાણે છે -

રાશિ - ૧, ૫, ૯ અગ્નિ તત્ત્વ
રાશિ ૨, ૬, ૧૦ પૃથ્વી તત્ત્વ
રાશિ ૩, ૭, ૧૧ વાયુ તત્ત્વ
રાશિ ૪, ૮, ૧૨ જલ તત્ત્વ.

આટલી ભૂમિકાને આધારે જાતકની કુંડળીમાં ક્યા ગુણ અને ક્યા તત્ત્વનું આધિક્ય કે પ્રભુત્વ રહેલું છે, તે નક્કી કરી શકાય, જેમાં સમગ્ર કુંડળીનાં બાર ભાવો પૈકી લગ્ન, પંચમ અને નવમ ભાવ ઉપર ક્યા ગુણ - તત્ત્વ વધુ પ્રભુત્વ ધરાવે છે તે જોવું જરૂરી છે, કેમકે આ ત્રણ સ્થાનો મનુષ્યની આધ્યાત્મિક સ્થિતિ અને ગતિનાં પ્રબળ સૂચકો છે :

એક ઉદાહરણ દ્વારા ગુણ-તત્ત્વના આ સિદ્ધાંતને ચરિતાર્થ કરીએ.

શ્રી રમણ મહર્ષિની જન્મકુંડળી નીચે પ્રમાણે છે.

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.	કે.
૭	૯	૩	૧	૮	૧૧	૮	૧૨	૯	૩

સંશોધન વિભાગ

શ્રી રમણ મહર્ષિ એક મહાન આધ્યાત્મિક મહાપુરુષ હતા, તેમના તે પાસાંના અભ્યાસ માટે તેમની જન્મકુંડળીના લગ્ન, પંચમ, નવમ ભાવને લક્ષમાં રાખીને તત્ત્વોનો અભ્યાસ કરતાં નીચેના અગિયાર મુદ્દાઓ હાથવગા થાય છે -

(૧) નવમા ભાવમાં મિથુન રાશિ = વાયુ તત્ત્વ
(૨) નવમા ભાવમાં ચંદ્ર = જલ તત્ત્વ
(૩) નવમા ભાવમાં કેતુ = તેજ તત્ત્વ
(૪) નવમેશ બુધ વૃશ્ચિકમાં = જલ તત્ત્વમાં
(૫) બુધની યુતિમાં શુક્ર = જલ તત્ત્વ
(૬) લગ્ને તુલા રાશિ = વાયુ તત્ત્વ
(૭) પાંચમાં સ્થાને કુંભ રાશિ = વાયુ તત્ત્વ
(૮) કુંભમાં ગુરુ = આકાશ તત્ત્વ
(૯) પંચમેશ શનિ = વાયુ તત્ત્વ
(૧૦) પંચમેશ શનિ મીનમાં = જલ તત્ત્વમાં
(૧૧) લગ્નેશ શુક્ર વૃશ્ચિકમાં = જલ તત્ત્વમાં

લગ્ન, પંચમ અને નવમ ભાવ પરથી ઉપરોક્ત જે અગિયાર તારણો કાઢ્યાં છે તેનો અભ્યાસ કરતાં સ્પષ્ટ થાય છે કે તેમાં -

(અ) પાંચ બાબતો જલ તત્ત્વની છે
(બ) ચાર બાબતો વાયુ તત્ત્વની છે
(ક) એક બાબત તેજ તત્ત્વની છે
(ડ) એક બાબત આકાશ તત્ત્વની છે

આમ, સૌથી વધુ જલ તત્ત્વનું આધિક્ય છે. તેને લીધે શ્રી રમણ મહર્ષિના સમગ્ર વ્યક્તિત્વમાં પ્રગાઢ શાંતિ, શીતળતા વગેરે જલીય ગુણો હતા. તેઓ બહુ જ ઓછું બોલતા, ભાગ્યે જ બહાર નીકળતા. તેમની ભીતર પરમ શાંતિનો સદાય નિવાસ રહેતો. તેમની ઉપસ્થિતિ માત્ર મનુષ્યને શાંતિ અને શીતળતા અર્પતી. તેમના આ જલ જેવા શીતલ વ્યક્તિત્વનો

(અનુસંધાન ૨૪૬ પાને)

7 1
8

બીજા સ્થાનમાં અંક ૯ છે. વાણી, પરિવારનું આ સ્થાન છે. વાણી દ્વારા પ્રભાવ ફેલાવી ભારતને એક પરિવારની જેમ કરનાર શ્રી. જવાહરલાલ નેહરુ.

JAWAHARLAL NEHRU
8848189686 44196
66 · 24
12 6
3 6
9

પાંચમું સ્થાન પણ ખૂબ મહત્ત્વપૂર્ણ છે. વિદ્યા તથા અધ્યાત્મનું સ્થાન છે. વિદ્યા તથા અધ્યાત્મ વડે ભારતની અમૂલ્ય સેવા કરનાર શ્રી રામકૃષ્ણ પરમહંસ તથા ભક્ત કવિયત્રિ મીરા. આ પંચમ સ્થાનમાં ત્રણ અંક છે.

RAMKRISHNA PARAMHANSA
9857998148 2898518488
68 61
14 7
5 7
12
3

આ પ્રમાણે ભારતનું ઉદાહરણ છે. નીચે મહત્ત્વપૂર્ણ શહેરના અંક આપ્યા છે.

(1) AHMEDABAD
815458785
51
6

(2) BOMBAY
735782
32
5

(3) CALCUTTA
68666778
54
9

(4) MADRAS
585988
43
7

(5) BANGLORE
78426394
43
7

(6) NEW DELHI
444 54619
12 25
3 7
10 = 1

હવે આપણે ગામનું વ્યક્તિ ને ફળ જોઈએ :-

ઉદા. (i)

AMITABH BACHCHAN
8597871 78616184
45 41
9 5
14
5

શ્રી અમિતાભ બચ્ચનનો અંક ૫ છે. બૉમ્બેનો પણ ૫ છે. બૉમ્બેમાં સફળતા છે. નવી દિલ્હી ૧ અંક છે. તે પછી છઠ્ઠા સ્થાનમાં હોવાથી અનુકૂળ નથી.

ઉદા. (ii)

DHIRUBHAI AMBANI
519967189 857849
55 41
10 5
1 5
HZ = 6

શ્રી ધીરુભાઈ અંબાણી માટે અમદાવાદ (૬) અનુકૂળ છે. બૉમ્બે (૫) પણ ભાગ્યશાળી છે.

હવે ક્યા અંક માટે ક્યા અંકશત્રુ તથા મિત્ર છે તે ચાર્ટ નીચે પ્રમાણે છે.

1✓	2✓	3✓	4✓
2○	3○	4○	5○
3✓	4✓	5✓	6✓
4○	5○	6○	7○
5✓	6✓	7✓	8✓
6×	7×	8×	9×
7○	8○	9○	1○
8×	9×	1×	2×
9✓	1✓	2✓	3✓

5✓	6✓	7✓	8✓	9✓
6○	7○	8○	9○	1○
7✓	8✓	9✓	1✓	2✓
8○	9○	1○	2○	3○
9✓	1✓	2✓	3✓	4✓
1×	2×	3×	4×	5×
2○	3○	4○	5○	6○
3×	4×	5×	6×	7×
4✓	5✓	6✓	7✓	8✓

ચીહ્ન ✓= સારું ○= ○ મધ્યમ ×= પ્રતિકૂળ.

શુદિનાં કરણો			વદિનાં કરણો		
તિથિ	પહેલો ભાગ	બીજો ભાગ	તિથિ	પહેલો ભાગ	બીજો ભાગ
૧	કિંસ્તુઘ્ન	બવ	૧	બાલવ	કૌલવ
૨	બાલવ	કૌલવ	૨	તૈતિલ	ગર
૩	તૈતિલ	ગર	૩	વણિજ	વિષ્ટિ
૪	વણિજ	વિષ્ટિ	૪	બવ	બાલવ
૫	બવ	બાલવ	૫	કૌલવ	તૈતિલ
૬	કૌલવ	તૈતિલ	૬	ગર	વણિજ
૭	ગર	વણિજ	૭	વિષ્ટિ	બવ
૮	વિષ્ટિ	બવ	૮	બાલવ	કૌલવ
૯	બાલવ	કૌલવ	૯	તૈતિલ	ગર
૧૦	તૈતિલ	ગર	૧૦	વણિજ	વિષ્ટિ
૧૧	વણિજ	વિષ્ટિ	૧૧	બવ	બાલવ
૧૨	બવ	બાલવ	૧૨	કૌલવ	તૈતિલ
૧૩	કૌલવ	તૈતિલ	૧૩	ગર	વણિજ
૧૪	ગર	વણિજ	૧૪	વિષ્ટિ	શકુનિ
૧૫	વિષ્ટિ	બવ	૩૦	ચતુષ્પદ	નાગ

કુંડળીમાં ત્રણ ગુણ અને પાંચ તત્ત્વ

(૨૪૭ પાનાથી ચાલુ)

સ્પર્શ આગંતુક વ્યક્તિને કઈ રીતે થતો ? એ તરંગોને આગંતુક વ્યક્તિ સુધી કોણ પહોંચાડતું ? તેનો જવાબ છે વાયુ, કે જે ઉપરોક્ત તારણ પ્રમાણે જલ પછી બીજા નંબરનું સ્થાન ધરાવે છે. જેમ સરોવરને કિનારે બેઠા હોઈએ અને જલ પરથી પવન આવે એ આપણને સ્પર્શે અને જલની શીતલતા અનુભવાય તેવું અહીં પણ બને છે.

તત્ત્વની દૃષ્ટિએ ગ્રહોનાં રાશિસ્થાન જોતાં મહર્ષિ રમણની કુંડળીમાંથી એક મહાન સત્ય સાંપડે છે –

સૂર્ય, મંગળ, રાહુ એ ત્રણ ગ્રહો અગ્નિ તત્ત્વની રાશિ (૯, ૧, ૯)માં છે. બુધ, શુક્ર, શનિ અને ત્રણ ગ્રહો જલ તત્ત્વની રાશિ (૮, ૮, ૧૨)માં છે તથા ચંદ્ર, ગુરુ, કેતુ એ ત્રણ ગુણો વાયુ તત્ત્વની રાશિ (૩, ૧૧, ૩)માં છે. આમ, કુલ નવ પૈકી ત્રણ-ત્રણ ગ્રહો તેજ, જલ, વાયુમાં સમાન રીતે વહેંચાયેલા છે, ઉપરાંત દરેક તત્ત્વની એક રાશિ બે-બે ગ્રહોની યુતિ ધરાવે છે. જેમ કે ધનરાશિ (તેજ)માં સૂર્ય, રાહુ, વૃશ્ચિક (જળ)મા' બુધ, શુક્ર, મિથુન (વાયુ)માં ચંદ્ર-કેતુ છે.

આમ ગ્રહોની તત્ત્વગત અવસ્થા અત્યંત સમતોલ છે, જે મહર્ષિની અત્યંત શાંત, સ્વસ્થ, સૌમ્ય અને સામ્યાવસ્થાનું સચોટ અને અમૂક નિર્દેશન કરે છે.

આમ, રાશિ અને ગ્રહના ગુણ-તત્ત્વને આધારે કુંડળીમાં લગ્ન, પંચમ અને નવમ ભાવનો અભ્યાસ કરવાથી જાતકની આંતરિક પ્રકૃતિનું સ્પષ્ટ અને અસંદિગ્ધ ચિત્ર પ્રાપ્ત થાય છે, જેના આધારે જાતકની આત્મ વિષયક – અધિ-આત્મ અવસ્થાનું એક એવું સૂત્ર હાથવગું થાય છે, જેને પકડીને જાતક પોતાની આધ્યાત્મિક યાત્રાને સુગમ, સરળ, અને ખાસ તો ધ્યેયલક્ષી બનાવી શકે.

કુંડલીમાં ત્રણ ગુણ અને પાંચ તત્ત્વ

લેખક : પ્રો ડૉ. બી. જી. ચંદારાણા
ઇશ્વરકૃપા, ૬, યોગીનગર, ગોંડલ ૩૬૦૩૧૧

રાશિ અને ગ્રહોના ગુણ - તત્ત્વને આધારે જન્મકુંડળીમાં લગ્ન, પંચમ અને નવમા ભાવનો અભ્યાસ કરવાથી જાતકની આંતરિક પ્રકૃતિનું સ્પષ્ટ અને અસંદિગ્ધ ચિત્ર પ્રાપ્ત થાય છે એમ લેખક લેખની ફળશ્રુતિ રૂપે જણાવે છે.

મનુષ્યનું વલણ મોટે ભાગે ભૌતિકવાદી હોય છે, પરિણામે દિવ્યશાસ્ત્રોમાંથી પણ મનુષ્ય ભૌતિક લાભ મેળવવા જાણ્યે અજાણ્યે મથે છે.

જ્યોતિષશાસ્ત્ર એક દિવ્યશાસ્ત્ર છે, તેનો મૂળભૂત ઉદ્દેશ મનુષ્યના ભૌતિક કે સાંસારિક જીવનની ઘટનાઓનું ફળકથન કરવાનો નથી, પરંતુ મુખ્યત્વે વેદાધ્યાયન માટે ઉપયુક્ત ભૂમિકા પૂરી પાડવાનો છે, તેથી જ જ્યોતિષને વેદનું એક અંગ ગણવામાં આવ્યું છે. વેદના ષડંગ પૈકી જ્યોતિષ એક છે.

વેદનો મૂળભૂત ઉદ્દેશ પરમાત્માની અને આત્માની પ્રાપ્તિનો છે, તેથી તેની સંગતિ પ્રમાણે જ્યોતિષનો મૂળ ઉદ્દેશ તો આત્મા-પરમાત્માની ઉપલબ્ધિનો જ છે, જો કે જ્યોતિષશાસ્ત્ર દ્વારા મનુષ્યના જીવનની સ્થૂળ ઘટનાઓનો નિર્દેશ મળી રહે છે તે એક અલગ બાબત છે, તે કદાચ જ્યોતિષશાસ્ત્રની ઉપ-ઉત્પત્તિ (By-Product) છે.

(૧) મનુષ્ય વર્તમાનમાં આધ્યાત્મિકતાની કઇ સ્થિતિમાં છે ?

(૨) પૂર્વ-જન્મની તેની સાધના-ઉપાસના શું હતી ?

(૩) ભાવિ જન્મમાં તેની આધ્યાત્મિક પ્રગતિની કેવીક સંભાવના છે ?

(૪) ક્યા ગ્રહની સવિશેષ સહાય તેને માટે પ્રેરક અને પ્રગતિદાયક બની શકે તેમ છે ?

(૫) પ્રકૃતિનાં ક્યાં પરિબળો તેને આધ્યાત્મિક માર્ગે જતાં અવરોધક બને છે ?

આ બધા પ્રશ્નોના ઉત્તર મેળવવા માટે મુખ્યત્વે જે બે પાયાની બાબતો છે, તેનો જ અભ્યાસ કરવાનો ઉપક્રમ આ લેખમાં રહેલો. તે બે બાબતો નીચે પ્રમાણે છે -

(૧) જન્મકુંડળીના આધારે પ્રકૃતિના ત્રણ ગુણો પૈકી ક્યા ગુણનું આધિપત્ય જાતકમાં છે ?

(૨) પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ એ પાંચ તત્ત્વ પૈકી ક્યા તત્ત્વનું આધિપત્ય ગ્રહને કારણે તે જાતક પર છે ?

આ બે બાબતો - ગુણ અને તત્ત્વ - એટલા માટે મહત્ત્વનાં છે કે મનુષ્યનું શારીરિક અને માનસિક બંધારણ આ બે બાબતો પર જ અવલંબે છે. સત્ત્વ, રજસ, તમસ એ ત્રણ ગુણોનો સંબંધ મન સાથે છે, જ્યારે પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશનો સંબંધ શરીર સાથે છે.

જન્મકુંડળીમાં ગુણ અને તત્ત્વનો અભ્યાસ કરવા માટે ગ્રહોના ગુણતત્ત્વનું જ્ઞાન જરૂરી છે, જે નીચે પ્રમાણે છે -

(અ) તત્ત્વની દૃષ્ટિએ ગ્રહોનું વિભાજન

પૃથ્વી - બુધ
જલ - ચંદ્ર, શુક્ર
તેજ - સૂર્ય, મંગળ, કેતુ
વાયુ - શનિ, રાહુ
આકાશ - ગુરૂ

(બ) ગુણની દૃષ્ટિએ ગ્રહોનું વિભાજન -

સત્ત્વગુણ - સૂર્ય, ચંદ્ર, ગુરૂ
રજસ ગુણ - બુધ, શુક્ર
તમસ ગુણ - મંગળ, શનિ, રાહુ, કેતુ

આ રીતે ગ્રહોનાં તત્ત્વ અને ગુણને સમજી લીધાં પછી, રાશિ વિષયક કેટલીક પાયાની બાબતો જાણવી જરૂરી છે, કારણકે રાશિ એ ગ્રહોનું ફલક છે અથવા વિહાર સ્થાન છે. જેમ શ્વેત પરદા પર રંગીન ચિત્ર બને તેમ રાશિની પીઠિકા ઉપર ગ્રહો ઊપસે છે. આથી કોઇ પણ ગ્રહ પોતાની જે આગવી સત્તા અને શક્તિ છે તેનો નિખાર કેટલે અંશે કરી શકશે તેનો સંપૂર્ણ આધાર રાશિ પર રહે છે. આથી રાશિ વિષયક અનેક બાબતો જાણવી જોઇએ, જેમાં રાશિનું તત્ત્વ, તેનાં હ્રસ્વાદિ સ્વરૂપો, સ્થાન બળ, તેની જાતિ, ક્રૂર-સૌમ્યવાદિ સ્વભાવ, દિશા વગેરે અનેક બાબતોનો સમાવેશ કરી શકાય. અહીં તો મુખ્યત્વે રાશિના તત્ત્વને જાણવું વધુ ઉપયુક્ત બનશે, રાશિના તત્ત્વ નીચે પ્રમાણે છે -

રાશિ - ૧, ૫, ૯ અગ્નિ તત્ત્વ
રાશિ ૨, ૬, ૧૦ પૃથ્વી તત્ત્વ
રાશિ ૩, ૭, ૧૧ વાયુ તત્ત્વ
રાશિ ૪, ૮, ૧૨ જલ તત્ત્વ.

આટલી ભૂમિકાને આધારે જાતકની કુંડળીમાં ક્યા ગુણ અને ક્યા તત્ત્વનું આધિક્ય કે પ્રભુત્વ રહેલું છે, તે નક્કી કરી શકાય, જેમાં સમગ્ર કુંડળીનાં બાર ભાવો પૈકી લગ્ન, પંચમ અને નવમ ભાવ ઉપર ક્યા ગુણ - તત્ત્વ વધુ પ્રભુત્વ ધરાવે છે તે જોવું જરૂરી છે, કેમકે આ ત્રણ સ્થાનો મનુષ્યની આધ્યાત્મિક સ્થિતિ અને ગતિનાં પ્રબળ સૂચકો છે :

એક ઉદાહરણ દ્વારા ગુણ-તત્ત્વના આ સિદ્ધાંતને ચરિતાર્થ કરીએ.

શ્રી રમણ મહર્ષિની જન્મકુંડળી નીચે પ્રમાણે છે.

લ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.	કે.
૩	૯	૩	૧	૮	૧૧	૮	૧૨	૯	૩

સંશોધન વિભાગ

શ્રી રમણ મહર્ષિ એક મહાન આધ્યાત્મિક મહાપુરુષ હતા, તેમના તે પાસાંના અભ્યાસ માટે તેમની જન્મકુંડળીના લગ્ન, પંચમ, નવમ ભાવને લક્ષમાં રાખીને તત્ત્વોનો અભ્યાસ કરતાં નીચેના અગિયાર મુદ્દાઓ હાથવગા થાય છે -

(૧) નવમા ભાવમાં મિથુન રાશિ = વાયુ તત્ત્વ
(૨) નવમા ભાવમાં ચંદ્ર = જલ તત્ત્વ
(૩) નવમા ભાવમાં કેતુ = તેજ તત્ત્વ
(૪) નવમેશ બુધ વૃશ્ચિકમાં = જલ તત્ત્વમાં
(૫) બુધની યુતિમાં શુક્ર = જલ તત્ત્વ
(૬) લગ્ને તુલા રાશિ = વાયુ તત્ત્વ
(૭) પાંચમાં સ્થાને કુંભ રાશિ = વાયુ તત્ત્વ
(૮) કુંભમાં ગુરૂ = આકાશ તત્ત્વ
(૯) પંચમેશ શનિ = વાયુ તત્ત્વ
(૧૦) પંચમેશ શનિ મીનમાં = જલ તત્ત્વમાં
(૧૧) લગ્નેશ શુક્ર વૃશ્ચિકમાં = જલ તત્ત્વમાં

લગ્ન, પંચમ અને નવમ ભાવ પરથી ઉપરોક્ત જે અગિયાર તારણો કાઢ્યાં છે તેનો અભ્યાસ કરતાં સ્પષ્ટ થાય છે કે તેમાં -

(અ) પાંચ બાબતો જલ તત્ત્વની છે
(બ) ચાર બાબતો વાયુ તત્ત્વની છે
(ક) એક બાબત તેજ તત્ત્વની છે
(ડ) એક બાબત આકાશ તત્ત્વની છે

આમ, સૌથી વધુ જલ તત્ત્વનું આધિક્ય છે, તેને, લીધે શ્રી રમણ મહર્ષિના સમગ્ર વ્યક્તિત્વમાં પ્રગાઢ શાંતિ, શીતળતા વગેરે જલીય ગુણો હતા. તેઓ બહુ જ ઓછું બોલતા, ભાગ્યે જ બહાર નીકળતા. તેમની ભીતર પરમ શાંતિનો સદાય નિવાસ રહેતો. તેમની ઉપસ્થિતિ માત્ર મનુષ્યને શાંતિ અને શીતળતા અર્પતી. તેમના આ જલ જેવા શીતલ વ્યક્તિત્વનો

(અનુસંધાન ૨૪૬ પાને)

ગ્રહોનાં શુભાશુભ ફળ અને કારકત્વ

લેખક : શ્રી શક્તિપ્રસાદ એમ. રાવલ
જડેશ્વર રોડ, વાંકાનેર - ૩૬૩૬૨૧

લેખકે અહીં રાશિચક્રનાં પ્રારંભિક ચાર લગ્નોમાં દરેક ગ્રહ શુભ કે અશુભ ફળ કેમ આપી શકે તેની ચર્ચા કરવા પ્રયાસ કર્યો છે. ગ્રહોના કારકત્વનો નિર્દેશ પણ કર્યો છે. તેમ જ તેને લગતા ત્રણ સિદ્ધાંતો પણ જણાવ્યા છે. લેખમાં રહેલી વિગત પ્રાચીન ગ્રંથોમાંથી લીધેલ છે.

સંશોધન વિભાગ

મહર્ષિ પારાશરના સિદ્ધાંત મુજબ પ્રથમ, પાંચમા અને નવમા ભાવના સ્વામીઓ શુભ ફળ આપનાર બને છે. ત્રીજા, છઠ્ઠા અને અગિયારમા ભાવના સ્વામી અશુભ ફળ આપનાર બને છે. ચોથા, સાતમા અને દસમા કેન્દ્ર સ્થાનના માલિક પોતાના સ્વભાવને ભૂલી જાય છે. નૈસર્ગિક પાપગ્રહ પોતાના સ્વભાવ પ્રમાણે (અશુભ) ફળ આપવાનું ભૂલી જાય છે અને નૈસર્ગિક શુભ ગ્રહ પોતાના સ્વભાવ પ્રમાણે (શુભ) ફળ આપવાનું છોડી દે છે. બીજા અને બારમા ભાવના સ્વામી ("સ્થાનાન્તરાનુગુણ્યેન ભવેયુઃ ફલદાયકો")ની બીજી રાશિ જે ભાવમાં આવે અથવા આવતી હોય તે ભાવ પ્રમાણે શુભ-અશુભ ફળ આપે છે. જન્મકુંડળીમાં પ્રથમ, બીજો, ચોથો, પાંચમો, સાતમો, નવમો, દસમો અને અગિયારમો ભાવ શુભ ગણાય છે. ત્રીજો, છઠ્ઠો આઠમો, બારમો ભાવ અશુભ ગણાય છે. હવે દરેક લગ્ન પ્રમાણે ક્યા ક્યા ગ્રહો શુભ-અશુભ ફળ આપનાર બને છે તે જોઈએ.

મેષ લગ્ન

સૂર્ય પંચમેશ ત્રિકોણના સ્વામી તરીકે શુભ ફળ આપનાર બને છે. તેથી પાંચમા ભાવથી જોવાતી બાબતો અને સૂર્યના કારકત્વ ઉપરથી જોવાતી બાબતોનું શુભ ફળ આપનાર સૂર્ય બને છે.

ચંદ્ર ચોથા સ્થાનના અધિપતિ તરીકે શુભ ફળ આપવાનું છોડી દે છે. ચંદ્ર પક્ષમાં બળવાન હોય, મિથુન, સિંહ, કન્યા, કર્ક, વૃષભ રાશિમાં હોય, શનિ, રાહુ, કેતુથી યુક્ત અથવા દૃષ્ટ ન હોય તો શુભ ફળ આપનાર બને છે. ચંદ્ર ચોથા સ્થાનથી જોવાતી બાબતે, અને ચંદ્રના કારકત્વ મુજબની બાબતોનું ફળ આપનાર બને.

મંગળની મૂળ ત્રિકોણ રાશિ લગ્નમાં ત્રિકોણ સ્થાનમાં આવતી હોવાથી મેષ, મકર, સિંહ, ધન, મીન રાશિમાં શુભ ફળ આપનાર બને છે. વૃશ્ચિક રાશિમાં આરોગ્ય માટે અવરોધરૂપ થાય, મિથુન, કન્યા, કર્ક રાશિમાં નબળો થવાથી શુભ ફળ આપનાર બને છે.

બુધ ત્રીજા અને છઠ્ઠા ભાવનો અધિપતિ થવાથી અશુભ ફળ આપનાર બને છે. બુધ શત્રુક્ષેત્રી- નીચનો હોય તો આર્થિક બાબતનું શુભ, શારીરિક બાબતનું અશુભ તથા ભાઈ-બહેન માટેનું અશુભ ફળ આપનાર બને છે.

ગુરુ : નવમા અને બારમા ભાવનો માલિક થાય છે. તેથી મિત્રક્ષેત્રી, ઉચ્ચનો, હોય તો શુભ ફળ આપનાર બને છે.

શુક્ર : બીજા અને સાતમા ભાવનો માલિક થાય છે. ધન માટે પાપ પ્રભાવ અથવા શત્રુક્ષેત્રી શુક્ર શુભ ફળ આપી શકે છે. મિત્રક્ષેત્રી અથવા શુભપ્રભાવ આર્થિક માટે અશુભ અને બીજી બાબતોનું શુભ ફળ આપી શકે છે.

શનિ દસમા અને અગિયારમા ભાવનો માલિક થાય છે. શનિની મૂળ ત્રિકોણ રાશિ કુંભ અગિયારમાં ભાવમાં આવતી હોવાથી શનિ અશુભ ફળ આપનાર બને.

રાહુ કેતુ માટે- શનિવત્ રાહુ કુંજવત્ કેતુ તથા (લઘુપારાશરી-૫૦ મુજબ) રાહુ-કેતુ કેન્દ્રમાં હોય અને ત્રિકોણેશ સાથે સંબંધમાં હોય, ત્રિકોણમાં હોય અને કેન્દ્રેશ સાથે સંબંધમાં હોય તો શુભ યોગકારક ગણાય.

વૃષભ લગ્ન :

સૂર્ય ચોથા ભાવનો સ્વામી થતો હોવાથી મિત્રક્ષેત્રી, શુભ પ્રભાવમાં સૂર્ય હોય તો ચોથા ભાવ સંબંધી અને પોતાના કારકત્વ અંગેનું શુભ ફળ આપનાર બને છે.

ચંદ્ર ત્રીજા ભાવનો માલિક થતો હોવાથી શત્રુક્ષેત્રી, પાપયુક્ત પાપદૃષ્ટ હોય તો શુભ ફળ આપનાર બને છે. મિત્રક્ષેત્રી, શુભયુક્ત-દૃષ્ટ હોય તો સાધારણ ફળ આપે છે.

મંગળ સાતમા અને બારમા ભાવનો માલિક બને છે. બારમા ભાવનો સ્વામી મંગળ થાય છે. બારમાના માલિક તરીકે મંગળ સ્થાનાન્તર રાશિ જે સાતમા ભાવમાં આવે છે તે ભાવનું ફળ આપનાર મંગળ બને. કેન્દ્રના માલિક તરીકે મંગળ અશુભ ફળ આપવાનું છોડી દે છે. જો મંગળ શુભયુક્ત-દૃષ્ટ મિત્રક્ષેત્રી-ઉચ્ચનો હોય તો શુભ ફળ આપનાર બને છે. મંગળ પોતાના કારકત્વ અને રાશિ પ્રમાણેના ભાવમાંથી જોવાતી બાબતોનું ફળ આપનાર બને છે.

બુધ- બીજા અને પાંચમા ભાવનો માલિક થાય છે. ત્રિકોણના અધિપતિ તરીકે બળવાન બુધ શુભ ફળ આપનાર બને છે. નિર્બળ બુધ અશુભ ફળ આપે છે.

ગુરુ, આઠમા અને અગિયારમા ભાવનો માલિક થાય છે. બંને અશુભ ભાવોના માલિક તરીકે ગુરુ અશુભ ફળ આપનાર બને છે. લાભ સ્થાનમાં માલિક તરીકે ગુરુ આર્થિક બાબતનું શુભ ફળ આપનાર બને. આ શુભ ફળ ગુરુ બળવાન હોય ત્યારે જ મળે છે.

શુક્રની મૂળ ત્રિકોણ રાશિ છઠ્ઠા ભાવમાં આવે છે. શુક્ર થોડું શુભ ફળ આપનાર બને છે. શુક્ર અને છઠ્ઠો ભાવ જો નિર્બળ હોય તો આર્થિક શુભ ફળ આપનાર બને છે. મહર્ષિ પારાશર શુક્રને વૃષભ લગ્ન માટે પાપગ્રહ ગણે છે.

શનિ :- કેન્દ્ર અને ત્રિકોણના સ્વામી તરીકે બળવાન શનિ ઘણું જ શુભ ફળ આપનાર બને. નિર્બળ શનિથી લાભ થોડો- ઓછો થાય છે.

મિથુન લગ્ન :

સૂર્ય ત્રીજા ભાવના માલિક તરીકે અશુભ ગણાય છે. ચંદ્ર બીજા ભાવના માલિક તરીકે બળવાન હોય તો શુભ ફળ આપનાર બને છે. નિર્બળ ચંદ્ર દ્વિતીયેશ તરીકે અશુભ ગણાય છે.

મંગળ છઠ્ઠા અને લાભ સ્થાનનો માલિક થાય છે. બંને ભાવ અશુભ ગણાય છે. તેથી મંગળ અશુભ ફળ આપનાર બને.

બુધ લગ્નેશ અને ચતુર્થેશ બને છે, બળવાન બુધ શુભ ફળ આપનાર બને. નિર્બળ બુધ જનતાનો શત્રુ અથવા જાહેરજીવનમાં તકલીફ આપનાર બને છે.

ગુરુ કેન્દ્રનો માલિક છે તેથી નિયમ મુજબ છઠ્ઠા, આઠમા, બારમા, બીજા ભાવમાં નિર્બળ ગુરુ આરોગ્યની હાનિ આપનાર બને છે. બળવાન ગુરુ શુભ ફળ આપનાર બને છે. શુક્ર ત્રિકોણ સ્થાનનો સ્વામી બને છે તેથી બળવાન શુક્ર વિદ્યા, પુત્ર ભાગ્ય વ.નું શુભ ફળ આપનાર બને. નિર્બળ શુક્ર અશુભ ફળ આપનાર બને.

શનિ અષ્ટમેશ અને ભાગ્યેશ બને છે. મૂળ ત્રિકોણ રાશિ કુંભ "નવમા ભાવમાં આવે છે. તેથી બળવાન શનિ શુભ ફળ આપે છે. અશુભ સ્થાનમાં, શત્રુક્ષેત્રી, અશુભ યુક્ત-દૃષ્ટિ શનિ અશુભ ફળ

આપનાર ગણાય છે.

કર્ક લગ્ન-

સૂર્ય બીજા સ્થાનનો માલિક થાય છે. બળવાન સૂર્ય શુભ ફળ આપે છે. નિર્બળ સૂર્ય અશુભ ફળ આપે છે. ચંદ્ર લગ્નેશ હોવાથી ઘણો જ શુભ છે. શુભયુક્ત-દૃષ્ટ મિત્રક્ષેત્રી વગેરે હોય તો શુભ ફળમાં વધારો કરનાર બને છે. શત્રુક્ષેત્રી, અશુભયુક્ત-દૃષ્ટ વગેરે હોય તો કષ્ટ, છાતીમાં તકલીફ રક્તવિકાર, અપયશ જેવું અશુભ ફળ આપનાર બને છે. મંગળ-યોગકારક બને છે. નીચનો મંગળ શુભ ફળ આપે છે. બુધ- બારમા અને ત્રીજા ભાવનો માલિક થાય છે. તેથી અશુભ ફળ આપનાર બને છે. પાંચમા ભાવ સાથે સંબંધમાં બુધ હોય, અશુભ દૃષ્ટ હોય, શુભ પ્રભાવ ન હોય તો આર્થિક-ધન માટે ઘણું જ શુભ ફળ બુધ આપનાર બને છે. ગુરુની મૂળ ત્રિકોણ રાશિ છઠ્ઠામાં આવે છે તોપણ છઠ્ઠા ભાવની અશુભતા કરતાં નવમા ભાવની શુભતા વધુ હોવાથી બળવાન ગુરુ શુભ ફળ આપનાર બને છે.

શુક્ર અશુભ ફળ આપનાર બને છે. બળવાન શુક્ર આર્થિક સુખ આપનાર બને છે. નિર્બળ શુક્ર આરોગ્ય અને ધન અંગેની તકલીફ આપનાર બને છે.

શનિ અશુભ ફળ આપનાર બને છે. નિર્બળ શનિ આર્થિક સુખાકારી આપે છે. પરંતુ પોતાની અને સ્ત્રીની તંદુરસ્તી અને આયુષ્યમાં હાનિ આપે છે.

આ પ્રમાણે દરેક લગ્નમાં ક્યા ગ્રહો શુભ-અશુભ ફળ આપે છે તે ટૂંકમાં સમજીએ.

મેષ, કર્ક, સિંહ, વૃશ્ચિક, ધન, મીન લગ્નમાં- મંગળ, ચંદ્ર, સૂર્ય, ગુરુ, શુભ ફળ આપનાર બને છે. વૃષભ-તુલા લગ્નમાં શનિ-રાહુ-બુધ શુભ ફળ આપે છે.

મિથુનકન્યા લગ્નમાં શુક્ર-બુધ શુભ ફળ આપે છે. મકર કુંભ લગ્નમાં શુક્ર-બુધ શુભ ફળ આપે છે.

મિત્રક્ષેત્રી, ઉચ્ચનો, સ્વગૃહી ગ્રહ પોતાના કારકત્વ અંગેનું તથા પોતે જે સ્થાનનો અધિપતિ હોય તેનું શુભ ફળ આપે છે. શત્રુક્ષેત્રી નીચનો ગ્રહ પોતાના કારકત્વ અંગેનું તથા પોતે જે સ્થાનનો અધિપતિ હોય તેનું અશુભ ફળ આપે છે. ગ્રહ અને ભાવના કારકત્વનું કોષ્ટક જોઈએ જે નીચે આપેલ છે.

ભાવ- ગ્રહો કારકત્વ

પ્રથમભાવ- સૂર્ય આત્મા, ચંદ્ર શરીર

બીજો ભાવ- ગુરુ નાણાં, બુધ વાણી, શુક્ર કુટુંબ.

ત્રીજો ભાવ- મંગળભાઈ અને હિંમત, શનિ દુઃખ, ચંદ્ર-શુક્ર બહેન,

ચોથો ભાવ- ચંદ્ર માતા, બુધ વિદ્યા, શુક્ર- ગાડી વાહન.

મંગળ મિલકત, ગુરુ આશ્વાસન- સુખચેન આપનાર.

પાંચમો ભાવ- ગુરુ સંતાન, બુધ બુદ્ધિ, રાહુ દાદા (પિતાના પિતા),

છઠ્ઠો ભાવ- મંગળ શત્રુ, શનિ દેણું- માંદગી, બુધ-મામા,

સાતમો ભાવ- શુક્ર પત્ની, મંગળ કામશક્તિ, પતિ ગુરુ.

આઠમો ભાવ- શનિ આયુષ્ય, માનસિક, શારીરિક દુઃખ કષ્ટ,

નવમો ભાવ- ગુરુ ધાર્મિક વિદ્યા, સૂર્ય પિતા, ગુરુ ભાગ્ય,

દશમોભાવ- સૂર્ય સત્તા અને હોદ્દો, શનિ નોકરી-આજીવિકા

અગિયારમો ભાવ- ગુરુ લાભ મોટાભાઈ.

બારમો ભાવ- શનિ, દેણું, કેતુ મોક્ષ, મંગળ કેદ, ગુરુ જ્ઞાન, શુક્ર ભૌતિક સુખ સગવડ, કેતુ નાના (માના બાપ)

મિત્ર ગ્રહો- (૧) સૂર્ય, ચંદ્ર, મંગળ, ગુરુ પરસ્પર મિત્રો છે.

(૨) શનિ-શુક્ર, બુધ, રાહુ પરસ્પર મિત્રો છે.

(૩) કેતુનો મિત્ર ગુરુ ગણાય છે.

શત્રુ ગ્રહો- સૂર્ય, ચંદ્ર, મંગળ, ગુરુના શનિ, શુક્ર, બુધ, રાહુ પરસ્પર શત્રુ ગણાય છે.

ફળાદેશ મેળવવા માટે નીચેના સિદ્ધાંતો ઘણાં જ જરૂરી ગણાય છે.

(૧) રાશિપતિ પોતાની રાશિમાં રહેલ ગ્રહ કે ગ્રહોના ગુણધર્મને આધિન ફળ આપે છે.

(૨) સૂર્ય, શનિ, રાહુ તથા વ્યયેશ અલગતાજનક પ્રભાવ પાડે છે.

(૩) પાપગ્રહો જે ગ્રહસ્થાનથી ત્રીજા-છઠ્ઠા, આઠમા સ્થાનમાં ભ્રમણ કરે અથવા આ સ્થાનમાં રહેલ ગ્રહ કે રાશિપતિના નક્ષત્રમાં ભ્રમણ કરે ત્યારે અશુભ ફળ આપે છે.

ગ્રહોના કારકત્વ પ્રમાણે ફળાદેશ મેળવવાનું ઘણું જ સહેલું છે. જે ગ્રહ સ્વગૃહી-ઉચ્ચનો મિત્રક્ષેત્રી હોય તે પોતાના કારકત્વની બાબતનું શુભ ફળ આપનાર બને છે. શનિ જ્યારે કોઈ પણ ગ્રહથી છઠ્ઠા- આઠમા- ત્રીજા સ્થાનમાંથી કે તેમાં રહેલ રાશિ કે ગ્રહના નક્ષત્રમાંથી પસાર થાય છે ત્યારે અશુભ ફળ આપનાર બને છે. ગ્રહોના કારકત્વ મુજબ ફળાદેશ મેળવવા માટે સિદ્ધાંતોની જરૂરિયાત રહે છે. તેમાં દર્શાવેલ નિયમો પ્રમાણે કુંડળીઓ જોતાં ફળાદેશ આપોઆપ ગોઠવાય જાય છે.

આમ ગ્રહો અને કારકત્વ પ્રમાણે તથા ભાવ-ગ્રહ-કારકત્વ પ્રમાણે ફળાદેશ મેળવવા અંગેના સિદ્ધાંતો વાચકો સમક્ષ રજૂ કરી વિરમુ છું.

●

નક્ષત્રોનાં મુખ

અધોમુખ નક્ષત્રો - ભરણી, કૃતિકા, આશ્લેષા મઘા, પૂ.ફા., વિશાખા, મૂળ, પૂ.ષા., પૂ.ભા., આ નક્ષત્રો ખાતાદિ કાર્યોની સિદ્ધિ કરનાર છે.

તિર્યક્મુખ નક્ષત્રો - અશ્વિની, મૃગશીર્ષ, પુનર્વસુ, હસ્ત, ચિત્રા, સ્વાતી, અનુરાધા, જ્યેષ્ઠા, રેવતી, આ નક્ષત્રો યાત્રાદિ કાર્યોની સિદ્ધિ કરનાર છે.

ઊર્ધ્વમુખ નક્ષત્રો - રોહિણી, આર્દ્રા, પુષ્ય, ઉ.ફા., ઉ. ષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, ઉ. ભાદ્ર., આ નક્ષત્રો ધ્વજ અભિષેકાદિ કાર્યોમાં શુભ છે.

આંધળાં નક્ષત્રો	કાણાં નક્ષત્રો	ચીબડાં નક્ષત્રો	દેખતાં નક્ષત્રો
રોહિણી	મૃગશીર્ષ	આર્દ્રા	પુનર્વસુ
પુષ્ય	આશ્લેષા	મઘા	પૂર્વાફાલ્ગુની
ઉ. ફાલ્ગુની	હસ્ત	ચિત્રા	સ્વાતિ
વિશાખા	અનુરાધા	જ્યેષ્ઠા	મૂળ
પૂર્વાષાઢા	ઉત્તરાષાઢા	અભિજિત	શ્રવણ
ધનિષ્ઠા	શતતારકા	પૂર્વાભાદ્રપદ	ઉ. ભા.
રેવતી	અશ્વિની	ભરણી	કૃત્તિકા

સૂર્ય અને સાતમું સ્થાન

(૨૫૦ પાનાથી ચાલુ)

રાખે છે. જેથી લગ્નજીવનમાં કંઇ વિચિત્રતા જણાય છે. જ્યારે બુધ સાથે ૭મે સંતાનાદિ પ્રશ્નોને જ કેન્દ્ર બનાવી અસરકર્તા બને છે. સૂર્ય ગુરુ સાથે ૭મે સંતાન સુખને લગતા પ્રશ્નો કરે છે.

૭મે સૂર્ય પણ સારો જો

સૂર્યની સૌથી વધુ સાત્વિકતા શુક્ર સાથે જણાઇ છે. સૂર્ય - શુક્ર સાતમે લગ્નજીવનમાં કષ્ટકર્તા નથી. પરંતુ સુખવૃદ્ધિ કરનાર જણાયા છે. વળી પરસ્પર જીવનસાથીની કુંડળીઓમાં સૂર્ય સામસામે હોવાથી પણ ૭મા સ્થાનની સૂર્યના કારણે થતી દૂષિતતા નડતી નથી એવું જોવા મળ્યું છે. જેથી કુંડળી મેળવતી વખતે આ જોવું અગત્યનું લાગે છે.

સારાંશ

ટૂંકમાં જ્યોતિષશાસ્ત્રના રસિકો પ્રારંભમાં જલદીથી વિશ્લેષણ કરી, પ્રાપ્ય ગ્રંથોની ચકાસણી વિના કેટલીક વાર ખોટી ગ્રંથી બાંધી લે છે. જે બાબત જાતકના વિવાહ નિર્ણય વખતે ખૂબ જ અસરકારક બની જાય છે, અને કુંડળી મેળાપ વખતે ૭મે સૂર્યવાળી કુંડળીઓની અવહેલના થાય છે. (સાધારણત: ૭મે ગુરુ માત્ર હોવાથી પણ ઘણીવાર આમ બનતું જોવાયું છે !) મારું મંતવ્ય છે કે વિવાહ બાબતમાં સ્વભાવ, ગુણ, પ્રકૃતિમેળની રચના સ્વયં પ્રકૃતિએ નિર્માણ કરેલી જ હોય છે. તેથી ખાલી ૭મે સૂર્ય જોઇને તે બાબતે અશુભ મત બાંધવો જરૂરી નથી. વળી સૂર્યનું એકલા રહેવું, કઇ રાશિમાં રહેવું, કેવા ગ્રહો સાથે રહેવું અને કેવા પ્રકારનું ફળ એ તમામ બાબત લક્ષમાં લેવી આવશ્યક જણાય છે. વળી સાંજના જન્મવાળા જાતકની સામે આવા કેસ વખતે સૂર્યોદયના જન્મવાળા જાતકનો મેળ સારો છે એવા કેટલાક સુખી દાંપત્ય પરથી નિર્ણય બાંધી શકાય છે. સૂર્યશક્તિનું કેવી રીતે ધ્રુવીકરણ થયેલ છે તે જ જાણવું જરૂરી લાગે છે.

ગ્રહોનાં શુભાશુભ ફળ અને કારકત્વ

લેખક : શ્રી શક્તિપ્રસાદ એમ. રાવલ
જડેશ્વર રોડ, વાંકાનેર - ૩૬૩૬૨૧

લેખકે અહીં રાશિચક્રનાં પ્રારંભિક ચાર લગ્નોમાં દરેક ગ્રહ શુભ કે અશુભ ફળ કેમ આપી શકે તેની ચર્ચા કરવા પ્રયાસ કર્યો છે. ગ્રહોના કારકત્વનો નિર્દેશ પણ કર્યો છે. તેમ જ તેને લગતા ત્રણ સિદ્ધાંતો પણ જણાવ્યા છે. લેખમાં રહેલી વિગત પ્રાચીન ગ્રંથોમાંથી લીધેલ છે.

મહર્ષિ પારાશરના સિદ્ધાંત મુજબ પ્રથમ, પાંચમા અને નવમા ભાવના સ્વામીઓ શુભ ફળ આપનાર બને છે. ત્રીજા, છઠ્ઠા અને અગિયારમા ભાવના સ્વામી અશુભ ફળ આપનાર બને છે. ચોથા, સાતમા અને દસમા કેન્દ્ર સ્થાનના માલિક પોતાના સ્વભાવને ભૂલી જાય છે. નૈસર્ગિક પાપગ્રહ પોતાના સ્વભાવ પ્રમાણે (અશુભ) ફળ આપવાનું ભૂલી જાય છે અને નૈસર્ગિક શુભ ગ્રહ પોતાના સ્વભાવ પ્રમાણે (શુભ) ફળ આપવાનું છોડી દે છે. બીજા અને બારમા ભાવના સ્વામી ("સ્થાનાન્તરાનુગુણ્યેન ભવેયુ: ફલદાયકો")ની બીજી રાશિ જે ભાવમાં આવે અથવા આવતી હોય તે ભાવ પ્રમાણે શુભ-અશુભ ફળ આપે છે. જન્મકુંડળીમાં પ્રથમ, બીજો, ચોથો, પાંચમો, સાતમો, નવમો, દસમો અને અગિયારમો ભાવ શુભ ગણાય છે. ત્રીજો, છઠ્ઠો આઠમો, બારમો ભાવ અશુભ ગણાય છે. હવે દરેક લગ્ન પ્રમાણે ક્યા ક્યા ગ્રહો શુભ-અશુભ ફળ આપનાર બને છે તે જોઈએ.

મેષ લગ્ન

સૂર્ય પંચમેશ ત્રિકોણના સ્વામી તરીકે શુભ ફળ આપનાર બને છે. તેથી પાંચમા ભાવથી જોવાની બાબતો અને સૂર્યના કારકત્વ ઉપરથી જોવાની બાબતોનું શુભ ફળ આપનાર સૂર્ય બને છે.

ચંદ્ર ચોથા સ્થાનના અધિપતિ તરીકે શુભ ફળ આપવાનું છોડી દે છે. ચંદ્ર પક્ષમાં બળવાન હોય, મિથુન, સિંહ, કન્યા, કર્ક, વૃષભ રાશિમાં હોય, શનિ, રાહુ, કેતુથી યુક્ત અથવા દૃષ્ટ ન હોય તો શુભ ફળ આપનાર બને છે. ચંદ્ર ચોથા સ્થાનથી જોવાતી બાબતો, અને ચંદ્રના કારકત્વ મુજબની બાબતોનું ફળ આપનાર બને.

મંગળની મૂળ ત્રિકોણ રાશિ લગ્નમાં ત્રિકોણ સ્થાનમાં આવતી હોવાથી મેષ, મકર, સિંહ, ધન, મીન રાશિમાં શુભ ફળ આપનાર બને છે. વૃશ્ચિક રાશિમાં આરોગ્ય માટે અવરોધરૂપ થાય, મિથુન, કન્યા, કર્ક રાશિમાં નબળો થવાથી શુભ ફળ આપનાર બને છે.

બુધ ત્રીજા અને છઠ્ઠા ભાવનો અધિપતિ થવાથી અશુભ ફળ આપનાર બને છે. બુધ શત્રુક્ષેત્રી- નીચનો હોય તો આર્થિક બાબતનું શુભ, શારીરિક બાબતનું અશુભ તથા ભાઈ-બહેન માટેનું અશુભ ફળ આપનાર બને છે.

ગુરુ : નવમા અને બારમા ભાવનો માલિક થાય છે. તેથી મિત્રક્ષેત્રી, ઉચ્ચનો, હોય તો શુભ ફળ આપનાર બને છે.

શુક્ર : બીજા અને સાતમા ભાવનો માલિક થાય છે. ધન માટે પાપ પ્રભાવ અથવા શત્રુક્ષેત્રી શુક્ર શુભ ફળ આપી શકે છે. મિત્રક્ષેત્રી અથવા શુભપ્રભાવ આર્થિક માટે અશુભ અને બીજી બાબતોનું શુભ ફળ આપી શકે છે.

શનિ દસમા અને અગિયારમા ભાવનો માલિક થાય છે. શનિની મૂળ ત્રિકોણ રાશિ કુંભ અગિયારમાં ભાવમાં આવતી હોવાથી શનિ અશુભ ફળ આપનાર બને.

રાહુ કેતુ માટે- શનિવત્ રાહુ કુંજવત્ કેતુ તથા (લઘુપારાશરી-૫૦ મુજબ) રાહુ-કેતુ કેન્દ્રમાં હોય અને ત્રિકોણેશ સાથે સંબંધમાં હોય, ત્રિકોણમાં હોય અને કેન્દ્રેશ સાથે સંબંધમાં હોય તો શુભ યોગકારક ગણાય.

વૃષભ લગ્ન :

સૂર્ય ચોથા ભાવનો સ્વામી થતો હોવાથી મિત્રક્ષેત્રી, શુભ પ્રભાવમાં સૂર્ય હોય તો ચોથા ભાવ સંબંધી અને પોતાના કારકત્વ અંગેનું શુભ ફળ આપનાર બને છે.

ચંદ્ર ત્રીજા ભાવનો માલિક થતો હોવાથી શત્રુક્ષેત્રી, પાપયુક્ત પાપદૃષ્ટ હોય તો શુભ ફળ આપનાર બને છે. મિત્રક્ષેત્રી, શુભયુક્ત-દૃષ્ટ હોય તો સાધારણ ફળ આપે છે.

મંગળ સાતમા અને બારમા ભાવનો માલિક બને છે. બારમા ભાવનો સ્વામી મંગળ થાય છે. બારમાના માલિક તરીકે મંગળ સ્થાનાન્તર રાશિ જે સાતમા ભાવમાં આવે છે તે ભાવનું ફળ આપનાર મંગળ બને. કેન્દ્રના માલિક તરીકે મંગળ અશુભ ફળ આપવાનું છોડી દે છે. જો મંગળ શુભયુક્ત-દૃષ્ટ મિત્રક્ષેત્રી-ઉચ્ચનો હોય તો શુભ ફળ આપનાર બને છે. મંગળ પોતાના કારકત્વ અને રાશિ પ્રમાણેના ભાવમાંથી જોવાની બાબતોનું ફળ આપનાર બને છે.

બુધ- બીજા અને પાંચમા ભાવનો માલિક થાય છે. ત્રિકોણના અધિપતિ તરીકે બળવાન બુધ શુભ ફળ આપનાર બને છે. નિર્બળ બુધ અશુભ ફળ આપે છે.

ગુરુ, આઠમા અને અગિયારમા ભાવનો માલિક થાય છે. બંને અશુભ ભાવોના માલિક તરીકે ગુરુ અશુભ ફળ આપનાર બને છે. લાભ સ્થાનમાં માલિક તરીકે ગુરુ આર્થિક બાબતનું શુભ ફળ આપનાર બને. આ શુભ ફળ ગુરુ બળવાન હોય ત્યારે જ મળે છે.

શુક્રની મૂળ ત્રિકોણ રાશિ છઠ્ઠા ભાવમાં આવે છે. શુક્ર થોડું શુભ ફળ આપનાર બને છે. શુક્ર અને છઠ્ઠો ભાવ જો નિર્બળ હોય તો આર્થિક શુભ ફળ આપનાર બને છે. મહર્ષિ પારાશર શુક્રને વૃષભ લગ્ન માટે પાપગ્રહ ગણે છે.

શનિ :- કેન્દ્ર અને ત્રિકોણના સ્વામી તરીકે બળવાન શનિ ઘણું જ શુભ ફળ આપનાર બને. નિર્બળ શનિથી લાભ થોડો- ઓછો થાય છે.

મિથુન લગ્ન :

સૂર્ય ત્રીજા ભાવના માલિક તરીકે અશુભ ગણાય છે. ચંદ્ર બીજા ભાવના માલિક તરીકે બળવાન હોય તો શુભ ફળ આપનાર બને છે. નિર્બળ ચંદ્ર દ્વિતીયેશ તરીકે અશુભ ગણાય છે.

મંગળ છઠ્ઠા અને લાભ સ્થાનનો માલિક થાય છે. બંને ભાવ અશુભ ગણાય છે. તેથી મંગળ અશુભ ફળ આપનાર બને.

બુધ લગ્નેશ અને ચતુર્થેશ બને છે, બળવાન બુધ શુભ ફળ આપનાર બને. નિર્બળ બુધ જનતાનો શત્રુ અથવા જાહેરજીવનમાં તકલીફ આપનાર બને છે.

ગુરુ કેન્દ્રનો માલિક છે તેથી નિયમ મુજબ છઠ્ઠા, આઠમા, બારમા, બીજા ભાવમાં નિર્બળ ગુરુ આરોગ્યની હાનિ આપનાર બને છે. બળવાન ગુરુ શુભ ફળ આપનાર બને છે. શુક્ર ત્રિકોણ સ્થાનનો સ્વામી બને છે તેથી બળવાન શુક્ર વિદ્યા, પુત્ર લાભ વ.નું શુભ ફળ આપનાર બને. નિર્બળ શુક્ર અશુભ ફળ આપનાર બને.

શનિ અષ્ટમેશ અને ભાગ્યેશ બને છે. મૂળ ત્રિકોણ રાશિ કુંભ "નવમા ભાવમાં આવે છે. તેથી બળવાન શનિ શુભ ફળ આપે છે. અશુભ સ્થાનમાં, શત્રુક્ષેત્રી, અશુભ યુક્ત-દૃષ્ટિ શનિ અશુભ ફળ

આપનાર ગણાય છે.

કર્ક લગ્ન-

સૂર્ય બીજા સ્થાનનો માલિક થાય છે. બળવાન સૂર્ય શુભ ફળ આપે છે. નિર્બળ સૂર્ય અશુભ ફળ આપે છે. ચંદ્ર લગ્નેશ હોવાથી ઘણો જ શુભ છે. શુભયુક્ત-દૃષ્ટ મિત્રક્ષેત્રી વગેરે હોય તો શુભ ફળમાં વધારો કરનાર બને છે. શત્રુક્ષેત્રી, અશુભયુક્ત-દૃષ્ટ વગેરે હોય તો કષ્ટ, છાતીમાં તકલીફ રક્તવિકાર, અપયશ જેવું અશુભ ફળ આપનાર બને છે. મંગળ-યોગકારક બને છે. નીચનો મંગળ શુભ ફળ આપે છે. બુધ- બારમા અને ત્રીજા ભાવનો માલિક થાય છે. તેથી અશુભ ફળ આપનાર બને છે. પાંચમા ભાવ સાથે સંબંધમાં બુધ હોય, અશુભ દૃષ્ટ હોય, શુભ પ્રભાવ ન હોય તો આર્થિક-ધન માટે ઘણું જ શુભ ફળ બુધ આપનાર બને છે. ગુરુની મૂળ ત્રિકોણ રાશિ છઠ્ઠામાં આવે છે તોપણ છઠ્ઠા ભાવની અશુભતા કરતાં નવમા ભાવની શુભતા વધુ હોવાથી બળવાન ગુરુ શુભ ફળ આપનાર બને છે.

શુક્ર અશુભ ફળ આપનાર બને છે. બળવાન શુક્ર આર્થિક સુખ આપનાર બને છે. નિર્બળ શુક્ર આરોગ્ય અને ધન અંગેની તકલીફ આપનાર બને છે.

શનિ અશુભ ફળ આપનાર બને છે. નિર્બળ શનિ આર્થિક સુખાકારી આપે છે. પરંતુ પોતાની અને સ્ત્રીની તંદુરસ્તી અને આયુષ્યમાં હાનિ આપે છે.

આ પ્રમાણે દરેક લગ્નમાં ક્યા ગ્રહો શુભ-અશુભ ફળ આપે છે તે ટૂંકમાં સમજીએ.

મેષ, કર્ક, સિંહ, વૃશ્ચિક, ધન, મીન લગ્નમાં- મંગળ, ચંદ્ર, સૂર્ય, ગુરુ, શુભ ફળ આપનાર બને છે. વૃષભ-તુલા લગ્નમાં શનિ-રાહુ-બુધ શુભ ફળ આપે છે.

મિથુનકન્યા લગ્નમાં શુક્ર-બુધ શુભ ફળ આપે છે. મકર કુંભ લગ્નમાં શુક્ર-બુધ શુભ ફળ આપે છે.

મિત્રક્ષેત્રી, ઉચ્ચનો, સ્વગૃહી ગ્રહ પોતાના કારકત્વ અંગેનું તથા પોતે જે સ્થાનનો અધિપતિ હોય તેનું શુભ ફળ આપે છે. શત્રુક્ષેત્રી નીચનો ગ્રહ પોતાના કારકત્વ અંગેનું તથા પોતે જે સ્થાનનો અધિપતિ હોય તેનુ અશુભ ફળ આપે છે. ગ્રહ અને ભાવના કારકત્વનુ કોષ્ટક જોઈએ જે નીચે આપેલ છે.

ભાવ- ગ્રહો કારકત્વ

પ્રથમભાવ- સૂર્ય આત્મા, ચંદ્ર શરીર

બીજો ભાવ- ગુરુ નાણાં, બુધ વાણી, શુક્ર કુટુંબ.

ત્રીજો ભાવ- મંગળભાઈ અને હિંમત, શનિ દુઃખ, ચંદ્ર-શુક્ર બહેન,

ચોથો ભાવ- ચંદ્ર માતા, બુધ વિદ્યા, શુક્ર- ગાડી વાહન.

મંગળ મિલકત, ગુરુ આશ્વાસન- સુખચેન આપનાર.

પાંચમો ભાવ- ગુરુ સંતાન, બુધ બુદ્ધિ, રાહુ દાદા (પિતાના પિતા),

છઠ્ઠો ભાવ- મંગળ શત્રુ, શનિ દેણું- માંદગી, બુધ-મામા,

સાતમો ભાવ- શુક્ર પત્ની, મંગળ કામશક્તિ, પતિ ગુરુ,

આઠમો ભાવ- શનિ આયુષ્ય, માનસિક, શારીરિક દુઃખ કષ્ટ,

નવમો ભાવ- ગુરુ ધાર્મિક વિદ્યા, સૂર્ય પિતા, ગુરુ ભાગ્ય,

દશમોભાવ- સૂર્ય સત્તા અને હોદ્દો, શનિ નોકરી-આજીવિકા

અગિયારમો ભાવ- ગુરુ લાભ મોટાભાઈ.

બારમો ભાવ- શનિ, દેણું, કેતુ મોક્ષ, મંગળ કેદ, ગુરુ જ્ઞાન, શુક્ર ભૌતિક સુખ સગવડ, કેતુ નાના (માના બાપ)

મિત્ર ગ્રહો- (૧) સૂર્ય, ચંદ્ર, મંગળ, ગુરુ પરસ્પર મિત્રો છે.

(૨) શનિ-શુક્ર, બુધ, રાહુ પરસ્પર મિત્રો છે.

(૩) કેતુનો મિત્ર ગુરુ ગણાય છે.

શત્રુ ગ્રહો- સૂર્ય, ચંદ્ર, મંગળ, ગુરુના શનિ, શુક્ર, બુધ, રાહુ પરસ્પર શત્રુ ગણાય છે.

ફળાદેશ મેળવવા માટે નીચેના સિદ્ધાંતો ઘણાં જ જરૂરી ગણાય છે.

(૧) રાશિપતિ પોતાની રાશિમાં રહેલ ગ્રહ કે ગ્રહોના ગુણધર્મને આધિન ફળ આપે છે.

(૨) સૂર્ય, શનિ, રાહુ તથા વ્યયેશ અલગતાજનક પ્રભાવ પાડે છે.

(૩) પાપગ્રહો જે ગ્રહસ્થાનથી ત્રીજા-છઠ્ઠા, આઠમા સ્થાનમાં ભ્રમણ કરે અથવા આ સ્થાનમાં રહેલ ગ્રહ કે રાશિપતિના નક્ષત્રમાં ભ્રમણ કરે ત્યારે અશુભ ફળ આપે છે.

ગ્રહોના કારકત્વ પ્રમાણે ફળાદેશ મેળવવાનું ઘણું જ સહેલું છે. જે ગ્રહ સ્વગૃહી-ઉચ્ચનો મિત્રક્ષેત્રી હોય તે પોતાના કારકત્વની બાબતનું શુભ ફળ આપનાર બને છે. શનિ જ્યારે કોઈ પણ ગ્રહથી છઠ્ઠા- આઠમા- ત્રીજા સ્થાનમાંથી કે તેમાં રહેલ રાશિ કે ગ્રહના નક્ષત્રમાંથી પસાર થાય છે ત્યારે અશુભ ફળ આપનાર બને છે. ગ્રહોના કારકત્વ મુજબ ફળાદેશ મેળવવા માટે સિદ્ધાંતોની જરૂરિયાત રહે છે. તેમાં દર્શાવેલ નિયમો પ્રમાણે કુંડળીઓ જોતાં ફળાદેશ આપોઆપ ગોઠવાય જાય છે.

આમ ગ્રહો અને કારકત્વ પ્રમાણે તથા ભાવ-ગ્રહ-કારકત્વ પ્રમાણે ફળાદેશ મેળવવા અંગેના સિદ્ધાંતો વાચકો સમક્ષ રજૂ કરી વિરમુ છું.

નક્ષત્રોનાં મુખ

અધોમુખ નક્ષત્રો - ભરણી, કૃતિકા, આશ્લેષા મઘા, પૂ.ફા., વિશાખા, મૂળ, પૂ.ષા., પૂ.ભા., આ નક્ષત્રો ખાતાદિ કાર્યોની સિદ્ધિ કરનાર છે.

તિર્યદ્મુખ નક્ષત્રો - અશ્વિની, મૃગશીર્ષ, પુનર્વસુ, હસ્ત, ચિત્રા, સ્વાતી, અનુરાધા, જ્યેષ્ઠા, રેવતી, આ નક્ષત્રો યાત્રાદિ કાર્યોની સિદ્ધિ કરનાર છે.

ઊર્ધ્વમુખ નક્ષત્રો - રોહિણી, આર્દ્રા, પુષ્ય, ઉ.ફા., ઉ. ષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, ઉ. ભાદ્ર., આ નક્ષત્રો ધ્વજ અભિષેકાદિ કાર્યોમાં શુભ છે.

આંધળાં નક્ષત્રો	કાણાં નક્ષત્રો	ચીબડાં નક્ષત્રો	દેખતાં નક્ષત્રો
રોહિણી	મૃગશીર્ષ	આર્દ્રા	પુનર્વસુ
પુષ્ય	આશ્લેષા	મઘા	પૂર્વાફાલ્ગુની
ઉ. ફાલ્ગુની	હસ્ત	ચિત્રા	સ્વાતિ
વિશાખા	અનુરાધા	જ્યેષ્ઠા	મૂળ
પૂર્વાષાઢા	ઉત્તરાષાઢા	અભિજિત	શ્રવણ
ધનિષ્ઠા	શતતારકા	પૂર્વાભાદ્રપદ	ઉ. ભા.
રેવતી	અશ્વિની	ભરણી	કૃત્તિકા

સૂર્ય અને સાતમું સ્થાન

(૨૫૦ પાનાથી ચાલુ)

રાખે છે. જેથી લગ્નજીવનમાં કંઈ વિચિત્રતા જણાય છે. જ્યારે બુધ સાથે ૭મે સંતાનાદિ પ્રશ્નોને જ કેન્દ્ર બનાવી અસરકર્તા બને છે. સૂર્ય ગુરુ સાથે ૭મે સંતાન સુખને લગતા પ્રશ્નો કરે છે.

૭મે સૂર્ય પણ સારો જો

સૂર્યની સૌથી વધુ સાત્વિકતા શુક્ર સાથે જણાઈ છે. સૂર્ય - શુક્ર સાતમે લગ્નજીવનમાં કષ્ટકર્તા નથી. પરંતુ સુખવૃદ્ધિ કરનાર જણાયા છે. વળી પરસ્પર જીવનસાથીની કુંડળીઓમાં સૂર્ય સામસામે હોવાથી પણ ૭મા સ્થાનની સૂર્યના કારણે થતી દૂષિતતા નડતી નથી એવું જોવા મળ્યું છે. જેથી કુંડળી મેળવતી વખતે આ જોવું અગત્યનું લાગે છે.

સારાંશ

ટૂંકમાં જ્યોતિષશાસ્ત્રના રસિકો પ્રારંભમાં જલદીથી વિશ્લેષણ કરી, પ્રાપ્ય ગ્રંથોની છણાવટ વિના કેટલીક વાર ખોટી ગ્રંથી બાંધી લે છે. જે બાબત જાતકના વિવાહ નિર્ણય વખતે ખૂબ જ અસરકારક બની જાય છે. અને કુંડળી મેળાપ વખતે ૭મે સૂર્યવાળી કુંડળીઓની અવહેલના થાય છે. (સાધારણતઃ ૭મે ગુરુ માત્ર હોવાથી પણ ક્ષણીવાર આમ બનતું જોવાયુ છે!) મારું મંતવ્ય છે કે વિવાહ બાબતમાં સ્વભાવ, ગુણ, પ્રકૃતિમેળની રચના સ્વયં પ્રકૃતિએ નિર્માણ કરેલી જ હોય છે. તેથી ખાલી ૭મે સૂર્ય જોઈને તે બાબતે અશુભ મત બાંધવો જરૂરી નથી. વળી સૂર્યનું એકલા રહેવું, કઈ રાશિમાં રહેવું, કેવા ગ્રહો સાથે રહેવું અને કેવા પ્રકારનું ફળ એ તમામ બાબત લક્ષમાં લેવી આવશ્યક જણાય છે. વળી સાંજના જન્મવાળા જાતકની સામે આવા કેસ વખતે સૂર્યોદયના જન્મવાળા જાતકનો મેળ સારો છે એવા કેટલાક સુખી દાંપત્ય પરથી નિર્ણય બાંધી શકાય છે. સૂર્યશક્તિનું કેવી રીતે પૂર્તીકરણ થયેલું છે તે જ જાણવું જરૂરી લાગે છે.

સૂર્ય અને સાતમું સ્થાન

લેખક : શ્રી રાજેન્દ્રપ્રસાદ શિ. વ્યાસ
૬, સહજાનંદ સોસાયટી, હરણી રોડ, વડોદરા ૩૯૦૦૦૬.

વિવાહ નિર્ણય વખતે કુંડળીમાં સાતમે રહેલ સૂર્ય અંગેના પ્રચલિત મનોથી આપણે વાકેફ છીએ. લેખક તે માંહેલો દૃષ્ટિકોણ બદલાવવા પ્રયાસ કરી રહ્યા છે. સૂર્ય અંગેનું પ્રકૃતિજન્ય ફળ અને તેનું સપ્તમ સ્થાનમાં હોવું અર્થાત્ સંધ્યાકાળે જન્મેલ જાતકની કુંડળીનું ફળકથન સૂર્ય જે રાશિમાં રહેલ છે તે લક્ષમાં રાખી કરવા આગ્રહ સેવ્યો છે. તેમ જ તેમણે સાથે આવા જાણીતા જાતકોની કુંડળીમાં પણ ડોકિયું કર્યું છે.

ભારતીય જ્યોતિષશાસ્ત્રમાં સૂર્યનું સ્થાન કેન્દ્રમાં જ રહેલું છે. સૂર્ય એ ખગોળ દૃષ્ટિએ ગ્રહ નથી. કિન્તુ તારો છે. સૂર્ય અનેક રીતે જીવોને પોષણકર્તા તેમ જ જીવનદાતા સાબિત થયો છે. પુરાણો - વેદ સર્વત્ર સૂર્યનું એક આગવું મહત્ત્વ અંકાયેલું છે. સૂર્ય કેન્દ્રમાં રહી સર્વે ગ્રહોને તેની આસપાસ ફરતા રાખે છે. સૂર્યમાં અખૂટ જીવનશક્તિ છે. સૂર્યઊર્જાના પ્રયોગોથી વાહન ચાલે છે. વિદ્યુત થાય છે. ખેતી, વર્ષા ઇત્યાદિ સાથેના તેના સંબંધો, હવામાન વિજ્ઞાન સર્વત્ર કંઈ ને કંઈ વિવિધ સાબિતિઓ મળતી રહી છે. સૂર્યને જગતનો આત્મા કહ્યો છે. જ્યોતિષ ફળાદેશમાં સૂર્ય આત્મા, ચંદ્ર મન છે. ગાયત્રી મંત્ર એ સૂર્યશક્તિની જ પ્રાર્થના છે. શક્તિના સ્ત્રોતની યાચના ઋષિ - મહર્ષિઓએ કરી છે. યોગવિજ્ઞાનમાં સૂર્ય હૃદયમાં છે. આયુર્વેદમાં સૂર્ય અને ઔષધના સંબંધો અનેક રીતે વર્ણવ્યાં છે. વનસ્પતિસૃષ્ટિનો સૂર્યથી સંબંધ, સૂર્યકલંકો અને વનસ્પતિની ઉમરનો સંબંધ આ બધું સૂર્યની મહત્તા બતાવે છે. ખરેખર, સૂર્ય ન હોય તો શું થાય તેની કલ્પના થઈ શકે તેમ નથી ! વસ્તુત: સૂર્ય છે તો જીવન છે. આવો સૂર્ય જ્યોતિષશાસ્ત્રના ફળાદેશમાં પાપ ગ્રહ તરીકે કેમ ઓળખાયો ? તે પ્રશ્ન સહેજ થયા વિના રહેતો નથી !

સૂર્ય અને ૭મું સ્થાન જાણીતા ગ્રંથોમાં

૭મે સ્થાને સાધારણ રીતે પાપ ગ્રહને સારા ગણ્યા નથી. તેમાં પણ ૭મે સૂર્ય હોય ત્યારે તેનાં ફળ બાબતે કંઈક પ્રશ્ન લગ્ન જીવન અનુસંધાનમાં થાય છે એવી સાધારણ માન્યતા છે. પરંતુ આ બાબતે પૂર્ણ વિશ્લેષણ કરતાં ઘણા જ તબક્કે આ બરોબર નથી બેસતું એમ જણાઈ આવે છે.

જ્યોતિષ કલ્પતરુમાં ૭મે વૃષભનો સૂર્ય બીજાના ધનમાં રહેનારો, ૭મે કર્કનો સૂર્ય સ્ત્રીથી પીડાયેલો, ૭મે સિંહનો સૂર્ય પુત્રસુખ વિનાનો, ૭મે કન્યાનો સૂર્ય સ્ત્રી વિનાનો, ૭મે તુલાનો સૂર્ય વૃધ્ધાવસ્થામાં સ્ત્રી વિનાનો, ૭મે વૃશ્ચિકનો સ્ત્રીનાં કહ્યામાં જ રહેનારો, ૭મે મકરનો સૂર્ય સ્ત્રી - પુત્ર વિનાનો, ૭મે મીનનો સૂર્ય સારી સ્ત્રીવાળો; એમ સ્ત્રી, લગ્નજીવન બાબતે ફળદર્શન છે. જ્યોતિષ રહસ્ય નામના ગ્રંથમાં ૭મે સૂર્ય જીવનસાથીથી દુ:ખ, પીડા સૂચવે છે. એક શ્લોકમાં સદા ક્ષિયતે કામિની ભિ એમ શબ્દપ્રયોગથી દુર્બળ સ્ત્રીવાળો એમ પણ કહ્યું છે. આ જ બાબત પાશ્ચાત્ય મતે સૂર્ય પીડિત હોય તો જ ખરાબ ફળ મળે એવો આશય મળે છે. કલ્યાણ વર્મા કૃત સારાવલિમાં ૭મે સૂર્ય જાતકને સ્ત્રીદ્વેષી બનાવે છે એવો ઉલ્લેખ મળે છે. ભાવકુતૂહલમાં સ્ત્રીઓનાં રાજયોગો બતાવ્યા છે. તેમ જ સ્ત્રીની કુંડળીમાં ૭મે સૂર્ય અધમ વર્તાવવાળી, લજ્જારહિત બતાવી છે. જાતકાલંકારમાં સૂર્ય - શનિ સાતમે હોય અને ગુરુની દૃષ્ટિ વિનાનો ચંદ્ર દસમે હોય તો જાતકની સ્ત્રીને સંતાન થાય નહીં. બૃહત્ જાતકમાં ૭મે સ્થાને રહેલો સૂર્ય જાતકને સ્ત્રી તરફથી આદર - સન્માન - પ્રેમ આપતો નથી એમ લખેલું છે. જ્યોતિષશાસ્ત્ર શિક્ષકમાં ૭મે સૂર્ય પોતાનું કે સ્ત્રીનું આરોગ્ય નબળું રહે એમ ઉલ્લેખ છે. બૃહત્પારાશર હોરામાં વંધ્યાસં હો મદેભાની સ્ત્રીને એવા શ્લોકમાં ૭મે સૂર્ય વંધ્યા સ્ત્રી સાથેનો સબંધ સૂચવે છે. ટૂંકમા ચારિત્ર્ય માટે બરોબર નથી એમ અર્થ થાય.

નારદ પુરાણમાં ત્રિસ્કંધ જ્યોતિષમાં સૂર્ય ૭મે હોય તો પુરુષ પોતાની સ્ત્રીથી પરાજિત થાય છે, એવું વર્ણન છે. માનસાગરીમાં **યુવતિભવનસંસ્થે ભાસ્કરે સ્ત્રી વિલાસી** એમ અર્થાત્ ૭મે સૂર્ય સ્ત્રીવિલાસી જાતક કરે છે.

આ કેટલાક જાણીતા ગ્રંથોનો ઉલ્લેખ દર્શાવ્યો છે. ટૂંકમાં ૭મે સૂર્ય વિશે ખૂબ સારું તો નથી જ લખાયું. આ ઉપરાંત નવીન સંશોધનો જે અનુભવે લખાય છે તેમાંય ૭મે સૂર્ય બાબતે એક યા બીજી રીતે આ સ્થાન બાબતના ફળમાં કંઈક અયોગ્ય, સ્ત્રીચિંતા, લગ્નજીવન પીડા, વિવાહભંગ, સંતાન, ક્લેશ વ. જેવા અનુભવો જણાયા છે.

વાસ્તવિક વિચાર

વાસ્તવિક વિચાર કરીએ તો સાંજે જન્મ હોય ત્યારે લગભગ ૭મે સૂર્ય હોય છે. અર્થાત્ સંધ્યાકાળનો જન્મ (સાંજે) સ્ત્રીસુખ માટે બરોબર નહીં એવો અર્થ બેસે છે. સૂર્યના પ્રથમ દર્શાવેલ ગુણો જેનાં સૂર્ય ખરેખર પોષક છે. તેમ છતાંય એકાદ મતને બાદ કરતા કોઈ મોટા વખાણ વૈવાહિકજીવન બાબતે થયા નથી. અનુભવે વિશ્લેષણ કરતા જણાવ્યું છે કે આ માટે સમગ્ર સૂર્યને દોષ દેવો વાસ્તવિક નથી. કારણકે તેની વિભિન્ન રાશિમાં જુદી અસરો જણાઈ છે. વળી સૂર્યના બારે માસ માટે જુદાજુદા નામો આપી સંસ્કૃત સાહિત્યે અદ્ભુત વિશ્લેષણ કર્યું છે.

સ્વાનુભવ

અનુભવે એકલો સૂર્ય, અન્ય ગ્રહો સાથે રહેલા સૂર્ય કરતાં ૭મે વધુ ફળદાયક જણાયો છે. વળી તમામ ૭મે સૂર્યવાળાનું લગ્નજીવન કલુષિત થતું જણાતું નથી. કારણકે સાતમે સૂર્યવાળી ઘણી જાણીતી વ્યક્તિઓ પણ છે. દા. ત. જયશંકર સુંદરીને ૭મે મકરના સૂર્ય - ચંદ્ર છે. સ્મિતા પાટિલને ૭મે તુલાના સૂર્ય - શુક્ર - શનિ - ચંદ્ર હતાં. જગદીશચંદ્ર બોઝને ૭મે વૃશ્ચિકનો સૂર્ય હતો. આચાર્ય ચતુરસેન લેખકને ૭મે સિંહના સૂર્ય, બુધ, શનિ - શુક્ર છે. આચાર્ય રજનીશને ૭મે વૃશ્ચિકનો સૂર્ય છે. ફિલ્મકલાકાર રાજેશ ખન્નાને ૭મે ધનનો સૂર્ય, બુધ શુક્ર છે. છત્રપતિ શિવાજીને ૭મે કુંભનો સૂર્ય ગુરુ છે. હિટલરને ૭મે મેષનો સૂર્ય મંગળ શુક્ર છે. આ બધા જાણીતા જાતકો અભ્યાસ કરવા હેતુ છે.

એકલો સૂર્ય ૭મે સારો નથી એવું માની શકાય. પરંતુ તેમાંય અનુભવે મકર, મેષ, વૃષભ, તુલાનો સૂર્ય એટલો બધો ખરાબ નથી જણાયો, જેટલો અન્ય રાશિનો. મોટે ભાગે એકલો સાતમે સ્થાને રહેલો સૂર્ય લગ્નજીવનમાં કંઈક તકલીફ ડિસ્ટર્બન્સ, મોડાં લગ્ન, સંતાન અંગેના પ્રશ્નો કરે છે.

જે સૂર્યની ખરાબ ફળવાળી સ્થિતિ ગણાય તે ૭મે સૂર્ય સાથે મંગળ, રાહુ કે ચંદ્ર સાથે રહેલા હોય તે છે. આવા કેસમાં લગ્નજીવન બગડે છે. ઘણીવાર એકથી વધુ લગ્ન થાય છે. ચારિત્ર્ય બગડે છે, કાંતો સંતાનને લગના પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

સૂર્ય - શનિ સાથે ૭મે લગ્નજીવનમાં કોઈ હાનિ કરતો નથી. પણ સ્વભાવ પ્રકૃતિ ધૂની અને વિચિત્ર

(અનુસંધાન ૨૪૯ પાને)

લક્ષ્મી પ્રાપ્તિના યોગો

લેખક : શ્રી જોષી મનસુખલાલ કેશવલાલ
આઝાદ ચોક, લાતી બઝાર રોડ, સત્યનારાયણ મંદિર પાસે, મુ. પો. ચીત્તલ, જિ. અમરેલી
પીન નં. ૩૬૪૬૨૦.

આપણે મોટા ભાગના સંસારી જીવડાંઓ, દ્રવ્યોપાર્જન કરવામાં મશગૂલ રહીએ છીએ. પછી ભલેને તે અધિકૃત હોય કે અન્યથા. લક્ષ્મીપ્રાપ્તિનો સંપર્ક કુંડળીમાં લગ્ન, બીજા પાંચમાં, આઠમા અને અગિયારમા ભાવમાં મોટે ભાગે માન્ય હોઈ, લગ્ન કે ચંદ્રથી કુંડળી જોવા પ્રયત્ન કરવા જણાવે છે. અંતે લગ્નવાર ધનલાભના યોગ વિષે પણ વિચાર કરી, જરૂરી ઉદાહરણો આપી લેખક વિરમતા જણાય છે.

જન્મ, કર્મ, વિદ્યા, ધાન અને મૃત્યુ આ પાંચ વસ્તુઓ સંપૂર્ણપણે ભાગ્યાધીન છે. ઊચ વર્ગમાં જન્મ મળવો, સારાં કર્મો કરી યશ મેળવવો, સારી વિદ્યા પ્રાપ્ત કરી સારા સંસ્કારો મેળવવા, અપાર ધન સંપાદન કરી સંપૂર્ણ સુખ, અપૂર્વ આનંદ મેળવવો અને અંત સમયે ઈશ્વરનું સ્મરણ કરતાં દેહત્યાગ કરવો તે એક મનુષ્ય જન્મનો અનેરો લહાવો છે.

હવે આ પાંચ વસ્તુઓમાંથી ધનપ્રાપ્તિ (લક્ષ્મીપ્રાપ્તિ)ની બાબતમાં સ્વપરાક્રમથી થતી ધનપ્રાપ્તિ, ભાઈઓ, કુટુંબીઓ, સગાંસ્નેહીઓથી થતી પ્રાપ્તિ, પત્ની કે સ્વસુરગૃહથી થતી ધનપ્રાપ્તિ અને અયત્ન ધનપ્રાપ્તિ એટલે કે વીલ, વારસો, જમીનમાંથી, વાયદા બઝારથી, સટ્ટાથી, રેસથી અને લૉટરીથી થતી લક્ષ્મીપ્રાપ્તિના યોગો વિષે ક્રમશઃ વિચારીએ.

ધનભાવ સામેનો આઠમો ભાવ અને લાભભાવ સામેનો પાંચમો ભાવ છે. આ ભાવો અચાનક ધનલાભના સૂચક છે. પાંચમો ભાવ પૂર્વપુણ્યનો વિદ્યા, સંતાન, સાહસ, સટ્ટો, જુગાર વગેરે બાબતોનો સૂચક છે. આ ભાવ પરથી રેસ, સટ્ટો, સાહસ કે લૉટરી તથા નફાતોટાનું સૂચન મળી શકે છે. પાંચમો ભાવ ચોથા ભાવનો ધન ભાવ હોઈ ઘર, જમીન, કોન્ટ્રાકટ કે છુપાયેલા ધન દ્વારા થનાર લાભહાનિનું સૂચન કરે છે. આઠમો ભાવ સાતમાં ભાવનો ધનભાવ હોઈ અચાનક ધનલાભ પત્ની, ભાગીદાર, સ્ત્રી, વારસો, કે વીલ દ્વારા મળનાર લાભહાનિનું સૂચન મળી શકે છે.

કુંડળીમાં લગ્ન અને લગ્નેશનું બળ આખી કુંડળીના બળનું અડધું બળ હોય છે. આથી જેના લગ્ન અને લગ્નેશ બળવાન હોય તે સુખી હોય છે. તદ્ઉપરાંત કુંડળીમાં કેન્દ્ર, ત્રિકોણેશ બળવાન હોય તો જાતકને ઊંચે લાવે છે. આઠમાં ભાવમાં દર્શાવાતો લાભ કોઈ પણ જાતની મહેનત કર્યા વગર બુદ્ધિનો ઉપયોગ કર્યા વિના મળવાનું સૂચન કરે છે.

લગ્નથી કે ચંદ્રથી કે ચંદ્રથી દશમાં સ્થાનમાં કોઈ પણ ગ્રહ હોવો જોઈએ. જન્મલગ્નથી કે ચંદ્ર લગ્ન કે ચંદ્ર લગ્નથી બંનેમાંથી જે સ્થાન વધુ બળવાન હોય તે સ્થાન મુખ્ય બને છે અને તેનાથી દસમાં સ્થાનમાં રહેલો ગ્રહ ધ્યાનમાં લેવો જોઈએ. લગ્નથી દસમે ચંદ્ર હોય તો માતા તરફથી ધનલાભ થાય છે. લગ્નથી કે ચંદ્રથી દસમે શુક્ર હોય તો પત્ની તરફથી, ગુરુ હોય તો ભાઈઓ તરફથી, મંગળ હોય તો શત્રુ તરફથી, સૂર્ય હોય તો પિતા તરફથી, બુધ હોય તો મિત્ર તરફથી, શનિ હોય તો સેવક તરફથી ધનલાભ થાય છે. જન્મલગ્ન કે ચંદ્ર લગ્નથી દસમે મંગળ હોય તો ભાઈઓથી લાભ થાય છે. લગ્નથી કે ચંદ્રથી દસમે રહેલો શુક્ર સ્ત્રીથી ધનલાભ ન કરે તો લગ્ન પછી ભાગ્યોદય કરે છે. લગ્ન કે ચંદ્રથી દસમે રહેલો ગુરુ ભાઈથી અને સંતાનો હોય તો ઘડપણમાં સંતાનો તરફથી ધનના લાભ કરે છે.

લાભસ્થાનમાં જો સ્વગૃહી ગુરુ હોય અને સાથે નેપ્ચ્યુન પડયો હોય તો જાતકની આવક સારી હોય છે. એકલો ગુરુ હોય તોપણ આવકનું પ્રમાણ સારું રહે છે. અગિયારમાં સ્થાને ગુરુ ચંદ્રની યુતિ વારસાગત ધનસંપત્તિ સૂચવે છે. ગુરુ સાથે ચતુર્થેશ ગ્રહ પડયો હોય તોપણ જાતક ને વારસાગત ધનસંપત્તિ મળેલી હોય છે. ધનેશ, ભાગ્યેશ બંને ગ્રહો જો લાભસ્થાનમાં હોય તો જાતકની આવક ઘણી સારી હોય છે. તેમાં પણ જો ધનેશ ભાગ્યેશની સાથે લાભેશ સ્વગૃહી થયો હોય તો જાતક અત્યંત ધનવાન બને છે. ધનસ્થાન અને ભાગ્યસ્થાન વચ્ચે જો પરિવર્તન યોગ થયો હોય તો જાતક પોતાની આવકનો ઘણો નાનો હિસ્સો ખર્ચે છે. એટલે મોટા ભાગની આવક તેની પાસે સંચિત અને વણવપરાયેલી જ પડી રહે છે. ધનસ્થાનનો સ્વામી જો પરાક્રમ સ્થાનમાં પડયો હોય તો જાતક પાસે સારી એવી ધનસંપત્તિ હોય છે. ધનસ્થાનનો અધિપતિ ૧-૪-૭ કે ૧૦ કેન્દ્ર સ્થાનમાં શુભ કે મિત્ર ગ્રહની યુતિમાં હોય તો ધનસંગ્રહ સારો થાય છે. ધનસ્થાનનો અધિપતિ કુંડળીમાં જો પાંચમાં સ્થાને પડયો હોય અને તે પણ શુભ ગ્રહ યુક્ત કે શુભદૃષ્ટિ કે મિત્ર ક્ષેત્રી હોય તો એ માણસ પાસે અખૂટ ધન હોવામાં કોઈ શંકાને સ્થાન રહેતું નથી.

જન્મકુંડળીમાં ૩-૬-૧૦-૧૧ ઉપચય ભાવ શુભાશુભ હોય છે. આ ભાવોમાં રહેલા ગ્રહો બળવાન હોય તો ધનવાન બનાવે છે. ગોચરમાં ગુરુ ગુરુની શુભ યુતિ, દૃષ્ટિયોગમાં શુક્ર આવે ત્યારે આવા અચાનક ધનલાભના યોગો કરે છે. સટ્ટા, જુગાર, વેપાર માટે પાંચમે એકલો શુભ દૃષ્ટિનો રાહુ પણ સારો લાભ

સંશોધન વિભાગ

આપે છે. પૂર્ણ બળવાન થઈ ઊંચનો, સ્વગૃહી કે મૂળ ત્રિકોણી થઈને મંગળ કેન્દ્રમાં રહેલો હોય તેવા જાતકને ઘોડાની રેસમાં અઢળક ધનપ્રાપ્તિ થાય છે. ચંદ્ર, ગુરુ, ધનેશ, લાભેશ, સુખેશ અને ભાગ્યેશ ધન દેનારા ગ્રહો ગણાય છે. આ ગ્રહો જન્મકુંડળી કે નવમાંશમાં અનુકૂળ હોય તો મહાન ધનવાન બનાવે છે. ધનેશ, સુખેશ અને ભાગ્યેશને ચંદ્રની શુભ દૃષ્ટિ હોય અને શત્રુક્ષેત્રી ન હોય અગર ધનેશ ભાગ્યેશની લાભ સ્થાનમાં યુતિ સાથે ચંદ્ર, ગુરુની શુભ યુતિ કે દૃષ્ટિ હોય તો કરોડપતિ બનાવે છે. ચંદ્રથી ૩-૬-૧૦-૧૧માં સ્થાનમાં શુભ ગ્રહ હોય તો વસુમતી યોગ બને છે. આ યોગવાળા જાતક જુગારથી ધનિક બને છે. પાંચમાં ભાવ પર પંચમેશ, અષ્ટમેશ કે વ્યયેશ દૃષ્ટિ કરે તો જાતક જુગારથી નફો મેળવે છે. ચંદ્ર, કન્યા, તુલા અને મકરનો હોય ત્યારે વિષ્ટીકરણ યાને ભદ્રા પાતાળમાં હોય છે તે સમયે પંચાંગમાં જોઈ સૂર્યનક્ષત્રથી ૫- ૮- ૧૪- ૨૧- ૨૨- ૨૩- ૨૪મું નક્ષત્ર હોવું ન જોઈએ. તદ્ઉપરાંત પોતાના બીજા નક્ષત્રને પહેલું ગણી તે સમયનું ચંદ્રનું નક્ષત્ર જે હોય તે જન્મનક્ષત્રથી ૩-૫, ૭-૧૨, ૧૪-૧૬, ૨૧-૨૩, ૨૪મું નક્ષત્ર ન હોવું જોઈએ. તે ઉપરાંત તે દિવસે ક્ષય, વૃદ્ધિ, દગ્ધાતિથિ ન હોવી જોઈએ. આ સમયે રેસ, સટ્ટો, લૉટરી વગેરે લાભ થાય છે. જન્મકુંડળીનો લાભેશ જે ગ્રહ હોય તે ગ્રહ જે વારનો માલિક હોય તે વારના દિવસે અગર બુધવારે બુધ ક્ષેત્રમાં લૉટરી, મટકાં આંકડા ઈત્યાદિમાં લાભ મળે. જન્મકુંડળીમાં પાંચમે મંગળ મકર કે વૃશ્ચિક રાશિ સિવાયનો, શુભ રાશિ, શુભ દૃષ્ટિ, યુતિનો અને બગડેલો ન હોય તો જુગાર

માટે સારો ગણાય છે. કુંડળીના બાર ભાવોમાં બીજો ભાવ ધનભાવ લગ્નથી બીજો હોઈ પુરુષાર્થનું ફળ તેમ જ લાભભાવ એ દશમો ભાવ વ્યવસાય દર્શાવે છે. આ બંને ભાવો પુરુષાર્થ અને વ્યવસાયના પસીનાની કમાઈ દર્શાવતાં કુંડળીના જે ભાવો છે તેની વિરુદ્ધના ભાવો પસીના વગરની કમાઈ દર્શાવે છે. લગ્ને બુધ, ગુરુ, શુક્રની યુતિ અચાનક લાભ આપનાર બને છે. બુધ, ગુરુ સાથે રાહુ હર્ષલ તથા પ્લુટોના કેન્દ્ર કે ષડાષ્ટક યોગો નુકસાનકારક થાય છે.

હવે આપણે લગ્ન વાર ધનલાભના યોગો વિષે વિચારીએ. (૧) મેષ લગ્નમાં કેન્દ્ર, ત્રિકોણેશ તરીકે સૂર્ય પંચમેશ, ગુરુ નવમેશ, ત્રિકોણેશ ચંદ્ર સુખેશ, શનિ કર્મેશ, કેન્દ્રેશ, યોગકારક થાય છે. આ લગ્નમાં સૂર્ય, મંગળ તથા શુક્ર, શનિ અચાનક લાભકારક ગ્રહો છે. સૂર્ય પંચમેશ મંગળ અષ્ટમેશ, શુક્ર ધનેશ અને શનિ લાભેશ છે. સૂર્ય અને મંગળ તથા શુક્ર અને શનિ પરસ્પર મિત્રો છે. આ ચારેય ગ્રહો વચ્ચે પરિવર્તન કે એકમેકના ધનભાવમાં હોઈ ગુરુ ચંદ્ર સાથેના યોગમાં હોવાથી રેસ, લૉટરી કે વારસાથી ધનલાભ મળે છે. આ લગ્નમાં સૂર્ય, શુક્ર, મંગળની યુતિ લૉટરીથી લાભ આપે છે. અહીં સૂર્ય તથા શનિની પ્રતિયુતિ કે પરિવર્તનશીલ કુંભમાં યોગકારક બને છે. બુધ પંચમેશ, શુક્ર લગ્નેશ અને સૂર્ય સુખેશ હોઈ કુંડળીનું બળ જાણવા માટે ઉપયોગી છે. બુધથી બીજા ભાવમાં ગુરુ હોય તો લૉટરીથી અચાનક લાભ થવા શુક્ર, શનિ અને બુધ ગુરુનો શુભ યોગ લૉટરી, વારસો, સ્ત્રી કે જમીન અણધાર્યું ધન આપનાર થાય. (૩) મીથુન લગ્નમાં પંચમેશ શુક્ર, અષ્ટમેશ શનિ, ધનેશ ચંદ્ર અને લાભેશ મંગળ આ ચારેય ગ્રહો અચાનક ધનલાભ આપનાર બને છે. શનિ, મંગળનો શુભ યોગ વારસો, સ્ત્રી, ધન કે ગુપ્ત ધનલાભ આપનાર થાય. શુક્ર, મંગળનો શુભ યોગ (દ્વીદ્વાદશક, ત્રિકોણેશ, નવમ પંચમયોગ) રેસ કે લૉટરીથી ધનલાભ આપે છે. (૪) કર્ક લગ્નમાં મંગળ, શુક્ર, સૂર્ય લૉટરીથી ધનલાભ આપે છે. શનિ, શુક્ર, સૂર્ય વારસો, સ્ત્રી ભાગીદારી, લગ્ન, કોર્ટ અને દાવાથી લાભ આપે છે કર્ક લગ્ન શનિ અષ્ટમેશ હોઈ અચાનક ધનલાભ કારક ગ્રહ બને છે અને તેથી અચાનક દ્રવ્યલાભ લગ્ન કે વારસાથી ધનલાભ આપે છે. સૂર્ય, મંગળ યુતિ અને લગ્ને ચંદ્ર ગુરુ હોય તો લૉટરી કે રેસમાં અચાનક લાભ આપે છે. (૫) સિંહ લગ્નમાં ધનભુવનમાં બુધ ગુરુની યુતિ જો કોઈ પણ પાપગ્રહની યુતિ દૃષ્ટિ વિનાની હોય તો લૉટરી, રેસ તથા સાહસમાં અણધાર્યો સારો લાભ આપે છે. આઠમા ભાવે પારિજાતાદિ ભેદના જથા અધિક દશવર્ગીય બળ મેળવતો શુક્ર રહેલો હોય તો લૉટરીમાં મોટું ઈનામ મળી શકે છે. (૬) કન્યા લગ્નમાં પંચમેશ શનિ, અષ્ટમેશ મંગળ, લાભેશ ચંદ્ર તથા ધનેશ શુક્ર હોઈ આ ચારેય ગ્રહો અચાનક લાભ આપનાર બને છે. મંગળ, શુક્ર તથા ચંદ્ર વચ્ચેના શુભ યોગો વારસાથી, લગ્નથી કે ભાગીદારીથી અચાનક લાભ અપાવે છે. કન્યા લગ્નમાં બીજા ભાવમાં કોઈ પાપગ્રહની યુતિ કે દૃષ્ટિ વિનાનો શુક્ર લૉટરી કે રેસથી અચાનક લાભ અપાવે છે. (૭) તુલા લગ્નમાં શનિ પંચમેશ, સુખેશ હોઈ તેની સાથેના બીજા ગ્રહોની સ્થિતિ, લૉટરી, રેસ, સટ્ટો, સાહસ, સ્થાવર, જમીન, મકાન, કોન્ટ્રાકટર ઈત્યાદિથી અચાનક લાભ આપે છે. શનિ પાંચમે અને શુક્ર આઠમે હોય તો લૉટરીથી લાભ થાય. લગ્નમાં શુક્ર, શનિ અને લાભે સૂર્ય, મંગળની યુતિ હોય તોપણ લૉટરીથી લાભદાયક બને છે. શુક્ર સૂર્ય મંગળ સાથેની અનુકૂળતાએ વારસો, લગ્ન કે ભાગીદારીથી લાભ આપે છે. ચંદ્ર. બુધની અનુકૂળતા ધંધામાં ઉત્કર્ષ આપનાર થાય. (૮) વૃશ્ચિક લગ્ન સાહસિક સ્વભાવનું છે એટલે આ લગ્નના જાતકોએ અચાનક ધનપતિ થવાના વિચાર કરતાં પહેલાં પોતાની કુંડળીમાં ધનયોગ છે કે નહીં તે વિચાર્યા પછી આવું સાહસ કરવું. (૯) ધન લગ્નમાં પંચમેશ મંગળ, અષ્ટમેશ ચંદ્ર, લાભેશ શુક્ર અને ધનેશ શનિ છે. આ ચાર ગ્રહો અચાનક ધનલાભકારક બને છે. મંગળ, શુક્ર, શનિ વચ્ચેના મૈત્રી સંબંધો અને શુભયોગો, લૉટરી, રેસ તથા સાહસોથી લાભ આપે છે. ચંદ્રના શુક્ર શનિના સંબંધો લગ્ન, વારસો, ભાગીદારીથી કે જનસંપર્ક દ્વારા અચાનક દ્રવ્યલાભ અપાવનાર બને છે. (૧૦) મકર લગ્નમાં સૂર્ય મંગળ શનિ સાથેના શુભ યોગો લગ્ન કે વારસાથી અને શુક્રના શનિ મંગળના યોગો લૉટરી કે રેસ દ્વારા લાભ અપાવનાર બને છે. (૧૧) કુંભ લગ્નમાં અચાનક લાભ અપાવનાર ફક્ત બે જ ગ્રહો બુધ અને ગુરુ યોગકારક બને છે. આ બેઉ ગ્રહોની લગ્નેશ શનિ અને રાજયોગકારક શુક્ર સાથેની શુભ અને અનુકૂળ સ્થિતિ આ લગ્નમાં જાતકને અણધાર્યો સારો લાભ અપાવનાર બને છે. (૧૨) મીન લગ્નમાં ચંદ્રના શુક્ર, મંગળ, શનિ સાથેના શુભ યોગો લૉટરી કે રેસથી, શુક્રના શનિ મંગળ સાથેના શુભયોગો લગ્ન, વારસા કે ભાગીદારીથી અચાનક દ્રવ્ય અપાવનાર બને છે.

હવે આપણે કેટલીક દૃષ્ટાંત કુંડળીઓ જોઈએ :-

ક્રમ	લગ્ન	સૂ	ચં	મં	બું	ગુ	શુ	શ	રા	કે	વિશેષ વિગત
૧	૪	૭	૧૧	૪	૭	૮	૭	૪	૨	૮	લૉટરીથી લખપતિ થાય
૨	૪	૫	૧૦	૬	૫	૪	૫	૯	૧૨	૬	રેસથી લખપતિ થયા
૩	૧૨	૬	૧૦	૩	૬	૧૨	૬	૩	૧૦	૪	સટ્ટાથી લખપતિ થાય
૪	૩	૧૧	૮	૩	૧૦	૧	૧૨	૯	૨	૮	પત્નીથી લાભ
૫	૪	૫	૯	૨	૫	૧	૫	૮	૨	૮	મોટા ભાઈથી લાભ
૬	૧૨	૮	૧૦	૬	૯	૯	૧૦	૧૧	૯	૩	મોટા ભાઈથી લાભ
૭	૯	૬	૯	૯	૭	૭	૭	૬	૬	૧૨	પિતાથી લાભ
૮	૮	૧૨	૫	૧૨	૧૧	૬	૧૦	૧૧	૧૦	૪	લગ્ન પછી લાભ
૯	૩	૫	૧૨	૬	૬	૬	૪	૮	૧૦	૪	પત્નીથી લાભ
૧૦	૪	૮	૪	૭	૮	૧૧	૭	૧૨	૭	૧	ભાઈઓથી લાભ
૧૧	૭	૭	૮	૯	૭	૮	૮	૪	૪	૧૦	નોકરથી લાભ
૧૨	૬	૨	૧૦	૨	૩	૬	૧	૧૧	૧૦	૪	મિત્રોથી લાભ

